FANSLO (VOL-1)
Gujarati Novel by Ashwinee Bhatt
Navbharat Sahitya Mandir, Ahmedabad
2009
ISBN : 978-81-8440-200-1

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૫
પુનર્મુદ્રણ : ૧૯૯૦
પુનર્મુદ્રણ : ૧૯૯૬
પુનર્મુદ્રણ : ૨૦૦૯

રૂ. ૫૦૦-૦૦
(ભાગ ૧ - ૨ સેટના)

પ્રકાશક
મહેન્દ્ર પી. શાહ
નવભારત સાહિત્ય મંદિર
દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ : ૩૮૦ ૦૦૧
ટેલિ. : (૦૭૯) ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૩૯૨૫૩
E-mail : info@navbharatonline.com
Web : www.navbharatonline.com

ટાઈપ-સેટિંગ
પ્રિન્ટ હબ
અમદાવાદ

મુદ્રક
યશ પ્રિન્ટર્સ
અમદાવાદ

નિરંજનને.....

'ફાંસલો'ને પુસ્તકરૂપે પ્રગટ થયેલું જોઈને તને કેટલો આનંદ થયો હોત !

એક વાત આજેય કહીશ.... તારી ગેરહાજરીમાં અને ડૉક્ટર કાંતિ રામીની હાજરીમાં.....

ક્રાન્તિ ગરીબોથી થતી નથી, સંપન્નોથી જ થાય છે. ગરીબોનો જઠરાગ્નિ નહિ પણ સંપન્નોનો રોષ, સ્વઅર્થ અને આકાંક્ષા તેમાં મહત્ત્વની છે. ગરીબો તો સાધન બની રહે છે. ક્રાંતિ તેમને એક ઝૂંપડામાંથી બીજા ઝૂંપડામાં જ લઈ જાય છે, તેથી વિશેષ કાંઈ જ નહિ. તેમ છતાં મને ખોટા પડવું ગમશે......

VISIT…

LANZAROTE
Caliente.com

ઋણસ્વીકાર

બે ભાગમાં પુસ્તકરૂપે આવેલી આ નવલકથા 'સંદેશ' અખબારના સોમવારના પાન પર હપતાવાર એક સિરિયલ તરીકે ટીકા, આનંદ, પ્રશંસા વગેરે અનેક લાગણીઓનો ભાવુક પરિચય મને થયો હતો.

વાર્તાના અંત પહેલાં આવેલા વાચકોના પત્રોએ મને હચમચાવી નાખ્યો હતો. તેનાં પાત્રો સાથે કેટલાય વાચકોનું એવું અભિજ્ઞાન બંધાયું હતું કે તેમના દિલ અને દિમાગને વાચા આપવાનું મન મને થયું હતું. અને એટલે જ આજે જ્યારે નવા સંસ્કરણ સાથે આ વાર્તા રજૂ થાય છે ત્યારે મારે એ સૌ વાચકોનો આભાર માનવાનો છે.

'ફાંસલો'નો અક્ષરદેહ સર્જવામાં અનેક વ્યક્તિઓએ મને સહાય કરી છે. ઉદેપુર જેલના શાંતિલાલજીએ જેલનો અભ્યાસ કરવાની, તેના માહોલનો અનુભવ લેવાની, કેદીઓને મળવાની મને સુવિધા કરી આપી હતી. જેમની નસેનસમાં લોકસેવા વહે છે અને ઉદેપુરના સામાન્ય આદમીથી માંડીને રઈસ ગણાતા લોકો સુધી જેમની ખ્યાતિ પ્રસરેલી છે તેવા ડૉક્ટર શ્રી અગરવાલજીએ અત્યંત ઉત્સાહથી, તેમના રોજિંદા કાર્યમાંથી સમય ફાળવીને મને મદદ કરી છે... ડૉક્ટર અગરવાલ જેલના કેદીઓને રોજેરોજ પ્રાર્થના કરાવવા જાય; એ પ્રાર્થનાસભા જ્યારે શરૂ થાય ત્યારે જેલમાં એક અદ્‌ભુત, સંવેદમય અને કંઈક હૃદયદ્રાવક દૃશ્ય રચાય. એ દૃશ્યમાં પણ હું અને મારા મિત્ર પરિમલ સામેલ થયા તે એક લહાવો હતો.

ઉદેપુરમાં કંઈક અનોખા ઝનૂનથી સંગીત નાટ્ય નિકેતન નામની સંસ્થા ચલાવતા, તેના અધ્યક્ષ શ્રી મહેશચંદ્ર ભટ્ટે એક પિતા જેટલો પ્રેમ મને આપ્યો છે. તેમના સહકાર વગર મારાથી કંઈ થઈ શક્યું ન હોત. શ્રી ભટ્ટ સાહેબે રાજસ્થાન વિદ્યાપીઠના કુલપતિ જનાર્દન નાગર અને લોકકલા મંડલના અનેક કલાકારો સાથે પરિચય કરાવી આપ્યો હતો. 'ફાંસલો'ની રચનામાં જયપુર કેન્ટના શ્રી જશવંતસિંહજી, સર્વિસીઝના અનેક મિત્રો, જયસમન્દ રેસ્ટ હાઉસના મૅનેજર, ફૉરેસ્ટ પ્રિઝર્વેશનના અધિકારીઓ, ઉદેપુર વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ, ખાસ કરીને છાત્રા કુ. સ્વરૂપ જૈનનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

ક્લૉક ટાવર પાસે આવેલી સ્ટેટ બૅન્ક ઑફ રાજસ્થાનની 'સિચ્યુએશન' મેં આ વાતમાં ઉપયોગમાં લીધી છે. બૅન્કની વિવિધ સિસ્ટમ્સના પરિચય મને મારી બહેન હર્ષિદા અને સિદ્ધિએ આપ્યો. 'ફાંસલો'ના નેપથ્યને ઘડવા લગભગ ૧૫૦૦ કિલોમીટરનો પ્રવાસ મારા મિત્ર પરિમલ પરીખના સ્કૂટરની પાછળ બેસીને કર્યો. ઉદેપુર, જયસમન્દ, ચિતોડ, નાથદ્વારા, દેલવાડા, ઈસવાલ વગેરે સ્થળોએ તે સિવાય જવાનું શક્ય બન્યું ન હોત. એ સૌનો આભાર માનવો અવિવેક થશે.

ધારાવાહિક સ્વરૂપે આ કથાને વાંચનારા વાચકોની પેઢી બદલાઈ છે છતાં વાર્તાની કથાવસ્તુમાં નિર્દિષ્ટ સમસ્યાઓ આજે પણ તેના તે જ સ્વરૂપે આપણા દેશને ડારી રહી છે. એટલે જ આજે પણ આ કથા એટલી જ અર્થપૂર્ણ છે.

આભાર સહ

અશ્વિની ભટ્ટ

સાંપ્રત ગુજરાતી સાહિત્યમાં સર્જાતી
નવલકથાઓમાં સૌથી વધુ વંચાતી
કૃતિઓના સર્જક :

અશ્વિની ભટ્ટની

કલમે સર્જાયેલી અન્ય નવલકથાઓ

નવલકથા

- લજ્જા સન્યાલ
- શૈલજા સાગર
- આશકા માંડલ
- નીરજા ભાર્ગવ
- આખેટ ૧-૨-૩
- ઓથાર ૧-૨
- અંગાર ૧-૨-૩
- કટિબંધ ૧-૨-૩

લઘુનવલ

- કસબ
- કરામત
- કમઠાણ
- આયનો

અનુવાદ

- અર્ધી રાતે આઝાદી (ફ્રીડમ એટ નાઈટ)

વાચકોને....

સાંપ્રત જીવનજીવનની જટિલ આંટીઘૂંટીઓમાં પેટિયું રળવામાં, જીવનધોરણ ટકાવી રાખવા કે સુધારવામાં નાનીમોટી મહત્ત્વાકાંક્ષાઓ સિદ્ધ કરવામાં એટલો શ્રમ અને સમય સમગ્ર પ્રજાએ ખરચવો પડે છે કે જેથી બ્રહ્માંડના આ સૌથી વિશિષ્ટ ગ્રહની અનુપમ સૃષ્ટિને નીરખવાનું કે મોકળાશથી તેનો આસ્વાદ લેવાનું, નિજાનંદે થોડોક સમય જીવી લેવાનું દોહ્યલું બની ચૂક્યું છે. ક્યારેક તો લાગે છે કે ભૌતિક સમૃદ્ધિની વૈશ્વિક દોડમાં સમગ્ર માનવવસ્તી કોઈ અનંત ચકરાવામાં, કોઈ ગંજાવર મશીનના એકતાન ઘૂમતા પૂર્જાઓની જેમ ફસાઈ ચૂકી છે.

પરિણામ એ આવ્યું છે કે નિસર્ગને, સંગીત, સાહિત્ય કે કલાનાં અનેક સ્વરૂપોને માણવાનું ય જાણે ફાસ્ટ ફૂડના થડા પર, ગિરદી વચ્ચે હાથમાં ડિશ લઈને ઝટપટ ભૂખ સંતોષવા જેવું બની રહ્યું છે. તેમ છતાં આ ચકરાવામાં ય પ્રજાની એક અલ્પ વસ્તી છે જે પુસ્તકો વાંચવાનો સમય ચોરી શકે છે. આ અંધાધૂંધ ઘટમાળમાંથી સમયને પોતાના નિજાનંદ માટે કેદ કરી શકે છે. વાર્તા, નવલકથા, કવિતા વગેરે સ્વરુચિ પ્રમાણેનું વાચન કરીને આનંદ મેળવી શકે છે. આ કાર્યમાં જેટલો ફાળો સર્જકનો છે તેટલો જ, કદાચ તેથી થોડોક વધુ ફાળો પ્રકાશકનો છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. તેમાંય પ્રાદેશિક ભાષાઓમાં પ્રકાશનનો વ્યવસાય સાચે જ અંગત રસ અને વિશેષ ઝનૂન માંગી લે છે.

નવભારત સાહિત્ય મંદિર, આવાં કેટલાંક આંગળીને વેઢે નહિ પણ આંગળીને ટેરવે ગણી શકાય તેટલાં પ્રકાશકોની એક પ્રકાશન સંસ્થા છે. ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવામાં આ પ્રકાશકોનો અને નવભારત પ્રકાશન સંસ્થાનો અનન્ય ફાળો છે. શ્રી મહેન્દ્રભાઈએ મારી તમામ નવલકથાઓનું પ્રકાશન કરવાનું સહર્ષ સ્વીકાર્યું છે તેનો મને આનંદ અને ગર્વ છે. એક વ્યવસાય તરીકે પુસ્તક-પ્રકાશનનું કામ, સમાજના સ્વાસ્થ્ય, સમજ અને વિકાસ માટેનું પાયાનું કાર્ય છે. છતાં તેમાં કેવળ એવાં જ લોકો પડે છે જેમને

પુસ્તક માત્ર તરફ પ્રેમ હોય. વળી પ્રાદેશિક ભાષામાં આ વ્યવસાય અનેક વિટંબણાઓથી ભરેલો છે. તેમાં શ્રી મહેન્દ્રભાઈ જેવાં યુવાનો જેટલો સમય, શ્રમ અને માથાફોડ કરે છે તેટલી જ જહેમત દ્વારા અન્ય વ્યવસાયો આર્થિક રીતે વધુ લાભદાયી બની શકે.

આમ છતાં નવભારત સાહિત્ય મંદિરમાં શ્રી ધનજીભાઈ તથા તેમના ભાઈઓના કુટુંબના સમગ્ર સભ્યોએ ઝુકાવ્યું છે. સફળતાઓ અને નિષ્ફળતાઓ મેળવી છે. સર્જકોને તખ્તો આપ્યો છે અને વાચકોને માટે આનંદ અને માહિતી મળે તેવાં પુસ્તકોની છાજલીઓ ભરી આપી છે. એટલું જ નહિ પરંતુ કેટલાંય સર્જકોની કારકિર્દી ઘડી આપી છે અને તેમની લોકપ્રિયતામાં ફાળો આપ્યો છે.

- અશ્વિની ભટ્ટ

આખી રાત તેણે કરવટ બદલવામાં ગાળી હતી. કોઈ અજંપાને કારણે નહિ. તેને ક્યારેય અજંપો થતો નહિ, છતાં ગઈકાલથી તે શૂન્યમનસ્ક હતો. જેલવાસની તેની આ છેલ્લી રાત્રિ હતી. આવતી કાલે તેને મુક્તિ મળવાની હતી. આવતી કાલે સવારે અગિયાર વાગ્યે.....

તેની ખરબચડી ખોલીમાં બીજા ત્રીસેક કેદીઓ હતા. પિંજરે પુરાયેલાં માનવપશુઓ... છીડે ચડેલાં રાની, હરાયાં, હડકાયાં છતાં અસહાય માનવપ્રાણીઓ! ડૉક્ટર ગ્યાનચંદ કહેતા કે ગુનેગારી એક દર્દ છે, માનસિક રોગ છે... ખરેખર શું એ ખોલીમાં પડેલા ગંધાતા લોકો કોઈ માનસિક રોગથી પીડાતા હશે ? ગુનાખોરી શું સાચેસાચ દર્દ છે ?

નહિ...ડૉક્ટર ગ્યાનચંદ ગમે તે કહેતા હોય, તેની પોતાની બાબતમાં એ સાચું નથી. તેણે જે ગુનો કર્યો હતો તે જાણીબૂજીને યોજનાપૂર્વક કર્યો હતો. કોઈ માનસિક તનાવ કે દર્દને કારણે નહિ.

તેની ખોલીમાં પુરાયેલા અડધા ઉપરાંતના કેદીઓનાં નસકોરાં બોલતાં. નસકોરાંના ઘૃણાસ્પદ અવાજોથી તેને ચીતરી ચડતી. તેમ છતાં એ અવાજો વચ્ચે સૂઈ જવાની જેલમાં આદત પડી જાય છે. છેલ્લાં દસ વર્ષથી તે આ બીભત્સ અવાજો વચ્ચે સૂતો... અરે નિરાંતે સૂઈ શકતો. પણ જેલવાસની છેલ્લી રાત્રિએ તેનાથી સુવાયું નહિ. રાતના સન્નાટાને વીંધીને, તેના કાનના પડદા ચીરીને, એ નસકોરાંના ભીષણ અવાજો, તેના મજ્જાતંત્રમાં દાખલ થતા રહ્યા. રાતના બે વાગ્યે તો એ ખરેખર અકળાઈને બેઠો થઈ ગયો હતો.... અને ટૂંટિયાં વાળીને ઘુરરરાટતા બધા જ આદમીઓનાં નાક પગ નીચે છૂંદી નાખવાનું તેને મન થઈ આવ્યું હતું....

તે હસ્યો.... ફરી લંબી તાણી....

જેલમાં એકલાં એકલાં બોલવાની, પોતાની જાત સાથે વાતો કરવાની, હસવાની આદત પડી જાય છે.....

કમબખ્ત નસકોરાં... તેણે કામળાનો છેડો કાન પર દબાવ્યો... કરવટ બદલી... પણ આંખ ઘેરાતી ન હતી...

**

જેલની શરૂઆતના દિવસોમાં પણ તે આમ જ અકળાયેલો રહેતો. જેલના નિયમો, સખત મજૂરી, બંધનો, વૉર્ડનોની દાદાગીરી, સુકાઈ ગયેલી ચંપલ જેવી રોટી તેને કઠતી ન હતી. પણ આ નસકોરાંના ભીષણ અવાજો વચ્ચે તેની સજાનાં ચૌદ વર્ષ શે વીતશે ! તેની કલ્પના માત્ર તેને ધ્રુજાવી નાખતી. ઊંઘ વગર તે પાગલ થઈ જશે તેમ લાગતું. શરૂઆતમાં તો તે કાન દબાવીને બરાકના ખૂણે બેસી રહેતો. ગમે તેવી ગરમીમાં પણ કાન પર કામળાનો છેડો દબાવીને તેણે એ અવાજ ખાળવા પ્રયત્ન કર્યો હતો. એ કમબખ્ત અવાજો ભીંત ભેદીનેય આવે તેવા જોરાવર હતા.

માણસને સમય ગાળે બધું કોઠે પડી જાય છે. માનવી વિચારશીલ પ્રાણી હોય કે ન હોય, પણ એ આદતી જાનવર જરૂર છે. કમજોરીમાં તે તડજોડ કરી નાખે છે. હાર સ્વીકારીને તે જીતવાનો ડોળ કરી શકે છે. તડજોડ અને હાર.... હાર અને તડજોડ પછી તો આદત બની જાય છે.

જેલમાં આવ્યા પછી પચ્ચીસમે દિવસે તે ઊંઘ્યો હતો. નિરાંતે ઘોર્યો હતો. નસકોરાંના ગંદા, ગલીચ, ધૃણાસ્પદ અવાજ વચ્ચે ઊંઘ્યો હતો... થાકથી... પરાભવથી... તડજોડથી... મજબૂરીથી.

**

તેણે ફરી પાછું પડખું ફેરવ્યું.

તેના હોઠ પર સ્મિત આવ્યું. ભયાનક નસકોરાં બોલાવતો પતિ પણ, આવી જ રીતે, પત્નીને કોઠે પડી જતો હશે ! ! મજબૂરીથી... પરાભવથી... તડજોડથી...

તેની આંખો ઘેરાતી હતી. ત્યારે પો ફાટવાની થોડી વાર હતી.

**

જેલવાસના પ્રથમ દિવસોમાં, સહકેદીઓનાં નસકોરાંના અવાજે તેને જરૂર રંજાડ્યો હતો. પણ એક રીતે એ અવાજો પ્રચ્છન્ન આશીર્વાદ-બ્લેસિંગ ઈન ડિસગાઈઝ - સમા હતા. એ અવાજો ન હોત તોય કદાચ તે પાગલ થઈ ગયો હોત. જેલમાં આવ્યા પછી તેને આ એક જ વિટંબણા ન હતી. બરડો ફાટી જાય એવી સખ્ત મજૂરીને અંતે, ચમ્મડ રોટી અને દાળ કે થોડાં ફોડવાવાળું શાક ખાઈને.... તે બરાકમાં પુરાતો. આડે પડખે થતો, તેની આંખ ઘેરાતી.. અને એકાએક મગજમાં તંદ્રાનું વાદળ છવાતું... અને ત્યારે એ ધૂંધળા માનસપટ પર 'બૅન્ક ઑફ મેવાડ'નું પાટિયું દેખાતું. કાળા રંગના પાટિયા પર, બ્રાસો મારીને ચકચકિત કરેલા પિત્તળના અક્ષરો તેની આંખ સામે ધસી આવતા... બૅન્ક ઑફ મેવાડ લૂંટ કેસનો તે આરોપી નંબર ૪ હતો. ફિલ્મની શરૂઆતમાં આવતા ટાઈટલ્સની

જેમ 'બૅન્ક ઑફ મેવાડ'ના પાટિયા પછી, તરત જ ઉદેપુરનું ક્લૉક ટાવર દેખાતું... બંધ પડેલી ટાવરની ઘડિયાળમાં લબડી પડેલા કાંટા દેખાતા.... ક્લૉક ટાવર પાસે ઊભેલું સ્ટેશન વૅગન દેખાતું અને સામે જ બૅન્કનું મોટા કાચવાળું પ્રવેશદ્વાર દેખાતું.

એકાએક બૅકગ્રાઉન્ડ મ્યૂઝિકની જેમ ધડાકા અને ચીસો સંભળાતી. તેની આંખ સામે, બીડેલાં પોપચાં હેઠળ તગતગતી કીકીઓ સામે લોહીથી ખરડાયેલું કૅશ કાઉન્ટર ધસી આવતું. કૅશિયરની છાતીમાંથી ઊડેલા લોહીથી ખરડાયેલા પેડેસ્ટલ ફૅનનાં પાંખિયાં તેની આંખ સામે ફરતાં. બેભાન થઈને ઢળી પડેલી બૅન્ક ઑફ મેવાડની બે સ્ત્રી કર્મચારીઓના ચહેરા દેખાતા.... લાઉન્જમાં બેઠેલી મિસિસ સ્વરૂપની ભયાનક ચીસ સંભળાતી. મિસિસ સ્વરૂપ સગર્ભા હતી અને બૅન્કની સુંવાળી ફરસ પર જ તેને પ્રસૂતિ થઈ ગઈ હતી. હાહાકારની એ ચરમ સીમા હતી.

લોહીથી ખરડાયેલી નોટો... બૅન્કના લાલ ચોપડા પર ઊપસી આવેલા મરૂન ડાઘા... વોલ્ટના બારણા પાસે નિઃસહાય થઈને ઢળી પડેલા પટાવાળાની ફાટી ગયેલી આંખો તેને ડારતી... તેના કપાળની વચ્ચે ગોળી વાગી હતી. તે સાથે જ તેનાં પોપચાં તેની આંખની સફેદીની ભીતરમાં ચાલ્યાં ગયાં હતાં. તેનો જીવ આંખોમાંથી ચાલ્યો ગયો હશે ? એ આંખો તેને દેખાતી અને તે ધ્રૂજી ઊઠતો...

ઍર કન્ડિશનિંગ મશીનની સફાઈબંધ જાળી પર ફરતી પૂંછડી વગરની ગરોળીની જેમ બૅન્કના પહેરાવાળાના જમણા હાથની આંગળીઓ, હાથમાંથી છૂટીને ગ્રીલ પર ચોંટી ગઈ હતી. ગ્રીલ પર લબડતી એ આંગળીઓ અને પેટમાં ગોળી વાગવાથી ટૂંટિયું વાળીને પડેલો પહેરાવાળો તેને દેખાતો....

બૅન્ક ઑફ મેવાડની લૂંટ દરમ્યાન વીતેલી મિનિટોની તમામ સેકન્ડોનો સિલસિલો કોઈ ફિલ્મની ફ્રેમોની જેમ તેના માનસપટ પર જડાઈ ગયો હતો. હજાર વખત ફિલ્મ ચાલે છતાં જેમ એકની એક ફ્રેમ, ચોક્કસ સમયે, એકનું એક દૃશ્ય બતાવે તેવી સ્પષ્ટતાથી, તેવા જ અવિરત લયથી તેને એ લૂંટનું દૃશ્ય દેખાતું... લગભગ દાયકા પહેલાંનું એ દૃશ્ય......

તેથીય વિશેષ તો જ્યારે, આ ફિલ્મની પટી પર 'સુપર ઈમ્પોઝ' થતો તેના અદાનો આંધળો ચહેરો દેખાતો, ત્યારે તેના માથામાં ઝાટકા વાગતા. તે પોતાની જાતને ધિક્કારતો ઊભો થઈ જતો... બરાકના તાળાબંધ બારણાના સળિયા પકડીને તે બહાર તાકી રહેતો... બિચારા અદા ! તેના બાપને તે અદા કહેતો. એ લૂંટની સૌથી આકરી સજા તેના બાપે, તેના અદાએ ભોગવી હતી. તેના અદાએ આંખો ગુમાવી હતી. માણસને પારાવાર આઘાત લાગે ત્યારે તેના વાળ એકાએક સફેદ થઈ જાય છે તેવું તેણે સાંભળ્યું હતું. પણ આઘાતને પરિણામે કોઈની આંખો ચાલી ગઈ હોય - દૃષ્ટિ જ ખતમ થઈ હોય તેવું તેણે

ક્યારેય સાંભળ્યું ન હતું. તેના અદા આઘાતથી આંધળા થઈ ગયા હતા. અદાની ખુલ્લી - છતાં તેજોહીન આંખો, તેમનો ત્રસ્ત, પારાવાર નિરાશા અને શરમથી ઝૂકેલો ચહેરો તેને દેખાતો... અને રોમેરોમમાં આગ પ્રગટતી..... પરસેવો વળી જતો... વારંવાર ચાલતી એ લૂંટની માનસિક ચલચિત્ર-કથા ભૂતાવળની જેમ તેની આંખ સામે નાચતી. તે કંટાળી જતો.... તંગ આવી જતો... તેની નસો ખેંચાતી.. તેને ખોલીના પથ્થરની દીવાલ સાથે માથું ટકરાવવાનું મન થતું.

આ ફિલ્મ અટકાવવા તેણે અથાગ પ્રયત્ન કર્યો હતો... ચિત્રવિચિત્ર રકમના સરવાળા... બાદબાકી... વર્ગમૂળ... ડેસિમલ્સ... અરે ! જાતજાતના ગણિતના કોયડા વિચારતો, જેલની ખોલીમાં ભેજથી ઊપસી આવેલા પ્લાસ્ટરની નીચેના પથ્થરો ગણવા પ્રયાસ કરતો, ખોલીમાં ફરતી કીડીઓની અવરજવર જોતો, મંકોડા પકડીને તેમને એકની એક દિશામાં ધસી આવતા જોતો, તેમ છતાં લૂંટના દૃશ્યો તેનો કેડો મૂકતાં ન હતાં. તેની આંખ ઘેરાતી પણ ઊંઘ આવતી નહિ.

બસ આવી જ રીતે તે લૂંટના દૃશ્યને ખાળવા મથતો હતો ત્યાં તેણે ઘરટા સાંભળ્યા હતા. તે વખતે તેની લાંબી ખોલીમાં ત્રીસ ઉપરાંત કેદીઓ હતા. તેમાંના પોણા ભાગના કેદીઓનાં નસકોરાં અને મોંમાંથી ચિત્રવિચિત્ર અવાજો આવતા. એ અવાજોથી તેનું ધ્યાન તૂટ્યું હતું. ફિલ્મની પટી ઊતરી જાય અને થિયેટરમાં અંધકાર ફેલાય... અને એકાએક સ્તબ્ધ પ્રેક્ષકો સંલગ્નતામાંથી ઝબકી ઊઠે, તેમ જ તેના કાનમાં એ અવાજો પેઠા હતા. તેણે એ કેદીઓ તરફ જોયું. તે સૌ ઊંઘતા હતા પણ તેમનાં નાક જાગતાં હતાં. તેની બાજુમાં, ચત્તાપાટ સૂતેલા બે કેદીઓ તરફ તે જોઈ રહ્યો. પહાડમાંથી કોતરેલા બોગદામાંથી જતી-આવતી રેલગાડીઓની જેમ બંને જણનાં નસકોરાં બોલતાં હતાં. તેને પહેલાં તો એ અવાજનું વૈચિત્ર્ય ગમ્યું.... લૂંટનાં દૃશ્યોને બદલે એ અવાજો સહ્ય લાગ્યા. તેને નિરાંત વળી.

પણ ત્રણ જ દિવસમાં તો બૅન્ક ઑફ મેવાડની લૂંટની ફિલ્મનું સ્થાન આ અવાજોએ લીધું હતું. દિવસો સુધી એ અવાજોએ તેને પારાવાર અકળામણમાં ગર્ત કરી નાખ્યો હતો. આખરે તેનું મજ્જાતંત્ર.... તેનું સમગ્ર શરીર અને મન હાર્યું હતું. તે ઊંઘ્યો હતો... પરાભવથી... મજબૂરીથી... થાકથી....

**

પણ જેલવાસની છેલ્લી રાત્રિના છેલ્લા પહોરે તેનાથી ઊંઘાતું ન હતું. એ અવાજો તેને ડારતા હતા. એ ઓછું હોય તેમ, વર્ષોથી ઘસાઈ ગયેલી ફિલ્મનાં દૃશ્યો પર છવાયેલી ધૂન્ધળાશ હટી ગઈ હતી. ફિલ્મની નવી કૉપીની માફક લૂંટનાં એ દૃશ્યો ફરી સ્પષ્ટ થતાં હતાં....

**

તેને શનિવારનો દિવસ યાદ આવ્યો. દાયકા પહેલાંનો એ દિવસ... તે ક્યારેય ભૂલી શકવાનો ન હતો. બૅન્ક ઑફ મેવાડની લૂંટ થયા પછી ત્રણ અઠવાડિયાં વીત્યાં હતાં... બધું જ યોજના પ્રમાણે પાર પડ્યું હતું. અલબત્ત ગોળીઓ ચલાવવી પડશે... ખૂનખરાબી થશે તેવું તેમણે કલ્પેલું નહિ... કમબખ્ત બૅન્કના પહેરાવાળાએ ચાલાકી કરવાનો પ્રયત્ન ન કર્યો હોત, તો બૅન્કમાં લોહી રેડ્યા વગર જ લૂંટ થઈ શકી હોત. અરે ! તેના દોસ્ત ચંદન નામેચાએ 'નર્વસ' થઈને ફાયરિંગ ન કર્યું હોત તોપણ ખૂનામરકી ન થાત. તેને ચંદનનો ભય હતો જ. ચંદન નામેચા પહેલેથી જ ઉશ્કેરાટ અનુભવીને ધ્રૂજતો હતો. તેને ટોળીમાં ન લીધો હોત તો બધું હેમખેમ પાર પડ્યું હોત.

'ખેર ! ક્રાઈમ નેવર પેઝ.' તે મનમાં બબડ્યો.

લૂંટ થયે વીસ દિવસ વીત્યા હતા, છતાં તે પકડાયા ન હતા. આખા રાજસ્થાનમાં હાહાકાર મચ્યો હતો. લૂંટ થઈ... લાખો રૂપિયા લઈને લૂંટારા ફરાર થઈ ગયા. ત્રણ લાશો પડી... ચાર જણ ઘવાયા... બૅન્કના વોલ્ટનાં ખાનાં તૂટ્યાં... ગભરાયેલી એક ઓરતને બૅન્કમાં જ પ્રસવ થયો... છતાં વીસ વીસ દિવસ સુધી પોલીસ હવામાં બાથ ભરતી રહી... છાપાંઓએ પસ્તાળ પાડી હતી. પોલીસની નિષ્ક્રિયતા સામે રૅલીઓ યોજાઈ હતી. વિરોધ પક્ષના વિધાનસભ્યોએ, ગૃહપ્રધાન દેવકીનંદન મિશ્રાની ઊંઘ હરામ કરી નાખી હતી. ઉદેપુરના ડી.એસ.પી. જગન્નાથ હાંડા પર ભારે આક્ષેપો થયા હતા. લૂંટમાં પોલીસનો પણ હાથ છે તેવી અફવાઓ ઊડી હતી. આઈ.જી.પી. મોરારકાને પ્રશ્નો પૂછી પૂછીને અખબારનવીસોએ તંગ કરી નાખ્યા હતા...

પણ એક જ જવાબ મળતો... પોલીસ તમામ પ્રયાસો કરી રહી છે... તેમ છતાં ત્રણ અઠવાડિયાં પછીય કોઈની ધરપકડ થઈ ન હતી....

તેને એ બધા સમાચારો.... છાપામાં આવેલાં મોટાં હેડિંગો ફરી વખત એટલી જ સ્પષ્ટતાથી દેખાતાં હતાં.

'કમબખ્ત મોરારકા.... અને પેલો લુચ્ચો ડી.એસ.પી. જગન્નાથ...' તે મનમાં બબડ્યો અને હસ્યો. એ અફસરોએ સૌને ઊલ્લું બનાવ્યા હતા... લૂંટ થઈ તેને બારમે જ દિવસે તેમણે આખી ગૅન્ગનું લગભગ પગેરું મેળવી લીધું હતું છતાં એક હરફ બહાર આવ્યો ન હતો. અને એટલે જ લૂંટમાં સંડોવાયેલા તેના મિત્રો નિશ્ચિત હતા. પોતે પણ બીજા અઠવાડિયાથી નચિંત હતો પણ પોલીસનું મૌન ઠગારું હતું....

લૂંટમાં ખૂનખરાબી થઈ છતાં યોજના પ્રમાણે સૌ ભાગ્યા હતા. તે પોતે પણ સહીસલામત બજોટા પહોંચી ગયો હતો. ઉદેપુરથી થોડે દૂર સો કરતાંય વધુ ચોરસ માઈલમાં પથરાયેલા સરોવર જયસમન્દને ઓતરાતે કિનારે આવેલું બજોટા ગામ તેનું મૂળ વતન હતું.

લૂંટને દિવસે સાંજે જ તે બજોટા પહોંચ્યો હતો. અને વીસ દિવસથી તે બજોટામાં જ હતો. રોજ સવારે તે માનસર જતો. માનસરમાં લગભગ બધાં જ છાપાં આવતાં. એ છાપાં તે લઈ આવતો અને બૅન્ક ઑફ મેવાડ લૂંટકેસની તપાસનો સિલસિલો વાંચતો....

બજોટામાં તેણે પ્રથમ ત્રણ-ચાર દિવસો પારાવાર ચિંતામાં ગાળ્યા હતા. પણ છાપામાં આવેલા અને રોજ આવતા સમાચારોથી તેને ખ્યાલ આવ્યો હતો કે પોલીસ ગેરમાર્ગે હતી. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર- પ્રદેશમાં ડકાઈતી કરતી નામચીન ટોળીઓમાંથી કોઈનું આ કારસ્તાન છે, તેવી ધારણા પર પોલીસ તપાસ કરી રહી હતી. ડી.એસ.પી. જગન્નાથ હાંડાએ લૂંટનો મામલો નજરે જોનાર લોકોને વારંવાર પૂછપરછ કરીને કાગળો ભરી નાખ્યા હતા... પણ રોજ સવારે છાપાંઓમાં પોલીસની સરિયામ નિષ્ફળતાના સમાચાર આવતા. પોલીસની ટીકાઓથી છાપાંનાં પાનાં ભરાતાં. ધીમે ધીમે તેણે રાહતનો દમ ખેંચવા માંડ્યો હતો. પંદર દિવસ પછી તો તેને ખાતરી થઈ ગઈ હતી કે બૅન્ક ઑફ મેવાડની લૂંટનું રહસ્ય ક્યારેય ભેદી શકાશે નહિ.

લૂંટ પહેલાં જ તેણે અદાને કહ્યું હતું કે તેની તબિયત સારી રહેતી નથી એટલે તે થોડા દિવસ આરામ કરવા બજોટા આવીને રહેવાનો છે. પરિણામે લૂંટને દિવસે સાંજે તે બજોટા આવ્યો ત્યારે અદાને કોઈ નવાઈ લાગી ન હતી. બિચારા અદા ! તેમને ખબર ન હતી કે તેમનો પુત્ર કેવા લોહિયાળ હાથ લઈને બજોટા આવ્યો હતો...

**

તે દિવસનાં - શનિવારનાં - છાપાંમાં આનંદદાયક સમાચાર હતા. બૅન્ક ઑફ મેવાડના લૂંટારાઓને જેર કરવામાં પોલીસને આજ સુધી નિષ્ફળતા મળી છે, તેની સમજૂતી આપતાં આઈ.જી.પી. મોરારકાએ જણાવ્યું હતું કે ‘લૂંટ યોજનાપૂર્વક કરવામાં આવી છે. લૂંટારાઓએ બધી જ ગણતરીઓ કરીને, ઘડિયાળને કાંટે કામ પાર પાડ્યું છે. લોકોએ થોડી ધીરજ રાખવી જોઈએ. પોલીસના પ્રયત્નને સહાનુભૂતિથી જોવો જોઈએ...’

લોકહિત સમિતિના અધ્યક્ષ શ્રી સદાનંદ જોષી મોરારકાને મળ્યા હતા. તેમની સમક્ષ મોરારકાએ જણાવ્યું હતું કે ‘પોલીસની કામગીરીથી તેમને સંતોષ ન હોય તો તેમને યોગ્ય લાગે તે પગલાં લઈ શકે છે.’ આ વાતચીતનો ભયાનક પડઘો પડ્યો હતો. અને સરકારના રાજીનામા માટે અવાજ ઊઠ્યો હતો. બૅન્ક ઑફ મેવાડના લૂંટકેસમાં રાજકારણ ભળ્યું હતું.

આ સમાચારથી તેને અપરંપાર આનંદ થયો હતો. થોડા વધુ દિવસો પસાર થઈ જાય તો પછી તેને કોઈ પકડી શકવાનું ન હતું કારણ ગોવિંદ ભંડારીની યોજનાશક્તિમાં તેને વિશ્વાસ હતો. ગોવિંદ ભંડારી ઉદેપુરનો એક તેજસ્વી વિદ્યાર્થી હતો, નકસલવાદી હતો અને બૅન્ક ઑફ મેવાડની લૂંટનો સૂત્રધાર હતો.

**

જયસમન્દની ઘેરા પાણીથી લહેરાતી હવાની જેમ, બજોટા ગામ પર રાત પથરાઈ હતી. બજોટા ગામને છેવાડે, પ્રાથમિક શાળાની બાજુમાં, તેના વડવાઓના વખતથી ઊભેલી તેમની ડેલીમાં સન્નાટો પથરાયેલો હતો. ડેલીના વિશાળ વાડામાં બે લીમડા અને એક આંબો અડીખમ ઊભેલા દેવદૂતો જેમ છાંયો પાથરતા. એ છાયામાં ખાટલા ઢળતા. રાજપૂતી ઢોલિયા જેવા પાટીવાળા ખાટલે તેના અદા સૂતા. થોડે દૂર અદાનો નોકર-કમ-વેલેટ, વજો કાથીના ખાટલે સૂતો. વજાની વહુ, ખેરી, ડેલીની લાંબી ઓસરીને ખૂણે સૂતી. અને બારમેરથી આવેલો ખેતમજૂર, ભૂરો, ઢોરના તબેલા પાસે ઊગેલા ચંપાના ઝાડ હેઠળ સૂતો... તેના અદાનું આ જ કુટુંબ હતું, કબીલો હતો.

તેના અદા ગામમાં સૌથી શાણા આદમી ગણાતા. સરઅવસરે, ઝઘડા-તકરારમાં, વિવાહ-વરસીમાં, માંદે-સાજે, અદાની સલાહ સૌ લેતા. તેમનો આદેશ બ્રહ્મવાક્ય ગણાતો. આમ તો વ્યવસાયે અદા પરોતું (ગોરપદું) કરતા. પણ ખેતીમાં તેમને અજબ દિલચસ્પી હતી. મોસમની અટપટી ચાલ તે સમજતા. વાયરાની રૂખ પામી શકતા. નક્ષત્રો અને વરસાદના વરતારે પાકનાં એંધાણ જોઈ શકતા, જમીનમાં ક્યાં પાણી ફૂટશે તે પણ કહી શકતા. તે મૅટ્રિક સુધી ભણ્યા હતા. તેમને મામલતદાર થવાનો ચાન્સ મળેલો પણ અદા બજોટું છોડવા તૈયાર ન હતા.

તે દિવસે શનિવારે ગામમાં લટાર મારીને અદા પાછા આવ્યા ત્યારે તે જાગતો હતો. તેના આનંદનો આજે પાર ન હતો. આઈ.જી.પી. મોરારકાએ હાથ ધોઈ નાખ્યા હતા. લૂંટની તપાસ સી. બી. આઈ.ને સોંપાશે તેવા છેલ્લા સમાચાર હતા. મડદું બળી ગયા પછી પોસ્ટમૉર્ટમ કરવા જેવી એ વાત હતી.

તેની આંખ ઘેરાઈ ત્યારે રાતના સાડાબાર થયા હતા. બજોટાના ખુલ્લા આકાશમાં ચમકતા તારાઓની ખૂબસૂરતી જોતો તે ક્યાંય સુધી પડ્યો રહ્યો હતો. અદાએ હોકો સળગાવ્યો હતો. તેનો મીઠો ગડગડાટ તેને હાલરડા સમો લાગતો.

**

બજોટાની સીમમાં ઘણી વાર વાઘ-દીપડા આવતા. ક્યારેક ગામમાં ઘૂસીને વાઘ, રખડતાં કૂતરાં ઉપાડી જતો, તો ક્યારેક ભરવાડોના વાડામાંથી બકરુંય ઝડપી જતો. આવું થાય ત્યારે ગામનાં કૂતરાં ચીસાચીસ કરી મૂકતાં. જોરજોરથી ભસીને બજોટાની ઊંઘ હરામ કરી નાખતાં.

તે દિવસે પણ તેણે કૂતરાં ભસવાનો અવાજ સાંભળ્યો હતો. બજોટાનો ખૂણેખૂણો કૂતરાંના અવાજથી ગાજી ઊઠ્યો હતો.

'વજા... અલ્યા વજિયા !' તેના અદાએ બૂમ પાડી હતી. 'અલ્યા, ડેલીનું કમાડ બંધ કર્યું છે ? ગામમાં કોઈ રાની જાનવર આવ્યું લાગે છે !'

'હોવે બાપા. કમાડ બરાબર વાસ્યું છે.' વજાએ જવાબ આપ્યો. કૂતરાં જોરજોરથી ભસતાં રહ્યાં. તેની ઊંઘમાં હવે એ ભસવાના અવાજો ખલેલ કરતા હતા. તે વાઘના વિચારે ચડ્યો. ઘણી વખત તેણે નિશાળના ધાબે બેસીને, જયસમન્દના કિનારે પાણી પીવા આવેલાં વાઘને જોયો હતો.

ત્યાં જ મેડી વગરની ડેલીના છાપરા પરનાં નળિયાં ખખડ્યાં... તેણે આંખ ઉઘાડી... પોપચાં ઊંચાં કર્યાં. કપાળ તરફ કીકીઓ તંગ કરીને તેણે છાપરા તરફ જોયું. કંઈક આકાર દેખાયો... પાસું ફેરવીને, તે ઉપર જોઈ શકે તે પહેલાં ડેલીનું બારણું ખખડ્યું. પહેલાં ધીરેથી અને પછી જોરથી.

'અલ્યા વજા ! જો તો કોણ છે અત્યારે ?' અદાએ કહ્યું. અદા માટે આ નવાઈની વાત ન હતી. ગમે ત્યારે લોકો તેમની પાસે આવતા. વજાએ ઊઠીને બારણું ખોલ્યું. તે વખતે નળિયાં ફરી ખખડ્યાં. ડેલીના ઢળતા છાપરા પર બે આકારો ઊભા થયા. માણસના આકારો... તેની આંખો ચકરાઈ. છાપરા પર ચન્દ્રના આછા અજવાળામાં, કાળા-ભૂરા અવકાશી નેપથ્યમાં ઊભેલા એ આકારોના હાથમાં રાઈફલો હતી...

બજોટાનાં કૂતરાં જોરજોરથી ભસતાં હતાં.

**

એકાએક પ્રગટેલા પ્રેતની માફક છાપરે ઊભેલા એ આકારોને તે બરાબર જુએ કે ખાટલામાંથી ઊભો થાય તે પહેલાં વજાએ બારણું ખોલ્યું હતું....

'કમબખ્ત વજો...' તે બબડ્યો.

બારણું ઊઘડતાં જ ભડકેલા ઘોડા વંડામાંથી વછૂટે તેવી રીતે બૂટના અવાજો સાથે અડધો ડઝન ટૉર્ચલાઈટના અજવાળાથી ડેલી ઝગમગી ઊઠી હતી. તેણે માથું ઊંચું કરવા પ્રયત્ન કર્યો, પણ તે ઊંચું કરી ન શક્યો. કૉમ્પ્યુટર કરતાંય અનેકગણી ઝડપે તેના મજ્જાતંતુઓ રણકી ઊઠ્યા હતા. 'ધ ગેમ ઈઝ અપ... માય ગૉડ... ધ ગેમ ઈઝ અપ...' તેના હૃદયમાં ફટાકડા ફૂટતા હોય તેમ હૃદય ધણધણી ઊઠ્યું હતું. તેણે ધીરેથી માથું ઓશીકા પર ઢાળી દીધું... પોપચાં નમાવી લીધાં, નિઃસહાય કબૂતરની જેમ.

'રાઉન્ડ અપ એવરીબડી...' કોઈએ બૂમ મારી. બુટના અવાજોના પડઘા ફરી પડ્યા. નળિયાં ફરી ખખડ્યાં. એ આકારો, ડેલીમાં થયેલા અજવાળે સ્પષ્ટ દેખાતા હતા.

એ આર્મ્ડ પોલીસ કૉન્સ્ટેબલો હતા. તેના શરીરમાં વધારાનું લોહી દાખલ થયું હોય તેમ નસેનસ ધમધમી ઊઠી હતી. ફેફસાં ફાટવા માંડ્યાં હતાં. તેના પેટમાં એકાએક શૂન્યાવકાશ સરજાયો હતો. પેટ જાણે કરોડરજ્જુ સાથે ચોંટી ગયું હોય તેવું સંવેદન તેને થતું હતું. તેને એ સંવેદન પરિચિત લાગ્યું. બૅન્ક ઑફ મેવાડની લૂંટના અડધા કલાક પહેલાં પણ એવું જ સંવેદન તેના પેટમાં થયું હતું. તેણે ઘસઘસાટ ઊંઘતા હોવાનો ડોળ કરવાનો પ્રયત્ન કર્યો. પણ તેના પગનાં તળિયાં એકાએક ગરમ થઈ ગયાં હતાં, પગ જાણે તેના શરીરને ઉઠાવીને ભાગી જવા માગતા હોય તેમ ઢીંચણ તંગ થયા અને સ્નાયુઓ આપમેળે જીવતી થયેલી માંસપેશીઓની જેમ થડકવા માંડ્યા.

'પણ... તમે બધા... અરે ! આ બધું શું છે ?' તેણે અદાનો અવાજ સાંભળ્યો.

'દેખાતું નથી બુઢ્ઢા ? - પોલીસ.' કોઈનો તીણો અવાજ આવ્યો.

'પોલીસ ? મારા ઘરમાં... આ સંતરામ પરોતના ઘરમાં પોલીસ ?'

'ઉશ્કેરાવાની જરૂર નથી... કાકા... જિગર પરોત કોણ છે ?' કોઈનો ઘેરો છતાં કંઈક બેસી ગયેલો અવાજ આવ્યો.

'એ મારો દીકરો છે.' અદા બોલ્યા...

'આ સૂતો છે એ ?' બેસી ગયેલા અવાજવાળાએ પૂછ્યું. તે સાથે જ કોઈએ તેની ગરદન પર ઠંડી ચીજ અડાડી. બેકાબૂ બનેલા તેના શરીરના મજ્જાતંત્રને કાબૂમાં લેવા તેણે પ્રયાસ કર્યો. પણ તેને ખ્યાલ આવતો હતો કે મન અને શરીર ખરેખર જુદાં છે.

'ચલ... ઊઠ...' કોઈએ તેને જોરથી બંદૂકના નાળચાનો ગોદો માર્યો. તેણે ઊંઘમાંથી એકાએક જાગવાનો અભિનય કરવા પ્રયાસ કર્યો.

'કોણ છે.... ? અદા ?' તે બોલ્યો. પણ તેનો પોતાનો અવાજ તેને ખોખલો લાગતો હતો. તેની સ્વરપેટીમાં ધ્રુજારી થતી હતી. ગોવિંદ ભંડારી હમેશાં કહેતો, 'નર્ઝ... મૅન ! નર્ઝ આર મોર ઈમ્પોર્ટન્ટ ધૅન ઑલ ધ પ્લાનિંગ ઈન ધ વર્લ્ડ. ઈફ યૂ હૅવ નર્ઝ યૂ આર એ વિનર....'

તેના માનસપટ પર ગોવિંદના ચહેરાનું પ્રતિબિંબ ઊપસી આવ્યું. તે ધીરેથી બેઠો થયો. પણ તે પૂરો બેઠો થાય તે પહેલાં બે કૉન્સ્ટેબલોએ તેના હાથ પકડ્યા.

'આ શું કરો છો ? શું કરો છો મિસ્ટર ?' તે બોલ્યો. ખરેખર તો તેનાથી બોલાઈ ગયું... નર્ઝ... નર્ઝ.... તેણે ખળભળતા ભીતરને શાંત કરવા પ્રયાસ કર્યો.

'હૅન્ડકફ હિમ...' બોદા ઘસાયેલા અવાજવાળા આદમીએ હુકમ કર્યો. તેને આછા અજવાળામાં દેખાતા એ આદમીનો ચહેરો પરિચિત લાગ્યો.

'શું કહ્યું ?' તેણે પૂછ્યું.

'એ ચર્ચા આપણે પછી કરીશું...' પેલાએ જવાબ આપ્યો. તે સાથે એક જ ઝાટકે તેની જમણી બાજુએ ઊભેલા એક કૉન્સ્ટેબલે તેના હાથમાં બેડીનું કડું નાખી દીધું. તેણે આંચકો આપીને હાથ ખેંચ્યો. બેડીનું છૂટું કડું પોલીસની હડપચી સાથે અથડાયું. એ આદમીએ ગાળ દીધી અને તે સાથે જ તેની ડાબી બાજુ ઊભેલા આદમીએ બંદૂકનો હાથો તેના ડાબા ખભા અને ગરદનના હાડકા પર ઝીંક્યો. તે ખાટલાની નીચે પછડાયો. તેને તમ્મર આવી ગઈ.

'તમે... તમે... એને મારો છો... મારો છો શા માટે... એ મારો દીકરો છે... આ અત્યાચાર છે... તમે પોલીસ થઈને અત્યાચાર કરો છો ? નિર્દોષ અને સજ્જન આદમીઓ પર...' અદા બોલ્યા.

'ત્યાં બેસી જાઓ... કહ્યું ને તમને ! મારું નામ હાંડા.... ડી.એસ.પી. જગન્નાથ હાંડા. તમારા દીકરાની ધરપકડ કરવા આવ્યો છું, સમજ્યા ? હવે ત્યાં ચુપચાપ બેસો છો કે મારે તમને ફરજ પાડવી પડશે...? ...અરે પાણી છાંટ કમબખ્ત પર...'

'મારા છોકરાની ધરપકડ ? મારા દીકરાની ધરપકડ ? શેને માટે ?... શેને માટે ?'

'આ ડોસાને ત્યાં બેસાડી દે રામલાલ...' ડી.એસ.પી. હાંડાનો અવાજ જાણે કૂવામાંથી આવતો હોય તેમ તેને સંભળાયો. તેને હવે કળ વળી હતી, પણ તે ઊભો થવા માગતો ન હતો. આઘાત અને ભય પામેલાં મન અને શરીરને તે સ્થિર કરવા માગતો હતો. કોઈક કૉન્સ્ટેબલે તેનો બેડીવાળો હાથ પકડીને, બેડીનું છૂટું કડું ખાટલાની ઈસ સાથે લગાવી દીધું....

'પાણી લાવ...' હુકમ થયો. કોઈક દોડીને ગમાણ પાસેથી પાણીનો કળશ્યો ભરી લાવ્યો.

તેના ચહેરા પર પાણી છાંટવામાં આવ્યું. તેણે પહેલાં ધીરેથી અને પછી જોરથી માથું હલાવ્યું. તેના કાનમાં પાણી પેઠું હતું. તેણે જમણા કાનમાંથી પાણી ખંખેરવા જમણો હાથ ઊંચકવાનો પ્રયાસ કર્યો. જમણો હાથ ઈસ સાથે બંધાયેલો હતો.

'ઊભો થા. એટલામાં મરી ગયો હોય તેમ નાટક શું કરે છે ?' ડી.એસ.પી. હાંડાનો તેણે અવાજ સાંભળ્યો. તે ધીરેથી બેઠો થયો.

'મને... મને બેડી શા માટે પહેરાવી છે ?' તેણે પૂછ્યું. પણ કોઈએ જવાબ ન આપ્યો. તેણે જોરથી બરાડો પાડ્યો. 'મને બેડી કેમ પહેરાવી છે ?' પોતાનો અવાજ સાંભળીને તેના અંતરમાં કંઈક સ્વસ્થતા આવી. તેને કંઈક સાંત્વન, કંઈક હિંમત મળતી

હોય તેવું લાગ્યું. તેનું મન ધીરે ધીરે સ્વસ્થ થતું હતું. તેણે ફરી બૂમ પાડી : 'આ શું છે ? મારા હાથમાં બેડી કેમ નંખાઈ છે ?'

'બી ક્વાયેટ યૂ બાસ્ટર્ડ...' કોઈએ તેને તમાચો માર્યો. તે તેને ઓળખતો ન હતો, પણ ડી.એસ.પી. હાંડા સાથે આવેલો તે કોઈ ઇન્સ્પેક્ટર હતો.

'યૂ ફિલ્થી સન ઑફ એ બીચ... ઇટ્સ ઇનફ...' તેણે બરાડો પાડ્યો. અને ઝાટકો મારીને ખાટલો ઉલાળ્યો. પણ ખાટલાની ઈસ તેના પોતાના પગમાં જ અથડાઈ અને તે પડ્યો....અરધો ખાટલામાં અને અરધો નીચે... તેને એ ગમ્યું. તે સમજી ગયો હતો કે બૅન્ક ઑફ મેવાડની લૂંટનું રહસ્ય ભેદાઈ ગયું છે. તેને સમય જોઈતો હતો, - તેની નર્વ્ઝ શાંત કરવાનો સમય, વિચારવાનો સમય, પોલીસ સાથે વાત કરતા પહેલાં કંઈક સ્ટ્રેટેજી ગોઠવવાનો સમય. પેલા ઇન્સ્પેક્ટરે તેના પડખામાં લાત મારી...

'લીવ હિમ એલોન... ફૂલસિંહ, પહેલાં પેટ્રોમૅક્સનો બંદોબસ્ત કરો.' હાંડા સાહેબે હુકમ કર્યો. બજોટામાં હજુ વીજળી આવી ન હતી. 'અરે રામલાલ..'

'અરે સાહેબ, પણ મારા દીકરાને તમે શા માટે...' અદા વચ્ચેથી જ બોલ્યા, 'આ બધું છે શું, મને સમજાવો...'

'ત્યાં બેસી જાઓ. લાઈન ધેમ અપ, ફૂલસિંહ. બધાંને ત્યાં એક સાથે બેસાડી દો... આ બાઈ કોણ છે ?' હાંડાએ પૂછ્યું.

'મારી બૈરી છે, સાહેબ...' વજાએ કહ્યું.

'અને આ કોણ છે ?'

'ભૂરો... એ દા'ડિયો છે.'

'તમે બંને અહીં બેસો... કોઈએ અહીંથી બહાર નીકળવાનું નથી. અલ્યા પેટ્રોમૅક્સ લાવ્યા કે નહિ...'

'ઘરમાં છે.... ત્રણ...'

'તારી બૈરીને કહે સળગાવે. તું અહીં બેસ....' હાંડાએ હુકમ કર્યો. વજાએ તેની બૈરીને પેટ્રોમૅક્સ સળગાવવાનું કહ્યું. 'રામલાલ, એચ.ક્યુ. પર મેસેજ મોકલી દો, આઈ.જી.પી. સાહેબની ઇન્સ્ટ્રક્શન માગી લો. અને ફૂલસિંહજી, તમે ઝડતી લેવરાવી લો.... આઈ ડોન્ટ હોપ મચ... બટ મે બી વી કેન ફાઈન્ડ સમથિંગ...' હાંડાએ સૂચનાઓ આપી. અને અદાને કહ્યું, 'તમે આમ આવો...અહીં પરસાળમાં....'

'ડી.એસ.પી. સાહેબ તમે... મારા દીકરાને તમે...' અદાના અવાજમાં ધ્રુજારી હતી, 'આ બધું શું છે ?'

'તમને ખબર નથી એમ કહેવા માગો છો ? સાલાં આ કમબખ્ત કૂતરાં...' ડી.એસ.પી. હાંડાને પણ કૂતરાંના અવાજો ત્રાસ આપતા હતા. 'અલ્યા, કોઈ જઈને ભગાડો કમબખ્તોને... અને જુઓ તો એ છોકરો હોશમાં આવ્યો કે નહિ ?'

**

કમબખ્ત ગાંઠિયો !... ડી.એસ.પી. હાંડાના બચ્ચાએ તેને આબાદ ઝડપ્યો હતો. બજોટામાં કૂતરાં ભસવાનો અવાજ આવ્યો ત્યારે પણ જો તેને વિચાર આવ્યો હોત કે કોઈ રાની જાનવર નહિ પરંતુ પોલીસ પાર્ટી આવી છે તો તે ભાગી શક્યો હોત. પણ એ હાંડાના બચ્ચાને ખબર ક્યાંથી પડી હશે ? અનેકાનેક તર્ક તેણે ભોંય પર પડ્યા પડ્યા કર્યા હતા. તેને ફરી જગાડવામાં આવ્યો ત્યારે ડેલીમાં પેટ્રોમૅક્સનું આછું ભૂરું અજવાળું પથરાયેલું હતું. તેને વાળ પકડીને ઊભો કરવામાં આવ્યો. એક કૉન્સ્ટેબલ તેની બાજુમાં બંદૂક લઈને ઊભો રહ્યો હતો. આખી ડેલીમાં ઇન્સ્પેક્ટર ફૂલસિંહ મેવાતની રાહબરી નીચે ઝડતી લેવાઈ રહી હતી. છાપરા પર ઊભા રહેલા બંને કૉન્સ્ટેબલો નીચે આવી ગયા હતા. ડી.એસ.પી. હાંડા, અદાની આરામખુરસીમાં બેઠોબેઠો સિગાર પી રહ્યો હતો. બે-ત્રણ રાઈટરો હાથમાં કાગળિયાં લઈને કશુંક લખતા હતા. તે ધીરેથી ખાટલા પર બેઠો. તેના શરીર પર પરસેવો રેલાતો હતો. પડખું અને ગરદન સહેજ દુખતાં હતાં પણ એ અસહ્ય ન હતું. ડી.એસ.પી. સાથે વાત કરીને, ત્યાં પડેલા ખાટલા પરથી ઊભા થઈને અદા તેની પાસે આવ્યા.

'જિગર... બેટા.. જિગર, આ ડી.એસ.પી. સાહેબ...'

'શું કહે છે એ ડી.એસ.પી. ?' તેણે પૂછ્યું.

'તેં કંઈ ખરાબ કામ કર્યું છે, દીકરા ?' અદાએ પૂછ્યું. તેમની આંખોમાં અનંત વિશ્વાસ હતો પણ ચહેરા પર આઘાતની રેખાઓ ઊપસી આવી હતી.

'મેં ? અદા... મને સમજાતું નથી કે આ બધું શું છે ?'

'ખરેખર દીકરા ? આ ડી.એસ.પી. ખોટું કહે છે ?'

'પણ શું કહે છે ?' તેણે પૂછ્યું.

'બૅન્ક ઑફ મેવાડની લૂંટમાં તું સામેલ હતો...'

'લૂંટમાં ? હું સામેલ હતો ? અદા... એ લૂંટમાં ગોળીઓ ચાલી હતી. ખૂન થયાં હતાં. મારી ઇચ્છા હોય તોય તેમાં હું સામેલ ન થઈ શકું. અદા, એક ઉંદર મારવાની તો મારી ત્રેવડ નથી અને લૂંટ !... માય ગૉડ... કંઈક જબરદસ્ત ગોટાળો છે.'

'એટલે આ ડી.એસ.પી. ખોટું કહે છે ને !'

'સરિયામ જૂઠું... અદા.'

'મારા માથા પરથી બોજ હળવો થઈ ગયો, દીકરા... મેં તેમને એ જ કહ્યું કે, મારો જિગર લૂંટ તો શું, કોઈના સામે ઊંચો અવાજ પણ કરી શકે તેમ નથી.'

'અદા... તમે ચિંતા ન કરો. પોલીસની ભૂલ થાય છે એ નક્કી છે.'

'પણ એ તારી ધરપકડ કરવા આવ્યો છે.'

'તે ભલેને કરે. મેં કોઈ ખરાબ કામ કર્યું હોય તો મને ડર લાગે ને !'

'દીકરા... તો પછી તારું નામ કોઈએ જાણીબૂજીને દીધું હશે ?'

'એ તો શી ખબર પડે અદા...'

'તું ગોવિંદ ભંડારી નામના કોઈ છોકરાને ઓળખે છે ?'

'ગોવિંદ ભંડારી ?' તેણે ધડકતે હૈયે સવાલ કર્યો.

'હાંડા કહે છે કે એ તારો દોસ્ત છે, અને -'

'અને શું અદા...'

'તેણે બૅન્ક લૂંટવામાં તને સામેલ કર્યો હતો...'

'ગોવિંદ ભંડારીએ ? પણ કેવી રીતે અદા ? હું તો એવા કોઈ છોકરાને ઓળખતો નથી.'

'ડી.એસ.પી. કહે છે કે આખું ઉદેપુર તેને ઓળખે છે.' અદાએ સ્વાભાવિકતાથી કહ્યું.

તેની પાસે કોઈ જવાબ ન હતો. તેને ભંડારી યાદ આવ્યો. 'ટેલ ધ ટ્રુથ ટિલ ઇટ નૉટ ઇમ્પ્લીકેટ યુ...'

'ઓહો.. એ ગોવિંદ ભંડારી... ? માય ગૉડ... ડી.એસ.પી.ને તેના પર શક છે ? અદા અશક્ય... એ છોકરો તો બીજો મહાત્મા ગાંધી છે. ડી.એસ.પી. તેના પર શક ખાય છે ? ખરેખર... તો તો આ જબરદસ્ત કાવતરું છે, અદા. જો ગોવિંદ ભંડારીને આ લોકો લૂંટકેસમાં સંડોવવાનો પ્રયત્ન કરશે તો આખું ઉદેપુર ભડકે બળશે.'

'મતલબ ? તું એને ઓળખે છે ? જિગર !' અદાએ સહેજ શંકાથી પૂછ્યું.

'અરે ! ઉદેપુર યુનિવર્સિટીમાં ભણતો એકેએક છોકરો તેને ઓળખે છે!'

'પણ તું હમણાં કહેતો હતો કે તું તેને ઓળખતો નથી.' અદાએ કહ્યું.

'પણ આ ગોવિંદ ભંડારી હોય તેવું બને નહિ અદા. એ છોકરો તો ભણવામાં હંમેશા પ્રથમ નંબરે આવે છે. હું તમને કહું છું ને અદા કે આમાં કંઈ ભૂલ થાય છે. જે ગોવિંદ ભંડારીને આખું ઉદેપુર ઓળખે છે તે ફરિશ્તો છે. એ આવા કામમાં હોઈ જ ન શકે, અદા.'

'પણ તો પછી તેનું નામ કેવી રીતે આવ્યું ?'

'રાજરમત... અદા,... એ છોકરો વિદ્યાર્થીઓનો નેતા છે. અને આ સરકાર તેની વિરુદ્ધ છે. સાચું કહું અદા કે જો તમે લૂંટ કરી શકો તો ગોવિંદ લૂંટ કરી શકે.'

'ખરેખર ?'

'તમારી પાસે મારે શા માટે જૂઠું બોલવું પડે ?' તેને પોતાના શબ્દો ખોખલા લાગતા હતા. પણ અદાના ચહેરા પર એ શબ્દોથી જોમ આવ્યું હતું. 'અદા, સાચું કહું, એ ગોવિંદ ભંડારી માટે ઉદેપુરના કોઈ પણ છોકરાને જેલમાં જવું પડે તો તે એક મિનિટ પણ વિચાર ન કરે... એના જેવો સાચાબોલો અને તેજસ્વી વિદ્યાર્થી શોધવો મુશ્કેલ છે.' અદાના પગમાં મક્કમતા આવી હતી.

**

જેલવાસની છેલ્લી રાત્રે આ સંવાદો તેના કાનમાં ગુંજી રહ્યા. જયસમન્દને ઘેરીને બજોટાની સીમમાં ઊભેલી મેવાડની પહાડીઓ સાથે ટકરાઈને આવતા પડઘાની માફક એ સંવાદ તેના કાનમાં ગુંજી રહ્યો... બિચારા અદા !... કેટલા નિર્મળ !.. કેટલા નિખાલસ !.... કેટલા સરળ !

શનિવારની રાત્રે... પાછલા પહોર સુધી તેમની ડેલીમાં ઝડતી ચાલી હતી. બજોટા ગામમાં ઉજાગરો ફેલાયો હતો. ડેલીના બારણાની બહાર પોલીસો ગામલોકોને ખાળતા ઊભા રહ્યા હતા. વહેલી સવારે હાથમાં બેડીઓ સાથે જિગર પરોતને પોલીસ વાનમાં બેસાડવામાં આવ્યો. અદાએ સાથે આવવાની જક પકડી હતી. પણ પોલીસ બજોટામાં, તેમની ડેલીમાં કોઈ સામાજિક કામ માટે આવી ન હતી.

તેના ઘરમાંથી લૂંટની સાથે સંકળાય તેવી એક પણ ચીજ મળી ન હતી. હા થોડાં પૅમ્ફલેટ મળ્યાં હતાં. 'સામાજિક ક્રાન્તિ', પરિવર્તન, 'રાજકીય કાયાપલટ', શ્રમજીવીઓનું શોષણ, ખેતમજૂરોની હાલત અને નવા જાગીરદારો વગેરે વિષયો પર છપાયેલી પુસ્તિકાઓ પોલીસના હાથમાં આવી હતી. પણ એવી પુસ્તિકાઓ તો ઉદેપુરના કોઈ પણ વિદ્યાર્થી પાસેથી મળી આવી હોત. એ પુસ્તિકાઓ પરથી બૅન્ક ઑફ મેવાડ લૂંટકેસ પુરવાર ન થઈ શકે.

બીજે દિવસે રવિવાર હતો. એફ.આઈ.આર. ફાઈલ કરીને તેની રિમાન્ડ અરજી સોમવારે દાખલ થવાની હતી. તેને હજુ સમજાતું ન હતું કે ક્યાં તેમની ભૂલ થઈ હતી, કેવી રીતે પોલીસે તેમનું પગેરું શોધ્યું હતું.

'શું નામ તારું ?' આઈ.જી.પી. મોરારકાએ તેને મળવા બોલાવ્યો હતો. હજુ સુધી પોલીસે કોઈ થર્ડ ડિગ્રી વાપરી ન હતી.

'જિગર... જિગર સંતરામ પરોત.'

'સિગારેટ પીશ ?'

'નહિ સાહેબ...'

'પીતો નથી ?'

'ક્યારેક પીઉં છું.' જિગરે જવાબ આપ્યો.

'તો આજે પી. મારા તરફથી. મને તરવરતા જુવાનો ગમે છે.' મોરારકાએ કહ્યું. જિગર તેની સામે જોઈ રહ્યો. તે પોલીસ કરતાં કોઈ કંપનીના મૅનેજિંગ ડીરેક્ટર જેવો લાગતો હતો. રીમલેસ ચશ્માં, સફાઈબંધ કાપેલી મૂછો, ગુલાબી ચહેરો, એકવડું શરીર અને છેલ્લી ઢબનો સૂટ... જો તે મોરારકાની ઑફિસમાં બેઠો ન હોત તો માની ન શકત કે તે પોલીસ અફસરની સામે બેઠો હતો. મોરારકાએ તેને માટે સિગારેટ કાઢી... લાઈટર કાઢ્યું અને સળગાવીને હાથ લાંબો કર્યો....

જિગરે સહેજ સંકોચ સાથે સિગારેટ સળગાવી.

'વેલ... યંગ મૅન... હું પોલીસ અફસર છું પણ આખરે માણસ છું. મારે પણ તારા જેવો દીકરો છે. તારા પ્રત્યે મને ખૂબ સહાનુભૂતિ છે. તારો એજ્યુકેશન રેકર્ડ સુંદર છે. યૂ હૅવ એ બ્રાઈટ... વેરી બ્રાઈટ ફ્યૂચર...'

'થૅન્ક યૂ સર...' જિગરે જવાબ આપ્યો. આખી રાત તે જાગ્યો હતો, પણ તેનો તેને હજુ થાક લાગ્યો ન હતો. તેના દિલ અને દિમાગમાં પ્રથમ આઘાતોની જબરજસ્ત હલચલ શમી ગઈ હતી. તેણે સ્મિત સાથે ઉમેર્યું, 'મોરારકાસાહેબ, એક વાત કહું.... તમે પોલીસ અફસર જેવા મુદ્દલ લાગતા નથી.'

'ઓહ... ખરેખર... વેલ... આને હું કૉમ્પ્લીમેન્ટ્સ ગણું કે ટીકા ગણું....'

'ઑફ કોર્સ સર કૉમ્પ્લીમેન્ટ્સ.' જિગરે જવાબ આપ્યો. મોરારકાના ચહેરા પર રોનક આવી હતી. વખાણ ઈશ્વરને પણ ગમે છે. ગોવિંદ સાચું કહેતો હતો. 'સ્માઈલ યૉર વે આઉટ...'

'વેલ...હાઉ ડુ યુ લાઈક ધ સિગારેટ... ફ્રેન્ચ સિગારેટ છે. મારા એક ફ્રેન્ચ મિત્રે આપી હતી.'

'નાઈસ સર... બટ ટૂ માઈલ્ડ.'

'નેચરલી... તમને જુવાનોને તો સ્ટ્રોંગ સિગારેટ્સ ગમે... શરાબ પીએ છે કોઈ વખત ?'

'નહિ સાહેબ... હું બ્રાહ્મણ છું. મારા પિતાજી કર્મકાંડી બ્રાહ્મણ છે. હું ગમે તે કરી શકું, પણ દારૂ ન પીઉં...'

'મને એવું લાગ્યું જ... તું દારૂ પીનારો આદમી નથી... જો દારૂ ન પીતો હોય તો જુગાર તો ક્યાંથી રમતો હોય ?' મોરારકાએ કહ્યું.

'યસ સર... બૂઝ, બેબીઝ એન્ડ બ્રિજ... આ ત્રણે ખતરનાક વસ્તુઓ છે. મારા ખાનદાનની સાત પેઢીમાં આ વર્જ્ય છે.'

'વેલ સેઇડ... બૂઝ, બેબીઝ એન્ડ બ્રિજ... હાઉ એબાઉટ ગેઇમ્સ, ગૉબલ એન્ડ ગન્સ ?....' મોરારકાએ હસીને કહ્યું.

જિગરે એક સેકન્ડ શ્વાસ લીધો. સિગારેટનો કશ ફૂંકતાં કહ્યું : 'મને સમજાયું નહિ સર...'

'અમારા ખાનદાનમાં એ ત્રણ વાતો ઊતરી આવી છે. રમો, જમો અને બંદૂક ખેલો. જિગર... મેં એટલા માટે કહ્યું કે આ ત્રણે વાતમાં તું હોશિયાર છું. તું યુનિવર્સિટીમાં ઍથ્લેટિક્સનો ચેમ્પિયન છું, ગયા ઍન્યુઅલ ડે વખતે ત્રણ મિનિટમાં આઠ આઈસક્રીમની ડિશો તું ખાઈ ગયો હતો અને દસ મિનિટમાં ૪૦ ગુલાબજાંબુ પેટમાં ઉતારી ગયો હતો અને તારો એન.સી.સી. રેકર્ડ કહે છે કે 'બેસ્ટ શૉટનું પ્રાઇઝ રાઇફલ શૂટિંગમાં તને મળ્યું હતું... એમ આઇ રાઇટ ?...'

'માય ગૉડ ! મોરારકાસાહેબ, તમે ખરેખર...'

'સૉલિડ ઈન્ફર્મેશન લઈ આવ્યો છું, નહિ ? પણ તેમાં કશું નવાઈભર્યું નથી. તેનો તો અમને પગાર મળે છે. તું ધારે છે તે કરતાં અમે ઘણી મહેનત કરીએ છીએ. ભાગ્યે જ એવું બને કે અમને માહિતી પ્રાપ્ત ન થાય... આ તમારો જ દાખલો લો ને... વીસબાવીસ દિવસમાં અમે શોધી શક્યા કે બૅન્ક ઑફ મેવાડ લૂંટકેસમાં કોણ સામેલ છે....'

'કોણ છે સાહેબ ?' જિગરે તદન આશ્ચર્યભર્યા ચહેરે પૂછ્યું.

'લેટસ નૉટ જોક... સત્ય કહેવાથી ઘણી બધી મુસીબતો નિવારી શકાય છે.. ક્રાઈમ નેવર પેઝ... જિગર...'

'હું પણ તે સાથે સંમત છું સર. ક્રાઇમ નેવર પેઝ...'

'તો હું અપેક્ષા રાખું કે તું સાચી વાત કરી શકીશ ?'

'એટલે સર ?'

'ટેલ ધ ટ્રુથ... તને મારે આ કેસમાંથી છોડાવવો છે. તારા પિતાજી ખરેખર ઉમદા માણસ છે. સરળ છે, તું પણ નિખાલસ છું.. હોશિયાર છું. જેલના સળિયા પાછળ તારી જિંદગી બરબાદ થાય તે મને પસંદ નથી.'

'પણ સાહેબ....'

'તને તક છે... તાજના સાક્ષી થવાની. પબ્લિક પ્રૉસિક્યૂટર મિ. અગરવાલ તને સમજાવશે.... તાજના સાક્ષીને શું રક્ષણ મળે છે તે...'

'પણ સાહેબ... મને એ લૂંટ વિશે કશી ખબર નથી.'

'મે બી... તું વિચાર કરી જો... તારે માટે એ છેલ્લી તક હશે... મને તું પસંદ છું. એટલે જ તને આ વાત કહું છું. લૂંટમાં સંડોવાયેલા બીજા છોકરાઓમાંથી કોઈ પણ તૈયાર થાય તે પહેલાં તને તક આપવી જોઈએ તેમ હું પ્રામાણિકપણે માનું છું...' મોરારકાએ કહ્યું... અને ઘંટડી દબાવી. ચપરાસી દાખલ થયો.

'હાંડા સાહેબ છે ?'

'યસ સર...'

'મોકલ તેમને અંદર....'

થોડી સેકન્ડોમાં હાંડા અંદર આવ્યા.

'શું થયું હાંડા સાહેબ....'

'હરીશ જૈન તમને એકલો મળવા માગે છે. મને લાગે છે એ કશુંક કન્ફેશન કરશે.' હાંડાએ કહ્યું. જિગરના હૈયામાં મોટો ચિરાડો પડ્યો. તેના બંને હાથ ધ્રૂજવા માંડ્યા. પગ નીચેથી ધરતી સરતી હોય તેવું લાગ્યું. તેણે સિગારેટનો કશ લીધો.. તેની શ્વાસનળીમાં રૂંધામણ થઈ. જોરથી અંતરસ આવી. મોરારકાએ તેને માટે પાણી મંગાવ્યું.

'રિલેક્સ.. જિગર... ઘણા વખતે સિગારેટ પીધી લાગે છે.' મોરાકાએ કહ્યું.' અરે હાંડા સાહેબ... વી વેઈટ ફૉર એ ડે... મને લાગે છે જિગરને એક દિવસ વિચારવાની તક આપીશ... હરીશ જૈન કૅન વેઈટ... સાચું કહું હાંડા સાહેબ, એ છોકરો.... વેલ તેને સજા થાય તો મને સહેજ પણ દુઃખ નહિ થાય... મને ખાતરી હતી જ કે હી ઇઝ ધ બ્લૅક શીપ ઑફ ધ ગૅન્ગ.... તું જા જિગર.. હાંડા સાહેબ, જિગરને કોઈ તકલીફ ન પડે... તેને ગુલાબજાંબુ ખૂબ ભાવે છે, યુ કૅન ટેક ધિસ સિગારેટ પૅક.... આપણે કાલે મળીશું. આપણે ઉતાવળ શું છે હાંડા સાહેબ.. લેટ ધિસ બૉય થિંક ઓવર...'

'તમે કહો તેમ સર...'

'ગુડ લક જિગર...'

'થૅન્ક યૂ સર...' કહીને જિગર ઊભો થયો. તેના પગ ધ્રૂજતા હતા...

**

હરીશ જૈન તેમની ટોળીનો નં. ૩ હતો. લૂંટના માલની જવાબદારી તેને માથે હતી.

જિગરનું માથું ફાટતું હતું. સમસ્યાઓથી, તર્કવિતર્કથી. હરીશ જૈન પકડાયો હોય તો ક્યુ.... ઈ... ડી... લૂંટનો તમામ માલ હાથ લાગ્યો હશે.

**

આજે દશ વર્ષે પણ તેને એ સંવેદન યાદ હતું. તેને એ તનાવ, એ આઘાત યાદ હતો. જેલવાસની તેની છેલ્લી રાત્રિએ પણ, જાણે ગઈ કાલે જ તે આઈ.જી.પી. મોરારકાને મળ્યો હોય તેવું તેને લાગતું હતું. માનવીની સ્મૃતિ પણ કેટલી વિચિત્ર છે ! વર્ષોથી ભુલાઈ ગયેલી વાત ક્યારેક ઓચિંતી, અનાયાસ,. એકાએક નજર સામે સાકાર થઈ આવે છે અને ક્યારેક માથું ખંજવાળીને પ્રયત્ન કરો તોયે યાદ રાખવા ઇચ્છેલી ચીજો યાદ આવતી નથી.

આઈ.જી.પી. મોરારકાની તેની પ્રથમ મુલાકાતની મિનિટે મિનિટ તેના માનસપટ પર તરી આવતી હતી. હરીશ જૈનનું નામ સાંભળીને તે ધ્રૂજી ઊઠ્યો હતો. તે પકડાયો છે તેવું સાંભળતાં જ તેનું આખું શરીર જાણે માટીના ગારાનું હોય તેમ ઢગલો થઈ ગયું હતું. અને છતાંય કોઈ અસીમ આત્મબળથી તે મોરારકાની ચેમ્બરમાંથી બહાર નીકળ્યો હતો. એટલું જ નહિ, તેણે મોરારકાના ટેબલ પર પડેલી ઍશ-ટ્રેમાં સિગારેટ પણ બુઝાવી હતી... વ્હેન યુ આર કન્ફ્યુઝ્ડ ડુ નૉટ રિઍક્ટ્... ગોવિંદ હંમેશાં કહેતો. તેને એ વાક્ય યાદ આવ્યું તો ન હતું પણ યાદ કરવાના પ્રયત્નને કારણે તેનો તનાવ ઓછો થયો હતો.

'જિગરને હાથકડી પહેરાવરાની જરૂર નથી. મિ. હાંડા.... મેઈક હિમ કમ્ફર્ટેબલ...' હાંડા તેને લઈને બહાર નીકળ્યો ત્યારે આઈ.જી.પી. મોરારકાએ કહ્યું હતું. બાકી તો બહાર ઈન્સ્પેક્ટર ફૂલસિંગ તેને માટે બેડીઓ, દોરડાં અને કૉન્સ્ટેબલોનો રસાલો લઈને ઊભો જ હતો. બૅન્ક ઑફ મેવાડના લૂંટારાઓને જેર કરવાની કાર્યવાહીમાં તે સામેલ હતો, તેનું ગુમાન તેની નશાખોર આંખોમાં પળે પળે દેખાતું હતું. એટલું જ નહિ, પણ આઈ.પી.એસ. થઈને ડાયરેક્ટ રિક્રૂટ થયેલા અફસરોની 'સોફિસ્ટિકેટેડ' પદ્ધતિઓ તરફ તેને નફરત હતી. 'સાલાઓની પૂંઠ પર દંડા માર્યા વગર શું ગુનાની કબૂલાત થતી હશે ?' તેવું માનનારો એ આદમી હતો. જિગરને બેડી નહિ પહેરાવવાના હુકમથી તેને તાજુબી થઈ હતી. તેનું ચાલતું હોત તો તેણે જિગર પરોતને બેડીઓ પહેરાવી, માથું મૂંડાવીને વરઘોડો કાઢ્યો હોત...

'ચલ બૈઠ અંદર...' પોલીસવાનમાં બેસાડવા માટે જિગરને ધક્કો મારવાની જરૂર ન હતી, છતાં તેણે ધક્કો મારીને તેને વાનમાં ધકેલ્યો હતો.

**

સેન્ટ્રલ જેલ તરફ જવાને રસ્તે પોલીસ લાઈનને નાકે આવેલા એક જૂના બંગલામાં તેને લઈ જવામાં આવ્યો હતો. બ્રિટિશ રાજ વખતે આ બંગલામાં ડી.એસ.પી. જેવા અધિકારીઓ રહેતા, પણ પછી તેનો ઉપયોગ ડાક બંગાલ તરીકે થતો. મોટે ભાગે પોલીસ કૉન્ફરન્સ કે ઇન્વેસ્ટિગેશન કે એવા કોઈ કામે આવેલા અધિકારીઓને ત્યાં ઉતારવામાં આવતા. અહીં તેને માટે એક રૂમ ફાળવવામાં આવ્યો હતો.

પોલીસ વાનમાંથી તેને ઉતારીને ત્યાં લાવવામાં આવ્યો તે પહેલાં, પોતાની જીપમાં ડી.એસ.પી. હાંડા ત્યાં પહોંચ્યા હતા. કમરો સુઘડ હતો. પાટિયાં જડેલો ખાટલો, ગાદલું, ગાદલા પર પાથરેલી ચાદર, સામેની બારી પાસે પડેલું રાઈટિંગ ટેબલ અને એક ખુરશી એટલું રાચરચીલું ત્યાં ગોઠવેલું હતું. ઊંચી સીલિંગ પરથી લાંબી પાઈપને છેડે લગાડેલો બાવા આદમના જમાનાનો પંખો કંઈક વિચિત્ર અવાજ સાથે ફરતો હતો. ખાટલાની સામેની એક દીવાલ પર મહાત્મા ગાંધી અને જવાહરલાલજીનો પ્રચલિત ફોટો ધૂળ ખાધેલી હાલતમાં લટકતો હતો. બારી પરની દીવાલ પર રાણા પ્રતાપની, કોઈ જૂના કેલેન્ડર જેવી રંગીન છબી લટકતી હતી. તેણે આજુબાજુ જોઈને ખાટલામાં બેઠક લીધી.

'વેલ જિગર, હું તને હવે સાંજે મળીશ. બી કમ્ફર્ટેબલ... અને હાં ! મારા અંગત ઑર્ડરલી લાધાજીને હું અહીં મૂકતો જાઉં છું. તારે કંઈ પણ કામ હોય તો વિના સંકોચે તેને કહી શકે છે.' ડી.એસ.પી. હાંડાએ કહ્યું. પોલીસના મોઢેથી આટલાં વિવેકશીલ વાક્યો સાંભળવાની તેણે અપેક્ષા રાખી ન હતી.

હાંડા તેના કમરામાં ઊભા હતા તે વખતે જ થોડાક કોરા કાગળોનો થોકડો અને એક ઇન્ડિપેન લઈને પેલો ઑર્ડરલી ત્યાં આવ્યો હતો. તેણે ટેબલ પર ગોઠવીને એ કાગળ મૂક્યા અને ઉપર પેપરવેઈટ ગોઠવ્યું.

'આ કાગળો અહીં મૂક્યા છે. મોરારકા સાહેબે કહ્યું તેમ, તારે જે કાંઈ લખવું હોય તે તું લખી શકે છે.' ડી.એસ.પી. હાંડા અત્યારે તેને તેના શાળાના શિક્ષક પાનીલાલજી જેવો લાગતો હતો. બારણું ખાલી બંધ કરીને હાંડા સાહેબ બહાર નીકળ્યા....

કેટલાય સમયથી છાતીમાં સંઘરી રાખેલો નિઃશ્વાસ છૂટ્યો.... તનાવ ઘટ્યો... આંખ પર આવેલો અપરંપાર ભાર ઓછો થયો. તેણે ઈશ્વરનો પાડ માન્યો....

'પણ આ બન્યું કેવી રીતે ! હાઉ ઇઝ ઈટ પૉસિબલ... હાઉ ડીડ ઈટ હૅપન !' તે મનમાં બબડ્યો. અને ડાબા હાથની હથેળીમાં જમણા હાથથી મુક્કો મારીને તે ઊભો થઈ ગયો. તે સાથે જ તેને ખ્યાલ આવ્યો કે તેનો આ ઉશ્કેરાટ કોઈ જોતું તો નથી ને ! તેણે બારણા તરફ નજર કરી... વેલ... હાંડા પણ ઓછો નથી. બારણું વાસી શકાય તેવી આંકડી કે હલડ્રાફ બારણાને લગાડેલો ન હતો. ટેબલની સામે મૂકેલી ખુરસી પર તે બેઠો. ઇન્ડિપેન ઉઠાવી. પાછી મૂકી. પેપરવેઈટ ઉઠાવ્યું...

'આ કેવી રીતે બન્યું ? પોલીસે પગેરું મેળવ્યું કેવી રીતે ?' તેનાથી ફરી બોલી જવાયું... તેણે હોઠ ભીડ્યા. 'શું કરવું જોઈએ ? શું ખરેખર હરીશ જૈન બધી કબૂલાત કરવા તૈયાર થયો હશે ?' તેના મનમાં પ્રશ્નો ઊઠતા હતા. એ પ્રશ્નોના જવાબ તે ખોજતો રહ્યો.

'લૂંટના માલ સાથે તે પકડાયો હોય તો તે બીજું કરી પણ શું શકે ? પણ એ પકડાયો કેવી રીતે ? બાવીસ જ દિવસમાં પોલીસે તેમનું પગેરું મેળવ્યું કેવી રીતે ?' જિગર પરોત ફરી વ્યાકુળતાથી ઊભો થયો. બારીની બહાર જોઈને વિચારતો રહ્યો. તેમનું પ્લાનિંગ નખશિખ પાર પડ્યું હતું. અલબત્ત ચંદને ગોળીબારની શરૂઆત કરી ન હોત, તો એક પણ હત્યા કર્યા વગર, ખૂન રેડ્યા વગર તેણે લૂંટ કરી નાખી હોત... તેણે ચંદનને ગાળો દીધી... તે પાછો ટેબલ પાસે આવ્યો. તેણે પેન ઉપાડી. ખુરસી ખસેડીને બેઠો. તેણે કાગળ પર નામ લખ્યું હરીશ... હરીશ જૈન... ધ બાસ્ટાર્ડ... નો... નો... એ એવું ન કરી શકે. હરીશ મરવાનું પસંદ કરે પણ કબૂલાત તો ન જ કરે... તો પછી... પોલીસ જૂઠું બોલે છે. મોરારકા સાલો 'ચીટ' છે... બ્લડી 'ચીટ'... એ ઉલ્લુ બનાવી રહ્યો છે.' તે બબડ્યો. તેણે કાગળ તરફ જોયું. હરીશ જૈન... કાગળ પર લખેલું નામ તેણે વાંચ્યું... નહિ... ઈમ્પોસિબલ... હરીશ કદી કબૂલાત કરે નહિ... કદી કરે નહિ...

એ મિત્રો હતા. જિગરજાન મિત્રો.. હરીશ જૈન, ગોવિંદ ભંડારી, ચંદન નામેચા, અશોક શેખાવત અને પોતે, જિગર પરોત. જિંદગીભર મિત્રો રહેવાના તેમણે શપથ લીધા હતા. એક હરીશ જૈન સિવાય બધા જ મિત્રો ભણવામાં હોશિયાર હતા. ગોવિંદ તો સ્કૉલર હતો. હાયર સેકન્ડરીથી માંડીને એમ.બી.બી.એસ.ના છેલ્લા વર્ષની પરીક્ષા સુધીમાં તે ક્યારેય બીજે નંબરે આવ્યો ન હતો. આ વખતે તેણે એમ.બી.બી.એસ.ની પરીક્ષા આપી હતી. અશોક શેખાવત એન્જિનિયરિંગના છેલ્લા વર્ષમાં હતો. મિકેનિકલ એન્જિનિયરિંગમાં બહુ થોડા વિદ્યાર્થીઓ તેના જેટલા તેજસ્વી હતા. ચંદન નામેચા બી.એ. થઈ ગયો હતો અને કાયદાનો અભ્યાસ કરતો હતો. ઉદેપુર યુનિવર્સિટીનો એ ખ્યાતનામ ક્રિકેટર હતો. એટલું જ નહિ રાજસ્થાન અને વેસ્ટ ઝોનમાંથી એ વર્ષે ટેસ્ટ ખેલાડીઓમાં સિલેકશન પામ્યો હતો. જિગર પરોતની માફક જ તે પણ નૅશનલ કૅડેટ કોરમાં બેસ્ટ કૅડેટ અને બેસ્ટ શૉટના પદક મેળવી લાવ્યો હતો. જિગર પોતે પણ આર્ટ્સનો વિદ્યાર્થી હતો. અંગ્રેજી તેનો વિષય હતો. બૅન્ક ઑફ મેવાડની લૂંટ થઈ તે પહેલાં તેણે બી.એ.ની પરીક્ષા આપી હતી. જિગર પોતે કૉલેજમાં લેક્ચરર થવાની આકાંક્ષા રાખતો હતો. છેક પ્રાઈમરી સ્કૂલથી આ મિત્રો લગભગ સાથે ભણતા હતા. અલબત્ત ગોવિંદ અને અશોક તેમનાથી ભણવામાં થોડા સિનિયર હતા. આખી આ મિત્રોની ટોળકીમાં કેવળ હરીશ જૈન જુદો પડતો.

હરીશ ખૂબ જ પૈસાપાત્ર કુટુંબમાંથી આવતો. તેના પિતા સોહનલાલ જૈન ઉદેપુરમાં ઘણી બધી ખાણો ધરાવતા. પણ પિતા કરતાંય હરીશની માનું કુટુંબ એટલે કે મોસાળ, રાજસ્થાનના ધનાઢ્ય કુટુંબોમાંનું એક ગણાતું. તેના મામા પ્યારેલાલ જૈન બહુશ્રુત માણસ હતા એટલું જ નહિ પણ જયપુરના શ્રેષ્ઠી ગણાતા. હરીશ જૈન નાનપણથી જ કંઈક લાડમાં ઊછરેલો છોકરો હતો. પૈસાદારના કેટલાક નબીરાઓમાં આવે છે તેવા દુર્ગુણો હરીશમાં કિશોરાવસ્થાથી પેઠા હતા, પણ ગોવિંદ ભંડારીને તે ખૂબ જ માનથી જોતો. તેની દોસ્તીનો તેને નાઝ હતો. ગોવિંદ પણ હરીશને ચાહતો. સાચું પૂછો તો ગોવિંદને કારણે જ તે પણ બી.એ. સુધી પહોંચ્યો હતો.

ગોવિંદ તીખો આદમી હતો. તે ખાદી પહેરતો. તેના પિતા પણ ડૉક્ટર હતા. (અલબત્ત આર.એમ.પી. એલ.સી.પી.એસ.) આખી જિંદગી તેમણે ગામડાંઓમાં ગાળી હતી. ગોવિંદ નાનપણથી ડૉક્ટર થવાનું સ્વપ્ન સેવતો. બહુ કપરા સંજોગોમાં તે ભણ્યો હતો. તે કૉલેજમાં આવ્યો પછી તેના પિતા ગુજરી ગયા હતા. ચિતોડમાં તેની મા અને નાની બહેનને મૂકીને તે ઉદેપુર ભણવા આવ્યો હતો. તે થોડાં ટ્યૂશન કરતો અને ઘેર પૈસા મોકલતો. પણ ગોવિંદની એક રહસ્યમય બાજુ હતી. તે ક્યારેક દિવસો સુધી ગુમ થઈ જતો. તે ક્યાં જતો તે કોઈને કહેતો નહિ. અવારનવાર તેને કેરળથી, બિહારથી, વેસ્ટ બંગાલથી અજબગજબના લોકો મળવા આવતા. એ બધાને તે ઉદેપુરનાં જોવા લાયક સ્થળો જોવા લઈ જતો. ચિતોડ લઈ જતો.

'ગોવિંદ... કોઈક વખત તું મુસીબતમાં આવવાનો છું.' જિગર હંમેશાં તેને કહેતો. આખી ટુકડીમાં કેવળ જિગર જાણતો હતો કો ગોવિંદને મળવા આવતા બેઢંગી જુવાનિયાઓ કોણ છે. 'આ નક્સલવાદીઓને કારણે તારે કોઈ વખત...' જિગર કહેતો પણ ગોવિંદ તેની વાત વચ્ચેથી કાપી નાખતો.

'આઈ નેવર ઍક્સપેક્ટેડ ધૅટ યુ વિલ ટેલ મી ધિસ... જિગર.. આ લોકો વિશે એક ઈરાદાપૂર્વકની ગેરસમજ ફેલાવવામાં આવે છે. એ બધા જોરદાર જુવાનો છે. તેમાંના કેટલાક તો જીનિયસ છે. દેશમાં ક્રાન્તિ લાવવાનું સ્વપ્ન સેવવું તે શું ગુનો છે ? તને પોતાને નથી ગુસ્સો ? તું જ કહેતો નથી આ ભ્રષ્ટાચાર, આ આજકાલના ઠિંગુજીઓ આપણા હાકેમો થઈને ચડી બેઠા છે તેનો પ્રતિકાર થવો જોઈએ ! આ ડિસ્પૅરિટી, આ કંગાલિયત, આ દેશનો પ્રવર્તમાન ભૂખમરો, આ પૉપ્યુલેશન એક્સપ્લોઝન, શિક્ષણ સાથેનાં ચેડાં, આ ઈન્ડસ્ટ્રિયલ અનરેસ્ટ, માલિકો દ્વારા થતું શોષણ અને યુનિયનો દ્વારા થતી કનડગત, ખેતમજૂરોની હાલત તું જોતો નથી... અને એ જ દેશમાં સરકારી તંત્રોમાં ચરી ખાનારાઓની જોહુકમી તું જ ક્યાં બરદાસ્ત કરી શકે છે ? હેલ વિથ ઈટ... મારે તને... જિગર પરોતને

આ સમાજના, આ રાજકારણના, આ અંધાધૂંધ તંત્રના, આ ધાર્મિક અને સામાજિક વાડાઓના અનર્થ વિશે પ્રવચન આપવાનું છે ? યુ નો ઇટ... યુ એક્સપીરિયન્સ ઇટ...'

'પણ તેથી શું ગોવિંદ... જે કામ ગાંધીજી ન કરી શક્યા તે કામ આપણે કરી શકવાના છીએ ?' જિગર તેનો જવાબ આપતો.

'સો વૉટ... ગાંધીજીએ પ્રયત્ન કર્યો તેવો પ્રયત્ન કરવામાં ખોટું શું છે ?'

'પણ નકસલવાદીઓ, ગાંધીવાદીઓ નથી.'

'એ બૂઝર્વા દલીલ છે. માય ડિયર... ગાંધી પણ એટલો જ ક્રાન્તિકારી આદમી હતો જેટલો માઓ અને લેનિન. સમાજની પરિસ્થિતિ બદલાય તેમ ક્રાન્તિનાં સાધનો પણ બદલાય. અહિંસા અને હિંસાની ચર્ચા કાઢીને પાછા આપણે સમય બરબાદ ન કરીએ. ગાંધીની પાસે જે લક્ષ્ય હતું તે લક્ષ્ય માટે તેમણે જે સાધન વાપર્યું તે યોગ્ય હતું, કારણ કે એ સફળ થયું. સાધનની યોગ્યતા સફળતા પછી જ નક્કી થાય છે. ગાંધી નિષ્ફળ ગયા હોત તોપણ તેમનો અંત આમ જ થયો હોત. હું તો એટલું માનું છું જિગર, જે વળતો નથી તેને કાપી નાખવો... આ પોલીસતંત્ર, આ રાજકારણ, આ કાળાબજાર, દાણચોરી... ઍન્ડ વૉટ નૉટ... તને લાગે છે એ કોઈક ધરતીકંપ વગર, વિસ્ફોટ વગર દૂર થઈ શકે ?'

'વેલ... લેટ અસ નૉટ ડિસ્કસ... આપણે બીજાં ઘણાં કામો છે.' જિગર કહેતો. આવી ચર્ચા ઘણી વખત ઉગ્ર પણ બની જતી. અને ગોવિંદ કેટલાય દિવસ સુધી ત્રસ્ત રહેતો. તેને ખુશ કરવા જિગર તેની પત્રિકાઓ તૈયાર કરી આપતો.

અશોક શેખાવત સહેજ સ્થૂળ હતો. આંખો મલાખી, ગોળ ગાલ, સહેજ આગળ પડતું પેટ, જાડા પગ અને કાળા જથ્થાબંધ વાળ. અવનવાં ઓજારો અને મશીનો સિવાય તેને કોઈ રસ ન હતો. મિકેનિકલ એન્જિનિયરિંગની સાથે ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ અને ઇલેક્ટ્રોનિક્સ... તે અને ગોવિંદ એક જ રૂમમાં સાથે રહેતા. પણ તેમના કમરામાં પેસો એટલે એમ જ લાગે કે તમે કોઈ વર્કશૉપમાં આવ્યા છો.

યુનિવર્સિટીની પાછળ, ચિતોડના હાઇ-વે પર આવેલી એક સોસાયટીમાં તેમણે એક ગરાજ ભાડે રાખ્યું હતું. ગોવિંદ આમ તો મેડિકલ હૉસ્ટેલમાં રહી શકે તેમ હતો. પણ અશોકના આગ્રહથી તેમણે અલાયદી રૂમ ભાડે રાખી હતી. પાછળથી ગોવિંદને એ નિર્ણય ગમ્યો પણ હતો, કારણ પોતાના કમરામાં રહેવામાં તેને વધારે સ્વતંત્રતા રહેતી.

ચંદન સ્વભાવે પણ ક્રિકેટર હતો. પાંચ ફૂટ અગિયાર ઈંચ ઊંચો અને અલમસ્ત ચંદન નામેચા તદ્દન ભલો આદમી હતો. તે ગુસ્સે થતો ત્યારે ગમે તેને બે વળગાડી દેતાં વિચાર કરતો નહિ, પણ તેને ભૂલી જતાં પણ વાર લાગતી નહિ. ચંદન મૂળ નિમાચનો હતો, પણ તેના પિતા ઉદેપુરમાં ઠરીઠામ થયેલા. બે ભાઈઓ અને ત્રણ બહેનોનું તેમનું

કુટુંબ શાસ્ત્રી સર્કલથી થોડે દૂર એક બંગલામાં રહેતું. તેના પિતા ઇન્કમટૅક્સ-સેલટૅક્સ પ્રૅક્ટિશનર હતા અને રાતદિવસ મહેનત કરીને તેમણે મકાન બંધાવ્યું હતું.

**

ડાક બંગલાના એ નાનકડા કમરામાં બારીની બહાર ઊગેલી કેળનાં પાંદડાં પર મંકોડા જોતાં જોતાં જિગર તેના મિત્રોને યાદ કરી રહ્યો... આવા મિત્રો.. ઓહ ગૉડ શા માટે તેણે ગોવિંદને વાર્યો નહિ ?... શા માટે ? તેણે મક્કમ રહેવા જેવું હતું. તેણે જો ના કહી હોત તો ગોવિંદ આ કામ કરવા તૈયાર ન થાત... પણ એ ના પાડી શક્યો નહિ. તેને કોઈ ક્રાન્તિ કરવી ન હતી. તે અંગ્રેજીનો... સાહિત્યનો વિદ્યાર્થી હતો. એક કર્મકાંડી બ્રાહ્મણનો દીકરો હતો. તેને કોઈ રાજકીય મહત્ત્વાકાંક્ષા ન હતી, છતાંય તે ગોવિંદને ના ન કહી શક્યો... માઇ ગોડ... ! શું મૈત્રીનો આ અર્થ હશે ? શું મૈત્રીને કારણે માણસ પોતાનું આગવું વ્યક્તિત્વ ગુમાવી નાખતો હશે ! તેને કોઈ રાજકીય મહત્ત્વાકાંક્ષા ન હતી, છતાંય તે ગોવિંદને ના ન કહી શક્યો... માઇ ગોડ... ! શું મૈત્રીનો આ અર્થ હશે ? શું મૈત્રીને કારણે માણસ પોતાનું આગવું વ્યક્તિત્વ ગુમાવી નાખતો હશે !

'જિગર, મારે તારી સાથે એક અગત્યની વાત કરવી છે.' તે દિવસે કમોસમનો વરસાદ પડ્યો હતો. ભરશિયાળામાં વરસાદ પડ્યો હતો. ઉદેપુરની આસપાસ કરા પણ પડ્યા હતા. તે દિવસે તેની હૉસ્ટેલની રૂમ પર ગોવિંદ આવ્યો હતો. તેના હાથમાં પ્લાસ્ટિક વીંટાળેલું એક પૅકેટ હતું. તે ધ્રૂજતો હતો. વરસાદથી તેનાં કપડાં ભીંજાઈ ગયાં હતાં.

'ગોવિંદ... અત્યારે... આ વરસાદમાં ક્યાં નીકળ્યો હતો ?' જિગરે તેને કમરામાં આવકારતાં કહ્યું અને વળગણી ઉપર લટકતો ટુવાલ આપ્યો. 'તું માંદો પડવાનો છું. સજનગઢ પાસે તો અડધો કલાક કરા પડ્યા....'

'માંદો પડીશ ત્યારે પડીશ. અત્યારે મારે તારું ખાસ કામ છે, એટલે તો આ વરસાદમાં આવ્યો છું.' તે બોલ્યો. તેણે પ્લાસ્ટિકનું પૅકેટ જિગરના ટેબલ પર મૂક્યું અને ટુવાલથી વાળ લૂછ્યા. જિગર ત્યાં સુધીમાં તેને માટે એક લુંગી અને શર્ટ લઈ આવ્યો. ગોવિંદે કપડાં બદલ્યાં. જિગરે ટેબલના ખાનામાંથી સિગારેટનું પૅકેટ કાઢ્યું. ગોવિંદ સિગારેટ પીનારો આદમી ન હતો, પણ એ જ્યારે સિગારેટ પીતો ત્યારે તો ચેઇન-સ્મોકરની માફક પીતો.

'તું બેસ, હું ચાનો બંદોબસ્ત કરી આવું.'

'નહિ, મારે ચા નથી પીવી.' તે બોલ્યો. તેણે ધીરેથી પ્લાસ્ટિક વીંટાળેલા પૅકેટ પરથી પાણી ખંખેર્યું. રબર બૅન્ડમાં બાંધેલું પૅકેટ છોડ્યું. ઊભો થયો અને કમરાનું બારણું બંધ કર્યું.

'આ શું લાવ્યો છું ?' જિગરે પૂછ્યું.

'એ જ તને વાત કરવાની છે.' તેણે કહ્યું અને પૅકેટમાંથી બે આલબમ કાઢ્યાં.

'શેનાં આલબમ છે, ગોવિંદ ?' જિગરે પૂછ્યું.

'તું જ જો ને !' તેણે કહ્યું. જિગરે આલબમ ખોલ્યાં. તેનાં પાનાં ફેરવતો ગયો તેમ તેમ તેના કાળજામાં ભયાનક અરેરાટી ફેલાતી ગઈ. દારિદ્રય, ભૂખમરો, પોલીસ અત્યાચાર, વેશ્યાઘરો, ભીખમંગાઓ, ખાણિયાઓ, ખેતમજૂરો, પોષણ વગરનાં બાળકો, બેઘર લોકો, લંગોટીભેર આદિવાસીઓ વગેરેના દયાજનક, ધૃણાસ્પદ, બીભત્સ અને છતાં કરુણા જન્માવે તેવાં ચિત્રો એક આલબમમાં હતાં. અને બીજા આલબમમાં કંઈ જુદી જ સૃષ્ટિના ફોટા હતા. દિલ્હીની આલીશાન હોટેલોમાં ભોજન કરતા રાજકારણીઓ, વિમાની મથકે ચમચાઓથી ઘેરાયેલા નેતાઓ, વિરોધ પક્ષના અને સરકારમાં બેઠેલા મહાનુભાવોના આલીશાન આવાસો, કૅબરે નિહાળતા, દારૂની મહેફિલમાં ચકચૂર સંસદસભ્યો, સ્નાનાગારમાં સહેલગાહ કરતા નામીચા ચહેરાઓ અને નામીચી સિને-તારિકાઓ. આ આલબમમાં ભારતનું કોઈ અનેરું દૃશ્ય હતું.

જિગર એ જોતો રહ્યો. અડધો કલાક સુધી ગોવિંદ ભંડારી સિગારેટો ફૂંકતો રહ્યો.

'વેલ....' જિગરે કહ્યું. 'ધિસ ઇઝ લાઇફ.'

'બસ, તારે આટલું જ કહેવાનું છે, જિગર ? તારું કોઈ કમિટમેન્ટ નથી, તારો કોઈ સંદર્ભ નથી આ ફોટાઓ સાથે ? શું તું શૂન્યાવકાશમાં જીવે છે ? આર વી ઑલ ડેડ... ઈમ્પોટન્ટ... હેલ્પલેસ...?'

'ઓહ ગોવિંદ, તને શું થઈ ગયું છે ? આપણે કેટલી વાર ચર્ચા કરી છે કે આ વાત આપણા બસની નથી. ઝાડનાં મૂળિયાંથી તે પાનની ટીશીઓ સુધી ઊધઈ લાગી ગઈ છે... એ ઝાડને આપણે બચાવી શકીએ તેમ નથી.....'

'ધેન.... કટ ઇટ... કાપી નાખો એ ઝાડને અને નવું વૃક્ષ વાવો...'

'ઓ. કે. મારે અત્યારે બહસ કરવી નથી. બોલ, તારે શું પર્સનલ કામ હતું ?'

'મારે દસ લાખ રૂપિયા જોઈએ છે. ધૅટ ઇઝ માઈ શૅર.... માઈ રિસ્પૉન્સિબિલિટી.' ગોવિંદે કહ્યું.

'એટલે ?'

'મારે નૅશનલ ફેડરેશનમાં દસ લાખ રૂપિયા આપવાના છે. મારે એટલા પૈસા જૂન મહિના પહેલાં એકઠા કરવાના છે. અને આજે મારે તેનો જવાબ આપવાનો છે.' તે બોલ્યો.

'દસ લાખ રૂપિયા ? અરે ! ગોવિંદ, ચિતોડની તારી પેલી પ્રાઈમરી સ્કૂલ માટે દસ હજાર રૂપિયા ભેગા ન થઈ શક્યા... ને તારે દસ લાખ રૂપિયા ભેગા કરવા છે ? એ તો હરીશ જૈને તેના બાપાને કહીને થોડાક વેપારીઓ પાસે આપણને પૈસા ન અપાવ્યા હોત તો સ્કૂલ માટે પાંચસો પણ આપણાથી એકઠા ન થાત. એની વે... હું ફાળા એકઠા કરવા માટે સમય બગાડવા માગતો નથી અને ધાર કે એવો ફાળો ભેગો થઈ શકે તોપણ દસ લાખ રૂપિયામાં આ ભયાનક સડો દૂર થવાનો નથી.'

'આઈ નો... આઈ નો... દસ લાખ રૂપિયાથી કામ નથી થવાનું... દસ કરોડથીય નથી થવાનું... પણ દસ કરોડ ભેગા કરતાં તકલીફ નથી. કરોડનાં હથિયારો હશે તો પાંચસો કરોડ ભેગા કરતાં તકલીફ નથી થવાની. ફાળો હાથ ફેલાવીને નહિ, બંદૂકને નાળચે ઉઘરાવીશું તો ના પાડવાની કોઈ હિમ્મત કરવાનો નથી.'

'ગોવિંદ, વાતો કરવાથી સમય અને શક્તિ બગડે છે. ઘેર જઈને આરામ કર. તારે આ વર્ષે છેલ્લી પરીક્ષા આપવાની છે...' જિગરે કહ્યું.

'જિગર.... તું મને મદદ નહિ કરે... તું દોસ્ત નથી શું ? દોસ્તીની કિંમત દસ લાખથી વધુ નથી ?'

'દોસ્તીની કિંમત જ ન કરી શકાય, ગોવિંદ...'

'તો તું હા કહે છે ને ?'

'શેની....?'

'આ દસ લાખ એકઠા કરવાની....'

'ઓ. કે... હા....' જિગરે કહ્યું. 'પણ એકઠા કરવાના કેવી રીતે...?'

'બૅન્ક રૉબરી... લૂંટથી...'

'વૉટ ?' જિગરે આશ્ચર્યથી પૂછ્યું. 'ગોવિંદ, તું પીને તો નથી આવ્યો ને...' કહીને જિગર હસ્યો હતો. 'ખરેખર ગોવિંદ, તું આમ ને આમ ક્યાંક ગાંડો ન થઈ જાય....' જિગરે કહ્યું ત્યારે ગોવિંદ તેના ખોળામાં મૂકેલાં આલબમ જોતો હતો.

ધ બલ્ડી પિક્ચર્સ.... ધ બલ્ડી રૉટન પિક્ચર્સ... પોલીસ પહેરા નીચે ડાક બંગલામાંના પેલા કમરામાં કેળ પર ફરતા મંકોડા જોતો તે વિચારતો હતો. ત્યાં બારણે બૂટ ખખડ્યા. તે ચમક્યો. તેણે હરીશ જૈનનું નામ લખેલો કાગળનો ડૂચો મોઢામાં નાખ્યો... બારણામાં હાંડાનો ઑર્ડરલી લાધાજી તેને માટે ખાસ મંગાવવામાં આવેલાં ગુલાબજાંબુની ભરેલી ડિશ લઈને ઊભો હતો.

**

તેના હૈયામાંથી ઉની વરાળ નીકળી. 'ઓહ ગૉડ... ટેન ઈયર્સ ! દસ વર્ષ તેણે ગુમાવ્યાં હતાં. તેણે ફરી કરવટ બદલી. ગોવિંદ ભંડારી... અશોક... હરીશ... ચંદન... ઈટ વૉઝ ઑલ ટ્રેજિક... કેવી ગમખ્વાર ઘટના ! આજે દસ વર્ષે, જેલના છેલ્લા દિવસે તેનાથી કશું જ વીસરાયું ન હતું. ફરીફરીને અજબ સ્પષ્ટતાથી એક એક વાત તેને યાદ આવતી હતી.

**

ડી.એસ.પી. હાંડાનો ઑર્ડરલી, તેને માટે ગુલાબજાંબુ લઈને આવ્યો હતો. એ અદના પોલીસ કૉન્સ્ટેબલના ચહેરા પર આશ્ચર્ય હતું. લૉકપ રૂમની પોલીસ ચોકીની ગંધાતી ખોલીને બદલે આ લૂંટારાને ડાક-બંગલામાં લવાયો હતો. અને એ ઓછું હોય તેમ મઘમઘતાં ગુલાબજાંબુ તેને અપાઈ રહ્યાં હતાં. બાકી તો પોલીસના હાથમાં ઝડપાયો હોય તેને જ ખબર પડે કે તેની કેવી મરમ્મત થાય છે. લાધાજીએ કંઈક અહોભાવથી જિગરની સામે જોયું અને ડિશ ટેબલ પર મૂકી. હુકમો પાળવા ટેવાયેલો ઑર્ડરલી ક્ષણભર ત્યાં રોકાયો. પણ જિગર તો બારીની બહાર જોતો, મોઢામાં મૂકેલી કાગળની ચબરખી ચાવતો ઊભો રહ્યો હતો. લાધાજીએ બહારથી બારણું ખાલી વાસ્યું. બારણાની બહાર આર્મ્ડ પોલીસ કૉન્સ્ટેબલો જાણે મોરચો માંડીને બેઠા હોય તેમ જ તૈનાત હતા. પોલીસના જામામાં કોઈ કચાશ ન હતી.

જિગરને સમજાતું ન હતું કે પોતે શું કરવું જોઈએ. પોલીસવાળાઓએ તેને અપરંપાર મૂંઝવણમાં મૂક્યો હતો. શું મારા મિત્રો પકડાયા હશે ? તેમને ક્યાં રખાયા હશે ? ખરેખર ગોવિંદ ઝડપાઈ ગયો હશે ? પણ જિગર કોઈને પૂછી શકે તેમ ન હતો. કોઈ પણ પ્રશ્ન પૂછવા માત્રથી તેને કમિટ થવાનો ભય લાગતો હતો... પણ આ બન્યું કેવી રીતે ? માઈ ગૉડ ! તેમણે કેટલી જહેમતથી એક ફૂલપ્રૂફ સ્કિમ બનાવી હતી... નહિ... ક્રાઈમ નેવર પેઝ.. એ વાત તદ્દન સત્ય હતી... ગોવિંદને તે સમજાવીને થાક્યો હતો... પણ દોસ્તી... દોસ્તી... એ વિચિત્ર સંબંધ છે. ભાઈ-બહેન, પતિ-પત્ની, મા-દીકરો કે બાપ-દીકરી વચ્ચેના સંબંધ કરતાં એ કોઈ વિશિષ્ટ સંબંધ હશે ! એ એક્સ્ટેન્શન હશે હોમોસેક્સ્યુઆલિટીનું કે પછી તેમાં કોઈ હિપ્નૉટિક, કોઈ કેમિકલ લૉઝ કામ કરતા હશે.....

તે દિવસે રાત્રે કરા પડતા હતા. આખું ઉદેપુર વાવાઝોડા અને કાતિલ ઠંડા પવનની ઝીંકમાં લપટાયેલું હતું ત્યારે ગોવિંદ તેની દોસ્તીના નાતે તંતુને ખણખણાવી રહ્યો હતો. ત્યારે પણ જિગરે માન્યું ન હતું કે ગોવિંદ જે બોલી રહ્યો છે તે કરવા માગે છે. તેણે ગોવિંદના ઉશ્કેરાટને શમાવવા પ્રયાસ કર્યો હતો.

'તને એમ લાગે છે કે હું મજાક કરું છું જિગર... આઈ ઍમ ડેમ્ડ બ્લડી સિરિયસ... હું જે કરવા માગું છું તે જ વાત કરવા તને આવ્યો છું.' તે બોલતો હતો. બબડતો હતો.

'તું બેસ ગોવિંદ... આ તારું છેલ્લું વર્ષ છે. મને લાગે છે કે એમ. બી. બી. એસ. થયા પછી... આઈ મીન એક વખત તું ડૉક્ટર થઈ જા. પછી તારે જે કરવું હોય તે કરજે. આલ્બર્ટ શ્વાઈત્ઝરની માફક તું ક્યાંક આદિવાસીઓની વચ્ચે જઈને સેવા કરજે. હું ત્યાં વખતોવખત આવીને પ્રૌઢશિક્ષણના વર્ગો ચલાવીશ...' જિગરે હસીને તેને કહ્યું હતું.

ગોવિંદે પોતાના ખોળામાંથી ફોટો આલબમ બાજુએ મૂક્યાં અને તે જિગરની સામે કંઈક આક્રોશથી જોઈ રહ્યો. તેનાં ગોળ સોનેરી રીમવાળાં ચશ્માં નીચે દેખાતી તેની ગોળ આંખો સળગતી હતી. તેની આંખની સફેદીમાં રાતી નસો દાવાનળની જ્વાળાઓ સમી ધબકતી હતી.

'તારી હાસ્યવૃત્તિ ગમી, પણ હું અત્યારે તારી સેન્સ ઑફ હ્યુમરને બિરદાવવા આવ્યો નથી. તને એમ લાગે છે કે હું દર્દીઓની સારવાર કરીશ તેથી દેશ તંદુરસ્ત થઈ જશે ? તને એમ લાગે છે કે મારે વર્ધા કે પવનાર જઈને કોઈ ઇસ્પિતાલ ખોલવી ? રેંટિયો કાંતવો અને પોતડી પહેરીને ઑપરેશન કરવાં કે આયુર્વેદનાં ઓસડિયાંનો પ્રચાર કરવો ? તું એમ માને છે કે મારે આ દેશના સંદર્ભવિહીન દેશસેવકોની માફક આશ્રમ ખોલવા ? તને ખબર છે, આ દેશ આશ્રમોથી છલકાયેલો છે... જિગર.. અમેરિકામાં કે વેસ્ટ જર્મનીમાં, ઈંગ્લેન્ડ કે ફ્રાંસમાં જેટલાં દારૂના પીઠાં છે તેના કરતાં આ દેશમાં આશ્રમોની સંખ્યા વધારે છે.

એ આશ્રમો પણ વેસ્ટેડ ઈન્ટરેસ્ટ છે... બુઝર્વા એસ્ટાબ્લિશમેન્ટની એક શાખા છે. આશ્રમો તે જ લોકો સ્થાપે છે જે માનસિક અને રાજકીય નપુંસકતાથી પીડાય છે. આશ્રમો લોકોને એસ્કેપ આપે છે, પલાયનવાદી બનાવે છે... હેલ વીથ ઈટ... રાજકીય પક્ષોને પણ એ માફક આવે છે... સાલા ડિસિશન્સ લેવાનું તેમના હાથમાં છે છતાં આશીર્વાદ લેવા સાધુ-સંતો અને સમાજસેવકના આશ્રમોમાં જાય છે. નશાબંધી સપ્તાહનું ઉદ્ઘાટન થયા પછી નશો કરવાના દાખલા બન્યા છે. ગઈ કાલે દાણચોરીમાં સંડોવાયેલા, બળાત્કાર માટેના એફ.આઈ.આર. ફાઈલ થયેલા લોકો મિનિસ્ટ્રીમાં બેસે છે. હેલ વિથ ઈટ... વી હેવ ગૉટ ટુ ડુ સમથિંગ... બીફોર ઈટ ઈઝ ટૂ લેટ...'

'ગોવિંદ, મને ખાતરી છે કે કોઈક દિવસ તારી જીભને કારણે તું મુસીબતમાં મુકાવાનો છું અને હું એમ કહું છું કે ગોવિંદ ભંડારીથી શું આ થવાનું છે ? જ્યાં આખું

આભ ફાટ્યું છે ત્યાં ક્યાં થીંગડાં મારીશ ?... અરે યાર, બીજી વાત જવા દે ને... દિલ્હી જવા માટે રેલવેનું રિઝર્વેશન તો લાવી આપ... ઓહ મારા દોસ્ત, કાં તો તું ખરેખર વેદિયો છું અથવા નાદાન છું. આ દેશના લોકોની જડમાં, તેમની રગમાં જે રોગ પેઠો છે તે ગાંધીથી દૂર ન થયો અને તું-'

'ડોન્ટ ટૉક નૉન્સૅન્સ... સાલા દરેક આદમીને ગાંધીનું નામ લેવાની આ દેશમાં ટેવ પડી છે. ધ પુઅર ફેલો... હી ડાઇડ એ લોન્લી મેન....કોઈએ તેની વાત અપનાવી નહિ... તું અજાણ્યો છું આ દેશના ઇતિહાસથી ? કેવા સ્ટાલ્વટ્‌ર્સ ગાંધીની સાથે હતા... પણ પછી શું ? અંગ્રેજોએ જવાનો નિર્ણય કર્યો તે સાથે જ એ સ્ટાલ્વટ્‌ર્સ બદલાયા. ગાંધીનું કામ ખતમ થઈ ગયું હતું. હવે તેનો ખપ ન હતો. ધે ઑલ ઍવોઇડેડ ધ ઓલ્ડ મૅન... અરે, ગાંધીનું જીવન જો ગોળીથી પૂરું ન થયું હોત તો તે જાતે જ પાગલ થઈને ગુજરી ગયા હોત... તેના બધા આઇડિયલ્સ... તેની વૅલ્યૂઝ... એક જ વર્ષમાં માત્ર એક જ વર્ષમાં તૂટી પડી હતી... હેલ વિથ ઇટ... ગાંધીએ અહિંસાનું શસ્ત્ર આપ્યું, કારણ તે શાણો આદમી હતો. કાંડા વગરના માણસના હાથમાં શસ્ત્ર મૂકવાનું જોખમ લેવા એ વાણિયાનું અજ્ઞાત મન ના કહેતું હશે... તેને તો પૂરો ખ્યાલ હતો કે દેશમાં માટીપગાની મોટી ઓલાદ છે. ગારાના લોકોનું સૈન્ય બની ન શકે. ઍન્ડ યૂ નો... ધ પીપલ લાઈક્ડ ઇટ... અહિંસક વિરોધ એટલે કૅપિટલ પનિશમેન્ટનું જોખમ નહિ. કોઈ ફાંસીને માંચડે લટકાવે નહિ. સરઘસ કે પત્રિકા કાઢવાથી જો સ્વરાજ મળતું હોય, અપવાસથી કામ સરતું હોય તો બંદૂક ઉઠાવવી શા માટે ? વેલ... ધ સ્ટ્રૅટેજી વર્ક્ડ... પણ સ્ટ્રૅટેજીથી જીત મેળવાય છે. યૂ કૅન સર્ટનલી વિન... બટ યૂ કાન્ટ કૉન્સૉલિડેડ વિક્ટરી... જીત હાંસલ કરવી સહેલી છે, જીરવવાનું કામ... ટકાવવાનું કામ કરવા માટે હિંસા વગર છૂટકો નથી... નહિ તો આ કોદાળ રાજ્યકર્તાઓ ગોળીઓને બદલે પત્રિકાઓ ન ફોડતા હોત... જિગર હું તને કહું છું ને... માનવીના ઇતિહાસમાં હિંસા દ્વારા જ પ્રગતિ થઈ છે. તું હિટલરનો દાખલો લે, નેપોલિયનની વાત જો... માઓને જો... તેમણે શું કર્યું અને શું નહિ તે ચર્ચા માગી લે છે. પણ તેમણે દેશને ઘડ્યો... દેશના લોકોને પારાવાર યાતનાઓ સહેતાં શીખવ્યું... અને આજે એ જ દેશો આગળ છે જે હિંસાના તાપમાંથી ચળાઈને આવ્યા છે..... ખેર.... આઈ નો.... આઈ નો.... યૂ ડૉન્ટ ઍગ્રી.....'

'કારણ તું ગૂંચવાયેલો છું ગોવિંદ, તું જે દલીલો કરે છે તે જ પરસ્પરવિરોધી છે. તેમાં તર્ક ઓછો અને સંવેગ વધારે છે...' જિગરે કહ્યું.

'તને એવું જ લાગવાનું, કારણ હજુ આપણે આપણાં કહેવાતાં મૂલ્યોની બહાર આવ્યા જ નથી. આપણી જાતનો આપણે પોતે વિરોધ કરતાં શીખ્યા નથી. ઍન્ડ ધ

બાસ્ટાડ્‌ર્ઝ... ધે નો... વી આર હોપલેસલી ઇમ્બેસાઇલ... નહિ તો અછૂતો આ દેશમાં, આ જમાનામાં હોય કેવી રીતે ? ધર્મના આટલા ચોકા શા માટે હોય ? કોમવાદ શા માટે હોય ? જ્ઞાતિઓ શા માટે હોય ?.... આ બધો પૅરેડૉક્સ છે. પણ એ જારી રહ્યો છે, જારી રાખવામાં આવ્યો છે. એ ખૂબી છે. પોલિટિક્સ સ્ટ્રૅટેજીની ખૂબી છે. સેક્યુલારિઝમનાં ભાષણો કરો પણ ટિકિટો જ્ઞાતિ ને જાતિને ધોરણે આપો. આ રાજકીય સમીકરણો છે જિગર, કાયદા એવા ઘડો કે મજૂરો ખુશ થાય... કૉર્પોરેટ ફાઈનાન્સનાં કૌભાંડો થઈ શકે... હડતાલો પડવા દો અને મૂડીવાદીઓને થાબડો, મજૂરોને માટે ચંદો એકઠો કરો... અને લડાવો અને પછી સમાધાન કરાવો... બે બિલાડી અને વાંદરાનું દૃષ્ટાંત છેક ઈસપના સમયથી ચાલ્યું આવે છે. ધર્માંધતાને ગાળો દો, અને તિરુપતિમાં ફૂલ ચડાવો. ધર્મનું ખંડન કરો અને શંકરાચાર્યના આશીર્વાદ મેળવો... ગૌવધ ચાલુ રાખો અને પવનાર શાંતિ માટે જાઓ... ક્યાં નથી વિરોધાભાસ ? અરે જિગર... મારા દોસ્ત, વિરોધાભાસથી તો આ દેશમાં સત્તાઓ ટકી રહી છે. પી.ડબલ્યુ.ડી.ના પટાવાળાને લાંચ લેતાં પકડો અને સિમેન્ટની થેલીઓ વેચો... માઈ ડિયર, લિસ્ટ એટલું લાંબું છે કે ખુદ ગણપતિ આવે તોપણ ડિક્ટેશન ન લઈ શકે...' ગોવિંદ ઉશ્કેરાટમાં ઊભો થયો. તેણે સિગારેટ સળગાવી.. દીવાલ તરફ મોં ફેરવીને ઊભો રહ્યો... 'આ બદલાવું જોઈએ... આ પલટી નાખવું જોઈએ. જિગર, તારે માટે ચા લઈને આવતાં કૅન્ટીનના છોકરાને પડી નથી કે રાજસ્થાનનો ચીફ મિનિસ્ટર કોણ છે કે ઇન્દિરા ગાંધી દેશના વડાપ્રધાન છે કે નહિ. તેને માત્ર એક જ રસ છે... બે ટાઇમ પૂરતું ખાવાનો... બે ટાઇમ પેટ ભરવાનો... તેને રાજ્ય નથી જોઈતું. તેને મર્સિડીઝમાં ફરવું નથી... અરે તારા બજોટા ગામમાં જ જો ને.... ક્યા ખેતમજૂરને જાગીરદાર થવું છે ? બે હજાર વર્ષથી આપણો આખો દેશ એક જડતામાં જીવે છે. ધ રૂલિંગ ક્લાસ... એ પછી બ્રાહ્મણો હોય કે રાજકારણીઓ હોય, ધર્મવડાઓ હોય કે પંડાઓ હોય... તેમણે એક જ ધ્યાન રાખ્યું છે. લેટ ધેમ રિમેન ઇમ્બેસાઇલ્સ... ગમે તે આવો... દિલ્હીના તખ્ત પર બેસો... પણ અમારું તો આમ જ ચાલવા દો... અરે તું વાત કરે છે... કોણે આ દેશને માટે પ્રજાને તૈયાર કરી ? આપણા મેવાડનો જ દાખલો લે ને ! એક વીર પાક્યો.... રાણા પ્રતાપ.... તે ઝઝૂમ્યો... એકલો... તે વખતે રાજપૂતોએ ધાર્યું હોત તો તેની સાથે ન જોડાત ? પણ નહિ, માંધાતાઓએ સમ્રાટના સાળા બનવાનું પસંદ કર્યું અને એક ચૌદ વર્ષના શાહજાદાએ રાણા પ્રતાપને હરાવ્યો. આ શું બની શક્ત ? પણ એ બન્યું... કારણ... આ દેશના લોકોને ગળથૂથીમાં જ ઉદાસીનતા મળેલી છે. ગાંધીએ એ હઠાવવાનો પ્રયાસ કર્યો, પણ તેમાંથી પેદા થયેલા રૌદ્રને સંહારવાનું શસ્ત્ર તેની પાસે ન હતું. માઓએ એ શસ્ત્ર અનામત રાખ્યું. રાજ્યની ધુરા હાંસલ કર્યા પછી એમ કહેવાય છે કે દેશમાંથી ચૂંટી ચૂંટીને પંદર હજાર માણસોને - નેતાઓને ઠાર

મારવામાં આવ્યા હતા... વેલ... ગાંધી એ ન કરી શક્યા.. વેલ. જવા દે આ બધી ચર્ચા પણ એક વાત મારે ગળે ઊતરી છે. જિગર, કે ઉન્મૂલન વગર નવનિર્માણ શક્ય નથી. અને નવનિર્માણ વગર આ દેશના રોગોનો નાશ થઈ શકવાનો નથી... હેલ વિથ ઇટ... આ બધી વાતો પછી આવે છે. કેટલાંક બેઝિક કામો આપણે કરવાનાં છે. મેં કહ્યું ને મારે રાજસ્થાનમાંથી કે ગમે ત્યાંથી દસ લાખ રૂપિયા કૉન્ટ્રબ્યૂશન તરીકે આપવાના છે. મેં વચન આપ્યું છે.'

'કોને વચન આપ્યું છે ગોવિંદ ?' જિગરે પૂછ્યું હતું. ગોવિંદ જેવો શક્તિશાળી વક્તા કદાચ આખા રાજસ્થાનમાં કોઈ નહિ હોય. તે ગમે તેને પોતાની દલીલો ગળે ઊતરાવે તેવાં સંવેગમય ભાષણો કરી શક્તો. જિગરને તેનો ખ્યાલ હતો. છતાં એક વ્યક્તિ તરીકે, આ દેશના એક નાગરિક તરીકે તેને ગોવિંદની વાતથી ઉશ્કેરાટ તો થતો જ હતો. પણ ગોવિંદનો તેને એક જ ભય હતો. એ આક્રોશભરેલો યુવાન હતો. સંવેદનશીલ હતો. તે ક્યાંક, કશુંક એવું પગલું ભરી બેસે તો ખરેખર તેની કેરિયર ખતમ થઈ જાય. જિગર પરોતને સમાજ બદલવાની કોઈ ખ્વાહિશ ન હતી. એટલું જ નહિ, અંગ્રેજી સાહિત્ય સિવાય તેને કોઈ રસ પણ ન હતો. બજોટા ગામની સીમમાં તે ફરતો અને નિજાનંદમાં રહેતો.

'તેં મને જવાબ ન આપ્યો, ગોવિંદ.' તેણે ફરી વખત કહ્યું. ગોવિંદ તેની સામે જોઈ રહ્યો.

'તું એને ઓળખતો નથી, જિગર...'

'નથી ઓળખતો એટલે જ તને પૂછું છું ને ! તેનું નામ તો હશે ને ! સરનામું તો મને ખબર છે.' જિગરે હસીને કહ્યું.

'એટલે ?'

'એ પણ તારા જેવો જ કોઈ હશે. અને તેવા આદમીઓનું એક જ સરનામું હોઈ શકે... મેન્ટલ એસાઇલમ... ગાંડાની ઇસ્પિતાલની બહાર ભાગ્યે જ આવી સ્વપ્નસૃષ્ટિ હોય...!'

ગોવિંદે ફરીથી નજર સ્થિર કરી. જિગર તેની સામે જોઈને હસ્યો. ગોવિંદના ચહેરા પર ગંભીરતા હતી. 'તને ખબર છે જિગર... આજે જો પોલીસને ખબર પડે કે બીરેન ભટ્ટાચાર્ય અહીં ઉદેપુરમાં હતો અને મારે ત્યાં હતો તો મને એ લોકો આ જ મિનિટે કોઈ પણ કાયદા હેઠળ પકડીને પૂર્યા વગર રહે નહિ....બીરેન વૉન્ટેડ મૅન છે.'

'અને તું આવા આદમીઓને તારા ઘરમાં રાખે છે ? અશોકને ખબર છે?' જિગરે પૂછ્યું. કારણ અશોક તેની સાથે જ રહેતો હતો.

'ખબર છે...'

'ખબર છે ? એટલે આ વાત તેં મારાથી જ છુપાવી છે ?' જિગરે દોસ્તીનો સવાલ ઉઠાવ્યો.

'તું ગેરસમજૂતી ન કર... જિગર... તને નહિ કહેવાનું બીજું કોઈ કારણ ન હતું...' ગોવિંદને લાગ્યું કે કદાચ જિગરને ખરાબ લાગ્યું હશે. 'પણ મને ખાતરી હતી કે તને એ નહિ ગમે....'

'તો અત્યારે પણ શા માટે મને કહે છે ?' જિગરે પૂછ્યું.

'કારણ મારે જિગરજાન મિત્રોની જરૂર છે. કારણ હું બીરેનની વાત સાથે સંમત થયો છું. તું જાણે છે, હું ઇમ્પિરિકલ, એક રૅશનલ આદમી છું. જે વાત મારે ગળે ઊતરે નહિ તેને હું ફગાવી દેનારો આદમી છું.' ગોવિંદે કહ્યું.

'હવે તું મને આ વાત ગળે ઉતારવા આવ્યો છું ? કઈ પાર્ટીનો આ આદમી છે ? આ તારો બીરેન ભટ્ટાચાર્ય છે કોણ ?'

'નક્સલાઇટ છે.. ઇન્ટિલેક્ચ્યુઅલ છે. એ પણ મેડિસિનનો આદમી છે. અત્યારે એમ.ડી. કરી રહ્યો છે અને વેઝ ઍન્ડ મીન્સ કમિટીનો ચૅરમૅન છે.'

'એ વળી શું છે ?'

'તું સાંભળ. આ લોકોએ ખરેખર સુંદર ઑર્ગેનાઇઝેશન ખડું કર્યું છે. તેનું કોઈ ફૉર્મલ સ્ટ્રક્ચર નથી, કોઈ બંધારણ નથી. છતાં એકવાક્યતા એક જ કાર્યક્રમમાં છે. ચેન્જ ધિસ ઑર્ડર.... પણ તેમાં મતમતાંતરો ઘણા છે. સૌ એક વાત સાથે સંમત છે કે આ સમાજનું તદન નવેસરનું નિર્માણ થવું જોઈએ. ધર્મ, રાજ્ય, ન્યાય, અર્થતંત્ર એ બધાયમાં પ્રવર્તતો એસ્ટાબ્લિશ્ડ વેસ્ટેડ ઇન્ટરેસ્ટ ખતમ થવો જોઈએ. આ સ્વપ્ન છે... આઈ નો... પણ યુટોપિયા નથી. આ કરવું શક્ય છે. પણ તેને માટે દરેકેદરેક રાજ્યમાં વચનબદ્ધ કાર્યશીલ માણસો જોઈએ. એ કામ બિહાર, બંગાળ, આંધ્ર, કેરળમાં થઈ રહ્યું છે. રાજસ્થાનમાં એ આપણે કરવાનું છે, જિગર.'

'આપણે...!'

'વેલ... મારે...' ગોવિંદે ભૂલ સુધારી. 'મારે બીરેન ભટ્ટાચાર્ય સાથે સંયોજન રાખવાનું છે. વેઝ ઍન્ડ મીન્સ કમિટીને મારે દસ લાખ રૂપિયા કૉન્ટ્રબ્યૂટ કરવાના છે.'

'એ કમિટીવાળા કોણ છે ?' જિગરે પૂછ્યું.

'એ મને ખબર નથી. મારે પૂછવાની જરૂર પણ નથી.'

'પણ એ લોકો શું કરે છે એ તો તારે પૂછવું જોઈએ ને !'

'એ લોકો મૂવમેન્ટને માટેની જરૂરિયાતો પૂરી પાડે છે.'

'મતલબ ?'

'આપણે જે પત્રિકાઓ છાપી હતી.... યાદ છે... ગયા ઈલેક્શન વખતે, સરકારી કર્મચારીઓની હડતાળ વખતે, સ્ટુડન્ટ્સ સ્ટ્રાઇક થઈ ત્યારે... એવી પત્રિકાઓ, પુસ્તકો, પ્રચાર, પ્રવાસ વગેરે માટેની વ્યવસ્થા કરે છે.'

'એટલે ફાઈનાન્સ પૂરું પાડે છે ?'

'હા...' ગોવિંદે જવાબ આપ્યો.

'કેટલા વખતથી તને આ લોકો આવી મદદ કરે છે ?'

'બે વર્ષથી...'

'પણ તું તો કહેતો હતો કે એ બધા પૈસા ફાળાથી મળ્યા હતા.'

ગોવિંદે નીચું જોઈને કહ્યું : 'વિદ્યાર્થીઓના ફાળાથી કઈ ક્રાન્તિ થઈ હતી તે મને તું કહીશ ?'

'ગોવિંદ, આ સિવાય તું મારાથી બીજું કશું છુપાવે છે ?' જિગરે પૂછ્યું. પણ ગોવિંદ કંઈ બોલ્યો નહિ. 'ગોવિંદ, તેં આ લોકો પાસેથી અત્યાર સુધીમાં કેટલા પૈસા મેળવ્યા છે ?'

'મારે માટે એક રૂપિયો નહિ જિગર...'

'હું એટલો વામણો નથી કે તને એવું પૂછું. મને ખાતરી છે કે તું કોઈનો રૂપિયો પણ લઈ શકે તેમ નથી... પણ મારે જાણવું છે, તેં અત્યાર સુધીમાં આ બીરેન ભટ્ટાચાર્ય પાસેથી કેટલા રૂપિયા લીધા છે.'

'જિગર, શા માટે તારે એ જાણવું છે ?.....'

'કારણ મને ખબર પડે કે તું કેટલા ઊંડા પાણીમાં ઊતરેલો છું.' જિગરે પૂછ્યું. પણ ગોવિંદે જવાબ ન આપ્યો.

'તું મૌન રહેવા માગે છે ગોવિંદ... આજે હવે મને સમજાય છે તું જયપુરમાં કેવી રીતે, વિદ્યાર્થી સંમેલન ભરી શક્યો. હવે મને ખ્યાલ આવે છે ચિતોડમાં ખેતમજૂર સંગઠન કેવી રીતે થયું... સરકારી કર્મચારીઓ અને સ્ટુડન્ટ સ્ટ્રાઇક વખતે મોટરોમાં પેટ્રોલ કેવી રીતે પુરાતું હતું. માઈ ગૉડ, ગોવિંદ, ટેલ મી હાઉ મચ યૂ ઓ ધેમ... તારે માથે એ લોકોનું કેટલું દેવું છે ?'

'દેવું એક પૈસાનું નહિ...'

'પણ તો પછી કહેતો કેમ નથી તને એ લોકોએ અત્યાર સુધીમાં કેટલા પૈસા આપ્યા છે.'

'મને યાદ નથી. મેં હિસાબ રાખેલો છે.'

'મારે હિસાબ નથી જોવો. ગધેડા... મારે જાણવું છે કે તું કેટલો ફસાયેલો છું. ગોવિંદ...'

'આ બધી ચર્ચા કરવા હું નથી આવ્યો, જિગર... આ વરસતા વરસાદમાં... આ વાવાઝોડામાં હું અહીં આવ્યો છું તેની અગત્ય સમજતો નથી... મેં જેન્ટલમૅન વર્ડ આપ્યો છે, જિગર કે હું બીરેનને રાજસ્થાનમાંથી દસ લાખ એકઠા કરી આપીશ...' ગોવિંદ સહેજ અકળાઈને બોલ્યો.

'તો તે તું કરી આપજે. હું આવી કોઈ પ્રવૃત્તિમાં જોડાવા માગતો નથી. અને હું તને જોડાવા દેવાનો નથી. આપણું આ કામ નથી એટલી જ વાત હું સમજું છું અને તને સમજાવવા માગું છું. તને આપણું આ વટવૃક્ષ ઊધઈથી ખવાઈ ગયેલું લાગતું હોય તો ભલે લાગે. આઈ ડોન્ટ કૅર... ઊધઈ લાગેલા ઝાડને ઉખાડવાની મહેનત કરવાની જરૂર નથી. એ એની મેળે તૂટી પડશે. અને ઝાડ તોડી પાડવાથી ઊધઈ મરવાની નથી. જે છે તે રહેવા દે... આપણે મસીહા નથી.. દસ લાખ રૂપિયા... તેં જેન્ટલમૅન વર્ડ આપ્યો ત્યારે બીરેન ભટ્ટાચાર્યના બચ્ચાએ પૂછ્યું નહિ કે તું એ પૈસા ક્યાંથી લાવવાનો છું ? એને ખબર નથી કે તને સ્કૉલરશિપ ન મળતી હોય તો તું કંપાઉન્ડર પણ થઈ શકે તેમ નથી...'

'પૈસા હું ક્યાંથી લાવીશ એ સવાલ પૂછવાની તેને જરૂર નથી જિગર...'

'તો એ તને શું સમજે છે ? લાટ સાહેબ સમજે છે ? ચંબલનો ડાકુ સમજે છે ?' જિગરે ખિજાઈને કહ્યું. ગોવિંદ, કાઉન્ટ મી આઉટ... કાઉન્ટ મી આઉટ આઈ સે... હું તને ચેતવું છું. હું આવી કોઈ પ્રવૃત્તિમાં તને પડવા દેવાનો નથી...'

ગોવિંદ ભંડારી જિગર સામે જોઈ રહ્યો. 'ઓ. કે... ઓ... કે... જિગર, તારે ગુસ્સે થવાની જરૂર નથી... વાંક મારો છે. આઈ વેન્ટ ટુ એ રૉન્ગ મૅન... વેલ.... નો ઑફેન્સ. મને એમ હતું કે હું તને મારી વાત ગળે ઉતારી શકીશ... વેલ... યૂ હૅવ યૉર વ્યૂઝ...'

'ઍન્ડ આઈ નો, ધે આર કરેક્ટ...' જિગર તાડૂક્યો.

'બસ... વાત પતી ગઈ. ઓ... કે... આઈ વિડ્રૉ... હવે ચર્ચા નહિ. એ પતી ગયું. ફરગેટ ઍબાઉટ ઈટ...' ગોવિંદ બોલ્યો. તેણે બારણા પર નાખેલાં પોતાનાં ભીનાં કપડાં ઉઠાવ્યાં... પાટલૂન પહેરવા માંડ્યું.

'ક્યાં જાય છે અત્યારે આ વરસાદમાં ?'

'હરીશને ત્યાં... હરીશ જૈનને ત્યાં.'

'અત્યારે ?' જિગરે પૂછ્યું. 'તું એને આવી વાત કરવા જવાનો છું...'

'નહિ... આ વાત હું કોઈને કરવાનો નથી.'

'તો હરીશને ત્યાં તારે શું કામ છે ?'

'તેને ત્યાં જઈને રેકર્ડ્ઝ સાંભળીશ !..... મને લાગે છે મારે આજે સૂવા માટે ટ્રાંક્વિલાઈઝર્સ લેવાં પડશે....'

ગોવિંદ થોડી વાર પછી ચાલ્યો ગયો. જિગર ક્યાંય સુધી ગોવિંદ વિશે વિચાર કરતો બેસી રહ્યો. આખરે તેણે થાકીને કમરાની લાઇટ બંધ કરી... એ રાત્રે તેને એકાએક એક વિચાર આવ્યો. તે થડકી ઊઠ્યો... 'નહિ ગોવિંદ... ગોવિંદ ભંડારી... મારે તેને બચાવવો પડશે....'

ગોવિંદ તેનો પરમ મિત્ર હતો. તેનું હૃદય ધડકવા લાગ્યું. 'ગોવિંદ મસ્ટ બી સેવ્ડ...'

**

ગોવિંદ ચાલ્યો ગયો પણ બહાર ચાલતા વાવાઝોડાને તે જિગરની નાનકડી રૂમમાં મૂકતો ગયો હતો. આજે એ વાતને, એ પ્રસંગને વીત્યે એક દાયકો ચાલ્યો ગયો હતો છતાં એ હૉસ્ટેલનો કમરો, એ દીવાલો, ચોળાયેલી ચાદરવાળો તેનો પલંગ અને ખડખડપાંચમ કબાટ, બધું જ તેને યાદ હતું. અરે ! ગોવિંદના આક્રોશને વાચા આપતો એક એક શબ્દ તેને યાદ આવતો હતો. તે દિવસે ગોવિંદ ચાલ્યો ગયો પછી તેને ખાલીપણું લાગતું હતું. એ રાત્રે ઊંઘમાં પણ તેણે દુઃસ્વપ્નો જોયાં હતાં. એ બધાયથી ઉપરવટ એક વિચાર... એક નાનકડો વિચાર તેના હૈયાને હચમચાવતો રહ્યો હતો. તેનો અંતરાત્મા ઝણઝણી ઊઠ્યો હતો. ગોવિંદને તે બચાવી લેવા ઇચ્છતો હતો, રોકવા ઇચ્છતો હતો. કારણ તે જાણતો હતો... તેનું અજ્ઞાત મન કહેતું હતું કે ગોવિંદને તે અટકાવી નહિ શકે તો પોતે પણ અટકી નહિ શકે... હી ઑલ્સો વિલ બી ડ્રોન... ડ્રોન ઇરિટ્રીઇવેબ્લી...

અને એવું જ થયું હતું... એવું જ થયું હતું. કદાચ એ વખતના ગ્રહો એવા હશે....

બિચારો ગોવિંદ ! પણ પશ્ચાત્તાપનો હવે અર્થ ન હતો. દસ વર્ષ ચાલ્યાં ગયાં હતાં. પશ્ચાત્તાપથી પવિત્ર થવાતું હશે, પણ કાયાકલ્પ થતો નથી –

**

બીજે દિવસે રજા હતી.

જિગરને મોડી રાત્રે ઊંઘ તો આવી હતી, પણ આખી રાત, જાગતાં અને ત્યાર બાદ ઊંઘમાં પણ તેણે અજબ તનાવ અનુભવ્યો હતો. સવારના ઝડપથી તૈયાર થઈને તે બહાર નીકળ્યો હતો. તે સિગારેટનો આદી ન હતો છતાં તેણે પાકીટ ખરીદ્યું હતું. મોડી રાત સુધી ચાલેલા વરસાદ અને વાવાઝોડાનાં એંધાણ ચોતરફ દેખાતાં હતાં. તે રિક્ષા કરી ગોવિંદને ઘેર પહોંચ્યો.

અશોક શેખાવત અને ગોવિંદ, ચાનો મોટો કીટલો અને બિસ્કિટનો ઢગલો લઈને બેઠા હતા. અશોક ખાવાનો શોખીન આદમી હતો. ઘણી વાર ગોવિંદ તેના પર ચિડાતો અને કહેતો, 'માણસે જીવવા માટે ખાવાનું હોય છે; ખાવા માટે જીવવાનું નથી.' ત્યારે હંમેશાં અશોક હસતો અને જવાબ આપતો, 'વધુ ખાવાથી શી હાલત થાય છે તેનું દૃષ્ટાંત લોકોને મળી રહે એટલા માટે જ હું ખાઉં છું.'

ગોવિંદ ભંડારીનો તે પડછાયો હતો. તે પોતે ખૂબ જ તેજસ્વી હતો. એન્જિનિયરિંગમાં તેનો મુકાબલો કરે તેવા બહુ થોડા વિદ્યાર્થીઓ હતા. ગોવિંદને તે પોતાનો ગુરુ સમજતો. બન્ને સાથે રહેતા. ચિતોડ જવાના હાઈવે પર, લગભગ ઉદેપુરના સીમાડે આવેલી પ્રતાપ કૉલોનીના એક બંગલાના આઉટ હાઉસમાં રહેતા. આમ તો એ મોટા ગરાજ જેવું મકાન હતું. ગરાજમાં એક ઍટિક જેવું, મેઝેનાઇન ફ્લોર જેવું મોટું માળિયું હતું. અશોક શેખાવતે, એ માળિયામાં પોતાની વર્કશૉપ જમાવી હતી. તેની એક દીવાલ પર મોનાલિસાનો ફોટો લગાવેલો રહેતો. અને બીજી દીવાલ પર જઈફ લિયોનાર્દો દ વિન્ચીની છબી લટકતી હતી. તે લિયોનાર્દોનો આશક હતો. અને એટલે જ જિગર તેને લિયો કહેતો. અશોકે જિગરનું નામ શેક્સપિયર પાડ્યું હતું. ભાઈબંધોની તેમની ટુકડીમાં સૌથી વધુ સુંદર અંગ્રેજી જિગરનું હતું.

'હાય... શેક્સપિયર.. અત્યારના પહોરમાં ક્યાંથી ?' અશોકે તેને બૂમ પાડીને આવકાર્યો.

'બસ આજે એમ જ થયું કે જાડિયાના હાથની ચા પીવી છે.'

'તો લગાવને.. આ કીટલો તૈયાર છે.' કહીને અશોક ઊઠ્યો અને જિગર માટે એક કપ અને બેસવાનો મૂડો લઈ આવ્યો. ગોવિંદ, નીચી પાટ જેવા તેના પલંગ પર બેઠો હતો, પલાંઠી વાળીને. તેણે ચાદર પર સવારની રાજસ્થાન પત્રિકા પાથરી હતી.

'હલો ગોવિંદ...' જિગરે મૂડા પર બેસતાં બેસતાં કહ્યું. ગોવિંદને તેણે બોલાવવો પડ્યો તે એને પસંદ આવ્યું નહિ.

'મને થતું હતું કે, તું આવીશ...' ગોળ કાચનાં ચશ્માં હેઠળથી તેની ગોળ આંખો પર ઢળેલાં પોપચાં ઊંચાં કરીને ગોવિંદે જિગર તરફ જોયું.

'રાત્રે તું પલળી ગયો હતો એટલે... આઈ મીન... મને તારી ચિંતા થઈ હતી...' જિગરે કહ્યું.

'અચ્છા.. સાંભળ્યું જાડિયા,' ગોવિંદે અશોક તરફ જોઈને કહ્યું, 'આ શેક્સપિયરનો બચ્ચો મને શરદી થઈ ગઈ હશે કે નહિ તેની ચિંતામાં સવારના પહોરમાં આવ્યો છે. તેને એમ હશે કે કદાચ મને ન્યુમોનિયા થઈ ગયો હશે...'

'ઇટ ઇઝ ઈનફ ગોવિંદ. તારી સાથે સંમત ન થતા આદમીને ઉતારી પાડવાની જરૂર નથી. આઈ ટેલ યૂ, આઈ વૉઝ વરિડ એબાઉટ યૂ... તને હું અત્યારે આવ્યો તે ન ગમ્યું હોય તો હું ચાલ્યો જાઉં.' જિગરે રોષથી કહ્યું.

'માઈ ગૉડ, જિગર... તું તો ખરેખર ગુસ્સે થઈ ગયો. વેલ આઈ ઍમ સૉરી... હું તો મજાક કરતો હતો... મારા કહેવાની મતલબ એટલી જ હતી કે મારી તબિયતની ચિંતા કરીને તું સવારના પહોરમાં આવે તેવું બને નહિ...'

'અલ્યા ભાઈ... આ ચા ઠંડી થઈ જાય છે: સવારના પહોરમાં આ હવાયેલાં બિસ્કિટ પણ તમારે મને ખાવા દેવાં નથી ?' અશોકે વચ્ચે પડીને કહ્યું, પણ જિગરે સાંભળ્યું નહિ.

'હરીશને ત્યાં ગયો હતો રાત્રે ?'

'હા...'

'મને તેં જે કહ્યું તે બધું તેં હરીશને કહ્યું છે ?'

'વેલ, કહેવાનો હતો. પણ એઝ યૂજ્વલ તેની સાથે તેની બે બહેનપણીઓ હતી અને એ ચિબાવલી મોડઝ સાથે મગજ વિનાની વાતો કરવા મારે રોકાવું ન હતું.'

'એ સારું થયું....'

'શું સારું થયું ?' અશોક બોલી ઊઠ્યો. 'આ સૉક્રેટિસ સાલો છે જ બાવો, બાકી આપણે તેની જગ્યાએ હોત તો રાતે ત્યાં રોકાઈ જાત. આપણને તો એ જૈનનો બચ્ચો પસંદ છે. ઉમર ખય્યામનો અવતાર છે કમબખ્ત... અલબત્ત રુબાયત સિવાયનો... બાકી બન્ને બગલમાં બાઈઓ હોય અને સામે બીઅર હોય... ખાઓ, પીઓ અને મજા કરો, સાચું કહું જિગર, ઘણી વાર આપણને તો એ આદમીની ઈર્ષા આવે છે... તું ગયે રવિવારે તેને ત્યાં આવ્યો હોત તો ખબર પડત... તેની બહેનની વર્ષગાંઠ હતી. યાર, શું ખૂબસૂરતી ફરતી હતી.... અને બાહ... બાહ... ક્યા રસમલાઈથી ! યાર, સાચું કહું, જો આપણી પાસે પૈસા હોતને તો...'

'તું ચૂપ રહીશ લિયો...' ગોવિંદે કહ્યું. 'તને કેટલી વાર કહ્યું છે કે વાનગીઓની વાત તારે મારા દેખતાં કરવી નહિ. તું તો સાલા એન્જિનિયરિંગનું ભણે છે કે રસોઈ કરતાં શીખે છે ?'

'ઓ ખદડ...' અશોક તેને કોઈ વખત ખદડ પણ કહેતો, 'ખાખરાની ખિસકોલીને સાકરના સ્વાદની શી ખબર પડે ? તને સાચું કહું છું જિગર.... ચાર્વાક ફિલૉસૉફી જેવું દર્શન કોઈનુંય નથી. ઍરિસ્ટૉટલથી માંડીને ઓઘડલાલ સુધી કોઈએ મૂળભૂત વાત સ્વીકારી નથી. ખાઓ પીઓ મોજ કરો. જિંદગી, યાર, સાવ ટૂંકી છે. આ ગોવિંદ ખદડને હું રોજ કહું છું કે તું વિચારવાનું છોડી દે અને ખાવા માંડ. રસમલાઈ અને બદામના શીરા જેટલી મજા સ્વર્ગમાં પણ નથી.'

'તારી વાત કંઈક અંશે સાચી છે અશોક, અત્યારે હું એ જ કહેવા આવ્યો છું' કહીને જિગર અટક્યો. તેણે ચા ભરેલો પ્યાલો ઉઠાવ્યો. અશોક સામે જોયું અને એકાએક પૂછ્યું, 'લિયો, તું બીરેન ભટ્ટાચાર્યને મળ્યો છું ?'

'એટલે.... આઈ મીન તું ગોવિંદના દોસ્ત....' અશોકે હાથમાં પકડેલું બિસ્કિટ ડિશમાં મૂક્યું અને ગોવિંદ તરફ જોયું.

'મેં તને કહ્યું તો હતું કે અશોક તેને ઓળખે છે. પછી તારે અશોકની ઊલટતપાસ કરવાની કોઈ જરૂર ખરી ?'

'હું તેની ઊલટતપાસ કરતો નથી, કરવા માગતો પણ નથી. મારી અને અશોકની વાતમાં તારે પડવાની જરૂર નથી. મને ઇચ્છા હશે તો હું એ બીરેનના બચ્ચાને પણ મળીશ અને મારે જે પૂછવું હશે તે પૂછીશ.'

'એ તો પોલીસો પણ ઇચ્છે છે સાલા મર્સિનરીઝ, ગટલેસ, સ્પાઇનલેસ પ્યાદાઓ.... લૉ ઍન્ડ ઑર્ડરને નામે બીરેન જેવા કેટલાયને ભટકવું પડે છે.'

'આ વાતમાં પોલીસને ગાળ દેવાની જરૂર નથી.' જિગર બોલ્યો.

'અરે ! મારે ગાળ કોને દેવી અને ન દેવી તે મારી મુનસફીની વાત છે. તું સવારના પહોરમાં અશોકને આ પૂછવા આવ્યો છું ? અશોક, આને કહી દે કે તું બીરેન ભટ્ટાચાર્યને ઓળખે છે અને તને ખબર હોય તો તેનું ઍડ્રેસ પણ આપી દે એટલે આપણા આ મિત્ર તેને મળી આવે.' ગોવિંદે કહ્યું.

'ગોવિંદ, મેં તને કહ્યું ને મારે તારી સાથે વાત નથી કરવી. આપણી ચર્ચા ગઈકાલે પૂરી થઈ...'

'ઓ... કે... ઓ... કે... અહીં બેસવા કરતાં મને ટૉઇલેટમાં જઈને બેસવાનું વધુ ફાવશે...' ગોવિંદ ગુસ્સામાં ઊભો થયો...

'એ ભાઈ, આ ચાનો પ્યાલો તો મૂકતો જા... ટૉઇલેટમાં ચા પીવાની મજા નહિ આવે.' અશોકે કહ્યું. ગોવિંદે હાથમાં પકડેલો પ્યાલો ટિપૉય પર પછાડ્યો. છાપું વાળીને તેણે બગલમાં માર્યું અને ચાલ્યો ગયો... થોડી ક્ષણો સુધી જિગર અને અશોક ચૂપચાપ બેસી રહ્યા.

એકાએક અશોક બોલ્યો, 'હું એને ઓળખું છું....'

'કોને ? બીરેનને ?' જિગરે પૂછ્યું, 'વેલ... અશોક, તારે મને કોઈ વાત ન કરવી હોય તો મારે પૂછવું નથી.'

'એવું નથી. નહિ નહિ, ડોન્ટ મિસઅન્ડરસ્ટૅન્ડ.... શેક્સપિઅર... તું તો મારો જિગર છે. વેલ, બીરેન નક્સલાઈટ છે. 'ઓ' સેલનો મેમ્બર છે. વેઝ ઍન્ડ મીન્સ તેના હાથમાં છે. પણ એનું ઍડ્રેસ મને ખબર નથી... સાચેસાચ ખબર નથી. ગોવિંદ જાણતો હોય તો તેણે મને આપ્યું નથી.'

'ઓ. કે. નેવર માઈન્ડ લિયો. તને ખબર છે, કાલે રાતે શું થયું હતું તે?'

'એ તારે ત્યાં આવ્યો હતો ને ?'

'યસ... તેણે શું કહ્યું તે તને ખબર છે ?'

'એક્ઝેક્ટલી શું કહ્યું તે હું કહી નહિ શકું, પણ અનુમાન કરી શકું છું. તેણે રાજસ્થાનમાંથી દસ લાખ રૂપિયા ભેગા કરી આપવાનું બીરેનને વચન આપ્યું છે તેની વાત કરી હશે.'

'હા..'

'વેલ... તેણે અહીં જ, આ કમરામાં બેસીને બીરેનને પ્રૉમિસ આપ્યું હતું.' અશોક જાડિયાએ તદ્દન બાળકની નિખાલસતાથી કહ્યું.

'અરે, પણ તે શું કરવા માગે છે તે તને ખબર છે ?'

'કોણ, ગોવિંદ કે ભટ્ટાચાર્ય ?'

'બંને...'

'વેલ.. ગોવિંદની ખબર નથી. પણ ભટ્ટાચાર્ય શું કરવા માગે છે તે ખબર છે. કારણ બે દિવસ પહેલાં આખી રાત એ બંનેએ ચર્ચાઓ કરી હતી... એ ભટ્ટાચાર્યનો બચ્ચો રાત્રે દસ વાગ્યે આવ્યો ને જાણે દુકાળમાંથી આવ્યો હોય તેમ ઘરમાં હતું એટલું ચપાટી ગયો. સાલો છે પાતળો, પણ તેનું પેટ હાથી જેવું છે.'

'અશોક... અત્યારે હું તારા કે બીરેનના પેટની ચર્ચા કરવા આવ્યો નથી. ગોવિંદ ટૉઇલેટમાંથી બહાર આવે તે પહેલાં મારે તને થોડી તાકીદની વાત કરવાની છે. અશોક,

તું ગોવિંદ સાથે રહે છે. વર્ષોથી તમે દોસ્તો છો. હું ગોવિંદને ચાહું છું... આઈ સિમ્પલી લવ ધૅટ બાસ્ટાર્ડ.... અશોક, હી મસ્ટ બી ચેક્ડ...'

'ફ્રૉમ વૉટ ?'

'ફ્રૉમ ડિઝાસ્ટર... ફ્રૉમ ધ ક્રાઈસિસ... એ પોતાની જાતને રૅશનલ સમજે છે. પણ એ રૅશનલ આદમી નથી. તેની રગેરગમાં સંવેગ છે. તેના એક એક રક્તકણમાં આક્રોશ છે. એ સ્વપ્નશીલ આદમી છે. સ્વપ્નશીલ આદમી સ્વપ્નાં જોઈ શકે છે પણ સ્વપ્ન સાકાર કરવાં એ વાત નોખી છે. એ કવિ બની શકે, પણ ક્રાન્તિકારી નહિ.'

'ગોવિંદ પણ એ વાત સ્વીકારે છે. એ પણ આમ જ કહે છે. એ જ તો કહેતો હતો કે જિગર આમાં સામેલ થવો જોઈએ. તેને ઠંડા કલેજાના આદમીઓ જોઈએ છે.' અશોકે કહ્યું.

'સામેલ થવો જોઈએ એટલે ?' જિગરે પૂછ્યું. 'શેમાં સામેલ થવો જોઈએ?'

'બીરેનની પ્રપોઝલમાં... બીરેન પણ એ જ કહેતો હતો.' અશોકે કહ્યું.

'કઈ પ્રપોઝલમાં ?'

'ઍક્શન સ્ક્વૉડમાં...'

'પણ બીરેન મને ક્યાં ઓળખે છે ?'

'ગોવિંદે તારી પૂરી ઓળખ બીરેનને આપી છે. એણે તને જોયો પણ છે. તેણે તરત જ કહ્યું કે જિગર વિલ બી મોસ્ટ સ્યૂટેબલ... એ રાઈટ ચોઈસ... ફૉર હિઝ ઍક્શન ગ્રૂપ...'

'અશોક, મને સમજાતું નથી તું શી વાત કરે છે...'

'વેલ, ગોવિંદ અને બીરેન છેલ્લા કેટલાય સમયથી પ્લાનિંગ કરી રહ્યા છે... તને એ બધું ગોવિંદ સમજાવી શકશે. હું તો માત્ર એટલું જ જાણું છું કે એક મોટું કૉર્પ્સ અને નિશ્ચિત ઑર્ગેનાઇઝેશન બનાવવાનું કામ ચાલુ થયું છે. બિહાર, બંગાળ અને આંધ્રમાં એ કામ થઈ રહ્યું છે. વેસ્ટર્ન ઇન્ડિયામાં એ કામ ચાલુ કરવાનું છે. રાજસ્થાનમાં જયપુર, જોધપુર, ઉદેપુર અને સવઈમાધોપુરમાં ઍક્ટિવ સેલ્સ ઊભા કરવાનું કામ ગોવિંદે કરવાનું છે. ફેડરેશન માટે દસ લાખ રૂપિયા એકઠા કરવાના છે.'

'આમાં મને સામેલ કરવાનો હતો તો પછી બીરેનનો બચ્ચો મને મળવા કેમ ન આવ્યો ?'

'એ પાર્ટી લાઇનની વિરુદ્ધ છે. દરેક વિસ્તારમાં એક જ આદમી સાથે કૉમ્યુનિકેટ કરવાનો સિદ્ધાંત ફેડરલ સમિતિએ સ્વીકાર્યો છે.' અશોકે કહ્યું.

'માઈ ફૂટ.... હુ ધ હેલ ધે મીન ! ફેડરલ સમિતિ એટલે કોણે નીમી આ સમિતિ ? હું આર ધે ? અને તો પછી એ બીરેનના બચ્ચાએ તારી સાથે વાત શા માટે કરી ?' જિગરે પૂછ્યું.

'તો કોણ એનો બાપ તેને ઉદેપુરમાં રાખવાનો હતો ? મારા ઘરમાં રહેવું હોય તો મારી તો ઓળખાણ તેણે કરવી જ પડે ને !'

'વેલ... ગોવિંદ કેટલા વખતથી આ બીરેનના બચ્ચાને ઓળખે છે ?' જિગરે પૂછ્યું.

'લગભગ બે-અઢી વર્ષથી. જયપુરમાં જયપ્રકાશજીએ બોલાવેલી મીટિંગમાં એ બંને ભેગા થયા હતા. બંને મેડિસિનના વિદ્યાર્થી હતા એટલે સ્વાભાવિક જ પિછાન થઈ હતી. પછી તો દોસ્તી થઈ હતી. પત્રો આવવા શરૂ થયા હતા. ક્યારેક લીફલેટ્સની થપ્પી આવતી અને અહીં ઉદેપુરમાં સ્ટુડન્ટ્સ સ્ટ્રાઇક થઈ, મ્યુનિસિપલ બરોમાં અને ખાણ કામદારોમાં ડખો ઊભો થયો ત્યારે બીરેન પૈસા લઈને આવ્યો હતો... કેમ, પેલી પત્રિકાઓ તું છપાવી નહોતો લાવ્યો ?'

'પણ ગોવિંદ તો કહેતો હતો કે તેનાં બિલો ફાળામાંથી આપ્યાં હતાં.'

'શું ધૂળ ? સાલા ફંડફાળાથી કંઈ ક્રાન્તિ થવાની હતી ? યૂ રિક્વાયર ફંડ્ઝ... ફંડ્ઝ ટુ બર્ન.... માઈ ડિયર, આ કંઈ શેક્સપિયર સોસાયટીનું નાટક કરવાનું નથી કે માગી-તાગીને પૈસા લઈ આવો. અને આ નાનીસૂની વાત નથી. દેશનાં રાજ્યતંત્ર માટે પર્યાય શોધવાની વાત છે. અને ગોવિંદ અને બીરેન કહે છે કે એ પર્યાય નક્સલબારીમાંથી ઊઠેલા જોદ્ધાઓ છે.'

'જે લોકો પોતે એકમત નથી, જેમની પાસે કોઈ ચોક્કસ કાર્યક્રમ નથી, તે લોકો દેશનું ભાવિ ઘડી શકવાના છે અશોક !..... આઈ ટેલ યૂ ઈટ ઈઝ ફ્યુટાઈલ... ઈટ ઈઝ લાઈક ગ્રોપિંગ ઈન ધ ડાર્કનેસ... એ કહેવા જ હું અત્યારે આવ્યો છું. નો મોર બીરેન્સ ઑર નક્સલાઈટ્સ ઈન ધિસ હાઉસ... અશોક, એ બીરેનનો બચ્ચો ફરી વાર અહીં આવે તો તેને કાઢી મૂકજે અને ન જાય તો પોલીસને ફોન કરજે... સમજ્યો ?'

'જિગર, તું આવું બોલે છે ? વેલ, મને એમ હતું કે બીરેન જેવા આદમીને તું બિરદાવી લઈશ, પણ તેને બદલે જિગર પરોત જેવો આદમી એક 'સીસી'ની માફક વાત કરે.. આર યૂ સ્કેર્ડ... આર યૂ ફ્રાઈટન્ડ !'

'એટલે... લિયો તું પણ આ પાગલોની જમાતમાં ભળેલો છું ?'

'ભળ્યો ન હતો, પણ હવે ભળ્યો છું. આપણને તો યાર ટાર્જેટ જોઈએ. ખાલી બકવાસ કરવો, પોલિટિકલ રિગમરોલમાં આપણને રસ નથી. બુદ્ધિ કસાય તેવું કામ કરવાનું આપણને ગમે છે.' અશોકે જવાબ આપ્યો.

'એટલે ? ટાર્જેટ એટલે ? કયું ટાર્જેટ...'

'આ દસ લાખ રૂપિયા એકઠા કરવાનું....'

'એટલે તું પણ તેમાં સંમત છું ?' જિગરે પ્રશ્ન કર્યો.

'વ્હાય નૉટ ? ડોન્ચ્યુ થિંક ઈટ ઈઝ ફેસિનેટિંગ ?... આપણી પાસે આઠ આના પણ ન હોય અને આપણે આઠ જ મહિનામાં દસ લાખ રૂપિયા આપવાનું વચન આપીએ તે મજાની વાત નથી ?... ઈઝ ઈટ નૉટ એ ચૅલેન્જ ?....'

'આને તું ચૅલેન્જ ગણે છે... તેં બુદ્ધિનું દેવાળું કાઢ્યું છે, અશોક....'

'આને હું ચૅલેન્જ કરતાં પણ કંઈક વધુ સમજું છું. એ ફરજ છે. આપણી ભીતરનું સાતત્ય છે. તું જ કહે, આ ભ્રષ્ટ સમાજને, આ રુશવતખોર રાજકારણને, આ સો-કૉલ્ડ ડેમોક્રસીને.... ઘેટાંનાં ટોળાં જેવા આ દેશના અબુધ મતદારોને, પોલીસ દમનને, દાણચોરોને, સત્તાપટુ અને લોલુપ નેતાઓ અને કાળાબજારિયાઓને તું ધિક્કારતો નથી ? તું જ કહેતો ન હતો કે આ દેશમાં ઈમ્પોટન્સીનો વાવર ફેલાયેલો છે ? જયપ્રકાશજીએ જ્યારે કહ્યું કે સૈન્યે પણ વિરોધ કરવાની મનઃસ્થિતિ કેળવવી જોઈએ, ત્યારે તેં જ નહોતું કહ્યું કે વી ડિઝર્વ ટુ બી રૂલ્ડ બાય એ ડિક્ટેટર ?.... સ્વઅસ્તિત્વ માટે દેશભરમાં બંદૂકો ખભે ભરાવીને ફરતા ઈઝરાયલીઓને તું બિરદાવતો ન હતો ? માઓએ કરેલા ઉન્મૂલનને તું આવકારતો નથી ? ચે ગુએરાનો તું આશક ન હતો ? ટોટલ રેવોલ્યૂશન અને અન્ટુ ધ લાસ્ટ વિશે જયપુરમાં તેં ભાષણ આપ્યું ન હતું ? બૅલેટથી પ્રશ્નો હલ કરવાનો પ્રયોગ જો નિષ્ફળ નીવડ્યો હોય તો બુલેટને અજમાવી જોવી જોઈએ. પવિત્ર થવું હોય તો અગ્નિના તાપને સહેવો પડે... વરસાદ પહેલાં ઘામ સહેવો જોઈએ અને વાવણી પહેલાં ખેતરમાં ઊગેલું ઘાસ સાફ કરવું જોઈએ તેવું તું બોલ્યો નથી ?'

'તેથી શું અશોક... બોલવાનો મારો અધિકાર છે.' જિગરે કહ્યું.

'તારે કેવળ અધિકાર જ જોઈએ. તેને આનુષંગિક કોઈ ફરજ નહિ. બોલો તેવું ચાલો એ સૂત્ર ખોટું ? તું જ કહેતો ન હતો કે આર્મચેર મૉનોલૉગ બંધ થવા જોઈએ... વી મસ્ટ ગેટ અપ... ગેટ અપ ઍન્ડ ડુ ઈન્સ્ટેડ ઑફ પોલેમિક્સ... બીરેન એ કરી રહ્યો છે. ગોવિંદ એ કરવા માગે છે. આઈ બિલીવ ઈન ધેમ.... સો આઈ હેવ જૉઈન્ડ ધેમ....'

'તારું બ્રેઈન વૉશ થઈ ગયું છે... લિયો' જિગરે નિઃશ્વાસ નાખ્યો. 'તમે લોકો ધીમે ધીમે ક્રિમિનાલિટીને તાબે થતા લાગો છો.' જિગરે કહ્યું.

'મારે ચર્ચા નથી કરવી. ભગતસિંહને તું ક્રિમિનલ ગણે છે ? સુભાષચંદ્રને તું ગુનેગાર ગણે છે ? જયપ્રકાશજીને તું દેશદ્રોહી ગણે છે ?' અશોકે પૂછ્યું.

'તારો તર્ક બેઝિક પ્રિમાઈસ સાથે સુસંગત નથી. ગોવિંદ કે બીરેન જે માનતા હોય તે માટે બીજા રસ્તાની ખોજ કરવી રહી. આઝાદી ભગતસિંહ કે સુભાષચંદ્રના કાર્યક્રમથી નહિ, ગાંધીના કાર્યક્રમથી મળી છે. સમજ્યો ? સાધ્ય અને સાધન બંનેની સાર્થકતા ત્યારે જ થાય જ્યારે તેમાં માનવ મૂલ્યો હોય.'

'ડૉન્ટ ટૉક રબિશ... જિગર, માણસો સામે લડવાનું નથી. આપણે કાચંડા જેવા જાડી ચામડીના નિષ્ઠુર રાજકારણીઓ, સંગ્રહખોરો, કાળાબજારિયા, શોષણખોરો સામે લડવાનું છે. હિટલરની સામે શસ્ત્રો ઉઠાવવાની હાકલ, અહિંસાથી ધબકતા ખુદ ગાંધીએ કરી ન હતી ? ઝાડને ઉખાડવા કોદાળી અને કુહાડી જોઈએ, દાંત ખોતરવાની સળીઓ નહિ. આપણે ક્યા દુશ્મન સામે લડવાનું છે તેનો ખ્યાલ રાખીને શસ્ત્ર પસંદ કરવું રહ્યું... સાધ્યના અનુલક્ષમાં સાધન હોય, સાધનના અનુલક્ષમાં સાધ્ય નહિ.' અશોક બોલતો હતો.... જિગર અસ્વસ્થતાથી સાંભળતો હતો, ત્યારે ગોવિંદ તેમની પાછળ આવીને ઊભો હતો.

**

'બ્રેવો... બ્રેવો... લિયો,' ગોવિંદ બોલી ઊઠ્યો ત્યારે જ જિગરને ખ્યાલ આવ્યો કે ગોવિંદ તેમની પાછળ આવીને ઊભો હતો. એટલું જ નહિ પણ તેણે અશોક અને જિગર વચ્ચેના છેલ્લા સંવાદો સાંભળ્યા હતા. 'વેલ સ્પોકન, અશોક...' તે ફરી બોલ્યો. 'તું સાચો છું, હન્ડ્રેડ પરસેન્ટ સાચો છું... સાધ્યના અનુલક્ષમાં સાધન હોય, સાધનના સંદર્ભમાં સાધ્ય નહિ. માઈ ગૉડ ! વૉટ એ ટેરિબલ ટ્રુથ....'

જિગર ગુસ્સાથી અવળો ફર્યો. તેણે ગોવિંદ સામે જોયું, 'આને તું ટ્રુથ કહે છે ? આ યૂફિમિઝમ છે, નિરર્થક શબ્દોનો વ્યભિચાર છે. મને ખબર ન હતી કે આ જડ હથોડાને તેં આટલો છંદે ચડાવ્યો છે.' જિગર ખિજાતો ત્યારે અશોકને હથોડો પણ કહેતો. 'આ અશોકના બચ્ચાને તેં જાતભાતનાં અર્થહીન સૂત્રો મોઢે કરાવ્યાં છે... વેલ, એ તમારી મરજીની વાત છે. તમારે બન્નેએ જે કરવું હોય તે કરી શકો છો પણ હું, તમને ચેતવું છું, બીરેન ભટ્ટાચાર્ય કે એ જે હોય તે... એ નક્સલવાદીઓ ગમે તે વિચારતા હોય કે મનસૂબા ઘડતા હોય, તેમની સ્થિતિ ક્ષણિક પાંખો ફૂટેલા ચોમાસી જીવડાંઓ જેવી છે. આગ સામે પ્રતિકાર કરવાની તેમની કોઈ શક્તિ નથી... દીવા સામે ઝઝૂમીને ચોવીસ કલાકમાં તો એ મૃત્યુ પામે છે...'

'જિગર,' ગોવિંદ તેની પાસે આવ્યો, 'ગઈ રાત્રે આપણે આ ચર્ચા થઈ ચૂકી છે. અને તેં કહ્યું હતું તેમ, આઈ હૅવ કાઉન્ટેડ યૂ આઉટ... આખી વાત ત્યાં પૂરી થાય છે. તને મેં પડતો મૂક્યો છે.'

'મારી બુદ્ધિ ઠેકાણે છે, એટલે તું મને પડતો મૂકે કે નહિ એ પ્રશ્ન જ નથી રહેતો. હું તો તને વારવા આવ્યો હતો. મારે તને આવા વિચારો કરતો પણ અટકાવવો હતો.' જિગરે કહ્યું.

'મેં બીરેનને વચન આપ્યું છે, જિગર, કે હું તેને માટે, તે ઈચ્છે છે તેવા કૉર્પસ માટે દસ લાખ રૂપિયા એકઠા કરી આપીશ. એટલે હું એ વચન પાળીશ. તેમાં મને કોઈ ડગાવી શકવાનો નથી. મને એમ હતું કે તું મદદરૂપ થઈશ. મારા અંગત મિત્ર તરીકે જ નહિ પણ સરખી વિચારસરણી ધરાવતા એક પ્રામાણિક માણસ તરીકે તું આ વાતને વધાવી લઈશ.' ગોવિંદ બોલ્યો.

'એટલે ?' જિગર તાડૂક્યો. 'એટલે તું શું કહેવા માગે છે ?'

'હું એ જ કહેવા માગું છું કે રેવોલ્યૂશનની વાતો કરવાથી ક્રાન્તિ આવતી નથી. ઈફ યૂ બિલીવ ઈન ઈટ યૂ મસ્ટ ઍક્ટ... જ્યારે કાર્ય કરવાનું આવે છે ત્યારે બોલનારાઓ હઠી જાય છે. આ અપ્રામાણિકતા છે, જિગર. જો તમે માનતા હો કે દેશમાં અંધાધૂધ પરિસ્થિતિ વ્યાપેલી છે અને તેની આર્થિક અને રાજકીય કાયાપલટ કરી નાખવી જોઈએ, તો તે માટે ભાષણો કરવાથી કશું વળવાનું નથી.'

'ડૉન્ટ ટૉક નૉન્સેન્સ, ગોવિંદ. મને ભાષણો કરવામાં રસ નથી જ. તે સાથે સાથે હું માનું છું કે ક્રાન્તિ કરવા માટે આપણે લોકો યોગ્ય નથી.....'

'હું એમ માનતો નથી.' ગોવિંદ બોલ્યો. 'મારી પાસે જરૂરી પૈસા અને સાધનો આવે તો હું જરૂર આ સડિયલ સમાજમાંથી સડો દૂર કરી શકીશ.'

'ઓ. કે. ગોવિંદ... તારે મને અપ્રામાણિક કહેવો હોય કે ડરપોક ગણવો હોય તો તેમ કહી શકે છે. એક મિત્ર તરીકે મારી ફરજ તને અટકાવવાની છે. પણ હું જાણું છું કે તું તદ્દન હઠીલો અને જડ માણસ છું. તારી સાન ત્યારે જ ઠેકાણે આવે છે જ્યારે તું જાતે જ જીદનાં પરિણામો સહન કરે છે. ઓ.કે. હેન્સફોર્થ આઈ વોન્ટ ઈન્ટરફિયર... આઈ વોન્ટ પોક માઈ નોઝ.. વેલ ગો અહેડ... તમને ફાવે તે કરો.. અને જ્યારે દસ લાખ ભેગા થાય ત્યારે કમ-સે-કમ મને કહેવરાવજો... મૈત્રીનાં દાવે હું હાર પહેરાવવા આવીશ.' કહીને જિગરે ઝાંપા તરફ ડગલાં ભર્યાં. થોડે દૂર જઈને તે અટક્યો અને પાછો આવ્યો. 'ગોવિંદ.. આઈ એમ સૉરી... પણ એક વાત પૂછું... તારા બીરેન ભટ્ટાચાર્યે પોતે કેટલા રૂપિયા એકઠા કર્યા છે ? આઈ મીન વૉટ ઈઝ હિઝ કૉન્ટ્રબ્યૂશન ?' જિગરે પૂછ્યું. ગોવિંદ એક ક્ષણ જિગર સામે જોઈ રહ્યો.

'એ મને ખબર નથી. મારે પૂછવાની પણ જરૂર નથી. અને જિગર, એક વાત હું તને કહી દઉં.. બીરેન મને ઉશ્કેરે અને હું ઉશ્કેરાઉં તેવું નથી. જે વાત સાથે હું સંમત

નથી થતો તે વાતમાં હું સહેજ પણ રસ લેતો નથી. બીરેનના કહેવાથી હું કશું કરતો નથી. મને અંતરથી લાગે છે કે મારે કંઈ કરવું જોઈએ. અને એટલે જ હું કંઈક કરવા માગું છું...' ગોવિંદે જવાબ આપ્યો અને જિગર ત્યાંથી ચાલ્યો ગયો.....

આ ચર્ચાને લગભગ ત્રણ અઠવાડિયાં વીત્યાં હશે. તે પછી પણ ગોવિંદ સાથે જિગરની લગભગ રોજ મુલાકાત તો થતી જ હતી. પણ ક્યારેય ફરી વખત એ મિત્રો વચ્ચે દસ લાખ રૂપિયા કે બીરેન, કે દેશની પરિસ્થિતિ વિશે કોઈ ચર્ચા થઈ ન હતી. પણ જિગર જોઈ શકતો હતો કે ગોવિંદે તંત છોડ્યો ન હતો. તેમની ચર્ચા થયા પછી એક જ અઠવાડિયા બાદ ઉદેપુરનાં વિવિધ જોવા લાયક અને ઐતિહાસિક સ્થળોએ અવનવીન ફોટાઓ ચોંટાડવાની પ્રવૃત્તિ શરૂ થઈ હતી. એ ફોટાઓ 'આ અમારો દેશ...' એવા શીર્ષકવાળાં પાટિયાં પર ચોડવામાં આવતા. આ ફોટાઓ પરથી લેવામાં આવેલી તસ્વીરો રાજસ્થાનનાં લગભગ બધાં જ દૈનિકોમાં છપાતી. એક જ અઠવાડિયામાં રાજસ્થાન ટૂરિસ્ટ ડિપાર્ટમેન્ટમાં આ ફોટાઓએ હાહાકાર સર્જ્યો હતો. નાગા, ભૂખ્યા આદમીઓ, બિસ્માર ઝૂંપડાંઓ, ઊબકા આવે તેવી દરિદ્રતાની તસ્વીરો, પોષણને અભાવે પીડાતાં બાળકો, શોષિત સમાજની સામે માતબર ધનિકોનો એક સામાજિક વિરોધાભાસ દર્શાવતા ભયાનક ફોટાઓ રોજેરોજ પ્રવાસીઓ જ્યાં ઊમટતા એ બધી જગ્યાઓ પર વારાફરતી લગાવવામાં આવતા. જિગરને એ ખ્યાલ આવ્યો હતો કે ગોવિંદે જે આલબમો તેને બતાવ્યાં હતાં તે જ આલબમમાંથી આ ફોટાઓ જુદા કરીને, તેની ફૂલ સાઈઝની કૉપીઓ ઠેર ઠેર લગાડવામાં આવતી. આખા ઉદેપુરમાં એ ફોટા અને તેની નીચે લખાતું લખાણ વાંચવા ટોળાં ભેગાં થતાં. દરરોજ ફોટાઓની જગ્યાઓ બદલાતી. એક અઠવાડિયામાં તો આ વાત ચકડોળે ચડી હતી અને એ ફોટાઓ અંગે પોલીસ તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો. એ સાથે જ ઉદેપુરને બદલે આ ફોટાઓનું પ્રદર્શન ચિતોડમાં શરૂ થયું હતું... રોજેરોજ છાપાંઓમાં એ સમાચાર આવતા. અને તેની સાથે સાથે ધીમે ધીમે આખાય રાજસ્થાનમાં ચોમાસાની શરૂઆતમાં થતા ઘામ જેવો ઉકળાટ ફેલાતો હતો... એ આખીય પ્રવૃત્તિની પ્રશંસા જિગર મનમાં ને મનમાં કરતો હતો. એ ફોટાઓએ એક નવી જ મૂવમેન્ટને આકાર આપ્યો હતો. 'આપણા દેશની હાલત... આપણા દેશમાં ચાલતી અંધાધૂંધ પરિસ્થિતિ.. આપણે ઓળખીએ આપણા દેશના સૂત્રધારોને...' વગેરે મોટાં મથાળાં હેઠળની કમકમાટીભરી 'ન્યૂઝ સ્ટોરીઝ' પણ એ ફોટાઓ હેઠળ લખાતી અને ઠેર ઠેર ચોંટાડવામાં આવતી....

સી.આઈ.ડી. દ્વારા આ ફોટા કોણ લગાવે છે તેની તલાશ શરૂ થઈ હતી. પણ જ્યાં તલાશ શરૂ થતી ત્યાં એ બંધ થતું અને બીજે ક્યાંક એ કાર્ય શરૂ થતું. ઉદેપુર, જયપુર, ચિતોડ, જોધપુર, બિકાનેર, જેસલમેર વગેરે જગ્યાએ વારાફરતી આ ફોટાઓ દેખા દેતા.... જુવાનિયાઓને પણ આ પ્રવૃત્તિમાં રસ પડ્યો હતો. કેટલીક જગ્યાએ આ પ્રવૃત્તિ

સ્વયંભૂ શરૂ થઈ હતી. જિગરને આ નવતર પ્રયોગનાં પરિણામો જોઈને અપરંપાર આનંદ થતો. તે તો જાણતો હતો કે આ કામ કોણ કરી રહ્યું છે....

'ગોવિંદ... વિથ ઑલ સેઇડ ઍન્ડ ડન.... મારે તને એક કૉમ્પ્લીમન્ટ્સ આપવાનાં છે.' એક દિવસ તેણે ગોવિંદને કહ્યું હતું.

'શેના ધન્યવાદ ?' ગોવિંદે તેની ગોળ આંખો ચશ્માંની ભીતરમાં ફેરવીને પૂછ્યું હતું.

'આ ફોટો-મૂવમેન્ટ...' જિગરે કહ્યું અને તે હસ્યો.

'વેલ... એ કામ હરીશનું છે...' તે બોલ્યો.

'હરીશ !' જિગરે આશ્ચર્યથી પૂછ્યું. તેને એક વાતની ખબર હતી કે હરીશ ફોટોગ્રાફીનો નિષ્ણાત હતો. 'યૂ મીન હરીશ જૈન ?.....'

'હા... આ આખો આઈડિયા જ હરીશનો હતો. હરીશ બધી જ બાબતો 'બિગ બૅન્ગ'થી કરવામાં માને છે. અને હું તે સાથે સંમત છું. લોકોએ જાણવું જોઈએ કે કંઈક બની રહ્યું છે... મેં તને જે આલબમ બતાવ્યું હતું તેની જ તસ્વીરોની એન્લાર્જ કૉપીઓ હરીશ બનાવે છે. સેંકડો કૉપીઓ તેણે કાઢી છે. વી કાન્ટ પ્રિન્ટ ધેમ... વેલ, એ ફોટા લગાડવા હું અને અશોક જઈએ છીએ. ઉદેપુરની બહારનું કામ અશોક અને ચંદન કરે છે.' કહીને તે હસ્યો.

'ચંદન...!' જિગરે સહેજ આશ્ચર્ય ઠાલવ્યું. 'ગોવિંદ... વેલ....' જિગર કશુંક કહેવા ગયો પણ તેનાથી બોલી ન શકાયું.

'તેં પૂછ્યું નહિ જિગર, કે આ ફોટાઓની આટલી મોટી સંખ્યામાં આવડી મોટી સાઈઝની કોપીઓ કાઢવાનો ખર્ચ કોણ આપે છે ?' ગોવિંદે ખંધાઈથી પૂછ્યું.

'વેલ... હરીશ... વેલ આટલો ખર્ચ હરીશ તો ન જ કરી શકે...'

'ધેર... યૂ આર...' ગોવિંદે કહ્યું. 'તો આ ખર્ચ કોણ આપતું હશે ?' ગોવિંદ જિગરને મૂંઝવણમાં મૂકી રહ્યો હતો. જિગરને ખ્યાલ આવતો હતો કે ગોવિંદ તેના મોઢે શું બોલાવવા માગે છે. 'એ ખર્ચ આપણી રાજસ્થાન સરકારનું માહિતી ખાતું નથી આપતું, કોઈ રાજકીય પક્ષ નથી આપતો, રાજસ્થાન સદ્ભાવ સમિતિમાંથી એ પૈસા નથી મળતા... દલિત કે શોષિત વર્ગની સંસ્થા નથી આપતી...'

'બસ... આઈ નો... આઈ નો... ગોવિંદ, એ ખર્ચ તને બીરેન ભટ્ટાચાર્ય પહોંચાડે છે...' જિગરે કહ્યું.

'અને બીરેન એ પૈસા પોતાના ખેતરમાં ઉગાડે છે ?' ગોવિંદે પૂછ્યું. જિગર પાસે તેની કોઈ ઉત્તર ન હતો... કોઈ વિકલ્પ પણ ન હતો.

**

પંદર દિવસમાં આખા રાજસ્થાનમાં એ ફોટા ચોંટ્યા હતા. પછી તો ગોવિંદે કશું કરવાનું રહ્યું ન હતું. ક્રાન્તિ જો સ્વયંભૂ ન હોય તો તે ક્રાન્તિ નથી રહેતી, હલ્લો બની જાય છે. એ ફોટાઓ અને તેની નીચેનું હૃદયદ્રાવક લખાણ કેટલાંય જવાનિયાઓને સ્પર્શી ગયું હતું. એટલું જ નહિ, એ ફોટાઓએ એક અવાજ ઊભો કર્યો હતો, એક આહ્‌વાન પેદા કર્યું હતું. આપોઆપ જ કૉલેજોના વિદ્યાર્થીઓએ આ કાર્ય ઉપાડી લીધું હતું. જેની પાસે આવા ફોટા હતા તેમણે પોતાની રીતે તેનું પ્રદર્શન યોજવાનું શરૂ કર્યું હતું. ઠેર ઠેર આ પ્રવૃત્તિએ લગભગ સ્પર્ધાનું સ્વરૂપ પકડ્યું હતું. આપોઆપ કૉલેજનાં મહામંડળોએ આ વાતની અગત્ય પકડી હતી. અને એક નવી જ હવા પેદા થઈ હતી. છાપાંઓમાં તેના સમાચાર આવતા થયા હતા. સરકાર અને વિરોધ પક્ષોમાં ઉચાટ પેદા થયો હતો. જયપુરમાં ધમાલ પણ થઈ હતી. એ ફોટાઓ અશ્લીલ ન હતા, પોર્નોગ્રાફિક ન હતા. એટલે કાયદા હેઠળ આ ફોટા ચોંટાડનારાઓ પર કેવી રીતે કામ ચલાવવું તે એક સમસ્યા થઈ પડી હતી. આખરે એક સરકારી ફતવો બહાર પડ્યો હતો. નોટિફિકેશન આર્કિયૉલૉજિકલ ડિપાર્ટમેન્ટ તરફથી બહાર પાડવામાં આવ્યું હતું કે, ડિપાર્ટમેન્ટ હસ્તકનાં મોન્યુમેન્ટ્સ અને ઈમારતો પર ભીંતચિતો ચોંટાડવાં લખાણો લખવા કે ફોટા ચોડવા એ ગુનો છે અને તેમ કરનારને કડક શિક્ષાઓ થઈ શકે છે. આ અંગે વિવાદ પણ સરજાયો હતો. અને આખીય વાતે રાજકીય સ્વરૂપ પકડ્યું હતું. અને સરકાર અને વિરોધ પક્ષના સભ્યોએ બાંયો ચડાવી હતી. ગોવિંદનું એક કામ અહીં પૂરું થયું હતું. જિગરને આ વાત ખરેખર પસંદ આવી હતી. આ રચનાત્મક કામ હતું. એડ્યુકેટિંગ ધ માસીઝનું આ કામ હતું. તેને હર્ષ એ વાતનો હતો કે ગોવિંદે આવું કામ કર્યું હતું. પણ તે સાથે જ તેમાં થતા ખર્ચનો વિચાર તેને આવતો અને તે માનસિક સ્તબ્ધતા અનુભવતો. કોઈપણ કામ પૈસા વગર થતું નથી. તેને આ દેશની પ્રજાની અબુધતા પર, અજ્ઞાન પર પારાવાર ગુસ્સો આવતો રહ્યો. કેવા છે આ લોકો ! દેવમંદિરોમાં પૈસા નાખી દેતાં તેમને કોઈ મુસીબત નડતી નથી. નાનાંમોટાં ટ્રસ્ટો કે અંગત માલિકીથી ચાલતાં મંદિરો અને ધર્મસ્થાનો કરોડો રૂપિયા આસાનીથી મેળવે છે. નાથદ્વારામાં રૂપિયા ત્રાજવે તોલવા પડે છે. અને દેશના પુનરુત્થાન માટે, સમૂળી ક્રાન્તિ માટે કોઈ મંદિર કે મસ્જિદ બંધાતી નથી... ખોબલે પૈસા એકત્રિત થઈ શકતા નથી... કેવો વિરોધાભાસ! ધન-દોલત, સુખ-શાંતિ માટે લોકો જપ-તીરથ કરે છે અને ધજાઓ ચઢાવે છે. ઘેર હાંડલાં કુસ્તી કરતાં હોય, છોકરાં પાશેર દૂધ પી શકતાં ન હોય છતાં શ્રીનાથજીના ચરણોમાં રાજભોગ કરાવે છે... માગી-તાગીને સત્યનારાયણના શીરા થાય છે. અઢી રૂપિયા રોજના પેદા કરતો અદનો આદમી બે રૂપિયાનું શ્રીફળ ધરાવે છે..... માઈ ગૉડ, કેવું વિચિત્ર !

**

આ જ અરસામાં એક બીજી ઘટના બની હતી અને જિગર પરોત હચમચી ઊઠ્યો હતો.

અદાના મસિયાઈ કુટુંબમાં પાલી માસીનો એક જમાનો હતો. પણ એક દુર્ઘટનામાં પાલી માસીનું આખું કુટુંબ પાણીમાં ડૂબી ગયું હતું. એ દુર્ઘટના અલ્હાબાદમાં બની હતી. જાત્રાએ ગયેલા આ કુટુંબ સાથે બીજા ત્રીસ જણા ત્રિવેણી સંગમ પર થયેલી હોડીહોનારતમાં ડૂબીને મરણ પામ્યા હતા. પાલી માસીના કુટુંબમાં કેવળ પાલી પોતે અને તેમની દીકરી શારદા બચ્યાં હતાં. એ બંને ચિતોડથી થોડે દૂર આવેલા રાજગઢમાં રહેતાં. શારદાના બાળપણનો મોટો ભાગ બજોટામાં વીત્યો હતો. જિગર પરોત અને શારદા માનસરની નિશાળમાં ભણતાં. પાલી માસીનું સાસરું રાજગઢમાં, પણ પિયર બજોટામાં હતું. અદાની અને પાલી માસીની સગાઈ તો ઘણી દૂરની હતી છતાં જ્યારથી પેલી દુર્ઘટનામાં પાલીનું આખું કુટુંબ તારાજ થયું ત્યારથી અદા તેમની દેખભાળ કરતા. બીજી પેઢીની સગાઈએ પાલી માસી અદાનાં માસી થતાં પણ ઉમ્મરમાં તે અદાથી થોડાં નાનાં હતાં. તેમની દીકરી શારદાને સત્તરમું વર્ષ બેસતાં જ પાલી માસીએ તેને રાજગઢના એક બ્રાહ્મણ કુટુંબમાં પરણાવી હતી. શારદાનો વર તલાટીનું કામ કરતો. જિગર પરોતને કોઈ બહેન ન હતી એટલે શારદા તેને રાખડી બાંધતી અને જિગર પણ શારદાને સગી બહેનની માફક સાચવતો. નાનપણમાં સાથે રમેલાં એટલે હેત પણ અદકું રહ્યું હતું. શારદા અવાનવાર બજોટા આવતી અને અદા સાથે રહેતી. તેનો વર વલ્લભ પણ ઘણી વખત ઉદેપુર આવતો. ક્યારેક રાત્રે જિગરની રૂમ પર રોકાતો પણ ખરો. શારદા જિગરને નિયમિત પત્રો લખતી. એને પરણ્યે પાંચ વર્ષ થયાં હતાં, છતાં કાંઈ સંતતિ ન હતી. તેનો વર મૅટ્રિક પાસ થઈને નોકરીમાં જોડાયો હતો. અને તે સાથે સાથે તેણે એક્સટર્નલ અભ્યાસ ચાલુ રાખ્યો હતો. શારદા હસમુખી અને કંઈક અંશે તોફાની છોકરી હતી, તેનો વર તદ્દન શાંત અને ભગવાનનો માણસ હતો.

જે વખતે ગોવિંદ ભંડારીએ ઉદેપુર અને રાજસ્થાનમાં ફોટાઓ દ્વારા એક નવી જ પદ્ધતિએ ક્રાન્તિનાં પગરણ માંડ્યાં હતાં તે જ અઠવાડિયાના શનિવારે શારદાના પતિનો તેના પર તાર આવ્યો હતો. તારમાં માત્ર એટલું લખ્યું હતું કે જિગરે તાર મળે કે તરત રાજગઢ પહોંચવું. જિગરને તાર રાત્રે સાડા દસ વાગ્યે મળ્યો હતો અને તેને ખૂબ ચિંતા થઈ હતી. તાર મળતાં જ તે સીધો હરીશને ત્યાં ગયો હતો અને તેની મોટર સાઈકલ પર જ તે બન્ને રાજગઢ જવા રવાના થયા હતા. સવારે ત્રણ વાગ્યાની આસપાસ તે રાજગઢ પહોંચ્યા હતા. પાલી માસીના ઘરમાં કોઈ અજાણ્યા માણસો બેઠા હતા. તેમણે ખબર આપ્યા કે શારદાને નગરપાલિકા હૉસ્પિટલમાં લઈ જવામાં આવી છે....

ઈસ્પિતાલમાં શારદાના કમરા પાસે ખાસ્સી ભીડ હતી. તેમાં બે પોલીસ કૉન્સ્ટેબલો અને બીજા સાદા વેશમાં પોલીસના માણસો પણ હતા અને કમરામાં બે ડૉક્ટરો અને બે નર્સ શારદાને હોશમાં લાવવા પ્રયત્ન કરતાં હતાં... જિગરને જોઈને વલ્લભ.... શારદાનો વર બાળકની માફક રડી પડ્યો હતો....

'શું થયું વલ્લભ... અરે ! આટલો મોટો થઈને તું રડી પડે છે... તું અહીં બેસ... ગભરાવાની જરૂર નથી. હું આવી ગયો છું ને !' જિગરે તેને શાંત પાડવાનો પ્રયાસ કર્યો. થોડે દૂર કોરિડોરમાં બેઠેલાં પાલી માસી ઊભાં થયાં. જિગરને થયું કે તે પણ વલ્લભની માફક કલ્પાંત શરૂ કરશે. પણ તે તો તદ્દન સ્તબ્ધતાથી જિગરની પાસે આવ્યાં. 'શારદા અંદર છે' તે બોલ્યાં. તેમની આંખોમાં તદ્દન સૂનકાર હતો.

બારણે ઊભેલો વૉર્ડન આઘો ખસ્યો. જિગર અંદર ગયો... બન્ને નર્સો શારદાને બાવડેથી પકડીને ચલાવવાની કોશિશ કરતી હતી. એક ડૉક્ટર શારદાના નાકમાં રૂની દિવેટથી કંઈક સૂંઘાડતો હતો અને ગાલ પર ટપલીઓ મારતો હતો. બીજા ડૉક્ટર કંઈક ઈન્જેક્ષનની તૈયારી કરતા હતા.

'હલો ડૉક્ટર... હું જિગર પરોત.... શારદાનો ભાઈ છું... શું થયું છે એને...'

'આપઘાતનો પ્રયાસ.... ટિક ટવેન્ટી... અને ટ્રાંકવિલાઈઝર્સ....' ડૉક્ટર બોલ્યા.

'ગંભીર છે તેની હાલત ?'

'ખૂબ જ... અમે પ્રયત્ન કરીએ છીએ.'

'હું મદદ કરી શકું ?' જિગરે પૂછ્યું. ડૉક્ટર રજા આપે તે પહેલાં તે શારદાની નજીક પહોંચ્યો. તેના બંને ગાલ પોતાની હથેળીમાં પકડીને તેણે તેને હચમચાવી. 'શારદા... શારદા, સાંભળે છે... હું જિગર... જિગર...' તેણે બૂમ પાડીને કહ્યું. 'શારદા... શારદા....' તેણે ગાલ પર ટપલીઓ મારી બૂમો પાડી... શારદાએ આંખ ઉઘાડી.. તેનાં ભારે પોપચાં ઊંચા થયાં... કીકીઓ ઘડીભર હાલી... હોઠ હાલ્યા.... હાલતા રહ્યા.. કીકીઓ સ્થિર થઈ... માથું ઢળતું ગયું... હાથ-પગ ભારે થતા ગયા... બંને નર્સ તેના વજનથી ઝૂકી ગઈ....

'શારદા...' જિગરે બૂમ પાડી. તેની બંને હથેળીઓમાં શારદાનો ચહેરો નિરંતર નિદ્રામાં પોઢી ગયો....

'શારદા... શારદા....' તેણે બૂમો પાડી. શારદાનું શરીર બંને નર્સના હાથમાં ભારેખમ બની ગયું.

'પ્લીઝ' ડૉક્ટરે જિગરને બાવડેથી પકડીને હઠાવ્યો. ઈન્જેક્ષન અપાયું. તેને સુવાડવામાં આવી. તેના હાર્ટ પર મસાજ શરૂ કરવામાં આવ્યું... તેના પગ હાલ્યા. હાથની મૂઠીઓ ધીરેથી ખૂલી... ખાલી હાથે શારદા ચાલી ગઈ....

ડૉક્ટરો બહાર નીકળ્યા... પોલીસ કૉન્સ્ટેબલ અંદર આવ્યા... શારદાના મૃતદેહને પોસ્ટમૉર્ટમ માટે મોકલવાનો હતો....

વલ્લભે બૂમ પાડીને ડૉક્ટરને ઊભા રાખ્યા... જિગર બારણાની બહાર નીકળ્યો. 'જિગરભાઈ... શી મસ્ટ બી એક્ઝામિન્ડ ફૉર રેઈપ....'

'વૉટ ?? વલ્લભ....' જિગર આશ્ચર્યથી બોલી ઊઠ્યો.

'સરપંચ જેરામસિંગ અને ઈન્સ્પેક્ટર બડેરાએ એના પર બળાત્કાર કર્યો છે. શારદા પર એ કુત્તાઓએ બળાત્કાર કર્યો છે... મારી શારદા...' કહીને વલ્લભ જોર જોરથી ગાળો બોલતો રહ્યો. લોકો તેને અટકાવવા ઘેરી વળ્યા હતા.....

**

મિનિટો પહેલાં જીવતી શારદા મૃત્યુ પામી હતી. જિગર થડકી ઊઠ્યો હતો. શારદાના મૃત્યુનો આઘાત જેટલો અસહ્ય હતો તેના કરતાંય વધુ આઘાતજનક તેના વર - વલ્લભની સ્થિતિ હતી. એ પાગલની માફક માથા પર હાથની મૂઠીઓ પછાડતો હતો અને બૂમો પાડતો હતો... 'મારી શારદાને એ લોકોએ મારી નાખી છે... જિગરભાઈ, મારી શારદા પર એ બદમાશોએ, એ સુવ્વર.... બળાત્કાર કર્યો છે. હું તેમને જાનથી મારી નાખીશ.' હૉસ્પિટલમાં હોહા થઈ ગઈ હતી. ઘણા બધા લોકો દોડી આવ્યા હતા. ત્યાં આવેલા પોલીસ સબઈન્સ્પેક્ટર અને બંને કૉન્સ્ટેબલો, બને ડૉક્ટરો, પરિચારિકાઓ, દોડતા આવી પહોંચેલા મહેતરો... સૌ ઘડીભર સ્તબ્ધ થઈ ગયાં હતાં. વલ્લભે એકાએક ત્યાં પડેલી લોખંડની ખુરસી ઉઠાવી હતી અને તે એક પોલીસ કૉન્સ્ટેબલ તરફ ધસી ગયો હતો. જિગરે અને સબઈન્સ્પેક્ટરે તેને પકડી લીધો હતો. નહિ તો વિના કારણે તેણે પેલા કૉન્સ્ટેબલનું માથું ફોડી નાખ્યું હોત... જિગર વિચિત્ર પરિસ્થિતિમાં મુકાયો હતો. એક તરફ શારદા ગુજરી ગઈ હતી. બીજી તરફ તદ્દન સૂનમૂન થઈને પાલી માસી એક ખૂણે સ્તબ્ધ થઈને ફસડાઈ પડ્યાં હતાં. અને વલ્લભને કોઈ ભયાનક વાઈનો હુમલો આવ્યો હોય તેમ તે વર્તતો હતો. જિગરની સાથે આવેલો હરીશ જૈન પણ મૂંઝવણમાં મુકાયો હતો. વલ્લભને આખરે બળજબરીથી પકડવામાં આવ્યો અને ડૉક્ટરોએ તેને પરાણે એક જોરદાર ટ્રાંકવિલાઈઝરનો શૉટ આપ્યો. વલ્લભ થોડી વાર જોર કરતો રહ્યો. જિગરે તેને સમજાવીને ખુરશીમાં બેસાડ્યો...

'હું લોહી પીશ... હું એ કુત્તાઓનું લોહી પીશ...' તે બરાડતો રહ્યો. જિગર તેને સાંત્વન આપતો રહ્યો. પોલીસ અધિકારીએ બીજા બેત્રણ મહેતરોની મદદ માગી હતી. શારદાએ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો, એટલે એ મૃત્યુ શંકાસ્પદ જ ગણવામાં

આવેલું અને તેની ગંભીર સ્થિતિમાં જો થોડી રાહત થાય તો પોલીસ ડાંઇગ ડેકલેરેશન લેવા ત્યાં રોકાયા હતા. ડૉક્ટરોએ ચાર કલાક અથાગ પ્રયત્ન કર્યો હતો, પણ શારદાએ એવો ફેટલ ડોઝ લીધો હતો કે દાક્તરી કૌશલ્ય ચાલ્યું ન હતું. છેલ્લું બયાન કરતા પહેલાં જ શારદા ચાલી ગઈ હતી.

શારદાના મૃતદેહને હૉસ્પિટલની મોર્ગમાં ખસેડવામાં આવ્યું હતું. વલ્લભને મૉર્ફિન કે પેલેટ્રીન એવું કંઈક ઇન્જેક્ષન આપીને સુવાડી દેવામાં આવ્યો હતો. પરિણામે એ રાત્રે ડૉક્ટરો અને પાલી માસીનાં સ્ટેટમેન્ટ ફક્ત પોલીસે નોંધ્યાં હતાં. ડૉક્ટરોએ શારદાને કઈ હાલતમાં હૉસ્પિટલમાં લાવવામાં આવી હતી અને શી સારવાર આપવામાં આવી હતી, વગેરે બાબતો લખાવી હતી. પાલી માસી કંઈ બોલ્યાં જ ન હતાં. પોલીસે તેમને જાતજાતના પ્રશ્નો પૂછ્યા હતા પણ તે નિરુત્તર રહ્યાં હતાં. જિગરે પોતે વૉલન્ટરી સ્ટેટમેન્ટ નોંધાવ્યું હતું અને શારદાના મૃત્યુની તપાસ થવી જોઈએ એટલું જ નહિ પણ તેના શરીરની મરણોત્તર તપાસમાં વલ્લભ કહેતો હતો તેમ, બળાત્કારની ઘટના બાબત સ્પષ્ટ તપાસ કરવી જોઈએ તેમ લખાવ્યું હતું. અલબત્ત પોલીસ સબઇન્સ્પેક્ટર જો ન હોત તો કદાચ તેનું સ્ટેટમેન્ટ નોંધાયું જ ન હોત. હરીશ જૈને એ સ્ટેટમેન્ટની નકલ કરી લીધી હતી.

વલ્લભ હોશમાં આવ્યો તે પહેલાં ચિતોડથી આવેલા ડેપ્યુટી એસ. એસ. આવી પહોંચ્યા હતા અને શારદાના દેહની ઑટોપ્સી થઈ હતી. ડૉક્ટરોએ દર્શાવેલા પૉઇઝનિંગ અને કોમાનાં કારણો સ્વાભાવિક જ ઑટોપ્સીમાં દર્શાવ્યાં હતાં. વેઝાઇનલ ઇન્વેસ્ટિગેશનમાં સેક્સ્યુઅલ એસૉલ્ટ કે એક્સ્પીરિયન્સ વિશે ડૉક્ટરોએ કોઈ ચોક્કસ અભિપ્રાય વ્યક્ત કર્યો ન હતો. અલબત્ત ઍબ્રેઝન તેમ જ શરીરના વિવિધ ભાગો પર થયેલા ઉઝરડાનાં નિશાન અને નેઇલ બાઇટ્સ તેમ જ સોળ ઊપસ્યા હોવાનાં ચિહ્નો હોવાનું રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું. સ્પષ્ટતઃ ઓપીનિયનમાં મોતનું કારણ સેક્સ્યુઅલ એસૉલ્ટ હતો તેવું આવશે નહિ તે વાત તો દેખીતી જ હતી. પણ જિગર સાથે હૉસ્પિટલના ડૉક્ટરોએ ચર્ચા કરી હતી. એટલું જ નહિ ઉદેપુરથી હરીશ જૈનના પિતાની ઓળખાણને કારણે, ચીતોડ ડી.એસ.પી. અને ચીફ સર્જને લીધેલા રસને કારણે, શારદાના દેહની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી અને કેટલાક ફ્લુઇડ સૅમ્પલો, ઉદેપુર ફોરેન્સિક ડિપાર્ટમેન્ટ માટે મેળવવામાં આવ્યા હતા.

આ બધું થતાં ખાસ્સો સમય લાગ્યો હતો. દરમ્યાનમાં લગભગ બપોરે બે વાગ્યે વલ્લભ ઊંઘમાંથી જાગ્યો હતો. તેનો ચહેરો બારેક કલાકમાં તદ્દન બદલાઈ ગયો હોય તેવું લાગતું હતું. જિગરે તેને માટે કૉફી લીંબુના શરબતની વ્યવસ્થા કરી, પણ તે પીવા માટે તૈયાર ન હતો.

ડૉક્ટરે તેને તપાસ્યો હતો. તે એકદમ શાંત થઈ ગયો હતો. શારદાના મૃતદેહને ઑટોપ્સી માટે લઈ જવાયો છે, તેવું કોઈએ તેને કહ્યું ન હતું. થોડી વાર પછી તે ડૉક્ટરના ચેમ્બરમાં, જ્યાં તેને સુવાડવામાં આવ્યો હતો ત્યાંથી ઊભો થયો.

'ક્યાં જાય છે વલ્લભ ?' જિગરે પૂછ્યું હતું.

'શારદાને... શારદાને...' તે એટલું બોલીને જિગર તરફ તાકી રહ્યો. તેની દૃષ્ટિમાં તદ્દન શૂન્યતા હતી. છતાં તેના અવાજમાં પારાવાર કરુણતા પ્રગટતી હતી.

'વલ્લભ.... યૂ આર એ બ્રેવ મૅન.... આપણે સૌએ એક દિવસ તો' જિગરે તેને આશ્વાસન આપવા પ્રયાસ કર્યો, પણ તે ચાલવા માંડ્યો. જ્યાં શારદાને રાખવામાં આવી હતી તે કમરા આગળ જઈને તે ઊભો રહ્યો.

'બારણું કેમ બંધ છે ?' તેણે જિગરને પૂછ્યું.

'વલ્લભ...' જિગરને શું બોલવું તે સમજાતું ન હતું.

'બારણું કેમ બંધ છે ?' વલ્લભે જોરથી બરાડો પાડ્યો અને બારણાને લાત મારી. બારણું ખાલી જ વાસેલું હતું. બારણું ધડાકા સાથે ખૂલ્યું અને એ વિંગમાંથી એક મેટ્રન અને તેના હાથ નીચેની નર્સ દોડી આવી. વલ્લભ કમરામાં ઘૂસીને શારદાના ખાલી પલંગ પાસે ઊભો રહ્યો.

'શારદા.... શારદા... ક્યાં છે ? ક્યાં લઈ ગયાં છે તેને ?' ગાંડાની માફક વલ્લભે બૂમ પાડી. જિગરે જોરથી તેનો હાથ પકડ્યો. તે સાથે જ વલ્લભે ઝાટકો માર્યો અને બહાર દોડ્યો. જિગર તેની પાછળ દોડ્યો. તે મુખ્ય દરવાજા આગળ પડેલા બાંકડા સાથે અથડાયો અને પડ્યો. જિગરે તેનો કૉલર પકડીને ઊભો કર્યો અને જોરથી બે તમાચા માર્યા.

'વલ્લભ... આ શું કરે છે ? તારી શારદા ગુજરી ગઈ છે, સમજ્યો ? નાઉ બીહેવ એઝ એ મૅન....' જિગરે તાકાતપૂર્વક તેનો કૉલર દબાવી રાખ્યો. વલ્લભની આંખ ફરી. તેના બન્ને ગાલ પર લાલ આંગળીઓનાં નિશાન તરી આવ્યાં હતાં. જિગરે તેને ધક્કો મારીને બાંકડા પર બેસાડી દીધો. વલ્લભ આંખ ફાડીને જોઈ રહ્યો હતો. દરમ્યાન પેલી મેટ્રન અને એક હાઉસમૅન દોડી આવ્યાં હતાં.

'હવે અહીંથી ઊભો થયો છું તો બે તમાચા બીજા ઠોકી દઈશ, સમજ્યો ? આ તારું ઘર નથી...' જિગરે ખરેખર ખિજાઈને કહ્યું. વલ્લભ ડઘાઈ ગયેલા કૂતરાની માફક બાંકડા પર ટૂંટિયું વાળીને બેસી રહ્યો.' સિસ્ટર, તેને કંઈક સ્ટિમ્યુલન્ટ આપશો ?'

વલ્લભ જ્યાં બેઠો હતો તેની સામેના કમરામાંથી એક ભાઈ ત્યાં આવીને ઊભા હતા. તેમને આ આખીય વાતની ખબર હતી. તે કમરામાં જઈને બ્રાન્ડીનો એક સ્ટીફ પેગ ભરી લાવ્યા.

'આ પી જા.' જિગરે પ્યાલો ધરીને વલ્લભને હુકમ કર્યો. તે હાલ્યો નહિ... 'આ પી... જા...' જિગરે બરાડો પાડ્યો. વલ્લભ ચુપચાપ ગ્લાસ પી ગયો. તેને ભયાનક ઓડકાર આવ્યો. 'મને તરસ લાગી છે.' તે ધીરેથી બોલ્યો. જિગરને સહેજ શાંતિ વળી. પેલા ભાઈ ત્યાં જ ઊભા હતા. તે સામેની રૂમમાંથી પાણી લઈ આવ્યા.

'થોડી બ્રાન્ડી લાવશો ?' જિગરે કહ્યું. અને ફરી એક વાર વલ્લભે બ્રાન્ડીનો એક ડોઝ લીધો.

'હવે સાંભળ... વલ્લભ.... તારા ઉશ્કેરાટથી કશું નીપજવાનું નથી. શારદા ઇઝ નો મોર....'

'તેના પર બળાત્કાર થયો છે... તેના પર બળાત્કાર.... સાલ્લા જયરામ અને બડેરાએ....'

'તને કેવી રીતે ખબર પડી...?' જિગરે પૂછ્યું.

'શારદાએ ઝેર ખાતા પહેલાં ચિઠ્ઠી લખી હતી... ચિઠ્ઠી.... લખી હતી... આ રહી... આ રહી એ ચિઠ્ઠી...' કહીને વલ્લભે તેના પાટલૂનના ખિસ્સામાં હાથ નાખ્યો. તેમાંથી થોડા રૂપિયાની નોટો અને બીજા કાગળો કાઢ્યા. તેણે કાગળો ફેંદ્યા, રૂપિયાની નોટી ફેંદી.... બીજા ખિસ્સામાં હાથ નાખ્યો, એ ખિસ્સામાં રૂમાલ અને ચાવીઓ હતી. બુશ-શર્ટના ખિસ્સામાંથી તેણે બેત્રણ કાગળ કાઢ્યા. તેમાં ડૉક્ટરનું પ્રિસ્ક્રિપ્શન અને દવાનાં બિલો હતાં. ફરી ફરીને તેણે ખિસ્સાં તપાસ્યાં, પણ તેમાં કોઈ ચિઠ્ઠી ન હતી. તે બેબાકળો બનીને ફરી પાછો શારદાને રાખી હતી તે કમરામાં દોડ્યો. જિગર તેની પાછળ ગયો. તેણે પથારી તપાસી. બાજુમાં પડેલું ટેબલ તપાસ્યું... પાંજરું તપાસ્યું.... સ્તબ્ધ ચહેરે તે ઘડીભર ઊભો રહ્યો.... 'મારી પાસે ચિઠ્ઠી હતી... શારદાએ લખેલી ચિઠ્ઠી હતી.. ચિઠ્ઠી... ચિઠ્ઠી...' તેનો અવાજ તદ્દન ધીરો થઈ ગયો. તેના ગળામાંથી કેવળ ધીરેથી શબ્દો સરતા રહ્યા.... 'ચિઠ્ઠી... મારી શારદાની ચિઠ્ઠી...'

'માઈ ગૉડ.... વલ્લભ... તેં ચિઠ્ઠી ક્યાં નાખી... ક્યાં મૂકી છે એ ચિઠ્ઠી...' જિગરે પૂછ્યું. વલ્લભે કાંઈ જવાબ ન આપ્યો. તેના હાથમાંથી નોટો અને કાગળિયાં નીચે પડ્યાં. 'તેં પોલીસને એ વાત કેમ કરી નહિ ? તું પહેલાં બોલ્યો કેમ નહિ વલ્લભ...' જિગરે પૂછ્યું. પણ પૂછવાનો કોઈ અર્થ ન હતો. વલ્લભે શારદાના છેલ્લા હસ્તાક્ષરો ખોઈ નાખ્યા હતા....

પણ ખરેખર એ ખોવાયા હતા ? કે પછી કોઈએ એ ઉઠાવી લીધા હતા ? જિગર પોતાના મનમાં જ એ સવાલ કરતો રહ્યો અને જવાબ શોધતો રહ્યો. તેને વલ્લભને એક તમાચો મારવાનું મન થઈ આવ્યું. તે વલ્લભની સામે ગુસ્સો, ઘૃણા અને દયાથી જોઈ

રહ્યો... ત્યારે પણ વલ્લભ પોતાનાં ખિસ્સાં ઊલટાવતો હતો... કેમ જાણે કાપડની બેવડમાં એ ચિઠ્ઠી ખોવાઈ ન હોય !

'વલ્લભ, તને ખબર છે એ ચિઠ્ઠી કેટલી અગત્યની હતી ? તારે મને તો કહેવું જોઈતું હતું.... વલ્લભ, એ ચિઠ્ઠી વગર આપણાથી કશું થઈ શકવાનું નથી... યૂ.....' જિગર તેને 'યૂ ઇડિયટ' કહેવા ગયો પણ અટક્યો. 'હરીશ, આપણે કંઈક કરવું પડશે...' તેણે કમરાના બારણા પાસે ઊભેલા હરીશ જૈનને કહ્યું.

**

બરાબર સાંજે ચાર વાગ્યે શારદાના મૃતદેહને એક ચાદરમાં વીંટીને સોંપવામાં આવ્યો. દરમ્યાનમાં વલ્લભ અને પાલી માસીનાં થોડાંક સગાંઓ હૉસ્પિટલમાં આવી પહોંચ્યાં હતાં. હૉસ્પિટલની બધી જ વિધિઓ હરીશે પતાવી હતી. શારદાને વાનમાં ઘેર લઈ જવામાં આવી હતી અને સાત વાગ્યે રાજગઢના સ્મશાનમાં તેની અંતિમક્રિયા થઈ હતી. વલ્લભ કે પાલી માસી બેમાંથી કોઈ રડ્યાં ન હતાં.

વલ્લભનું સ્ટેટમેન્ટ લેવા કોઈ આવ્યું નહિ તેની જિગરને નવાઈ લાગી હતી. ડાઘુઓ ચાલ્યા ગયા પછી પાડોશમાંથી આવેલાં બહેને ખીચડી બનાવી હતી. વલ્લભ કે પાલી માસી બેમાંથી કોઈએ ખાધું નહિ. વલ્લભ પાસે કેવી રીતે વાત કઢાવવી તે જિગરની સમજમાં આવતું ન હતું. શારદા આપઘાત કરે તેવી ઓરત ન હતી. જરૂર તે અપરંપાર આઘાત પામી હશે અને જો વલ્લભ કહેતો હોય તેમ સરપંચ જયરામસિંહ અને ઇન્સ્પેક્ટર બડેરાએ શારદા પર બળાત્કાર કર્યો હોય તો આ વાત કંઈ નાનીસૂની ન કહેવાય. રાત્રે હરીશ અને જિગરે આ બાબતની ચર્ચા કરી હતી.

મોડી સાંજે એક પછી એક સૌ ચાલ્યા ગયા હતા. તેમ છતાં કેટલાંક સગાંવહાલાં રોકાયાં હતાં. આખરે હરીશ અને જિગરે વલ્લભને ઉપલા મજલાના કમરામાં બોલાવ્યો હતો. વલ્લભનો ચહેરો એક જ દિવસમાં દસ વર્ષ જેટલો ઘરડો લાગતો હતો.

'વલ્લભ, એ ચિઠ્ઠીમાં શું લખ્યું હતું ?' જિગરે પૂછ્યું. પણ વલ્લભ પગ વાળીને, જમણા હાથનો ટેકો લઈને ફરસ તરફ જોતો બેસી રહ્યો. 'તું બોલીશ નહિ તો કશું વળવાનું નથી... વલ્લભ... અમારે જાણવું તો જોઈએ ને શું બન્યું છે તે !'

'શારદા ગુજરી ગઈ છે. તમે સાંભળો છો ને... શારદા ગુજરી ગઈ છે.'

'ચિઠ્ઠીમાં શું લખ્યું હતું વલ્લભ...' જિગરે પૂછ્યું. વલ્લભની આંખોમાંથી મોટાં ટીપાં ટપકવા માંડ્યાં... નાકનાં નસકોરાં લાલ થયાં... ગળામાં ઘરઘરાટી થઈ.

'મોત લખ્યું હતું. જિગરભાઈ... હું એને છોડીશ નહિ.... હું એને છોડીશ નહિ.'

કહીને એકાએક તેણે જોરથી પોતાના બન્ને હાથ ફરસ પર પછાડ્યા... હરીશ ખસીને તેની બાજુમાં ગયો અને વલ્લભના હાથ પકડી લીધા.

'વલ્લભ... તું ભાનમાં નથી ? તને ખબર છે કે -'

'મને બધી ખબર છે... મને બધી ખબર છે... કોઈ મારી વાત માનતું નથી... કોઈ બિચારી શારદાની વાત માનવાનું નથી. મરતા પહેલાં તેણે મને કહ્યું હોત તો હું એ કમબખ્તોનાં માથાં કાપી લાવ્યો હોત... મારી શારદાને એ લોકોએ મારી નાખી છે. હું નહિ છોડું. મારી શારદાની કસમ, હું તેમને નહિ છોડું....'

'ઓ. કે. વલ્લભભાઈ... આપણે ભેગા મળીને તેમને ખતમ કરી નાખીશું...' જૈને ધીરેથી વલ્લભના વાંસા પર હાથ ફેરવ્યો. 'પણ આ જિગરને આપણે વાત તો કહેવી જોઈએ ને એ ચિઠ્ઠીમાં શું લખ્યું હતું....'

'જયરામસિંહ અને બડેરાએ બળાત્કાર કર્યો છે અને મારી લાજ લૂંટી છે. આ વાત હું કોઈને કહીશ તો તમારો જાન લેવાની તેમણે ધમકી આપી છે... હું મૂંઝાઈ ગઈ છું... વલ્લભ, એ લોકો ખતરનાક છે...'

વલ્લભે ચિઠ્ઠીમાં લખેલાં વાક્યો તૂટક તૂટક જણાવ્યાં હતાં. પણ તે વારંવાર વચ્ચે વચ્ચે રડતો હતો. ગાળો દેતો હતો અને એ ચિઠ્ઠી ક્યાં ગઈ તેને માટે રંજ કરતો હતો. આખરે હૉસ્પિટલના ડૉક્ટરે આપેલી ગોળીઓ કૉફીમાં ઓગાળીને, હરીશે સમજાવીને વલ્લભને પાઈ હતી અને થોડી વારમાં તે ઊંઘી ગયો હતો.

**

શારદા પર શું વીત્યું હતું તે જાણવું શક્ય જ ન હતું. વલ્લભ સરકારી કામે બહારગામ ગયો હતો, અને તેના ગયા પછી જયરામસિંગ ઘેર આવ્યો હતો. તેણે આવીને કશાંક ફૉર્મ શારદાને આપ્યાં હતાં અને અગિયાર વાગ્યે તેણે શારદાને પંચાયત ઑફિસમાં બોલાવી હતી. પાલી માસીએ એટલું જ સાંભળ્યું હતું કે તમે માસીને કહેજો કે ચિંતા ન કરે, કારણ ઇન્ટરવ્યૂમાં કદાચ મોડું થાય. પાલી માસીએ શારદાને ખાસ કોઈ પ્રશ્નો કર્યા ન હતા. શારદા પળિયાપરની નિશાળમાં નોકરી મેળવવાનો પ્રયત્ન કરતી હતી. તેના કંઈક ઇન્ટરવ્યૂ માટે ચિતોડ જવાનું હતું તેવી વાત જયરામ કરતો હતો. જયરામ સરપંચ હતો, પણ વલ્લભનો દોસ્ત હતો એટલે ઝાઝી માથાકૂટ કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો ન હતો. વળી પાલી માસી પોતે પણ આખો દિવસ ઘેરથી બહાર રહેવાનાં હતાં. રાજપરાના ઉપાધ્યાયને ત્યાં રામાયણની કથા ચાલતી હતી અને રાત્રે ભજન થતાં હતાં, એટલે પાલી માસી તો મોડાં જ આવવાનાં હતાં. વલ્લભનુંય કોઈ ઠેકાણું ન હતું.

તે દિવસે શારદા સવારે અગિયાર વાગ્યે પંચાયત ઑફિસે ગઈ અને રાતે નવેક વાગ્યે પાછી આવી હતી. પાલી માસી પોતે રાત્રે બાર વાગ્યે પાછાં આવ્યાં હતાં. અને વલ્લભ સવારે છ વાગ્યે આવ્યો હતો.

વલ્લભ આવ્યો ત્યારે પાલી માસી ઊઠ્યાં હતાં. શારદા ઉપલા માળે સૂતી હતી. તે ઊઠી ન હતી. વલ્લભ જ્યારે પંદર-વીસ મિનિટ પછી ઉપર ગયો ત્યારે શારદા પલંગની નીચે પડી હતી અને તેના મોઢામાંથી ફીણ નીકળતાં હતાં.

તેણે તરત પાલી માસીને ઉપર બોલાવ્યાં હતાં. શારદાનાં ફેફસાં ધમણની પેઠે ચાલતાં હતાં અને નાકમાંથી ઘરડ-ઘરડ અવાજ આવતો હતો. આજુબાજુથી લોકો એકઠા થયા હતા. ડૉક્ટર મહેતાને બોલાવવામાં આવ્યા હતા. તેમણે જ તેને તાત્કાલિક હૉસ્પિટલમાં મોકલવાનું કહ્યું હતું. શારદાને હૉસ્પિટલમાં મૂકીને ઘરમાંથી બેચાર ચીજો લેવા વલ્લભ આવ્યો હતો. વળી પૈસા પણ લેવાના હતા. તેણે કબાટ ખોલીને ડબ્બામાંથી સવાસો રૂપિયા કાઢ્યા હતા. ત્યારે તેના હાથમાં ચિઠ્ઠી આવી હતી. એ વાંચીને તેને તમ્મર આવી ગઈ હતી. તે સાઇકલ લઈને સીધો જયરામને ઘેર પહોંચ્યો હતો, પણ જયરામને ઘેર તાળું હતું.... તેનું માથું ગુસ્સાથી ધમધમી ઊઠ્યું હતું.... પણ એ વખતે શારદાનો જીવ બચાવવો એ વધુ અગત્યનું હતું.

તે હૉસ્પિટલમાં પહોંચ્યો તે પહેલાં પાલી માસીએ જિગર પર સંદેશો મોકલવાનું તાર ઑફિસવાળા મોજીલાલને કહ્યું હતું. એ વખતે વલ્લભને ખ્યાલ ન હતો કે શારદા તેના બિછાનામાંથી ક્યારેય નહિ ઊઠે..

શારદાએ લખેલી ચિઠ્ઠી ગજવામાં નાખીને જ વલ્લભ હૉસ્પિટલમાં આવ્યો હતો. પણ એ ચિઠ્ઠીની વાત તે કોને કહે, કેવી રીતે કહે, એ મૂંઝવણ અને શારદાની સ્થિતિ વચ્ચે તે અટવાયેલો હતો. શારદા બચી જાય તો પોલીસ કેસ થયા વગર રહેવાનો નથી તે એ જાણતો હતો. ઇમર્જન્સી વૉર્ડમાં દાખલ થયા પછી પોલીસ પણ તપાસ માટે આવી પહોંચી હતી. શારદા ભાનમાં આવશે કે તરત તેની વિતકકથાનું સ્ટેટમેન્ટ તો પોલીસે નોંધવું જ પડશે. એ પહેલાં ચિઠ્ઠી બતાવીને આપઘાતના પ્રયાસનો ઇરાદો ચોક્કસપણે પુરવાર થાય તેવું શા માટે કરવું ? વળી જયરામ સાથે મેવાડી પદ્ધતિએ ન્યાય પતાવી લેવાનો ઉશ્કેરાટ પણ વલ્લભના ભીતરને સળગાવી રહ્યો હતો. આ અરસામાં જિગર ત્યાં આવી પહોંચ્યો હતો અને જાણે જિગરના આવવાની રાહ જોતી હોય તેમ શારદા સદાયને માટે ચાલી નીકળી હતી.

**

'એ ચિઠ્ઠી કોણે કાઢી હશે ?' સવારે ઘરમાંથી બહાર નીકળીને રાજગઢની એક નાનકડી હોટલમાં બેસીને જિગર અને હરીશ ચર્ચા કરતા બેઠા હતા.

'હું શરત મારવા તૈયાર છું જિગર, કે એ ચિઠ્ઠી પેલા સબઈન્સ્પેક્ટરના બચ્ચાએ કાઢી હશે.' હરીશે કહ્યું.

'પણ ક્યે વખતે ?'

'ઈટ વૉઝ ડેમ ઈઝી... વલ્લભને ટ્રાંકવિલાઈઝરની અસર થઈ પછી તે રૂમમાં કોઈ ન હતું. તું બધી વ્યવસ્થામાં પડ્યો હતો અને હું ડૉક્ટરની સાથે વાત કરવા ગયો હતો. વળી મારે ઘેર કૉલ પણ જોડવાનો હતો... આઈ ટેલ યૂ.... એ સબઈન્સ્પેક્ટરના બચ્ચાએ જ કાઢી હશે...'

હરીશની વાત પ્રમાણે જિગરને પણ એ શક્ય લાગ્યું. તેણે પોલીસની મૂવમેન્ટ કેવી હતી તેની કલ્પના કરી જોઈ અને તેને ખ્યાલ આવ્યો કે વલ્લભ ટ્રાંકવિલાઈઝરની અસર હેઠળ આવ્યો પછી કોઈ જ તેની પાસે ન હતું....

'ડેમ ઈટ...' જિગર બોલ્યો. અને બન્ને જણ સબઈન્સ્પેક્ટર ભાલેજાને મળવા ગયા. રાજગઢમાં કુલ ત્રણ પોલીસ ચોકીઓ અને એક પોલીસ સ્ટેશન છે. એટલે ભાલેજાના ઘરનું સરનામું મેળવતાં કાંઈ વાર થઈ નહિ. ભાલેજા તૈયાર થતો હતો. જિગર અને હરીશ તેના નાનકડા, બેઠાઘાટના મકાનમાં દાખલ થયા કે તરત તે બહાર આવ્યો હતો.

તેના ચહેરા પરથી કોણ જાણે જિગરને એમ લાગ્યું કે તે ચોક્કસ તેમની રાહ જોતો ન હોય !

હરીશે ઝાંપામાં પેસતાં પહેલાં ધીરેથી જિગરને કહ્યું, 'તેની સાથે મને વાત કરવા દેજે... તારે કશું બોલવાની જરૂર નથી...' જિગરે ડોકું ધુણાવી હા પાડી. બંને જણ પગથિયાં ચડ્યાં. સબઈન્સ્પેક્ટર ભાલેજા ખમીસ પહેરતો ઓટલે આવ્યો.

'ગુડ મૉર્નિંગ ઈન્સ્પેક્ટર સાહેબ...' હરીશે કહ્યું. પેલાએ સ્મિત વેર્યું.

'આવો ને... આપણે કંઈક....' ઈન્સ્પેક્ટર બોલવા ગયો તે પહેલાં જ હરીશ બોલી ઊઠ્યો.

'આપણે ગઈ કાલે હૉસ્પિટલમાં મળ્યા હતા.'

'હા... યસ... બોલો, શું કામ હતું ?'

'કામ નાજુક છે, પણ તમારાથી થાય તેવું છે.' હરીશે કહ્યું. ભાલેજાએ વરંડામાં પડેલી ખુરસી તરફ ઈશારત કરી. જિગર અને હરીશ બેઠા. હરીશે ગજવામાંથી પાકીટ કાઢ્યું અને સો-સો રૂપિયાની બે નોટો કાઢી.

'આ રાખો સાહેબ.... આ બાનાના પૈસા છે. આવી બીજી અઢાર નોટો કાલે સાંજે હું તમને આપીશ...'

'આ શું છે મિસ્ટર... આ શી વાત છે ?' સબ-ઈન્સ્પેક્ટર બોલી ઊઠ્યો.

'મારે ચિઠ્ઠી જોઈએ છે....' હરીશે ધીરેથી કહ્યું.

'શેની ચિઠ્ઠી...?'

'વલ્લભના ખિસ્સામાંથી ગુમ થયેલી ચિઠ્ઠી...'

'એટલે ?'

'શા માટે આ બધી ચર્ચા કરવાની સાહેબ... તમે જાણો છો અને હું જાણું છું કે ચિઠ્ઠી કઈ છે. બે હજાર રૂપિયા એ ચિઠ્ઠી માટે હું આપવા તૈયાર છું. કાલે સાંજે એ ચિઠ્ઠી મારા હાથમાં આપો એટલે બીજા અઢારસો હું આપીશ.. ઓ. કે...' કહીને હરીશ ઊભો થયો. તેણે ખુરસીમાં બે નોટો મૂકી અને જિગરને કહ્યું, 'ચાલ આપણે કાલે મળીશું....'

'મને કંઈ સમજાતું નથી મિસ્ટર... આ તમારા પૈસા પાછા લેતા જાઓ..' ભાલેજાએ નોટો ઉઠાવીને હાથમાં લીધી.

'એક વાર હાથમાંથી નીચે મૂકેલા પૈસા હું પાછા લેતો નથી ભાલેજા સાહેબ... એ ચિઠ્ઠી તમારે માટે અને મારે માટે કેટલી અગત્યની છે તે તમને ખબર છે. તમારે પ્રમોશન ન જોઈતું હોય તેવું હું નથી માનતો.' હરીશે કહ્યું.

'આઈ સે... મિસ્ટર... અરે...' ભાલેજા કંઈ બોલે તે પહેલાં હરીશ અને જિગર ઝાંપામાંથી બહાર નીકળ્યા... પણ તેમને ખબર ન હતી કે સરપંચ જયરામસિંહે સવારની ચા સબ-ઈન્સ્પેક્ટર ભાલેજાને ત્યાં જ પીધી હતી.

**

હરીશ જૈન ઉદેપુરના એક માતબર કુટુંબનો દીકરો હતો. જિગર કે ગોવિંદ ભંડારીએ જે ગરીબી જોઈ હતી તે તેની સમજ બહારની વાત હતી. તે નાનપણથી જોતો આવ્યો હતો કે અશક્ય કામો પૈસાથી શક્ય બની જતાં હોય છે. તેને પોતાને એમ લાગ્યું હતું કે સબ-ઈન્સ્પેક્ટર ભાલેજાને સમજાય તેવી ભાષામાં તેણે વાત કરી હતી. તેને રંજ માત્ર એટલો જ હતો કે તેની પાસે તે વખતે, ભાલેજાનું મોઢું ભરાઈ જાય તેટલા પૈસા ન હતા. જો બે હજાર રૂપિયાની નોટો તેની પાસે હોત તો ભાલેજાને તે શીર્ષાસન પણ કરાવી શકત. જિગર અને હરીશ ભાલેજાના મકાનમાંથી બહાર નીકળ્યા ત્યારે હરીશને આત્મવિશ્વાસ હતો કે બે હજાર રૂપિયામાં એક નાનકડી ચિઠ્ઠીનો સોદો, સબ-ઈન્સ્પેક્ટર માટે નાનકડો સોદો ન હતો. વળી પોતાના ઉપરી અધિકારી ઈન્સ્પેક્ટર બડેરાને પણ એ ચિઠ્ઠીથી ધક્કો મારી દેવાની ગણતરી તે ન કરે તેવો કમઅક્કલ આદમી ન હતો. કેવળ બે હજાર રૂપિયા

જ નહિ પણ ઉદેપુરના જૈન કુટુંબ પર એક ઉપકાર કરવાનો ખ્યાલ પણ ભાલેજાને આવશે જ, તેવું પણ હરીશે ગણિત કર્યું હતું.

પણ હરીશની આ ગલતફહમી હતી. પોલીસ અને રાજકારણીઓનાં સમીકરણો સમજવાની ત્રેવડ એક સામાન્ય નાગરિકની હેસિયતની બહારની વાત હતી. આવા બળાત્કારો કે આવા આપઘાતો કોઈ નવી ઘટના ન હતી. અખબારોનાં પાનાં આવી ઘટનાઓથી રોજ ઊભરાતાં હોય છે. ગરમ મસાલાની વાનગીની જેમ એ સમાચારો, દાતણ મોઢામાં રાખીને હજારો લોકો વાંચતા હોય છે. કોઈ નવલકથાનાં રસપ્રચુર પત્તાંઓની જેમ તેને વાગોળતા હોય છે. પણ પછી શું ? પછી અંધકાર. એ સમાચારો પછી શું થયું ? કોઈ લખતું નથી. કોઈને પડી નથી. કારણ એ પહેલાં તો નવી ચીજો, નવી ઘટનાઓ નીપજી હોય છે. વળી વીતી ગયેલી ઘટનામાં લખવાનું પણ શું હોય ! શા કાજે હોય ! કાગળિયાં થાય, ધોળા પર કાળું મંડાય, કાળા કોટ અને ખાખી કોટ વચ્ચેની રમત યોજાય. નોટોના હાથબદલામાં જ ન્યાયનો જુગાર ખેલાઈ જાય. દેશમાં હોય તેટલી બધી શારદાઓનો ન્યાય તોળવા બેસો તો વહીવટ શેં થાય ! દેશની પ્રગતિ કેવી રીતે થાય !... આ સત્યનું જ્ઞાન હરીશ કે જિગરને ન હતું તેવું નહિ. એટલે જ તો તેમણે માની લીધું હતું કે ઇન્સ્પેક્ટર ભાલેજાને તેઓ બે હજાર આપીને ખુશ કરી શકશે... નોટો શું નથી કરી શકતી ? પણ અમુક નોટોમાં વજન વધારે હોય છે તેનું જ્ઞાન એ બેમાંથી કોઈને ન હતું.

સબ-ઇન્સ્પેક્ટર ભાલેજાને ત્યાંથી નીકળીને હરીશ અને જિગર પાછા વલ્લભને ઘેર આવ્યા હતા. ત્યારે ભાલેજા જયરામસિંહને કમ્પે (ખેતરે) પહોંચ્યો હતો. ભાલેજાની તીનપત્તીમાં આજે ત્રણ એક્કા હતા.

**

વલ્લભના ઘરમાં મૃત્યુ પછીની વિષાદમય અને ઘેરી શાંતિ પથરાયેલી હતી. ઓછાડમાં દિલાસો આપવા આવેલાં સ્ત્રીપુરુષો શણની દરી પર બેઠાં હતાં. ગામમાં શારદાના આપઘાતના સમાચારથી જેટલી ચકચાર ફેલાઈ ન હતી તેટલી સનસનાટી વલ્લભે ઇસ્પિતાલમાં કરેલા વર્તનથી ફેલાઈ હતી. શારદા પર બળાત્કાર થયો એટલે તેણે આપઘાત કર્યો તેનાં અનેક અર્થઘટનો, ગામમાં પવનની પલટાતી રૂખની જેમ બદલાતાં હતાં. અને એટલે બિચારી પાલી માસીનું આંગણું આજે લૌકિકે આવેલા લોકોથી ઊભરાઈ ગયું હતું. લોકોની આ 'વલ્ગર' જિજ્ઞાસા જોઈને જિગર સમસમી ઊઠ્યો હતો. પણ ઉશ્કેરાટ કોઈ ઉકેલનો પર્યાય નથી ને !

વલ્લભ આ પ્રસંગે આવેલી નાનકડી ભીડ તરફ નિસ્તેજ આંખે જોતો બેઠો રહ્યો હતો. તેની આંખમાંથી વારે વારે આંસુનાં મોટાં ટીપાં પડતાં, થોડી થોડી વારે તે ન્યુરોટિકની

માફક અનાયાસ દાંત કચકચાવતો. તેની આંખોમાંથી દર્દ વહેતું અને જડબામાંથી આક્રોશ. નિઃસહાયતાનું આવું દર્શન જિગરે ક્યાંય, ક્યારેય જોયું ન હતું. લગભગ કલાક પછી ધીમે ધીમે લોકો વીખરાયા હતા. સવારની લૌકિક ઔપચારિકતાનો સમય પૂરો થયો હતો, પાલી માસીની પડોશણે ફરી એક વાર ખીચડી ઓરી હતી.....

હરીશ ધીરેથી ઊભો થયો. પાલી માસી અને વલ્લભની રજા માગીને તે બહાર નીકળ્યો. બહાર નીકળતાં પહેલાં વલ્લભને ખભે હાથ મૂકીને તેણે કહ્યું હતું, 'હું મારાથી બનતું બધું કરી છૂટીશ. તમને સાંત્વન આપવાના મારી પાસે શબ્દો નથી... પણ... ખેર... સાંજે હું પાછો આવીશ...' હરીશ તદ્દન મૉડર્ન આદમી હતો. ખમતીધર કુટુંબનો દીકરો હતો. પૈસાથી ખરીદી શકાય તેટલાં બધાં જ સુખ તેને પ્રાપ્ય હતાં. તેણે ગમગીનીઓ જોઈ હતી, પણ તે બધી હસીન ગમગીનીઓ હતી. પારાવાર દુઃખની અનુભૂતિ તેણે ક્યારેય નહોતી કરી, છતાં તેના ગળામાં, તેની સ્વરપેટીમાં શ્વાસ રૂંધાયો હતો. વલ્લભની અંતઃસ્થિતિ તે કલ્પી શકતો હતો. વલ્લભ ભીની આંખે, દાંત કચકચાવતો તેને જતો જોઈ રહ્યો.

જિગર તેને વળાવવા બહાર આવ્યો. 'કેટલા વાગ્યે તું પાછો આવી શકીશ ?' જિગરે તેને પૂછ્યું. હરીશે ઘડિયાળ જોઈ. તેની ચકચકિત મોટર સાઇકલની પેટ્રોલની ટાંકી પર તેણે નજાકતથી હાથ ફેરવ્યો.

'અંધારું થતાં પહેલાં આવવાની કોશિશ કરીશ.' તેણે જવાબ આપ્યો. હરીશ મોટર સાઇકલનો ખેલંદો હતો, ઉદેપુરમાં તેની બરાબરી કરે તેવો ડ્રાઈવર કે મોટર સાઇકલનો અસવાર શોધ્યો જડે તેમ ન હતો. ચિતોડથી ઉદેપુરનું ૧૨૩ કિ. મી.નું અંતર તેને માટે રમત વાત હતી.

'સમાલીને ચલાવજે... ઉતાવળ કરવાની જરૂર નથી.' જિગરે કહ્યું.

'મને એ ચિંતા નથી. મને સબ-ઇન્સ્પેક્ટર ભાલેજાની ચિંતા છે. ભાલેજો જ આપણો અગત્યનો આદમી છે.'

'વેલ.. હરીશ... તારી પાસે પૈસા ન હોય તો....' જિગર કંઈ કહેવા ગયો, પરંતુ હરીશે જ તેને અટકાવ્યો. ત્રણ-ચાર હજાર જેટલી મતાનો હરીશને કાંઈ વાંધો ન હતો.

'શું વાત કરે છે જિગર... ચાર-પાંચ હજાર જેટલા રૂપિયા તો હું અડધી રાતે લાવી શકું તેમ છું. તું નાહકનો ચિંતા ન કર. તું કેવળ વલ્લભને સાચવજે. મને તેનાં લક્ષણો સારાં લાગતાં નથી. બને તો ડૉક્ટરને સમજાવીને બીજો એક ડોઝ વલ્લભને આપીને સુવાડી દેવો જોઈએ... ખેર... હું જાઉં છું.' હરીશ બોલ્યો. અને તેણે કિક મારી...

કોઈક અંગ્રેજી સ્ટંટ ફિલ્મમાં આવે તેવી જ રીતે હરીશ બહાર નીકળે તેની જ રાહ કોઈ જોતું હતું.

હરીશ ગયો તેની પંદર મિનિટ બાદ જ સબ-ઇન્સ્પેક્ટર ભાલેજાએ મોકલેલો પ્લેઈન ક્લૉથ કૉન્સ્ટેબલ વલ્લભને ઘેર આવ્યો હતો અને તેણે આવીને સંદેશો આપ્યો હતો કે ભાલેજા સાહેબે હરીશ જૈનને ચોકી પર બોલાવ્યો છે. ભાલેજાનો માણસ આવ્યો ત્યારે, પરસાળની બહાર જમણી તરફ આવેલી બાથરૂમમાંથી જિગર બહાર નીકળતો હતો એટલું જ નહિ પણ વલ્લભ મેડી પર હતો. બાકી તેની માનસિક હાલતમાં પોલીસનું નામ તેને કાને પડ્યું હોત તો તે ઉશ્કેરાયા વગર રહેત નહિ. પાડોશીના દીકરાને વલ્લભનું ધ્યાન રાખવાનું કહીને જિગરે બૂટ પહેર્યા અને રાજપરાની જૂની ચોકીએ પહોંચ્યો.

લાકડાની પટીઓના બનાવેલા લાંબા વરંડાવાળી ચોકીના જમણા હાથ પર ચોકીના ઇન્ચાર્જ સબ-ઇન્સ્પેક્ટરની નાનકડી ઑફિસ હતી. ઑફિસના બારણે કાળા પાટિયા પર ધોળા અક્ષરે કે. એમ. ભાલેજાનું નામ લખેલું હતું. ખાદીનો લીલા રંગનો, ગંદો થઈ ગયેલો પડદો હઠાવીને તે અંદર પેઠો. ભાલેજાએ તેની સામે જોયું અને પછી બોલ્યો : 'આજે સવારે તમે...'

'હા. હું અને મારો મિત્ર તમારે ત્યાં આવ્યા હતા....'

'એ ભાઈ ક્યાં ગયા છે ?' તેણે પૂછ્યું.

'એ ઉદેપુર ગયા છે, પૈસા લાવવા.'

'ક્યારે ગયા ?'

'થોડી વાર પહેલાં જ.' જિગરે કહ્યું.

'અચ્છા.. એમનું કામ હતું. હજુ એસ. ટી. પર હશે ખરા ?'

'નહિ જી. એ મોટર સાઇકલ પર ગયા.' જિગરે જવાબ વાળ્યો.

'પાછા આવવાના છે ?'

'મેં આપને કહ્યું તો ખરું કે તે પૈસાનો બંદોબસ્ત કરવા ગયા છે. સાંજે પાછા આવશે. અને સાંજે ફરી વખત અમે તમને મળવા આવીશું.'

'મારે એટલા જ માટે તેમને મળવું હતું. શું નામ તેમનું ?'

'આપને ખબર તો છે સાહેબ.' જિગરે સહેજ આંખ તેજ કરીને કહ્યું, 'પછી શા માટે પૂછો છો ?'

'કન્ફર્મ કરવા માટે.' તદ્દન નફટાઈથી ભાલેજાએ જવાબ વાળ્યો. ખાનું ખોલીને તેણે સિગારેટનું પાકીટ કાઢ્યું અને જિગર તરફ ધરી...

'લ્યોને... નો ફૉર્માલિટીઝ.' ભાલેજાએ આગ્રહ કર્યો. બન્ને જણે સિગારેટ સળગાવી.

'વેલ, મારે તેમને બે શબ્દો કહેવાના હતા, કંઈ નહિ, તમે એમના મિત્ર છો. તમને કહીશ તોપણ ચાલશે. જુઓ, પહેલાં તો એ કે જે રીતે તમે મારે ઘેર આવીને વર્તન કર્યું તે બિલકુલ વાજબી ન હતું. આવી રીતે પોલીસ ઑફિસર સાથે વર્તવાથી ઘણાં વિપરીત પરિણામો આવી શકે છે. પણ જે ઘટના બની હતી તેના સંદર્ભમાં તમને લોકોને આઘાત લાગ્યો હશે, તેમ માનીને હું કંઈ બોલ્યો ન હતો. વેલ 'મરનાર બાઈ શારદા સાથે તમારે શી સગાઈ છે...' એકાએક તેણે જિગરને પૂછ્યું... જિગરને તેણે 'મરનાર બાઈ શારદા' શબ્દો વાપર્યા તે ગમ્યું ન હતું.

'એ મારી બહેન થતી હતી - માસીની દીકરી બહેન.' જિગર બોલ્યો.

'સ્વાભાવિક છે કે તમે એ બનાવથી આઘાત પામો... પણ તમારી સાથે આવેલા એ ભાઈને તો શારદા સાથે કોઈ સંબંધ ન હતો ને ?' ભાલેજાએ પૂછ્યું.

'એટલે ?'

'આઈ મીન એ તો મરનાર ઓરતના સગા ન હતા ને ?'

'નહિ, પણ એ મારો જિગરજાન દોસ્ત છે. મારી બહેન, કે મારી મા મરી જાય તો તેને પણ એટલું જ દુઃખ થાય જેટલું મને થાય...' જિગર બોલી ઊઠ્યો.

'ખેર.. તમને લોકોને એવું શી રીતે લાગ્યું કે હું મરનાર બાઈએ લખેલી ચિઠ્ઠી મારી સાથે લઈ આવ્યો છું ? તમને ખબર છે એક પોલીસ અધિકારી તરીકે ગુનાના સ્થળ પર મળી આવેલી કોઈ પણ ચીજ હું પંચનામું કર્યા વગર ઉઠાવી ન શકું.' ભાલેજા બોલ્યા.

'પણ એ ચિઠ્ઠી વલ્લભના ગજવામાં હતી.' જિગરે કહ્યું અને ભાલેજા ધીરેથી હસ્યો.

'મતલબ કે વલ્લભના ગજવામાંથી એ ચિઠ્ઠી મેં કાઢી હતી. અને મેં તેના ખિસ્સામાંથી ઉઠાવેલી ચિઠ્ઠી પાછી મેળવવા માટેના તમે મને રૂપિયા બે હજાર આપવા માગતા હતા... એમ જ ને...' ભાલેજાએ ધીરેથી મક્કમ અવાજે પૂછ્યું.

જિગરને હા કહ્યા વગર છૂટકો ન હતો...

'અર્થાત્ તમે એક રીતે મારા પર બળાત્કાર અને આપઘાતનું રહસ્ય ન ખૂલે તે માટેનો એક શક્યતઃ અગત્યનો પુરાવો અને ચોરી એમ બન્ને આરોપો મૂકવા માગતા હતા !'

'એવું નહિ, ભાલેજા સાહેબ... એ ચિઠ્ઠી અગત્યની હતી... શારદાએ આપઘાત કર્યો તેનું કારણ દર્શાવતી એ ચિઠ્ઠી હતી... એ ચિઠ્ઠીમાં તેના પર જેણે બળાત્કાર કર્યો એ લોકોનાં નામ લખેલાં હતાં...' જિગરે કહ્યું.

'કોનાં નામ હતાં ?'

'આપને કહ્યું તો હતું કે સરપંચ જયરામસિંહ અને ઈન્સ્પેક્ટર બડેરાનાં નામ લખેલાં હતાં.'

'વેલ... મિસ્ટર પરોત... તમારી માસીની દીકરી હતી અને તેના મોતને કારણે તમે અપસેટ થયા હો તે હું સમજી શકું છું, કારણ માણસ માનસિક તનાવ હેઠળ કેટલીક વખત મૂર્ખાઈનું કામ કરે છે. પણ જો હું એક પોલીસ અધિકારીની જેમ વર્તું તો શું કરી શકું તે તમને ખબર છે ? પહેલી વાત તો એ કે હું તમને લાંચ આપવાના ગુનામાં લઈ શકું. બીજી વાત એ કે એ ચિઠ્ઠીમાં જો આટલો રસ તમને કે તમારા મિત્રને હોય તો શી ખાતરી કે તેમાં બીજું કંઈ નહિ લખ્યું હોય ?'

'એટલે ઈન્સ્પેક્ટર તમે –' જિગરનો ચહેરો લાલ થયો.

'ગુસ્સે થવાની જરૂર નથી. આ જગ્યાએ... આઈ મીન... પોલીસ ચોકીમાં કોઈનો ગુસ્સો બરદાશ્ત કરવાની મને આદત નથી... પોલીસ અધિકારી સામે ચોરી કે બદઈરાદાનો આરોપ મૂકતાં પહેલાં તમારે સત્તર વખત વિચાર કરવો જોઈએ.'

'પણ અમે એવો આરોપ મૂક્યો નથી..' જિગરે કહ્યું. પણ તેને પોતાના શબ્દો ખોખરા લાગતા હતા.

'નાઉ... લિસન... શારદા વિશેની અમે તપાસ કરી છે. તમારે એવું માનવાની જરૂર નથી કે પોલીસ એક વખત કાગળો કરે છે પછી ઊંઘી જાય છે. શારદાનો વર વલ્લભદાસ તલાટી છે, એટલું જ નહિ પણ સરપંચ જયરામસિંહનો દોસ્ત છે. અમે જે સ્ટેટમેન્ટ મેળવ્યાં છે તેમાંનાં મોટા ભાગનાં સ્ટેટમેન્ટમાં, એક વાત ચોક્કસ રીતે એસ્ટાબ્લિશ થાય છે કે શારદા અનેક વખત જયરામસિંહને ઘેર જતી હતી એટલું જ નહિ પણ તેની જીપમાં અવારનવાર તેણે એકલાં અને બીજાઓની સાથે મુસાફરી કરી હતી.'

'તેનાથી પુરવાર ન થઈ શકે કે તેના પર બળાત્કાર થયો નથી.' જિગરે ગુસ્સો ફેફસાંમાં દબાવી રાખીને કહ્યું.

'અચ્છા. તો તેનાથી પુરવાર થઈ શકે કે બળાત્કાર થયો છે ?' ભાલેજાએ સામો પ્રશ્ન કર્યો.

જિગર પાસે તેનો જવાબ ન હતો.

'તો શું શારદાને સ્વપ્નું આવ્યું કે તેના પર બળાત્કાર થયો છે ? ભાલેજા સાહેબ, ધેર કેનનૉટ બી સ્મોક વિધાઉટ ફાયર...'

'બટ ધેર કેન બી ફાયર વિધાઉટ સ્મોક..' એટલી જ ઝડપથી ભાલેજાએ જવાબ

આપ્યો અને ઉમેર્યું.... 'સંતાન વગરની કેટલીય ઓરતોએ પોતાની ભૂખ સંતોષવા...' ભાલેજા વાક્ય પૂરું કરે તે પહેલાં જિગર ઊભો થયો.

'માઈન્ડ યૉર ટંગ સર.. આપ પોલીસ અધિકારી હો એટલે ગમે તેમ બોલવાનો આપનો અધિકાર નથી.' જિગર બોલ્યો. ભાલેજાએ ત્યાં પડેલી ઍશ-ટ્રેમાં સિગારેટ બુઝાવી અને ધીરેથી તે પણ ઊભો થયો. તેણે ગજવામાંથી સો રૂપિયાની બે નોટો કાઢી અને ટેબલ પર મૂકી.

'અવાજ ધીરે રાખવાનો યંગ મૅન... આ તારા બસ્સો રૂપિયા. હું લાંચ ખાનારો અધિકારી હોત અને જો મારી પાસે, તું કહે છે તેવી ચિઠ્ઠી હોય તો હું બે હજાર રૂપિયામાં હાથ ન નાખું....'

'એટલે તમારે વધારે પૈસા જોઈએ છે ?' જિગરે કહી નાખ્યું.

'હજુ તારો તંત નથી છોડતો છોકરા... ટેઈક યૉર મની ઍન્ડ ટ ટ ટ ઑફ ... એવી ચિઠ્ઠી હોય તો તેની સાચી કિંમત તું કે તારો દોસ્ત ન કરી શકો, સમજ્યા ? એ જયરામસિંહ કરી શકે. નાઉ... લિસન ટુ મી... ગો હોમ... ટેલ યૉર ફ્રેન્ડ ઑલ્સો ટુ ગો હોમ.... શારદા ઘેર પાછી આવી ત્યારે તેની સાથે કેવળ જયરામસિંહ કે ઈન્સ્પેક્ટર બડેરા જ ન હતા, પણ પળિયાપર સ્કૂલના આચાર્ય પણ સાથે હતા....'

'પણ ધેન વ્હાય શુડ શી કમિટ સુઈસાઈડ....'

'એનો જવાબ હું કેવી રીતે આપી શકું ?....'

'શી રોટ એ નોટ...'

'ઇફ એટઑલ શી ડિડ....' કહીને ભાલેજા તેની ખુરસી વટાવીને જિગરની બાજુએ આવ્યો. 'વલ્લભે એ ચિઠ્ઠી જોઈ હતીને... તો વલ્લભને પૂછજો... સ્ત્રીઓ આપઘાત કરે તેનું કારણ કેવળ બળાત્કાર નથી હોતો. નાઉ ગેટ ગોઈંગ...' કહીને ભાલેજાએ ટેબલ પર પડેલી બંને નોટોનો ડૂચો કરીને જિગર પર ફેંક્યો. જિગરે એ નોટો ઝીલી લીધી.

'આઈ હેઈટ યૂ... ભાલેજા... આઈ હેઈટ યૂ એન્ડ ધ લાઇક ઑફ યૂ...' દાઝી ગયેલા નિ:સહાય આદમીની માફક તે પગથિયાં ઊતર્યો.

**

શું કરવું તે તેને સમજાતું ન હતું. તે વલ્લભના ઘર સુધી ગયો. પાછો બજારમાં ગયો. રસ્તા પર ઊભેલી લારી પરથી તેણે કાશ્મીરી સોડા લીધી. અને એક જ ઘૂંટડે તે પી ગયો. તેનું માથું ગુસ્સાથી ફાટતું હતું. તેને પોતાના જ ગાલ પર ત્રણચાર તમાચા મારવાનું મન થઈ આવ્યું.

'વૉટ એ ક્રુઅલ જોક... વૉટ એ નેસ્ટી ક્રુઅલ જોક... સાલો ભાલેજા...' તે બબડ્યો. તેને પોતાની અને હરીશની મૂર્ખાઈ પર સખત ગુસ્સો આવતો હતો. તેણે સીધા ડી.એસ.પી. પાસે જવાની જરૂર હતી. હરીશે સીધી લાંચ આપવાની જરૂર ન હતી. તેણે ચિઠ્ઠીના વધુ પૈસા આપવાનું કહેવું જોઈતું હતું. વગેરે અનેક આરોપો તેણે પોતાની જાત પર અને હરીશ પર મૂક્યા હતા.

થોડી વાર પછી તે રાજપરાની તાર ઑફિસ પર ગયો. રાજપરામાં રાજગઢની મુખ્ય તાર ઑફિસ હતી. તેણે ત્યાંથી હરીશને ત્યાં ફોન જોડવાનો પ્રયત્ન કર્યો. કૉલ ત્રણ કલાક પછી લાગી શકશે તેવો જવાબ તેને મળ્યો. તેણે કૉલ બુક કરાવીને ત્રણ કલાક પછી આવવાનું નક્કી કર્યું. તે પાછો વલ્લભને ત્યાં ગયો. વલ્લભની આંખો તેવી ને તેવી ગમગીન હતી.

**

ત્રણ કલાક પછી તેને હરીશના ઘરનો નંબર લાગ્યો હતો. પણ હરીશ ઘેર પહોંચ્યો ન હતો. તેણે ઘડિયાળ જોઈ. તેને નવાઈ લાગી હતી. પણ કદાચ હરીશ પૈસાના બંદોબસ્તમાં ક્યાંક ગયો હશે... તેણે કલાક પછી ફોન ફરી કરવાનું વિચાર્યું.

હરીશ બિચારો, મારતી મોટર સાઈકલે પાછો આવે તે પહેલાં ભાલેજા સાથે થયેલી વાતચીત તેને જણાવી દેવાનું જિગરે નક્કી કર્યું હતું જેથી હરીશ તેના બાપાજીની લાગવગ વાપરીને સીધો ડી.એસ.પી. પાસે જઈ શકે અથવા તો બીજું કંઈ વિચારી શકે. કલાક પછી ફરી તેણે ફોન લગાડ્યો પણ હજુય હરીશ આવ્યો ન હતો. હવે તેને ચિંતા થતી હતી. શું કરવું ? ઘડીભર તેને ઉદેપુર જવાનું મન થયું. પણ વલ્લભને એકલો મૂકીને કેવી રીતે જવું ? તેને ફરી કૉલ જોડવાનું મન થયું, પણ તેણે જોડ્યો નહિ. હરીશને ઘેર કોઈને ચિંતા થાય તેવું કરવાનું તેને ગમ્યું નહિ.

વલ્લભના ઘરથી તે રાજપરાના બજાર સુધી તે સાત-આઠ આંટા મારી આવ્યો. ત્યાં જ વલ્લભને ઘેર તેનો પટાવાળો દોડી આવ્યો હતો. પાલી માસી ગરુડપુરાણ સાંભળવા બેઠાં હતાં... વલ્લભ મેડીના કમરામાં હતો. જિગર પરસાળમાંના હીંચકે બેઠો હતો. અને થોડી સ્ત્રીઓ ગરુડપુરાણ વાંચતા પરોતની આસપાસ બેઠી હતી...

પેલો પટાવાળો આવીને પરસાળમાં જ અટક્યો.

'વલ્લભભાઈ ક્યાં છે ?'

'ઉપર.' જિગરે જવાબ આપ્યો. 'કેમ શું હતું ?'

'સરપંચ જયરામસિંહ...' તે બોલ્યો કે તરત જ જિગરે પોતાની આંગળી નાકે અડાડીને કહ્યું.

'ધીરેથી.... શું થયું છે ?'

'સરપંચ... સરપંચ જયરામસિંહ ગુજરી ગયો છે.'

'શું કહ્યું ?'

'માવલીની ચોકડીથી થોડે દૂર ગરસીના લાટ આગળ...'

'એટલે ?'

'ઉદેપુર જવાના રસ્તા પર... તેનું માથું ફાટી ગયું છે.... તદ્દન ફાડ્યાં... કોક કહે છે જીપ અથડાઈ છે. કોક કહે છે જીપમાંથી ઊંધો પડી ગયો. મને ટ્રાન્સપોર્ટવાળા છીતુભાઈએ કહ્યું.'

'એ ક્યાં છે અત્યારે ?'

'ઍમ્બ્યુલન્સમાં લાવ્યા છે. હૉસ્પિટલમાં... લાવ્યા ત્યારે જ મરેલો હતો પણ પોલીસ કહે છે મડદું ચીરવું પડશે.' પટાવાળાએ તેના જ્ઞાન મુજબ કહ્યું. જિગરે ઘડિયાળ જોઈ. હજુ સાંજના છ વાગવામાં દસ મિનિટ બાકી હતી. તેને હૉસ્પિટલ જવાનું મન થઈ આવ્યું. તેના હૈયામાં એક અજબ, એક ભયાનક, એક રાક્ષસી આનંદ છવાયો હતો... ઈશ્વરને ત્યાં જરૂર ન્યાય છે... તે બબડ્યો... અને મેડીનાં પગથિયાં ચડ્યો. વલ્લભ છાપરાની વળીઓ તરફ તાકીને જોઈ રહ્યો હતો....

**

જાણે એ વાતને યુગો વીતી ગયા હોય અને પોતે એ બધીય ઘટનાઓથી પર, અંતરિક્ષમાં કે કોઈ ઉપગ્રહમાં બેસીને જોતો હોય તેમ, જિગર પરોત એક સિલસિલો જોઈ રહ્યો હતો. જેલવાસની છેલ્લી રાત્રિની અંધારપિછોડી, એમાં આકાશની જેમ પથરાયેલી લાગતી હતી.. તેનો છેડો દેખાતો ન હતો. સૂરજ પણ જાણે જિગરની સાથે અટકીને ઊભો હોય તેમ સમય થંભાવીને, રાતની ઓછાડમાં રોકાયો હતો. અવાજ કરતાંય વધુ ઝડપે એક ફિલ્મ ચાલી રહી હતી... પોતાના જ જીવનની ફિલ્મ! અને છતાંય તે જોઈ રહ્યો હતો, એક નિઃસ્પૃહ પ્રેક્ષકની જેમ... પરોક્ષ રીતે... અપરોક્ષ દૃષ્ટિએ... તેના અંતરમાંથી એક નિઃશ્વાસ છૂટ્યો. તેણે કરવટ બદલી... શારદાનો, ગામડાની એ તાજગીભરી, તોફાની, સાદી, સીધી... શારદાનો ચહેરો તેની આંખ આગળ રમી રહ્યો.

**

ઈશ્વરીય અદાલતમાંથી છૂટેલી 'સજા-એ-મૌત' વીજળીની જેમ જયરામસિંહ પર ત્રાટકી હતી. અને ઓચિંતું જ તેનું મોત નીપજ્યું હતું અને ત્યારે જિગરને અંતરથી આનંદ

થયો હતો. ઈશ્વર સજગ છે... માનવીની ઉત્ક્રાન્તિથી આજ સુધીમાં ન્યાયની કેવી અને કેટલીય અવહેલનાઓ થઈ હશે. પરંતુ માનવીના જ ટાંકણાથી ઘડાયેલા પથ્થરની બનેલી, ન્યાયાલયની દીવાલોની બહાર કોઈ ઉચ્ચતમ અદાલત છે, તેવી તેને આજે પ્રતીતિ થતી હતી. તેને હસવું આવ્યું. ગોવિંદ હંમેશાં કહેતો, 'હતાશ આદમીઓ ઈશ્વરનો આશરો લે છે. મંદિરો કે મસ્જિદો કે ગિરજાઘરો તો માનવીની લઘુતાનું પ્રતીક છે. જે જાતે લઘુતા અનુભવે છે તેને ક્યારેય સાચું દર્શન થતું નથી.. હી ફાઇન્ડ્ઝ એસ્કેપ ઇન ગૉડ... ઇન રિલિજિયન... ઇન ડિવાઇન જસ્ટિસ... ધેર ઇઝ નો જસ્ટિસ બિયૉન્ડ એ સોશિયલ કૉન્ટ્રેક્ટ. ઍન્ડ એ સોશિયલ કૉન્ટ્રેક્ટ ઇઝ ઑલવેઝ બેઇઝ્ડ ઑન ધ માઇટ ઑફ મેન હૂ રાઇઝ ટુ રૂલ...'

ગોવિંદનાં એ વાક્યો ગમે તે હોય... પણ ઈશ્વરી સંકેતની જેમ જયરામસિંહનું મોત નીપજ્યું હતું. એ જોગાનુજોગ હોય તોપણ તે અસાધારણ હતો અને એટલે જ એ અપવાદ સમો હતો.

દુઃખ અને હતાશાના ઢેર નીચે દબાઈને સૂઈ રહેલા શારદાના વરને - વલ્લભને - એક અદના નિઃસહાય તલાટીને, આ સમાચારથી જરૂર દિલાસો મળશે એમ સમજીને જ તેણે જાતે જ વલ્લભને આ સમાચાર આપવાનું વિચાર્યું અને એ સમાચાર લઈને આવેલા પટાવાળાને રવાના કર્યો. આમેય વલ્લભ, શારદાના જિસ્મને ચૂંથી નાખનાર ગીધડાંઓનું મોત તો ઇચ્છતો જ હતો ને ! તો પછી ઈશ્વરે જ વલ્લભની આંતરડી ઠારવા આ નહિ કર્યું હોય તેની શી ખાતરી !

ઝડપથી મેડીનાં પગથિયાં ચડીને જિગર ઉપર ગયો. વલ્લભ છાપરાની વળીઓમાં કોણ જાણે શું જોતો હતો ! તે ચત્તોપાટ ખાટલામાં પડ્યો હતો. તેની તગતગતી આંખો ઢળતા છાપરામાં મંડાયેલી હતી.

'વલ્લભ... વલ્લભ... મારે તને સમાચાર આપવાના છે....' તેણે કંઈક ઉત્સાહથી વલ્લભને કહ્યું. વલ્લભ અધડૂકો બેઠો થયો. 'વલ્લભ, સરપંચ જયરામસિંહ ગુજરી ગયો છે... કમોતે મરાયો છે.' જિગરે કહ્યું.

વલ્લભના કપાળમાંની રેખાઓની ચાલ બદલાઈ. ભમ્મરો તંગ થઈ. આંખો ઝીણી થઈ. ન સમજાય તેવી કોઈ આકાશવાણી થઈ હોય તેમ તે તાકી રહ્યો. તેના કાન સહેજ ખેંચાયા.

'વલ્લભ, તારો પટાવાળો ખરો ને... એ હમણાં જ સમાચાર લાવ્યો કે સરપંચ જયરામ ગુજરી ગયો છે.'

વલ્લભ સફાળો બેઠો થયો. તેણે એકાએક ઊભા થઈને જિગરનો ખભો પકડ્યો, 'શું કહ્યું ? જિગરભાઈ, તમે શું બોલ્યા ?'

'કૂતરાના મોતે મર્યો. વલ્લભ... એ સાલો હરામજાદો જીપ હેઠળ પડીને મર્યો એમ કહે છે.'

'ચગદાઈ ગયો ?'

'એ તો ખબર નથી. જીપ ઊથલીને પડી અને જયરામનું માથું ફાટી ગયું એમ કહે છે.'

'જાતે મરી ગયો.... ?'

'જાતેસ્તો.. બીજું શું.'

'અને બડેરા... ?' વલ્લભે પૂછ્યું. શારદા પર બળાત્કાર કરનારા બેમાંથી એકને તો ઈશ્વરે નસિયત કરી હતી. પણ વલ્લભની ભીતરમાં આગ સળગતી હતી.

'બડેરા નહિ... જયરામસિંહ, એકલો સરપંચ જ.'

'એટલે એ ઇન્સ્પેક્ટર હજુ જીવે છે !' વલ્લભે પૂછ્યું. જિગર પાસે તેનો કોઈ જવાબ ન હતો.

'એ પણ આમ જ મરશે. વલ્લભ, આપણી શારદાને આપઘાત કરવાની સ્થિતિમાં મૂકી દેનાર કોઈ સુખી થવાનો નથી....'

'પણ... મારી શારદા.... જિગરભાઈ, શારદા....'

એકાએક વલ્લભનાં ફેફસાં ધમણની માફક ફૂલ્યાં. આગની ઝાળ જેવો ભયાનક નિઃશ્વાસ તેના ધડમાંથી બહાર આવ્યો. વલ્લભની આંખો એકાએક ઊભરાઈ.

શારદાના મૃત્યુ પછી મન મૂકીને વલ્લભ પ્રથમ વાર તે વખતે જ રડ્યો હતો. એ રુદન તેને માટે અનિવાર્ય હતું. જયરામસિંહનું મૃત્યુ ન થયું હોત તો વલ્લભ પાગલ થઈ જાત... પોલીસની મદદ વગર ન્યાય મળે તેમ ન હતો...ગુનેગારને સજા કરવાની સહેલી રીત... પોતાની રીતે ન્યાય તોળી લેવાની છે... પણ વલ્લભથી એ થઈ શકે તેમ ન હતું. તે અંતરથી સરપંચ જયરામનું લોહી સાચેસાચ પીવા માગતો હતો. છતાં તેમ કરવાની તેનામાં શક્તિ ન હતી, ત્રેવડ ન હતી. અને એટલે જ જ્યારથી શારદા મૃત્યુ પામી ત્યારથી ચિત્તક્ષોભ થયેલા માનસિક દર્દીની જેમ તે દાંત કચકચાવતો હતો. એ તેના ગુસ્સાને કારણે નહિ, ગુસ્સો નહિ કરી શકવાની તેની અશક્તિને કારણે... શારદાનું મોત કેવળ આઘાતજનક હતું એવું જ નહિ, વલ્લભ માટે એ એક પડકાર સમું હતું. તેની પત્ની પરનો બળાત્કાર તેના પુરુષાતનનો હ્રાસ હતો. અને એટલે જ વલ્લભ એક પારાવાર સંઘર્ષ અનુભવતો હતો.

જિગરે તેને પંદર-વીસ મિનિટે શાંત પાડ્યો. વલ્લભની આંખમાં પહેલીવાર સ્વસ્થતા આવી. તે નૉર્મલ થયો હતો. જિગર તેને માટે પાણી લઈ આવ્યો. મેડીની બહાર ઝરૂખામાં

જઈને વલ્લભે મોઢું ધોયું. જિગરે પોતાના ગજવામાંથી સિગારેટનું પાકીટ કાઢ્યું અને વલ્લભ માટે સિગારેટ સળગાવી. વલ્લભ કંઈક નિરાંતે બેઠો. તેના માથા પરથી ભયાનક બોજો હળવો થયો હતો.

'સાચું કહું જિગરભાઈ... હું... હું... એ જયરામ... જો મરી ગયો ન હોત તો તેના ટુકડે ટુકડા કરવાનો હતો.' વલ્લભ બોલ્યો. જિગરે સંમતિ ઠાલવી. જિગરને એટલી શાંતિ હતી કે વલ્લભના આંતરિક સંઘર્ષનો કમસે-કમ ઉકેલ આવ્યો હતો. બાકી વલ્લભ કશું જ કરી શકવાનો ન હતો. અને એ અશક્તિ... એ નપુંસકતા અને તેને થયેલા પડકાર વચ્ચે તે બૂરી રીતે તનાવ અનુભવતો હતો. જયરામના મૃત્યુથી એ તનાવ ચાલ્યો ગયો હતો... વલ્લભ ધીરેથી જિગરની સાથે નીચે ઊતર્યો હતો અને લોકોની સાથે જઈને બેઠો હતો.

અત્યાર સુધી તેને વલ્લભની ચિંતા હતી. હવે તેને હરીશની ચિંતા થવા લાગી હતી. રાતે નવ વાગ્યા છતાં હરીશ પાછો આવ્યો ન હતો. જિગરને થયું કે કદાચ તે પૈસાનો બંદોબસ્ત નહિ કરી શક્યો હોય. નવ વાગ્યે તેના અદા અને બજોટાના બીજા બે-ત્રણ સગાઓ પાલી માસીને દિલાસો આપવા આવી પહોંચ્યા હતા. જિગરે બજોટા સંદેશો મોકલાવ્યો હતો, પણ અદા ખેરવાડા પરોતાને કામે ગયા હતા એટલે તેમને સંદેશો મોડો મળ્યો હતો. નવ વાગ્યે એ લોકો આવ્યા એટલે લગભગ દોઢેક કલાક તે એમની સરભરામાં રોકાયો હતો. જેમ જયરામના મોતના સમાચારે વલ્લભનો તનાવ તૂટ્યો હતો તેમ અદાને જોઈને પાલી માસી એકાએક સંવેગમય થઈ ગયાં હતાં અને આઘાતથી જકડાઈ રહેલાં આંસુ અને ડૂમો, નદી પરનો કોઈ બંધ તૂટી પડે તેમ તૂટી પડ્યાં...

**

દસ વાગ્યે રાજગઢ સૉફ્ટ સ્ટોન કંપનીમાંથી એક આદમી વલ્લભ તલાટીનું ઘર શોધતો આવ્યો અને તેણે જિગર પરોતને માટે, ઉદેપુરથી આવેલો સંદેશો આપ્યો હતો. હરીશ જૈને સંદેશો કહેવરાવ્યો હતો કે તે આવી નહિ શકે.

'બીજું, કાંઈ કહ્યું નથી ?' જિગરે પેલા આદમીને પૂછ્યું.

'નહિ. એ તો ખબર નથી. ફોન અમારા શેઠે લીધો હતો. તેમણે માત્ર એટલું જ કહેવરાવ્યું છે કે હરીશ જૈન આવી શકશે નહિ.'

'તમારા શેઠ ? એ હરીશને ક્યાંથી ઓળખે ?'

'છગનલાલજી...' તેણે નામઠામ અને સરનામું આપ્યું. અને કહ્યું, 'ઉદેપુરમાં તેમના ઘણા સંબંધીઓ છે.'

'તમારા શેઠ ? એ હરીશને ક્યાંથી ઓળખે ?'

'છગનલાલજી...' તેણે નામઠામ અને સરનામું આપ્યું. અને કહ્યું, 'ઉદેપુરમાં તેમના ઘણા સંબંધીઓ છે.'

જિગર પરોતે એ માણસને બીજું કાંઈ પૂછ્યું નહિ. તેને આશ્ચર્ય થતું હતું કે હરીશ શા માટે આવ્યો નહિ હોય. હરીશ 'એફલુઅન્ટ સોસાયટી'માં પેદા થયેલો છોકરો હતો, પણ તે સમયનો અને જબાનનો પાબંદ હતો.

**

તે રાત જિગરે ભારે કંટાળામાં ગાળી હતી. હરીશને ખરેખર કંઈ કામ આવી પડ્યું હશે....

બીજે દિવસે સરપંચ જયરામસિંહની સ્મશાનયાત્રા નીકળી હતી. ગામમાં તરેહ તરેહની વાતો પણ ચાલુ થઈ હતી. શારદાનો આપઘાત અને તે પછી જયરામનું મૃત્યુ એ બન્ને બનાવો રાજગઢ ગામની મૉનોટોનીમાં 'વાતો કરવા લાયક' મસાલેદાર ઘટનાઓ હતી. વલ્લભે હૉસ્પિટલમાં જે 'સીન' કર્યો હતો તેની વાતો નજરે જોનાર નર્સો અને અન્ય પેશન્ટોએ ફેલાવી હતી. લોકો ગુસપુસ વાતો કરતા અને કહેતા, 'ભાઈ, અહીં ને અહીં બધું ભરવાનું છે.' જેવાં કરમ એવાં પરિણામ' તો વળી કોઈ કહેતું કે શારદાનો આત્મા અવગતે ગયો છે અને તેણે જ જયરામને અકસ્માત કરાવ્યો. બાકી જયરામ તેની જિંદગીમાં પાંચસો વખત ઉદેપુર તેની જીપ લઈને ગયો હશે. તે આજકાલનો ઓછો મોટર ચલાવતો હતો ! વીસ વરસથી ગાડી ચલાવતો આદમી એમ ને એમ ઓછો ખાડામાં પડે.....

ગમે તેમ શારદાના આપઘાતના અનુસંધાનમાં પોલીસે જે એફ.આઈ.આર. નોંધ્યો હતો તે મુજબ તપાસ તો શરૂ થઈ હતી. બીજે દિવસે વલ્લભને પોલીસ સ્ટેશને લઈ જવા માટે બે કૉન્સ્ટેબલો આવ્યા હતા. પણ જિગરે મક્કમતાથી કહેવરાવ્યું હતું કે વલ્લભ અત્યારે પોલીસ સ્ટેશન પર આવી શકે નહિ. ભાલેજા સાહેબ અહીં આવીને વલ્લભનું સ્ટેટમેન્ટ નોંધી શકે છે.... એ જવાબ લઈને કૉન્સ્ટેબલો ચાલ્યા ગયા હતા....

શારદાના કેસ બાબત થોડીક મૂંઝવણ પોલીસ માટે તો હતી જ. અલબત્ત જયરામસિંહનું અચાનક મોત થવાથી પોલીસને થોડીક રાહત થઈ હતી. અને ભીનું સંકેલવામાં હવે તેમને ઝાઝી તકલીફ પડવાની ન હતી.

તે દિવસે બપોર સુધી જિગર વલ્લભના ઘરમાં જ રોકાયો હતો, પણ તેનું સ્ટેટમેન્ટ લેવા સબઇન્સ્પેક્ટર ભાલેજા આવ્યો નહિ. તેમની રાહ જોઈને બપોરે તે રાજગઢ સૉફ્ટ સ્ટોન કંપનીની ઑફિસે ગયો હતો અને ત્યાંથી તેણે હરીશ જૈનને ત્યાં કૉલ જોડ્યો હતો. આ વખતે કોઈ નોકરે નહિ, પણ હરીશની માએ ફોન ઉપાડ્યો હતો અને જિગરનો અવાજ ઓળખ્યો હતો.

'અમ્મી....' હરીશની જેમ જ બધા મિત્રો તેની માને અમ્મી કહેતા.'હરીશ ક્યાં છે ?'

'તું રાજગઢથી બોલે છે ?'

'હા... હરીશ ક્યાં છે ?'

'કોણ જાણે ! એ ક્યાં રખડે છે તે જ સમજાતું નથી. આજે સવારે જ મને તારી બહેનના સમાચાર આપ્યા. ખૂબ ખોટું થયું.....' અમ્મીએ કહેવા માંડ્યું.

'અમ્મી, તમે હરીશને કહેશો મને સાંજે છ વાગ્યે ફોન કરે... આ નંબર ઉપર.' કહીને જિગરે ફોન નંબર આપ્યો. 'હું છ વાગ્યે અહીં હાજર રહીશ.'

'હું એને કહીશ. જો એ મળશે તો... આજે રાત્રે એ જોધપુર જવાનો છે.'

'જોધપુર ?' જિગરે પ્રશ્ન કર્યો, 'કેમ ?'

'એ તો ખબર નથી. એ છોકરો ક્યાં કશું કહે છે ? મને તો તેની ચિંતા જ રહ્યા કરે છે. પરમ દિવસે આખું શરીર છોલીને આવ્યો હતો. મેં પૂછ્યું ત્યારે ખબર પડી કે તારી સાથે એ રાજગઢ આવ્યો હતો. તને તો વાગ્યું નથી ને ?'

'મને ?' જિગરે આશ્ચર્યથી પૂછ્યું. 'વાગ્યું નથી એટલે ?'

'તું એની સાથે ન હતો મોટર સાઇકલ પર....'

'હતો ને અમ્મી. તે મને રાજગઢ મૂકવા આવ્યો હતો, પણ એ પાછો એકલો ગયો હતો.'

'તો પછી પાછા આવતાં પડ્યો હશે. એ મોટર સાઇકલ ચલાવે છે કે વિમાન તે જ મને સમજાતું નથી ! તમે દોસ્તો એને કહેતા કેમ નથી ?'

'એટલે અમ્મી... એ પડ્યો છે ?'

'કહેતો હતો કે મોટર સાઇકલ સ્લિપ થઈ ગઈ. એ તો સારું થયું બહુ વાગ્યું નથી.... નહિ તો ઉપાધિ થાય ને...' અમ્મી બોલતી હતી ત્યાં જ ઑપરેટરે કહ્યું... 'થ્રી મિનિટ્સ.... ઓવર.....'

'અચ્છા અમ્મી, આવજો, તેનાથી થાય તો મને છ વાગ્યે ફોન કરે. આવજો...' કહીને જિગરે ફોન મૂક્યો અને રાજગઢ સૉફ્ટ સ્ટોન કંપનીના માલિક છગનલાલજીનો આભાર માનીને તે બહાર નીકળ્યો અને વલ્લભને ત્યાં પાછો જવા બજારને રસ્તે ચાલ્યો......

તે થોડું ચાલ્યો હશે ત્યાં જ પાછળથી મોટર સાઇકલ આવી અને તેની બાજુમાં આવીને ઊભી રહી. સાદા ડ્રેસમાં એ સબઇન્સ્પેકટર ભાલેજા હતો.

'હલ્લો, મિ. પરોત..... ક્યાં જઈ રહ્યા છો ?'

'વલ્લભને ત્યાં...'

'ચાલો ઉતારી દઉં.....'

'નહિ સાહેબ, થેંક્સ....'

'અત્યારે હું વરદીમાં નથી. મિ. પરોત....'

'મને દેખાય છે...' તે બોલ્યો. તેને કહેવાનું મન થઈ આવ્યું કે તે અને હરીશ તેને ઘેર મળવા ગયા ત્યારે પણ તે વરદીમાં ન હતો.

'વેલ... તમારો સંદેશો મને મળ્યો... અને મેં એ પ્રમાણે કર્યું છે...'

'ક્યો સંદેશો ?'

'વલ્લભને અત્યારે ડિસ્ટર્બ નહિ કરવાનો....'

'આભાર....'

'તમારા પેલા મિત્ર ક્યાં છે... પેલા મિ. જૈન ?' ભાલેજાએ પૂછ્યું.

'તેમને ઘેર... એ પાછા ચાલ્યા ગયા છે. એ મને મૂકવા આવ્યા હતા.'

'મને પાછળથી ખબર પડી કે એ જૈન કુટુંબના છે.' ભાલેજા બોલ્યો.

'અમે તમને મળવા આવ્યા ત્યારે તમે પૂછ્યું હતું.' જિગરે કહ્યું.

'હા.... પણ તે વખતે મને ખ્યાલ નહોતો આવ્યો....'

'તમને ખ્યાલ આવ્યો હોત તો સારું થાત....' જિગર બોલ્યો.

'ખેર ! હવે તો અર્થ પણ નથી. તમને જેના પર શંકા હતી તે માણસ જ હયાત નથી...' ભાલેજા બોલ્યો.

'શંકા નહિ, પુરાવો હતો. પણ તમે આપવા તૈયાર ન થયા...' જિગરે કહી નાખ્યું. ભાલેજા બોલ્યો નહિ. 'અને હજુ પણ તમે ક્યાં બાકી રાખો છો ! શારદા શા માટે ગુજરી ગઈ તેની તપાસનું નાટક તો ચાલુ જ છે ને !'

'મિ. પરોત.... રૂટીન મુજબ જ એ થાય છે. આ સરપંચ ગુજરી ગયો તેની પણ તપાસ તો ચાલુ જ છે. ડૉક્ટરોએ બે અભિપ્રાય આપ્યા છે !' ભાલેજાએ કહ્યું.

'એટલે ?' જિગરે સહેજ જિજ્ઞાસાથી પૂછ્યું.

'વાત કૉમ્પ્લિકેટેડ નથી... પણ ડૉક્ટરો પાણીમાંથી પોરા કાઢે છે. તેમાંય જ્યારે જૂનિયર ડૉક્ટર ઑટોપ્સી કરે ને એટલે બસ... નખ તૂટ્યો હોય તોય રિપોર્ટમાં લખી નાખે.' ભાલેજાએ કહ્યું.

'એટલે જયરામના નખ તૂટ્યા હતા ?'

'એમ નહિ. મારી મતલબ છે કે નાની બાબતોને પણ ચીતરી નાખે. તેમને ઓછી ખબર હોય છે કે પછી અમારે કેટલી પળોજણ થાય છે ?'

'શેની પળોજણ....'

'આ જુઓને... સરપંચ મરી ગયો. ચાર-પાંચ પેગ મારીને એ ગાડી ચલાવતો હશે... ગાડી ઊંધી પડી તે સાથે ક્યાંક, કશાકની ટક્કર તેની બોચીમાં વાગી હશે... ઇન્ટરનલ હેમરેજ... બ્રેઈન ઇન્જરી. મૃત્યુ તેનાથી જ નીપજ્યું હશે. પણ તેનું તાળવું પણ તૂટ્યું છે. કમબખ્તના માથાની વચ્ચે પણ કશુંક અથડાયું છે. એ એક્સ્ટર્નલ ઇન્જરી છે... હવે યાર એવું ઝીણું કાંતવાની શી જરૂર હતી ? પણ નહિ, ડૉક્ટરોને ઝીણું કાંતવામાં રસ છે....'

'તેમની એ ફરજ નથી ?' જિગરે પૂછ્યું.

'એમ નહિ, પણ પછી અમારે કેટલી મુસીબત ! તપાસ કરો. કેવી રીતે અથડાયો... કેમ અથડાયો. બૉડી પોઝિશન જુઓ....'

'એ તો સ્વાભાવિક છે ને....' જિગરે કહ્યું, 'પણ અકસ્માત થયો 'શી રીતે ?'

'હવે એ તો કેમ ખબર પડે ? પણ એવું લાગે છે કે જયરામ કોઈને બચાવવા ગયો હશે... અથવા તો કોઈ વાહન સાથે ટકરાતાં રહી ગયો હશે... સાઇટ પરથી ઝાઝી ખબર પડતી નથી. કારણ ગાડી ખાડામાં પડી છે અને તેને કિનારે આવળની ઝાડી છે. ખાડાની બાજુમાં, રસ્તો બાંધવા માટેના પથ્થરો ન પડ્યા હોત તો કદાચ તે બચી ગયો હોત.... મને લાગે છે હૂડનો પાઇપ તેના માથાની વચ્ચે ટકરાયો હશે... વેલ... જવા દો એ વાત. તમને મૂકી દઉં. મારે એ તરફ જ જવાનું છે.'

'જયરામના મોતથી તમને ખાસ્સું દુઃખ થયું હશે નહિ ?' જિગરે પૂછ્યું. ભાલેજા તેની સામે જોઈ રહ્યો અને તેણે મોટર સાઇકલને કિક મારી....

'સાચું કહું... મિ. પરોત... જયરામના જવાથી રાજગઢ હલકું થયું છે...'

'આ તમારો સાચો અભિપ્રાય છે ?' જિગરે પૂછ્યું.

'હું હેવાન નથી...' ભાલેજાએ જવાબ આપ્યો.

'અને છતાં તમે એ ચિઠ્ઠી.... પેલી શારદાએ લખેલી ચિઠ્ઠી આપવા તૈયાર ન હતા..?' જિગરે એકાએક હિંમત કરીને કહ્યું, 'ભાલેજા સાહેબ, એ ચિઠ્ઠી કેટલી અગત્યની છે તે તમને મારે સમજાવવાની જરૂર નથી. એ ચિઠ્ઠી પરથી હું એ સરપંચ અને તમારા ઇન્સ્પેક્ટરને ખબર પાડી દેત...'

'પોલીસ... અને તેમાંય જૂનિયર પોલીસ અધિકારીની મજબૂરીઓનો તમને ખ્યાલ નથી...' ભાલેજાએ મોટર સાઇકલનું મશીન બંધ કરીને કહ્યું.

'મતલબ... મતલબ તમે એક ભયાનક ગુનામાં આંખ આડા કાન કરી નાખો.... તમને આત્મા જેવું કંઈ જ ન હોય... શું તમે એવા મજબૂર હો છો કે તમારે શારદા જેવી નિર્દોષ બાઈના મોતમાં... અરે ખૂન જ કહો ને... એવા કામમાં હાથ ખરડવા પડે ?....'

'મિ. પરોત... જો મને આત્મા જ ન હોત તો અત્યારે તમારી સાથે વાત જ ન કરતો હોત... અને એટલે જ તો મેં તમને કહ્યું કે જયરામના જવાથી રાજગઢ હલકું થયું છે.' તે બોલ્યો.

'આ તમારા કહેવાથી શું મળવાનું હતું ? ખેર ! જેનો કોઈ બેલી નથી તેનો ઈશ્વર બેલી છે. જયરામને ઈશ્વરે તો જોયો.... તેના કૃત્યની તેને સજા મળી હોત તો મને વધુ આનંદ થાત...'

'એ નિર્દોષ છૂટ્યો હોત... મિ. પરોત... તમે સંવેદનશીલ આદમી છો. તેનું જે થયું તે બરાબર થયું છે. બાકી ધારો કે તમે કેસ કરાવી શક્યા હોત. ધારો કે શારદાએ લખેલી પેલી ચિઠ્ઠી તમે મેળવી શક્યા હોત તોપણ જયરામને આવી સજા ન થઈ શકી હોત. અરે નવ્વાણુ ટકા તો તે છૂટી ગયો હોત...' ભાલેજાએ કહ્યું.

'આ બચાવ છે ? ભાલેજા સાહેબ... તમારે અમને કહેવું જોઈતું હતું કે ચિઠ્ઠીની કિંમત શું હતી... હરીશે તમને બે હજાર રૂપિયા આપવાનું કહ્યું ન હતું ?'

'જવા દો. ક્યારેક હું એ પણ વાત કરીશ. બાકી તમે ધારો છો તેટલો 'કરપ્ટ' આદમી હું નથી. મેં ક્યારેય લાંચ લીધી નથી તેવું હું કહેવા માગતો નથી. પોલીસ ખાતામાં પણ કેટલીક રસમો છે. એ બધું તમને નહિ સમજાય. વેલ.... જવા દો... જયરામ ગુજરી ગયો છે. અકસ્માતથી..... બાકી સાચું કહું, એ અકસ્માતથી ગુજરી ગયો હોય તેવું હું માનતો નથી... આઈ મીન... અકસ્માતના સ્થળ પરથી મને એવું લાગતું નથી. પછી તો રામ જાણે....'

'હું સમજ્યો નહિ....'

'મોતના સ્થળે હું સૌથી પહેલો પહોંચ્યો હતો. ફોટા પણ લેવરાવ્યા હતા. જીપ જે ખાડામાં પડી હતી, ત્યાંથી દૂર બીજા કોઈ વાહનનાં ટાયરોનાં નિશાન છે... વેલ..... એ નિશાનની નોંધ મેં ક્યાંય લીધી નથી... જયરામ ગુજરી ગયો હતો.... એ નોંધ કરીને કાંઈ ફાયદો ન હતો...'

'કેમ ?'

'એ નિશાન મોટર સાઈકલના ટાયરનાં હતાં અને થોડે દૂર બ્રેક લિવર પણ તૂટીને પડ્યું હતું.... પણ મને થયું... શા માટે મારે એ નોંધવું ? જયરામ મર્યો છે અકસ્માતથી જ... પછી શું કામ કંઈ પળોજણ કરવી ?... કંઈ અર્થ ખરો ? ધ મૅન ડિઝર્વ્ડ ટૂ ડાય.....' કહીને ભાલેજાએ ફરીથી કિક મારી અને મોટર સાઈકલને ફર્સ્ટ ગિયરમાં નાખી.... 'પોલીસનું કામ મદદ કરવાનું છે મિ. પરોત....' કહીને તેણે મોટર સાઈકલ ભગાવી દીધી... આ વખતે તેણે જિગરને 'લિફ્ટ' આપવાનું પણ પૂછ્યું નહિ.

જિગર ઘડીભર સરી જતી મોટર સાઈકલના લયબદ્ધ નૉકિંગને સાંભળતો રહ્યો. તેનું મગજ ચકરાવે ચડ્યું હતું. કમબખ્ત ભાલેજા શું કહી ગયો ? શું બકી ગયો....?

**

એ બધા હસતા હતા.. ચંદન નામેચા... અશોક શેખાવત, હરીશ જૈન અને ગોવિંદ ભંડારી... ખડખડાટ હસતા હતા. ભાલેજાની અને તેની વચ્ચે થયેલા સંવાદો સાંભળીને એ ચારે જણ હસતા હતા....

'હી ઈઝ એ જેન્ટલમૅન..... યસ એ જેન્ટલમૅન... ઈન ઍન્ડ આઉટ એ જેન્ટલમૅન...' હરીશ જૈન બોલી ઊઠ્યો...

બૅન્ક ઑફ મેવાડની લૂંટમાં સંડોવાયેલા ચુનંદાઓનો એ પ્રથમ અનુભવ હતો... પ્રથમ રોમાંચ હતો હરીશ જૈનની મર્દાનગી.... મોટર સાઈકલ ચલાવવાની તેની આવડત.... તેની હિંમત.... આજે દોસ્તો આનંદમાં હતા... હરીશ ગમગીન હતો... શારદાને ગુજરી ગયે પંદર દિવસ થયા હતા... જયરામનું બારમું આજે ઊજવાયું હતું... મિત્રોની મહેફિલમાં....

**

જિગર પરોતે કરવટ બદલી.... પોલીસ ડાક બંગલાની બારી બહાર ઊગેલી કેળ પર મંકોડાઓ ઝનૂનથી ચડ-ઊતર કરતા હતા... જિગરના મનમાં વારંવાર સવાલ ઊઠતો હતો.... શું હરીશ જૈને કબૂલાત કરી હશે ? શું એ હાંડાનો બચ્ચો અને આઈ.જી.પી. મોરારકો સાચું બોલતો હશે ?....

**

મિત્રોનું હાસ્ય તેના કાનમાં ગુંજી રહ્યું... પડઘાની જેમ.... એક ભયાનક સ્મૃતિની શૃંખલાની જેમ....

ગોવિંદ ભંડારી અને અશોક શેખાવતના કમરામાં બેઠેલા એ મિત્રોના હાસ્યથી પહેલાં તેને રોષ ચડ્યો હતો. પણ એ હસ્યા કેમ હતા ? શા માટે તે આનંદ અનુભવતા હતા, તે જ્યારે જિગરે જાણ્યું ત્યારે તેની આંખમાંથી રોષ ચાલ્યો ગયો હતો. રોષને ઠેકાણે આશ્ચર્ય અને આશ્ચર્ય પછી આઘાત પ્રગટ્યો હતો.

'માઈ ગૉડ હરીશ... માઈ ગૉડ...' તે બોલી ઊઠ્યો ત્યારે પણ તે માની શક્તો ન હતો કે હરીશ સાચું કહેતો હતો કે ગપ ચલાવતો હતો.

**

'ઈટ વૉઝ ઍઝ સિમ્પલ ઍઝ ધૅટ.... ધ બ્લડી સ્વાઈન....' હરીશે લગભગ આખો પ્રસંગ અંગ્રેજીમાં વર્ણવ્યો હતો. જાણે કોઈ અદ્‌ભુત વાત તેના મિત્રો સાંભળી રહ્યા હોય તેમ કમરામાં સ્તબ્ધતા છવાઈ હતી.

'મેં એ કમબખ્તને ઓળખી ન લીધો હોત તોપણ હું ફસાયો હોત.' હરીશે કહેવા માંડ્યું. વલ્લભને ત્યાંથી તે ઉદેપુર જવા નીકળ્યો હતો. તે ઉત્સાહમાં હતો. સબ-ઈન્સ્પેક્ટર ભાલેજાને રૂપિયા આપીને શારદાએ લખેલી ચિઠ્ઠી લેવાની હતી. તે મોટર સાઈકલ પર બેઠો ત્યારે તેને એમ જ હતું કે થોડા કલાકોમાં તે રૂપિયા લઈને પાછો આવી જશે. રાબેતા મુજબ જ તેણે પેટ્રોલ પંપ પાસે ગાડી રોકી હતી. હરીશ ક્યારેય પણ હવા અને પેટ્રોલ ચેક કર્યા વગર ગાડી ચલાવતો નહિ. મોટર સાઈકલનું ઑઈલ અને પ્લગ પણ તે હમેશાં ચેક કરાવતો. રાજગઢના ટોલનાકાથી થોડે દૂર આવેલા પંપ પરથી પહેલાં તેણે પેટ્રોલ ભરાવ્યું, ઑઈલ ચેક કરાવ્યું અને ઍરપંપ પાસે જઈને ગાડીમાં હવા ભરાવતો હતો ત્યાં જ સરપંચ જયરામસિંહ જીપ લઈને આવ્યો હતો. જીપ પંપ પાસે મૂકીને તે કેબિનમાં ગયો હતો. અલબત્ત તે મિનિટે હરીશને ખબર ન હતી કે એ જીપ ગાડી જયરામની છે.

હરીશની મોટર સાઈકલનાં ટાયરોમાં હવા ભરીને પંપવાળો છોકરો જયરામસિંહની ગાડી પાસે ગયો અને તેણે બહારથી જ બૂમ પાડી....

'જયરામસિંહજી, ટાંકી ફૂલ કરનેકી હય ક્યા ?'

જયરામનું નામ સાંભળતાં જ હરીશના કાન સરવા થયા. મોટર સાઈકલ ચાલુ કરતાં પહેલાં તેને જયરામસિંહને જોઈ લેવાનું મન થયું. હાથ ધોવાને બહાને તે પેટ્રોલ પંપની કૅબિન પાસે આવ્યો કાચની કૅબિનની ભીતરમાં તેને પેટ્રોલ પંપના માલિક સાથે વાત કરતો જયરામસિંહ દેખાતો હતો. હરીશે મનમાં ને મનમાં દાંત કચકચાવ્યા. શારદાને આપઘાત કરવાની ફરજ પાડનાર એ હિચકારો આદમી તદ્દન સ્વસ્થતાથી પેટ્રોલ પંપના માલિક સાથે ગુલછડીઓ વરસાવી રહ્યો હતો. કૅબિનને પડખે મૂકેલી પાણીની કોઠીમાંથી ડબલું ભરીને હરીશે હાથ ધોયા.

'અબે એય પક્કા, ઑઈલ ઔર પાની ચેક કિયા ?' જયરામસિંહે કૅબિનના દરવાજેથી બૂમ પાડી હતી. પંપવાળા છોકરાએ 'કરતા હૂં' કહીને જવાબ આપ્યો. હરીશે હાથ

લૂછીને કપડાથી મોટર સાઈકલ સાફ કરી અને કિક મારી.... બરાબર તે જ વખતે જયરામસિંહ કૅબિનની બહાર આવ્યો હતો અને જીપમાં ગોઠવાયો હતો....

'માવલીથી થોડે દૂર જયરામસિંહે મને પકડી પાડ્યો હતો.' હરીશે વાત આગળ ચલાવી.' આમ તો એ કમબખ્ત મારી પાછળ આવે છે તેવો મને ખ્યાલ હોત તો હું તેને ક્યાંય પાછળ મૂકી શક્યો હોત, પણ રાજગઢથી થોડે દૂર નીકળ્યા પછી હું સિગારેટ લેવા રોકાયો હતો. અને પછી માવલીના ખડખડપાંચમ રસ્તા પર સિગારેટ પીતો હું મોટર સાઈકલ ચલાવતો હતો ત્યાં મેં રીઅરવ્યૂ મિરરમાં જીપ આવતી જોઈ હતી. જીપ ભયાનક સ્પીડે આવી રહી હતી. સિંગલ ટ્રેકનો એ રસ્તો એટલો ખાડાખૈયાવાળો છે કે આમેય મને મોટર સાઈકલ ચલાવવાની મજા આવતી ન હતી. રસ્તાની બન્ને બાજુએ પથ્થરના ઢગલા પથરાયેલા છે... તને ખબર છે ને જિગર...ચોફલીના પાટિયાથી તે માવલીની ચોકડી સુધીમાં તો કમબખ્ત પી.ડબલ્યુ.ડી.વાળાઓએ એવી રીતે પથરાના ઢગલા કર્યા છે કે જાણે એ રસ્તો તેમના બાપનું ગોડાઉન ન હોય ! સામેથી જો કોઈ હૅવી ટ્રક આવે તો ઢગલા પર ચઢીને જ તમારે ઊભા રહેવું પડે. બરાબર ચોફલીના પાટિયાથી લગભગ બે કિલોમીટર દૂર જયરામસિંહના બચ્ચાએ હૉર્ન વગાડી ગાડી મારી પાછળ લીધી. મેં થોડી સ્પીડ વધારી. રસ્તો સૂમસામ હતો. આમેય આ રસ્તા પર અવરજવર ક્યાં રહે છે ? જયરામે ફરી જોર જોરથી હૉર્ન માર્યું. મેં તેને ધીરો પાડવા હાથનો ઈશારો કર્યો, કારણ મારાથી એકદમ તેને સાઈડ આપી શકાય તેવી જગ્યા ન હતી. તેમ છતાં એ હૉર્ન વગાડતો રહ્યો. મારા મિરરમાંથી મેં તેની ધસી આવતી ગાડી જોઈ હતી. હી વૉઝ ક્લોઝિંગ ઈન લાઈક ડેવિલ... એક સેકન્ડ મને એમ લાગ્યું કે સાલો સ્ટીમ રોલરની માફક મારા પર જીપ ફેરવી દેશે. મેં થોડી સ્પીડ વધારી. તેણે પણ ગાડીની રફતાર તેજ કરી. મને એકાએક એમ જ લાગ્યું કે જયરામનો ઈરાદો સારો નથી. જો મને એવી શંકા ન થઈ હોત અને મોટર સાઈકલ ધીરી પાડી હોત તો તે મને ટકરાવી દેત... અને હું જો સહેજ પણ ગભરાયો હોત તો આજે જીવતો ન હોત... એક બે અને ત્રણ આંકડા બોલી શકાય તેટલું જ છેટું મારી અને મોતની વચ્ચે, મારી મોટર સાઈકલ અને જયરામની જીપ વચ્ચે હતું.

'મેં તેને સાઈડ આપવા પ્રયત્ન કર્યો તેથી તો તેને વધુ ફાવટ આવી હતી. તેની જીપનું આગલું વ્હીલ મારી બુલેટની બરાબર પૅરેલલ આવી ગયું હતું. મારાથી સ્પીડ ઘટાડાય તેમ ન હતું. જમણી તરફ જીપનું વ્હીલ અને ડાબી તરફ થોડા થોડા અંતરે પડેલા પથ્થરોના ઢગલા. ઈટ વૉઝ જસ્ટ લાઈક એ પિન્સર... લગભગ એક કિલોમીટર સુધી એ સરપંચના બચ્ચાએ મને તંગ કરી નાખ્યો. ઍન્ડ બિલીવ મી હી ઈઝ એ ડ્રાઈવર, રીઅલ એઈસ... હી સ્કૅર્ડ મી.... કમબખ્ત મજા લેતો હતો. તેણે જો એ વખતે મને તેની જીપનું ડાબું વ્હીલ સહેજ અડાડી દીધું હોત તો ખરેખર તે જીતી ગયો હોત. પણ તેણે મને

ડરાવવાનું પસંદ કર્યું. મારી જાતે જ જો હું ગબડું કે ત્યાં રવડીને રસ્તા પર પડેલા એકાદ પથ્થર પર મારી બુલેટનું વ્હીલ ફરે અને જો હું જાતે જ પડું તો તેને કશું કરવાનું ન રહે... પણ હી ટુક હીઝ ઓન ટાઈમ.... અને એટલે જ મને ખાતરી થઈ હતી કે જયરામ રમત કરતો ન હતો... હી મેન્ટ બિઝનેસ.... તે મને ખતમ કરવા માગતો હતો.

'મેં ગાડીની સ્પીડ ઓર વધારી અને સેકન્ડના અરધા ભાગમાં ડિસિશન લીધું. હું તેની ગાડીના વ્હીલ તરફ જોતો હતો અને બાજુમાં પડેલા પથ્થરોના ઢગલાઓ વચ્ચેની જગ્યાઓ જોતો હતો. મારા મગજમાં વીજળીની ઝડપે ગણતરી ચાલતી હતી... અથવા તો પ્યૉર ઈન્ટુઈશન... પ્યૉર લક ઍન્ડ ગ્રેઈસ ઑફ ગૉડ. એકાએક મેં ક્લચ દાબીને ફાયરિંગ વધાર્યું. અને આંખના પલકારામાં મેં પથ્થરોના ઢગલા વચ્ચેથી બુલેટને સરકાવી. તે સાથે જ જયરામનું કૉન્સન્ટ્રેશન તૂટ્યું હશે. ગમે તેમ પણ તદ્દન રિફ્લૅક્સ ઍક્શનની જેમ તેણે સ્ટિયરિંગ ડાબી તરફ ફેરવ્યું. મારું જજમેન્ટ સાચું હતું. પથ્થરોના ઢગલા વચ્ચેથી, તીરછી ઊડતી કાતરની જેમ મારી બુલેટ નીકળી અને રસ્તાની કિનાર પરના ખાડામાં ઊતરી ગઈ. હું સાવધ હતો એટલે ગાડી છોડીને હું પટકાયો. તે સાથે જ મારી પાછળ લગભગ વીસેક ફૂટ દૂર પથ્થરના ઢગલા પર જીપ ચડી અને ડાબી તરફ ઝૂકીને પડી... તેના જમણી તરફનાં બન્ને વ્હીલ ઊંચાં થઈ ગયાં હતાં. અલબત્ત આ બધું મેં પછી જોયું હતું. જયરામસિંહે શું કર્યું તે મને ખબર નથી. કદાચ છેલ્લી સેકન્ડે તેનો પગ એક્સિલરેટર પરથી ઊંચકાયો નહિ હોય. ગમે તેમ હોય જીપ એક તરફ ઊલળી હતી. મારી બુલેટને જાણે કોઈ અજ્ઞાત હાથે પકડી રાખી હોય તેમ આવળની ઝાડીમાં તે એક તરફ ઝૂકીને ઊભી રહી ગઈ હતી. મારો જમણો હાથ છૂટી ગયો હતો અને આગલી બ્રેકનું લિવર તૂટી ગયું હતું. હું નીચે પટકાયો હતો. થૅન્ક્સ ટૂ અવર ગ્રો મોર ટ્રીઝ કૅમ્પેઈન..... હું ઝાડવાંઓમાં પટકાયો હતો. મારું પાટલૂન ધગધગતા એક્ઝોસ્ટ પાઈપ સાથે લાગ્યું હતું. પરિણામે અહીંયાં થોડું દાઝ્યો અને આ કોણી પર... આ ઢીંચણ પર, બરડામાં મોટા ઉઝરડા પડ્યા છે.' કહીને હરીશે પોતાના ઉઝરડા બતાવ્યા......

'અને જયરામસિંહ ?...' જિગરે પૂછ્યું.

'થોડી જ મિનિટોમાં હું બેઠો થયો હતો. પણ તે વખતે તો મને એમ લાગ્યું હતું કે જાણે અડધો કલાક વીતી ગયો હશે.... ખેર ! જેમ તેમ ઊભો થઈને હું બહાર આવ્યો હતો. મારાથી વીસેક ફૂટ પાછળ જીપ આડે પડખે સૂઈ રહી હોય તેમ પથ્થરના ઢગલા અને ખાડાની ઝાડીઓ આગળ પડી હતી. તેનાં બન્ને વ્હીલ ફરતાં હતાં એટલે મને ખ્યાલ આવ્યો કે તેની શાફ્ટ તૂટી હશે. હું નજીક ગયો. જયરામસિંહનો એક હાથ સ્ટિયરિંગ વ્હીલમાં ફસાઈ ગયો હતો. તેના માથા પર જીપના હૂડનો પાઈપ વાગ્યો હતો. કાન પાસે

સાઇડનું પતરું વાગ્યું હતું અને મોં પર પથ્થર વાગ્યો હતો. મેં ઝૂકીને સ્ટિયરિંગમાં ફસાયેલો હાથ પકડીને તેની નાડી જોવાનો પ્રયાસ કર્યો. મને ખ્યાલમાં ન આવ્યું કે તે જીવતો છે કે માથામાં વાગેલા ઘાથી તે મરી ગયો છે... એની વે... આઇ ડિડ નોટ કેર... મેં રસ્તાની બન્ને બાજુ જોયું. ક્યાંય કોઈ વાહન આવતું ન હતું. હું પાછો મારી બુલેટ જ્યાં પડી હતી ત્યાં પહોંચ્યો. મારો ડાબો હાથ ખાસ્સો ધ્રૂજતો હતો. ઈન્વૉલન્ટરી ટ્રેમર્સ કે એવું જ કાંઈ...મેં ધીરેથી મોટર સાઇકલને પકડી અને તે સાથે તેનું પાછલું વ્હીલ ઢોળાવ તરફ રગડ્યું. મેં બૅલેન્સ સાચવીને ગાડી રગડાવા દીધી. ધીરેથી સાઇડનું પેન-નાઇફ સ્ટેન્ડ પહોળું કર્યું અને પગથી જ ત્યાં પડેલો એક પથ્થર સ્ટૅન્ડના પેડલ નીચે ખેસવ્યો. મોટર સાઇકલ સ્થિર ઊભી રહી. મેં ડેમેજ તપાસ્યું. ઇટ વૉઝ શિયર લક... આગલા પંખા અને પાછળના કેરિયર સિવાય ક્યાંય નુકસાન થયું ન હતું. મેં ટાંકીમાંથી ઢોળાયેલું પેટ્રોલ લૂછીને કિક મારી જોઈ. થ્રૉબ થયો... પાંચ-છ કિકમાં તો મશીન સ્ટાર્ટ થયું. ધીરેથી હું સીટ પર બેઠો... ગિયર ઓ. કે. વાહ... મેં ધીરેથી ગાડી ઉપાડી. ખાડામાંથી ગાડી બહાર કાઢતાં ખાસ્સો સમય લાગ્યો. હું પડ્યો હતો ત્યાંથી લગભગ ત્રીસ-ચાલીસ ફૂટ દૂર જઈને હું ગાડીને રોડ પર લાવી શક્યો. મશીન ચાલુ રાખીને મેં બુલેટ સ્ટૅન્ડ પર ચડાવી ને હું પાછો આવ્યો. હજુ ક્યાંય વાહન દેખાતું ન હતું. જીપમાં જયરામસિંહની પોઝિશન સહેજ બદલાઈ હતી. તેના પગ લબડી પડ્યા હતા અને માથું ભોંય પર પટકાયું હતું. સ્ટિયરિંગમાં ભરાયેલો તેનો હાથ લસરી ગયો હતો.... મેં આજુબાજુ જોયું અને પથ્થર ઉઠાવ્યો... ઇટ વૉઝ ઍઝ સિમ્પલ ઍઝ ધૅટ....'

'હરીશ.... તેં જયરામસિંહના માથામાં પથ્થર માર્યો ?' જિગરે પૂછ્યું.

'માર્યો હોય તોય શું અને ન માર્યો હોય તોય શું ? ધ બાસ્ટાર્ડ હૅડ ઑલરેડી ગૉન વિથ ધ વિન્ડ્ઝ. પણ મને વલ્લભનો આક્રોશ યાદ આવ્યો. મરતી શારદાનો ચહેરો યાદ આવ્યો...વેલ... આઈ કુડ નૉટ રેઝિસ્ટ ઇટ... મેં પથ્થર ઉઠાવ્યો અને ઝીંકી દીધો. એ ક્યાં વાગ્યો તે પણ મેં જોયું નહિ.... મને લાગ્યું કે તેને માથામાં વાગ્યો હશે.... વેલ... મને પરવા ન હતી. એ જયરામસિંહનો બચ્ચો જો ફાવ્યો હોત તો તેણે પણ મને ખતમ કરી નાખ્યો હોત.... મેં મોટર સાઇકલ હંકારી ત્યારે પણ કોઈ વાહન બંનેમાંથી એકેય દિશામાં આવતું ન હતું....

'ત્રણ-ચાર કિલોમીટર ગયા પછી મને ખ્યાલ આવ્યો હતો કે આગલા વ્હીલનું બ્રેક લિવર ગાયબ છે.'

'હરીશ... યૂ કિલ્ડ હિમ ! માઈ ગૉડ, યૂ કિલ્ડ જયરામ !' જિગરે ઉદ્ગાર કાઢ્યો.

'હી વોઝ ઑલરેડી ડેડ....' હરીશે કહ્યું. 'મેં તો કેવળ મારો ગુસ્સો જ ઠાલવ્યો

હતો. તને ખબર છે એ કમબખ્તની સહેજ ભૂલ ન થઈ હોત તો શું થયું હોત..... અથવા હું ક્યાંક ટકરાયો હોત તો તેણે શું કર્યું હોત....'

'પણ હરીશ.... આપણે...' જિગર બોલવા ગયો કે આપણે જયરામસિંહને કાયદેસર નસિયત કરત...

'શું આપણે ? અરે એ મરતો જ હતો અથવા મરી ગયો હતો. તે જે રીતે પડ્યો હતો તે જોતાં મને નથી લાગતું કે તે જીવતો હશે.'

'ગમે તેમ પણ પથ્થર મારવાનો તને કોઈ અધિકાર ન હતો.' જિગરે કહ્યું.

'મને સમજાતું નથી તું કેવી જાતનો માણસ છું ?' હરીશે એકાએક ગુસ્સે થઈને કહ્યું. 'શારદા પર એ આદમીએ બળાત્કાર કર્યો ન હતો ? શારદા તેને કારણે ગુજરી ન ગઈ ? વલ્લભ ચાહતો ન હતો કે તે જયરામનું લોહી પીએ ?...'

'પણ હરીશ.... ટુ કિલ એ મૅન...'

'આઇ ટોલ્ડ યૂ.... આઇ ડિડન્ટ કિલ હિમ... આઈ ઓન્લી સ્ટોન્ડ હિમ... ઍન્ડ હી ડિઝર્વ્ડ ઇટ... ડિડ હી નૉટ.... અરે એણે મને મારી નાખ્યો હોત...' હરીશ બોલ્યો. અત્યાર સુધી શાંત રહેલા ગોવિંદે ખોંખારો ખાધો... અને ગળું સાફ કરીને તે બોલ્યો :

'પીપલ્સ જસ્ટિસ... હરીશ, હું તને ચાહું છું. તું બહાદુર આદમી છું... એ તારા પથ્થરથી મર્યો હોય કે એમ ને એમ મર્યો હોય, પણ તેનું મોત થવું જ જોઈતું હતું...' ગોવિંદે એટલું બોલીને જિગરની સામે જોયું, 'માણસને મારવો જોઈએ કે નહિ એ વાતની ચર્ચા આપણે પછી કરીએ જિગર... પણ તું એમ માને છે કે તું જયરામસિંહ પર કેસ કરાવી શક્યો હોત ? હમણાં તો તેં કહ્યું કે ભાલેજાએ તને ખોવાઈ જવાની, પોબારા ગણવાની સલાહ આપી હતી... તને શારદાએ લખેલી ચિઠ્ઠી શું એ આપવાનો હતો ? તેણે સાફ સાફ કહ્યું નહિ કે તે મજબૂર હતો ?'

'પણ એટલે આપણે કાયદો હાથમાં લેવો ?' જિગર થડકી ઊઠ્યો હતો. એક તરફ અંતરથી તે ઇચ્છતો હતો કે જયરામસિંહનું મોત થવું જોઈએ. પણ બીજી તરફથી એ ગભરાતો હતો. તેને ખાતરી હતી કે હરીશે જે વાત કરી તે વાત ભાલેજા પોતાના ઈન્વેસ્ટિગેશનમાં શોધ્યા વગર રહેશે નહિ... બલ્કે તેને ખ્યાલ તો આવી જ ગયો હતો કે જયરામના અકસ્માતમાં એક મોટર સાઇકલ સંડોવાયેલી છે એટલું જ નહિ, એ કોની મોટર સાઇકલ હોઈ શકે તેનો પણ તેને અંદાજ આવ્યો હશે.

'કાયદો હાથમાં લેવાનું કોઈને ગમતું નથી. પણ જ્યારે કાયદાના હાથ હેઠા પડતા હોય ત્યારે શું માનવીએ હાથ જોડીને બેસી રહેવું ? જેના હાથમાં અનુશાસન હોય તે જ

જો કાયદો ખિસ્સામાં લઈને ફરતા હોય તો પ્રજાને પણ કાયદો હાથમાં લેવામાં નૈતિક મૂલ્યો શા માટે નડવાં જોઈએ ? જો ન્યાય મેળવી શકાતો ન હોય તો ન્યાય શબ્દનો અર્થ શું રહે છે ?' ગોવિંદે કહેવા માંડ્યું.

'ક્રાન્તિનો અર્થ કાયદાનું પુનઃસ્થાપન છે. જે શાસકો ન કરી શકે તે પ્રજા કરે છે.'

'દલીલ કરવાની મારામાં શક્તિ નથી, ગોવિંદ, પણ પોલીસ શોધ્યા વગર નહિ રહે કે જયરામસિંહનું મોત થયું છે તેમાં કેવળ અકસ્માત જવાબદાર નથી.'

'એવું થવાનું નથી. સત્તા વહેંચવા માટે સામર્થ્ય જોઈએ, જિગર.... એ સામર્થ્ય જો હિંદમાં સ્વાતંત્ર્ય મેળવ્યા પછી ટક્યું હોત તો આજે આપણા દેશની આ પરિસ્થિતિ ન હોત... અને એટલે જ હું રોજ કહું છું... વી કાન્ટ સ્ટૅન્ડ બાય એન્ડ સ્ટે અલૂફ... જો આપણે ભણેલાઓ દૂર રહીને આ ભયાનક પરિસ્થિતિને નિહાળતા રહીશું તો ક્યારેય આવા જયરામોનો નાશ નહિ થાય. ક્યારેય આપણી નપુંસકતાનો અંત નહિ આવે.' ગોવિંદે કહ્યું. જિગર શાંત રહીને સાંભળી રહ્યો. પહેલી વાર તેની પાસે કોઈ દલીલ ન હતી. જયરામસિંહ જીવતો હોત તો વલ્લભ તલાટી કે જિગર પોતે કશું જ કરી શકવાનો ન હતો. એ વાસ્તવિકતા ન સમજાય તેટલો એ મૂર્ખ ન હતો..... હરીશે જે કર્યું તે શારદાનું તર્પણ હતું. વલ્લભના વેરનું શમન હતું. ન્યાયનું કાર્ય હતું... અને છતાં એવું ન થવું જોઈએ.... એવું પણ તેના મનમાં થતું હતું...

જયરામસિંહ અકસ્માતમાં માર્યો ગયો છે તેવા સમાચાર છાપામાં તેમણે વાંચ્યા હતા. શારદાની માફક તેના મૃત્યુની કોઈ તપાસ થઈ નહિ... જયરામસિંહની જગ્યાએ તેનો કટ્ટર હરીફ ભરતસિંહ ચૌહાણ સરપંચ થયો હતો. ઈન્સ્પેકટર બડેરાની બદલી બારમેરમાં થઈ હતી. ભાલેજાને ઘણે વખતે જયપુરમાં બદલી મળી....

પણ આ પ્રસંગથી જિગર ઠરી ગયો હતો. હરીશે જાણ્યેઅજાણ્યે તેના પર એક એવો ઉપકાર કર્યો હતો અથવા એક એવું કામ કર્યું હતું કે જે તે ભૂલી શકતો ન હતો. શા માટે હરીશે આવું પગલું ભર્યું હશે !

એક દોસ્તને માટે જાન જોખમમાં મૂકવાનું કામ કેવળ મરદ આદમી જ કરી શકે... હરીશ એવો મરદ હતો....

**

અને એટલે જ જિગર માની શકતો ન હતો કે બૅન્ક ઑફ મેવાડના લૂંટ કેસમાં તે તાજનો સાક્ષી બનવા તૈયાર થાય. નહિ, પોલીસ તેને ઉલ્લુ બનાવે છે. હરીશ મોં ખોલવા કરતાં મરવાનું પસંદ કરે તેવો આદમી હતો. દોસ્તી તેને માટે અનન્ય ચીજ હતી. અને એટલે જ ગોવિંદની સ્કીમમાં તે પહેલેથી જોડાયો હતો. ડાકબંગલામાં આવેલા નાનકડા

કમરામાં એ વિચારતો ઊભો રહ્યો હતો.... એકાએક તેની નજર ગુલાબજાંબુની ડિશ પર પડી. તેણે ઊંડો શ્વાસ લીધો અને ડિશ ઉપાડી. તેને થયું કે જો તે ખાશે નહિ તો પોલીસ જરૂર માનશે કે તે ગભરાયો છે અથવા તો નિર્દોષ નથી. અને નિર્દોષ અને નિશ્ચિંત દેખાવું તે તો આવા કામની પૂર્વશરત છે. કમરામાં પડેલી ખુરસી બારી આગળ લાવીને તેણે આરામથી ગુલાબજાંબુ ખાધાં. તે ખાઈ જ રહ્યો હતો ત્યાં ડી.એસ.પી. જગન્નાથ હાંડા પ્રવેશ્યા. તે ઊભો થયો.

'નહિ નહિ પરોત... ઊભા થવાની જરૂર નથી... વેલ. ગુલાબજાંબુ કેવાં લાગ્યાં ?'

'એક્સલન્ટ...' જિગરે જવાબ આપ્યો. હાંડા તેના તરફ જોઈ રહ્યો. ડી.એસ.પી. થવા માટે હાંડાને જેટલો શ્રમ અને સેવા આપવી પડી હતી તેના કરતાં ખૂબ જ ઓછા સમયમાં અને ખૂબ જ ઓછી સેવા આપીને, મોરારકા આઈ.પી.એફ.માંથી ડાઈરેક્ટ રિક્રૂટ થઈને, દળના વડા બની શક્યા હતા. આઈ.પી.એફ.માંથી ડાઈરેક્ટ રિક્રૂટ થનારા અધિકારીઓ તરફ હાંડાને કોઈ સદ્ભાવ ન હતો. અને એટલે જ તેમની રસમો પણ તેને પસંદ ન હતી. ઈન્વેસ્ટિગેશન અને ડિટેક્શન વિશેની તાર્કિક અને મનોવૈજ્ઞાનિક પદ્ધતિઓ નેવું ટકા નાકામિયાબ નીવડે છે તેવું માનનારો એ આદમી હતો. સાચો પોલીસ ડિટેક્ટિવ તો કેવળ ઈન્સ્ટન્કટ્સનિ અનુસરે. અને થર્ડ ડિગ્રી વાપર્યા વગર ગુનો કબૂલ કરતા ગુનેગારો કાં તો જેલના રોજિંદા પંખી હોય અથવા તો અદાવત કે કૌટુંબિક સમસ્યા ધરાવતા હોય.... કોઈ પતિ પોતાની પત્નીને મારી નાખે અને પોલીસ થાણે હાજર થઈને ગુનો કબૂલ કરી નાખે તે સ્વાભાવિક બની શકે, પણ એક સફળ લૂંટ કરનારો ગુનેગાર ગુલાબજાંબુ ખાઈને ગુનો કબૂલ કરે તે માનવા હાંડા તૈયાર ન હતા. પણ શું થાય, ઉપરી અધિકારીના હુકમ મુજબ જ કામ કરવાનું હતું..... તે ઘડીભર શાંત રહ્યો. 'સ્ટેટમેન્ટ તૈયાર કર્યું છે ?' તેણે એકાએક પૂછ્યું.

'શેનું સ્ટેટમેન્ટ હાંડા સાહેબ !' જિગરે તદ્દન સાહજિકતાથી કહ્યું.

'જો ભાઈ, એક વાત સમજી લે. તમારા ખેલનો પરદો પડી જ ગયેલો છે. કબૂલાત કરવાની તક તને મોરારકા સાહેબે આપીને, તારી જીભ ખોલાવવા માટેની મારી તક ઝૂંટવી લીધી છે. નાઉ... લિસન... આ કાગળ ને પેન કવિતા લખવા માટે અહીં મૂક્યાં નથી, સમજ્યો ? બધાની ધીરજ ખૂટે તે પહેલાં જે કાંઈ લખવાનું હોય તે લખી નાખ, નહિ તો પછી જે કાંઈ થશે તે જિંદગીભર ભુલાશે નહિ.' હાંડાએ કૅપ ઉતારીને તેનું તાલિયું માથું રૂમાલથી લૂછ્યું.

'વેલ હાંડા સાહેબ... એક વાત તમે સમજી લો... બૅન્ક ઑફ મેવાડના લૂંટકેસ વિશે હું કોઈ વાત જાણતો નથી.'

'તો હરીશ જૈન ખોટું બોલે છે ?' હાંડાએ સવાલ કર્યો.

'તેની મને શી ખબર ? એ તમારે હરીશને પૂછવું જોઈએ....'

'એ અમે પૂછીશું જ... પણ મારે તને એટલું જ કહેવાનું છે કે હરીશ જૈન... સુખલાલજીનો સગો ભત્રીજો થાય છે. અને સુખલાલજી કોણ છે તે તો તને ખબર છે ને ?' હાંડાએ પૂછ્યું.

'જી હાં, રાજ્યસભાના સભ્ય છે.'

'અને હોમ મિનિસ્ટરના ખાસ દોસ્ત છે.' હાંડાએ કહ્યું. 'એ છોકરો જીભ ખોલે તે પહેલાં તું જો એકરાર કરીશ તો તારો છૂટકારો થશે. બાકી સમજી લેજો કે તમારે જિંદગીભર સેન્ટ્રલ જેલના સળિયા ગણવાના છે.'

'હરીશ જીભ ખોલવા તૈયાર નથી ?'

'ના શા માટે હોય ! તેનીડ પાસે લાગવગ છે. અરે ! કોર્ટ પણ તેને તાજના સાક્ષી થયા પછી સજા કરતાં ખચકાશે. એટલે શાણો થઈને બધી વાત કહી દે... એટલે અમને પણ રાહત અને તમને પણ હાશ થાય....'

'પણ મને સમજાતું નથી કે તમે શા માટે મારી પાછળ પડ્યા છો ? હરીશ મારો મિત્ર છે. તે જો એમ કહેતો હોય કે બૅન્ક ઑફ મેવાડની લૂંટ વિશે તે જાણે છે તો તમારે તેની જ પાસે કબૂલાત કરાવવી જોઈએ ને કે પછી કોઈ ત્રાહિત માણસ પાસે ?' જિગરે પ્રશ્ન કર્યો. તેટલી વારમાં તો હાંડા સાહેબ લાલ થઈ ગયા હતા અને તેમના હાથમાં ચળ આવતી હતી....

'ઓ. કે. હું કલાક પછી પાછો આવીશ... તેટલા વખતમાં તારું સ્ટેટમેન્ટ જોઈશે... નહિ તો વાત બગડશે.. હું તને તાકીદ આપું છું.'

'કેટલો માલ લૂંટાયો છે હાંડા સાહેબ....'

'એ તો તમને ખબર હશે ને !'

'પકડાયો છે ને હરીશ પાસેથી... તોય ખબર નથી તમને ?' જિગરે ધીરેથી પ્રશ્ન કર્યો. હાંડા પાસે તેનો જવાબ ન હતો...

**

ડી. એસ.પી. જગન્નાથ હાંડા ઘડીભર જિગરની સામે જોઈ રહ્યા. તેમની પાસે જિગરના સવાલનો જવાબ હતો કે નહિ તે જિગરને સમજાતું ન હતું પણ એક વાત બરાબર સમજાતી હતી કે હરીશ, લૂંટના માલ સાથે પકડાયો હોય તોપણ તેણે મોઢું ખોલ્યું

નથી. બનવાજોગ છે કે હરીશ પકડાયો જ ન હોય, અથવા પકડાયો હોય અને માલ ક્યાં છે તે એણે કહ્યું ન હોય. તેને હરીશ પર અપરંપાર શ્રદ્ધા હતી.

'મને તમે જવાબ ન આપ્યો. સાહેબ...' જિગરે જગન્નાથ હાંડાની આંખોમાં આંખ પરોવીને પૂછ્યું. 'લૂંટ કેટલા રૂપિયાની થઈ હતી સાહેબ ?'

'ડોન્ટ ટ્રાય ટુ બી સ્માર્ટર ધૅન વૉટ યૂ આર...' હાંડા કરડાકીથી બોલ્યા. 'મેં જેટલા ગુનેગારો જોયા છે તેટલા તેં સજ્જનો પણ જોયા નહિ હોય. મારી તને એક અંગત સલાહ છે. પોલીસ તેમની રીત પ્રમાણે તારા પર કામ ચાલુ કરે તે પહેલાં તું બધી કબૂલાત કરી લે તે તારા હિતમાં છે... બાકી બૅન્ક ઑફ મેવાડની લૂંટ કેવી રીતે થઈ, તેમાં કોણ કોણ હતા તેની બધી જ માહિતી અમારી પાસે છે.'

'તો પછી શા માટે તમે મને અટકાયતમાં રાખ્યો છે ? હાંડા સાહેબ, જો તમે જાણતા હો કે લૂંટારાઓ કોણ છે તો પછી મારી પાસે કબૂલાત કરાવવાનો અર્થ ખરો ? કે પછી પોલીસ ખાતાની આ કરામત છે ? તમારે કોઈ નિર્દોષ લોકોને બકરા બનાવીને તમારી નિષ્ફળતા ઢાંકવી છે ?' જિગરે પ્રશ્ન પૂછ્યો.

'શટ યૉર બ્લડી ટ્રૅપ બિફોર આઈ હિટ યૂ....' હાંડા તાડૂકી ઊઠ્યા. અને જિગરની નજીક આવ્યા. બહાર ઊભેલા સંત્રીઓ હાંડાનો ગુસ્સાભર્યો અવાજ સાંભળીને ખુલ્લા બારણાના ઉંબરે આવ્યા. 'જિગર પરોત, મારામાં આઈ.જી.પી. સાહેબ જેટલી ધીરજ નથી.' હાંડા ઉશ્કેરાતો હતો. જિગરને એ પસંદ આવ્યું. હાંડા ઉશ્કેરાય, ગુસ્સે ભરાય તો જ સાચી પરિસ્થિતિનો તેને ખ્યાલ આવે.

'ધીરજ નથી સાહેબ ? કે પછી મને અને હરીશને આ લૂંટનો ગાળિયો પહેરાવવા માગો છો ? ફેઇસ-સેવિંગ...!' જિગરના શબ્દો હજુ મોઢામાં જ હતા તે પહેલાં જગન્નાથ હાંડાએ, તેના જમણા હાથનો પંજો જિગરના માથામાં માર્યો. જિગરની કલ્પનામાં ન હતું કે હાંડા તેને અત્યારે જ મારશે. એટલું જ નહિ તે આદમી આટલો સ્વિફ્ટ હશે ! એકાએક જાણે છત પરથી લબડાવેલો ભારેખમ પંખો જિગરના માથા પર પડ્યો હોય તેવી જ રીતે જગન્નાથે હાથના ખુલ્લા પંજાથી જિગરના માથામાં ચાપટ મારી હતી. એક સેકન્ડ માટે તેનું મજ્જાતંત્ર સ્થગિત થઈ ગયું. માથામાં ફરતું લોહી નસોની ભીતરમાં એક પળવાર થંભી ગયું. અને પછી એકાએક જાણે એકસાથે હજારો મોટરો કોઈ ટ્રાફિક સર્કલ આગળ ધસમસતી આવીને અથડાય, તેમ તેની ખોપરીનું ભીતર ખખડી ઊઠ્યું. તેની આંખમાંથી એકાએક 'વિઝન' ચાલ્યું ગયું. તેને તમ્મર આવી ગઈ. આંખે અંધારાં આવ્યાં. તેણે આંખ બંધ કરી અને ઉઘાડી. એને લાગ્યું કે કમરાના ખૂણાઓ ગોળ ચકડોળની માફક ફરી રહ્યા છે અને દીવાલો એક જ દિશામાં દોડી રહી છે. તે ખુરસીમાં બેસી ગયો... તેનાથી બેસી

પડાયું... તેની આંખો એકદમ ભારે થઈ ગઈ. ઘડીક તો એને એમ જ થયું કે તેના માથામાં ઈન્ટર્નલ હેમરેજ થઈ ગયું હશે. માથું બન્ને હાથમાં દબાવીને તે ખુરસીમાં બેસી રહ્યો.

જગન્નાથ હાંડાએ ગજવામાંથી લાઈટર અને સિગારેટ કેસ કાઢ્યાં. સિગારેટ સળગાવી. 'આ તો હજુ શરૂઆત છે, મિસ્ટર પરોત. હું પોલીસ અફસર થયો તે પહેલાં પ્રાઈઝ ફાઈટર હતો.... પોલીસમાં જોડાયો ન હોત તો કદાચ ઈન્ડિયા-વન હોત...' તે જિગરની વધુ નજીક ગયો. એક પગ પર ઊભા રહીને બીજો પગ વાળીને તેણે ટેબલ પર ગોઠવ્યો.

જિગરની આંખોમાં લોહી ધસી આવ્યું હતું અને પોપચાં આપોઆપ ભીનાં થઈ ગયાં હતાં. જિગર પોતે પણ ઍથલેટ હતો. તેમ છતાં કોઈ પણ માણસ આટલી સલૂકાઈથી વાઘના પંજાની માફક, હાથથી આવો ફટકો આવી રીતે મારી શકે તે એની કલ્પનાની બહાર હતું.

'સિગારેટ જોઈએ છે જિગર ?.... સિગારેટથી દર્દમાં રાહત થાય છે તેવું ખડૂસ ગુનેગારો કહે છે...' કહીને તેણે સિગારેટનું કેસ ખોલીને જિગરની સામે ધર્યું.

જિગરે જવાબ ન આપ્યો. તેની જીભ તાળવે ચોંટી ગઈ હતી. ટેલિગ્રાફ પોલ કે ઈલેક્ટ્રિક મીટરમાં થતા ગણગણાટ જેવો અવાજ તેના માથામાં થતો હતો. અને કાનમાં ભીનાશ આવી હતી... તેણે હાંડાની સામે જોયા વગર તેણે ધરેલા કેસમાંથી સિગારેટ ઉઠાવી. હાંડાએ લાઈટર સળગાવ્યું. ધ્રૂજતા હાથે ગોખલો કરીને જિગરે સિગારેટ સળગાવી કશ લીધો અને બોલ્યો....

'આઈ વિલ નેવર ફરગેટ ધિસ, હાંડા સાહેબ....' તેનો અવાજ ગુસ્સાથી ધ્રૂજતો હતો. તેણે ઉચ્છ્વાસ કાઢીને ધીરેથી કહ્યું. 'મિસ્ટર હાંડા... હું હજુ પણ મારા શબ્દોને વળગી રહું છું. તમે મને, પોલીસની નિષ્ફળતા રોકવા માટે ફ્રેમ અપ કરવા માગો છો. યૂ વૉન્ટ ટુ પાસ ધ બક...'

હાંડા હસ્યો. તેણે ધીરેથી જિગરના ખભા પર હાથ મૂક્યો. 'અમને પોલીસને ખબર હોય છે કે ગાંધીજીનો ફોટો બતાવવાથી કે ગીતા પર હાથ મૂકવાથી કોઈ સાચું બોલતો નથી. પોલીસ તપાસનો આ તારો પહેલો અનુભવ છે તેની પણ મને ખબર છે. નેવર માઈન્ડ, યૂ વિલ લર્ન... આવતી કાલ સાંજ પહેલાં તો તું અહીંથી છૂટવા માટે તારી સગી માને વેચવા તૈયાર થઈ જઈશ... દીકરા...'

'માઈન્ડ યૉર ટંગ... મિ. હાંડા... મારી સદ્‌ગત માને આમાં વચ્ચે લાવવાની કોઈ જરૂર નથી.'

'તો તારા બાપને વચ્ચે લાવું ? તારે શરમાવું જોઈએ... તારા બાપને કેટલું દુઃખ થાય છે ! એ બિચારા ભલા આદમીને ક્યાંથી ખબર હોય કે દીકરાએ શા ધંધા કર્યા છે ! એટલે તો અમે કહીએ છીએ... બધું જ કહી દે... દોજખ ન જોવું હોય તો કબૂલાત કરી દે... તું ભણેલો આદમી છે. એક સજ્જન બ્રાહ્મણનો દીકરો છું. એકનો એક દીકરો છું. તારું આ બૅકગ્રાઉન્ડ જોઈને જ મોરારકા સાહેબે તને તાજના સાક્ષી થવાની ઑફર મૂકી છે. એ તક જવા દેવાની મૂર્ખાઈ કરવાની જરૂર નથી. તું તાજનો સાક્ષી નહિ થાય તો હરીશ જૈન તો જરૂર થશે જ. એ પૈસાવાળાનો દીકરો છે. એ માર ખાવા કરતાં ગુનો કબૂલ કરી લેવાનું વધુ પસંદ કરશે. એને માટે કશું અશક્ય નીવડવાનું નથી. તેનો બાપ લાખોપતિ છે અને કાકો જબરજસ્ત વગ ધરાવે છે. એ બધું તો ઠીક, પણ તારી જે દશા રિમાન્ડમાં થશે તે તું બરદાસ્ત નહિ કરી શકે... જિગર, કાલ સાંજ પહેલાં તું તાજનો સાક્ષી થવા માટે કરગરતો હોઈશ... સમજ્યો... અને ત્યારે ખૂબ મોડું થઈ ગયું હશે. આર્મ્ડ રૉબરી અને મર્ડર, કમ્પાઉન્ડ ચાર્જિસ હેઠલ ફાંસીની સજાની જોગવાઈ છે. ફાંસીમાંથી કદાચ છુટકારો થશે તોપણ જનમટીપમાંથી તમને કોઈ છોડાવી શકવાનું નથી. ખુદ ઈશ્વર પણ નહિ.'

'મને કંઈ જ ખબર નથી, હાંડા સાહેબ... આઈ ટેલ યૂ.... તમે મને પકડવામાં ભૂલ કરી છે.' જિગરે કહ્યું.

'અને હરીશ જૈનને પકડવામાં ?' હાંડાએ ઝડપથી પૂછ્યું.

'એ હરીશ જાણે.' જિગરે જવાબ આપ્યો.

'અચ્છા, એટલે તું તદ્દન નિર્દોષ છું.'

'એક વખત નહિ... હજાર વખત.'

'જિગર પરોત... તું પોલીસને નાનકડાં બચ્ચાં સમજે છે ? શું અમે તારી ધરપકડ બસ કોઈ કારણ વિના કરી છે ?'

'એ જ તો હું કહી રહ્યો છું કે પોલીસે કંઈક થાપ ખાધી છે.... કંઈક ભૂલ કરી છે... તમે ભળતા માણસને પકડ્યો છે...'

'અમારી પાસે દાર્શનિક પુરાવા છે, સમજ્યો... આઈ વિટનેસ ઍકાઉન્ટ...'

'દાર્શનિક પુરાવા ? એટલે ?' જિગરે બને તેટલી નિર્દોષતા ચહેરા પર લાવીને પૂછ્યું.

'પોલીસ પાસે તમારા ફોટોગ્રાફસ છે. તમારા બધાના ફોટાગ્રાફ્સ...'

'બધાના એટલે સાહેબ ?'

'તારા... હરીશના... વેલ તમારી આખી ગૅન્ગના.' હાંડાએ બીજાઓનાં નામ દીધા વગર જવાબ આપ્યો. 'એ ફોટોગ્રાફ અને તમારા વર્ણન પરથી અમે તમને પકડ્યા છે સમજ્યો ?'

'ઓહ હાંડા સાહેબ... આને તમે ડિટેક્શન કહો છો ? અરે મારા ફોટોગ્રાફ્સ ઉદેપુરના અડધો ડઝન સ્ટુડિયોમાં લટકે છે. ઉદેપુરની કૉલેજની ફોયરમાં પણ લટકે છે. તમને મળેલું વર્ણન તમે એ ફોટોગ્રાફ સાથે ફિટ કર્યું ? આને તમે દાર્શનિક પુરાવો કહો છો ?' જિગરે પ્રશ્ન કર્યો.

'હું બેવકૂફ નથી જિગર...' હાંડાએ સિગારેટ બુઝાવી અને ટેબલ પર ટેકવેલો પગ ફરસ પર મૂક્યો... 'હું સ્ટુડિયોમાં લટકતા ફોટાઓની વાત કરતો નથી. હું લાઈવ... ઍક્શન ફોટોગ્રાફ્સની વાત કરું છે.'

'હું સમજ્યો નહિ સાહેબ !'

'તું ઘણું બધું સમજતો નથી. મૂર્ખાઈને કારણે તું સમજતો નથી. લુચ્ચાઈને કારણે નહિ સમજવાનો તું ડોળ કરે છે તેવું હું કહેવા માગતો નથી.' હાંડાએ ધીરેથી કહ્યું : 'અમે તને ઓછામાં ઓછી સજા થાય તેવો બંદોબસ્ત કરીશું. પ્રૉસિક્યૂટર તારે માટે ઍક્વિટલની માગણી પણ કરે. જો તું સત્ય કહીશ તો... જિગર અમને સૌને તારા તરફ સહાનુભૂતિ છે.'

'હાંડા સાહેબ, તમારી સહાનુભૂતિ બદલ આભાર.' જિગરે કહ્યું. તેને ખ્યાલ આવતો હતો કે હાંડા તેને ધીરે ધીરે વિશ્વાસમાં લઈ રહ્યો છે. હાંડાએ તેને એક ઝાપટ મારીને પોલીસ શું કરી શકે તે પણ સમજાવી દીધું હતું. તેમ છતાં પોલીસ તેમની તપાસમાં ક્યાં સુધી પહોંચી છે તે જાણવાની જિગરને ખૂબ જરૂર હતી. 'હાંડા સાહેબ, જે મેં કર્યું નથી અને જેના વિશે મને કશી ખબર નથી તે કબૂલ કરાવીને તમને ફાયદો થવાનો છે ? એ દરમ્યાનમાં સાચા ગુનેગારો છટકીને ક્યાંય જતા રહેશે....'

'તું નહિ જ માને જિગર... પણ અત્યારે હું તને એટલું જ કહું છું વી હૅવ ઑલ ધ એઈસીઝ વિથ અસ... અમારી પાસે જડબેસલાક પુરાવા છે. તમારા ફોટોગ્રાફ કોર્ટમાં રજૂ થશે તે સાથે જ તમારો કેસ પૂરો થશે... તને ખબર છે જિગર, બૅન્ક ઑફ મેવાડની લૂંટના ફોટા અમારી પાસે મોજૂદ છે !'

'લૂંટના ફોટા ?' જિગરે આશ્ચર્યથી પૂછ્યું. એ પૂછ્યા પછી તેનું હૃદય થડકવા માંડ્યું.

'મોરારકા સાહેબે આ વાત કહેવાની મને ના પાડી છે છતાં મને તારી દયા આવે છે એટલે કહું છું. પોલીસ પાસે બૅન્ક ઑફ મેવાડની લૂંટના... એ આખાય પ્રસંગના ફોટા છે....'

'એટલે હાંડા સાહેબ ?'

'હું શું કહેવા માગું છું તે તું ન સમજતો હોઉં તેટલો તું ગધ્ધો નથી.... લૂંટ કેવી રીતે થઈ, કોણે કરી... વગેરે તમામ ફોટા અમારી પાસે છે.'

જિગર એક સેકન્ડ માટે ખચકાયો. તેણે એકાએક પૂછ્યું : 'એટલે તમે એમ કહેવા માગો છો કે એ ફોટામાં હું અને હરીશ જૈન દેખાઈએ છીએ...'

'તમે બે જ જણ નહિ, બીજા ત્રણ જણ દેખાય છે.' હાંડાએ બીજી સિગારેટ કાઢીને સળગાવી.

'ઈઝ ઈટ સમ કાઈન્ડ ઑફ એ જોક, હાંડા સાહેબ ! આવી મજાક કરીને તમે મારી પાસે ખોટી કબૂલાત કરાવવા માગો છો ?' જિગરની છાતીમાં શ્વાસ ભરાતો હતો. તેને સમજાતું ન હતું કે હાંડા સાચું બોલે છે કે ગપ્પું ઠોકે છે.

'આ મજાક નથી. એ ફોટા પરથી અમે આખો ક્રાઈમ રીકન્સ્ટ્રક્ટ કરી શકીએ તેમ છીએ. એ ફોટા અમને મળ્યા ત્યારે તો અમે તમને ઓળખીને શોધી કાઢ્યા હતા....' હાંડાએ કહ્યું.

'બટ... ધૅટ્સ ઈમ્પૉસિબલ... અશક્ય...' જિગર એકાએક બોલી ઊઠ્યો. તેનાથી બોલાઈ ગયું, આપોઆપ અને સહસા બોલાઈ ગયું... બીજી જ સેકન્ડે તેને ખ્યાલ આવ્યો કે તેણે ગમખ્વાર ભૂલ કરી હતી.

'કેમ અશક્ય ? જિગર પરોત, તું કહી શકીશ એ કેમ અશક્ય છે ?'

'કારણ કે લૂંટ વખતે હું ટૂરિસ્ટ બસમાં હતો. ઉદેપુરમાં હાજર ન હતો.' જિગરે તરત પોતાની ભૂલ સુધારવાનો પ્રયાસ કર્યો. હાંડાએ સ્મિત વેર્યું.

'અમને એ પણ ખબર છે જિગર, કે તમે ગુનો કરતા પહેલાં ઍલિબીઓ તૈયાર રાખી છે. અને છતાં પણ લૂંટ તમે કરી છે... લૂંટમાં તેં અને હરીશે ભાગ લીધો છે તેવું તમારા ફોટાઓ કહે છે... માઈ ડિયર... પ્લેટેડ ગ્લાસના ગૉગલ્સ અને મૂછોને કારણે માણસ ન ઓળખાય તેવું ઓછું છે ! માણસને ઓળખવામાં ઘણી બાબતો મદદરૂપ થાય છે. વેલ... મારે જવાનું મોડું થાય છે. વિચાર કરી લેજે.. રિમાન્ડ પર જતાં પહેલાં કન્ફેશન કરવું એ ઉત્તમ છે. ક્રાઈમ નેવર પેઝ' હાંડાએ કહ્યું અને તે બહાર નીકળ્યા. સંત્રીઓએ બારણાં બંધ કર્યાં... જિગર કંઈક સ્તબ્ધતાથી બારી પાસે ગયો...

'માઈ ગૉડ !... માઈ ગૉડ !' તે બબડ્યો.

'પ્લેટેડ ગ્લાસના ગૉગલ્સ અને મૂછો !....' જિગર થડકી ઊઠ્યો હતો. હાંડા ખરેખર ધાર્યા કરતાં વધુ માહિતી ધરાવતો હતો...

જિગરના અંગત જીવનમાં હરીશે એક અજબ ભાગ ભજવ્યો હતો. વારંવાર તે વાત તેને યાદ આવતી. તે જ્યારે હરીશને મળતો ત્યારે તેને એક અપરંપાર ઉમળકો આવતો. તેણે શારદાનું તર્પણ કર્યું હતું. સરપંચ જયરામનું મોત કદાચ અકસ્માતથી થવાનું નિર્માયું

હશે છતાં હરીશ જૈને તેની રહીસહી જીવવાની તક પથ્થર મારીને પૂરી કરી નાખી હતી. ગોવિંદ, ચંદન, અશોક વગેરે ભેગા થતા ત્યારે અવારનવાર જયરામના મોતની વાત નીકળતી અને તેના અંત વિશે સૌ આનંદ લેતા. જિગર પરોત પણ એ આનંદમાં સામેલ થતો. પહેલાં કમને પણ પછી સમાધાનથી તેને પોતાને પણ જયરામનો અંત અને હરીશનું કાર્ય તર્કશુદ્ધ ન્યાય હતો તેવું લાગવા માંડ્યું હતું.

આમ છતાં બીરેન ભટ્ટાચાર્ય માટેના દસ લાખ રૂપિયા ભેગા કરવાની બાબતમાં મિત્રો વચ્ચે મતભેદ થયો હતો. અને એટલે જ્યારે 'ઑપરેશન સેલ'ની વાત થવાની હોય ત્યારે જિગરને તેમાંથી બાકાત રખાતો. જિગરને તેનાથી ખરાબ લાગતું નહિ. બલ્કે તે આ સ્થિતિને આવકારતો. તેમ છતાં તેની જિજ્ઞાસા પરથી ક્યારેક કાબૂ ચાલ્યો જતો. અને એ હરીશને પૂછી નાખતો...

'ઑપરેશન સેલનું કામકાજ કેમ ચાલે છે હરીશ ?' તે પૂછતો.

'જોરદાર ચાલે છે. આ પરીક્ષાઓ જાય પછી ડાઈરેક્ટ ઍક્શન... અત્યારે બધું પ્લાનિંગ, તાલીમ અને સાધનસામગ્રી એકઠી કરવાનું ચાલી રહ્યું છે.' હરીશ તેને કહી નાખતો.

'પણ બીરેનને માટે પૈસા એકઠા કરવાને માટે શું વિચાર્યું છે ?

'અરે બેત્રણ પ્લાન વિચાર્યા છે.' હરીશ બોલ્યો. 'ગોવિંદ આખરી નિર્ણય લેશે. પણ તે ગમે તે નિર્ણય લે... બધા જ પ્લાન સનસનીખેજ છે.' હરીશ કહેતો. જિગર એ ફૂટડા, તરવરતા જુવાન સામે જોઈ રહેતો.

'હરીશ, એક પ્રશ્ન પૂછું ?'

'પૂછને !'

'તું શા માટે આ નક્સલવાદીઓની સાથે જોડાયો છું ?' જિગરે પૂછ્યું.

'નક્સલવાદીઓ... ?'

'મતલબ કે ગોવિંદ અને બીરેન ભટ્ટાચાર્ય જે વિચારે છે તેની સાથે તું સમ્મત છું ?'

'સમ્મત છું એટલે તો જોડાયો છું. મને લાગે છે કે બીરેન જે કરી રહ્યો છે અને ગોવિંદ જે કરવા માગે છે તે દેશ માટે જરૂરી છે.' હરીશે જવાબ આપ્યો.

'હરીશ... કૉલેજમાં થતા ધ્વજવંદન વખતે, અરે ! રાષ્ટ્રગીત ગવાતું હોય ત્યારે પણ તું છોકરીઓના વાળ ખેંચતો કે ઠેકડી ઉડાવતો તે તને યાદ નથી ? ... ક્યારેય તેં દેશ પ્રત્યેનું એક પણ કામ કર્યું છે ? અમે બધા દરેક વર્ષની શ્રમ શિબિરમાં જઈ આવ્યા છીએ. તું ક્યારેય તેમાં સામેલ થયો છું ? તેં એકે વખત એવું કંઈક કામ કર્યું છે જેને દેશસેવા ગણી શકાય ?' જિગરે પૂછ્યું.

'જો દીકરા શેક્સપિયર... આ બધી ચર્ચા તારે ગોવિંદ સાથે કરવાની. તું જાણે છે કે આપણે તેમાં મીંડું છીએ. અલબત્ત એક વાત હું સમજું છું. ગોવિંદ મારો મિત્ર છે. મિત્રને સાથ આપવાનો મને આનંદ થતો હોય છે.' તે બોલ્યો.

'પણ મિત્રો કંઈ ખોટું કરતા હોય ત્યારે...' જિગરે કહેવા માંડ્યું.

'આવું તો દરેક ક્રાન્તિમાં થયું હશે ને ! અને તને નથી લાગતું જિગર, જગતની બધી જ ક્રાન્તિઓ મૈત્રીમાંથી જન્મી હશે... અને આમેય હું પોતે બીજા શા કામનો આદમી છું ? યૂ નો... ભણવામાં આપણને કોઈ દિલચસ્પી નથી. ઘરમાં પૈસા એટલા છે કે હું કશું જ કર્યા વગર રજવાડી ઠાઠથી જિંદગીભર રહી શકીશ, એશ પણ કરી શકીશ....'

'પણ એટલા ખાતર શું ક્રિમિનલ ઍક્ટિવિટી કરવી ?' જિગરે પૂછ્યું.

'અમે લોકોએ આખા રાજસ્થાનમાં પેલા ફોટા લગાવ્યા ત્યારે તું જ મને નહોતો કહેતો, જિગર, કે એ અદ્ભુત કામ હતું ! રચનાત્મક અભિગમ હતો. બ્રિલિયન્ટ આઈડિયા હતો...' હરીશે પૂછ્યું.

'તે ક્યાં ના કહું છું ? એ મને ખૂબ ગમેલું. એવું કાર્ય કરવાનું હોય તો હું પણ તૈયાર છું.' જિગરે કહ્યું.

'જિગર, તને ખ્યાલ છે તેમાં કેટલો ખર્ચ થયો ?' હરીશે પૂછ્યું.

'નહિ...'

'પાંસઠ-સિત્તેર હજાર રૂપિયાથી વધુ...' હરીશે કહ્યું. 'એટલા બધા પૈસા તો હું મારા ઘરમાંથી કાઢી શકું તે શક્ય નથી ને ! એ પૈસા જો ન આવ્યા હોત તો આવું રચનાત્મક કાર્ય થઈ શક્યું ન હોત. કેન યૂ અન્ડરસ્ટૅન્ડ જિગર... હું પોતે માનું છું. ગોવિંદ પણ એ જ મત ધરાવે છે કે ભારતમાં ક્રાન્તિ કેવળ સંપન્ન માણસો લાવી શકશે. અદના આદમીનાં ટોળાંઓથી હુલ્લડો થઈ શકશે, પણ ક્રાન્તિ નહિ. જેની પાસે પૈસા છે, સંપત્તિ છે, ભણતર છે, તેમણે જ એકઠા થઈને આ દેશની હાલત સુધારવી પડશે. ભારતમાં ભૂખ્યા લોકોથી ક્રાન્તિ થવાની નથી. અહીં તો ભૂખ પણ આદત બની ગઈ છે. વિધાતા પર આધાર રાખો, ઈશ્વર પર શ્રદ્ધા રાખો, ભજન કરો અને ભૂખ્યા રહો. આપણા ઇતિહાસે, આપણાં શાસ્ત્રોએ એ જ શીખવ્યું છે. ગયા જન્મમાં જે પાપો કર્યાં છે તેનું ફળ આપણે ભોગવી રહ્યા છીએ માટે ચુપચાપ સહન કરો તો આવતા જન્મમાં સુખ મળશે. હિંદની ધરતી પર વસતી પ્રજામાં ગાડરિયા પ્રાણીઓનું લોહી વહે છે, તે કેવલ અનુસરે છે. એક એકની પૂંઠ સૂંઘતાં પ્રાણીઓની જેમ... તેમના લોહીમાં અનુસરવાના રક્તકણો

છે. લોકો બે રૂપિયે કિલો ખાંડ ખાઈને આનંદ અનુભવે છે. અને આઠ રૂપિયા કિલો ખાંડ થાય ત્યારે પણ મન મનાવી લે છે. સોળ રૂપિયે કિલો તેલ ખાઈને પણ તેમને રંજ થતો નથી, ઉશ્કેરાટ થતો નથી. આ ઐતિહાસિક ટેવ છે. સહિષ્ણુતાની ફિલસૂફી છે. આ એવો રોગ છે જેનું ઓસડ નથી. તેનું ઓસડ ભૂખમાં નથી. સ્વસંપન્નતામાં છે. સમજદારીમાં છે. અને એટલે જ ભારતમાં ક્રાન્તિ કરવી હશે તો ખેડૂતો નહિ કરી શકે, મજદૂરો પણ નહિ, કેવળ સાંપ્રત લોકો જ કરી શકશે. ઈન્ટલેક્ચ્યુઅલ્સ કરી શકશે... એલાઈટ કરી શકશે... સારા અને નરસાનું તોલમાપ કરીને જો લોકો બેસી જ રહેશે તો ક્યારેય કશું થશે નહિ.'

'હરીશ, તું કેટલી વિરોધાભાસી વાત કરે છે તે તને સમજાતું નથી ?'

'મેં તને પહેલેથી જ કહ્યું કે હું થિયરેટિશિયન નથી, હું સૈનિક છું. મારે મન સાચી મૈત્રી એ જ ક્રાન્તિનું પરિબળ છે. મને રંજ માત્ર એટલો છે કે તું ગોવિંદને ઓળખતો નથી. તેની મજબૂરીને સમજતો નથી. તેને વિશ્વાસપાત્ર દોસ્તોની જરૂર છે. હું તને ક્યારેય કહેવાનો ન હતો, પણ આજે કહું છું... સરપંચ જયરામના માથામાં મેં પથ્થર માર્યો ત્યારે હું તેનું ખૂન કરી રહ્યો છું તેવું મને લાગ્યું ન હતું. તે વખતે હું ન્યાય તોળતા કોઈ ન્યાયાધીશ જેટલો જ ગંભીર હતો... એટલો જ તટસ્થ હતો અને એટલે જ આજે અને એ પળથી હું ગોવિંદને સમજી શકું છું. ગોવિંદમાં એવું તાટસ્થ્ય છે... જ્યારે તું ક્રાઈમ અને ક્રાન્તિ વચ્ચે અટવાયેલો છું... હું અટવાયેલો નથી...'

તે દિવસની રાત જિગરે ભારે અજંપામાં ગાળી હતી. આત્મમંથનમાં ગાળી હતી. હરીશ જેવો એક પ્લેબૉય... છોકરીઓની વાતો કરવાને બદલે કંઈ જુદી જ, કંઈક ગંભીર વાત કરતો હતો...

હરીશ જૈનની વાતે જિગરને હચમચાવી નાખ્યો હતો. તે જેમ જેમ વિચારતો ગયો તેમ તેમ તેને લાગતું ગયું કે તેની વાત સાચી હતી. દરેક સંબંધમાં સીમાઓ હોય છે, પણ મૈત્રીમાં નહિ. મૈત્રી તો અમાપ, અસીમ સંબંધ છે. તેમાં ક્યારેય ગણતરી નથી હોતી, હોય છે માત્ર 'કમિટમેન્ટ', સ્વેચ્છાએ સ્વીકારેલું કોઈ આચરણ... વચનબદ્ધતા....

તેને જગતભરમાં થયેલી ક્રાન્તિઓ યાદ આવી... ફ્રેન્ચ રેવોલ્યૂશન.. ઑક્ટોબરની ક્રાન્તિ... માઓની લૉન્ગ માર્ચ... ગાંધીની દાંડીકૂચ... રાજ્યના, તાજના ત્રાજવેથી જોખવામાં આવે તો આ બધા સરિયામ ગુનાઓ હતા. લેનિન, સ્ટાલિન, માઓ, ગાંધી કે પછી ફિડલ કેસ્ટ્રો એ સૌ ગુનેગાર હતા. પણ લોકમત અને જાગૃતિના તોલમાપમાં આ ગુનાઓ ન હતા... ક્રાન્તિઓ હતી. ધરતીના બુંદ બુંદમાંથી, પ્રજાના પરસેવામાંથી ફૂટેલા ચૈત્રોની જેમ આ એક આવિષ્કાર હતો... જેનાથી રાજનૈતિક કાયાપલટ થઈ... કચરાની

સાફસૂફી હતી... સમાજની સફાઈ હતી... શું એ સમય આજે આવ્યો ન હતો ? જિગરનો આત્મા તેને પૂછતો રહ્યો.. આખી રાત તેના મગજમાં ઘણની માફક એ પ્રશ્ન ઠોકાતો રહ્યો... શું એ સમય આજે આવ્યોં ન હતો ? અને તેનો અવાજ પણ તેના અંતરમાં ગુંજતો હતો... હા જિગર... હા. એ સમય આવ્યો હતો. તો પછી ? તો પછી શું ? હિંસા વગર, ક્રાન્તિ વગર, જાનફેશાની વગર શું આ કાયાપલટ, આ સામાજિક મહોરાં ચીરી નાખવાં શક્ય હતાં ? નહિ, શક્ય ન હતાં. અને એટલે જ તેને ગોવિંદના શબ્દોમાં શ્રદ્ધા પેદા થવા માંડી હતી.

**

બીજે દિવસે સાંજે તે ગોવિંદ ભંડારીને ત્યાં ગયો હતો. ગોવિંદ ઘરમાં ન હતો. અશોક શેખાવત રાબેતા મુજબ તેની વર્કશૉપમાં કામ કરતો હતો. ગરાજના માળિયામાં બનાવેલી વર્કશૉપમાંથી તે દાદર ઊતરીને નીચે આવ્યો.

'વાહ... શેક્સપિયર.. આવ યાર...' તે બોલ્યો.

તે ઘડીભર નક્કી ન કરી શક્યો કે અશોકના અવાજમાં ઉમળકો હતો કે પૃચ્છા !

'ગોવિંદ નથી ?' જિગરે પ્રશ્ન કર્યો.

'અરે યાર, એ સૉક્રેટિસનો બચ્ચો અકાળે અવસાન ન પામે તો મને કહેજે... આજે ક્યાંક બ્લડ ડોનેશન કૅમ્પ છે, તે લોહી ઉઘરાવવા ગયો છે. હું તેને રોજ કહું છું કે આ દેશના લોકો એકબીજાનું લોહી પીને જીવે છે, પછી સાચેસાચ લોહી ઉઘરાવવાની જરૂર નથી.'

'લિયો...' શેખાવતને મિત્રો લિયો નામથી નવાજતા....' મારે ગોવિંદનું ખાસ કામ હતું... આઈ મીન અંગત કામ.'

'તો પછી મોડો આવજે અથવા રોકાઈ જા.. એ પાછો જરૂર આવશે... ગોવિંદ એકાએક સંન્યાસી થઈને આ સંસાર છોડી જાય તેવું હું માનતો નથી. અને એ કમબખ્ત જો સાધુ થયો તોય જગતમાં આચાર્ય રજનીશની જેમ કંઈક ને કંઈક ઉપાધિ તો કરાવશે...'

'તું મજાક જવા દે, લિયો... તને ખબર નથી, મારા પર કેટલી વીતી રહી છે તે !' જિગરે કહ્યું.

'પૈસાની તકલીફ છે ?' અશોકે પૂછ્યું. 'તો ચિંતા ન કરતો. આજકાલ અમારી પાસે સોનાના ચરુ છે...

'સોનાના ચરુ એટલે ?' જિગરે પૂછ્યું. અશોકે જવાબ આપતા પહેલાં એક આંખ ઝીણી કરી...

'એ તને કહેવાય નહિ, દીકરા. પણ તારે પૈસાની મુસીબત હોય તો મૂંઝાવું નહિ...' શેખાવતે કહ્યું.

જિગર એક ક્ષણભર તેની સામે જોઈ રહ્યો. 'નહિ લિયો, એવી કોઈ મૂંઝવણ નથી....' જિગરે કહ્યું. તેને પોતાને ખ્યાલ આવતો ન હતો કે તેના મનની વાત તેણે કેવી રીતે રજૂ કરવી. 'અશોક, મને ખરેખર ગંભીર વિટંબણા થઈ છે. મને ચોક્કસ લાગે છે કે ગોવિંદ સાચો છે... તેની વાત સાચી છે... વેલ... ગઈ કાલે રાત્રે હું સહેજ પણ ઊંઘી શક્યો નથી. અને એટલે જ આજે હું ગોવિંદને કહેવા આવ્યો છું... કાઉન્ટ મી ઇન...'

અશોક શેખાવત જિગરની સામે કંઈક આશ્ચર્યથી, કંઈક આનંદથી જોઈ રહ્યો. 'માઈ ગૉડ... જિગર કાઉન્ટ મી ઇન એટલે ? અરે, તું અંદર જ છું... કમબખ્ત સૉક્રેટિસ સાચો પડ્યો...' તે બોલ્યો. ગોવિંદને અશોક સૉક્રેટિસ પણ કહેતો.

'સાચો પડ્યો એટલે ?' જિગરે આશ્ચર્યથી પૂછ્યું.

'ગોવિંદ કહેતો હતો કે જિગર આવશે જ... તેને ગજબની શ્રદ્ધા હતી. માઈ એન્જલ્સ... ગોવિંદનો બચ્ચો કહેતો જ હતો કે જિગરની નસોમાં ક્રાન્તિનું લોહી ફરે છે. એવા લોહીવાળો માણસ દૂર ઊભો રહીને તમાશો જોવાનું પસંદ નહિ કરે. ઍન્ડ હી વૉઝ રાઇટ.. બાકી અમે તો તારા નામનું નાહી નાખ્યું હતું...'

'સ્વાભાવિક છે... લિયો... તું જાણે છે કે મને પરિણામો જેટલો જ પરિણામો મેળવવા માટેનાં સાધનોમાં રસ છે. કોઈ પણ સાધન દ્વારા સિદ્ધિ મેળવવાનો મને રસ નથી. દાખલા તરીકે ચોરી કરીને પાસ થવાની કે ઉત્તમ ગુણ મેળવવાની શક્યતા હોય તોપણ હું તેમ ન કરું... તેના કરતાં પરીક્ષામાં બેસું જ નહિ... પણ ગોવિંદની ફિલસૂફીમાં...'

'તેનો જવાબ છે... તેનો જવાબ છે...' એકાએક શેખાવતે કહ્યું, 'પ્રશ્ન ચોરી કરીને પરીક્ષા આપવાનો નથી... પ્રશ્ન નાકામિયાબ પરીક્ષકોને હઠાવવાનો છે...'

'આપણે ચર્ચા નથી કરવી... તું ગોવિંદને એટલું કહેજે હું તેની પદ્ધતિઓ સાથે સંમત નથી, છતાં હું મૈત્રીની કિંમત ક્રાન્તિથી વધુ મૂકું છું અને એટલે તેની સાથે જોડાયેલો છું...' જિગરે કહ્યું.

એ આદર્શવાદ હતો. મૈત્રી વિશેની આદર્શ સમજ હતી. જિગરે એક ડગલું ભર્યું હતું... તેને ખબર ન હતી કે બીજું ડગલું ઉદેપુર સેન્ટ્રલ જેલમાં ભરવાનું આવશે.....

**

ગોવિંદ ભંડારીનો પ્રથમ પ્લાન વિમાન હાઇજેક કરવાનો હતો. તે કેવળ બીરેન ભટ્ટાચાર્ય માટે પૈસા એકઠા કરવા માગતો ન હતો, પણ આખો દેશ ખળભળી ઊઠે તેવું

કરીને પૈસા એકઠા કરવાના મતનો હતો. એ બાબતમાં ગંભીર ચર્ચા થઈ હતી. પણ બીરેને એ યોજના પર પાણી ફેરવ્યું હતું. બીરેન આવી સરસ 'ટીમ' ગુમાવવા માગતો ન હતો. વળી જે લોકો આ પ્રવૃત્તિમાં સાથ આપતા હોય તે એકી ધડાકે છતા થઈ જાય અથવા દેખીતા આત્મઘાત જેવું જોખમ લે તે તેને યોગ્ય લાગ્યું ન હતું. અલબત્ત, જિગર, હરીશ કે ચંદન નામેચા ક્યારેય બીરેનને મળ્યા ન હતા. બીરેન ભટ્ટાચાર્ય સાથેની તમામ વાતો ગોવિંદ જ કરતો. અને મોટે ભાગે તેમની મુલાકાત નાથદ્વારામાં કે એકલિંગજીમાં થતી. બીરેન ક્યારેય ખપથી વધુ જોખમ લેવામાં માનતો ન હતો.

આખરે બૅન્ક ઑફ મેવાડની ક્લૉક ટાવર પાસે આવેલી બ્રાંચ પર ધાડ પાડવાનું નક્કી થયું. એક વખત ટાર્જેટ નક્કી થયું, પછી ઝીણવટથી આયોજન શરૂ થયું હતું.

ધાડ પાડવાની તારીખ પરીક્ષાઓ પતી જાય પછી નક્કી કરવાનો નિર્ણય લેવાયો હતો. ગોવિંદ આયોજનનો આદમી હતો. પ્રથમ કામ બૅન્ક વિશે માહિતગાર થવાનું હતું. બૅન્કના મકાનનો નકશો અશોક શેખાવતે તૈયાર કર્યો. બૅન્કની સામે આવેલી એક હોટલમાં એક મહિનો કમરો ભાડે રાખવાનું નક્કી થયું. અલબત્ત લૂંટની તારીખ નક્કી થાય પછી જ એ કમરો ભાડે રાખવાનો હતો. રોજ સાંજે વ્યવસ્થિત રીતે ગોવિંદના પ્રમુખપદ હેઠળ મિત્રોની બેઠક થતી અને રોજેરોજ એક પછી એક પ્રશ્નો અને તેના ઉકેલની ચર્ચા થતી.

'અચ્છા ગોવિંદ... ધાર કે લૂંટને દિવસે બૅન્કમાં આપણે ધારીએ તેટલી ' કૅશ' ન હોય તો શું ? લાખ બે લાખ રૂપિયા માટે જ જો લૂંટ કરવાની હોય, આટલું બધું જોખમ લેવાનું હોય તો તેનો અર્થ નથી.' હરીશે એક દિવસની બેઠકમાં આ મુદ્દો ઉપસ્થિત કર્યો હતો.

કોઈ પણ મહિનાની ત્રીજી તારીખથી સાતમી તારીખ સુધી બૅન્કમાં વધુમાં વધુ ' કૅશ' રહેતી એટલું જ નહિ હોળી, દશેરા અને દિવાળીની આસપાસના દિવસોમાં તેમ જ ડિસેમ્બર અને એપ્રિલના અંતભાગમાં બૅન્કમાં વધુ કૅશ આવતી. પણ આમાંના કોઈ દિવસો ફાવે તેવા ન હતા, અભ્યાસ બગાડી કોઈ કશું કરવા તૈયાર ન હતા. અને તૈયાર હોય તોપણ ગોવિંદ તે કરવા દેવા તૈયાર ન હતો.

' કૅશનો પ્રશ્ન તો છે જ. આપણે બને તેટલી ઈનસાઇડ ઇન્ફર્મેશન એકઠી કરીશું જ. પણ ચોક્કસ કેટલી કૅશ બૅન્કમાં લાવવામાં આવે છે તે આપણે સો ટકા ખાતરીપૂર્વક કહી ન શકીએ. રોજિંદા વ્યવહાર માટે પાંચ લાખ રૂપિયા બૅન્કમાં આવે છે. પણ જ્યારે મેવાડ ટેક્સ્ટાઇલ, રાજસ્થાન માઈન્સ, હિન્દ એસ્બેસ્ટોસ ઍન્ડ ઝિંક કંપનીના પગારો થવાના હોય છે ત્યારે બૅન્કમાં વધુ કૅશ લાવવામાં આવે છે.' ગોવિંદે કહ્યું. 'આ ઉપરાંત જ્યારે કોઈ કસ્ટમર મોટી રકમનો ચેક ટ્રાન્સ્ફર કરીને કૅશ પેમેન્ટ માટે રજૂ કરે છે ત્યારે બૅન્ક

વધુ કેશ મંગાવે છે અને બૅન્કની ગાડીમાં આ કેશ સીલબંધ પેટીઓમાં, હથિયારધારી પહેરેગીરની સાથે લાવવામાં આવે છે. ઈન શૉર્ટ આપણે ૩ થી ૭ તારીખમાં જો ઑપરેશન યોજીએ તો વધુ પૈસા મેળવી શકીએ.' ગોવિંદ ક્યારેય તેની વાતચીતમાં લૂંટ શબ્દ વાપરતો નહિ. અને જો કોઈ પણ તેવો શબ્દપ્રયોગ કરે તો તે ખિજાતો અને કહેતો, 'આપણે લૂંટારા નથી. આપણે જે કાંઈ કરવાનું છે તે લૂંટ નથી. એ એક મિલિટરી ઑપરેશન છે, એક ગેરીલા ઑપરેશન છે. યૂ મસ્ટ સાઈકોલૉજિકલી પ્રિપૅર યૉરસેલ્ફ. વી આર નૉટ ઑર્ડિનરી ડેકોઈટ્સ... વી આર એ ફોર્સ... આપણે ગેરીલાઓ છીએ.. રેવોલ્યૂશનરીઝ છીએ.'

'નહિ, પણ ગોવિંદ, હરીશ કહે છે તે વાત બરાબર છે.' જિગરે સૂર પુરાવ્યો. 'જો આપણને આઠ, દસ કે પંદર લાખ રૂપિયા મળવાના ન હોય તો જિંદગી હોડમાં મૂકવાનો અર્થ નથી.'

'એ જોખમ તો છે જ, તેનો કોઈ ઉપાય નથી... સિવાય કે આપણે બીજી કોઈ બૅન્ક પસંદ કરીએ... પણ તેમ કરવામાં વધુ જોખમ છે. ક્લૉક ટાવર પાસેનો રસ્તો પહોળો છે એટલું જ નહિ, પણ બૅન્કની ત્રણે તરફ રસ્તા છે. આપણે ભાગવાની મોકળાશનો પ્રથમ વિચાર કરવાનો રહે છે...' ગોવિંદે કહ્યું. બધા એ સાથે સંમત હતા. મુખ્ય શહેરથી દૂર આવેલી બૅન્કમાં ધાડ પાડવાની સરળતા જરૂર રહે, પણ તેમાં તો આથીય ઓછા રૂપિયા મળે. ચંદને એક સૂચન એવું પણ કર્યું કે, નાથદ્વારાની સ્ટેટ બૅન્કને ટાર્જેટ બનાવીએ. પણ નાથદ્વારામાં 'એસ્કેપ રૂટ' નો પ્રશ્ન હતો. યાત્રીઓની ગિરદીનો પ્રશ્ન હતો. ગામમાં જવા માટે એક માત્ર રસ્તો છે અને હરહંમેશ ત્યાં ગિરદી રહે છે.

'ગોવિંદ... એક કામ કરી શકાય...' હરીશે થોડી વાર પછી કહ્યું, 'આપણે લૉકર્સમાંથી માલ મેળવી શકીએ.'

'લૉકર્સ ?' ગોવિંદે પૂછ્યું. 'પણ તેની ચાવીઓ ક્યાંથી મેળવવી ?....'

'એમ નહિ... લૉકર્સની ચાવીઓ ન મળે તે તો હું સમજું છું, પણ લૉકર્સ તોડીને આપણે જરૂર ધારી રકમ પ્રાપ્ત કરી શકીએ...' હરીશે કહ્યું.

'એ શક્ય નથી...' જિગરે કહ્યું. બૅન્કનાં લૉકર્સ સરળતાથી તૂટે નહિ... તેટલો સમય આપણી પાસે રહે નહિ. વળી જે લૉકર્સ તોડીએ તેમાંથી આપણને જો માતબર રકમ ન મળે તો મહેનત નકામી જાય...'

'મહેનત નકામી ન જાય.. જો આપણને માહિતી હોય કે કયા લૉકર્સમાં વધુ ઘરેણાં છે કે રૂપિયા છે.' હરીશે કહ્યું.

'પણ એ માહિતી મેળવવી અશક્ય છે. લૉકર્સમાં શું છે તે તો બૅન્કના મૅનેજરને પણ ખબર ન હોય ને !' ચંદને કહ્યું.

'એ વાત સાચી, પણ આપણે જો લૉકર્સનું લિસ્ટ મેળવી શકીએ તો હું કહી શકું કે કયા લૉકરમાં અંદાજે કેટલી રકમનો માલ હોય...' હરીશ બોલ્યો.

'કેવી રીતે ? તું કંઈ જ્યોતિષી છું ? ત્રિકાળજ્ઞાની છું ?' અશોકે ટાપસી પૂરી.

'તું વચ્ચે ડબડબ ન કર... એ મારું કામ છે. હું ઇન્ફર્મેશન લાવી શકીશ... દાખલા તરીકે ચેતક સર્કલ પાસેની બૅન્ક ઑફ મેવાડની શાખામાં મારી માનું લૉકર છે... તેમાં સહેજે લાખ-દોઢ લાખ રૂપિયાના દાગીના હશે. કદાચ વધુ પણ હોય...' હરીશે કહ્યું.

'હવે એ તો અમ્મીનું લૉકર છે એટલે તું અંદાજ લગાવી શકે. પણ કોઈ અમથાલાલનું લૉકર હોય તો આપણને શી ખબર પડવાની ?' અશોકે પૂછ્યું.

'એ અમથાલાલ કોણ છે તેની આપણને માહિતી હોય તો તેના લૉકરમાં શું છે તે જરૂર આપણે અંદાજી શકીએ...' હરીશે કહ્યું.

'એ બધું ઠીક, પણ લૉકર તોડી શકાય કે નહિ... અને તોડી શકાય તો તેમાં કેટલો સમય લાગે ? એટલો સમય આપણને ઑપરેશન માટે મળી શકે ? એ મળી શકે તોપણ એ માટે આપણે કેટલા વધુ માણસ જોઈએ તે વિચારવું પડે ને !' ગોવિંદે રજૂઆત કરી.

'અરે ભાઈ, જ્યારે કોઈની ચાવી ખોવાઈ જતી હશે ત્યારે બૅન્કવાળા શું કરતા હશે ? લૉકર તોડતા જ હશે ને !'

'માસ્ટર કી રાખતા હશે.' ચંદને અને અશોકે બન્નેએ સાથે કહ્યું.

'ડફોળ છો તમે !' હરીશ બોલ્યો. 'સમજ ન પડતી હોય તો વચ્ચે શા માટે ભસ્યા કરો છો ! સેઈફ ડિપૉઝિટ વોલ્ટમાં ક્યારેય માસ્ટર કી રખાય નહિ. એટલું જ નહિ તેમાં દરેક ગ્રાહકની જુદી ચાવી હોય, સમજ્યા ? એક લૉકરમાં બે લિવર્સ હોય. એક લૉક બૅન્કનો અધિકારી ખોલે અને ત્યાર પછી જ ગ્રાહકના લૉકરને ખોલી શકાય. બે ચાવી હોય તો જ એ ખૂલે.'

'હરીશની વાત પર વિચાર તો કરવો જોઈએ.' ગોવિંદે કહ્યું.

'મારું એમ કહેવું છે, ગોવિંદ, કે આ લિયો (અશોક) જો જોઈ શકે કે લૉકરની ચાવી ખોવાઈ જાય તો કેવી રીતે એ ખોલવામાં આવે છે તો આપણે વિચારી શકીએ કે લૂંટ દરમ્યાન - આઈ મીન ઑપરેશન દરમ્યાન - એમ થઈ શકે કે નહિ...' હરીશે કહ્યું.

અને એ દિવસે નક્કી થયું કે ચાવી ખોવાઈ ગયેલું લૉકર બૅન્ક વાળા કેવી રીતે ખોલે છે અથવા તોડે છે તેનો અભ્યાસ અશોક શેખાવતે કરવો.

'અરે ભાઈ, પણ આપણા કહેવાથી કોઈ બૅન્કવાળો આપણને લૉકર તોડી બતાવતો હશે ?' જિગરે પૂછ્યું.

'એ મારા પર છોડો. હું તેનો બંદોબસ્ત કરીશ.' હરીશે કહ્યું.

**

બરાબર એક અઠવાડિયા પછી એક દિવસ હરીશ અશોકને લૉકર કેમ તોડાય છે તે જોવા લઈ ગયો. તે દિવસની સાંજે બંને જણ ભારે ઉત્સાહમાં હતા.

'મારી પાસે પાવર ડ્રિલ હોય તો હું ચાર જ મિનિટમાં લૉકર ખોલી શકીશ...' અશોક શેખાવતે બેઠકમાં ધડાકો કર્યો.

'ચાર જ મિનિટમાં ?' ચંદન બોલી ઊઠ્યો.

'અને થોડી પ્રૅક્ટિસ મળે તો તેથી પોણા સમયમાં...' અશોકે જવાબ આપ્યો. એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતો અશોક કોઈ સામાન્ય વિદ્યાર્થી ન હતો. 'પણ આ બન્યું કેમ ! તમે બૅન્કનું લૉકર તોડતાં જોયું કેવી રીતે ?' જિગરે પૂછ્યું.

'હરીશે બધો બંદોબસ્ત કર્યો.'

'ઇટ વૉઝ ક્વાઇટ સિમ્પલ...' હરીશ બોલ્યો. 'મારી માના લૉકરની ચાવી મેં ગુમ કરીને પિછોલા તળાવમાં નાખી દીધી... વેલ. પણ ત્રણ દિવસ સુધી મારી માએ શોધખોળ ચલાવી હતી અને આખરે બૅન્કમાં જઈને મૅનેજરને કહ્યું હતું કે મારા લૉકરની ચાવી ખોવાઈ છે, મારે બીજી ચાવી જોઈએ... હું તેની સાથે જ ગયો હતો. મને તો ખબર હતી કે આજે ને આજે બીજી ચાવી બનવાની નથી. ચાવી બનાવવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી. એ તાળાની નવી કળ જ નાખવી પડે... મૅનેજરે કહ્યું કે તમે કાલે સવારે આવો, તમારી હાજરીમાં લૉકર તોડવામાં આવશે. વેલ આઈ ટૉલ્ડ લિયો કે કામ બની ગયું છે. અને હું તેને મારી સાથે લઈ ગયો. લિયોએ બધું જોઈ લીધું છે.'

'જો રાઇટ કાઇન્ડનું ટૂલ હોય તો ડાબા હાથનો ખેલ છે. આઈ મસ્ટ હૅવ એ પાવર ડ્રિલ ઍન્ડ એ મૅચિંગ ડ્રિલ-પિન...' અશોક બોલ્યો. તેણે કાગળ અને પેન્સિલ ઉઠાવ્યાં અને લૉકરનું ડ્રૉઈંગ કર્યું... તેની બાજુમાં લૉકરના બારણાનું ડ્રૉઈંગ કર્યું. 'આ જુઓ, આ લૉકર છે. અહીંયાં ચાવીની કળ છે. જે બૅન્કના મેનેજરના કબજામાં રહે છે તે ચાવી... તેનાથી અહીંની કળ ફરે છે. અંદરની સ્લિટ ઊઘડે છે. એ પછી લૉકરના માલિકની ચાવી લાગે છે. એનાથી આ કળ ઊઘડે છે. આ બારણું... આમ રાઇટ સાઇડ પર ખૂલે છે. હવે જ્યારે ચાવી બંધ થાય છે ત્યારે તાળા તરફથી એ તોડાતું નથી. બારણું જાતે જ એક મોટા મજાગરા જેવું છે. એ મજાગરું બંધ થાય એટલે કે બારણું બંધ થાય પછી ચાવી વગર ખૂલે જ નહિ.. પરિણામે લૉકર સપ્લાય કરનારનો ટેકનિશયન આવે છે અને બારણા પરના સ્ક્રૂ ડ્રિલ કરી નાખે છે. હવે બારણું પોતે જ બારણા અને મજાગરાનું કામ આપે છે એટલે તદ્દન છૂટું પડી જાય છે... સમજ્યા ? ધિઝ ઇઝ હાઉ ઇટ વર્ક્સ....' અશોકે કહ્યું. 'જો ડ્રિલ હોય અને ડ્રિલ-પિન હોય અને પાવર સપ્લાય હોય તો... બસ સીમ સીમ ખૂલ જા.. એક સિગારેટ પૂરી કરો ત્યાં સુધીમાં કમ-સે-કમ બે લૉકર તો ખોલી શકીશ...'

આ વાત સાંભળીને મિત્રો ખૂબ ઉત્સાહમાં આવી ગયા હતા. એક વાતનો ફેંસલો આવ્યો હતો. બૅન્કની કૅશ લૂંટવી અને એ સમય દરમ્યાન જ ઓછામાં ઓછાં બે લૉકર તોડવાં....

'વેલ... નાઉ ધ ક્વેશ્ચન ઇઝ.... અશોક... તારે ગમે તેમ કરીને ત્રણ લૉકર તોડવાં જોઈએ અને તે પણ વધુમાં વધુ નવથી દસ મિનિટમાં.'

'એ હું તને થોડા વખત પછી કહીશ. ડ્રિલ કરવામાં વાર થતી નથી. વાર થવાનું કારણ સ્ક્રૂની જગ્યા શોધવામાં સમય જાય એ છે. એ બારણા પર એટલી સફાઈથી રંગનું ફિનિશ થયેલું હોય છે કે સ્ક્રૂ ચોક્કસ કઈ જગ્યા પર છે તે જડતાં વાર થાય. અને જો ખોટી જગ્યાએ ડ્રિલ થાય તો આવી બને...' અશોકે કહ્યું.

'તો શું કરવાનું ?' ગોવિંદે પૂછ્યું.

'ઑપરેશન પહેલાં જો લૉકર પરના સ્ક્રૂ ક્યાં છે તેનું નિશાન કરી લેવામાં આવે તો તદ્દન સહેલું થઈ જાય.' અશોકે કહ્યું.

'પણ બેઝિક સવાલ તો આપણે વિચાર્યો જ નથી.' જિગરે કહ્યું. 'કયું લૉકર તોડવું એ આપણે નક્કી કરવું પડે ને !'

'એ મારા પર છોડો....' હરીશ બોલી ઊઠ્યો. 'તે આપણું કામ. હું શોધી કાઢીશ કે કોનાં કોનાં લૉકર્સ આ બૅન્કમાં છે. એક વખત એ ખ્યાલ આવે પછી નક્કી થઈ શકે કે કોના લોકરમાં કેટલો દલ્લો છે.'

'પણ એ કામ કરીશ કેવી રીતે ?' જિગરે પૂછ્યું.

'એ હું કરીશ... તમે ચિંતા ન કરો...' હરીશે જવાબ આપ્યો.

બસ આમ રોજેરોજ મિત્રોની મીટિંગ થતી રહી. 'ઑપરેશન બૅન્ક ઑફ મેવાડ' માટે જરૂરી માહિતીઓ એકઠી થતી રહી. બૅન્કનો નકશો તૈયાર થયો... કોણ ક્યાં બેસે છે, કેવી રીતે બેસે છે, કૅશ કૅબિન ક્યાં છે, કૅશ મૂકવાની તિજોરી ક્યાં છે, મૅનેજરની કૅબિન, કૅશ કાઉન્ટર્સ, કસ્ટમર્સ લાઉન્જ, સેલરમાં જવાની સીડી, ઇલેકટ્રિક સપ્લાયની લાઇન્સ, ટેલિફોન લાઇન્સ, સ્ટાફની સંખ્યા, રોજેરોજ આવતા કસ્ટમર્સની સંખ્યા, બૅન્કના

પ્રવેશદ્વારથી કાઉન્ટર્સનું અંતર, કાચની બારીઓ અને બારણાંમાંથી દેખાતો રસ્તા પરનો વ્યૂ, પગથિયાંની સંખ્યા, સીલિંગની ઊંચાઈ, એલાર્મ સિસ્ટમ, સપ્લાયની મેઇન સ્વિચ વગેરે અનેક નાનીમોટી વિગતો એકઠી થવા માંડી.

હરીશ જૈને બૅન્ક ઑફ મેવાડમાં પોતાના નામનું લૉકર ખોલાવ્યું. ચંદનનો પોતાનો સૅવિંગ્ઝ ઍકાઉન્ટ તો આ જ બૅન્કમાં હતો... એટલે એ અવારનવાર બૅન્કમાં જતો. તેને ભરવા માટેની કેશ પણ ગોવિંદે સપ્લાય કરી હતી. હરીશ જૈને પણ ત્યાં સૅવિંગ્ઝ ઍકાઉન્ટ ખોલાવ્યો હતો. હાથી પોલ પાસે અને બૅન્કની સામેના ભાગમાં આવેલી લૉજમાં જિગર અને ગોવિંદે જમવા જવાને માટે કૂપનો ખરીદી હતી. એક પ્રપોઝલ એવી આવી હતી કે બધા મિત્રોએ ત્યાં જમવું પણ ગોવિંદે તેમ કરવાની મનાઈ ફરમાવી હતી.

ચંદન નામેચાને માથે હથિયારો મેળવવાની જવાબદારી નાખવામાં આવી હતી. અલબત્ત લૂંટનું પ્લાનિંગ એવી રીતે કરવાનું હતું કે, જેથી હથિયારનો ઉપયોગ કરવાનો સવાલ જ ન આવે. તેમ છતાં કર્મચારીઓનાં ગાત્રો ગળી જાય એટલા માટે હથિયારો મેળવવાં જરૂરી હતાં.

એક દિવસ આવી બેઠકમાં અશોકે બધાને ચકિત કરી દીધા હતા. તે પોતાના માળિયામાંથી એક મોટું પણ ચપટું લાકડાનું ખોખું લઈ આવ્યો હતો અને જાણે જાદુઈ પેટી ખોલતો હોય તેમ તેણે એ ખોખું ખોલ્યું હતું. એક સાથે બધા જ મિત્રો કંઈક અસ્પષ્ટ આશ્ચર્યનો ઉદ્‌ગાર કાઢીને, ફાટી આંખે એ ખોખામાં પડેલી ચીજ તરફ જોઈ રહ્યા હતા. નવાઈની વાત તો એ હતી કે ગોવિંદ, જે અશોકની સાથે જ રહેતો હતો, તે પણ દિગ્મૂઢ થઈને જોઈ રહ્યો હતો.

'માઈ ગૉડ...અશોક... તું આ ક્યાંથી લઈ આવ્યો ?' ગોવિંદ બોલી ઊઠ્યો.

'છે ને... ભયાનક ! પણ એ કામની નથી. ઍઝ ગુડ ઍઝ એ સ્ટિક... પણ લોકોના છક્કા છૂટી જશે આ જોઈને...' અશોક બોલ્યો.

તેની વાત સાચી હતી. એન્જિનિયરિંગના લેથ ઉપર અને તેની માળિયાની નાનકડી વર્કશૉપમાં અશોક શેખાવતે એક ભયાનક દેખાવનું હથિયાર બનાવ્યું હતું, જે આબેહૂબ ઇઝરાયલી મશીનગન જેવું દેખાતું... 'બસ, હવે કારતૂસો માટેની લેધર સ્ટ્રિપ બનાવીએ એટલે પત્યું... કોઈની હિંમત નથી આગળ આવે...' કહીને એકાએક તેણે ગન ઊંચકી અને 'સ્ટાન્સ' લઈને ઊભો રહ્યો.

પરીક્ષાના દિવસો નજીક આવતા ગયા હતા. અને એ સાથે ઑપરેશન બી.ઓ.એમ.નું કામ પણ ચાલતું હતું. એટલે મિત્રોમાંથી એક હરીશ સિવાય કોઈ સહેજે નવરા પડતા નહિ. પરીક્ષાઓ પતે કે તરત જ ઑપરેશન પૂરું કરવું એમ નક્કી કરવામાં આવ્યું હતું.

રોજેરોજ જાતભાતની ખરીદીઓ કરવામાં આવતી. ગૅન્ગના સભ્યો રોજેરોજ બૅન્કની આજુબાજુમાં લટાર મારતા. દુકાનોમાં કોણ કોણ ક્યારે હોય છે, ક્લૉક ટાવરની આજુબાજુના ગલ્લા, થોડે દૂર ઊભો રહેતો ટ્રાફિક પોલીસ, ક્યારેક હાથી પોલ પાસે આવીને ઊભી રહેતી પોલીસ કન્ટ્રોલ વાન વગેરે બધી બાબતોની નોંધો કરવામાં આવી.....

પરીક્ષાઓ શરૂ થઈ તેના પંદર દિવસ પહેલાં ગોવિંદે ઑપરેશન બી.ઓ.એમ.ને સ્થગિત કરવાનો હુકમ આપ્યો. જાણે કે આવું કશું જ કરવાનું નથી એમ જ બધા મિત્રો પરીક્ષાઓની તૈયારીમાં લાગ્યા હતા. જિગર તો બજોટા ચાલ્યો ગયો હતો. ઉદેપુરમાં તે અજ્ઞાત રીતે એક પ્રકારનું ટેન્શન અનુભવ્યા કરતો હતો.

તારીખ ૧૭મી માર્ચથી પરીક્ષાઓ શરૂ થઈ હતી. બધા જ મિત્રોની પરીક્ષાઓ પૂરી થતાં એપ્રિલની ૯ તારીખ થઈ ગઈ હતી અને ઑપરેશન બૅન્ક ઑફ મેવાડનો પ્રથમ તબક્કો શરૂ થયો હતો.. તા. ૬ઠ્ઠી મેનો દિવસ બૅન્ક ઑફ મેવાડની લૂંટ માટે મુકરર કરવામાં આવ્યો હતો.... ગેરીલાઓનો રિયાજ શરૂ થયો હતો. તા. ૬-મે બૅન્ક ઑફ મેવાડ... પક્ષીની આંખને જોતા અર્જુનની માફક દોસ્તોનું એ લક્ષ્ય હતું... ધ્યેય હતું... સ્વપ્ન હતું....

**

મે મહિનાની પહેલી તારીખથી ઑપરેશન બૅન્ક ઑફ મેવાડનો કાઉન્ટ ડાઉન શરૂ થયો હતો. ગોવિંદ ભંડારી ઍન્ડ ફ્રેન્ડ્ઝની આ અજોડ કંપનીએ, લશ્કર કમાન્ડોઝને પણ ચકિત કરી નાખે તેવી ઝીણવટથી બૅન્ક પર છાપો મારવાની બ્લુ પ્રિન્ટ તેમજ ઍલિબીઓ તૈયાર કરી હતી.

લૂંટમાં બે મોટરો વાપરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. એક સ્ટેશન વૅગન, ઍક્ચ્યુઅલ ઑપરેશન માટે અને એક ઍમ્બેસેડર, એસ્કેપ વેહિકલ તરીકે, એ ગાડીઓનો બંદોબસ્ત બીરેન ભટ્ટાચાર્ય કરશે તેવું ગોવિંદે કહ્યું. પછી આખી ગૅન્ગ માટે ગાડીઓ ક્યાંથી આવશે તે પ્રશ્ન કરવાનો રહ્યો ન હતો. અલબત્ત આ બધીય તૈયારીઓ દરમ્યાન કે ત્યાર પછી પણ કેવળ ગોવિંદ સિવાય કોઈ બીરેન ભટ્ટાચાર્યને મળ્યું ન હતું. જેનું કામ જે કરે તેવી પદ્ધતિ અપનાવવામાં આવી હતી. ગોવિંદ નેતા હતો. અને એટલે જ 'નો કવેશ્ચન્સ આસ્કડ'ની એકમાત્ર આચારસંહિતા આ ભાવિ ક્રાન્તિકારીઓએ સ્વયં સ્વીકારી લીધી હતી.

દિલ્હીના મિલિટરી ડિસ્પોઝલ સ્ટોર્સમાંથી એક જોંગા સ્ટેશન વૅગન લેવામાં આવ્યું હતું. જેનું રજિસ્ટ્રેશન ગાઝિયાબાદમાં કરવામાં આવ્યું હતું અને ત્યાંના એક ગરાજમાં તેની

સજાવટ કરવામાં આવી હતી. એ ગાડી તારીખ બીજી મેની રાત્રે ઉદેપુરમાં લાવવામાં આવનાર હતી. તેવી જ રીતે પટનાથી એક ઍમ્બેસેડર તા. ૩જી મેના રોજ આવવાની હતી.

લૂંટ માટે જરૂરી હથિયારો જોધપુરથી મેળવવામાં આવ્યાં. એ કામ ચંદનને સોંપવામાં આવ્યું હતું. ચંદન એકલો જોધપુર ગયો હતો અને ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશના ડેકોઈટ્સને હથિયારો સપ્લાય કરતા શેરખાન નામના આદમી પાસેથી એ હથિયારો મેળવવામાં આવ્યાં હતાં. વેઝન ઍન્ડ સ્મિથ મેઈકની-૩ર કેલિબરની ત્રણ રિવૉલ્વર અને સો જેટલાં કાર્ટ્રિજ, એક દેશી બનાવટનો તમંચો અને બે હાથબૉમ્બ જોધપુરથી સલામત રીતે ચંદન લઈ આવ્યો હતો.

અશોક શેખાવતે એક બનાવટી મશીનગન ઍસેમ્બલ કરીને તૈયાર રાખી હતી. જ્યારે બીજી ચીજોની ખરીદી જિગર અને હરીશે મળીને કરી હતી. બધા જ માટે એક સરખાં ઑલિવ ગ્રીન રંગનાં શૉટ્સ સિવડાવવામાં આવ્યાં હતાં. તેવાં જ રંગનાં મોજાં, અને કોરિયન પી-કેપ ખરીદવામાં આવી હતી. બધા માટે મિરર ફિનિશ ગૉગલ્સ ખરીદવામાં આવ્યા જેથી પહેરનારની આંખો દેખાય નહિ. દરેક જણ માટે એક જ સરખી ડિઝાઈન અને લાઈટ કાપડની, ઑલિવ ગ્રીન રંગની જર્સીઓ તૈયાર કરવામાં આવી હતી. રબ્બર સોલના સ્પોર્ટ્સ સૂઝ ખરીદવામાં આવ્યા હતા. ફકત તેમાં એક પ્રશ્ન નડ્યો હતો. એ જ ડિઝાઈનના સફેદ રંગના શૂઝ, ચંદન નામેચાની સાઈઝમાં મળ્યા ન હતા. આખા ઉદેપુરમાં અને ત્યાર બાદ જોધપુરમાં તેની તલાશ કરવામાં આવી હતી પણ ચંદન માટે આખરે બીજા રંગના બૂટ ખરીદવા પડ્યા હતા. હિંદ એસ્બેસ્ટોસ ઍન્ડ ઝિંક કંપનીના સ્ટોર્સમાંથી ડાયનેમાઈટ્સની સ્ટિક્સ ચોરી લાવવાનું કામ હરીશે આબાદ સિફતથી પાર પાડ્યું હતું. એ કંપનીમાં જૈન કુટુંબનો વહીવટ ચાલતો હતો. અને હરીશના કાકા તેના મૅનેજિંગ ડાઈરેક્ટર હતા. આવું જ કામ લૉકરોની માહિતી મેળવવાનું હતું. ચાર લૉકર્સ પસંદ કરવામાં આવ્યા હતા. સજનગઢના એક વખતના ઉમરાવ કુટુંબના નબીરા સતપાલસિંહ સિસોદિયા પરમાર, સર ઈન્દરપ્રસાદ દીવાનની વિધવા વિજયારાની દીવાન, દેવકીનંદન મિશ્રના ભાઈ રઘુનંદન મિશ્ર અને રાજસ્થાનના શ્રેષ્ઠી કુટુંબમાં જન્મેલા છિતાલાલ બારમેરીનાં લૉકર્સ પસંદ કરવામાં આવ્યાં હતાં. હરીશ જૈને બૅન્ક ઑફ મેવાડમાં પોતાનું લોકર ખોલાવ્યું હતું અને જ્યારથી બૅન્ક ઑફ મેવાડની કેશ લૂંટવા ઉપરાંત લૉકર્સ તોડવાનું નક્કી થયું ત્યારથી તે દર અઠવાડિયે બેન્કના સેઈફ ડિપૉઝિટ વોલ્ટની મુલાકાત લેતો. આ ચારેય લૉકર્સના પિનસ્ક્રૂની જગ્યાઓ પર ઝીણા માર્કા કરવામાં આવ્યા હતા. ૫મી તારીખે છેલ્લી વખતે હરીશ સેફ ડિપૉઝિટ વોલ્ટમાં ગયો હતો. સ્ક્રૂની જગ્યાનાં નિશાન તરત જ દેખાય તેવી રીતે બ્લેક માર્કરથી સ્પૉટ આઉટ કરતો આવ્યો હતો.

અશોક શેખાવતે પોતાને જોઈએ તેવી પાવર ડ્રિલ અને ડ્રિલ-પિનો ખરીદી હતી. અને ડ્રિલિંગ અને ટૅપર ડ્રિલિંગની એટલી પ્રૅક્ટિસ કરી હતી કે દોઢ જ મિનિટમાં તે ચાર ઈંચ લાંબી પિન ડ્રિલ કરી શકતો હતો.

બીજી તારીખની રાત્રે ટૂરિસ્ટ બંગલાની નજીક અને શાસ્ત્રી સર્કલ તરફ જતાં રસ્તા પર એક જોંગા સ્ટેશન વૅગન પાર્ક થયેલી હતી. રાત્રે દસ વાગ્યે ગોવિંદ અને હરીશ એ ગાડી લેવા ગયા હતા. આમ તો હરીશ જૈનની પોતાની મોટરને કારણ જિગર અને ગોવિંદે પણ ડ્રાઈવિંગ શીખી લીધું હતું. બાકીના દોસ્તો મોટર ડ્રાઈવ કરી શકતા હતા. છતાં આખા પ્લાનિંગમાં ડ્રાઈવર નંબર વનનું કામ હરીશ કરવાનો હતો અને ડ્રાઈવર નંબર ટૂનું કામ ચંદન નામેચાને સોંપાયું હતું. જોંગા સ્ટેશન વૅગનમાં સીટોની ઍરેન્જમેન્ટ પહેલેથી જ લૂંટના પ્લાનિંગને અનુરૂપ કરવામાં આવી હતી. ડ્રાઈવર અને પેસેન્જર સીટ્સ વચ્ચેની પડદી વહેરી નાખવામાં આવી હતી. પરિણામે ડ્રાઈવર પોતે ગમે તે પળે પેસેન્જરો સાથે જઈ શકે અને અંદર બેઠેલો કોઈ પણ પેસેન્જર ડ્રાઈવરની જગ્યાએ જઈ શકે. મૂળ સ્ટેશન વૅગનમાં ત્રણ બારણાં હતાં અને ચોથું બારણું સામાન મૂકવા માટે ઊઘડતું, જે પાછળના ભાગમાં હતું. બારણું ઊઘડીને નીચે તરફ પડતું. અને શીકાની માફક લટકતું, તેમાં ફેરફાર કરવામાં આવ્યો હતો અને તેને બદલે સ્લાઈડ થાય તેવાં બારણાં વેગનની અંદરના ભાગમાં ગોઠવવામાં આવ્યાં હતાં. વૅગનમાં અંદરના ભાગમાં ફકત ચાર સીટ્સ અને તે પણ ૧૯ ઈંચ પહોળી અને ૨૧ ઈંચ લાંબી હતી. ડ્રાઈવરની સીટની બાજુમાં બીજી એક સીટ હતી. પણ તેય બારણાથી સહેજ દૂર. વૅગનની અંદરના ભાગમાં બને તેટલી મૂવમેન્ટ સહેલાઈથી થઈ શકે તેટલી સ્પેસ છોડવામાં આવી હતી. ગોવિંદ અને હરીશે બીજી તારીખે રાત્રે દશ વાગ્યે, સ્ટેશન વૅગનનો હવાલો સંભાળ્યો હતો. હરીશને મોટર પર હાથ બેસાડવાનો હતો. તેની લાક્ષણિકતાઓ સમજવાની હતી, પરિણામે બીજી તારીખથી રોજ ત્રણ કલાક સ્ટેશન વૅગન ફેરવવામાં આવતી અને તેને રોજેરોજ જુદી જુદી જગ્યાએ પાર્ક કરાતી હતી.

ત્રીજી તારીખે રાત્રે જોંગાની માફક જ સહેજ ક્રીમિશ ઝાંયવાળા સફેદ રંગની ઍમ્બેસેડર ગાડી ટૂરિસ્ટ બંગલા પાસે પાર્ક થયેલી હતી. તેની ઈગ્નિશન સ્વિચમાં ચાવી ભરાવેલી હતી. ચાવીની સાથેની ચેઈનમાં ઝૂલતી ચકતીમાં ગુડ-લક શબ્દો કંડારેલા હતા. એ ગાડી હરીશ અને ચંદન બંનેને ચલાવવાની હતી, એટલે એનો રિયાજ ચંદને પણ કર્યો. એ ગાડી પણ જોંગાની માફક જુદે જુદે ઠેકાણે ચોથી અને પાંચમી તારીખે પાર્ક કરવામાં આવી હતી.

તા. ચોથી મેને દિવસે લૂંટ માટેની ડ્રિલ યોજવામાં આવી હતી અને એક એક બાબતનું ટાઈમિંગ કરાયું હતું. એટલું જ નહિ, લૂંટમાં વાપરવાની ચીજો, તેની ઉપયોગિતાના

ક્રમ પ્રમાણે બંને ગાડીઓમાં ગોઠવવામાં આવી હતી. લૂંટ કરવામાં જતી વખતે અને લૂંટ કર્યા પછી જે રૂટ લેવાનો હતો તે રૂટ પર આ કમાન્ડો ટુકડીએ અનેક વખત રાઉન્ડ લીધા હતા. તારીખ ત્રીજીથી બધા જ મિત્રોએ દાઢી વધારી હતી, જેથી છઠ્ઠીની સવારે ચહેરા પર આછા બરછટ વાળ ઊગી આવે.

સાવચેતી ખાતર ઍલિબી માટે પણ દરેક વ્યક્તિની જુદી જુદી વ્યવસ્થા કરવામાં આવી હતી. ગોવિંદ ભંડારી માટે તારીખ પાંચમીની રાતની દિલ્હીની ટિકિટ વાયા જયપુર કઢાવવામાં આવી હતી. જિગર અને ચંદને તા. છઠ્ઠીની સવારની ટૂરિસ્ટ બસમાં જવા માટેનાં પોતાનાં નામ નોંધાવ્યાં હતાં. એ ટૂરિસ્ટ બસની ટિકિટો અને ગોવિંદ ભંડારીની રેલવે ટિકિટ ફતેહ મેમોરિયલ પાસેના એક વિશ્રાંતિગૃહમાં ૧૦૨ નંબરના કમરામાં એક કવરમાં બીડીને નાખવામાં આવી હતી. આઈડિયા એ પ્રમાણે હતો કે બીરેનના સાગરીતો એ ટિકિટોનો ઉપયોગ કરી લે. બીરેને આ ઑપરેશન નખશિખ પાર ઊતરે તે માટે ચાર જુવાનોને મોકલ્યા હતા. જેમાંના બે બંને ગાડીઓ લઈને આવ્યા હતા, જ્યારે બીજા બે ટૂરિસ્ટ તરીકે આવ્યા હતા.... આમાંથી ત્રણ જણ ગોવિંદની ગૅન્ગ માટે ઍલિબી ઘડવાના કામમાં યોજાવાના હતા. જ્યારે એક આદમી બૅન્ક ઑફ મેવાડની લૂંટ વખતે રોડ-બ્લૉકનું કામ કરવાનો હતો. આ બધું જ પ્લાનિંગ ગોવિંદે અને બીરેન ભટ્ટાચાર્યે કર્યું હતું. તારીખ પાંચમીએ હરીશ અને શેખાવતે નાથદ્વારા મોટર સાઈકલ પર જવાનું હતું અને રાત્રે પાછા આવવાનું હતું. આમ લૂંટના સમયે આ તમામ મિત્રો ઉદેપુરની બહાર હતા, તેવું પુરવાર થઈ શકે તેવું ચોકઠું ગોઠવવામાં આવ્યું હતું.

બીજી તારીખે જોંગા સ્ટેશન વૅગન આવી ત્યારથી ગોવિંદ સિવાય બધાના હૈયામાં ધડકારા વધી ગયા હતા. ગાડી આવી ન હતી ત્યાં સુધી આ આખુંય પ્લાનિંગ કંઈક દિવાસ્વપ્ન જેવું જ સૌને લાગતું હતું. અને જ્યારે ત્રીજી મેને દિવસે ઍમ્બેસેડર પણ આવી પહોંચી ત્યારે અશોક શેખાવત જેવો પણ વારંવાર કંઈક ને કંઈક અસ્પષ્ટ બેચેની અનુભવતો હતો. ચોથી તારીખે ગોવિંદે જુદા જુદા સમયે જિગર, ચંદન, અશોક અને હરીશની મેડિકલ તપાસ કરી હતી. કેવળ હરીશ જૈન સિવાયના બધા જ હાઈપરટેન્શનની કંઈક અસર અનુભવતા હતા. જિગર અને ચંદન બન્નેના બ્લડ પ્રેશરમાં વધારો થયો હતો. અલબત્ત તેનું એક કારણ એ હતું કે લૂંટ દરમ્યાન હથિયારોનો ઉપયોગ કરવો પડે તો તે ત્રણે જણે અથવા ત્રણમાંથી એક જણે કરવાનો હતો. હરીશ અને શેખાવતે હથિયારોનો ઉપયોગ કરવાનો ન હતો. બધા જ મિત્રોમાં આ લૂંટના પ્રસંગ અગાઉ જુદાં જુદાં મનોવૈજ્ઞાનિક લક્ષણો પેદા થયાં હતાં. અશોક શેખાવત જે સામાન્યતઃ વધુ ખાતો અથવા આખો દિવસ કંઈનું કંઈ ચગળતો તેનું ખાવાનું બંધ થઈ ગયું હતું. જિગરને આખો દિવસ

ભૂખ જ લાગ્યા કરતી. ચંદન એક જગ્યાએ સ્થિર બેસી રહેતો, જે તેના સ્વભાવની વિરુદ્ધ હતું. હરીશ આખો દિવસ પોતાના હાથમાંની ચેઈન વીંઝ્યા કરતો. દિવસમાં ત્રણ વખત કપડાં બદલનારો અને લગભગ આખો દિવસ જુવાન છોકરીઓની વાતોમાં અને સંગાથમાં રહેનારો હરીશ - પ્લેબૉય - એકાએક 'સીડેટ' થઈ ગયો હતો. તે નાનકડી વાત પર પણ ખડખડાટ હસીને પોતાનો તનાવ ઓછો કરવા પ્રયત્ન કરતો. ગોવિંદે ચેઈન-સ્મોકિંગ શરૂ કર્યું હતું. જિગરને શરદી થઈ ગઈ હતી. આંખોમાંથી વારંવાર પાણી નીતરતું. તારીખ પહેલી મેની રાતથી તે કામ્પોઝ લીધા વગર ઊંઘી શકતો ન હતો.

તારીખ ચોથી મેએ લૂટનું ડ્રેસ રિહર્સલ ચિતોડ જવાના હાઈ-વે પરની એક વેરાન જગ્યામાં કરવામાં આવ્યું હતું. તે દિવસે સાંજે જિગર, ચંદન અને ગોવિંદે જયસમન્દ જવાના રસ્તા પર ડાયા-સરાડા સિંચાઈ યોજનાના માટીના ડૅમ પાસે ટાર્જેટ પ્રૅક્ટિસ કરીને રિવૉલ્વરની કાર્યક્ષમતા ચકાસી લીધી હતી.

તારીખ પાંચમી જોતજોતામાં આવી પહોંચી હતી. હરીશ જૈન અને અશોક નાથદ્વારા ગયા હતા. એ બંને આખો દિવસ ત્યાં ગાળવાના હતા. રાત્રે પોતાની મોટર સાઈકલ મૂકીને બસમાં પાછા આવવાના હતા. લૂંટ પતી ગયા પછી એ બન્ને જણે ઍમ્બેસેડર ગાડી નાથદ્વારા જવાના રસ્તા પરથી થોડે દૂર દેલવાડા ગામના મહેલની નજીક છોડી દેવાની હતી અને લૂંટનો માલ એ ગાડીમાં જ મૂકીને ચાલી જવાનું હતું. ત્યાંથી એ ઍમ્બેસેડરનો કબજો બીરેનના માણસો લેવાના હતા.

લૂંટનો 'રૂટ' નક્કી થઈ ગયો હતો અને અનેક વખત આખી ટીમે એ પ્રવાસ કર્યો હતો. તેમ છતાં પાંચમી તારીખે છેલ્લી બ્રીફિંગ સેશન યોજતા પહેલાં આખી ટીમ એ રસ્તે ફરી એક વખત જઈ આવી હતી. જયસમન્દ જવાના રસ્તા પર તિતરડી ગામથી થોડે દૂર ઓડા રેલવે બ્રિજ પાસે ઍમ્બેસેડર ગાડી મૂકવાની હતી તે જગ્યા પણ ચેક-અપ કરવામાં આવી હતી. રાતના બ્રીફિંગ સેશન યોજાઈ હતી.

'એક વાત આપણે સૌએ સમજી લેવાની છે.' ગોવિંદ ભંડારીએ મિત્રોને ઉદ્દેશીને કહ્યું હતું. 'આપણે જે રીતે પ્લાનિંગ કર્યું છે તેમાં હથિયાર વાપરવાની કોઈ જરૂર પડવાની નથી. બૅન્કના કર્મચારીઓ ૯૯.૯૯ ટકા કોઈ પ્રતિકાર કરશે નહિ. અને ધારો કે એવો પ્રતિકાર થશે ત્યારે હું હુકમ આપું પછી જ હથિયારનો ઉપયોગ કરવાનો છે. મને લાગે છે બધાંને પોતપોતાની કામગીરીનો સંપૂર્ણ ખ્યાલ છે... કોઈને કંઈ પ્રશ્ન છે ?'

'યસ... સૉક્રેટિસ...' હરીશે કહ્યું હતું. 'ધારો કે આપણને દસ લાખથી વધુ રૂપિયા મળ્યા તો શું કરવું ?'

'આપણને ગણવાનો સમય રહેવાનો નથી.' ગોવિંદે જવાબ આપ્યો.

'જોંગામાંથી લૂંટની મતા ટ્રાન્સફર કર્યા પછી આપણને ઘણો સમય મળશે... સિવાય કે કંઈક અજુગતું બને....' હરીશે કહ્યું.

'એ આપણે પછી વિચારીશું.' ગોવિંદે જવાબ આપ્યો.

'નહિ, સૉક્રેટિસ, એ આપણે વિચારી લેવું જોઈએ. આટલી મહેનત કર્યા પછી આપણી પાસે કશું રહે નહિ તે બરાબર નથી.' જિગરે કહ્યું.

'આપણે પર્સનલ લાભ માટે આ કામ નથી કરતા...'

'એ મને ખબર છે. પણ દસ લાખથી વધુ માલ હાથમાં આવે તો તે ફેંકી દેવો એ બરાબર નથી.' હરીશે પોતાનો અભિપ્રાય આપ્યો. એ બાબત પર ખાસ્સી ચર્ચા થઈ અને નક્કી થયું કે જો દસ લાખથી વધુ રૂપિયા એકઠા થાય તો ઍમ્બેસેડરમાં માલ ટ્રાન્સફર થાય તે ઘડીએ એ માલની જવાબદારી હરીશ જૈન અને ચંદન નામેચાએ લેવી. તે રાત્રે કંઈક ઉત્સાહમાં અને કંઈક બેચેની અનુભવતા ઘેર ગયા ત્યારે રાતના ૧૧-૩૦ વાગ્યા હતા. જિગર પરોતે બે કામ્પોઝ લીધી હતી.

**

તારીખ ૬મે... લૂંટનો દિવસ.... સવારના ૬-૦૪ મિનિટે સૂર્યોદય થયો હતો. નૃસિંહ જયંતીનો આ દિવસ હતો. સૂર્યોદય થતાં જ ગોવિંદ ભંડારી જાગ્યો હતો. તે દિવસે મોડી રાત્રે બીરેન ભટ્ટાચાર્ય તેને મળવા આવ્યો હતો.

તારીખ ૬ મે.... સવારના ૬-૩૦ વાગ્યે

જિગર પરોત ઝબકીને જાગી ઊઠ્યો હતો. તેની આંખો સિડેટિવ્ઝની અસર હેઠળ ઘેરાયેલી હતી. ૬-૩૦ વાગ્યામાં તેના કમરામાં એટલું અજવાળું થઈ ગયું હતું કે તેને એમ લાગ્યું હતું કે જાણે દસ વાગી ગયા.

તારીખ ૬ મે... સવારના ૬-૩૫.....

બૅન્ક ઑફ મેવાડ પાસે રાજસ્થાન ઇલેક્ટ્રિસિટી બોર્ડ લખેલી એક હાથલારી બે મજૂરો ખેંચીને લઈ આવ્યા હતા. એ હાથલારીમાં ખોદકામ કરવા માટેનાં પાવડા અને કોદાળીઓ તેમ જ લોખંડની મોટી કોશો, હથોડા અને છીણીઓ હતી. થોડી મિનિટો બાદ બીજા પાંચેક મજૂરો ત્યાં આવી પહોંચ્યા હતા. લારીમાંથી દોરડાં અને વળીઓના ટુકડા કાઢીને તેમણે બૅન્કની જમણી તરફ આડશ ઊભી કરી હતી. અને 'કામ ચાલુ છે' 'વાહન ધીમે હાંકો' તેમ જ 'ડેન્જર'નાં પાટિયાં બન્ને તરફ ઊભાં કર્યાં હતાં અને રસ્તાનું ખોદકામ ચાલુ કર્યું હતું.

સવારના ૭-૩૦

હરીશ જૈન ઝડપથી તૈયાર થયો હતો. તેણે પોતાની ગાડી ગરાજમાંથી કાઢી હતી અને જિગરને ત્યાં પહોંચ્યો હતો. જિગર તૈયાર થતો હતો. 'ગુડ મોર્નિંગ... શેક્સપિયર.'

જિગરે બારણું ખોલ્યું તે સાથે જ હરીશ બોલી ઊઠ્યો હતો, 'હજુ તૈયાર નથી, બિરાદર ?'

'હજુ પા કલાકની વાર છે. માઈ ગૉડ, હરીશ, આજ જિંદગીમાં પહેલી વખત તું સમય કરતાં વહેલો આવ્યો.'

'હું પણ સમય પાળી શકું છું... જ્યારે સમયની કિંમત હોય ત્યારે...' હરીશે કહ્યું. જિગરે ચા મંગાવી હતી તે લઈને હૉસ્ટેલની કેન્ટીનવાળો છોકરો આવી પહોંચ્યો હતો. ચા પીને બંને મિત્રો ૭-૫૦ વાગ્યે રવાના થયા હતા.

સવારના ૭-૫૫

કુર્તો અને ઝભ્ભો પહેરીને ચાલતો ચાલતો ચંદન નામેચા કજરી ટુરિસ્ટ બંગલા આગળ પહોંચ્યો હતો. તેણે ઘડિયાળ જોઈ અને ત્યાં રસ્તાની એક બાજુએ પાર્ક કરેલી ઍમ્બેસેડર તરફ જોયું. બરાબર ૭-૫૮ મિનિટે જિગરને ગોવિંદ ભંડારીને ત્યાં ઉતારીને હરીશ પોતાની ગાડી લઈને ટૂરિસ્ટ બંગલા પાસે આવી પહોંચ્યો હતો. તેણે ચંદનને રસ્તાની એક બાજુએ ઊભેલો જોયો. ચંદને હરીશની ગાડી જોઈ અને ચુપચાપ ચાલીને ઍમ્બેસેડરના બારણામાં, જાણે પોતાના બાપની જ ગાડી હોય તેમ ચાવી ભરવી અને ગાડીમાં બેઠો. એ ગાડી તેણે હરીશની મોટર પાછળ હંકારી. ઍમ્બેસેડર જયસમન્દના રસ્તે ઓડા રેલવે બ્રિજ પાસે એક સ્થળે મૂકવાની હતી. આખાય ઑપરેશનમાં આ એક જ કામ કંઈક જોખમી હતું. રેલવે બ્રિજથી થોડે દૂર એ ગાડી ઊભી રાખીને ચંદન બહાર આવ્યો. હરીશની ગાડીમાં બેસીને બંને ઉદેપુર પાછા આવ્યા ત્યારે બરાબર ૯-૨૦ થઈ હતી. હરીશની ગાડી પાછી તેને ઘેર મૂકવામાં આવી અને બંને જણ રિક્ષા કરીને ગોવિંદના ઘેર ગયા.

દરમ્યાનમાં અશોકનગર આગળ પાર્ક કરવામાં આવેલી જોંગા ગોવિંદ જાતે લઈને ચેતક સર્કલ મૂકી આવ્યો હતો. છેલ્લી મસલતો કરીને જ્યારે મિત્રો રવાના થયા ત્યારે ૯-૪૦ થઈ હતી.

**

એ દિવસે માથું ફાટી જાય તેટલો તાપ સવારથી જ શરૂ થયો હતો. અને દસ વાગતામાં તો જાણે મધ્યાહ્ન થઈ ગયો હોય તેટલો તાપ થઈ ગયો હતો. બૅન્ક ઑફ મેવાડ

સાડા દસ વાગ્યે ખૂલતી મતલબ કે તેના ઑફિસ અવર્સ શરૂ થતા. સવારે ૮-૦૦ વાગ્યે બૅન્ક સાફ કરવા માટે સ્વીપર્સ આવતા અને નાઈટ વૉચમૅન ઘેર જતો. ૮-૦૦ વાગ્યાથી ૩-૦૦ વાગ્યા સુધી બીજો વૉચમૅન આવતો. તેની પાસે હંમેશા એક ચકચકિત ડબલ બેરલ ૨૦૨ કેલિબરની એન્ફીલ્ડ રાઈફલ રહેતી. ક્યારેય નહિ વપરાનારી એ બંદૂકમાં બે કાર્ટિજ ભરેલી રહેતી ! સાડા દસમાં દસ કે મોડામાં મોડા સાડા દસમાં પાંચ કમે બૅન્કના મૅનેજર મિ. વી. એસ. ઉપાધ્યાય આવતા. આવીને તરત તે ચા મંગાવતા. અને જાફરાની પત્તીવાળું પાન મંગાવતા. તે વખતે પટાવાળાઓ પણ આવી જતા. બધા જ કર્મચારીઓ મળીને બૅન્કમાં ૨૯ જણાનો સ્ટાફ હતો, જેમાંથી લગભગ ચારથી પાંચ જણા ગેરહાજર રહેતા. ક્લૉક ટાવર બ્રાંચ તરીકે ઓળખાતી આ બૅન્કમાં ધંધો સારો એવો રહેતો. ૧૦-૪૦ વાગ્યે કેશિયર પોતાના બે આસિસ્ટંટ સાથે કેશ કાઉન્ટરનાં પીંજરામાં ગોઠવાતો. પણ મહિનાની અમુક તારીખોએ આ ક્રમમાં ફેરફાર થતો. તા. છઠ્ઠીએ હિન્દુસ્તાન ઍસ્બેસ્ટૉસ ઍન્ડ ઝિંક, ઉદેપુર હેવી કેમિકલ્સ અને સૉફ્ટ સ્ટોન માઈન્સવાળી નાનીમોટી કંપનીઓના મજૂરોનો પગાર ચૂકવાતો. પરિણામે દરેક મહિનાની છઠ્ઠી તારીખે બૅન્કની હેડ ઑફિસમાંથી બરાબર ૧૧-૩૦ થી ૧૨-૦૦ ની વચ્ચે કેશની પેટીઓ આવતી. તે પછી કેશની એન્ટ્રી થતી અને લગભગ ૧૨-૩૦ થી ૧-૩૦ની વચ્ચે કંપનીઓની ગાડીઓ આવતી અને તેમાં કેશ લઈ જવાતી.

**

૬ મે.... સવારના ૧૧-૧૦

હાથી પોલ આગળ જોંગા સ્ટેશન વૅગન આવીને ઊભી રહી હતી. કાળી આછી દાઢી ધરાવતો અને મિરર ફિનિશ ગૉગલ્સ પહેરેલો એક જવાન ગાડી ચલાવતો હતો. તેની બાજુમાં તેના જેવી જ દાઢી અને ગૉગલ્સ પહેરેલો બીજો આદમી બેઠો હતો. વૅગનના કાળા કાચ બંધ હતા..... એ હતા હરીશ જૈન અને ગોવિંદ ભંડારી... જે વાનની આગળના ભાગમાં બેઠા હતા. જૈન ડ્રાઈવિંગ કરતો હતો. ચંદન નામેચા, જિગર પરોત અને અશોક શેખાવત વાનની અંદર બેઠા હતા. પણ વૅગનના કાળા કાચને કારણે તે દેખાતા ન હતા. સન-ગ્લાસ હોવાને કારણે એ લોકો અંદરથી બહારનું બધું જ જોઈ શકતા હતા.... ગાડી સલૂકાઈથી ક્લૉક ટાવર તરફ જવા ઊપડી.

૧૧-૧૫

રસ્તા પર કામ કરતા મજૂરોએ સારો એવો રસ્તો ખોદીને ડામરના મોટા પોપડા ઉખેડ્યા હતા. તેમના મુકાદમે મજૂરોને ચા પીવા માટે બૅન્કની સામેની બાજુએ સૂરજપોલ જવાના રસ્તા પરની એક નાનકડી હોટલમાં મોકલી આપ્યા હતા... એ લોકો આ વિચિત્ર મુકાદમ વિશે ચર્ચા કરતા હતા, કારણ દસ મિનિટ પહેલાં જ તેણે મજૂરોને તેમના 'રોજ' માટેનું વેતન ચૂકવ્યું હતું.

૧૧-૧૭....

જૈન ટેમ્પલની દિશામાંથી ત્રણ હાથી ને આઠદસ સાધુઓનું સરઘસ ક્લૉક ટાવર તરફ આવતું હતું. હાથીઓ થોડું ચાલીને ઊભા રહેતા હતા. અવરજવર કરતા લોકો હાથીની સૂંઢમાં દસ પૈસા ચાર આના મૂકતા હતા. આજુબાજુ રખડતા છોકરાઓનું ટોળું એ હાથીઓની આગળ પાછળ ચાલતું હતું.

'માઈ ગૉડ... વૉટ ઈઝ ધિસ' ગોવિંદ એકાએક બોલી ઊઠ્યો... કમબખ્ત બાવાઓ...

૧૧-૨૨.....

ગોવિંદે ઘડિયાળ જોઈ અને ગાડી બૅન્ક ઑફ મેવાડથી થોડે દૂર પાર્ક કરી. તે જ વખતે ત્યાંથી પચાસ વાર છેટે હાથીઓ લઈને બાવાઓનું નાનું ટોળું ઊભું રહ્યું હતું....

લઘરવઘર ચડ્ડી અને બાંડિયું પહેરેલો એક ગોરો આદમી અને એવાં જ લઘરવઘર કપડાંમાં સજ્જ થયેલી એક ગોરી ઓરત એ હાથીઓ અને બાવા સાથે કંઈક વાતચીત કરતાં હતાં. એ બંનેના ખભે કૅમેરા ભરાવેલા હતા.... એ બંને ફ્રેન્ચ ટૂરિસ્ટો હતાં.... કંઈક વાતચીત પછી તેમણે ફોટા લેવાનું શરૂ કર્યું હતું.....

'ડૅમ્ડ ધ રાસ્કલ....' ગોવિંદ બબડ્યો. તેણે ઘડિયાળ જોઈ.... ૧૧-૨૯ થઈ હતી... વૅગનમાં બેઠેલાનાં હૈયાં ધડકતાં હતાં.....

બરાબર છ મિનિટ બાદ બૅન્ક ઑફ મેવાડની ક્લૉક ટાવર બ્રાન્ચ માટે કેશ લઈને હેડ ઑફિસમાંથી ગાડી આવી હતી. કેશ ઉતારીને એ ગાડીને પાછી જતાં બીજી વીસ મિનિટ લાગી હતી.

૧૧-૫૫

જોંગા સ્ટેશન વૅગન બૅન્કની ડાબી તરફના રસ્તા આગળ મોં રાખીને ઊભી રહી... મજૂરો હજુ ત્યાં જ પેલી હોટલ પાસે બેઠા હતા.... હાથીઓના ફોટા પાડતું ફ્રેન્ચ દંપતી બાવાઓ સાથે કંઈક રકઝક કરતું હતું. રસ્તા પરની અવરજવરમાં કલાક પહેલાં જે ધસારો હતો તે ઘટી ગયો હતો....

ગોવિંદ ભંડારી ગાડીમાંથી નીચે ઊતર્યો ત્યારે બરાબર ૧૨-૦૧ મિનિટ થઈ હતી... તે જ વખતે મિસિસ સ્વરૂપ બૅન્કમાં દાખલ થઈ હતી... પેલું ફ્રેન્ચ કપલ એક હાથી પર ચડ્યું હતું... ત્યાં એકઠા થયેલા લોકો કંઈક તમાશો જોતા હોય તેમ ટોળે વળ્યા હતા....

**

ગોવિંદ ભંડારી, સૌથી પહેલાં, જોંગાની આગલી સીટમાંથી ઊતર્યો હતો. બારણું ખુલ્લું જ રહેવા દઈને તે થોડીક ક્ષણો આજુબાજુ જોતો રહ્યો. રોડબ્લોક બરાબર હતો. રસ્તા પરનાં 'કામ ચાલુ છે'નાં પાટિયાં બરાબર હતાં. માથે આવી ગયેલા સૂરજનાં કિરણોનો તાપ પણ ધાર્યા મુજબ અસહ્ય હતો. આદત મુજબ ગોવિંદે ગજવામાંથી રૂમાલ કાઢીને પોતાના ગૉગલ્સ લૂછ્યા. ગોવિંદના ગૉગલ્સ ખાસ તૈયાર કરાવવા પડ્યા હતા, કારણ તેની આંખોમાં દૂરદષ્ટિની ખામી હતી.

બરાબર તે જ વખતે એક ઓરત (મિસિસ સ્વરૂપ) બૅન્કમાં દાખલ થઈ રહી હતી. તે સગર્ભા હતી. તેને છેલ્લા દિવસો જતા હતા. તે બૅન્કના કાચના બારણાને ધક્કો મારીને અંદર દાખલ થઈ ત્યાં સુધી ગોવિંદ જોંગાના બારણા પાસે ઊભો રહ્યો.... તેણે સીટ પરથી પિસ્તોલ ઉઠાવી... તેની જરસી અને બેલ્ટ વચ્ચે જોધપુરથી મેળવેલી ગ્રેનેડ લબડતી હતી. જોંગાના બારણા પાસે મૂકવામાં આવેલી એક પ્લાસ્ટિકની લાંબી શીશી તેણે ઉઠાવી... જોંગા તરફ જોયું... હરીશે તેની સામે જોઈને આંખ મારી... અંદર બેઠેલા તેના મિત્રોને તે જોઈ શકતો ન હતો. કારણ જોંગાના ગ્લાસ સ્મોક ગ્લાસ હતા. પણ તેને ખાતરી હતી કે તેના મિત્રો તેને જોતા હતા... તેણે પિસ્તોલને ઘડીક વાર ડાબા હાથમાં લીધી... અને જમણા હાથની આંગળીઓથી વી.... ફોર વિક્ટરીની સંજ્ઞા કરી... વિમાનમાંથી કૂદવાનો હુકમ મળે તેની રાહ જોતા છત્રીદળના સૈનિકોની જેમ... વજનદાર હૈયે બેઠેલા ચંદન, જિગર અને અશોક શેખાવતે એ સંજ્ઞા જોઈ... તેમણે સૌએ પોતપોતાની ચીજો સમાલી.. જોંગાનો પાછલો દરવાજો ખોલ્યો અને બહાર કૂદ્યા....

'કમ-ઑન શેક્સપિયર' અશોકે બૂમ પાડી. ચંદન અને જિગર પાસે પિસ્તોલો હતી. અને પૅરેશૂટ પૅક્સ (થેલા) હતા. બંનેની પીઠ પર નાનકડાં પ્લાસ્ટિક હોલ્ડઑલ લટકતાં હતાં. અશોક શેખાવતના એક હાથમાં પ્લાસ્ટિકની વણેલી પાતળી દોરીઓના વીંટા હતા, ખૂબ જ ખૂબીપૂર્વક એ દોરીઓમાં સળંગ સૈડકા ગાંઠો વાળીને ગાળિયા રચવામાં આવ્યા હતા. એ દોરીઓનું ગૂંચળું અને બીજા હાથમાં પોતાની ટૂલ-બૅગ લઈને ઊતરેલો શેખાવત, ખરેખર કોઈ મજેના સેલ્સમૅન જેવો લાગતો હતો. તે જાતે રાજપૂત હતો, પણ લોકો તેને પારસી સમજવાની ભૂલ કરતા. ઓલિવ ગ્રીન મિલિટરી શૉટ્ર્સ અને જર્સીમાં તે રમૂજી લાગતો હતો. તેનું પાટલૂન તેના સ્થૂળ સાથળોને કારણે ઈન્સેનની સિલાઈ આગળથી ઊંચું થઈ જતું. ગૉગલ્સ હેઠળ તેના ગોળ ગાલ તપીને લાલ થઈ ગયેલા હતા...

૧૨-૦૨ મિનિટ.....

ડ્રાઈવરની સીટની બાજુમાંથી, અશોકે બનાવેલી મશીનગન હાથમાં લઈને હરીશ જૈન ઊતર્યો. મોટરનું બારણું ખુલ્લું જ રહેવા દઈને, તે મોટરના બોનેટ આગળ થઈને, ફૂટપાથ પર આવ્યો ત્યારે બૅન્કનું કાચનું પ્રવેશ દ્વાર હડસેલીને તેના મિત્રો બૅન્કમાં ઘૂસ્યા હતા.

૧૨-૦૩ મિનિટ

સેવિંગ્ઝના કાઉન્ટર પાસે મિસિસ સ્વરૂપ, કાઉન્ટરની અંદરના ભાગમાં બેઠેલી બૅન્કની સ્ત્રી કર્મચારી સાથે વાત કરતી ઊભી હતી. કૅશ કાઉન્ટર પાસે બે આદમીઓ ઊભા હતા. બૅન્કના મૅનેજરની કૅબિનના કાળા ચકચકિત પૉલિશ કરેલા દરવાજા પાસે પટાવાળો અને બીજો કોઈ આદમી ઊભા રહીને વાત કરતા હતા. પહેરાવાળો તેની બંદૂક પર કોણી ટેકવીને સેલર-વોલ્ટમાં જવાના દાદર આગળ બૅન્કના કોઈ કર્મચારી સાથે વાત કરતો હતો. કાઉન્ટરની અંદરના ભાગમાં જુદા જુદા વિભાગના કર્મચારીઓ પોતપોતાના ટેબલ પાસે બેઠા હતા. કૅશિયરની કૅબિનમાં બે જણ હતા અને કૅબિનની બહાર પાર્ટિશન પર હાથ મૂકીને એક પટાવાળો ઊભો હતો.

ઉદેપુર કેન્ટોનમેન્ટમાંથી ઘણા સૈનિકોનાં ખાતાં આ બૅન્કમાં હતાં. અલબત્ત રાજસ્થાન બી. એસ. એફ. અને રાજપૂતાના બેટાલિયન વગેરેને સમાવતા કેન્ટોનમેન્ટમાં જ બૅન્ક ઑફ મેવાડની એક બ્રાંચ હતી. એટલે લશ્કરી સૈનિકો આ બૅન્કમાં આવે તેવું ખાસ બનતું નહિ છતાં એ તદ્દન અજુગતી ઘટના ન હતી.

ગોવિંદ ભંડારી અને તેના કમાન્ડોઝ બૅન્કમાં ઘૂસ્યા ત્યારે એકાએક કોઈ પ્રતિક્રિયા થઈ નહિ. એ પ્રતિક્રિયા થાય તે પહેલાં ગોવિંદ વી. એસ. ઉપાધ્યાય... ની તખ્તીવાળી મેનેજરની ઑફિસમાં ધસી ગયો હતો. બૅન્કનું ડિસ્પૅચ સેક્શન અને એફ. ડી. વિભાગ લંબચોરસ હૉલની મધ્યમાં હતાં. તેની વચ્ચે પાર્ટિશન હતું. એને બારણું હતું. ત્યાંથી આગળ જાઓ અને એ પાર્ટિશનથી નોખો પાડેલો કમરો વટાવો એટલે એક નાનકડી પેન્ટ્રી આવતી અને ત્યાંથી આગળ ટૉઈલેટ બ્લૉક્સ... ભંડારી જેવો મૅનેજરની કૅબિન પાસે ધસી ગયો કે તરત જિગર કાઉન્ટર પાસે ધસી ગયો. શેખાવત પાર્ટિશન વૉલના બારણા પાસે પહોંચ્યો અને ચંદન પેલા ચોકીદારની પાસે ઊભો રહ્યો. બરાબર તે જ વખતે હાથમાં મશીનગન પકડીને હરીશ જૈન કાચના બારણામાંથી દાખલ થયો.

લગભગ ૧૨-૦૫

રોજ-બ-રોજના વ્યવહારમાં ક્યારેય કશું અજુગતું બનતું ન હોય ત્યારે તેની અપેક્ષા પણ ક્યાંથી હોય? એવું જ એ બૅન્કમાં થયું હતું. અશોક શેખાવત જાણે બૅન્કનો જ કોઈ

કર્મચારી હોય તેમ પાર્ટિશન વૉલના બારણાને ધકેલીને પૅન્ટ્રી સુધી ધૂસી ગયો હતો. ટૉઇલેટ બ્લૉકની સામેના ભાગમાં બૅન્કનું ઈલેક્ટ્રિક બૉર્ડ હતું. જાણે રોજ જ ત્યાં આવતો જતો હોય તેમ તેણે બે સ્વિચ પાડી નાખી અને દસ સેકન્ડમાં તેનું કવર ખોલીને તેણે એક ફ્યૂઝ ખેંચી લીધો અને હાથમાં તમંચો લઈને પાછો બારણા પાસે ધસી આવ્યો. શું બન્યું તે સમજાય તે પહેલાં તો તે પાર્ટિશન વૉલના બારણા પાસે આવી ગયો હતો.

શેખાવત પાર્ટિશન ડોરમાંથી અંદર ગયો ત્યારે એકી સાથે ત્રણ પેંતરા પૂરા થયા હતા. બરાબર તે જ વખતે કાઉન્ટરની સામે જિગર આવીને પિસ્તોલ તાકીને ઊભો રહ્યો હતો, તેની બીજી જ સેકંડે ચંદન નામેચા પહેરાવાળા સામે પિસ્તોલ તાકીને ખડો થઈ ગયો હતો. અલબત્ત ચંદનનો પિસ્તોલવાળો હાથ ધ્રૂજવા માંડ્યો હતો. અને તેના શરીરમાંથી બેહદ ઝડપે પરસેવો છૂટતો હતો. બરાબર તે જ વખતે ગોવિંદ મૅનેજર વી. એસ. ઉપાધ્યાયની કૅબિનમાં ધસી ગયો હતો. અને બરાબર તેની ચોથી સેકન્ડે હરીશ જૈન હાથમાં ભયાનક દેખાવની મશીનગન સાથે બૅન્કના પ્રવેશદ્વાર પાસે આવીને બરાડી ઊઠ્યો હતો : 'હેન્ડ્ઝ અપ એવરીબડી... હૅન્ડ્ઝ અપ... ધિસ ઇઝ એ બ્લડી હોલ્ડ અપ....'

એ જ વખતે જિગર બરાડી ઊઠ્યો હતો : 'ડોન્ટ મૂવ ઑર આઈ વિલ શૂટ....'

પાર્ટિશન વૉલના બારણામાં ઊભા રહીને શેખાવતે બૂમ પાડી હતી... 'કીપ ક્વાયેટ... ઑર આઈ વિલ શૂટ....'

આખી સિચ્યુએશન એકાએક તંગ થઈ ગઈ હતી. ચાર જ જણાએ આખી બૅન્ક 'કવર' કરી હતી. અનેક વખતના રિયાજનું અને પાકી માહિતીનું આ પરિણામ હતું. બૅન્ક ઑફ મેવાડનું મકાન એક લાંબી લંબચોરસ દુકાન અથવા તો હૉલ જેવું હતું. તેનું પ્રવેશદ્વાર મકાનની જમણી તરફ પડતું. તે પછી સળંગ હૉલ... ડાબી તરફ ભોંયરામાં સેફ ડિપૉઝિટ વોલ્ટનો દાદર હતો. તે જ બાજુએ દાદરાના ખુલ્લા કઠેરાને અડીને મેનેજરની કૅબિન હતી. કૅબિનની દીવાલની સાથોસાથ કાઉન્ટરો શરૂ થતાં હતાં. કાઉન્ટરોની સામે અને પ્રવેશદ્વારની અંદરના ભાગમાં ગ્રાહકો માટે બેસવાના ચાર લાંબા સોફા અને બે-ચાર ખુરસીઓ હતી. કાઉન્ટર પાર્ટિશન વૉલ આગળ પૂરું થતું અને એ દીવાલમાં મૂકેલા બારણાની ભીતરમાં બીજો રૂમ હતો. જેમાં એફ. ડી. અને ડિસ્પૅચ ખાતાના માણસો બેસતા. ત્યાંથી આગળ પૅન્ટ્રીમાં અને ટૉઇલેટમાં જવાનો રસ્તો હતો.

બરાબર દોઢ પોણા બે મિનિટમાં જ આ ગૅન્ગ ધસી આવી હતી. અશોકે એલાર્મ સ્વિચનો ફ્યૂઝ ખેંચી લીધો હતો. બૅન્કનાં બાકીનાં ઈલેક્ટ્રિક કનેક્શનો મોજૂદ રહ્યાં હતાં.

આખી બૅન્ક એકાએક ઊંઘમાંથી ઝબકીને જાગી ઊઠી હોય તેવો સન્નાટો થયો અને એકાએક મૅનેજરની કૅબિનમાં ધડાકો થયો હતો. જિગરનું હૃદય ઘડીભર થંભી ગયું હશે!

ગોવિંદે હથિયારનો ઉપયોગ કરવાની લગભગ મનાઈ ફરમાવી હતી છતાં તેણે જ પહેલો ધડાકો કેમ કર્યો હશે ! તે વિચારે તે પહેલાં મૅનેજરની કેબિનમાંથી મૅનેજરને ધકેલીને ગોવિંદ બહાર આવ્યો હતો.

લગભગ ૧૨-૦૭

પેલો પહેરાવાળો કોઈની સાથે વાત કરતો ઊભો હતો... તેને એક લાંબી ક્ષણ પછી ખ્યાલ આવ્યો હતો કે કોઈ તેની સામે સાચેસાચ પિસ્તોલ ઉગામી રહ્યું છે. ખ્યાલ આવતાં જ તેણે બંદૂક ઊંચી કરી.... તે સાથે જ ચંદને ફાયર કર્યો. ચંદન એકાએક નર્વસ થઈ ગયો હતો. તેની સાથે જ પહેરાવાળાની ભયાનક ચીસ સંભળાઈ. તેની બંદૂક ઊછળી.... તેની ચારે આંગળીઓ ઊડી અને મૅનેજરની કૅબિનની બહારના કૅશ કાઉન્ટરની દીવાલમાં જડેલી એ. સી. મશીનની ગ્રીલ પર ચોંટી ગઈ. તે સાથે જ કૅશ કાઉન્ટરના પટાવાળાએ એકાએક હાથમાં આવી ગયેલું પેપર વેઇટ ઉછાળ્યું અને તે ચંદન તરફ ફેંકાય તે પહેલાં જ ચંદને ગોળી છોડી અને પટાવાળાના કપાળની સહેજ ઉપરના ભાગમાં વાગી. શન્ટિંગ કરતા કોઈ એન્જિનનો ધક્કો વાગ્યો હોય તેમ તે જમીનથી ઊંચકાઈને પડ્યો. તેની ખોપરી ફાટી ગઈ હતી. તે ટેબલ સાથે અથડાયો અને તેના પર ગોઠવેલા ચોપડા પડ્યા.

તે સાથે જ બૅન્કની બધી સ્ત્રી કર્મચારીઓ ચીસ પાડી ઊઠી હતી. મિસિસ સ્વરૂપ ચીસ પાડે તે પહેલાં પાર્ટિશનના બારણા પાસેથી શેખાવતે તેના હાથમાં પકડેલા દેશી તમંચામાંથી ફાયર કર્યો હતો. ભયાનક ધડાકા સાથે તેમાંથી છરા વછૂટ્યા હતા, અને મિસિસ સ્વરૂપ ચીસ પાડીને ભોંય પર પટકાઈ હતી.

'ડોન્ટ શૂટ... ડોન્ટ શૂટ' ઉપાધ્યાય સાહેબના ગળા પર પિસ્તોલ તાકીને ગોવિંદ તેમને બહાર લઈ આવ્યો હતો. ગોવિંદની સ્ટ્રેટેજી પ્રમાણે જિગરે કૅશ કાઉન્ટર પાછળના માણસોનો કબજો સંભાળવાનો હતો. અને ગોવિંદે મૅનેજરને પકડી બહાર લાવવાનો હતો. જ્યારે ચંદને કેવળ બંદૂકધારી પહેરાવાળાને ઝબ્બે કરવાનો હતો. હરીશે ફ્રન્ટ ડોર પર નજર રાખીને સ્ટાફને ભયભીત કરવાના હતા. સ્ટ્રિક્ટ ડિસિપ્લિન પ્રમાણે લૂંટારુ ટોળકીના કોઈ સભ્યે એકમેકમાંથી કોઈનું નામ લેવાનું ન હતું. અલબત્ત પ્લાનિંગ એવું હતું કે તેની જરૂર ન પડે. પણ ચંદને ગોળીઓ છોડીને તરખાટ મચાવ્યો હતો.

'હેન્ડ્ઝ અપ એવરીબડી...' જિગર કૂદીને કાઉન્ટર પર ઊભો થઈ ગયો હતો. ચીસ પાડતી બંને છોકરીઓ નીચે ફસડાઈ પડી હતી. કૅશિયરની કૅબિન પાસેના સ્ટૅન્ડ ફૅનનાં પાંખિયાં લોહીભીનાં થઈ ગયા હતાં અને તેનાં ફોરાં ચારે તરફ ઊડતાં હતાં.

૧૨-૦૮...

એકાએક સન્નાટો છવાયો. શેખાવત ડઘાઈને ઊભો રહી ગયો હતો. તેને હવે શું કરવું તેની સમજ પડતી ન હતી. કોણ જાણે કેમ જિગરના હૃદયમાં તદ્દન સ્થિરતા આવી

ગઈ હતી. પથ્થરની માફક તે કાઉન્ટર પર ઊભો થઈ ગયો હતો. 'લિસન, લિસન ટુ મી..' તેણે બૂમ પાડી. 'કોઈ પણ માણસ સહેજ પણ હાલશે તો વીંધાઈ જશે... સ્ટેન્ડ સ્ટિલ...'

હવે બધા સમજ્યા હતા કે શું થઈ રહ્યું છે. એક પછી એક બધા સ્થિર ઊભા રહી ગયા હતા. કોઈ ફિલ્મના.. હોરર ફિલ્મના ભયાનક દશ્યને તંગ થઈને નિહાળતા પ્રેક્ષકોની જેમ તેમની આંખો અને મોં ફાટી ગયાં હતાં.

'ટાઈ ધેમ અપ લિયો...' આખરે જિગરે બૂમ પાડી... અને શેખાવત એકાએક હોશમાં આવ્યો. દોરડામાં ઝૂલતા ગાળિયા સાથે તે આગળ આવ્યો. ગોવિંદે ઝડપેલા મૅનેજરના હાથ અને પગમાં ગાળિયા ભરાવીને દોરીઓ ખેંચવામાં આવી. ગોવિંદ તરત જ કૅશિયરની કૅબિન પાસે ગયો. આંખના પલકારામાં કૅશ કૅબિનમાંથી બે જણને બહાર કાઢવામાં આવ્યા. બન્નેને એ જ દોરીમાં લબડતા બે ગાળિયે બાંધવામાં આવ્યા. જિગરે એક પછી એક માણસોને શેખાવત જે પાર્ટિશન વૉલના બારણે ઊભો હતો તેમાંથી અંદર જવાનું કહ્યું. બધાને એક જ કમરામાં ઘુસાડવામાં આવ્યા. પેલી સ્ત્રી કારકુનો તો બેભાન હતી. તેમને ત્યાં જ રહેવા દેવામાં આવી. પાર્ટિશનના બારણા પાસે જિગર ઊભો રહ્યો ત્યાં સુધીમાં અશોક અને ગોવિંદે બૅન્કના અગત્યના ચાર જણને બાંધ્યા હતા...

૧૨-૧૦ મિનિટ.....

'સ્પીડ અપ' જિગર બરાડી ઊઠ્યો. પાર્ટિશનના બારણાની પેલી બાજુ ડિસ્પૅચ અને એફ. ડી. વિભાગમાં ઘેટાંઓના ટોળાની માફક કર્મચારીઓ ઊભા રહી ગયા હતા. તેમને સમજાતું ન હતું કે શું કરવું જોઈએ. ચંદને પહેરાવાળાની બંદૂક ઉઠાવી લીધી હતી અને સોફાની નીચે નાખી હતી. પહેરાવાળો દાદરમાં બેહોશ થઈને પડ્યો હતો. એટલે ચંદનને ત્યાં કશું કરવાનું રહ્યું ન હતું. તેની સાથે જે માણસ વાત કરતો હતો તે માથું બે કોણી વચ્ચે રાખીને નીચે બેસી ગયો હતો. 'એને હઠાવ ત્યાંથી. ટેક હિમ ઇન.' ગોવિંદે હુકમ કર્યો.

ચંદને પેલાને લાત મારીને ઊભો કર્યો અને તેને પણ સામેના કમરામાં ધકેલવામાં આવ્યો.

'તું ત્યાં જા....' ગોવિંદે ફરીથી હુકમ કર્યો, પણ ચંદન ઘડીભર સમજ્યો નહિ. 'યૂ ટેક અપ ફ્રૉમ શેક્સપિયર....' ગોવિંદ બરાડ્યો. ચંદન દોડીને જિગર પાસે ગયો. જિગરની જગ્યાએ તે ઊભો રહ્યો અને જિગર દોડીને, કાઉન્ટર ફરીને કૅશ-કૅબિન પાસે ગયો. કૅશ-કૅબિનમાં જેટલા રૂપિયા હતા તેટલા તેણે થેલામાં નાખ્યા.

લગભગ ૧૨-૧૧ મિનિટ....

'મે ગો... ડાઉન...' ગોવિંદે શેખાવતને કહ્યું અને શેખાવત પોતાની ટૂલ-બૅગ લઈને દાદર ઊતરીને નીચે વોલ્ટમાં ચાલ્યો ગયો.

'ચાવી ક્યાં છે ?' ગોવિંદે ઉપાધ્યાયના પેટમાં લાત મારીને પૂછ્યું.

'આઈ વોન્ટ.... આઈ વોન્ટ...'

'ડોન્ટ બી સ્ટુપિડ... ધે વિલ કિલ યૂ...' કૅશિયર બરાડી ઊઠ્યો. 'એમના ટેબલ પર છે. મારી ચાવી, મારા ટેબલના ખાનામાં છે.' જિગરે આ સાંભળ્યું હતું. તે દોડતો મૅનેજરની કૅબિનમાં પહોંચ્યો. ચાવીઓ ટેબલ પર જ પડી હતી. જિગરે ચાવીઓ ઉઠાવી. કૅશિયરના ખાનામાંથી બીજી ચાવીઓ લીધી અને આંખના પલકારામાં તેણે મૅનેજરની કૅબિનની બાજુમાં આવેલી નાનકડી બાથરૂમ જેવી તિજોરીનું બારણું પહેલાં કૅશિયરની અને પછી મૅનેજરની ચાવીઓ લગાડીને ખોલ્યું. રૂપિયાની સીલબંધ થપ્પીઓ ત્યાં ગોઠવાયેલી હતી. પારાવાર ઝડપથી જિગરે નોટો પોતાની પાસેના થેલામાં નાખવા માંડી. થેલો ભરાઈ ગયો....

'થેલો... ગિવ મી ધ બૅગ....' તેણે બૂમ પાડી. ગોવિંદે ચંદનનો થેલો તેના તરફ નાખ્યો. બરાબર તે જ વખતે અશોક શેખાવતની ડ્રિલનો અવાજ ભોંયરામાંથી આવ્યો. સેઇફ ડિપૉઝિટ વોલ્ટમાં કોઈ હતું નહિ એ કેવળ અકસ્માત હતો. વોલ્ટનો ઑફિસર અને ક્લાર્ક થોડી વાર પહેલાં જ ઉપર આવ્યા હતા. અને અત્યારે બધા કર્મચારીઓની સાથે ઊભા હતા....

લગભગ ૧૨-૧૨ મિનિટ...

જિગરે થેલામાં બધી નોટો નાખી દીધી હતી. થેલા ત્યાં જ રહેવા દઈને તે નીચે દોડ્યો. તે વખતે હરીશના ચહેરા પરની બધી નસો ખેંચાઈ રહી હતી. તે બહાર જોઈ શકતો હતો. પેલા બાવાઓ અને હાથી પર ચડી બેઠેલું ફ્રેન્ચ ટૂરિસ્ટ યુગલ અને આનંદની કિકિયારીઓ કરતા થોડા છોકરાઓ રસ્તો ઓળંગીને આ તરફ આવતા હતા.

'ફૉર ગૉડ્ઝ સેઇક સ્પીડ અપ.' તે બરાડી ઊઠ્યો.

૧૨-૧૩ મિનિટ...

જાણે કંઈ જ બન્યું ન હોય તેમ પૂરતી એકાગ્રતાથી અશોક શેખાવત ડ્રિલિંગ કરી રહ્યો હતો. જિગર નીચે પહોંચ્યો ત્યારે તેણે એક ખાનું ખોલી નાખ્યું હતું.

'સ્પીડ અપ લિયો...' જિગર બોલ્યો.

'ડૉન્ટ ડિસ્ટર્બ...' શેખાવતે જવાબ આપ્યો. ડ્રિલના અવાજથી વોલ્ટ ગાજી ઊઠ્યું હતું.

૧૨-૧૪ મિનિટ....

બૅન્કનાં પગથિયાં ચડીને બે માણસો વાતો કરતા ઉપર ચડ્યા. કાચના બારણામાંથી હરીશે તેમને જોયા. તે ટટ્ટાર થયો. ગોવિંદ દાદર આગળના થાંભલા પાસે તંગ થઈને

ઊભો રહ્યો. હરીશ ચોંકીને ગોવિંદ સામે જોઈ રહ્યો, પણ તેટલી વારમાં તે બંને અંદર ઘૂસ્યા. અને તે સાથે જ તેમણે હરીશને હાથમાં ભયાનક પ્રકારની બંદૂક લઈને ઊભેલો જોયો. બંને જણ બારણામાં જ ઠરીને ઊભા રહી ગયા...

'રિલૅક્સ...' હરીશ બરાડી ઊઠ્યો.

પેલા માણસો તરત કંઈ સમજી ન શક્યા. પણ એમાંના એકે ગોવિંદને જોયો અને એ દોડ્યો અને બારણા સાથે પટકાયો. તે જ વખતે રિફ્લૅક્સ ઍક્શનમાં ગોવિંદ ભંડારીના હાથમાંની પિસ્તોલની ગોળી છૂટી. તે જ વખતે હરીશે તેના હાથમાંની બનાવટી મશીનગનનો ફટકો ત્યાં ઊભેલા માણસને માર્યો. તે બંને બાબતો એકસાથે બની હતી. ગોવિંદે જેને ગોળી મારી અથવા તેની પિસ્તોલમાંથી જે ગોળી અનાયાસ છૂટી તે માણસ બારણા સાથે ઝીંકાઈને બહાર પડ્યો. તેની બીજી જ સેકન્ડે હરીશે જેને ફટકો માર્યો એ આદમી પણ ઝોલો ખાઈને પાછા પડેલા બારણા સાથે ટકરાયો અને બારણાની અંદર પડ્યો.

ગોળી એ માણસની કોણી પાસે વાગી હતી અને બારણાના કાચ સાથે અથડાઈ હતી. બૅન્કના બારણાની કરચો થઈ હતી....

'ડ્રૅગ હિમ... ડ્રૅગ હિમ... ઇન...' ગોવિંદે બૂમ પાડી... ધડાકાનો અવાજ સાંભળીને જિગર બબ્બે પગથિયાં ચડીને ઉપર આવ્યો.

'શું થયું ?' તેણે અંગ્રેજીમાં પૂછ્યું.

'નેવર માઈન્ડ... તમારું કામ પતાવો...' ગોવિંદે કહ્યું. જિગર કશું પૂછ્યા વગર પાછો ઊતરી ગયો હતો. હરીશે પેલા બારણાની અંદરની બાજુએ પડેલા માણસને પાછો ખેંચ્યો હતો પણ બહાર બેચાર જણ ધસી આવ્યા હતા. હરીશે મશીનગન ઉઠાવી...

'લીવ ઇટ...' ગોવિંદ બોલે તે પહેલાં હરીશ બહાર નીકળ્યો. 'લીવ હિમ...'

૧૨-૧૮ મિનિટ....

'લિયો... લિયો... સ્પીડ અપ પ્લીઝ' જિગરે અશોકને કહ્યું. અશોકે બે લૉકરો ખોલી નાખ્યાં હતાં. અને તેમાંનો બધો માલ જિગરે થેલામાં નાખ્યો હતો. ૧૨-૧૯ મિનિટે ત્રીજું લૉકર ખોલવામાં આવ્યું હતું.

'છટ... સાલ્લા...' અશોક બોલી ઊઠ્યો. 'લૉકરમાં નાનકડી બૉક્સમાં કંઈક હતું અને બાકી બેત્રણ પૅકેટ અને ડાયરી હતી... જિગરે કશું પણ બોલ્યા વગર એ થેલામાં હડસેલ્યું. થોડાં કાગળિયાં અને ડાયરી નીચે પડી. અશોક ચોથું લૉકર ખોલવા મથી રહ્યો હતો.

૧૨-૨૦ મિનિટ...

એકાએક ધડાકા શરૂ થયા હતા. ઉપર શું થઈ રહ્યું છે તે જોવા જવા માટે જિગર કે અશોક પાસે સમય ન હતો. ૧૨-૨૧ મિનિટે લૉકર તૂટ્યું હતું. જિગરે તેમાંથી બધો માલ થેલામાં નાખ્યો હતો... બંને થેલા લઈને તે ઉપર દોડ્યો ત્યારે ૧૨-૨૨ મિનિટ થઈ હતી.

૧૨-૨૨ મિનિટ....

ગોવિંદ બારણા આગળ ઊભો હતો. તેના હાથમાં પિસ્તોલ હતી અને તે હવામાં બાર કરતો હતો. ચંદને પાર્ટિશનના બારણા પાસે સોફા ખસેડીને મૂક્યા હતા અને તેના પર ખુરસીઓની થપ્પી જેમ તેમ કરી હતી.. હરીશ હાથમાં બનાવટી મશીનગન લઈને ફૂટપાથ પર ઊભો હતો. રસ્તા પર નાસભાગ થઈ રહી હતી. હાથી પર બેઠેલા ટૂરિસ્ટોને છોડીને બાવાઓ ડાબી બાજુની ગલીમાં દોડી ગયા હતા...

જિગર અને શેખાવતને જોઈને ગોવિંદ બહાર દોડ્યો હતો. હરીશે જોંગાના ખુલ્લા બારણામાંથી મશીનગન અંદર નાખી હતી. અને તે ડ્રાઇવરની સીટમાં બેઠો હતો.

ચંદન, જિગર અને અશોક ભરેલા થેલા લઈને બહાર નીકળતા હતા. ત્યારે બૅન્કમાંથી નાનકડા બાળકનું બેફામ રુદન સંભળાતું હતું. બૅન્કમાં શું થયું, કોને કેટલું લાગ્યું તે જોવાની તેમને ફુરસદ ન હતી....

તેમણે વૅગનમાં થેલા ઝીંક્યા ત્યારે ૧૨-૨૩ મિનિટ થઈ હતી. તેમની યોજના કરતાં છ મિનિટનો વધુ સમય લાગ્યો હતો....

**

બૅન્કમાં શી ખાનાખરાબી સરજાઈ હતી તે જોવાનો તેમની પાસે સમય ન હતો. છતાં બધાના દિમાગ પર બૅન્કમાં ગાળેલી એક એક મિનિટ, પથ્થરની લકીર માફક મગજમાં જડાઈ ગઈ હતી. તેમના સ્નાયુઓ, તેમની નસો, તેમનાં દિમાગ અને એક એક મજ્જાતંતુ તે વખતે ખેંચાયેલાં હતાં. હૃદયના ધબકારા પણ જાણે ઍમ્પ્લિફાઈ થતા હોય તેમ મોટેથી સંભળાતા હતા. તેમણે જે ગણિત કર્યું હતું તેના કરતાં છ મિનિટ વધુ લાગી હતી. એટલું જ નહિ પણ હથિયાર વાપરવાં પડ્યાં તેનો ઓછાયો, તેનો આઘાત એ સૌના ચહેરા પર હતો. પણ એ બધી બાબતો તે વખતે ગૌણ હતી. મહત્ત્વની બાબત ત્યાંથી ભાગવાની હતી... લૂંટનો ઉત્તરાર્ધ હજુ બાકી હતો.

આંખને પલકારે બધા જોંગામાં ગોઠવાયા હતા અને જોંગા તીરની માફક છૂટી હતી. ઉદેપુરમાં કદાચ હરીશ જૈનની બરાબરી કરે તેવો ડ્રાઇવર ન હતો. એટલું જ નહિ પણ

ઉદેપુરની ગલીએ ગલીથી એ માહિતગાર હતો. જેવી ગાડી ઉપાડવામાં આવી કે તરત જ ગોવિંદે તેની જર્સીમાં ખોસેલી ગ્રેનેડ, ત્યાં રોડ બ્લૉક કરવા માટે ખોદાયેલા ખાડામાં ઉલાળી હતી. જોંગા ત્યાંથી લગભગ ૧૦૦ કદમ જેટલે પહોંચી હશે ત્યાં જ એ ગ્રેનેડ ભયાનક ધડાકા સાથે ફાટી હતી. ખાડામાં પડેલી ગ્રેનેડથી આજુબાજુ કોઈને નુકસાન થયું ન હતું, પણ રસ્તા પર ધૂળ અને મુરમનો મોટો ગોટ ઊડ્યો હતો અને ફૂટપાથના થોડા પથ્થરો ઊખડી ગયા હતા. કેટલા માણસોને એ ઊડેલા મુરમના કાંકરા અને ડામરના પોપડા વાગ્યા તે જોવાની આ ગૅન્ગને ફુરસદ ન હતી.

તેમને માટે સજ્જનનિવાસ ગાર્ડનનો રસ્તો અનુકૂળ હતો. ત્યાંથી ડુંગરપુર તરફ જતા હાઈવે પર પહોંચીને પાછા જયસમન્દને રસ્તે નીકળી જવાય તેમ હતું. છતાં તેમણે એ રસ્તો પ્લાનિંગમાં પસંદ કર્યો ન હતો. મુખ્ય રસ્તા પર જેટલી ગૂંચ ઊભી કરી શકાય તેટલી કરવામાં તેમની વધુ સલામતી હતી. અને એટલે જ જોંગાને પૂરઝડપે મહિલા મંડળના મકાન પાસેથી સીધી સૂરજ પોલ તરફ લેવામાં આવી. સૂરજ પોલ (સૂરજ દરવાજો) પહેલાં પણ એક રસ્તો સજ્જનનિવાસ ગાર્ડન તરફ જાય છે. પણ તે બાજુએ વળ્યા વગર સૂરજ પોલને ગોળ ફરીને તેમણે ગાડી ફતેહ મેમોરિયલના ગીચ ટ્રાફિકવાળા વિસ્તારમાં લીધી અને ત્યાંથી જમણી તરફ ઉદયપોલ તરફ ગાડી ભગાવવામાં આવી.

અહીંથી ફરી થોડેક જમણો ફાંટો પકડીને જોંગાને સ્ટેશન રોડ પર લેવામાં આવી. ઉદેપુર સિટી સ્ટેશન પારાવાર ઝડપે વટાવીને ગાડી ડુંગરપુર હાઈ-વે પર લેવામાં આવી. અહીં એક રસ્તો લગભગ યુ-ટર્ન જેવો છે, જેમાંથી થોડે દૂર બે ફાંટા પડે છે. એક સેન્ટ્રલ જેલ આગળ થઈને ફતેહ મેમોરિયલ તરફ જાય છે અને બીજો જયસમન્દ તરફ....

હરીશ જૈને ટાયરના ચિચૂડા બોલાવીને યુ-ટર્ન લીધો અને થોડી વારમાં ગાડી જયસમન્દના રસ્તે પડી. તે સાથે જ વૅગનની અંદર ગોઠવાયેલા ગોવિંદ ભંડારી, અશોક શેખાવત અને જિગર પરોતે પોતાનાં કપડાં બદલવા માંડ્યાં હતાં. તેમની પાછળ હજુ કોઈ ગાડી આવતી ન હતી. જયસમન્દ તરફનો રસ્તો લગભગ સૂમસામ જ હોય છે. સિંગલ ટ્રેકના આ રસ્તા પર પથ્થરની ખાણો તરફ જતા-આવતા થોડા ખટારા અને ટૂરિસ્ટોની ગાડીઓ સિવાય ભાગ્યે જ કંઈ અવરજવર હોય છે. પણ બપોરનો સમય હતો. મેં મહિનાનો સૂરજ આંખ ખોલીને પારાવાર ગરમી ફેંકતો હતો. પંદર જ મિનિટમાં આગળ, હરીશની બાજુમાં બેઠેલા ચંદન અને અંદર બેઠેલા ગૅન્ગના બીજા સભ્યોએ કપડાં બદલી નાખ્યાં હતાં. જર્સીઓ, શૉટ્ર્સ, મોજાં, હાથમોજાં, ગૉગલ્સ, પી-કૅપ્સ વગેરે બધું જ વ્યવસ્થિત રીતે એક ખાલી થેલામાં ભરવામાં આવ્યું હતું. ગાડી પૂરઝડપે ઓડા રેલવે બ્રિજ તરફ પહોંચી હતી.

જયસમન્દનો રસ્તો રેલવે બ્રિજની નીચેથી જાય છે. ઊંડી ખીણના બે ટેકરાઓને જોડતો આ બ્રિજ રસ્તાથી લગભગ સો ફૂટ જેટલો ઊંચે ઝળૂંબે છે. જોંગાને ધીરી પાડીને બ્રિજની નજીકના કોતર પાસે લઈ જવામાં આવી. ત્યાં આગલે દિવસે ઍમ્બેસેડર મૂકવામાં આવેલી હતી. ગાડીની આસપાસ કોઈ ન હતું. હજુ પણ પાછળથી કોઈ ગાડી આવતી દેખાતી ન હતી. લૂંટ કરીને ભાગવાનો પ્રથમ તબક્કો પૂરો થયો હતો.

ગોવિંદે હુકમ કર્યો ને મશીનની માફક જ કામ કરતી આ મિત્રોની ટોળકીએ લૂંટનો માલ ભરેલા થેલા ઍમ્બેસેડરમાં નાખ્યા. દરમ્યાનમાં હરીશ જૈને કપડાં બદલ્યાં, અને તેણે પહેરેલાં કપડાં, ગૉગલ્સ વગેરે પેલા થેલામાં નાખવામાં આવ્યાં. એ થેલો બાંધવામાં આવ્યો. બીજા એક થેલામાં અશોક શેખાવતે બનાવેલી નકલી મશીનગન અને તમંચો ભરવામાં આવ્યાં. ઓરિજિનલ પ્લાન મુજબ બધાં જ હથિયારો થેલામાં ભરવાનું વિચારવામાં આવ્યું હતું, પણ ગોવિંદે તેની મનાઈ કરી હતી. તેને એમ લાગતું હતું કે કદાચ કંઈક અણધાર્યું બને તો હથિયારો વાપરવાનાં થાય. બૅન્કમાં હથિયારોનો ઉપયોગ થયો તે ગોવિંદને ગમ્યું ન હતું. ચંદને નર્વસ થઈને ગોળી છોડી હતી અને પછી તો એ નર્વસનેસનો ચેપ ટુકડીમાં લાગ્યો હતો. પણ અત્યારે એવી કોઈ ચર્ચા જરૂરી ન હતી.

સૌ ઍમ્બેસેડરમાં ગોઠવાય તે પહેલાં બ્રિજની સામેની તરફ, રસ્તાથી દૂર જંગલના એક અવાવરુ કોતર પાસે જોંગા મૂકી દેવામાં આવી હતી. ઍમ્બેસેડરના વ્હીલ પર ચંદન ગોઠવાયો હતો. તેની બાજુમાં અશોક શેખાવત બેઠો હતો. છેલ્લો હરીશ બેઠો હતો.

પાછળ ગોવિંદ અને જિગર ગોઠવાયા હતા. લૂંટનો માલ તેમના પગ પાસે અને સીટની બાજુમાં પૅરેશૂટ કાપડના થેલાઓમાં બાંધીને મૂકવામાં આવ્યો હતો. બાર વાગીને ત્રેપનમી મિનિટે તો ગૅન્ગ વળી પાછી ઉદેપુરને રસ્તે પડી હતી. આ વખતે ડુંગરપુર હાઈ-વે તરફ જવાના ફાંટા આગળ તેમણે ગાડીને ડાબી તરફ નહિ પણ જમણી તરફ વાળી હતી. અને ગાડી સેન્ટ્રલ જેલના રસ્તે લીધી હતી.

સેન્ટ્રલ જેલથી થોડે દૂર સૌ પ્રથમ ગાડીમાંથી જિગર ઊતર્યો હતો. તેણે આછો પિંક ઝભ્ભો અને સફેદ લેંઘો પહેર્યા હતો. અને પગમાંથી બૂટ કાઢીને ચંપલ પહેર્યાં હતાં.

ગોવિંદે ઝડપથી તેની સાથે હાથ મિલાવ્યા હતા અને ચંદને ગાડી ઉપાડી દીધી હતી. ભયાનક તાપમાં એકેય ઝાડ વગરની ડામરની સડક સળગતી હતી. પરસેવાથી રેબઝેબ થયેલા જિગરના હૈયામાં કંઈક ઠંડક વળી હતી. તેના હૃદયના ધબકારા શાંત થયા હતા. અને જાણે એક સ્વપ્નું પૂરું થયું હોય, કંઈક અજબ સફળતા મળી હોય તેમ તે આનંદ અનુભવી રહ્યો. ધીખતો તાપ પણ તેને સારો લાગતો હતો...

સેન્ટ્રલ જેલ પાસેનું રેલવે ક્રૉસિંગ બંધ હતું. ચંદન ગાળ બોલ્યો. ગરમીમાં જેટલા અકળાયેલા ન હતા તેટલી અકળામણ તેમને ક્રૉસિંગ પર ગાડી પસાર થવાની રાહ જોતાં

થઈ હતી. ઘડીભર તેમને થયું કે પાછા જઈને હાઈ-વે તરફથી ઉદેપુરમાં દાખલ થઈએ. પણ ગોવિંદે એ વાત ઉડાવી દીધી હતી. ખાસ્સી સાત મિનિટ તેમને ત્યાં રાહ જોવી પડી. ક્રૉસિંગની પેલી તરફ બે ખટારા આવીને ઊભા હતા. ક્રૉસિંગ ખૂલ્યું અને ચંદન ગાડી ઉપાડવા જતો હતો ત્યાં જ સેન્ટ્રલ જેલ તરફથી પોલીસવાન આવતી દેખાઈ....

'ડૉન્ટ સ્ટાર્ટ ચંદન...' ગોવિંદે હુકમ કર્યો. 'આઉટ... ક્વિક.....' ગોવિંદનો અવાજ સાંભળીને ચંદન બહાર ઊતર્યો. 'તું પણ હરીશ... ગો ફૉર મેકવૉટર...'

ઘડીભર હરીશ તેની સામે જોઈ રહ્યો. અને પછી શું કરવાનું છે તે સમજ્યો. ગોવિંદે શેખાવતના હાથમાં પિસ્તોલ મૂકી અને લૂંટના માલના થેલા ગમે તેમ કરીને સીટની નીચે નાખ્યા. ચંદન અને હરીશ ગાડીની બહાર નીકળીને રસ્તા પર આરામથી લઘુશંકા કરતા ઊભા રહ્યા. બન્ને ટ્રક પસાર થઈ. પોલીસવાન નજીક આવી સહેજ ધીરી પડી. ગોવિંદ અને અશોક તંગ થયા. તેમને ઘડીભર લાગ્યું કે કદાચ તે ઊભી રહેશે પણ તે ઊભી ન રહી.....

'માઈ ગૉડ...' વાન પસાર થયા પછી શેખાવત બોલ્યો. 'ધૅટ વૉઝ રિયલી વેરી નેરો....'

'સરપ્રાઈઝિંગ !' ગોવિંદ એટલું જ બોલ્યો.

'પોલીસને કશો ખ્યાલ નહિ આવ્યો હોય ?' શેખાવતે પૂછ્યું.

'એવું બને નહિ. કદાચ ફર્સ્ટ ઈન્ફર્મેશનમાં ગરબડ થઈ હશે.' ગોવિંદે જવાબ આપ્યો. ત્યાં ધીરેથી તદ્દન સ્વાભાવિક રીતે ચાલતા ચંદન અને હરીશ ગાડી પાસે આવ્યા. હરીશ ગોવિંદની સાથે ગોઠવાયો. સેન્ટ્રલ જેલથી થોડે દૂર ગરનાળા પાસે ગાડી પહોંચી ત્યારે જ આ લોકોને ખ્યાલ આવ્યો કે પોલીસે શું કર્યું હતું. ગરનાળા પાસે જ પોલીસે રોડ બ્લૉક મૂક્યા હતા. અને ત્યાંથી સેન્ટ્રલ જેલ કે જયસમન્દ કે પછી હાઈ-વે જવાનો રસ્તો રોકીને પોલીસના આદમીઓ ઊભા હતા.

પાછા વળવું શક્ય તો હતું પણ તેમ કરવામાં જબરદસ્ત જોખમ હતું.

'સ્ટિક્સ ક્યાં છે ?' હરીશે પૂછ્યું.

'મારી પાસે.' ગોવિંદે જવાબ આપ્યો.

'આપણે બ્લો કરવા પડશે.' તે બોલ્યો.

'પોલીસને !' ગોવિંદે પૂછ્યું.

'નહિ તો શું...! માઈ ડિયર ! આપણી ગેમ પૂરી થઈ....'

'ડૉન્ટ બી નર્વસ....' ગોવિંદ બોલ્યો. તેમની ગાડીની આગળ એક ટૂરિસ્ટ મિની બસ હતી અને મિની બસ પાછળ બે લોડિંગ મેટાડોર હતી. બંનેમાં સામાન ભર્યો હતો. રોડ-બ્લોક ગરનાળા પછી હતી.

'ગોવિંદ, તું ઊતરી જા...' હરીશે કહ્યું.

'નેવર માઈન્ડ... લેટ અસ ઑલ ફેઈસ ઈટ.' ગોવિંદ બોલ્યો.

આગલી ગાડી ચાલી. અલબત્ત પોલીસે ચાંપતું ચેકિંગ ઉદેપુરની બહાર જતી ગાડીઓનું શરૂ કર્યું હતું એટલે અંદર આવતી ગાડીઓ બાબત તેમને કોઈ ખાસ ચિંતા ન હતી. સેન્ટ્રલ જેલ અને પોલીસ ક્વાર્ટર્સ તરફ અથવા તો જયસમન્દ તરફ જતી ગાડીઓ આમેય જૂજ હતી. મોટે ભાગે પ.વ.ડિ. કે કૉન્ટ્રાક્ટરોના ખટારા એ રસ્તે જતા. બપોર થઈ ગઈ હતી એટલે ઉદેપુરથી જયસમન્દ તરફ જતી ટૂરિસ્ટ ગાડીઓની સંખ્યા તદ્દન ઓછી હતી. છતાં ત્રણ મિની બસ અને ટૅક્સીઓ રોડ-બ્લૉકની લાઈનમાં ઊભી હતી.

રોડ બ્લૉકમાં પહેલો પ્રેફરન્સ ઉદેપુરમાં દાખલ થતી ગાડીઓને અપાતો હતો. મિની બસનું ચેકિંગ કરતાં પોલીસે થોડી વાર કરી હતી. પછી બંને લોડિંગ મેટાડોરને એમ ને એમ સિગ્નલ અપાયા. ચંદને ઍમ્બેસેડર આગળ લીધી.

સબ-ઈન્સ્પેક્ટરે હાથ કર્યો. ચંદને ગાડી ઊભી રાખી. તે પાસે આવે તે પહેલાં જ હરીશ જૈન નીચે ઊતર્યો અને મિત્રોના આશ્ચર્ય વચ્ચે તેણે સબ-ઈન્સ્પેક્ટરનું અભિવાદન કર્યું. હરીશ તેનું નામ જાણતો ન હતો, પણ સબ-ઈન્સ્પેક્ટર તેને ઓળખતો હતો.

'હલ્લો મિ. જૈન !' તે બોલી ઊઠ્યો.

'ઓહ... હલ્લો.' હરીશ સહેજ ડઘાઈ ગયો. તેને કલ્પના ન હતી કે ઈન્સ્પેક્ટર તેનું નામ જાણતો હશે.

'ક્યાં જઈ આવ્યા ?' તેણે પૂછ્યું.

'પીલાદર...' હરીશે સહેજ પણ ખચકાયા વગર જવાબ આપ્યો, 'એસ્કેવેશન ચાલે છે ને. સાહેબોની જોડે ગયો હતો.'

સબ-ઈન્સ્પેક્ટરે ગાડી તરફ જોયું. ઍમ્બેસેડર પર 'આર્કિયોલૉજિકલ ડિપાર્ટમેન્ટ'ની તખ્તી લાગેલી હતી.

'તમે શું કરો છો અહીં ?' હરીશે પૂછ્યું.

'અરે ગજબ થયો છે. તમને ક્યાંથી ખબર હોય ! બૅન્ક ઑફ મેવાડ ધોળે દિવસે લૂંટાઈ છે.'

'એટલે અત્યારે ?'

'હા, હમણાં, કલાક-દોઢ કલાક પહેલાં.....'

'ઓહ આઈ સી... એટલે આ રોડ-બ્લૉક છે.' હરીશે ધીરેથી કહ્યું. 'લૂંટારા ગાડીમાં ભાગ્યા છે ?'

'જોંગામાં... જોંગા મિની બસ.' સબ-ઈન્સ્પેક્ટરે જવાબ આપ્યો. પોલીસો શહેર તરફથી આવતી એક જીપ ગાડીને રોકી રહ્યા હતા.

'મિની બસ ?' હરીશે આશ્ચર્યથી પૂછ્યું.

'એફ. આઈ. આર. એવો છે. જોંગા વૅગન હોય કે મિની બસ, લૂંટારાઓ લશ્કરી ગણવેશમાં હતા.'

'શું કહો છો ?' હરીશે આશ્ચર્ય ઠાલવ્યું. ચંદનના હાથના પરસેવાથી સ્ટિયરિંગ ભીનું થતું હતું. ગોવિંદ સ્મોક ગ્લાસની ભીતરમાં, હાથમાં ડાઈનેમાઈટ સ્ટિક્સ લઈને તૈયાર બેઠો હતો. 'પણ આ તો ગજબ કહેવાય. લશ્કરી ગણવેશમાં... વેલ, કેટલા જણ હતા ?'

'એ નક્કી નથી થઈ શક્યું. કેટલાક કહે છે પાંચ-છ આદમી હતા અને કેટલાક કહે છે કે વૅગનમાં ભાગ્યા ત્યારે આઠ-નવ જણા હશે.' સબ-ઈન્સ્પેકટરે કહ્યું.

'એટલે.... કઈ બ્રાંચમાં ધાડ પડી સાહેબ ?' હરીશે પૂછ્યું. એ સાઈકોલૉજિકલ મૂવ હતો. ધાડ પડી છે તેવી ખબર પડે અને જો ઓળખીતો પોલીસ મળે તો સ્વાભાવિક માણસ પૂછપરછ કરે જ. હરીશ જાણતો હતો કે મોડું થાય છે છતાં તે વાતચીત કર્યા વગર ઉતાવળથી ચાલ્યો જાય તો તે અસ્વાભાવિક લાગે.

'ક્લૉક ટાવર બ્રાંચ...'

'માઈ ગૉડ ! પણ એ તો ભર બજારમાં કહેવાય... કેટલો માલ ઉઠાવી ગયા છે ?' હરીશે પૂછ્યું.

'તેનો અંદાજ આવતો નથી. હજુ તપાસ ચાલે છે, પણ ઈજા ખૂબ માણસોને થઈ છે. એક બાઈને તો બૅન્કમાં જ પ્રસવ થઈ ગયો હતો.'

'ડૉન્ટ ટેલ મી ઈન્સ્પેક્ટર....' હરીશે કહ્યું. અને ગાડી તરફ ફરીને કહ્યું, 'સાંભળ્યું પ્રોફેસર સાહેબ...બૅન્ક ઑફ મેવાડ લૂંટાઈ છે અને લૂંટ દરમ્યાન જ એક બાઈને પ્રસૂતિ થઈ ગઈ. પણ સબ-ઈન્સ્પેક્ટર, એ લોકો ભાગ્યા કેવી રીતે...?'

'ધે વૅર ફુલ્લી આર્મ્ડ, વિથ એ સબમશીનગન, ગ્રેનેડ્ઝ ઍન્ડ પિસ્ટલ્સ...'

'ભારે કહેવાય, તમને શું લાગે છે ? કોઈ મિલિટરીના આદમીઓ હશે ?'

'નહિ, નહિ. મને લાગે છે કે મધ્યપ્રદેશના આદમીઓ છે. સમ ગૅન્ગ... પ્રૉબેબલી

સુલતાનસિંગ કે મનુકાલકાસિંગની ટોળકી હોય. એ લોકો આ રીતે ધાડ પાડે છે. પણ યાર, હદ તો એ છે કે સુવ્વરોએ મિનિટોમાં લૉકરો પણ તોડ્યાં છે.

હરીશે વળી પાછું આશ્ચર્ય ઠાલવ્યું અને બંને છૂટા પડ્યા. હરીશ ગોવિંદની સાથે પાછળના ભાગમાં ગોઠવાયો. અને ચંદને ઍમ્બેસેડર ચાલુ કરી... એકસાથે બધાના ગળામાંથી નિઃશ્વાસ નીકળ્યો.

થોડે દૂર પેટ્રોલ પંપ પાસે એક થેલો લઈને ગોવિંદ ઊતરી ગયો. તેણે રિક્ષા પકડી. ચંદને ગાડી ઉદયપોલ તરફ અને ત્યાંથી ફતેહ મેમોરિયલ પાસે લેવરાવી. ત્યાં ચંદન ઊતરી ગયો. હરીશ સ્ટિયરિંગ પર ગોઠવાયો. અહીંથી ગાડીને દેલવાડા પહોંચાડવાની જવાબદારી અશોક અને હરીશ જૈનની હતી. ચંદન ઊતરીને મેમોરિયલની એક તરફ આવેલા વિશ્રાંતિગૃહની સામેની એક રેસ્ટોરાંમાં જઈને બેઠો. હરીશ અને શેખાવતે મ્યુનિસિપલ ટાઉન હૉલ પાસે થઈને, દિલ્હી પોલ અને ત્યાંથી કલેક્ટોરેટ કચેરી પાસે ગાડી ઊભી રાખી. બન્ને જણાને જાણે કલેક્ટર કચેરીનું જ કામ હોય તેમ બંને ઊતર્યા. ગાડી લૉક કરી અને કલેક્ટોરેટની કેન્ટીનમાં ગયા. અશોક શેખાવત ઝાઝો વખત ભૂખ્યો રહે તો તેને ચક્કર આવતાં. બન્ને જણે આરામથી નાસ્તો કર્યો.....

**

કેન્ટીનમાં પણ જોરશોરથી બૅન્ક ઑફ મેવાડની ભયાનક લૂંટની ચર્ચા ચાલતી હતી. કોઈ કહેતું કે પંદર માણસો માર્યા ગયા છે. તો કોઈએ કહ્યું કે લૂંટારાઓ લૂંટના માલ ઉપરાંત બૅન્કમાં કામ કરતી ઓરતોને પણ બાન તરીકે ઉઠાવી ગયા છે. હરીશ અને શેખાવત આ વાતો સાંભળતા રહ્યા. બરાબર બે વાગ્યે કેન્ટીનમાંથી બહાર નીકળીને ફરી પાછા મોટરમાં ગોઠવાયા. મોટર જનરલ હૉસ્પિટલના કંપાઉન્ડમાં પાર્ક કરીને હરીશ અને શેખાવત બન્ને ચાલતા ચાલતા જુદી જુદી હજામની સલૂનોમાં વાળ કપાવી આવ્યા અને દાઢી મૂંડાવી આવ્યા.

જ્યાં સુધી ઉદેપુરની ફરતી પોલીસ કોર્ડન ઉઠાવી ન લેવાય ત્યાં સુધી તેમને માટે ગાડી હંકારીને ઉદેપુરની બહાર લઈ જવાનું જોખમ ખેડવું યોગ્ય ન હતું. ફરી એક વાર તેમણે ગાડીનો ચકરાવો માર્યો અને સાડા ત્રણ વાગ્યે ડ્રિસ્ટ્રક્ટ ઍન્ડ સેશન્સ કોર્ટના કંપાઉન્ડમાં ઘૂસ્યા. હવે તેમને કંટાળો આવતો હતો. પરંતુ ગોવિંદના કહેવા મુજબ, પ્લાનિંગનો આ તબક્કો સૌથી અગત્યનો હતો. સમય પસાર કરવા વગર તેમનો છૂટકો ન હતો. ત્યાંથી થોડી વાર ગર્લ્સ કૉલેજ, પંચવટી અને રેલવે ટ્રેનિંગ કૉલેજ આગળ તેમણે આંટા માર્યા. બરાબર ચાર વાગ્યે પુલન બ્રિજ આગળ ગાડી લીધી. બ્રિજ પર પોલીસ હતી. એટલે તેમણે સાચવીને રોટરી ક્લબ ફીલ્ડ ક્લબ તરફને રસ્તે ગાડી હંકારી. એક બીજું ચક્કર માર્યું અને ભારતીય લોક કલા મંડલમાં વળી ગાડી ઊભી રાખી.

શેખાવતને ગાડી પાસે મૂકીને હરીશે રિક્ષા કરી અને પુલન બ્રિજ પાસે બીજું ચક્કર છ વાગ્યે મારી આવ્યો. પોલીસ કૉર્ડન સાંજે સાતની આસપાસ એકાએક ઉઠાવી લેવામાં આવી હતી. સવા સાત વાગ્યે શેખાવત અને હરીશ નાથદ્વારા જવાના રસ્તે પડ્યા. તેમના મગજ પરનો તનાવ એકાએક દૂર થયો હતો. હરીશે એક્સીલરેટર આપ્યું અને બન્ને જણ પાગલોની માફક હસવા માંડ્યા હતા.

'અશોક, તું એક કામ કર. પાછળ ચાલ્યો જા અને જો તો માલ કેટલો છે ?' હરીશે કહ્યું અને એ જાડિયો શેખાવત ચાલુ ગાડીએ માંડ માંડ સીટ કૂદીને અંદર ગયો. હરીશે ગાડી ધીરી કરી અને પાછળ જોયું. 'શું લાગે છે ?'

'હરીશ, આ ગણવા અશક્ય છે.' અશોક બોલી ઊઠ્યો.

'અરે ન શું ગણાય ? લિયો, સો બંડલની થોકડી બનાવ. પછી એ બંડલની ઉંચાઈની બીજી થોકડી કરતો જા. અને એક થેલો ખાલી કરી નાખ...'

'એ આઈડિયા મને ન આવ્યો. પણ હરીશ, પણ આપણે ગણવાની શી જરૂર છે ?'

'દસ લાખથી વધુ રકમ હોય તો આપણે એ આપવી નથી.'

'હરીશ, આપણે પૈસાને શું કરવા છે ?'

'એ ચર્ચા આપણે પછી કરીશું.' હરીશે કહ્યું.

'પણ અંદરની લાઈટ કર. અંધારામાં ખરેખર ખબર પડતી નથી.' અશોકે કહ્યું. અને એક થેલો ખાલી કર્યો.

હરીશે અંદરની લાઈટ કરી અને અશોકે નોટોની થોકડીઓ ગણવા માંડી. સો સોની નોટોની થોકડીઓ પસંદ કરીને તે બીજા થેલામાં નાખતો ગયો....

' ફેન્ટાસ્ટિક માઈ બૉય !...' અશોક બોલી ઊઠ્યો.

'પરહેપ્સ ધ ગ્રેટેસ્ટ રૉબરી ઑફ ધ ડીકેઇડ.'

**

ઉદેપુરની હદમાંથી એ બન્ને જણ સહીસલામત બહાર નીકળી ગયા હતા. અશોક શેખાવત મોટરની પાછલી સીટમાં ચાલ્યો ગયો હતો. અને તેણે નોટો ગણવા માંડી હતી. તેણે સો સો રૂપિયાની થપ્પીઓ જોઈ ન હતી તેવું ન હતું. પણ તેણે ક્યારેય એકસાથે આટલાં બધાં નોટોના બંડલ હાથમાં લીધાં ન હતાં. અરે ! સ્પર્શ પણ કર્યો ન હતો. ધીરી, એકધારી રફતારમાં હરીશ જૈન મોટર ચલાવતો હતો. તેમને દેલવાડા સુધી જ જવાનું હતું. કોઈ ખાસ ઉતાવળ ન હતી, બલ્કે નિરાંત હતી. હજુ થોડો સમય તેમને વિતાવવો પડે તેમ હતો. દેલવાડા પૅલેસ પાસે તેમણે ગાડી મૂકી દેવાની હતી. પછી નાથદ્વારા ચાલ્યા જવાનું હતું. દેલવાડાથી એ ગાડી અને લૂંટના માલનો કબજો બીરેન ભટ્ટાચાર્ય કે તેના પઠ્ઠાઓ લેવાના હતા.

મોટરની સીલિંગ લાઈટને અજવાળે, અશોક શેખાવત નોટોનાં બંડલો ગણતો હતો. 'હરીશ, તું ગાડી થોડી વાર ઊભી રાખ. મને ગણવાનું ફાવતું નથી.' અશોકે કહ્યું. અને હરીશ હસ્યો.

'તારે ક્યાં હિસાબ આપવાનો છે !' હરીશે જવાબ આપ્યો.

'એમ નહિ, આવી રીતે નોટો ગણવાનું કામ મેં જિંદગીમાં ક્યારેય કર્યું નથી. મને તો એમ લાગે છે કે આપણે આખા ઉદેપુરની નોટો ઉઠાવી લાવ્યા છીએ.'

'ચલ.. ચલ હવે..'

'નહિ તો પછી મને એક કાગળ અને પેન્સિલ આપ; તો મારાથી કંઈ થઈ શકે. બાકી આ થેલાઓમાં રૂપિયાની બધી જ જાતની નોટોનાં બંડલો છે. એ બધું કંઈ મોઢે યાદ ન રહે...' અશોકે કહ્યું. 'આ સોની નોટોનાં બંડલો ગણવામાં બે વખત તો ભૂલ પડી...'

'એ જાડિયા... તું એમ કર. આપણે બીરેનને દસ લાખ રૂપિયાની નોટો પહોંચાડવાનું માથે લીધું છે. એટલે એટલા રૂપિયા એક થેલામાં ભરાઈ જાય પછી આપણે બીજો માલ નિરાંતે ગણીશું.' હરીશે કહ્યું.

'નિરાંતે એટલે ?' અશોક બોલી ઊઠ્યો. 'આપણે હજુ નાથદ્વારા પહોંચવાનું છે. દેલવાડાથી નાથદ્વારા પહોંચતા કેટલા કલાક થશે તે કોણ જાણે. એ વિચાર આપણે કરવો જોઈતો હતો. દેલવાડા પાસે ગાડી મૂકી દઈએ પછી આપણે ચાલતા નાથદ્વારા ક્યારે પહોંચીએ, તે આપણે ગણવું જોઈતું હતું. અને હું પંદર-વીસ કિલોમીટર ચાલવા ટેવાયેલો આદમી નથી.' અશોક બોલ્યો.

'ઓહ બુદ્ધિના લઠ્ઠ ! તારે ચાલવાનું નથી. આપણે આ ગાડી નાથદ્વારા સુધી લઈ જવાની છે.'

'નહિ હરીશ, આપણે ગાડી મૂકી દેવાની છે... દેલવાડા પૅલેસ - દરબારગઢ પાસે.'

'આઈ નો... આઈ નો ધૅટ... એમ જ કરવાનું છે. હું તને નાથદ્વારાથી થોડે દૂર ઉતારીશ. ત્યાંથી તારે મોટર સાઈકલ લઈને નીકળવાનું છે અને દેલવાડા આવવાનું છે. હું ગાડી દેલવાડા મૂકીને હાઈ-વે પર આવીશ અને તારે મને પિક-અપ કરી લેવાનો છે. આમાં ક્યાં તને પ્રશ્ન મૂંઝવે છે તે હું સમજી શકતો નથી.' હરીશે કહ્યું.

'પણ ગોવિંદે તો ગાડીને....' અશોક કંઈક દલીલ કરવા ગયો.

'તું માથાકૂટ ન કર. તું નોટો ગણ... આપણે દસ લાખ રૂપિયા બીરેનને પધરાવવાના છે, તેથી વિશેષ કંઈ નહિ... તું એક કામ કર. સો રૂપિયાની અને બીજી જે કોઈ ડિનોમિનેશનની નવી નક્કોર નોટો હોય તે બીરેનને આપવાના થેલામાં નાખ. દસ લાખ રૂપિયા થઈ જાય એટલે ગણવાની જરૂર નથી. સમજ્યો ? હવે વાત ન કર અને ગણવા માંડ.'

અશોક શેખાવતે વળી પાછી નોટોની થપ્પીઓ ઉથલાવી. સોની નોટોનાં બંડલો જુદાં કર્યાં. તેમાંથી નવી નોટોનાં બંડલો ગણી ગણીને થેલામાં નાખવા માંડ્યાં. એવી જ રીતે પચાસ, વીસ, દસ, પાંચ અને રૂપિયાની નોટો તેણે જુદી કરી. પહેલાં નવી અને પછી જૂની નોટો તેણે બીરેન માટેના થેલામાં નાખવા માંડી હતી. તેમને ભય હતો કે નવી નોટોનાં બંડલોના નંબરો નોંધેલા હશે. પરિણામે એ બંડલો બીરેનને આપી દેવાં એવી સ્ટ્રેટેજી હરીશે વિચારી હતી. જે લૉકરો તેમણે તોડ્યાં હતાં તેમાંથી પણ તેમને નોટોનાં બંડલો હાથમાં આવ્યાં હતાં...

'એ લિયો... પરચૂરણ બીરેનના થેલામાં નાખજે. સો અને પચાસની જૂની નોટો જ આપણે માટે જુદી રાખજે.' હરીશે મોટરની ઝડપ થોડી ધીરી કરી.

અશોક નોટો ગણતો ગયો અને થેલામાં નાખતો ગયો. અડધા કલાકથી થોડા વધુ સમયમાં તેમણે એકલિંગજી પાસેથી ગાડી આગળ ધપાવી હતી. બીજી આઠ-દસ મિનિટમાં તેમણે દેલવાડા વટાવ્યું અને નાથદ્વારા તરફ ગાડી હંકારી. નાથદ્વારા પહોંચતાં પહેલાં અશોકે નોટોની વ્યવસ્થા કરી દીધી હતી. નાથદ્વારા ગામના વળાંકવાળા રસ્તે ગાડી લેવાને બદલે હરીશે ગાડી હાઈ-વે પર જ ઊભી રાખી.

'લિયો, તું અહીં જ ઊતરી જા. ગામમાં આ ગાડી લઈને જવાનું મને ઠીક લાગતું નથી.' હરીશ બોલ્યો.

'તું યાર મને કેટલું ચલાવવા માગે છે ?' અશોક સ્થૂળકાય આદમી હતો. તેને ચાલવું ગમતું નહિ.

'તો તું મોટર સંભાળ અને હું જઈને મોટર સાઈકલ લઈ આવું.' હરીશે કહ્યું.

'નહિ યાર, મને એ નહિ ફાવે.' અશોકે કહ્યું. 'તું જ ગાડી સંભાળ, મડદાની સાથે રહેવાની મારી જિગર નહિ ચાલે.' અશોકના અવાજમાં સહેજ ધ્રુજારી આવી. તે હાઈ-વે પરથી ચાલતો શ્રીનાથજીના એક ગેસ્ટ હાઉસના નાનકડા કમ્પાઉન્ડમાં પડેલી મોટર સાઈકલ લઈ આવવા તૈયાર હતો, પરંતુ લૂંટના માલ સાથે રહેવાની તેનામાં હામ ન હતી.

એટલે જ તેણે કહ્યું કે મડદા સાથે રહેવાની તેની જિગર નથી. હરીશે ગાડી ધીરી પાડી અને ઊભી રાખી. અશોક નીચે ઊતર્યો.

'તું અહીં ઊભો રહેવાનો છું ?'

'નહિ... થોડી વાર ઊભો રહીશ પણ ઝાઝો વખત ગાડી ઊભી નહિ રખાય. અને તું દોડતો જઈશ જાડિયા, તોય પંદર-સત્તર મિનિટ વગર ગામમાં પહોંચવાનો નથી. હું પાંચ-સાત મિનિટ અહીં ઊભો રહીશ. આઈ વોન્ટ ટેક એની રિસ્ક... મને નથી લાગતું કે પોલીસે હાઈ-વે પર પેટ્રોલિંગ કરતી પોલીસને ખાસ હુકમો નહિ આપ્યા હોય... નો... આઇ વોન્ટ ટેક એની રિસ્ક.' હરીશે કહ્યું. 'તું જેટલી બને તેટલી ઝડપે ગેસ્ટ હાઉસ પર પહોંચ. મોટર બાઈક લઈને તું પાછો આવ. હું અહીંથી આગળ પાંચેક કિલોમીટર જઈને પાછો આવું છું તેટલી વારમાં તું આવ્યો હોઈશ તો ઠીક. હું ગાડી ઊભી નહિ રાખું. ગાડી પાછી વાળીને હું દેલવાડા ચાલ્યો જઈશ. આપણે જો રસ્તામાં ન મળી શકીએ તો ગઢ પાસે મળીએ છીએ. તું ગેસ્ટ હાઉસમાં ચેકઆઉટ કરીને નીકળતો નથી. આપણે બાકીનો માલ લઈને પાછા ગેસ્ટ હાઉસ પર જઈશું.' હરીશે અશોકને સૂચનાઓ આપી. અશોકે તેની સાથે હાથ મિલાવ્યા અને તે ચાલતો નાથદ્વારા તરફ જતે રસ્તે ફંટાયો. મોટરની હેડલાઇટ્સના અજવાળે તે થોડે સુધી દેખાતો રહ્યો. અને પછી ધૂંધળી રાત્રિમાં ગર્ત થઈ ગયો.

**

મોટરમાંથી નીચે ઊતર્યા પછી અશોકના શરીરમાં એકાએક અનેરી ઠંડક પ્રસરી. પરસેવાથી હંમેશા ભીંજાતા તેના સ્થૂળ શરીર પર ઉનાળાની રાજસ્થાનની રાત્રિની ઠંડક તેને તાજગી આપતી રહી. માથા પર બોજ લઈને ચાલતા આદમીના માથા પરથી કોઈક વજન ઉતારી લે અને જે હળવાશ તે અનુભવે તેવી હળવાશ તે અનુભવતો હતો. લૂંટનો તનાવ, લોહિયાળ હાથનો આઘાત અને પકડાઈ જવાની અજ્ઞાત બીક એકાએક ચાલી ગઈ તેમ તે મુક્તિ અનુભવતો રહ્યો. વ્હીસલ વગાડતો તે નાથદ્વારા તરફ ચાલતો હતો અને કોઈ અસ્ફુટ આનંદ અનુભવતો હતો. ચાલતાં ચાલતાં જ તેણે ગણેલી નોટોનો સરવાળો કરવા માંડ્યો. કેશ કાઉન્ટર પરની નોટો, બૅન્કની તિજોરીમાંથી ઉલેચેલી નોટો, લૉકરોમાંથી મળેલી નોટો, એ બધું ગણતાં તેમણે મબલક રૂપિયા મેળવ્યા હતા. પોતાની પાસે પેન ન હતી તેનો તે રંજ અનુભવતો હતો, કારણ નોટોનાં બંડલોની ગણતરી તે મોઢે કરી શક્તો ન હતો. ગમે તેમ પણ તેણે બીરેન ભટ્ટાચાર્યને આપવાના થેલામાં દસ લાખ રૂપિયાની નોટો નાખી હતી. તેને અંદરથી હરીશની વાત ગમતી ન હતી. તેનો વિચાર તો મોટરમાં લૂંટનો બધો જ માલ નાખી દઈને ચાલતા થવાનો હતો. ગોવિંદની પણ એ

જ ઇચ્છા હતી. અલબત્ત હરીશે એ મુદ્દો ઉઠાવ્યો હતો કે બૅન્કમાંથી દસ લાખ કરતાં વધુ રૂપિયા મળે તો શું કરવું જોઈએ ? પણ ગોવિંદે તેનો કોઈ સ્પષ્ટ ઉત્તર આપ્યો ન હતો. ગોવિંદે જો સ્પષ્ટતા કરી હોત તો સારું થાત. તો અત્યારે તે એકલો ચાલતો હતો તેને બદલે હરીશ તેની સાથે જોડાયો હોત. મનમાં તે આવી જ ગડભાંજ કરતો નાથદ્વારા ગામની બહાર આવેલા પ. વ. ડિ.ના વિશ્રાંતિઘર નજીક આવી પહોંચ્યો. અને એકાએક તેણે ત્યાં ઊભેલી ગાડીઓ જોઈ. તેના હૃદયના ધબકારામાં તેજી આવી. તેનાં પગલાં ધીરાં થયાં....

થોડી વાર માટે તે ખચકાયો. તેને પાછા ફરવાનું મન થઈ આવ્યું. માનવીનું મન અને તેના પગ બન્ને જાણે જુદાં હોય અને તે બન્ને વચ્ચે પણ સંઘર્ષ થઈ શકે છે, તેવો અનુભવ તેને પ્રથમ વાર થયો. તેણે સંવેગો પર, ભયની લાગણી પર કાબૂ મેળવવા અથાગ પરિશ્રમ કર્યો, ઊંડો શ્વાસ લીધો.

પોલીસ જીપની બાજુમાં હાઈ-વે પેટ્રોલના બોર્ડ અને લાલ ફરતી સાઇન-લાઇટવાળી ઍમ્બેસેડર ઊભી હતી. પોલીસ જીપની પાછળના ભાગમાં વાયરલેસ સેટ પર વાત કરતો એક કૉન્સ્ટેબલ અને બીજો સિવિલિયન ડ્રેસ પહેરેલો આદમી બેઠો હતો. બેત્રણ પોલીસ, એક સબ-ઈન્સ્પેક્ટર જીપની નજીક ઊભા હતા. બે આદમીઓ ઍમ્બેસેડરના બારણાને અઢેલીને ઊભા હતા અને થોડાક કૉન્સ્ટેબલ પ. વ. ડિ.ના મકાનના ઝાંપે ઊભા હતા. એ લોકો ચા પીતા હતા. અશોકે પોતાના બન્ને હાથની મૂઠીઓ વાળી અને ધીરે ડગલે ત્યાંથી પસાર થયો.

'એય... મિસ્ટર...' તે ત્યાંથી પસાર થયો પછી કોઈકે તેની પીઠ પાછળથી બૂમ પાડી. તે ઊભો રહ્યો.

'મને કહ્યું ?' તે અંધારામાં ઊભો રહ્યો.

'યસ... તને...' પોલીસ સબ-ઈન્સ્પેક્ટરે તેને કહ્યું. પોલીસ કોઈ શિષ્ટાચાર કે મધુર લાગે તેવી વાણી બોલવા બંધાયેલા નથી હોતા.

'યસ...' અશોકે જવાબ આપ્યો.

'ક્યાં જાય છે ?'

'શ્રીજી ગેસ્ટ હાઉસ...' અશોકે જવાબ આપ્યો.

'આમ ક્યાં ગયો હતો ?' પેલાએ પૂછ્યું.

'ચોકડી પર. પગ છૂટો કરવા... કેમ શું હતું ?' અશોકે જવાબ વાળ્યો.

'કંઈ નહિ. જાઓ.' ઈન્સ્પેક્ટરે કહ્યું અને અશોકે ચાલવા માંડ્યું. પોલીસ નાથદ્વારામાં તલાશ કરી રહી હતી તે તેને ખ્યાલમાં આવ્યું. પણ જ્યાં સુધી પોલીસ તેને કોઈ ચોક્કસ

પ્રશ્ન ન પૂછે ત્યાં સુધી તે કંઈ બોલવા માગતો ન હતો. તે ઘડીક ઊભો રહ્યો જેથી પોલીસ જોઈ શકે કે તે આશ્ચર્ય પામ્યો હતો તેમ જ પોલીસે તેને જે રીતે પૂછ્યું તેનો આઘાત પણ લાગ્યો હતો.

'યસ... સર....' તેણે જીપમાં બેઠેલા વાયરલેસ પર વાતચીત કરતા કૉન્સ્ટેબલનો અવાજ સાંભળ્યો... 'નહિ સર... હાઇ-વે પર નંબર આઠ છે. અમે નાથદ્વારાનાં બધાં વેહિકલ્સ ચેક કર્યાં છે. ઓવર... યસ સર... હું સાહેબને બોલાવું છું.' કૉન્સ્ટેબલે કહ્યું. તેટલી વારમાં પેલો સબ-ઈન્સ્પેક્ટર ત્યાં પહોંચ્યો અને તેણે રિસીવર હાથમાં લીધું. અશોક શેખાવત ધીરેથી ચાલતો હતો.

નાથદ્વારામાં હંમેશની જેમ જ ભીડ હતી. તેને કશુંય અજુગતું દેખાયું નહિ. તે ગેસ્ટ હાઉસ પર પહોંચ્યો. તેમણે રાખેલી રૂમની ચાવી લઈને તે રૂમમાં ગયો. તેણે નોકર પાસે સિગારેટનું પાકીટ મંગાવ્યું. સિગારેટ પીધી અને પૂરી થયા પછી તે ફરી નીચે આવ્યો. તેના મગજમાં હવે દ્વિધા થતી હતી. તેણે મોટર સાઇકલ લઈને તાત્કાલિક નીકળવું જોઈએ કે પેલી પોલીસ ગાડીઓ રવાના ન થાય ત્યાં સુધી રોકાવું જોઈએ ? તેણે બીજી સિગારેટ સળગાવી. ઘડિયાળ જોઈ. હરીશ પાંચ-સાત કિલોમીટર જઈને પાછો આવવાનો હતો. એ પાછો આવે તે જ વખતે જો આ પોલીસવાળા તેની ગાડીની ઝડતી લેશે તો... ? તો તેમનો ખેલ ખતમ થઈ જશે. સિગારેટ પૂરી થતાં સુધી તે કાઉન્ટર પાસે રોકાયો. તેણે રૂમની ચાવી કાઉન્ટર પર આપી.

'ક્યાં ચાલ્યા સાહેબ...' કાઉન્ટર પરના આદમીએ પૂછ્યું.

'કંઈ નહિ. આમ તેમ રખડીશું. અહીં ટાઇમ કેમ પસાર કરવો તે એક સવાલ છે.'

'વાત સાચી છે.' પેલાએ જવાબ આપ્યો. 'જૈન સાહેબ ક્યાં ગયા છે ?'

'ઓહ જૈનને......! અરે ભાઈ બીજે ક્યાં ? બજારમાં... એના ભાઈબંધો મળી ગયા છે. ક્યાંક પત્તાં રમવા બેસી પડ્યો હશે. આપણને એવો શોખ નહિ. આપણે તો ઘૂમવાના શોખીન....' અશોક બોલ્યો. 'વેલ, મને લાગે છે ત્યાં ચોકડી સુધી હું ફરી આવું. દરમ્યાનમાં જો જૈન આવી જાય તો કહેજો હું મોટર સાઇકલ લઈ ગયો છું. જોકે એ આવવો મુશ્કેલ છે.'

'સાહેબ, જમવાનું શું કરવાનું છે ?'

'એમ કરજોને, બે થાળી ઢાંકી રાખશો ! રાત્રે ઇચ્છા થશે તો ખાઈશું. બાકી આખો દિવસ અહીં તો પરસાદ ખાવામાં જાય છે.' કહીને તે બહાર નીકળ્યો. મોટર સાઇકલ સ્ટાર્ટ કરીને તે રસ્તા પર આવ્યો અને પાર્ક કરી. ત્યાંથી તેને વળાંક પાસે ઊભેલી પોલીસ

ગાડીઓ દેખાતી હતી. ત્યાં ઊભેલા રેંકડીવાળાને તેણે ચા બનાવવાનો ઑર્ડર આપ્યો અને તેણે ખસ્તા કચોરીની એક પ્લેટ બનાવરાવી.

બરાબર વીસ મિનિટ બાદ પોલીસની ગાડીઓ ત્યાંથી હઠી. વાયરલેસવાળી જીપ ગામમાં આવી અને હાઈ-વે પોલીસ પેટ્રોલની ઍમ્બેસેડર ગામ બહાર ચાલી. અશોકે મોટર સાઇકલ સ્ટાર્ટ કરી. તેને હરીશની ચિંતા થતી હતી.

**

અશોકના ગયા પછી હરીશ જૈન નાથદ્વારાથી આગળ પાંચ-સાત કિલોમીટર ગયો અને પાછો આવ્યો. તે ઘડીભર ત્યાં રોકાયો અને દેલવાડા તરફ ચાલ્યો ગયો. અશોક જ્યારે હાઈ-વે પર પહોંચ્યો ત્યારે હરીશ ત્યાંથી નીકળીને દેલવાડા તરફ ચાલ્યો ગયો હતો. અશોકે હાઈ-વે પર થોડીક વાર રાહ જોઈ પણ એ વ્યર્થ હતી. કારણ તેમણે નક્કી જ કર્યું હતું કે અશોકની રાહ જોઈને તે હાઈ-વે પર ઊભો નહિ રહે. અશોકે મોટર સાઇકલ પૂરઝડપે મારી મૂકી હતી.

દેલવાડા ગામના દીવા દેખાયા અને તેણે મોટર સાઇકલ ધીરી પાડી. દેલવાડાનો નાનકડો કિલ્લો હાઈ-વેથી ડાબી તરફ અને ગામથી સહેજ ઉત્તર-પૂર્વમાં છે. ગામમાં જતો રસ્તો એક તરફ કિલ્લા બાજુએ જાય છે. તેણે મોટર સાઇકલ એ તરફ વાળી ત્યારે હેડલાઇટ્સ બંધ કરી હતી. લાઇટ ચાલુ રાખીને તે કોઈનું ધ્યાન ખેંચવા માગતો ન હતો. તદ્દન ધીરી ઝડપે તેણે મોટર સાઇકલ હંકારી.

તે ગઢથી થોડે દૂર પહોંચ્યો. દરવાજાની સામે ખુલ્લી જગ્યામાં મુખ્ય રસ્તો પૂરો થતો હતો અને ત્યાંથી ગઢમાં જવાનો રસ્તો શરૂ થતો હતો. ગામ અને હાઈ-વે તરફથી આવતો રસ્તો જ્યાં પૂરો થતો હતો ત્યાં નાનકડા ચોગાનમાં મોટું વડલાનું ઝાડ છે અને વિસામા જેવી છત્રી બાંધેલી છે. છત્રીની સામે મહેલમાં જવાનો ઝાંપો છે. અરધા ખૂલેલા ઝાંપાની ભીતરમાં મહેલમાં એટલે કે કિલ્લામાં જવાનો અવાવરુ રસ્તો છે.

અશોક ત્યાં આવી પહોંચ્યો. તે ઘડીભર મૂંઝાયો. વર્ષો પહેલાં તે આ જગ્યાએ આવ્યો હતો. અહીં મોટર મૂકીને કોઈ ચાલ્યો જાય તો જલદી ખબર પડે નહિ તે હકીકત હતી. છતાં જો કોઈએ મોટરને આ તરફ આવતી જોઈ હોય તો આશ્ચર્ય જરૂર થાય. આશ્ચર્ય એટલા માટે થાય કે અહીં રસ્તાનો ડેડ ઍન્ડ છે, એટલું જ નહિ, કિલ્લામાં જવાનો મુખ્ય રસ્તો એક જમાનામાં કદાચ અહીંથી હોય, પણ અત્યારે તો ગામમાંથી કિલ્લામાં જવું પડતું. એટલે કિલ્લામાં જવા માટે પણ કોઈ આ તરફ મોટર લાવે નહિ.

અશોક ત્યાં આવ્યો ત્યારે હરીશ ત્યાં ન હતો. તેને ઉચાટ થયો. પણ હરીશ પર તેને અપરંપાર શ્રદ્ધા હતી. તેમની આખી ગૅન્ગમાં હરીશ સૌથી વ્યવહારુ આદમી હતો. તે

કોઈ દેશદાઝથી કે ક્રાન્તિની ખેવનાથી આ લૂંટમાં જોડાયો ન હતો. કેવળ ‘એક્સાઇટમેન્ટ’ ખાતર, ‘ઍડવેન્ચર’ ખાતર તે આમાં જોડાયો હતો. અશોકે ફરી વખત ઘડિયાળ જોઈ. હરીશ જરૂર આવી જવો જોઈતો હતો. તે વિચાર કરતો ઊભો રહ્યો. તેણે મોટર સાઇકલને એક તરફ ઊગેલી ઝાડીની બાજુમાં મૂકી અને અંધારામાં જ રાહ જોતો તે મોટર સાઇકલની સીટ પર બેઠો. તેણે ગજવામાંથી સિગારેટ કાઢી... તે દીવાસળી સળગાવવા માગતો હતો ત્યાં જ તેણે અવાવરું ઝાંપામાંથી એક આદમીને બહાર આવતો જોયો. અંધારું ખૂબ હતું, છતાં ચંદ્રનો પ્રકાશ ઠીક ઠીક પડતો હતો. વળી અંધકારથી તેની આંખો બરાબર ટેવાઈ ગઈ હતી. તે લગભગ સ્પષ્ટપણે પેલા આદમીને જોઈ શકતો હતો. તેણે માથા પર લાલ રૂમાલ બાંધ્યો હતો અને શરીર પર કેવળ પોતડી પહેરી હતી. તેના ગળામાં ચળકતી ચકતી- વાળું માદળિયું પહેર્યું હતું. એ માદળિયાને કારણે વધુ સ્પષ્ટતાથી તેનો આકાર કળી શકાતો હતો. એ આદમી ઝાંપામાંથી બહાર આવીને રસ્તા પર હાઈ-વે તરફ જતી દિશાએ થોડું ચાલ્યો. અશોક પણ મોટર સાઇકલ પરથી ઊતરીને થોડું ચાલ્યો. પેલો આદમી દેખાતો બંધ થયો ત્યાં સુધી તે જોઈ રહ્યો.

‘કિલ્લામાં રહેતો કોઈ દેહાતી નોકર હશે !’ તેણે મનમાં જ વિચાર કર્યો. તેણે ફરી ઘડિયાળ જોઈ. હરીશ હજુ આવ્યો ન હતો. તે પાછો મોટર સાઇકલ પર જઈને બેઠો. સિગારેટ સળગાવવાનો વિચાર તેણે માંડી વાળ્યો. બીજી ચાર-પાંચ મિનિટો વીતી હશે, ત્યાં વળી પાછી એ ઝાંપા પાસે તેણે કંઈક હિલચાલ થતી સાંભળી. તેણે કાન સરવા કર્યા. ફરી મોટર સાઇકલ પરથી ઊતર્યો.

ઝાંપાની બાજુના એક તોતિંગ પિલર આગળ તેણે બે આકારો જોયા. અંધારામાં તે સ્પષ્ટતાથી જોઈ શકતો ન હતો, છતાં તેને એમ લાગ્યું કે એ બેમાંથી એક સ્ત્રી હતી. પણ તે નક્કી કરી ન શક્યો. કારણ એ બંને જણે જ્યાં બેઠાં હશે ત્યાંથી કેવળ જગ્યાઓ જ બદલી હતી. એ બંને જણ ઝાંપાના પિલરની પાછળની ચોકિયાતની ગોળ કોટડીના પગથિયે બેઠાં હશે તેવું તેણે અનુમાન કર્યું. તેને ખૂબ મન થયું કે થોડું ચાલીને તે જોઈ આવે કે એ લોકો કોણ છે, પરંતુ મહાપ્રયત્ને તેણે પોતાની જિજ્ઞાસા દબાવી રાખી. બીજી ત્રણ-ચાર મિનિટ વીતી હશે ત્યાં જ રસ્તા પર ગયેલો માણસ દોડતો પાછો આવ્યો. અશોક મોટર સાઇકલની બાજુમાં ઝાડીના ઓછાયે ઊભો રહ્યો.

પેલો દોડતો આવેલો આદમી ઝાંપાની અંદર ઘૂસ્યો. રાતના સન્નાટામાં તેણે કંઈક શબ્દો ઉચ્ચાર્યા, પણ અશોક તે સમજી ન શક્યો, પણ એ સમજવાની જરૂર ન હતી. બીજી મિનિટે અશોકને ખ્યાલ આવ્યો હતો કે એ આદમી શું બોલ્યો હશે, કારણ તેણે મોટરનો અવાજ સાંભળ્યો હતો. અંધારામાં તદ્દન ધીરેથી ઍમ્બેસેડર ત્યાં આવી રહી હતી. ઝાંપાની

સામે વડના થડની બાજુમાં, પથ્થરની બાંધેલી છત્રી પાસે આવીને ઍમ્બેસેડર ઊભી રહી... અશોક ધીરેથી અંધકારમાંથી બહાર આવ્યો.

'અશોક....!' હરીશે પૂછ્યું. હરીશને ડ્રાઈવર સીટના ડોરમાંથી બહાર ઊતરવાનું હતું. પરિણામે એ મોટરનો દરવાજો મહેલમાં જવાના ઝાંપા તરફ હતો. અશોકે તે તરફ જવાને બદલે હરીશને ડાબી તરફના બારણે આવવા દીધો.

'માઈ ગૉડ... હરીશ, કેટલી વાર કરી ?' અશોક બોલ્યો. પરંતુ હરીશ જવાબ આપે તે પહેલાં અશોકે તેનો હાથ પકડ્યો. 'ત્યાં સામેના ઝાંપા પાછળ કોઈ આદમીઓ છે. અને આઈ થિન્ક એક ઓરત પણ છે.'

'ક્યાં ?' હરીશે પૂછ્યું. અશોકે આંગળી ચીંધીને બતાવ્યું.

'કેર હેન્ગ,' તે બોલ્યો, 'હું જે પરિસ્થિતિ વટાવીને આવ્યો છું તેનાથી વધારે ખરાબ કશું બનવાનું નથી.' હરીશે કહ્યું.

'કેમ શું થયું ?'

'હાઈ-વે પેટ્રોલ....' હરીશે બોલ્યો. 'પણ એ વાત પછી પહેલાં લેટ અસ ફિનિશ વિથ અવર જૉબ....'

'પણ પેલા માણસો કોણ છે તે આપણે જાણવું જોઈએ ને !'

'પહેલાં આપણું કામ... તું એક કામ કર. તું એ ઝાંપા તરફ ધ્યાન રાખ. હું અહીં પતાવું છું.' હરીશે કહ્યું. તેણે પાછળી સીટવાળું બારણું ખોલ્યું. નોટોના બંડલોથી આખા ભરાયેલા બે થેલા હડસેલીને તેણે બીજા બે થેલા ઉઠાવ્યા. એકમાં દસ લાખ ઉપરાંત જે વધારાની નોટો હતી, તે હતી અને બીજામાં લૉકરોમાંથી જે સામાન તેમણે ઉઠાવ્યો હતો તે હતો.

લૉકરોમાંથી ઘણી બધી ચીજો તેમના હાથમાં આવી હતી. તેમાંથી રોકડ અને ઘરેણાંના અડધા ભાગ જેટલી ચીજો બીરેન માટે તૈયાર કરવામાં આવેલા થેલાઓમાં નાખીને બાકીની વસ્તુઓ, કાગળિયા, ડાયરી વગેરે બીજા પોતાને લઈ જવાના એક થેલામાં ઠાલવીને હરીશે ઝડપથી એ થેલાનાં નાકાં બાંધ્યાં.

મોટરનું બૂટ ખોલીને તેમાં જોયું. રસ્સાના બે-ત્રણ ટુકડા તેમાં મૂકેલા ટાયરની નીચેથી તેણે ખેંચ્યા, અને થેલો મોટર સાઈકલ પર બાંધ્યો.

'તું મોટરને લૉક કરી દે.' તેણે અશોકને કહ્યું. અશોકે ઝડપથી મોટરનાં બારણાં ધડાધડ લૉક કર્યાં. ઇગ્નિશનમાંથી ચાવી કાઢીને તેણે ડ્રાઈવર-ડોર લૉક કર્યું.

'કમ-ઑન...' હરીશ બોલ્યો અને તેણે મોટર સાઈકલ સ્ટાર્ટ કરી. અશોકે મહામુસીબતે પાછળ કેરિયર પર બાંધેલા થેલા પરથી પગ ઓળંગાવીને બેઠક લીધી.

'પેલા માણસો....' જર્ક સાથે મોટર સાઈકલ ઊપડી ત્યારે અશોક બોલ્યો.

'એ પછી...' હરીશે કહ્યું. અને મોટર સાઈકલ રસ્તે પડી.... તેણે હાથે કરીને ગાડી રેઇઝ કરી હતી. થોડે દૂર વળાંક પાસે હાઈવેની નજીક પહોંચીને હરીશે એકાએક ગાડીને ખાડામાં લીધી અને રસ્તા પરના આવળના પ્લાન્ટેશનની વચ્ચે જઈને ઊભી રાખી.

'શું કરે છે હરીશ ?' અશોક બોલી ઊઠ્યો.

'લેટસ સી...'

'શું ?' અશોકે પૂછ્યું.

'કોણ એ ગાડી લઈ જાય છે.' હરીશ બોલ્યો.

**

આવળના ઝુંડની વચ્ચે, બોરડી અને હાથલા થોરની ઝાડી પાછળ મોટર સાઈકલ છુપાવીને, ઘેરા અંધકારમાં બન્ને મિત્રો રાહ જોતા ઊભા રહ્યા. પંદરેક મિનિટ બાદ ઍમ્બેસેડર ગાડીના મશીનનો અવાજ સંભળાયો. હાઈ-વે પરથી એક ટ્રક પસાર થઈ. એનું અજવાળું રસ્તા પર રેલાયું. અશોક અને હરીશ ઝૂકીને ઝાડીમાં છુપાયા. દેલવાડાના રસ્તા પરથી તદ્દન ધીરી ગતિએ, અંધારામાં જ હેડલાઈટ્સ સળગાવ્યા વગર ઍમ્બેસેડર હાઈ-વે તરફ આવી.

'ધ બ્લડી ડેવિલ્સ...' ગાડીના મશીનનો અવાજ સાંભળીને હરીશ બબડ્યો. 'કમબખ્તો હેડ-લાઈટ્સ સળગાવે નહિ તે તો સમજવા જેવી બાબત છે. પણ આમ ફર્સ્ટ ગિયરમાં ગાડી શું કામ ચલાવતા હશે ?'

ગાડીનો અવાજ વધુ નજીક આવ્યો. ઉદેપુરથી નાથદ્વારા જતી કોઈ મોટર રસ્તા પરથી પસાર થઈ. રિફલેક્સ ઍક્શનની માફક જ બન્ને દોસ્તોએ માથાં નીચાં કર્યાં. તે અશોકે બેચાર આવળના છોડ ઉખાડીને મોટર સાઈકલની ચળકતી ટાંકી પર નાખ્યા. તે બન્નેને જિજ્ઞાસા હતી. તેમને જોવું હતું કે મોટર કોણ લઈ જાય છે.

'આપણને કશું દેખાવાનું નથી. એ લોકો હાઈ-વે પર આવતાંવેંત સ્પીડ પકડશે.' અશોક બોલ્યો. પણ હરીશનું ધ્યાન દૂરથી આવતા મશીનના અવાજ તરફ કેન્દ્રિત થયેલ હતું.

થોડી જ વારમાં ઍમ્બેસેડર દેલવાડા તરફ ઢળતા રસ્તેથી હાઈ-વે પર આવી અને તે સાથે જ તેની હેડલાઈટ્સ ઑન થઈ. આજુબાજુ અજવાળું પથરાયું અને ગાડીનો ગિયર બદલાયો. મશીનમાં થોડુંક 'નૉકિંગ' થયું.

બરાબર બીજી જ મિનિટે સામેથી રસ્તા પરના વળાંક પાસેથી બીજી મોટરની હેડ-લાઇટ્સનું અજવાળું પડ્યું. એ અજવાળું લગભગ એકાદ કિલોમીટર દૂરથી પડતું હતું.

'માઈ ગૉડ...' હરીશ બોલી ઊઠ્યો. અને તે જ વખતે તે બન્ને સંતાયા હતા ત્યાંથી થોડેક છેટે ઍમ્બેસેડર ઊભી રહી ગઈ...' માઈ ગૉડ....' હરીશ ફરી બબડ્યો.

'શું થયું ?' અશોકે પૂછ્યું.

'પોલીસ જીપ.'

'ન હોય !' અશોકે ઉદ્‌ગાર કાઢ્યો.

'એકે દસ જાય... પોલીસ જીપ સામેથી આવી રહી છે.' હરીશ બોલ્યો. હેડલાઇટ્સની ગોઠવણી પરથી કોઈ પણ ગાડીનો પ્રકાશ હરીશ ઓળખી શકતો. નજીક નજીક ગોઠવેલી જીપની હેડ-લાઇટ્સ કળી લેવી તેને માટે આસાન હતી. બન્ને મિત્રો અધ્ધર જીવે રસ્તાના અંધકારને ચીરીને ઊભી રહી ગયેલી ઍમ્બેસેડર તરફ જોઈ રહ્યા હતા.

દૂરથી આવતા અજવાળામાં રસ્તા પર ઊભી રહી ગયેલી ઍમ્બેસેડર સ્પષ્ટ દેખાતી હતી. ઍમ્બેસેડરના ટૉપ પર કેરિયર સાથે લાકડાના થાંભલાઓ જેવી કંઈક ચીજો બાંધેલી તેમને દેખાઈ. ડ્રાઇવર સીટમાં કોઈક આદમી બેઠો હતો. તેની બાજુમાં કોઈ છોકરી હતી અને પાછળના ભાગમાં રસ્તા તરફની બાજુએ ખોખાં જેવી કોઈ ચીજો ખડકાયેલી હતી. અને તેની બીજી તરફ ખૂણે એક દેહાતી બેઠો હતો.

'અશોક.... કમબખ્તો શું ભરી લાવ્યા છે ?' હરીશે કહ્યું.

'ખબર નથી પડતી. કેરિયર પર કશુંક કબાટ જેવું લાગે છે.'

'લાકડાના મોભ જેવું કંઈક છે.' હરીશે કહ્યું.

એ બન્ને જણ વાત કરતા હતા ત્યાં જ ડ્રાઇવર નીચે ઊતર્યો. તેણે ગાડીની પાછળ જઈને ડીકી ખોલી અને અંદર કંઈક ગડમથલમાં પરોવાયો. પેલી જીપનું અજવાળું હવે તદ્દન નજીક આવી ગયું હતું. અને આખી ગાડી સ્પષ્ટ દેખાતી હતી. અલબત્ત ગાડીમાં બેઠેલા કોઈના ચહેરા સ્પષ્ટ દેખાતા ન હતા. સેકંડો પછી છોકરી પણ નીચે ઊતરી... તે સાથે સામેથી આવતી જીપ નજીક આવી...

'યૂ આર રાઈટ.... હરીશ.' અશોક બોલ્યો. 'ઈટ ઈઝ એ જીપ....'

'એ પુલીસ જીપ...' હરીશે જવાબ આપ્યો.

'એ લોકો ઝડતી લીધા વગર નહિ રહે. સારું થયું આપણે અહીં જ રોકાયા, નહિ તો આપણે ઝડપાયા હોત...' અશોક બોલ્યો.

હરીશે કંઈ જવાબ ન આપ્યો. ઍમ્બેસેડરની પેલી તરફ, ડ્રાઇવર સીટમાંથી ઊતરેલો આદમી અને પેલી છોકરી ચાલ્યાં ગયાં હતાં એટલે એ લોકો શું કરે છે તે દેખાતું ન હતું. જીપ આવીને ઊભી રહી. તેમાંથી કમાન્ડોઝની ઝડપે પોલીસ કૉન્સ્ટેબલ ઊતર્યા. ડ્રાઇવરની બાજુમાં બેઠેલો ઈન્સ્પેક્ટર કે સબ-ઈન્સ્પેક્ટર પણ નીચે ઊતર્યો. સામસામી અથડાતાં, બન્ને મોટરોના અજવાળામાં ફરતા કાળા પડછાયાની જેમ એ લોકો દેખાતા હતા. અશોકનો હાથ દબાવીને હરીશ ધીરેથી ઝાંખરાંઓ વચ્ચેથી રસ્તો કરીને થોડાં કદમ આગળ ગયો.

પોલીસ ઈન્સ્પેક્ટરના હાથમાં પિસ્તોલ હતી અને બધા કૉન્સ્ટેબલ્સ પાસે રાઈફલો હતી.

'ઝડતી લો...' ઈન્સ્પેક્ટરનો અવાજ જાણે એક માઈલ દૂરથી આવતો હોય તેમ સંભળાયો. ઍમ્બેસેડરની પાછળના ભાગમાંથી પેલો ડ્રાઇવર સામે આવ્યો.

'ગુડ ઈવનિંગ ઈન્સ્પેક્ટર...' રાત્રિના સન્નાટામાં તેનો અવાજ સંભળાયો.

'અમારે ગાડી તપાસવી પડશે.' ઈન્સ્પેક્ટર બોલ્યો. તેનો અવાજ ઘેરો છતાં થાકેલો હતો.

'તપાસવી પડશે ?' ઍમ્બેસેડરમાંથી ઊતરેલો ડ્રાઇવર બોલ્યો, 'તો તપાસો. પણ મારે જાણવું જોઈએ ને કે ગાડી શા માટે તપાસવી પડશે ?'

'તમને ખબર નથી ? ઉદેપુરમાં ભયાનક લૂંટ થઈ છે તે ?' ઈન્સ્પેક્ટરે સવાલ કર્યો. હરીશ અને અશોકને આવી તંગ પરિસ્થિતિમાં પણ હસવું આવ્યું.

'એનો અર્થ એ જ કે પ્રથમ દૃષ્ટિએ ઈન્સ્પેક્ટરને શક પડ્યો નથી.' અશોક બોલ્યો, 'નહિ તો તે આવો પ્રશ્ન ન પૂછત.'

'શું કહો છો ઈન્સ્પેક્ટર ! લૂંટ થઈ છે ? ઉદેપુરમાં ક્યાં આગળ ?' ઍમ્બેસેડરના ડ્રાઇવરે પૂછ્યું. પેલી છોકરી તેની બાજુમાં આવીને ઊભી રહી. ત્રીજો દેહાતી આદમી અંદર જ બેસી રહ્યો હતો.

'બૅન્ક ઑફ મેવાડ લૂંટાઈ છે. લાખ્ખો રૂપિયા લૂંટાયા છે... વેલ... આ ઉપર શું છે ?'

'લાકડાની નકશીવાળા થાંભલા છે. અને અંદર ટોડલા અને ટેકા છે... યૂ. સી. આર્કિયૉલૉજિક ડિપાર્ટમેન્ટ. ઝડતી ખુશીથી લઈ શકો છો. તમે કહેતા હો તો આ લાકડાનાં ગચ્ચાં નીચે ઉતારીએ.'

'નહિ... નહિ... મારા કૉન્સ્ટેબલો જોઈ લેશે.' ઈન્સ્પેક્ટરે કહ્યું.

કૉન્સ્ટેબલો ગાડી ચેક કરવામાં પરોવાયા. હરીશ અને અશોક અધ્ધર જીવે જોઈ રહ્યા.

'એ લોકો લૂંટનો માલ દેલવાડાના ગઢમાં જ ક્યાંક સંતાડીને આવ્યા લાગે છે.' અશોક બોલ્યો.

'નહિ અશોક, માલ ગાડીમાં જ છે.' હરીશ કહ્યું.

'પણ તો પછી પકડાયા વગર રહેવાના નથી.' અશોક બોલ્યો.

'તેમનાં નસીબ...' હરીશે કહ્યું.

'અને આપણાં નહિ ? એ લોકો પકડાશે તો બીરેન ભટ્ટાચાર્ય પકડાશે અને એ પકડાશે તો ગોવિંદ પકડાશે અને પછી આપણે....' અશોકે કહ્યું.

એક પોલીસ કૉન્સ્ટેબલ, ઍમ્બેસેડરનું બારણું ખોલીને તેના ફૂલોર પર ચડીને કેરિયર પણ ગોઠવેલા લાકડાના થાંભલા તપાસી રહ્યો હતો. બીજા બે જણ પાછળ મૂકવામાં આવેલા લાકડાના ટુકડા આઘાપાછા કરતા હતા.

'સિગારેટ પીશો ?' તરુણ મજુમદાર તરીકે પોતાની જાતને ઓળખાવનારા ઍમ્બેસેડરના ડ્રાઈવરે કહ્યું. અને સિગારેટનું પાકીટ ધર્યું. તેની સાથેની છોકરી ઝડતી લેતા કૉન્સ્ટેબલોને જોઈ રહી હતી.

'એય તું નીચે ઊતર.' અંદર બેઠેલા દેહાતીને એક કૉન્સ્ટેબલે નીચે ઉતાર્યો. પેલો તદ્દન મૂંગા પ્રાણીની જેમ નીચે ઊતર્યો.

'આ કોણ છે ?' ઈન્સ્પેક્ટરે પૂછ્યું.

'એ અમારો ગાઈડ છે, સાંકો. અમારે આખો દિવસ આ તરફ જંગલમાં ફરવાનું રહે છે એટલે દેહાતી ગાઈડની ગરજ રહે છે...' તરુણે જવાબ આપ્યો.

'તમે ગાડી અહીં ઊભી કેમ રાખી હતી ?'

'ગાડીમાં ભાર વધારે છે અને મશીન વારંવાર ગરમ થઈ જાય છે. અને આમેય અમારે કોઈ ઉતાવળ તો હોતી નથી.' તે બોલ્યો. દરમ્યાનમાં મોટરમાંથી સામાન ઉતારવામાં આવ્યો. બરાબર ઝડતી લેવાઈ, પણ મોટરમાંથી કંઈ મળ્યું નહિ. થોડી વારની ઔપચારિક વાતચીત પછી ઈન્સ્પેક્ટરે અંગ્રેજીમાં વિવેકથી તકલીફ આપવા બદલ દિલગીરી વ્યક્ત કરી. કૉન્સ્ટેબલ્સ ગાડીમાં ગોઠવાયા. ઈન્સ્પેક્ટર બેસવા જતો હતો ત્યાં જ તરુણે પૂછ્યું :

'ઈન્સ્પેક્ટર, તમે સાથે એક્સ્ટ્રા ગૅસ રાખો છો ? મને લાગે છે અમારે ગાડીમાં થોડું પેટ્રોલ નાખવું પડશે.' તરુણ બોલ્યો.

'નાથદ્વારા સુધી પહોંચશે નહિ ! ત્યાં નાકા પર જ પેટ્રોલ પંપ છે.' ઈન્સ્પેક્ટરે જવાબ આપ્યો. 'અમારી પાસે યૂજ્વલી એક ટિન હોય છે. પણ આ રસ્તે બે પેટ્રોલ પંપ છે એટલે ગમે ત્યારે પુરાવી લેવાય. બિલકુલ પેટ્રોલ ખલાસ થયું હોય તો તમે મારી સાથે ચાલો... હું ઉદેપુર જાઉં છું.'

'નહિ, મને લાગે છે કે નાથદ્વારા સુધી તો પહોંચી જશે.' તરુણ બોલ્યો. અને ગુડનાઈટ કહીને ઈન્સ્પેક્ટરે જીપ ઉપાડવાનો હુકમ આપ્યો. તે થોડી વાર જીપને જતી જોઈ રહ્યો.

'ધૅટ વૉઝ વેરી ક્લોઝ' હરીશ અને અશોકના આશ્ચર્ય વચ્ચે ખુલ્લા બદનવાળો દેહાતી બોલ્યો. એ સાંભળીને ત્રણે જણ હસ્યાં. એ હાસ્યમાં છુટકારાનો દમ હતો. ફરી એક વાર ત્રણે જણ ઍમ્બેસેડરમાં ગોઠવાયાં. ગાડી સ્ટાર્ટ થઈ... અને ધીરેથી ઊપડી... રાજસ્થાનના એ અંધકાર મઢ્યા રસ્તાને વીંધતા હેડલાઈટ્સના પ્રકાશમાં ઍમ્બેસેડર કોઈ હરખાતી મહારાણીની જેમ ચાલી ગઈ.....

**

હરીશ અને શેખાવત બંને પણ રાહત અનુભવતા રસ્તા પર આવ્યા. ઝાડીમાં નાખેલી મોટર સાઈકલને રસ્તા પર લાવીને તેમણે કેરિયર પર બાંધેલા થેલાને સરખો કર્યો. મોટર સાઈકલમાં પેટ્રોલ ઓવર-ફ્લો થયું હતું એટલે સ્ટાર્ટ કરતાં થોડો સમય થયો. આખરે મોટર સાઈકલ સ્ટાર્ટ થઈ અને બંને જણ ઍમ્બેસેડર ગઈ હતી તે રસ્તે જ આરામથી ચાલ્યા.

'કમબખ્તોએ માલ ક્યાં છુપાવ્યો હશે ?' અશોકે પૂછ્યું.

'હું તને કહું ? એ ગાડીમાં ક્યાંક સિક્રેટ કમ્પાર્ટમેન્ટ હોવું જોઈએ અથવા તો પેલા થાંભલા જેવા જે નકશીદાર લાકડાં હતાં ને તેમાં જ બધો માલ ઘુસાડેલો હશે.' હરીશે જવાબ આપ્યો.

'ગમે તે હોય... એ ત્રણે હતાં ખરેખર કટ્ટર.... બાકી આપણા તો રામ રમી ગયા હોય.' અશોકે કહ્યું.

'તું જાડિયો છે એટલું જ, બાકી છું સાવ નરમ ઘેંશ.' હરીશે હસીને કહ્યું.

'તારી વાત તો સાચી છે.' અશોકે એકરાર કર્યો.

બન્ને મિત્રો મોટર સાઈકલ પર જ વાતે વળગ્યા. તેમને આખાય ઑપરેશનમાં આ વાત અચરજભરી લાગતી હતી. 'એક વાત નિશ્ચિત છે. આ નક્સલવાદીઓ પ્લાનિંગ બરાબર કરી જાણે છે. જોંગા લાવનારા જુદા, ઍમ્બેસેડર લાવનારા નોખા, માલ લઈ જનારાય જુદા. એકમેકને ક્યાંય અથડાવાનું નહિ, મળવાનું નહિ અને છતાંય કામ બરાબર પાર પડે.'

'એમ ન કરે તો કામ થાય જ નહિ ને ! વળી એમની પાસે મૂઠીભર માણસો છે.' હરીશે સાખ પુરાવી અને મોટર સાઇકલની રફતાર તેજ કરી.. જોતજોતાંમાં તે નાથદ્વારા પહોંચ્યા. શ્રીજી ગેસ્ટ હાઉસના કાઉન્ટર પર બે નોકરો બેઠા હતા. અશોક કાઉન્ટર પર ગયો. તેણે નોકરો સાથે એક મિનિટ વાત કરી. ચાવી લીધી. દરમ્યાનમાં હરીશે મોટર સાઇકલ પરથી થેલો ઉતાર્યો અને બન્ને જણા એમની રૂમમાં ચાલ્યા ગયા. અશોક શેખાવત રાબેતા મુજબ ભૂખ્યો થઈ ગયો હતો. તેણે ચાવી લેતી વખતે જ ખાવાનો ઑર્ડર આપ્યો હતો. થોડી વારમાં ઢાંકેલી થાળીઓ લઈને ગેસ્ટ હાઉસનો નોકર આવ્યો. બન્ને દોસ્તો જમ્યા. નોકર થાળીઓ લઈ ગયો પછી હરીશે બારણું બંધ કર્યું અને થેલો ખોલ્યો. બન્ને મિત્રોએ રૂપિયા ગણ્યા. ચાર લાખ સાત હજાર એકસો રૂપિયાની નોટો હતી. હરીશે પોતાની સૂટકેસ ખાલી કરીને કપડાં થેલામાં નાખ્યાં અને નોટો સૂટકેસમાં ગોઠવી. લૉકરોમાંથી નીકળેલો સામાન તપાસ્યો.

તેમને કયા લૉકરમાંથી શું નીકળ્યું હતું તે યાદ ન હતું. બૅન્કની લૂંટના સમયે અશોક લૉકર તોડવામાં પરોવાયેલો રહ્યો હતો. હરીશ તો બહાર જ હતો. પણ તે દિવસે રાત્રે શ્રીજી ગેસ્ટ હાઉસના કમરામાં બળતા સાઠ વૉટના દીવાને અજવાળે તેમણે જે ચીજો જોઈ તે કોઈને પણ થડકાવી નાખે તેવી હતી. હીરાનાં પડીકાં, જાતભાતના છ નેકલેસ, સોનાનાં કડાં, નક્કર હાંસડીઓ, ત્રણ-ચાર ડાયરીઓ, બે ફાઈલો, કોઈના પ્રેમપત્રોની થોકડી, એક પૅકેટમાં ભરેલા નગ્ન ફોટા, પ્રૉમિસરી નોટો વગેરે ચિત્રવિચિત્ર ચીજો હતી. બન્ને મિત્રો અચરજથી એ બધું જોઈ રહ્યા.

'આપણે બૅન્ક લૂંટવાની જરૂર જ ન હતી.' હરીશ બોલી ઊઠ્યો. ત્યાં કમરાની વચ્ચે નાના ઢગલાઓમાં જુદી પાડેલી ચીજો તરફ હાથ કરીને તેણે કહ્યું. 'આટલી જ ચીજોમાંથી આપણે પચાસ લાખથી વધુ રૂપિયા પેદા કરી શકત....'

'માઈ ગૉડ....' અશોક બોલી ઊઠ્યો. 'મોટા લોકોના ભીતરી જીવનનો ખ્યાલ મેળવવો હોય તો તેમનાં લૉકરો તપાસવાં જોઈએ.'

'અશોક, તને સમજાય છે ! આપણી પાસે આખા રાજસ્થાનને હચમચાવે તેવી ચીજો છે. હવે બીરેન ભટ્ટાચાર્યને તેના કામ માટે પૈસાનો તોટો નહિ રહે. કોઈ જોખમ લેવાનું નહિ રહે. આપણે ધારીશું ત્યારે પૈસા પેદા કરી શકીશું.'

'પણ કેવી રીતે...?' અશોકે પૂછ્યું. 'મને નથી લાગતું આ હીરા અને ઘરેણાં એટલાં બધાં કીમતી હોય.'

'અરે ડફોળ, હીરા કે ઘરેણાં કરતાં આ બીજી ચીજો ઘણી કીમતી છે....' હરીશ બોલ્યો. 'એમ જ સમજને, નોટો પાડવાનું મશીન જ આપણે કબજે આવી ગયું છે... વી વિલ બી એબલ ટુ બ્લીડ ધીઝ રાસ્કલ્સ... તું જો તો ખરો આ ફોટા...'

અશોક જોઈ રહ્યો. અને ધીરેથી બોલ્યો, 'ડૉન્ટ બી સિલી, હરીશ... આ બધી ચીજો દ્વારા તું શું આ લોકોને બ્લૅકમેલ કરવાની વાત કરે છે ?'

'નહિ તો શું ?'

'વાહ... વાહ... શું તારી બુદ્ધિ લડે છે ! તું જે મિનિટે બ્લૅકમેલ શરૂ કરે તે જ મિનિટે પકડાયા વગર રહે ખરો !'

'મતલબ ?' હરીશે પૂછ્યું.

'મતલબ એટલી જ કે તે જ મિનિટે ખબર પડે કે બૅન્ક ઑફ મેવાડ લૂંટવામાં તું સામેલ હતો...' અશોકે કહ્યું અને હરીશ વિચારમાં પડી ગયો.

'તારી વાત ખોટી નથી, લિયો.' તેણે અશોકને કહ્યું.

'મારું તો કહેવું છે આપણે આ ચીજો બાળી નાખવી જોઈએ.'

'આપણે ગોવિંદને પૂછીશું.'

'એ પણ એમ જ કહેશે.'

'પણ અશોક, આ બધી ચીજો તો સોનાની મરઘી જેવી છે... વી કાન્ટ જસ્ટ ડિસ્ટ્રૉય ધેમ.....'

'આપણે વિચારવું પડશે.' હરીશ દ્વિધામાં મુકાયો હતો, પણ એક વાત નક્કી હતી કે તે હાથમાં આવેલી આવી બૉમ્બ જેવી ચીજો ગુમાવવા તૈયાર ન હતો. 'આપણે થોડા દિવસ આ ચીજો ક્યાંક છુપાવી રાખીશું. પછી નિર્ણય લઈશું.'

અશોકે તેનો વિરોધ ન કર્યો. બધું જ પૅક કરીને બંને મિત્રો સૂઈ ગયા. તેમના મગજ પરથી તનાવ ઓછો થઈ ગયો હતો. છેલ્લા અઠવાડિયાથી તેમની નસો ખેંચાયેલી રહેતી હતી. આજે તેઓ કંઈક મુક્તિ અનુભવતા હતા. અલબત્ત, હરીશને ક્યાંય સુધી ઊંઘ આવી નહિ. મોડે સુધી તેને તંદ્રામાં આમતેમ દોડતા લોકો, મિસિસ સ્વરૂપની ચીસ, બૅન્ક ઑફ મેવાડમાં ભજવાયેલું ખૂનખાર દશ્ય, પોલીસ જીપોની દોડાદોડ અને દૂર સરી જતી ઍમ્બેસેડરની લાલ લાઈટ્સ દેખાતી રહી.

**

બીજા દિવસનાં છાપાંઓ લૂંટના સમાચારોથી ભરાઈ ગયાં હતાં. મોટાં મોટાં હેડિંગો સાથે રાજસ્થાન તેમ જ બહારનાં અખબારોમાં પ્રથમ પાને લૂંટના સમાચારો ચમક્યા હતા. ઈન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ જાતે ઉદેપુર આવી પહોંચ્યા હતા અને પોલીસ તપાસ લૂંટના કલાકોમાં શરૂ થઈ હતી. આખા રાજસ્થાનમાં ઠેર ઠેર ચાંપતી તપાસ શરૂ થઈ હતી. ભૂતકાળમાં બનેલા ગુનાઓ અને લૂંટારાઓની ફાઈલો ઉઘાડવામાં આવી હતી...

હરીશ અને શેખાવત કોઈ પણ તકલીફ વગર ઉદેપુર પહોંચ્યા હતા. બન્ને મિત્રોએ સવારે નક્કી કર્યું હતું કે હરીશ પોતાના ઘરમાં જ લૂંટમાં મળેલી અને બાકી રાખેલી નોટો રાખશે. લૉકરમાંથી મળેલા દાગીના ક્યાંક સંતાડી આવશે અને એ સિવાયની બધી ચીજોનો નાશ કરશે. ગોવિંદ ભંડારી કે ચંદન નામેચા ઉદેપુરમાં બેત્રણ અઠવાડિયાં પહેલાં પાછા આવવાના ન હતા એટલે તેમની સલાહ લેવાનો સવાલ જ ન હતો. અશોકને ઉતારીને હરીશ પોતાને ઘેર પહોંચ્યો હતો. તેણે સૂટકેસમાંથી રૂપિયાની નોટો કાઢીને, તેના મહેલ જેવા મોટા ઘરના એક વૉર્ડરોબમાં ગોઠવી હતી. અને બાકીની ચીજો પોતાના ડાર્કરૂમના કબાટમાં મૂકી હતી. તે આખો દિવસ તે ઘરમાં રહ્યો હતો. તેણે લૉકરોમાંથી મળેલી ચીજો ફરી ફરીને તપાસી હતી. તેમાંની કેટલીક ચીજો તેણે જુદી તારવી હતી. એ જુદી તારવેલી ચીજો તેણે એક ખોખામાં પૅક કરી હતી. ખોખાને પૉલિએથિલીનમાં નાખીને તેણે સરસ મજાનું પૅકેટ બનાવ્યું હતું જ્યારે બાકીની કેટલીક ચીજો, ડાયરીઓ, કાગળ વગેરે એક કાપડની થેલીમાં ભર્યું હતું. એ બધું તે પોતાના કંપાઉન્ડમાં આવેલા ગોબરગૅસ પ્લાન્ટમાં બાળી આવ્યો હતો. તે દિવસે સાંજે તે થોડો સમય બહાર ફરી આવ્યો હતો. આખા ઉદેપુરમાં જ્યાં ને ત્યાં આ લૂંટની વાત ચર્ચાતી હતી. તેને બૅન્ક ઑફ મેવાડ પાસે જવાનું ખૂબ મન થયું પણ તેણે એ ઇચ્છા દબાવી રાખી. 'એ ક્રિમિનલ ઑલ્વેઝ પેઝ એ સેકન્ડ વિઝિટ ઍટ ધ સીન ઑફ ધ ક્રાઇમ'. એ સૂત્ર ખૂબ સાચું હતું. અને એટલે જ તે અટક્યો હતો. ગુનાની જગ્યા પર જવાનું અને ત્યાં શું થઈ રહ્યું છે તે જોવાનું મન દરેક ગુનેગારને થાય તે જેટલું સ્વાભાવિક છે તેટલું જ ખતરનાક છે. બાહોશ પોલીસ અફસરો એ વાત જાણતા જ હોય છે એટલે જ ગુનાના સ્થળની આજુબાજુ હંમેશ પોલીસની તેજ નજર ફરતી રહે છે.

**

જિગર ખૂબ જ આસાનીથી બજોટા પહોંચ્યો હતો. એ આખો દિવસ તેણે અદાના મિત્રો અને ગામના વિવિધ લોકોને મળવામાં વિતાવ્યો હતો. બપોર પછીની બસ ગામમાં આવી ત્યારે જ બજોટામાં લૂંટના સમાચાર આવ્યા હતા અને વાયુવેગે એ સમાચાર આખા ગામમાં પ્રસર્યા હતા. ઉદેપુરથી ગામના જે લોકો બજોટા આવ્યા હતા તે સૌની આસપાસ બસસ્ટેન્ડ પર જ લોકોનાં ટોળાં પૂછપરછ કરતાં ખડાં થઈ ગયાં હતાં. અને જાણે એ લોકોએ જાતે જ બૅન્ક ઑફ મેવાડની લૂંટ થતી જોઈ હોય તેમ એ સૌ વાત કરતા હતા. કેટલાક લોકોએ જિગરને પણ પૂછ્યું હતું. પણ જિગરે સૌને એક જ વાત કહી હતી કે તે કમનસીબ છે કે લૂંટનું દૃશ્ય જોવા તે ઉદેપુરમાં હાજર ન હતો. બજોટામાં રહેતા અને માલસામાનની ખરીદી માટે ક્યારેક ઉદેપુર જતા લોકોને ગર્વ થતો હતો કે જિગર જેવા ઉદેપુર શહેરમાં જ રહેતા આદમીને બજોટાના લોકો ઉદેપુરના સૌથી સનસનાટીભર્યા

સમાચાર આપી રહ્યા છે. તે દિવસે બજોટાના ઘરેઘરમાં લૂંટની ચર્ચા થતી રહી. લૂંટ દરમ્યાન એક ઓરતને પ્રસૂતિ થઈ ગઈ હતી તેનું અતિશયોક્તિભર્યું વર્ણન પણ ઠેર ઠેર થતું હતું. લૂંટારાઓએ બેફામ ખૂનો કરીને કરોડો રૂપિયા લૂંટ્યા છે તેવી વાતો બજોટાના રહીશોમાં થતી રહી. જિગર આ બધું સાંભળીને કંઈક થડકાટ અને કંઈક આનંદની લાગણી અનુભવતો હતો.

તે દિવસે રાત્રે તેને બિલકુલ ઊંઘ આવી નહિ. તેને આખી રાત એક જ પ્રશ્ન સતાવ્યા કરતો રહ્યો : હરીશ અને અશોકે બાકીનું કામ સલામત રીતે પાર પાડ્યું હશે કે નહિ ? રાત્રે છેલ્લી મોટર આવી ત્યાં સુધી લૂંટ સિવાયના બીજા કોઈ સમાચાર ન હતા.

બીજે દિવસે સવારે છાપામાં આવેલા સમાચારોથી ફરી એક વખત બજોટા ગામમાં સનસનાટી મચી હતી. આમેય નાના ગામમાં ક્યારેય કશું બનતું નહિ. પરિણામે કોઈ પણ બનાવ બજોટામાં સનસનાટી મચાવી શકતો. જિગર એ બધું સાંભળતો રહ્યો. આખો દિવસ તેના મન પર જબરદસ્ત ભાર રહ્યા કર્યો. તેમણે નક્કી કર્યું હતું તે મુજબ બધું જ પાર પડ્યું હતું છતાં લૂંટનો માલ બરાબર પહોંચ્યો હશે કે નહિ તેની માહિતી વગર જિગર અકળાતો હતો.

ત્રીજે દિવસે સવારે જિગર બસના સમયે બજોટાના બસસ્ટેન્ડ પર ગયો હતો. ત્યાં તેના આશ્ચર્ય વચ્ચે, બજોટાની બસમાંથી હરીશ જૈન ઊતર્યો હતો. તેના હાથમાં એક ઍર-બૅગ હતી. જિગર થડકી ઊઠ્યો. તેમણે નક્કી કર્યું હતું કે જો લૂંટનો પ્લાન સફળ થાય તો ત્યાર પછી કોઈએ એકબીજાને બે અઠવાડિયાં સિવાય મળવાનું નથી. પ્લાન સફળ જાય પછી મળવાની કોઈ જરૂર ન હતી. વળી ગોવિંદ અને નામેચા તો ઉદેપુરની બહાર ચાલ્યા જવાના હતા એટલે તેમને મળવાનો સવાલ જ ન હતો.

બજોટાના બસ-સ્ટૅન્ડ પર પાનના ગલ્લા અને ભજિયાંની લારી વચ્ચે ગોઠવેલી લાકડાની પાટલી પર જિગર બેઠો હતો. તેણે હરીશને બસમાંથી ઊતરતો જોયો. તે ચોંકીને ઊભો થયો. તેને આશ્ચર્ય બે વાતનું હતું. એક તો એ કે હરીશ બજોટા આવ્યો હતો અને બીજું તે ગંદો પાયજામો અને ખમીસ પહેરીને આવ્યો હતો. જિગર તેના હાથમાંનું છાપું પાટલી પર મૂકીને ઊભો થયો અને નજીક ગયો.

'તું મને રામદે મંદિર પાસે મળ... અહીં નહિ.' હરીશ એટલું બોલીને જાણે જિગરને ઓળખતો જ ન હોય તેમ ચાલતો થયો. હાથમાંની ઍર-બૅગમાંથી લાલ ગમચો કાઢીને તેણે માથા પર વીંટાળ્યો અને જયસમન્દને કિનારે આવેલા રામદે પીરના મંદિર તરફ ચાલ્યો. જિગર એક ધબકારો ચૂકી ગયો અને હરીશને ચાલતો જતો જોઈ રહ્યો... શું હશે ? હરીશ શા માટે આવ્યો હશે ?

**

બજોટાનું રામદે મંદિર આમ તો ગામની એક સામાજિક સંસ્થા જ હતી, જ્યાં સાંજ પડ્યે આખા ગામના લોકો ભેગા થતા. પણ સવારના ત્યાં કોઈ ખાસ ભીડ ન હતી. અલબત્ત, બહારગામથી બાધા ઉતારવા આવેલા થોડા લોકો ત્યાં હતા. હરીશ જૈન સીધો મંદિરમાં ગયો. ચંપલ ઉતારીને પગે લાગ્યો. અને પછી લાલ પથ્થરના ખરબચડા પટાંગણની વચ્ચે ઊગેલા પીપળાની આસપાસ બનાવેલા ચોતરા પર બેઠો.

જિગર પરોત ધડકતે હૈયે તેની પાછળ આવ્યો. તેણે આજુબાજુ જોયું. પરગામથી દર્શન કરવા આવેલા થોડા લોકો પડાળીમાં બેઠા હતા. મંદિરના મુખિયાજી ગર્ભદ્વાર આગળ કંઈક આળપંપાળમાં પરોવાયેલા હતા.

'હરીશ... તું અહીંયાં ?.... જિગરે આશ્ચર્યથી પૂછ્યું. 'કંઈ મુસીબત તો નથી પડી ને ?'

'નહિ... જિગર રિલૅક્સ...' જિગરના ચહેરા પર આવેલો આઘાતનો ભાવ હરીશ કળી શક્યો. 'નો પ્રૉબ્લેમ, બધું બરાબર પાર પડ્યું છે. એવરીથિંગ ઓ. કે.'

'માલ ?'

'બીરેનના આદમીઓ લઈ ગયા છે, પણ થોડો મેં રાખી લીધો છે.'

'તેં રાખી લીધો છે એટલે ? આપણે બધો જ લૂંટનો માલ બીરેનને સોંપવાનો ન હતો ?'

'વેલ... વી હૅડ નૉટ ડિસાઈડેડ ઍબાઉટ ધૅટ.... બીરેનને આપણે દસ લાખ રૂપિયા આપવાના હતા. આપણે તેથી વધુ આપ્યા છે. પણ ધાર્યા કરતાં લૉકર્સમાંથી વધુ રકમ અને ઝવેરાત નીકળ્યું છે.' હરીશે કહ્યું.

'પણ તેનું આપણે શું કામ છે ?' જિગર ખિન્નતાથી બોલ્યો.

'ડૉન્ટ બી સ્ટુપિડ. એ બધું ગોવિંદને જ કામમાં આવવાનું છે. કોઈ પણ પ્રવૃત્તિ માટે પૈસાની જરૂર તો પડવાની જ ને ! વેલ.. ચાર લાખ ઉપરાંતની રકમ વધારાની આવી છે. તે ઉપરાંત હીરાનાં પૅકેટ્સ અને ગૉલ્ડ.'

'એ બધું છે ક્યાં ?'

'મારી પાસે... મારે ઘેર... પણ લૉકર્સમાંથી એ ઉપરાંત પણ બીજી ઘણી ચીજો નીકળી હતી. પેપર્સ, શૅર્સ, પ્રોમિસરી નોટ્સ, લેટર્સ.... ડાયરીઝ વગેરે. અને હાં, સમ

ફોટોગ્રાફ્સ ટૂ... તેમાનું ઘણું મેં બાળી નાખ્યું છે, મને જે અગત્યનું લાગ્યું, આઈ મીન પહેલી નજરે, તે રાખી મૂક્યું છે.'

'હરીશ.... હરીશ... તેં ગોવિંદને પૂછ્યું છે ? આપણે લૂંટની કોઈ ચીજ આપણી પાસે રાખવી નથી.' જિગરે કહ્યું.

'તું સમજતો નથી. એવી ચીજો આપણા હાથમાં આવી છે કે તેનો ઉપયોગ જો આપણને કરતાં આવડે તો ક્યારેય લૂંટ કરવાનું જોખમ ઉઠાવવું ન પડે. એટલું જ નહિ, જ્યારે જરૂર પડે ત્યારે આપણને ફંડ્ઝની ખોટ જ નહિ રહે.' હરીશે સમજાવટભર્યા અવાજે કહ્યું.

'ઓહ... માઈ ગોડ ! હરીશ, તું અક્કલ કેમ વાપરતો નથી ? એ ચીજો આપણા કોઈ કામમાં આવવાની નથી. બિલકુલ નહિ... તું શું કહી રહ્યો છે તેનું તને ભાન છે ? ધાર કે તું કહે છે તેવી 'હૉટ' ચીજો તારા હાથમાં આવી હોય... પરંતુ આપણે માટે એ ચીજો અંગારાથી વધુ હૉટ નીવડશે. તને એમ લાગે છે કે એ ચીજો તારે કબજે હોય એટલે બ્લૅકમેલ કરીને તું પૈસા પડાવી શકીશ ?'

જિગર વાક્ય પૂરું કરે તે પહેલાં જ હરીશ બોલ્યો : 'મારે અંગત રીતે પૈસાની કોઈ જરૂર નથી.'

'આઈ નો... આઈ નો... હું એટલો વામણો નથી. આપણને કોઈને અંગત રીતે કંઈ જ જરૂર નથી... પણ...'

'પણ શું ? તમારે લોકોને ક્રાન્તિ કરવી છે. કોઈ ક્રાન્તિઓ મફતમાં નથી થતી. અરે ! ખુદ ગાંધીજી જેવા અકિંચન આદમીને પણ બિરલા જેવાનો સથવારો લેવો પડ્યો હતો.' હરીશે કહ્યું.

'એટલે ? ક્રાન્તિ કરવા માટે તું બ્લૅકમેલ કરીને નાણાં મેળવવાનું કહે છે ? ક્રાન્તિ પાછળ પણ કોઈ સિદ્ધાંત, કોઈ નીતિ હોવી જોઈએ કે નહિ ?' જિગરે પૂછ્યું.

'લૂંટ કરીને પૈસા મેળવવામાં કઈ નીતિ હતી તે મને તું કહીશ ?' હરીશે સામો પ્રશ્ન કર્યો.

જિગર પાસે તેનો કોઈ જવાબ ન હતો. તે પગના અંગૂઠાથી ધરતી ખોતરતો નીચું જોઈ રહ્યો. સ્તબ્ધ અને નિરુત્તર. તે પોતે હરીશને સમજાવી શકતો ન હતો કે ખરેખર તે એમ જ માને છે કે ક્રાન્તિનાં સાધનો શુદ્ધ હોવાં જોઈએ પણ શુદ્ધ સાધનોથી ક્યારેય કોઈ સફળતા મળી હોય તેવો દાખલો તેને મળતો ન હતો. અરે, મહાભારત જેવા ધર્મયુદ્ધમાં પણ ધર્મરાજાને નરો વા કુંજરો વા કહેવું પડ્યું. ભગવાન શ્રીકૃષ્ણ જેવા

યુગાવતારે પણ કંઈક છળ કર્યું હતું. વિજયની પહેલી શરત છળ છે, આશ્ચર્ય છે. જે દુશ્મનને અચરજમાં નાખી શકે છે તે જ જીતે છે અને અચરજ, આઘાત કે છળનાં સાધનો શુદ્ધ હોય તે અકલ્પ્ય છે.

'જિગર, આપણે ચર્ચા પછી કરીશું. ગોવિંદ આવે ત્યાર બાદ. અત્યારે પ્રશ્ન આ ચીજો ક્યાંક છુપાવવાનો છે. અને એ કામ તું કરી શકીશ.' હરીશ ધીરેથી બોલ્યો.

'એ કામ મારાથી નહિ થાય... એ ચીજો આપણે ફેંકી દેવી જોઈએ. આપણે જે કર્યું છે તે જ પૂરતું છે. હવે વધુ કશું કરવાની મને જરૂર દેખાતી નથી. તને કલ્પના નથી આવતી કે એક દસ લાખ રૂપિયા મેળવવા આપણે કેવો હત્યાકાંડ કર્યો ?' જિગરે પૂછ્યું. 'નિર્દોષ માણસોના જાન લેવાનો આપણને કોઈ અધિકાર ન હતો.'

'ઓહ ગૉડ... જિગર... તને એમ લાગે છે કે એ મને ગમ્યું છે ? ગોવિંદને કે કોઈને ગમ્યું છે ? આપણે નક્કી કર્યું ન હતું કે નો બ્લડ... નો વાયોલન્સ ?....'

'અને છતાં આપણે હિંસા કરી.'

'યસ... કરી....' હરીશ ઉશ્કેરાઈને બોલી ઊઠ્યો. 'ન કરી હોત તો આપણે પકડાયા હોત. અને ગમે તેમ ચંદને નર્વસ થઈને ગોળીઓ છોડી... તેમાં કોઈનો વાંક ન હતો... વેલ, એ બધી ચર્ચા આપણે પછી કરીશું. તું મને કહે... આ ઍર-બૅગ તું રાખવા માગે છે કે નહિ ?' હરીશે પૂછ્યું. જિગર ઘડીભર તેની ઍર-બૅગ તરફ જોઈ રહ્યો.

'નહિ....' જિગરે મક્કમતાથી ધીરે અવાજે નિશ્વાસ નાખીને કહ્યું.

'ઓ... કે... મને આવી ખબર હોત તો હું અહીં આવત નહિ.' હરીશે સહેજ ખિન્નતાથી કહ્યું. અને ચોતરા પરથી ઊતર્યો. જિગર પણ ઊભો થયો. બન્ને થોડીક ક્ષણો મૂંગા રહ્યા. લૂંટના બનાવને કારણે બંનેનું ભીતર તો ખળભળેલું જ હતું. લૂંટ કરતા પહેલાં સફળતાથી, પકડાયા વગર લૂંટ કેમ કરવી તેનો તનાવ હતો. હવે કંઈક જુદો જ અનુભવ એ મિત્રો કરી રહ્યા હતા.

'બીજી બસ કેટલા વાગ્યે મળશે ?' હરીશે થોડી વાર પછી પૂછ્યું. જિગરે પોતાની કાંડા ઘડિયાળમાં જોયું.

'બે કલાક પછી. જગતથી પાછી ફરતી બસ તને મળશે.' જિગરે જવાબ આપ્યો.

'બે કલાક ?' હરીશે ઉદ્‌ગાર કાઢ્યો.

'તેથી વહેલા જવું હોય તો છત્રી પાસેથી બસ મળશે, જયસમન્દના ઓવારેથી. ત્યાંથી કદાચ કોઈ ટૂરિસ્ટ બસમાં પણ જગ્યા મળી જાય.' જિગરે કહ્યું. હરીશ જલદી ત્યાંથી રવાના થાય તેવું જિગર ઇચ્છતો હતો.

'કેટલું દૂર છે અહીંથી ?'

'થોડુંક જ...' જિગરે જવાબ આપ્યો.

'અહીં રોકાવા કરતાં મને લાગે છે હું ચાલી નાખું તે વધુ યોગ્ય છે.' હરીશ બોલ્યો. અને બન્ને જણ રામદે મંદિરની બહાર નીકળ્યા.

'હું તને થોડે સુધી રસ્તો બતાવી જઉં છું.' જિગરે કહ્યું. અને બન્ને બજોટા ગામને બીજે છેડે, જયસમન્દના કિનારે પહોંચ્યા. જયસમન્દના કિનારે કિનારે જ રસ્તો જતો હતો. રસ્તા પર કામ કરવા જતા મજૂરો સિવાય ત્યાં કોઈ અવરજવર ન હતી.

'અદા કેમ છે ?' હરીશે પ્રશ્ન કર્યો.

'મજામાં. અમ્મા કેમ છે ?' જિગરે પૂછ્યું.

'આનંદમાં.' હરીશે જવાબ આપ્યો. બંને જણ થોડે સુધી મૂંગે મોંએ ચાલ્યા.

'દેલવાડા પાસે બધું હેમખેમ પાર ઊતર્યું ?' જિગરે આખરે શાંતિ તોડી. હરીશે લૂંટ કર્યા પછી, જિગરને મોટરમાંથી ઉતાર્યો તે પછી શું બન્યું તે બધું કહ્યું.

'બીરેન ભટ્ટાચાર્ય જાતે આવ્યો ન હતો ?'

'નહિ, કોઈ તરુણ મજુમદાર નામનો છોકરો હતો, એક છોકરી હતી અને એક દેહાતી માણસ.' હરીશે કહ્યું.

'છોકરી હતી તે વાત મને નવાઈ ભરી લાગે છે.' જિગરે પૂછ્યું : 'કેવી હતી ?'

'સ્પષ્ટ રીતે જોઈ શકાઈ ન હતી, પણ દૂરથી લાગતું હતું કે સુંદર હશે. ક્વાઇટ યંગ... આપણાથી ઘણી નાની હશે. સ્લિમ, લૉન્ગ હેર... ગુડ ફિઝિક... પણ તે વખતે ટેન્શન એટલું હતું કે, છોકરી તરીકે એ છોકરીને જોવાનું શક્ય ન હતું. સાચું કહું તો મને સખ્ત બીક લાગતી હતી. પોલીસ પેટ્રોલિંગ જબરદસ્ત હતું. ઇટ વૉઝ શિયર લક... બાકી અમે જરૂર ઝડપાયા જ હોત...' હરીશ બોલ્યો.

'બાકી એ લોકો ખરેખર પૂરા પહોંચેલા હોવા જોઈએ.'

'હાસ્તો. અને આઇડિયા કેવો લડાવ્યો ! તેમની પાસે ઝાડનાં કાપેલાં થડિયાં, આઈ મીન કોતરેલા થાંભલા પણ તૈયાર હતા. મારું અને અશોકનું માનવું છે કે એ થાંભલા જ પોલા હશે. પંદર મિનિટમાં તેમણે લૂંટનો બધો માલ તેમાં સંતાડ્યો હતો. પોલીસે અમારા દેખતાં ઝડતી લીધેલી. નો પ્રૉબ્લેમ... ધિ વેર કંપ્લીટલી ઍટ ઇઝ.....'

'તારે બધો માલ એ લોકોને સોંપી દેવો હતો.' જિગરે કહ્યું.

'મને લાગ્યું કે આપણે ભવિષ્યમાં...'

'ભવિષ્યમાં પૈસાની જરૂર પડત તો ગોવિંદ બીરેનને કહી શકત કે તેમને જરૂરી હતો તે કરતાં વધુ પૈસા અને માલ લૂંટમાંથી તેમને અપાયો હતો.'

'ખેર. જે થયું તે થયું.'

'હરીશ... તું એ માલ રાખી મૂકવા માગે છે ? હજુ પણ ?' જિગરે રસ્તામાં ઊભા રહીને પૂછ્યું.

'રૂપિયા, હીરાનાં પડીકાં અને સોનાના દાગીના. મારા ઘરમાં એ ચીજો સલામત રહી શકશે. કોઈ પ્રૉબ્લેમ નથી. ગોવિંદની સાથે ચર્ચા કર્યા પછી નક્કી કરીશું કે તેનું શું કરવું. એ કહેશે તો એ પણ બીરેનને મોકલી દઈશું... એની વે... ધેટ વૉઝ નૉટ ઍટઑલ એ પ્રૉબ્લેમ. પ્રશ્ન આ ઍર-બૅગમાં જે ચીજો છે તેનો છે. આ ડાઈનેમાઈટ છે.'

'એટલે જ હું તને એ ડિસ્ટ્રૉય કરવા કહું છું. આપણે તેનો કોઈ ઉપયોગ કરી નહિ શકીએ. ધ મિનિટ વી ટ્રાય ટુ ડૂ ધૅટ, વી વિલ બી એક્સ્પોઝ્ડ... તરત ખ્યાલ આવવાનો કે આપણે એ બધું ક્યાંથી મેળવ્યું. ઘડીના છઠ્ઠા ભાગમાં લૂંટકેસમાં આપણે તદ્દન ફિટ થઈ જઈશું...' જિગરે સમજાવ્યું.

'મને એમ હતું કે, આપણને આ ચીજો ખૂબ કામમાં આવશે....'

'કશા જ કામમાં નહિ આવે.'

'પણ તેં હજુ એ બધું જોયું નથી. આખા રાજસ્થાનમાં ખળભળાટ થાય તેવી વસ્તુઓ છે. વી મે બી એબલ ટુ ટૉપલ ધિસ ગવર્નમેન્ટ....'

'નૉટ થ્રુ બ્લૅકમેલ ડિયર... નૉટ થ્રુ બ્લૅકમેલ...' જિગરે કહ્યું. 'એ કેટલું જોખમભર્યું બને તે તને નથી સમજાતું ?'

'તારી વાત હું નથી સમજતો તેવું નથી. પણ જો તને ખબર હોત કે આ થેલીમાં શું છે તો તું પણ મારી જેમ જ વિચારત...' હરીશે કહ્યું. 'વેલ, એક કામ કરીએ. તું આ ઍર-બેગ તારી પાસે રાખ. તું જ તારી ફુરસદે તેમાંની એક એક ચીજ જોઈ લે. પછી તું જ નિર્ણય લેજે... જિગર.... તને એમ લાગે કે આપણે તેનો નાશ કરવો જોઈએ... તો વેલ..... જયસમન્દના પાણીમાં તેને પધરાવી દેજે. અને તને એમ લાગે કે ખરેખર હું કહું છું તેવું છે તો તું આ ઍર-બૅગ છુપાવી રાખજે. ફાઈનલ ડિસિશન આપણે ગોવિંદ, અશોક અને ચંદનની સંમતિ લીધા પછી લઈશું... હાઉ એબાઉટ ધૅટ ?....' હરીશ બોલ્યો.

જિગર ઘડીભર વિચારમાં પડ્યો. હરીશની વાત તેને વાજબી લાગી.

'વેલ... હરીશ... તારી વાત સેન્સિબલ લાગે છે, પણ એક વાત કહું. મને લાગશે કે એ ચીજો આપણે કામની નથી... અથવા તો એ વસ્તુઓ જોખમી છે તો હું કોઈને પણ

પૂછ્યા વગર તેનો નાશ કરી દઈશ. હું ગોવિંદને પણ પૂછવા માટે રાહ નહિ જોઉં. ઍગ્રીડ ?' જિગરે કહ્યું.

'એગ્રીડ... મારે તને એટલું જ કહેવાનું કે તું એ ચીજો બરાબર જોજે... યૂ માઈટ ચેન્જ યૉર ઓપિનિયન... અને જો તેમ થાય તો જડબેસલાક જગ્યાએ સંતાડી દેજે. આપણે પછી નક્કી કરીશું. તેનું શું કરવું...' હરીશના ચહેરા પર ઉત્સાહ આવ્યો. અને જિગરના મનમાં એકાએક જિજ્ઞાસા પ્રગટી. એવું તે શું હશે કે હરીશ એ ચીજોનો નાશ કરવા નથી માગતો ?

**

તે દિવસે, ત્યાં રસ્તામાંથી જ બંને છૂટા પડ્યા હતા. જિગરે હરીશ પાસેથી ઍર-બૅગ લઈ લીધી હતી. અને જયસમન્દને ફરતો રસ્તો છોડીને તળાવના પટમાં ઉનાળાના કારણે સુકાઈને ખુલ્લી થયેલી જગ્યામાં ઊતરી પડ્યો હતો. એ પટમાં ઘાસ અને ઝાડીમાં ગામનાં ઢોરે કરેલી પગરવાટે ચાલીને, તે ગામને છેવાડે આવેલી પોતાની ડેલીએ પહોંચ્યો હતો. ડેલીની પછીતે આવેલા નાનકડા વાડામાં, બળતણ માટે એકઠાં કરેલાં સાંઠી-ઝાંખરાંના ગંજમાં ઍર-બૅગ મૂકીને તે ડેલીને બારણે ગયો હતો.

અદા ગામમાં ગયા હતા. વજો અને ભૂરો, તેમના બન્ને નોકરો તો સવારે ખેતરે ચાલ્યા જતા. ખેરી રાંધણિયામાં હતી. બધું 'સબસલામત' હતું. તે પાછો ગયો અને વાડામાંથી ઍર-બૅગ ઘરમાં લઈ આવ્યો. ડામચિયાની નીચે તેણે ઍર-બૅગ છુપાવી. તે આખો દિવસ તે ઘરમાં ચોપડી વાંચતો પડ્યો રહ્યો. તે દિવસે કેટલીય વાર તેને એ ઍર-બૅગની ચીજો જોવાની ઉત્કટ ઇચ્છા થઈ આવી હતી. પણ તેણે મહાપ્રયત્ને એ ઇચ્છા રોકી રાખી હતી. કોઈ પણ જાતનું જોખમ એ લેવા માગતો ન હતો. તે રાત્રે તેણે અદાને કહ્યું હતું કે ઘણા સમયથી તે 'ભેલ'માં ફર્યો નથી. એટલે કાલે સવારે તે ફરવા જવા વિચારે છે. અદાને તેમાં કશું અજુગતું લાગ્યું નહિ. 'ભેલ' (એક જાતની હોડી, જે મોટે ભાગે જયસમન્દની વચ્ચે વચ્ચે આવેલા ટાપુઓ પર રહેતા આદિવાસીઓ રાખતા)માં ફરવાનું જયસમન્દના કિનારે આવેલાં ગામડાંઓના બધા જ જુવાનિયાને ગમતું. જયસમન્દના બુંદબુંદ પાણી માટે સૌ ગૌરવ અનુભવતા. તેમાં સ્નાન કરતા, લાંબા અંતર સુધી તરતા અને બોટિંગ કરતા. અદાને જિગરની વાતથી કોઈ નવાઈ લાગી નહિ.

**

વહેલી સવારે તે ઍર-બૅગ લઈને ચાલી નીકળ્યો હતો. બજોટાના ખડખડપાંચમ ઓવારેથી રત્ના કોહળની હોડી ભાડે કરીને, લગભગ કલાકની આહ્લાદક મુસાફરી કરીને રાજા જયસિંહને ઓવારે પહોંચ્યો હતો.

માનવીએ બનાવેલાં સરોવરમાં, જયસમન્દનું સ્થાન વિશ્વભરમાં અજોડ છે. પહાડીઓથી વીંટળાયેલું આ માનવસર્જિત સરોવર, રાજસ્થાનનું એક અનેરું ઘરેણું છે. સો કિલોમીટરથીય વધુ વિસ્તારમાં પથરાયેલી આ પાણીની ચાદર જેટલી અનુપમ જગ્યા ક્યાંય જોવા મળે તેવી નથી. રાજા જયસિંહે આ સરોવર બંધાવ્યું હતું. ૧૬૯૧ની ૨જી જૂને તેનું વિધિસર ઉદ્ઘાટન થયું હતું. અને તે દિવસે મહારાણા જયસિંહે તેની પરિક્રમા પગે ચાલીને શરૂ કરી હતી. એટલું જ નહિ, તેના પોતાના વજન જેટલું સોનું તેણે ગરીબોને વહેંચ્યું હતું.

જયસમન્દના પાણીને ખાળતો ૧૨૦૦ ફૂટ લાંબો અને ૩૫ ફૂટ ઊંચો બંધ પણ તે વખતના એન્જિનિયરિંગ કૌશલ્યનો એક અદ્ભુત નમૂનો છે. પગથિયાંથી શણગારેલા આ બંધની ઉપરના ભાગમાં પથ્થરમાંથી કંડારેલા છ હાથીઓ સ્નાન કરતા ઊભેલા છે. એવી જ રીતે ઓવારાની ટોચે રાજપૂતી સ્થાપત્યની અનુપમ સાખ પૂરતી છ છત્રીઓ રચવામાં આવેલી છે. આમાંનું કશું જિગર પરોત માટે નવું ન હતું. જયસમન્દના પાણી પર તો તે ઊછર્યો હતો. છતાં આજે હાથમાં બૉમ્બ ભરેલી બૅગ લઈને તે આવ્યો હતો અને એટલે જ કંઈક વિચિત્ર લાગણી અનુભવતો હતો.

ઓવારા પાસે રત્ના કોહળે હોડી લાંગરી. જિગરે તેના હાથમાં એક રૂપિયો મૂક્યો, 'તું અહીં આરામ કર... ચા-પાણી કર. હું રૂઠીરાણીના મહેલ પર જઈને આવું છું.' જિગરે કહ્યું.

'નહિ બાપા... ત્યાં ન જતા. છેલ્લા બે વરહથી ભમરાનો ત્રાસ છે. ગઈ સાલ પેલા ગોરા લોકો આવ્યા'તા તે ભમરાઓએ સોથ વાળી નાખ્યો. ઉદેપુરથી અંબુલન્સ બોલાવવી પડી હતી. તમારે ત્યાં શું કામ છે ?'

'અરે ભાઈ, ફોટા લેવાના છે.' જિગરે તેને ચૂપ કરવા જવાબ આપ્યો.

'પણ મસ મધપૂડા છે.'

'ભમરા ઊડતા હશે તો હું પાછો આવીશ.' જિગરે ઝાઝી લમણાઝીક કરવાને બદલે પગ ઉપાડ્યા.

જયસમન્દના બંધની દક્ષિણે અને ઉત્તરે ઊંચી પહાડી પર મહારાણા જયસિંહે બે મહેલ બંધાવેલા છે. એક હવા મહેલને નામે ઓળખાય છે અને બીજો રૂઠી રાણીના મહેલ તરીકે વિખ્યાત છે. જિગર ઝડપથી ઓવારેથી ઊતરીને રૂઠી રાણીના મહેલ તરફ ચાલ્યો. ઉપર ચડતાં ચડતાં તેને ખ્યાલ આવી ગયો કે રત્નો કોહળ સાચું કહેતો હતો. ટેકરીની ઝાડીઓ પર ભમરીઓના ઝુંડેઝુંડ ફરતાં હતાં. મહેલની છતોમાં માણસ જેવડા મધપૂડા જામેલા હતા. એક અટારી, એક ઝરૂખો અરે ! એક કમાન એવી ન હતી જ્યાં તોતિંગ મધપૂડા ન હોય.

જિગર છેક મહેલ સુધી પહોંચ્યો નહિ. તેણે રસ્તામાં જ એક ચોકી જેવી તૂટેલી જગ્યા શોધી અને ત્યાં બેઠો. ઍર-બેગ ખોલી... હરીશે બધી ચીજો નાનામોટા પૅકેટમાં બાંધી હતી કે પછી એ ચીજોના માલિકોએ એવી રીતે પૅક કરી હતી તે તેને સમજાયું નહિ... ઍર-બૅગમાં ચાર ફાઈલો હતી અને નાનાંમોટાં થઈને નવ પૅકેટો હતાં. બે ડાયરીઓ હતી... તેણે એક પછી એક પૅકેટ ખોલ્યાં... એ પૅકેટમાંની ચીજો જોઈને તેની આંખ ફાટી ગઈ... 'માઈ ગૉડ !' તે મનમાં જ બોલી ઊઠ્યો. હરીશ જૈનની વાત સાચી હતી. એ પૅકેટોમાં માનવમૂલ્યોની કચ્ચરો હતી. આખા રાજસ્થાનને હચમચાવી નાખે તેવાં કૌભાંડોની શૃંખલા હતી. સાંપ્રત કહેવાતા લોકોના કાળા ભીતરની તેમાં કહાની હતી.... તે થડકી ઊઠ્યો.... 'માઈ ગૉડ! હરીશ વૉઝ રાઈટ... ઍબ્સોલ્યૂટલી રાઈટ...!'

તેણે બને તેટલી ઝડપે એ ચીજો જોઈ હતી. ફાઈલો અને ડાયરીઓનાં પાનાં ઉથલાવ્યાં હતાં. ફોટાઓ અને નેગેટિવો જોઈ હતી. પત્રો અને કાગળિયાં વાંચ્યાં હતાં, પરંતુ તેનો અભ્યાસ એકાદ બે કલાકમાં થાય તેમ ન હતો. તેને માટે, તેનું અર્થઘટન કરવા માટે, તેનો વ્યવસ્થિત અભ્યાસ કરવો પડે તેમ હતો. જિગર એ જોતો હતો ત્યાં સુધી તેમાં જ મશગૂલ હતો. આ પૅકેટો, આ પત્રો, આ ફોટા, આ ફાઈલો, આ ડાયરીઓનું શું કરવું જોઈએ, તે વિચાર પણ એ જોતાં જોતાં તેને આવ્યો ન હતો. તે તો કેવળ સ્તબ્ધ થઈને કોઈ ભયાનક નવલકથા વાંચતો હોય તેમ જોઈ રહ્યો હતો.

બરાબર દોઢ કલાકને અંતે તેણે પૅકેટો ફરીથી પૅક કર્યાં. શું કરવું જોઈએ આ ડાઈનેમાઈટના થેલાનું ? એક વાત ચોક્કસ હતી. તેનો પૂરેપૂરો અભ્યાસ કર્યા વગર તેને નાખી દેવું તે ચોક્કસ હિતાવહ ન હતું. હરીશ જૈનની બ્લેકમેલની થિયરી સાથે તે સંમત ન હતો. તેવી જ રીતે અત્યારે જ આ ચીજોનો નાશ કરવાના મતનો પણ ન હતો. ઘડીભર તે મનમાં જ કંઈક સંઘર્ષ અનુભવતો બેસી રહ્યો. આખરે તેણે નિર્ણય લીધો. તે ઊભો થયો અને અવાવરુ મહેલ તરફ ચડવા માંડ્યો. સવારનો સમય હતો છતાં ટેકરી પર નીરવ શાંતિ હતી. ક્યાંક ક્યાંક ઊડતી દેવચકલી, સુગરી કે દોડતાં તેતર અને ઝાડીમાં છુપાઈ જતા સસલાના પગરવથી થતા અવાજ સિવાય કેવળ એક જ અવાજ આવતો હતો. ભમરીઓનો ગુંજારવ.....

જાણે વિશ્વભરની ભમરીઓએ આ પહાડીનો કબજો જમાવ્યો હોય તેમ એકધારો ગૂંગૂંગૂંગૂં અવાજ પવનની લહેરો સાથે છવાતો હતો. ધીમે પગલે તે ચડવા માંડ્યો. રૂઠી રાણીના મહેલ પર વર્ષો પહેલાં અનેક વખત તે જઈ આવ્યો હતો. નાનો હતો ત્યારે તો કલાકોના કલાકો તેણે અહીં રમવામાં ગાળ્યા હતા. મહેલના એક એક ભાગથી તે પરિચિત હતો. એ મહેલમાં જ તેણે ઍર-બૅગને છુપાવવાનું નક્કી કર્યું. છેલ્લાં કેટલાંક વર્ષોથી

ભમરાનો ત્રાસ જયસમન્દના કિનારા પરના બંને મહેલોમાં ઊભો થયો હતો. પરિણામે ભાગ્યે જ કોઈ ટૂરિસ્ટો મહેલ સુધી જતા. અને જે લોકો જતા તે સૌ ઝડપથી મહેલના વિવિધ ભાગો જોઈને નીચે ઊતરી આવતા.

પુરાતત્ત્વખાતાનો ચોકિયાત પણ નીચે જ રહેતો. એ નાનો હતો ત્યારથી જ એ મહેલ અવાવરુ ખંડેરની જેમ, જયસમન્દના તોતિંગ દ્વારપાળોની માફક એકલતામાં ઊભો હતો. આજે પણ તે ઇમારત એવી જ રીતે ખડી હતી. નિઃશબ્દ... ઉદાસ અને મૃતપ્રાય... મહેલમાં ઠેર ઠેર ઘાસ અને ઝાડી ઊગી આવી હતી. ક્યાંક ક્યાંક ભીંતના પથ્થરોમાંથી પીપળા ઊગી નીકળ્યા હતા.. આ એકલતામાં માત્ર એક જ જીવંત અણસાર હતો. ભયાનક ગુંજારવ કરતા ભમરા......

તે મહેલમાં પેઠો. પાછળના ભાગમાંથી મહેલના તલઘરમાં જવાનો રસ્તો હતો. તેના બારણાં તૂટી પડ્યાં હતાં અને પથ્થરના પિવોટ પર લબડીને અટકી પડ્યાં હતાં. પહેલાં બે પગથિયાં પર ઘાસ ઊગી ગયું હતું અને બારણાની પથ્થરની કમાન પર મધપૂડો લાગેલો હતો. જિગર ઘડીભર ત્યાં આવીને ઊભો રહ્યો. આમેય બારણાની કમાન જેવી બારસાખ નીચી હતી. વળી તેમાં પાછો દોઢ બે ફૂટ નીચે લબડતો અને અઢી ત્રણ ફૂટ લાંબો મધપૂડો લબડતો હતો. તે થોડી વાર એ મધપૂડાને જોતો ઊભો રહ્યો. પછી ધીરેથી તે નીચે બેઠો. પગથિયાં પર બેઠા બેઠા જ તે સરક્યો. ઘાસમાં કંઈ સળવળાટ થયો. ઘડીભર તેને સાપની બીક લાગી. પરંતુ તે ભય કરતાંય વધુ અગત્યનું કામ ઍર-બૅગ સંતાડવાનું હતું. જૂના વખતમાં એ મહેલનો કોઠાર હશે. તે ધીમેથી આડો વળીને પગથિયાં ઊતર્યો. અંદર ભયાનક વાસ આવતી હતી. તેણે સાચવીને ગજવામાંથી રૂમાલ બહાર કાઢ્યો, નાક પર દબાવ્યો અને ભોંયરાના અંધકારમાં ઘૂસ્યો. અંદર રોડાં અને પથ્થરોથી રસ્તો લગભગ બંધ થઈ ગયો હતો. તે દસ-બાર ફૂટ અંદર ગયો. બૅટરી વગર આગળ જવું હવે જોખમ હતું. તેના પગ નીચે સડેલી વનસ્પતિ હેઠળ કંઈક સળવળાટ થતા હતા. પારાવાર મચ્છર અને ભેજથી ગૂંગળામણ થતી હતી. તેણે હાથ ફંફોળીને જગ્યા કરી. અને તૂટેલા પથ્થરોની વચ્ચે... ધીરેથી પેલી ઍર-બૅગ ગોઠવી દીધી....

**

તેને હસવું આવ્યું. જેલવાસની છેલ્લી પરોઢે તે હસી રહ્યો હતો....

પણ તે દિવસે.... તેની ધરપકડ કરીને તેને પોલીસ ડાક બંગલામાં લઈ ગઈ હતી ત્યારે તે હસી શક્યો ન હતો. તેનું હૃદય ભયાનક રીતે ધબકતું હતું. ડી.એસ.પી. જગન્નાથ હાંડા ઝાઝો વખત ધીરજ રાખનારો આદમી ન હતો....

**

લૂંટના સમાચાર મળતાં જ વિવિધ પોલીસ અધિકારીઓ ઘટનાના સ્થળે પહોંચી ગયા હતા. બૅન્કને કોર્ડન કરવામાં આવી હતી. ઘવાયેલા અને મૃત્યુ પામેલાને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મિસિસ સ્વરૂપ, જેણે બૅન્કની ફૉયરમાં જ એક બાળકીને જન્મ આપ્યો હતો તે વેદના, આઘાત અને સંકોચને કારણે બેહોશ બની ગઈ હતી. તેને માટે ઉદેપુર જનરલ હૉસ્પિટલમાંથી ગાઈનેકોલૉજિસ્ટની સહાય લેવામાં આવી હતી. પોલીસ માટે આ પ્રથમ અનુભવ હતો. એટલે ગુનેગારોને પકડવા માટેની ગોઠવણ કરવામાં ધાર્યા કરતાં વધુ વિલંબ થયો હતો. સ્ટેટ રિઝર્વ પોલીસને બોલાવીને આખો વિસ્તાર લગભગ કરફ્યુની પરિસ્થિતિમાં મૂકવો પડ્યો હતો. ડી. એસ. પી. હાંડાને વાયરલેસ દ્વારા જાણ કરવામાં આવી હતી, પરંતુ તે વખતે તે ઉદેપુરમાં ન હતા. પરિણામે તેમને ઘટના સ્થળે આવતાં પોણો કલાકથીય વધુ સમય લાગ્યો હતો. બૅન્કના બધા જ કર્મચારીઓ ડઘાઈ ગયા હતા. જે સ્ત્રી કર્મચારીઓ ભય ને આઘાતથી બેભાન થઈ હતી તેમને ઊલટીઓ થઈ હતી. આમ લૂંટ પછીનો પ્રથમ કલાક કેવળ સામાજિક વ્યવસ્થામાં ગયો હતો.

તે પછી બૅન્ક ખાલી કરવામાં આવી હતી. બધું જ જેમનું તેમ રાખીને કર્મચારીઓને બૅન્કમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને બૅન્કની બાજુમાં આવેલી ઇન્સ્યુરન્સ કંપનીની ઑફિસ અને એક ખાનગી પેઢીના મકાનમાં બેસાડવામાં આવ્યા હતા. એફ.આઈ.આર. (ફર્સ્ટ ઇન્ફર્મેશન રિપોર્ટ) મેળવતાં ખાસ્સો કલાક વીત્યો હતો. એફ.આઈ.આર.માં મતાંતરો હતા. લૂંટારુઓના વર્ણન અને તેમણે ઉપયોગમાં લીધેલી ગાડીના વર્ણનમાં ઘણા વિરોધાભાસી અહેવાલો હતા. પોલીસે કૉર્ડન કરેલા વિસ્તારમાંના બધા જ દુકાનદારો, નાગરિકો અને જતા-આવતા લોકોને રોકવામાં આવ્યા હતા. છતાં લૂંટ દરમ્યાન અને ત્યાર પછી જે નાસભાગ થઈ તેમાં ઘણા બધા નજરે જોનારાઓ ત્યાંથી પલાયન થઈ ગયા હતા.

પોલીસે ઉદેપુર ફરતી નાકાબંધીનો હુકમ આપ્યો ત્યાર પહેલાં ગોવિંદ ભંડારી અને શાગિર્દોની ટુકડીએ ઉદેપુર છોડી દીધું હતું અને તે વખતે તેમની જોંગા તો બૅન્ક ઑફ મેવાડથી ક્યાંય દૂર ઓડા રેલવે બ્રિજ પાસે પહોંચી ગઈ હતી. પોલીસ નાકાબંધી શરૂ થઈ ત્યારે તો લૂંટારુઓ ગાડી બદલીને પાછા ઉદેપુર આવ્યા હતા.

લૂંટના કલાકોમાં જ આઈ. જી. પી. મોરારકા હેલિકૉપ્ટર દ્વારા જયપુરથી ઉદેપુર આવી પહોંચ્યા હતા. આવતાની સાથે જ તેમણે 'ઍબ્સોલ્યૂટ સિક્રસી'નો હુકમ આપ્યો હતો. પોલીસ તપાસની એક પણ વિગત પત્રકારો કે રાજકારણીઓને નહિ આપવી તેવો

નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ખામોશીને કારણે જ પોલીસને વિજય મળ્યો હતો અને છાપામાં આવતા સમાચારોમાં પોલીસની કામગીરી, પોલીસ તપાસ અને તપાસ અધિકારીઓની કાર્યદક્ષતા વિશે માછલાં ધોવાયાં હતાં.

ધોળે દિવસે, સેંકડો માણસોના દેખતાં થયેલી લૂંટનું પ્રાથમિક ચિત્ર મેળવતાં પોલીસને સાંજ પડી ગઈ હતી. અને છેક સાંજે તેમને ખ્યાલ આવ્યો હતો કે લૂંટારુઓનું 'મોડસ ઑપરેન્ડી' શું હતું. ફર્સ્ટ ઇન્ફર્મેશન રિપોર્ટ આપનારા મૅનેજર અને કર્મચારીઓના હેવાલમાં એટલી બધી વિસંગતતા હતી કે પોલીસ મૂંઝાઈ ગઈ હતી. કેટલાક એમ કહેતા કે લૂંટમાં આઠ-દસ જેટલા લૂંટારા હતા. કોઈક કહેતા કે તેમણે ચહેરા પર નકાબ પહેર્યા હતા. કોઈક કહેતું કે તેમણે ગૉગલ્સ પહેર્યા હતા. કોઈકને વળી લૂંટારાઓ પોલીસ જેવા લાગ્યા હતા. તો કોઈકને મિલિટરીના માણસો લાગ્યા હતા. ગાડી વિશે પણ મતભેદો હતા. અસંગત અને છતાં ટુકડે ટુકડે સત્ય એવી માહિતીના વેરણછેરણ ભાગો એકઠા કરવામાં પોલીસના ભેજાનું દહીં થઈ ગયું હતું.

એક તરફ આંધળાના ગોળીબારની જેમ ઉદેપુર અને આસપાસના વિસ્તારોમાં નાકાબંધી અને તલાશ ગોઠવવામાં આવી હતી. અને બીજી તરફ તદ્દન વૈજ્ઞાનિક ઢબે બૅન્ક ઑફ મેવાડમાં તલાશ થઈ રહી હતી. ડૉગ સ્ક્વૉડ લાવવામાં આવી હતી. ફોરેન્સિક નિષ્ણાતો આવી પહોંચ્યા હતા. એક એક ઈંચના ફોટા લેવામાં આવ્યા હતા. તપાસના પ્રથમ ચોવીસ કલાક પછી ફક્ત બે જ બાબતો નિશ્ચિત કરી શકાઈ હતી અને તે એ કે લૂંટારાઓએ એકસરખા પહેરવેશ પહેર્યા હતા અને કંઈક જુદા પ્રકારની જીપ ગાડીમાં આવ્યા હતા. એમાં પણ મતભેદો હતા.

પરદેશી બનાવટની લૅન્ડ રોવર, વીલીઝ જીપ અને જોંગા એમ ત્રણ પ્રકારનાં વર્ણનો હતાં. લૂંટારાઓની સંખ્યા પ્રથમ ૨૪ કલાકમાં નક્કી થઈ શકી ન હતી પરંતુ ધીમે ધીમે પોલીસ ખંતપૂર્વક કડીઓ ગોઠવતી ગઈ હતી. બીજે દિવસે બૅન્ક બંધ રાખવી પડી હતી, કારણ ફિન્ગર પ્રિન્ટ્સ એક્સ્પર્ટ અને ફોરેન્સિક નિષ્ણાતો કામ પૂરું કરી શક્યા ન હતા. દરમ્યાનમાં આખા રાજસ્થાનમાં છાપાંઓએ સનસનાટી મચાવી દીધી હતી.

એક તરફ રાજકારણીઓ અને બીજી તરફ અખબારોના ભયાનક પ્રેશર હેઠળ આઈ.જી.પી. મોરારકાએ અને ડી.એસ.પી. હાંડાએ, લગભગ તદ્દન 'રહસ્યમય શાંતિ'માં તપાસ ચાલુ રાખી હતી. બાલિસ્ટિક નિષ્ણાતોએ 'વેપન્સ' અંગેનો રિપોર્ટ આપ્યો હતો. અને હથિયારો બાબતે તદ્દન ચોક્કસ નિર્ણયો લેવાયા હતા. લગભગ દોઢસો ઉપરાંત લોકોના આઈ-વિટનેસ ઍકાઉન્ટ લેવાયા હતા. તપાસના ત્રીજે દિવસે ઓડા બ્રિજ પાસે કોતરોમાં પડેલી જીપ મળી આવી હતી. અખબારોમાં એ સમાચાર ચમક્યા હતા. જીપની જગ્યા અને જીપની ભીતરમાં પણ તલાશ થઈ હતી. પોલીસ કૂતરાઓ જીપ પાસેથી રસ્તા પર આવીને ગૂંચવણમાં મુકાતા. પરિણામે એક વાત નક્કી થઈ શકી હતી કે જોંગા સ્ટેશન વૅગન ઉપરાંત બીજું એક અથવા તેથી વધારે વાહનો લૂંટમાં વપરાયાં હતાં.

તે સાથે જ નાકાબંધી દરમિયાન જે જે વાહનો ઉદેપુરમાંથી બહાર નીકળ્યાં હતાં તેમ જ અંદર આવ્યાં હતાં તેની યાદી તૈયાર થઈ હતી. લૂંટ પછીના ૪૮ કલાક ચાલેલી નાકાબંધીમાં સેંકડો વાહનોની યાદી તૈયાર થઈ હતી. આખીય યાદી આર. ટી. ઓ.માં સોંપવામાં આવી હતી. તેમાંથી જંગી તપાસ આદરવામાં આવી હતી. લૂંટ પછીના છ દિવસમાં કેવળ ત્રણ બાબતો નિશ્ચિત થઈ હતી. અને તે એ કે લૂંટારાઓની સંખ્યા છથી વધારે ન હતી. તેમણે પ્રથમ જીપ અને પછી કોઈ સરકારી વાહન વાપર્યું હતું. તે દિવસે ચોવીસ કલાકમાં ઉદેપુરમાંથી બહાર અને અંદર લગભગ ત્રણસો સરકારી ગાડીઓએ અવરજવર કરી હતી. તેમાંની મોટા ભાગની ગાડીઓ પી.ડબલ્યુ.ડી., માઈનોર ઈરિગેશન, વિદ્યુત બોર્ડ અને ટૂરિસ્ટ ખાતાની હતી. આ ગાડીઓનું ચેકિંગ શરૂ થયું હતું.

બીજી તરફ જે સ્ટેટમેન્ટ્સ નોંધવામાં આવ્યાં હતાં તેનું પૃથક્કરણ ચાલુ કરવામાં આવ્યું હતું. ઉદેપુર ટેલિફોન્સ અને મ્યુનિસિપલ કૉર્પોરેશનમાંથી રિપોર્ટ મળ્યો હતો કે બૅન્કની પાસે ખોદકામ કરવા માટેના કોઈ હુકમો હતા નહિ. પરિણામે એ પણ નક્કી થયું હતું કે રસ્તા પર ખોદકામ લૂંટારાઓએ યોજનાપૂર્વક કરાવ્યું હતું. એ ખોદકામ કરનારા મજૂરોની તલાશ શરૂ થઈ હતી.

ઉદેપુરનાં તમામ ગેસ્ટ હાઉસ અને હોટલોમાં પૂછપરછો ચાલુ થઈ હતી. અને તેમાંથી શકમંદ પ્રવાસીઓ અંગેનાં વર્ણનો તૈયાર થયાં હતાં. પોલીસ તેનાથી શક્ય બધું જ કરી રહી હતી. છતાં બીજા અઠવાડિયાથી છાપાંઓમાં તેનો જબરો ઊહાપોહ શરૂ થયો હતો. 'તપાસ ચાલુ છે' 'રહસ્ય ઉકેલવામાં ઘણી પ્રગતિ થઈ છે' 'લૂંટ યોજનાપૂર્વક થઈ છે અને લૂંટારાઓએ તમામ શક્યતાઓને ગણતરીમાં લીધી છે એટલે પોલીસનું કામ સરળ નથી' વગેરે જવાબો ગૃહખાતા તરફથી અને પોલીસ તરફથી મળતા રહેતા. આને પરિણામે પત્રકારોમાં ઉશ્કેરાટ ફેલાયો હતો. સરકાર અને પોલીસની નિષ્ફળતા વિશે તંત્રીલેખો પણ શરૂ થયા હતા.

તેમ છતાં પોલીસ ખાતા તરફથી એક હરફ બહાર આવ્યો ન હતો. તમામ રિપોર્ટ્સ આઈ.જી.પી. અને ડી.એસ.પી.ના દફતરમાં જ આવતા. હુકમ પણ ત્યાંથી જ અપાતા હતા. આઈ.જી.પી. મોરારકા અને ડી. એસ. પી. જગન્નાથ હાંડાની ઊંઘ હરામ થઈ ગઈ હતી. ઘણી બધી માહિતી એકઠી થઈ હોવા છતાં લૂંટારા કોણ હોઈ શકે તેની અટકળ તેઓ કરી શકતા ન હતા. લૂંટના અગિયારમા દિવસે આઈ.જી.પી. મોરારકાના દફતરમાં

ધડાકો થયો હતો. આઈ.જી.પી.ની રોજિંદી ટપાલમાં ફોટોગ્રાફ્સ અને નેગેટિવ્ઝ આવી હતી. કવરમાં કાંઈ લખાણ ન હતું. કેવળ સોળ નેગેટિવ્ઝ અને સોળ પ્રિન્ટો એ કવરમાં હતી. એ ફોટાનું કવર ત્રણ દિવસ જયપુરમાં અટવાયું હતું અને પછી એમનું એમ ઉદેપુર મોકલવામાં આવ્યું હતું. તેના પર 'ઇન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ, રાજસ્થાન' એટલું જ સરનામું હતું. અને કવરની ઉપર 'પર્સનલ' લખેલું હતું. જો 'પર્સનલ' લખ્યું ન હોત તો કદાચ કોઈએ પણ તે ફોડ્યું હોત. પણ આઈ. જી. પી.ના પી.એ., ડેપ્યુટી અને સ્ટેનોગ્રાફર ઉદેપુરમાં હતા. પરિણામે એ ટપાલ ફોડ્યા વગરની રહી હતી અને તે કાગળ આવ્યો તેના ત્રીજે દિવસે આઈ.જી.પી.ના હાથમાં આવ્યો હતો. લૂંટ થયા પછીનો એ અગિયારમો દિવસ હતો.

રાત્રે આઈ.જી.પી. મોરારકા હોમ મિનિસ્ટર સાથે છેલ્લી પરિસ્થિતિ અંગે ચર્ચા કરીને પાછા આવ્યા ત્યારે ભોજનના ટેબલ પર થોકડાબંધ કાગળો પડ્યા હતા. તે ઉપરાંત દિવસભરમાં થયેલી તપાસના ટાઈપ થયેલા રિપોર્ટની ફાઈલો પડી હતી. તે રાત્રે મોરારકાનાં પત્ની અને પુત્રી ઉદેપુર આવ્યાં હતાં. એ ત્રણે જણ સાથે જમ્યાં હતાં. ભોજન પછી મોરારકાએ પ્રથમ તો દૈનિક તપાસના રિપોર્ટ્સ વાંચ્યા હતા. તે દિવસે બે પ્રગતિ થઈ હતી. એક તો એ કે લગભગ ૨૫૦ જેટલાં વાહનો તપાસવામાં આવ્યાં હતાં અને તે બધાં સરકારી વાહનોની લૉગ બૂક પ્રમાણે, થોડાક અપવાદો સિવાય બધું જ બરાબર હતું. અપવાદ રૂપ કિસ્સાઓની તલાશ થઈ રહી હતી. વળી આઘાત પામેલી સ્ત્રી કર્મચારીમાંની એક મિસ વિજયા મલહોત્રાએ જે સ્ટેટમેન્ટ આપ્યું હતું એ સ્ટેટમેન્ટના અનુસંધાનમાં બૅન્કના બીજા એક કર્મચારીએ પણ અનુમોદન આપ્યું હતું. પોલીસે બૅન્કના બધા જ કર્મચારીઓનાં સ્ટેટમેન્ટ્સ લીધાં હતાં. અને ત્યાર બાદ એ સ્ટેટમેન્ટ્સના આધારે એક ચોક્કસ પ્રશ્નાવલી ઘડી હતી. આ પ્રશ્નો ફરી ફરીને કર્મચારીઓને પૂછવામાં આવ્યા હતા. જેથી માહિતી ક્રૉસ ચેક કરી શકાય. તેમાં વિજયા મલહોત્રાએ એવું લખાવ્યું હતું કે લૂંટ દરમ્યાન તેણે 'કમ-ઑન લિયો... હરી અપ શૅક્સપિયર' તેવા શબ્દો સાંભળ્યા હતા.

પોલીસે જ્યારે આ સ્ટેટમેન્ટ લીધાં ત્યારે તેમને કેવળ વિજયાએ જ આવું લખાવ્યું હતું. ત્યાર બાદ જ્યારે પ્રશ્નોત્તરીનો બીજો દોર શરૂ થયો ત્યારે બૅન્કના કર્મચારીઓમાંથી કોઈએ આવું લખાવ્યું ન હતું. પણ અગિયારમા દિવસે સવારે, બૅન્કમાં ટેલિફોન ઑપરેટર-કમ-ક્લાર્ક તરીકે કામ કરતી માલતી રાયસંગાની નામની છોકરીએ જણાવ્યું હતું કે તેણે પણ લિડો કે લિયો અને શેક્સપિયર કે ચેક ફાયર જેવા શબ્દો સાંભળ્યા હતા.

આઈ.જી.પી. મોરારકા આ બાબત અંગે વિજયાએ જ્યારે મૂળ સ્ટેટમેન્ટ આપ્યું ત્યારથી વિચાર કરતા હતા. અને ડી.એસ.પી. હાંડા સાથે એ બાબતમાં તેમણે ચર્ચા પણ

કરી હતી. હાંડા પોતે એવા મતના હતા કે લૂંટ વખતે શેક્સપિયર શબ્દ કોઈ બોલે તે અજુગતી વાત હતી. પણ વિજયા મલહોત્રા તે બાબત મક્કમ હતી. તે દઢતાપૂર્વક એ વાતને વળગી રહી હતી કે 'કમ-ઑન લિયો' અને 'હરી અપ શૅક્સપિયર' એમ બોલાતું તેણે સાંભળ્યું હતું. અલબત્ત એ કોણ બોલ્યું તેની તેને ખબર ન હતી કારણ તે લગભગ આઘાત પામીને તરફડતા પટાવાળા તરફ અને મિસિસ સ્વરૂપ તરફ જોઈ રહી હતી. પોલીસે લગભગ દરેક જણને પૂછ્યું હતું પણ બધા એટલા સ્તબ્ધ હતા કે તેમને યાદ આવતું ન હતું. માલતી રાયસંગાની નામની છોકરીએ તેના બીજી વખતના સ્ટેટમેન્ટમાં લખાવ્યું હતું કે ચેક ફાયર અથવા શેક્સપિયર શબ્દ તેણે સાંભળ્યો હતો. તે બરાબર ચોક્કસ ન હતી કે શેકસપિયર બોલાયું હતું. પણ કોઈકે લિડો કે લિયો એ શબ્દો જરૂર ઉચ્ચાર્યા હતા.

મોરારકા વિચારમાં પડ્યા હતા કે ખરેખર લૂંટારાઓએ શેક્સપિયર કે લિયો જેવાં નામો રાખ્યાં હશે કે પછી સાક્ષીઓએ કંઈક જુદા જ શબ્દો સાંભળ્યા હશે ? શેક્સપિયરને બદલે ચેક ફાયર બોલાયું હોય તે વધુ તાર્કિક છે. છતાં વિજયા મક્કમતાથી કહેતી રહી હતી કે શેક્સપિયર અને લિયો જ બોલાયું હતું.

મોરારકાના મગજમાં આ વાત ઘૂમતી રહી અને ભોજન પતાવ્યા પછી તેમણે એક પછી એક ટપાલ ખોલવા માંડી હતી. 'પર્સનલ' લખેલી ટપાલો જુદી રાખવામાં આવી હતી. એ થોકડીમાંથી તેમણે બેત્રણ કાગળો ખોલ્યા અને પછી પેલું કવર તેમના હાથમાં આવ્યું. તેમણે એ ફોડ્યું અને એકાએક ચિત્કારી ઊઠ્યા.....

'માઈ ગૉડ... માઈ ગૉડ...' એટલું જ બોલીને તે ઊછળીને ઊભા થયા. તેમના ધક્કાથી ડાઈનિંગ ટેબલની ખુરસી ઊલળીને પડી. તેમનાં પત્ની દોડી આવ્યાં. તેમણે પોતાના પી.એ.ને બૂમ પાડી.

'કૉલ ધ ડી.એસ.પી. ઈમિજિયેટલી... રિંગ અપ ધ લૅબ. આઈ વૉન્ટ રામનાથન હિયર...'

પી.એ. દોડીને તેમનો હુકમ પાળવા ચાલ્યો ગયો. મોરારકા તેમના હાથમાંની રંગીન તસ્વીરો જોતા રહ્યા... એક પછી એક ફોટો જોઈને તે એમની પત્નીને આપતા ગયા.

'ફૅન્ટાસ્ટિક... માઈ ડાર્લિંગ, ફૅન્ટાસ્ટિક... ઈટ્સ એ બ્રેક... એ ટેરિબલ બ્રેક...' તે આનંદથી બોલી ઊઠ્યા. તેમનાં પત્નીના ચહેરા પર રતાશ આવી. છેલ્લા દસ દસ દિવસથી ઊંઘ હરામ કરીને મથી રહેલા પતિના આનંદથી જ મિસિસ મોરારકા ખુશી અનુભવી રહ્યાં.

તે પછીના કલાકમાં ફોટોગ્રાફસ અને નેગેટિવ્ઝ તથા તેના પરબીડિયા પરથી શક્ય ફિન્ગર પ્રિન્ટસ લેવામાં આવી. તેના પોસ્ટેજ સ્ટેમ્પનો ફોટો લેવાયો. પરબીડિયું બીજાં પૃથક્કરણો માટે ફોરેન્સિક લૅબમાં મોકલાયું હતું. બીજા દિવસે વિમાન દ્વારા રાજસ્થાન પોલીસ ડિપાર્ટમેન્ટનો એક્સપર્ટ કેમેરામન રામનાથન મુંબઈ પહોંચ્યો હતો.

**

કોડાકની ૪૦૦ એ. એસ. એ. ફિલ્મ પર લેવાયેલા એ ફોટાની મોટી કૉપીઓ કાઢવામાં આવી. એટલું જ નહિ પણ નેગેટિવના એકેએક મિલીમીટરને એન્લાર્જ કરીને કૉપીઓ કાઢવામાં આવી જે ડેવલપ કરેલી પ્રિન્ટો હતી તે પ્રિન્ટો પરની ચોક્કસ જગ્યાએ સ્કેઈલ કરીને તેને એન્લાર્જ કરાવવામાં આવી હતી. ઝૂમ લેન્સથી લેવાયેલા એ ફોટાઓ તદ્દન સ્પષ્ટ આવ્યા ન હતા, છતાં પોલીસ કામગીરીમાં તે અદ્‌ભુત રીતે મદદરૂપ નીવડે તેવા હતા. એ પરબીડિયું મળ્યું તેમાં જે પ્રિન્ટો હતી તે પ્રમાણે તપાસના હુકમો તાત્કાલિક અપાયા હતા. પરંતુ ત્રીજા દિવસે સવારે જ્યારે રામનાથન એન્લાર્જ કરેલી કૉપીઓ લઈને આવ્યો ત્યારે એ તપાસમાં જબરદસ્ત વેગ આવ્યો હતો.

**

હાથીની અંબાડી પર બેસીને કોઈએ એ ફોટા લીધા હતા. ટૉપ ઍન્ગલ પરથી લેવાયેલા સોળ ફોટામાંથી બેમાં હાથીના માથાનું ટોપચું આવ્યું હતું અને એકમાં તેની ઊંચી થયેલી સૂંઢ આવી હતી. એ ફોટા કોણે લીધા હતા તેની તલાશની સાથે સાથે ફોટાની વિગતો પણ કડીબદ્ધ રીતે ગોઠવવામાં આવી હતી.

ફોટામાં હાથમાં થેલા સાથે બેન્કમાંથી નીકળતી વ્યક્તિઓની ઝાંખી આકૃતિઓ દેખાતી હતી. એક ફોટામાં જોંગામાં ચડી રહેલા બે આદમીઓ દેખાતા હતા. ડ્રાઈવર સીટમાં ચડતો આદમી કંઈક વધુ સ્પષ્ટપણે દેખાતો હતો. ફોટાઓ પરથી જોંગા ગાડીને જે જગ્યાએ પાર્ક કરવામાં આવી હતી તે, તેના સન ગ્લાસની ભીતરમાં દેખાતા આકારો અને લૂંટારાઓમાંથી ત્રણ જણની લગભગ સ્પષ્ટ છબીઓ તારવવામાં આવી હતી. જેણે પણ ફોટા લીધા હતા, તેને કેમેરાનો ઝૂમ લેન્સ બરાબર ફોકસ કરવાનો મોકો મળ્યો નહિ હોય તેવું લાગતું હતું. તેમ છતાં ઘણી બધી વિગતો એ ફોટામાંથી મળતી હતી. કલર ફિલ્મ હોવાને કારણે લૂંટારાઓએ પહેરેલા પહેરવેશ, ગૉગલ્સ, બૂટ, મોજાં, હાથમોજાં વગેરે આઉટ ઑફ ફોક્સ હોવા છતાં નક્કી થઈ શક્યું હતું.

પોલીસે પ્રથમ વાર તેમણે લીધેલા સ્ટેટમેન્ટમાં કહેવાયેલા લૂંટારાઓનાં વર્ણન અને ફોટો પરથી દેખાતા લૂંટારાઓ પરથી લગભગ ચોક્કસ પ્રકારની આકૃતિઓ ઉપસાવી. દિલ્હી સેન્ટ્રલ લૅબમાંથી નિષ્ણાતોને અને પોલીસ આર્ટિસ્ટસને બોલાવવામાં આવ્યા હતા.

જેમાં હરીશ જૈન, જિગર પરોત અને અશોક શેખાવતના ચોક્કસ દેખાય તેવા આકારો ઉપસાવી શકાયા હતા. દરમ્યાનમાં ફોટો મોકલનારની શોધ ચાલી હતી. ફોટા હાથી પરથી લેવાયા હતા એટલે લૂંટ વખતે આસપાસમાં ક્યાંક હાથી હતો તેવું અનુમાન તદ્દન તર્કબદ્ધ હતું. આજુબાજુના દુકાનદારો અને ડિપોઝિશન આપનારા અન્ય સાક્ષીઓ પાસેથી માહિતી મળી હતી કે બે કે કદાચ ત્રણ હાથીઓ સાથે બાવાઓની એક જમાત તે વખતે પસાર થઈ રહી હતી. કોઈ લઘરવઘર ગોરો આદમી અને ગોરી સ્ત્રી ફોટા લઈ રહ્યાં હતાં.

તરત જ હુકમ છૂટ્યા હતા અને તે વખતે ત્યાં હાથી ક્યાંથી આવ્યો હતો તેની તલાશ શરૂ કરવામાં આવી હતી. ઉદેપુરની આસપાસ બાવાઓની જમાતોમાં હાથી કઈ જમાતમાં છે તે શોધવા માટે આખા રાજસ્થાનમાં પોલીસ તલાશ શરૂ થઈ હતી. અને આખરે જયપુરથી થોડે દૂર અંબર પાસે હાથીવાળી જમાત મળી આવી હતી. એ સાથે સ્પેશિયલ એસ્ટાબ્લિશમેન્ટની ફૉરિનર્સ શાખામાંથી તે તારીખો દરમ્યાન ઉદેપુરની વિઝિટે આવેલાં પરદેશીઓની યાદી ઘડવામાં આવી.

રિપોર્ટર્સના ગંજ ખડકાયા. ફોટાઓ પરથી લૂંટારાઓની સંખ્યા નિશ્ચિત થઈ. ચામડીના રંગનો અને વાળના રંગનો અંદાજ આવ્યો. બૂટ અને કપડાં એકસરખાં હતાં. ગૉગલ્સ અને હાથમોજાં, પગનાં મોજાં, બધું યુનિફૉર્મ હતું. ઉદેપુરની બૂટની દુકાનો, તૈયાર કપડાંની, ચશ્માંની અને હોઝિયરીની દુકાનોમાં તલાશ શરૂ થઈ. પોલીસને અહીં પ્રથમ સફળતા મળી હતી. બૂટની ખરીદી અને ચશ્માંની ખરીદી એકસાથે થઈ હતી. પોલીસે દુકાનદારોને એન્લાર્જ કરેલા ફોટા બતાવ્યા હતા અને તેમાંથી એક દુકાનદારે હરીશ જૈનને ઓળખી બતાવ્યો હતો. તેમ છતાં એ હરીશ જૈન હતો તેવું તે વખતે નક્કી થયું ન હતું.

**

આઈ.જી.પી. મોરારકાએ ફરી વખત વિજ્યા મલહોત્રા અને માલતી રાયસંગાનીના જવાબો વાંચ્યા હતા અને લૂંટની તપાસના તેર દિવસ પછી પણ મોરારકાને એ પ્રશ્ન સતાવતો હતો... લિયો કે શેક્સપિયર શબ્દ શા માટે બોલાયો હશે ? આઈ.જી.પી. પોતે વિજ્યાને મળ્યા હતા. તે ચોક્કસ હતી. તેના વિધાનમાં સ્પષ્ટ હતી.

'મને સમજાતું નથી હાંડા સાહેબ... આ એક જ વાત સમજાતી નથી. લૂંટારાઓ પોતે પોતાનાં જુદાં નામ રાખે, નંબર રાખે, એકમેક સાથે વાતચીત કરવા માટે તેમણે ગમે તે નામ રાખ્યાં હોય પણ શેક્સપિયર નામ શું કરવા રાખે ?' આઈ.જી.પી. મોરારકાએ હાંડા સાથેની ચર્ચામાં કહ્યું.

'કદાચ વિજ્યાએ ખોટું સાંભળ્યું હોય. મને તો માલતી કહે છે તેમ ચેક-ફાયર શબ્દ બોલાયો હોય તેમ લાગે છે.'

'મને નથી લાગતું. મને બે પ્રશ્નો મૂંઝવે છે. એક તો એ કે શેક્સપિયર જેવું નામ શા માટે રખાય ? એટલું જ નહિ, બીજાનું નામ લિયો શા માટે હોય ? તર્કની દૃષ્ટિએ વિચારીએ તો જો લૂંટારાઓએ પોતાના બનાવટી નામ રાખવાનું વિચાર્યું હોય અને જો તે ભણેલા હોય તો શેક્સપિયરની સાથે બીજું નામ ટૉલ્સ્ટૉય હોય, એમિલ ઝોલા હોય કે એવા કોઈ સાહિત્યકારનું નામ હોય. પણ લિયો બેસતું નથી. જો લિયો નામ રાખવું હોય તો બીજાનું નામ સ્મિથ કે જૉન કે રૉય જેવું રાખી શકાય....'

ડી.એસ.પી. હાંડાને આ વાતથી કંટાળો આવતો હતો પણ પોતાના સાહેબની વાત સાંભળવી તે એમની ફરજ હતી.

'મને લાગે છે સર, આપણે ફોટાઓ પર વધુ ધ્યાન આપવાની જરૂર છે.'

'એ ફોટા લઈને આખા રાજસ્થાનમાં કે કદાચ આખા હિંદમાં ફરીએ તો શું આપણે શોધી શકીશું કે તે લોકો કોણ છે ?'

'આપણી પાસે વર્ણન છે....'

'વર્ણન કરતાં નામ અગત્યનાં બની જાય, મિ. હાંડા... વી હેવ ટૂ નેમ્સ ઍન્ડ એબવ ધ ફોટોગ્રાફ્સ... વી હૅવ ટુ મૅચ ધેમ... ઍન્ડ ફાઇન્ડ આઉટ.' કહીને મોરારકાએ ઘંટડી વગાડી. પી.એ.ને બોલાવ્યો અને ફોટાનું આલબમ મંગાવ્યું.

આલબમમાં હરીશ જૈનનો કંઈક સ્પષ્ટ ફોટો હતો. જિગર અને અશોકના ઝાંખા ફોટાઓ હતા. વધુ પડતા પ્રકાશ અને ટૉપ ઍન્ગલ પરથી, ટેલિફોટો ઝૂમથી લેવાયેલા, ફોક્સ કર્યા વગરના ફોટાઓને કારણે ચહેરા પર સારી એવી કાળાશ હતી. એટલું જ નહિ પણ બ્લર્ડ ફિગર્સ હતી. ફક્ત તેમણે પહેરેલાં કપડાં, ગૉગલ્સ, હાથમોજાં કંઈક વધુ સ્પષ્ટ દેખાતાં હતાં. બીજાં એક જણનો હાથ અને પગ દેખાતો હતો, જ્યારે એક આદમી સ્ટેશનવૅગનની પાછળ ચડતો દેખાતો હતો.

'આમાં શેક્સપિયર કોણ હોઈ શકે ?'

'ધારો કે, મોરારકા સાહેબ, તમે કહો છો તેવું હોય તોપણ આ ફોટાઓ પરથી કેવી રીતે એવું કહી શકાય ? કદાચ શેક્સપિયર નામવાળો આદમી આ વાનમાં ચડતો દેખાય છે તે પણ હોય અથવા આ જેના પગ અને હાથ દેખાય છે તે પણ હોય...' હાંડાએ સમજાવ્યું.

'મે બી... મે... બી... પણ આ જે થોડા સ્પષ્ટ દેખાય છે તે માણસોમાંથી કોઈને શેક્સપિયર નામ આપવું હોય તો તમે કોને આપો ?'

'એકેને નહિ.' હાંડાએ જવાબ આપ્યો. મોરારકા હસ્યા. ત્યાં જ પી.એ.એ સમાચાર આપ્યા કે સબ-ઈન્સ્પેક્ટર ગુરુદયાલ હાંડા સાહેબને મળવા માગે છે.

'મોકલ અંદર' મોરારકાએ કહ્યું. ગુરુદયાલ કંઈક ક્ષોભ અનુભવતો અંદર આવ્યો.

'શું હતું ?' હાંડાએ પૂછ્યું.

ગુરુદયાલે સલામ કરી. પોલીસ ખાતામાં બે જ વર્ષ પહેલાં જોડાયેલો આ શીખ જુવાન ઉત્સાહપૂર્વક આ તપાસમાં ભાગ લઈ રહ્યો હતો.

'સાહેબ, ફૉરિનર્સનું લિસ્ટ અમે ચેક કરી લીધું છે. હાથીવાળા બાવાઓના કહેવા પ્રમાણે જે ગોરા યુગલે હાથી પર સવારી કરી હતી તે અંગ્રેજી બોલતાં ન હતાં. અંગ્રેજોને બાકાત રાખીએ તો ઉદેપુરમાં લૂંટની તારીખની આસપાસ એક જાપાનીઝ ડેલિગેશન દિલ્હીથી આવ્યું હતું. દસ જર્મન યુગલો, બે ચીલીથી આવેલા યુવાનો, પાંચ યુગલો નેધરલૅન્ડથી અને બે યુગલો ફ્રાંસથી આવેલાં હતાં. બાકી જે પરદેશીઓ આવ્યા હતા તે કાં તો એકલા અથવા ટૂરિસ્ટ ગ્રૂપમાં આવેલા છે.'

'નોટિફાઇ ધ ઍમ્બસીઝ...' હાંડાએ કંઈક તોછડાઈથી કહ્યું. ગુરુદયાલ સલામ કરીને જતો હતો ત્યાં આઈ.જી.પી.એ તેને રોક્યો.

'સબ-ઈન્સ્પેક્ટર...'

'યસ... સર...'

'એક મિનિટ...' એમ કહીને તેમણે ટેબલ પર પેલું આલબમ ખોલીને મૂક્યું. હાંડાએ બગાસું ખાધું.

'હવે મને કહો, આ ફોટામાં જે માણસો દેખાય છે તે બરાબર જુઓ...' મોરારકાએ કહ્યું. પેલાએ આલબમ પર ઝૂકીને ધ્યાન કેન્દ્રિત કર્યું.

'હવે મને કહો. આ ફોટામાંના કયા આદમીને તમે લિયો કહી શકો અને કયા આદમીને શેક્સપિયર ?' મોરારકાએ પૂછ્યું. ગુરુદયાલ સમજ્યો નહિ. તે સ્તબ્ધતાથી ઊભો રહ્યો. મોરારકાએ ફરી સમજાવ્યું કે 'આ ત્રણ માણસોમાં ક્યા માણસને તમે શેક્સપિયર નામ આપો અને ક્યાને લિયો ?...'

'સાહેબ... આઇ એમ સૉરી.... આપ શું પૂછવા માગો છો તે મને સમજાતું નથી.' ગુરુદયાલે જવાબ વાળ્યો.

મોરારકાએ ફરી સમજાવ્યું.

'ઓહો..... યસ સર. હવે સમજ્યો. મારે જો આમાંથી લિયો નામ કોઈને આપવાનું હોય તો હું આ આદમીને આપું અને શેક્સપિયર આ આદમીને. અથવા આ આદમીને...' ગુરુદયાલે જવાબ આપ્યો.

'મતલબ શેક્સપિયર કોને કહેવો તમને સમજાતું નથી. બરાબર ?'

'યસ સર....'

'પણ તો પછી લિયો બાબત તમે કેમ ચોક્કસ છો ?' મોરારકાએ પૂછ્યું.

'કારણ આ આદમી લિયો જેવો જ દેખાય છે.'

'એટલે ?' હાંડા અને મોરારકા બોલી ઊઠ્યા.

'કારણ આ આદમી અમારા લિયો જેવો દેખાય છે.' ગુરુદયાલ બોલી ઊઠ્યો.

'વૉટ ? ' મોરારકા એકદમ ખડા થઈ ગયા. તે સાથે ટેબલ પર પડેલા પાણીના ગ્લાસને તેમનો ધક્કો વાગ્યો. ગુરુદયાલના ચહેરા પર એકાએક ગભરામણ તરી આવી.

**

ગુરુદયાલસિંગનો જવાબ સાંભળીને આઈ.જી.પી. મોરારકાને આંચકો લાગ્યો હતો. 'વૉટ !' ઉદ્ગાર સાથે તે ખુરસી પરથી ઊભા થઈ ગયા હતા અને ટેબલ પર પડેલો ગ્લાસ ઊડ્યો હતો. ટેબલની ધાર સાથે અથડાઈને એ ગ્લાસ નીચે પછડાઈને તૂટ્યો હતો. ગુરુદયાલસિંગ 'જેન્ટલમૅન' ઑફિસર હતો. ગાઝિયાબાદના એ જવાન શીખનું ખાનદાર લશ્કર સાથે સંકળાયેલું હતું. તેનો બાપ જાટ રેજિમેન્ટમાં સૂબેદાર મેજર તરીકે રિટાયર થયો હતો. તેનો મોટો ભાઈ ઍર ફૉર્સમાં હતો. ઇન્ટરમિજિયેટ પછી ગુરુદયાલ પોલીસમાં ભરતી થયો હતો. તેના બાપુજી રિટાયર થયા પછી ઉદેપુર હિન્દુસ્તાન ઝિંકમાં સિક્યોરિટી ડિપાર્ટમેન્ટમાં જોડાયેલા અને ઉદેપુરમાં જ 'સેટલ' થયા હતા.

ગુરુદયાલસિંગ નીચે વળ્યો. મોરારકા સાહેબથી તૂટેલા ગ્લાસના ટુકડા તે એકઠા કરવા જતો હતો ત્યાં જ સાહેબે કહ્યું, 'નેવર માઇન્ડ ધ ગ્લાસ... ઑફિસર.' અંગ્રેજ વિવેકથી તેમણે સ્મિત આપ્યું અને ટેબલ પર પડેલા ફોટા એકઠા કર્યા. 'તમે આ કમરામાં આવો.' કહીને એ બાજુના સિટિંગ રૂમમાં ગયા. ગુરુદયાલ થોડીક ક્ષણો ડી.એસ.પી. જગન્નાથ તરફ જોતો ઊભો રહ્યો. તેણે કેવલ સંજ્ઞાથી જ ડી.એસ.પી. સાહેબને પૂછ્યું કે તેણે કશું બાફ્યું તો નથી ને ! ડી.એસ.પી.એ ખભા સંકોડ્યા. 'રાજા વાજા ને વાંદરા' એવું કંઈક તે બોલવા માગતા હોય તેવી ખીજ અને કંટાળો તેમના ચહેરા પર ઊપસી આવ્યાં. આમેય આઈ.પી.એસ. થઈને સીધા જ ચડી બેસતા અફસરો પ્રત્યે તે પૂર્વગ્રહ સેવતા અને તેમાં આ મોરારકા સાહેબ ત્રણ દિવસથી આ લિયો અને શેક્સપિયર શબ્દોની પાછળ લઠ લઈને પડ્યા હતા.

કમબખ્ત પેલી બૅન્કની છોકરીએ તેનું વિચિત્ર સ્ટેટમેન્ટ આપીને હાંડાની ઊંઘ હરામ કરી નાખી હતી. અને આ મોરારકા સાહેબ એ શબ્દોમાં જ જાણે લૂંટની 'લીડ' હોય તેમ તેનો છાલ છોડતા ન હતા. આ ઓછું હોય તેમ પાછું અત્યારે આ ગુરુદયાલના બચ્ચાએ પાછી વાંદરાને નિસરણી આપી હતી. પણ શું થાય ! મોરારકા ઇન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ !!

'ગુરુદયાલ...' મોરારકાએ સિટિંગ રૂમમાં સોફા પર બેઠક લીધી. 'તમે મને શું કહ્યું ?'

'સર....' ગુરુદયાલ મૂંઝાઈને માત્ર એટલું જ બોલ્યો.

'આઈ વૉન્ટ યૂ ટૂ રિપીટ વૉટ યુ સેઇડ...' મોરારકાએ ધીરેથી કહ્યું.

'એટલે સર...સર આપે મને ફોટા દેખાડ્યા અને મેં જવાબ આપ્યો કે આ માણસનું નામ લિયો હોઈ શકે. આપે કારણ પૂછ્યું એટલે મેં કહ્યું કે કારણ કે આ લિયો જેવો દેખાય છે...આઈ મીન.... એ....'

'ડૉન્ટ બી નર્વસ, ઑફિસર.... લેટસ સ્ટ્રેઈટન આઉટ થિંગ્ઝ.' મોરારકા બોલ્યા અને તેમણે ગુરુદયાલ અને ડી.એસ.પી. હાંડાને બેસવા કહ્યું.

'ફરીથી તમે આ ફોટોગ્રાફસ જુઓ અને મને કહો આમાં લિયો નામ કોનું હોઈ શકે ?'

'બટ સર... ધૅટ વિલ મેક નો ડિફરન્સ.' હાંડાથી આખરે ન રહેવાયું અને તે બોલી ઊઠ્યા.

'તમારી વાત સાચી છે, હાંડા સાહેબ.' મોરારકા કરતાં હાંડા ઉંમરમાં મોટા હતા એટલે જ તે આટલા માનાર્થે તેમને સંબોધતા 'બટ આઈ હેવ એ હન્ચ... ઍન્ડ માઈ ફર્સ્ટ રૂલ ઇઝ ટુ ફૉલો એ હન્ચ...' કહીને તેમણે જવાબની અપેક્ષા સાથે ગુરુદયાલ તરફ જોયું. ગુરુદયાલ હવે તદ્દન ઝીણવટથી અને કંઈક સંકોચથી ફોટાઓ તરફ જોતો હતો.

'વેલ સર... ફરીથી મને એમ જ લાગે છે કે આ જાડિયા દેખાતા આદમીને લિયો નામ આપી શકાય.'

'આ પાતળાને કેમ નહિ ?' મોરારકાએ ફોટામાં દેખાતા હરીશ જૈન તરફ આંગળી કરીને કહ્યું.

'ઍસોસિયેશન સર... એ સાઇકોલૉજિકલ છે સાહેબ. અને મારો મત ખોટો હોઈ શકે. આઈ મીન આઈ મે બી કમ્પ્લીટલી રૉન્ગ. કદાચ આ પાતળાનું નામ પણ લિયો હોઈ શકે.'

'પણ તમને શાથી એમ લાગે છે કે...'

'મેં કહ્યુંને સાહેબ... મેન્ટલ ઍસોસિયેશન. હું એક લિયો નામના છોકરાને.. આઈ મીન યંગમૅનને ઓળખું છું અને એ શરીરે ભારે છે... આઈ મીન સર આ ફોટામાં દેખાય છે તેવો જાડિયો છે. બાકી બીજા કોઈને આ પાતળો માણસ પણ લિયો લાગે...'

'તમે ઓળખો છો, એ લિયો ક્રિશ્ચિયન છે ?'

'નહિ સાહેબ તે... રાજપૂત છે.'

'તો પછી તેનું નામ....'

'લિયો તેનું હુલામણું નામ છે. આમ તો તેનું સાચું નામ અશોક છે. અશોક શેખાવત... પણ બધા તેને લિયો કહેતા.. લિયોનાર્દો દ વિન્ચી કહેતા.'

'અચ્છા !' મોરારકાએ ઉદ્ગાર કાઢ્યો. હાંડા સાહેબે કંટાળીને ગજવામાંથી સિગારેટ કાઢી. તેમને આ વાર્તાલાપની કોઈ અગત્ય લાગતી ન હતી. ગુરુદયાલ જે ઇન્ફર્મેશન મેળવીને લાવ્યો હતો તે વધુ અગત્યની હતી. જેણે પણ આ ફોટા મોકલ્યા હતા તે પરદેશીઓ વિશે પ્રથમ અને તાત્કાલિક તપાસ થવી વધુ જરૂરી હતી.

'ખરેખર ! ગજબ કહેવાય ! ગુરુદયાલસિંગ, કોઈનું નામ લિયોનાર્દો દ વિન્ચી પડ્યું હોય તે કલ્પનામાં જલદી નથી આવતું. અમે ભણતા ત્યારે કોઈને ફેટી, લૉન્ગી, બાઘો, ડ્રેક્યુલા એવાં નામો આપતા...'

'યૂ આર રાઇટ, સર. કોઈનું પણ આવું નામ પડે ત્યારે તેમાં કંઈક કટાક્ષ તો હોય જ... પણ આ લિયો... આઈ મીન અમે જેને લિયોનાર્દો દ વિન્ચી કહેતા એ સાચેસાચ ફેન્ટાસ્ટિક આદમી હતો. વેરી બ્રાઇટ.... જીનિયસ જ કહોને... વી સ્ટડીડ ઍન્ડ પ્લેઇડ ટુ ગેધર.. અમારી ટીમમાં એ ગોલકીપર હતો.' ગુરુદયાલ હવે ઉત્સાહમાં આવીને બોલતો હતો. આઈ.જી.પી. જેવા સર્વોચ્ચ અફસર સાથે આવી ઔપચારિક વાત કરવાનો મોકો તે છોડવા માગતો ન હતો. સાહેબની નજર તેના પર ઠરે અને ભવિષ્યમાં સાહેબ સાથે અંગત પરિચય ચાલુ રહે તેવી તક અત્યારે આવી હતી.

'પણ તેને લિયો કેમ કહેતા ? આઈ મીન હૂ ગેવ હિમ ધ નેઇમ ?'

'એ મને એક્ઝેક્ટલી ખબર નથી. પણ મોસ્ટ પ્રૉબેબલી ગોવિંદ ભંડારી કાયમ તેને લિયો કહેતો અને એટલે બધા એને લિયો કહેતા...'

'ગોવિંદ ભંડારી ? એ કોણ ?'

'લિયોનો ખાસ દોસ્ત. એ પણ લાજવાબ છોકરો. ઑલ્વેઝ ડિસ્ટિંક્શન.. પહેલે જ નંબરે આવે. એ બન્ને એક્સપર્ટ. બાકી લિયો મિકેનિકલ બ્રેઇનવાળો. ગમે તે ગેજેટ આપો એ રિપૅર કરી આપે... ડ્રૉઇંગમાં માસ્ટર... ફોટોગ્રાફી, રેડિયો, ઇલેક્ટ્રોનિક્સ.. ટૂલ્સ... એનિથિંગ.... બધું સાલાને... સૉરી સર...' એકાએક ગુરુદયાલ અટક્યો...

સાહેબ આગળ સાલા બોલીને તેણે ઇમ્પ્રેશનની પત્તર ફાડી નાખી તેવું તેને લાગ્યું. તેને પોતાની જાત પર ખીજ ચડી. તેણે ખોટો ખોટો ખોંખારો ખાધો.

'નેવર માઇન્ડ યંગમૅન... ઇટ્સ ઓ. કે...'

'વેલ સર... એ લિયો ક્યારેક ફની ગેજેટ્સ બનાવી લાવતો. દાખલા તરીકે રિમોટ કંટ્રોલથી હસતો ચિમ્પાન્ઝી... ક્વૅકિંગ ડક.. અને એવું બધું કંઈક ને કંઈક એ બનાવી શકતો....' ગુરુદયાલ અટક્યો.

'ક્યાં છે એ અત્યારે ?'

'અહીં જ છે. ઉદેપુરમાં.... એન્જિનિયરિંગમાં... યૂ સી સર, અમે છૂટા પડ્યાને ઘણો વખત થયો. ઇન્ટરમિડિયેટ પછી હું પોલીસ ફોર્સમાં ગયો અને લિયો એન્જિયનિરિંગમાં. હવે તો ખાસ મળવાનું થતું નથી. ક્યારેક ભટકાઈ જાય છે.'

'અચ્છા.... વેરી ઇન્ટરેસ્ટિંગ. કોઈ દિવસ એને મળવા લઈ આવજો. આઈ લાઇક સચ ચૅપ્સ.'

'ચોક્કસ સાહેબ...' ગુરુદયાલે કહ્યું.

'એ હૉસ્ટેલમાં રહે છે ?'

'નહિ સાહેબ... પ્રતાપ કૉલોનીમાં. એક ગરાજમાં રહે છે. ગોવિંદ ભંડારી અને એ બન્ને સાથે.' ગુરુદયાલે જવાબ વાળ્યો.

'ઓ. કે. ઑફિસર....' મોરારકાએ ફોટાની થપ્પી સરખી કરતાં કહ્યું. તે સાથે જ ગુરુદયાલસિંહ ઊભો થયો અને તેણે સલામ ઠોકી.

'ગુડનાઇટ સર...'

'ગુડનાઇટ.' મોરારકાએ હસીને કહ્યું. ગુરુદયાલ અફસરી વિવેક સાથે બહાર નીકળ્યો. તેના ગયા પછી મોરારકાએ હાંડા તરફ જોયું...

'તમને શું લાગે છે હાંડા સાહેબ ?'

'શેનું સર...'

'આ ગુરુદયાલની વાતનું. તમને નથી લાગતું કે આઇડેન્ટિફિકેશનમાં તે ખૂબ જ ઝડપી હતો. આઈ મીન સ્પૉન્ટેનિયસ...'

'એટલે સાહેબ ?' હાંડાએ ત્યાં ટિપોય પર પડેલી ઍશ-ટ્રેમાં સિગારેટ બુઝાવી.

'હું એમ કહેવા માગું છું કે ગુરુદયાલે ફોટો જોતાં જ જે પ્રતિક્રિયા કરી તે વધુ પડતી ઝડપી હતી. આઈ મીન ઇટ વૉઝ ટૂ સ્પૉન્ટેનિયસ... મને એ સ્ટ્રેઇન્જ લાગ્યું.' મોરારકા બોલ્યા.

'એ તો ગુરુદયાલે જ તમને સમજાવ્યું ને સાહેબ, મેન્ટલ ઍસોસિયેશન. તમે એને પૂછ્યું કે આમાં લિયો નામ કોને આપી શકાય કે તરત તેને એનો મિત્ર યાદ આવ્યો. એ જાડિયો છે એટલે ફોટામાંના આ જાડા માણસને તેણે લિયો નામ આપી શકાય તેમ કહ્યું... વેલ... તદ્દન સીધુંસાદું ઍસોસિયેશન...'હાંડાએ કહ્યું.

'આઈ ઍગ્રી. પણ તેનો જવાબ ખૂબ જ સ્પૉન્ટેનિયસ. હું તમને સમજાવી શકતો નથી, પણ ખૂબ જ ઝડપથી તેણે જવાબ આપ્યો. આઈ મીન હી જસ્ટ રિપ્લાઇડ... જાણે ખરેખર તે તેના મિત્રને જ જોતો હોય તેટલી સરળતાથી તેણે જવાબ આપ્યો હતો.'

ડી. એસ. પી. હાંડા ઝીણી આંખે મોરારકા તરફ જોઈ રહ્યા. 'એટલે સર...'

'લૂંટ વખતે લિયો અને શેક્સપિયર શબ્દ બોલાય તે વાત જ કંઈ બંધબેસતી નથી. જો બૅન્કની પેલી છોકરી તેના સ્ટેટમેન્ટમાં આટલી મક્કમ ન હોત તો મને એ વાત અગત્યની ન લાગત. બીજી છોકરીએ પણ લિડો કે લિયો, શેક્સપિયર કે ચેક ફાયર શબ્દો સાંભળ્યા હતા... એટલે એવું કંઈક બોલાયું હતું તે ચોક્કસ છે.' મોરારકા લગભગ સ્વગતોક્તિ કરતા હોય તેમ બોલ્યા. 'અને મિ. હાંડા, તમને નથી લાગતું કે લૂંટ ચાલતી હોય, આવું ટેન્શન હોય અને કોઈ પણ લૂંટારો શેક્સપિયર શબ્દ બોલે તે વિચિત્ર કહેવાય?'

'હું એ જ કહી રહ્યો છું કે એ ખોટું છે. એ છોકરીએ સાંભળવામાં ભૂલ કરી છે.'

'કે પછી હાંડા સાહેબ આપણે સમજવામાં ભૂલ કરી રહ્યા છીએ?' મોરારકાએ તરત જ કહ્યું. હાંડા ચૂપ થઈ ગયા.

'ડૂ યૂ નો... માણસ જો ટેન્શનમાં હોય અને તેને કોઈ બીજાને બૂમ પાડવાની થાય તો તેના મોં પર જે નામ આવે તે જ બોલે. દાખલા તરીકે હું ટેન્શનમાં હોઉં અને મારે તમને બૂમ પાડવાની હોય તો હું તમને 'હાંડા' અથવા 'હાંડા સાહેબ' કહીને જ બૂમ મારું, મિ. જગન્નાથ નહિ. આઈ મીન, ડૂ યૂ ગેટ માઇ પૉઇન્ટ?'

'એટલે તમારું એમ કહેવું છે કે લૂંટમાં સંડોવાયેલામાંથી કોઈ એકનું નામ લિયો હોવું જોઈએ અને બીજાનું નામ શેક્સપિયર...?'

'સાચું નામ નહિ... પણ હુલામણું નામ... નિકનેઇમ...જે નામે તેમને સૌ કોઈ બોલાવતા હોય અથવા જે નામે તે પૉપ્યુલર હોવા જોઈએ. એટલે આપણે એ તપાસ કરવાની કે કોણ શેક્સપિયર તરીકે ઓળખાય છે અને કોણ લિયો તરીકે ઓળખાય છે? આપણી પાસે જે ગુનેગારોની ફાઈલ છે તેમાં આપણે તપાસ કરવી જોઈએ.'

'હું હુકમો આપું છું.' હાંડાએ કહ્યું. 'બીજું કાંઈ સર...' હાંડાએ પૂછ્યું.

'નહિ, અત્યારે તો બીજું કાંઈ જ નહિ.' મોરારકાએ કહ્યું. હાંડા સાહેબ ગુડ નાઇટ કહીને કમરાને ઉંબરે પહોંચ્યા ત્યાં એકાએક મોરારકાએ તેમને અટકાવ્યા.

'એક મિનિટ... મિસ્ટર હાંડા, મને પ્રશ્ન થાય છે કે કોઈ પણ માણસને આપણે શેક્સપિયર કહીને ક્યારે બોલાવીએ?'

'એનું નામ શેક્સપિયર હોય ત્યારે....'

'અથવા તો તેનું એવું નામ પડ્યું હોય તો... જેમ કે જાડો આદમી આપણો દોસ્ત હોય તો આપણે તેને જાડિયો કે કોઠી કહીને બોલાવીએ... લાંબાને લંબુ કહીએ....'

'એથી ઊંધું પણ હોય... કોઈને ખીજવવા પણ આવાં નામ પડાતાં હોય... જાડિયાને બિસ્ત્રો કે થેલો કહો અને લાંબા માણસને તાડ કહો તો તેનું હુલામણું નામ ન કહેવાય, એ ખીજ કહેવાય સાહેબ.' હાંડાએ કહ્યું.

'એક્ઝેક્ટલી. હવે આપણી પાસે બે શબ્દો છે : લિયો અને શેક્સપિયર... માની લો કે એ તેમના હુલામણાં નામ છે.'

'અથવા તેમની ખીજ પણ હોઈ શકે.'

'અલબત્ત,' મોરારકાએ કહ્યું. 'હવે આપણે અનુમાન એ કરવાનું છે કે લિયો અને શેક્સપિયર નામ ક્યારે પડે? ખીજ તરીકે ક્યારે અને હુલામણા નામ તરીકે ક્યારે?' મોરારકાએ પૂછ્યું. હાંડા આ ચર્ચા લાંબી ચલાવવા ઉત્સુક ન હતા. તેમને અંદરથી તો સખ્ત ખીજ ચડતી હતી. પણ સાહેબ એટલે સાહેબ... શું થાય...

'મારે માટે આ જરા અઘરું છે.' હાંડાએ જવાબ ટાળવા કહ્યું.

'લેટ અસ ટ્રાઇ...' કહીને મોરારકાએ પેન હાથમાં લીધી. ત્યાં પડેલી ટપાલના પરબીડિયામાંથી એક ઉઠાવ્યું. ટિપોય પર મૂક્યું. 'વેલ, પહેલાં આપણે શેક્સપિયર નામનો વિચાર કરીએ. આપણે માની લઈએ કે એ નામ કોઈ ખીજ નથી, હુલામણું નામ છે. તો એવું નામ ક્યારે પડ્યું હોય? એ આદમી શેક્સપિયર જેવો દેખાતો હોય, અથવા અંગ્રેજીમાં કવિતા કે નાટક લખતો હોય અથવા તેને શેક્સપિયર સિવાય કશું જ બીજાં સાહિત્યમાં ગમતું ન હોય અથવા તો....'

'એ તદ્દન ખોટું અંગ્રેજી ભરડતો હોય.' હાંડાએ ટાપસી પૂરી. મોરારકા હસ્યા. 'અને શેક્સપિયરનો વહેમ મારતો હોય.'

'વેલ... એમ હોય તો તેને ખીજમાં લોકો શેક્સપિયર કહેતા હોય.. પણ ગમે તે હોય, અંગ્રેજી લખવા કે બોલવા સાથે તેનો જરૂર સંબંધ હોય તેવું તમને નથી લાગતું?' હાંડાને આ પ્રશ્ન સાંભળીને કહેવાનું મન થઈ આવ્યું કે મને તો લાગે છે કે તમારું ભેજું ઠેકાણે નથી. રોમ ભડકે બળતું હતું ત્યારે નીરો ફિડલ વગાડતો હતો.... અહીં પોલીસતંત્ર પર છાણાં થપાય છે ત્યારે તમે શેક્સપિયરની પત્તર ઝીંકો છો...' પણ હાંડાએ એ સ્વગતોક્તિ મનમાં જ રાખી.

'બરાબર છે.' તેમણે જવાબ આપ્યો.

'તો એનો અર્થ એ છે કે લૂંટારાઓની ટોળકીમાં એક આદમી એવો છે જેને અંગ્રેજી સાથે સારો કે નરસો સંબંધ છે. અને બીજું એ કે લૂંટારાઓ એટલું તો ભણેલા છે જ કે જેથી તેમને શેક્સપિયરનું નામ ખબર હોય…'

'પણ તેનાથી આપણો પ્રશ્ન ઊકલતો નથી…' હાંડાએ નિઃશ્વાસ નાખીને સહેજ ઊંચે સ્વરે કહ્યું. મોરારકા શાંત થઈને વિચારતા હતા.

'પ્રશ્ન ઉકેલવાનું તો આપણું કામ છે.' મોરારકાએ ઉદ્‌ગાર કાઢ્યો. 'આપણી પાસે જે ઇન્ફર્મેશન છે તેનો આપણે સરવાળો કરીએ…. લેટ અસ થિંક… લેટ અસ થિંક ક્વાયેટલી… આપણે અત્યાર સુધીમાં શું જાણી શક્યા છીએ ? પાંચથી છ જુવાન માણસો… વીસથી પચ્ચીસની વયના… ઍમ આઈ કરેક્ટ…? આ ફોટાઓ પરથી મને એમ લાગે છે… લૂંટ નખશિખ આયોજનથી થાય છે… વધુમાં વધુ કૅશ હોય તે દિવસે… રોડ બ્લૉક કરવામાં આવે છે… જૉન્ગા ગાડી મેઈન વેહિકલ તરીકે વપરાય છે… જલદી આઈડેન્ટિફિકેશન ન થાય તેટલા માટે બધા યુનિફૉર્મ પહેરે છે… એકસરખાં ગૉગલ્સ, મોજાં, બૂટ એટસેટેરા… ધે બ્રિંગ વિથ ધેમ વેપન્સ… ઍન્ડ એક્સપ્લોઝિવ્સ… તેમને બૅન્કની બધી જ બાબતોની ખબર છે… ર૯ કર્મચારીઓ છતાં તેઓ લૂંટ ચલાવે છે. લૉકર્સ તોડે છે અને તે પણ ડ્રિલથી એટલે કે તેમને ખબર છે કે લૉકર કેવી રીતે ખોલવામાં આવે છે… મતલબ કે ટુકડીમાં એક એવો આદમી છે જે લૉકર વિશે જાણે છે. ખૂબ જ ઝીણવટથી અને લૉકરો બનાવનારા પણ ન ખોલી શકે તેટલી ઝડપે લૉકર ખોલી નાખે છે… ડ્રિલ વાપરીને એક્ઝેક્ટ જગ્યાએ, કંઈ પણ ભૂલ કર્યા વગર એ તેના સ્ક્રૂને તદ્દન આરપાર કાઢી નાખે છે. મતલબ કે એ માણસને કાં તો લૉકરો બનાવવાનો અનુભવ હોવો જોઈએ અથવા તો એક્સપર્ટ હોવો જોઈએ… અનુભવ વગર જો તેણે આ કામ કર્યું હોય તો તે ખરેખર કાબેલ હોવો જોઈએ અને જેને ડ્રિલ પિન -' બોલતાં બોલતાં એકાએક આઈ.જી.પી. મોરારકા તદ્દન અવાચક, સ્થિર થઈને હાંડા સાહેબ તરફ જોઈ રહ્યા. તેમની આંખો તગતગી રહી… તે હાંડા તરફ જ દૃષ્ટિ સ્થિર કરીને જોતા હતા છતાં તે હાંડાથી ક્યાંય દૂર કશુંક અગમ જોઈ રહ્યા હોય તેમ તેમની દૃષ્ટિમાં અકળ ભાવહીનતા છતાં કંઈક અકથ્ય ચમકારો હતો. થોડી વાર પછી તે ધીરા, ઘેરા નિઃશ્વાસ સાથે બબડ્યા, 'યસ… ઇટ ઇઝ… પૉસિબલ…' તેમની આંખ હાંડા સામે પાગલની જેમ મંડાયેલી રહી.

'સર… !' હાંડા એક મિનિટ હેબતાઈને બોલી ઊઠ્યા.

'હાંડા સાહેબ…આઈ થિંક વી વિલ ગૅમ્બલ ઑન ધ નેમ… આ ગુરુદયાલ કહે છે તે લિયો વિશે મારે ઇન્ફર્મેશન જોઈએ… ઇમિજિયેટ….'

'આપણે ગુરુદયાલને જ કહીએ.' હાંડાએ કહ્યું, 'એ એને જ અહીં બોલાવી લેશે.'

'નહિ, મારે ખાનગી રિપોર્ટ જોઈએ… ગુરુદયાલને પણ ખબર ન પડે તેવી રીતે…' મોરારકાએ હુકમ કર્યો… હાંડાને આ વાત ગમતી ન હતી.

તે લોકો પોલીસ તપાસ કરી રહ્યા હતા, કોઈ જાસૂસી કાર્યવાહી નહિ… પણ આઈ.જી.પી.એ જ જ્યારે ઇન્વેસ્ટિગેશનનો સંપૂર્ણ દોર હાથમાં લીધો હતો ત્યાં કોઈ કશું કરી શકે તેમ ન હતા. 'હાંડા સાહેબ… આપણે કોઈ કાબેલ આદમીને મોકલવો પડશે… સી.આઈ.ડી. ઇન્સ્પેક્ટર નાગર ક્યાં છે ?'

'હું તપાસ કરાવું સાહેબ…' હાંડાએ જવાબ આપ્યો.

**

રાત્રે જ ઇન્સ્પેક્ટર નાગરને બોલાવવામાં આવ્યા અને તેમને બ્રીફ કરવામાં આવ્યા. તેમને પોલીસ ફોટોગ્રાફર રામનાથને મેળવેલા એન્લાર્જમેન્ટ્સ બતાવવામાં આવ્યા. અને અશોક શેખાવત ઊર્ફે લિયોનાર્દો દ વિન્ચીની તલાશ શરૂ થઈ. પોલીસનો એ આંધળો ગોળીબાર હતો છતાં લાકડી બરોબર માટીના ઘડા પર ઝીંકાઈ હતી.

સવારના સાડા સાત વાગ્યે ઇન્સ્પેક્ટર નાગરનો પ્રથમ નિરાશાજનક રિપોર્ટ આવ્યો. અશોક શેખાવતના રૂમ એટલે કે ગરાજ પર તાળું છે અને છેલ્લા કેટલાય દિવસથી તે બહારગામ છે. તેનો જોડીદાર ગોવિંદ ભંડારી પણ બહારગામ છે. ઇન્સ્પેક્ટર નાગર આઠ વાગ્યે મોરારકા સાહેબને મળવા આવ્યા. મોરારકાની આંખો ઉજાગરાથી લાલ થઈ ગઈ હતી અને તેમનું માથું દુખતું હતું. સવારના પહોરમાં ગૃહપ્રધાનનો ફોન આવ્યો હતો અને ચોવીસ જ કલાકમાં લૂંટની તપાસ બાબતનો સંપૂર્ણ રિપોર્ટ નહિ મળે તો સી. બી. આઈ.ને વાકેફ કરવામાં આવશે તેવો કેબિનેટનો નિર્ણય તેમને જણાવવામાં આવ્યો હતો. જાપાનીઝ એમ્બસી તરફથી જવાબ આવી ગયો હતો કે ટ્રેડ ડેલિગેશનમાં આવેલા કોઈ પ્રવાસીએ પેલા ફોટા લીધા ન હતા. બીજી એમ્બસીઓ તલાશ કરી રહી હતી.

'વેલ ઇન્સ્પેક્ટર…' મોરારકા તૈયાર થઈને સવારની ચા લેતા બેઠા હતા. તેમણે ઇન્સ્પેક્ટર નાગર માટે બીજી ચાનો હુકમ આપ્યો.

'આઈ એમ સૉરી સર… અશોક શેખાવત આઉટ ઑફ સ્ટેશન છે પણ હું તેને વિશે સામાન્ય માહિતી લાવ્યો છું.' કહીને અશોક બાબતની કેટલીક વિગતો ટાઈપ કરેલો કાગળ, મિ. નાગરે પોતાની બ્રીફકેસમાંથી કાઢીને ટિપોય પર મૂક્યો. કાગળમાં સામાન્ય વિગતો હતી..

'આઈ વોન્ટ હિઝ ફોટોગ્રાફ...' મોરારકાએ કહ્યું. 'અને મારે બીજું એ જાણવું છે કે તેના મિત્રો... અંગત મિત્રો કોણ છે ?'

'ફોટોગ્રાફ તમને સાહેબ અગિયાર વાગ્યા પછી મળી જશે. તેનો ફોટોગ્રાફ કૉલેજની ફાઈલમાં હશે.'

'નહિ, એ નહિ... આઈ વૉન્ટ ઈટ ઈન ઍન ઈન્ફૉર્મલ વે... ડાઈરેક્ટ કશું જ નહિ. તમે જુઓ, કદાચ કૉલેજના ગ્રૂપ ફોટામાં તે હોય... ગુરુદયાલ કહેતો હતો કે હૉકી ટીમમાં તે ગૉલકીપર હતો. એ ફોટો ન મળે તો તેના કમરામાં તલાશ કરો... આઈ મીન ચોરીછૂપીથી તપાસ કરો... તમારે બર્ગલરી કરવી પડે તોપણ મને પરવા નથી...'

'યસ સર....'

'મારે તેના મિત્રોનું લિસ્ટ જોઈએ.'

'તમને બપોર પહેલાં મળી જશે... સાહેબ....'

**

બપોરે મોરારકા ગૃહપ્રધાનને મળવા ગયા હતા. ભારે ગરમાગરમી થઈ હતી. દેવકીનંદન મિશ્ર ફાવે તેમ બોલ્યા હતા. છતાં આઈ.જી.પી.એ માત્ર એટલું જ કહેલું કે તપાસ ચાલુ છે.

'પણ આ તે જવાબ છે ? મારે લોકોને શું કહેવું ? તમને ખબર છે, અમારા માથા પર અત્યારે માછલાં ધોવાઈ રહ્યાં છે !'

'યસ... સર... પણ તેમાં હું કંઈ જ કરી શકું તેમ નથી.' મોરારકાએ જવાબ આપ્યો. 'પોલીસ તપાસ એ મારું કામ છે અને તે ભાષણો કરવા જેટલું સહેલું નથી.'

'મિ. મોરારકા, તમે મર્યાદા વટાવો છો.' ગૃહપ્રધાને સખ્તાઈથી કહ્યું.

'તમારે જે માનવું હોય તે માની શકો છો.'

'તમારો આ જવાબ છે ? મિ. મોરારકા, તમારે આને માટે સહન કરવું પડશે. હું આ કેસ સી. બી. આઈ.ને સોંપવાની જાહેરાત કરીશ.'

'તમને લાગે તે તમે કરી શકો છો. હું મારી પદ્ધતિ બદલવાનો નથી. હું સંપૂર્ણતઃ જાણું છું કે હું શું કરી રહ્યો છું. ચોવીસ કલાકની મુદત પછી તમે ફાવે તે કરી શકો છો. તમને મારા રાજીનામાથી સંતોષ થતો હશે તો તે પણ હું આપી દઈશ...' મોરારકાએ કડક અવાજે કહ્યું.

'તમને ખબર છે મારી અંગત ઇમેજ ખરાબ થાય છે ? મારા પક્ષની ઇમેજ ખરાબ થાય છે. આ ગવર્નમેન્ટ ઊથલી જાય તેવી ગંભીર બાબત છે. સમજ્યા ?' હોમ મિનિસ્ટરે કહ્યું.

'એ તમારો રાજકારણીઓનો પ્રશ્ન છે, મારો નહિ. મારું કામ ગુનો શોધવાનું છે, રાજકારણીઓની ઇમેજ સાચવવાનું નહિ.' મોરારકાએ કહ્યું.

'તમારું હું અપમાન કરું તે પહેલાં બહાર જશો ?' ભયાનક ગુસ્સા સાથે ગૃહપ્રધાન બોલી ઊઠ્યા.

'હું જઉં છું જ. પણ મારું રાજીનામું ન આવે ત્યાં સુધી મહેરબાની કરીને તમે મારા કામમાં માથું ન મારશો...' મોરારકા બોલ્યા અને બહાર નીકળ્યા.

**

ઇન્સ્પેક્ટર નાગર મોરારકા સાહેબની રાહ જોઈને બેઠા હતા. મોરારકા તેમની હંગામી ઑફિસમાં આવ્યા ત્યારે ત્યાં બહાર સોફામાં બેઠેલા નાગરને ઓળખી શક્યા ન હતા. પણ આઈ.જી.પી. સાહેબને જોઈને તેમણે ઊભા થઈને સલામ ઠોકી ત્યારે જ મોરારકાને ખ્યાલ આવ્યો કે ધોતિયું, બંડી, ઝભ્ભો અને સફેદ ટોપી પહેરીને હાથમાં થેલી લઈને ઊભેલો આદમી ઇન્સ્પેક્ટર નાગર હતા.

'ઓહ... મિ. નાગર... વૉટ ઈઝ ધીસ...?'

'પાર્ટ ઑફ માઈ જોબ, સર....'

'કમ ઈન...' હસીને મોરારકાએ નાગરને અંદર બોલાવ્યા.

'બેસો... હું તો તમને ઓળખી જ ન શક્યો.' નાગરે જે સ્વાંગ કર્યો હતો તે જોઈને ભાગ્યે જ કોઈને ખબર પડે કે તે પોલીસ અફસર હશે.

'કૉમ્પ્લિમેન્ટ્સ બદલ આભાર સાહેબ...' નાગરે કહ્યું. મોરારકાએ ઘંટડી વગાડીને પોતાના પી.એ.ને બોલાવ્યો અને પૂછ્યું :

'હાંડા સાહેબ ક્યાં છે ?'

'કંઈક પૂછપરછ માટે ગયા છે.'

'એ આવે એટલે મને ખબર કરજે... વેલ મિ. નાગર શું રિપોર્ટ છે ?'

નાગરે ફાઈલ ઉઘાડી અને હાથથી લખેલાં કાગળિયાં કાઢ્યાં. તેમાં જેમ તેમ બધી નોંધો કરેલી હતી.... નીચા વળીને તેમણે એક ફ્રેમ કરેલો ફોટો થેલીમાંથી બહાર કાઢ્યો. ફોટો હૉકી ટીમનો હતો. ટીમની લગભગ વચ્ચે મોટા પૅડ પહેરીને અશોક શેખાવત બેઠેલો દેખાતો હતો.

'આ લિયો છે...' તે બોલ્યા.

'ફેન્ટાસ્ટિક.... વેલ, લેટ અસ સી ધ રિપોર્ટ...' કહીને તેમણે ચિરૂટ સળગાવી.

'ટાઈપ કરવાનો હજુ સમય નથી મળ્યો પણ લગભગ બધી વિગતો મેં મેળવી છે.'

'મિત્રોનું લિસ્ટ...'

'યસ... એક તેનો મિત્ર છે ગોવિંદ ભંડારી, જેની સાથે તે રહે છે. એમ.ડી. કરે છે. બ્રિલિયન્ટ છોકરો છે. લેફ્ટિસ્ટ છે. સાહેબ, આપને યાદ હોય તો થોડા વખત પહેલાં ઉદેપુરમાં ઠેર ઠેર જે ફોટોગ્રાફ્સ લગાવવામાં આવ્યા હતા તેમાં આ ગોવિંદ ભંડારી આગેવાન હતો. તે પછી બીજો એક મિત્ર છે ભરત સક્સેના. એ એન્જિનિયરિંગમાં છે. પબ્લિક પ્રૉસિક્યૂટર પી. વી. સક્સેનાનો એ દીકરો થાય છે. ત્રીજો એક મિત્ર છે હરીશ જૈન. યૂ નો જૈન ફેમિલીનો છે. તે પછી એક દોસ્ત છે. તેનું નામ જિગર પરોત છે, પણ મોટે ભાગે બધા તેને શેક્સ...' નાગર વાક્ય પૂરું કરે તે પહેલાં મોરારકા તેમની ખુરસીમાંથી ઊભા થઈ ગયા. તેમની તાજી સળગાવેલી ચિરૂટ મોંમાંથી પડી ગઈ. નાગર જરા હેબતાઈ ગયા.

'માઈ ગૉડ... માઈ ગૉડ... વી હેવ ફાઉન્ડ આઉટ. વી હેવ સોલ્વ્ડ ધ બ્લડી મિસ્ટરી... નાગર, યૂ આર એ જેમ... યૂ આર ઍન ઍબ્સોલ્યૂટ જેમ...' કહીને તેમણે ટેલિફોન ઉઠાવ્યો.

'ઑપરેટર..... હાંડાને ગમે ત્યાંથી અહીં બોલાવો.. ઈમિજિયેટલી. ઍન્ડ કૉલ રામનાથન હિયર..... મિ. નાગર..... દેવકીનંદનને કહી દો હી કેન ગૉ ઍન્ડ બ્લડી ટ ટ ટ હિમસેલ્ફ.... આઈ વોન્ટ ટુ ગિવ યૂ એ ટોસ્ટ નાગર...' કહીને તે નાચી ઊઠ્યા. નાગર સ્તબ્ધતાથી આ પાગલ થઈ ગયેલા આઈ.જી.પી.ને જોઈ રહ્યો. આટલાં વર્ષોની નોકરીમાં તેણે ક્યારેય આવો અફસર જોયો ન હતો.

'આઈ ટેલ યૂ નાગર... આઈ હેડ એ હન્ચ... મને ખાતરી હતી કે મિસ્ટરી શેક્સપિયરમાં છે. ધ ઓલ્ડ બાસ્ટાર્ડ... ધ ગ્રેટ બાર્ડ... વેલ... વૉટ ઇઝ ધેર ઇન એ નેઈમ માઈ ડિયર, એવરીથિંગ ઇઝ ધેર ઇન એ નેઈમ...' મોરારકા ખીલી ઊઠ્યા હતા... રંગમાં આવી ગયા હતા.

**

આઈ.જી.પી. મોરારકાને આનંદનો જે હિસ્ટીરિયા આવ્યો તે જોઈને નાગર સહેજ હેબતાઈ ગયા હતા. મોરારકા સાહેબે તેમનો રિપોર્ટ પૂરો સાંભળ્યો પણ ન હતો અને તે

પહેલાં ડી.એસ.પી. હાંડા અને ફોટો-ટેકનિશિયન રામનાથનને બોલાવવાના હુકમો આપી દીધા હતા.

'આર યૂ સરપ્રાઇઝ્ડ ઇન્સ્પેક્ટર ?' મોરારકાએ થોડી વારે પૂછ્યું.

'એ લિટલ બિટ સર.' નાગરે હસીને જવાબ આપ્યો.

'પણ તમને ખબર છે, જ્યારથી પેલી બૅન્કની છોકરીએ તેના સ્ટેટમેન્ટમાં લિયો અને શેક્સપિયરનાં નામ લખાવ્યાં હતાં ત્યારથી મને ચેન પડતું ન હતું. અને આપણા હાંડા સાહેબ એ માનવા તૈયાર ન હતા. વેલ, માઈ ઇન્સ્ટક્ટ્સ હૅવ પેઈડ... નાઉ લેટ અસ હૅવ યોર રિપોર્ટ ટિલ વી વેઈટ ફૉર ધ ડી.એસ.પી.' મોરારકાએ કહ્યું.

નાગરે કાગળિયાં ખોલ્યાં.

'વેલ સર... મેં કહ્યું તેમ અશોક શેખાવતના મિત્રોમાં એક ગોવિંદ ભંડારી છે. બીજો એક ભરત સક્સેના છે. એક મિત્ર જિગર પરોત છે. જેને શેક્સપિયર કહે છે. એક હરીશ જૈન છે અને ઑફ કોર્સ તેની જૂની હૉકી ટીમના મિત્રો છે. પણ તેમાંના બે જણ સાથે તેને વધુ દોસ્તી છે. એક છે પીટર ચૌહાન અને બીજો છે કેવલ મીરચંદાની... એ સિવાય તો આખી ટીમનાં નામો આ ગ્રૂપ ફોટાની નીચે લખેલાં છે.' નાગરે ત્યાં પડેલા ગ્રૂપ ફોટા તરફ જોઈને કહ્યું. મોરારકા થોડા વિચારમાં પડ્યા. તેમણે સિગારેટ સળગાવી.

'આ લોકોને રાઉન્ડ અપ કરવા છે ?' નાગરે સવાલ પૂછ્યો.

'નહિ ઇન્સ્પેક્ટર... નહિ, નૉટ નાઉ. એક નાની ભૂલ અને કદાચ આપણે બાજી હારી જઈએ. આપણે ખોટા આદમીને પકડી લાવ્યા તોપણ મુસીબત. ખરા ગુનેગારો ચેતી જાય તેવું આપણે કંઈ કરવું નથી.' કહીને ફરી એક વાર મોરારકા સાહેબે નાગરના રિપોર્ટના કાગળો હાથમાં લીધા.

'ગોવિંદ ભંડારી... એક મિનિટ... તમે કહો છો કે તે બહારગામ છે. પણ એમ. ડી. કરતો હોય તો તો એ ક્યાંક હૉસ્પિટલ સાથે ઍટેચ હશે ને ! લેટ મી સી....' કહીને મોરારકાએ પોલીસ સર્જન ડૉ. કાબરાને ફોન જોડાવ્યો અને મેડિકલ કૉલેજમાંથી એમ. ડી. કરનારા વિદ્યાર્થીઓનું લિસ્ટ મેળવવાનું કામ સોંપ્યું. દરમ્યાનમાં ફોટો ટેકનિશિયન રામનાથન આવી પહોંચ્યો હતો. મોરારકાએ એને હૉકી ટીમનો ગ્રૂપ ફોટો બતાવ્યો અને સૂચના આપી :

'રામનાથન, આમાં જે ગોલકીપર દેખાય છે તેનો બ્લૉ-અપ મારે જોઈએ છે. એક આવો ને આવો જોઈએ છે અને બીજો થોડા ફેરફાર સાથે. આ છોકરાને મૂછો હોય તો તે કેવો લાગે ? કેન યૂ ડૂ ધૅટ ? તારે કોઈ આર્ટિસ્ટની મદદ જોઈએ તો તું લઈ શકે છે.....'

'એ થઈ શકશે સાહેબ...' રામનાથને જવાબ આપ્યો. મોરારકાએ ઘડિયાળ જોઈ. ચાર વાગીને દસ મિનિટ થઈ હતી.

'કેટલી વાર લાગશે ?' મોરારકાએ પૂછ્યું.

'આપને મોડામાં મોડો ક્યારે જોઈએ સાહેબ ?'

'છ વાગ્યા પહેલાં.....'

'કરી લાવીશ...' રામનાથને કહ્યું અને સલામ ઠોકીને ચાલ્યો ગયો.

'હાંડા સાહેબ...' રામનાથન ગયો કે તરત ઑફિસની બહાર ઊભેલા કૉન્સ્ટેબલે આવીને કહ્યું.

'મોકલ અંદર.' મોરારકાએ કહ્યું અને હાંડા સાહેબ કમરામાં પ્રવેશ્યા. 'વેલ માઈ ડિયર... ઉદેપુરમાં એક શેક્સપિયર છે.'

'શું કહ્યું સાહેબ ?' હાંડાએ કંઈક આશ્ચર્યથી પૂછ્યું. તેમના હાથમાં એક નાનકડી કાળી ડાયરી હતી.

'આપ માનતા ન હતા ને ! પણ ઉદેપુરમાં એક શેક્સપિયર છે અને આ ઇન્સ્પેક્ટર નાગરે તેને શોધી કાઢ્યો છે. તેનું નામ છે જિગર પરોત. અંગ્રેજી સાહિત્ય સાથે બી.એ.ની પરીક્ષા આ વર્ષે આપી છે. અશોક શેખાવત ઉર્ફે લિયોનો એ દોસ્ત છે. એ લિયોનો ફોટો પણ મેં હમણાં જ બ્લો-અપ કરવા આપ્યો છે. મેં તમને કહ્યું ન હતું કે પેલી છોકરીએ સાંભળ્યું હતું તે સાચું હોવું જોઈએ.... આ લૂંટમાં કોઈકનું નામ શેક્સપિયર છે જ.'

'પણ તો પછી સાહેબ, આપણે રાહ શેની જોઈએ છીએ ? લેટ અસ મૂવ...' હાંડાએ ઉત્સાહથી કહ્યું.

'નોટ નાઉ... નોટ નાઉ...' મોરારકાએ જવાબ આપ્યો.

'તો પછી ક્યારે ?'

'આપણે સો ટકા ખાતરી કરીએ પછી.'

'એ ખૂબ મોડું હશે, સાહેબ. હોમ મિનિસ્ટર ખૂબ ખફા છે. આજે સવારના પહોરમાં મને મળવા બોલાવ્યો હતો.' હાંડા બોલ્યા.

'વૉટ ? તમને મળવા બોલાવ્યા હતા ? પણ શા માટે ? આજ બપોરે તો તેમણે મને બોલાવ્યો હતો.'

'મને ખબર છે સાહેબ...'

'પણ એ મિનિસ્ટર સાહેબને ખબર નથી કે તપાસ હું હેન્ડલ કરી રહ્યો છું ? પ્રોટોકોલ શું કહેવાય તે એમને ખબર નથી ?'

'મેં એ જ કહ્યું હતું. અને તેમણે જ મને કહ્યું કે બપોરે તમને મળવા બોલાવ્યા છે.' હાંડાએ જવાબ આપ્યો.

'તો પછી તમને શા માટે બોલાવવા જોઈએ ?' મોરારકાએ પૂછ્યું.

'પોલીસખાતાનો હું જૂનો માણસ છું તેથી...' હાંડાએ હસીને કહ્યું. 'તેમને અંગત રીતે જાણવું હતું કે તપાસ ક્યાં સુધી આવી છે... આપણી થિયરી શું છે... આપણી લીડ શું છે ?'

'અને તમે એમને શું કહ્યું, મિ. હાંડા ?'

'મેં કહ્યું કે સમગ્ર ચિત્ર તો મોરારકા સાહેબ આપી શકશે. ત્યારે તે ખૂબ ગુસ્સે થયા હતા. એ માને છે કે તમે હાથે કરીને તેમની ઈમેજ ખરાબ કરવા માગો છો. એ આજે રાત્રે દિલ્હી હોમ મિનિસ્ટર સાથે વાત કરવાના છે. આવતી કાલે કદાચ તે દિલ્હી જશે. લૂંટની તપાસ સી.બી.આઈ.ને સોંપાશે અને કદાચ તમને અહીંથી ક્યાંક બીજે...'

'ટ્રાન્સફર કરશે ! વેલ...આઈ ડૉન્ટ કેર... આઈ સિમ્પલી કેર એ હૂટ...'

'હી ઇઝ સ્કેર્ડ....' હાંડા ધીરેથી બોલ્યા.

'પણ એમાં હું કે તમે શું કરવાના છીએ ? આ તે કોઈ જાદુનો ખેલ છે ? અને લૂંટ કરનારા પોલીસને જણાવીને લૂંટ કરતા હોય છે ?'

'નહિ મોરારકા સાહેબ, વાત કંઈક જુદી છે.' હાંડાએ કહ્યું. મોરારકાએ નાગર સામે જોયું. નાગર તરત ઊભા થયા.

'એક્સક્યૂઝ મી સર. હું બહાર બેઠો છું. મારું કામ પડે તો બોલાવશો.' નાગર સમજીને બહાર ચાલ્યા જવા માગતા હતા.

'નહિ નાગર... તમારે બહાર જવાની જરૂર નથી. તમે તો મિત્ર છો... બેસો. તમે પણ આ વાત સાંભળો તેવું હું ઇચ્છું છું. વેલ સર...' હાંડાએ આઈ.જી.પી.ને સંબોધીને કહ્યું, 'કુલ ચાર લૉકર્સ તૂટ્યાં છે. જેમાં ત્રણના માલિકોનાં નામ-સરનામાં બધું બરાબર છે. ચોથું બેનામી લૉકર છે, એવું અત્યારે લાગે છે. એ બધાની ઇન્વેન્ટરીનું કામ ચાલુ જ છે. બૅન્ક ઑફ મેવાડના બ્રાંચ મૅનેજર હજુ આઘાતમાંથી બહાર આવ્યા નથી. બ્લડ પ્રેશરનો એ દર્દી છે. એ તૂટેલા લૉકરમાંથી એક રઘુનંદન મિશ્રનું છે. યૂ નો સર રઘુનંદન હોમ મિનિસ્ટરના ભાઈ થાય....'

'પણ તેથી શું થયું ?' મોરારકાએ પૂછ્યું. 'મારું પણ એક લૉકર જયપુરમાં છે.'

'પણ સાહેબ, આપ ક્યાં ગૃહપ્રધાનના ભાઈ છો !' હાંડાએ હસીને કહ્યું.

'મતલબ ?'

'મતલબ એ કે રઘુનંદન મિશ્રના લૉકરમાં કેટલીક ચીજો એવી હોવી જોઈએ જે જાહેર થાય તો ગૃહપ્રધાન માટે તે જોખમકારક નીવડે...' હાંડાએ કહ્યું.

'તેમાં આપણે શું કરી શકીએ ?' મોરારકાએ પૂછ્યું.

'એ કહેવા જ તેમણે મને આજે બોલાવ્યો હતો...' હાંડાએ કહ્યું. મોરારકાની આંખો ઝીણી થઈ, 'હોમ મિનિસ્ટરની ઈચ્છા છે કે લૂંટનો માલ પકડાય અને જો રઘુનંદન મિશ્રએ જે ઇન્વેન્ટરી આપી છે તે સિવાયની ચીજો પકડાય તો તેમને પૂછ્યા વગર તે મુદ્દામાલ તરીકે જપ્ત કરવી નહિ.....'

'પણ એ આપણે કેવી રીતે કરી શકીએ ?' મોરારકાએ પૂછ્યું.

'તે ન કરી શકીએ તેમ હોય તો આપણે આ તપાસનું કાર્ય બીજાને સોંપવા દેવું પડશે....'

'પણ આ તો પ્યૉર બ્લૅકમેલ કહેવાય... હાંડા સાહેબ...' મોરારકાએ કહ્યું.

'એ જે ગણો તે' હાંડાએ કહ્યું, 'રાજકારણનું એક શસ્ત્ર બ્લૅકમેલ છે, બ્લૅકમેલ અને બેટ - કંઈક આપવું અને કંઈક આંચકી લેવું. જેની પાસે આ શક્તિ છે તે ધાર્યાં પરિણામ લાવી શકે છે. આવતી કાલે હોમ મિનિસ્ટર દિલ્હી જશે અને ત્યાં આ તપાસ સી.બી.આઈ.ને સોંપાશે. મતલબ કે તમને એમાંથી નિવૃત્ત કરાશે. યૂ મે રિસીવ એ પ્રમોશન, સર.....' હાંડાએ ઉમેર્યું.

'અને તમને ?'

'મને ડી.આઈ.જી.ની પોસ્ટ અને બીજું કંઈક...'

'તમે શું કહ્યું ?'

'આવતી કાલે સાંજે તે દિલ્હી જવા રવાના થાય તે પહેલાં તપાસનો પૂરો રિપોર્ટ અને મારો જવાબ આપવાનું.' હાંડાએ કહ્યું. મોરારકાની ભમ્મરો ચડી ગઈ. તેના ચહેરા પર ગુસ્સો તરી આવ્યો.

'માઈ ગૉડ ! મિ. હાંડા... તમે આ વાત સાથે સમ્મત થાઓ છો ? તમે આવી વાત સાંભળી રહ્યા ?'

'સમ્મત થતો હોત તો મેં તમને આ વાત કહી જ ન હોત, મોરારકા સાહેબ... પણ આવતી કાલે હું જરૂર સમ્મત થવાનો છું.' જગન્નાથ હાંડાએ જવાબ આપ્યો. આઈ.જી.પી. મોરારકાએ મનમાં જ દસ ગણ્યા. તે હાંડા સામે દ્વિધાથી જોઈ રહ્યા. 'આવતી કાલે હું તેમની ઑફર સ્વીકારવાનો છું. પણ એક શરતે... કે તે આ તપાસની આડે ન આવે. જે મિનિટે આપણા હાથમાં મુદ્દામાલ આવે તે મિનિટે હું તેમને મુશ્કેલીમાં મૂકે એવી ચીજો ચોરીછૂપીથી આપી દેવાનું વચન આપવાનો છું....'

'હાંડા.... તમે પાગલ થઈ ગયા છો. તમે જાણો છો તમે ક્યાં આગળ-'

'યસ સર. હું આઈ.જી.પી. સમક્ષ બોલી રહ્યો છું. પણ એક વાત સમજી લેવાની જરૂર છે માઈ યંગ સર, કે જો આવતી કાલે હું ના પાડીશ તો મારી અને તમારી બન્નેની ટ્રાન્સફર થશે. કેસ સી. બી. આઈ.ને સોંપાશે અને મુદ્દામાલ જ્યારે પણ મળશે ત્યારે તેમાંની વિસ્ફોટક ચીજો દૂર થઈ જશે.'

'તો ભલે થાય. હું એ ચાન્સ લેવા તૈયાર છું.' મોરારકાએ કહ્યું.

'પણ હું નથી. મારે આ તક જતી કરવી નથી.' હાંડાએ કહ્યું.

'ડી.આઈ.જી. થવાની ?' મોરારકાએ કહ્યું.

'નહિ. રઘુનંદન મિશ્રની ઊંઘ હરામ કરવાની. આઈ હેટ હિમ. આઈ હેટ હિમ ઍન્ડ હિઝ બ્રધર ટુ....'

'હું સમજ્યો નહિ મિ. હાંડા...' મોરારકા વિચારમાં પડી ગયા. આ હાંડાનો બચ્ચો શી રમત રમી રહ્યો હતો તે આઈ.જી.પી.ને સમજાતું ન હતું.

'મેં તમને મારી ભીતરની વાત કહી, મોરારકા સાહેબ... મારી વાતથી તમે ખળભળી ઊઠશો તેની મને ખબર હતી. અને મારા પ્રત્યે તમને અવિશ્વાસ ઊભો થશે તે પણ હું જાણતો હતો. અને એટલે જ આપણી વાતના એક સાક્ષી તરીકે મેં મિ. નાગરને અહીં રહેવા દીધા હતા. એક વાત સમજી લેજો સાહેબ, કે આવતી કાલે હું હોમ મિનિસ્ટરને ચોક્કસ રિપોર્ટ આપીશ અને તે સાથે તેમણે ચીંધેલું કામ કરવાનું પ્રોમિસ પણ આપીશ... તમે ફાવે તે નિર્ણય કરી શકો છો....' હાંડાએ કહ્યું.

મોરારકા પણ ઓછો ઊતરે તેવો આદમી ન હતો. 'આવતી કાલ સાંજ વચ્ચે હજુ ચોવીસ કલાક બાકી છે, હાંડા સાહેબ, આપણે પછી વાત કરીશું.' મોરારકાએ સહેજ હસીને કહ્યું.

**

સાડા પાંચ વાગ્યે બે સમાચાર આવ્યા હતા. વેસ્ટ જર્મન કોન્સ્યુલેટ તરફથી માહિતી મળી હતી કે ઉદેપુરમાં લૂંટ થઈ ત્યારે ત્યાં આવેલાં પાંચેય જર્મન યુગલો જયસમન્દ ગયાં હતાં એટલે તેમાંના કોઈએ પેલા ફોટા લીધા હોય તે શક્ય ન હતું. બીજા સમાચાર એ હતા કે લૂંટ વખતે જે જર્સીઓ વાપરવામાં આવી હતી તે એક નાની ટેલરની દુકાનમાં સિવડાવવામાં આવી હતી અને તે ૪૦ સાઇઝની એકસરખી જર્સીઓ હતી. તેનું માપ આપવા માટે એક જ આદમી આવ્યો હતો.

**

બરાબર પોણા છ વાગ્યે રામનાથન, અશોક શેખાવતના બ્લોઅપ કરેલા ફોટાઓ લઈને આવ્યો હતો. તે પહેલાં પોલીસ સર્જનનો ફોન આવ્યો હતો. તેમણે કૉલેજના ડીન પાસેથી માહિતી મેળવી હતી કે ગોવિંદ ભંડારી એમ.ડી.નો વિદ્યાર્થી નહિ પરંતુ એમ.બી.બી.એસ.ના છેલ્લા વર્ષમાં હતો. તે સાથે તેનું સરનામું પણ મેળવવામાં આવ્યું હતું.

'શું લાગે છે રામનાથન ?' ખાનામાંથી મોટો મેગ્નિફાઈંગ ગ્લાસ કાઢતાં મોરારકાએ પૂછ્યું.

'લૂંટમાં સામેલ આ આદમી અને આ ફોટાવાળો ગોલકીપર એક જ હોય તેવી શક્યતા ૭૫ ટકાથી વધારે છે.' રામનાથને કહ્યું.

મોરારકાએ પ્રિન્ટો તપાસી.

'આઈ થિંક અશોક ઈઝ અવર મૅન...' મોરારકા ધીમેથી બોલ્યા. લૂંટના સિલસિલામાં લેવાયેલો પરંતુ ડી-ફોક્સ કલર્ડ ફોટોમાં દેખાતો અશોક અને રામનાથને બ્લો-અપ કરેલા ફોટા વચ્ચે ઘણું સામ્ય દેખાતું હતું. મોરારકા ક્યાંય સુધી એ બંને ફોટોગ્રાફસ જોતા રહ્યા.

સવા છ વાગ્યે આઈ.જી.પી. મોરારકા, ડી. એસ. પી. હાંડા અને ઈન્સ્પેક્ટર નાગરની, એ દિવસમાં બીજી મીટિંગ થઈ. એ બંને પોલીસ અધિકારીઓએ રામનાથને એન્લાર્જ કરેલા ફોટા જોયા અને એક વાત સાથે સૌ સહમત થયા કે લિયો ઉર્ફે શેખાવત લૂંટમાં સામેલ હોવાની ૭૫ ટકા શક્યતા છે. બંને ફોટાનું સરખાપણું જોતાં આ નિર્ણય પર અધિકારીઓ આવ્યા હતા.

'નાઉ.. વૉટ વી હૅવ....' મોરારકાએ કહ્યું. અને મિત્રોનું લિસ્ટ ઉપાડ્યું... 'લિયો ઉર્ફે શેખાવત એન્જિનિયરિંગનું છેલ્લું વર્ષ ગોવિંદ ભંડારી એમ.બી.બી.એસ.નું છેલ્લું વર્ષ, ભરત સક્સેના એન્જિનિયરિંગનું છેલ્લું વર્ષ.... મતલબ કે આ ત્રણે સરખી ઉંમરના છે. તે પછી હરીશ જૈન અને જિગર પરોત ઉર્ફે શેક્સપિયર બી.એ.નું ફાઈનલ ઈયર.... પીટર ચૌહાન બી.એસસી.નું છેલ્લું વર્ષ, કેવલ મીરચંદાની લેફ્ટ સ્ટડીઝ... હવે કાપડની દુકાનમાં બેસે છે... આ મિત્રો છે. શક્ય છે કે આમાંના ઘણા નિર્દોષ હોય અથવા આ બધા સામેલ હોય. શેખાવત, ભંડારી અને જિગર ઉદેપુરમાં નથી. એ લોકો લૂંટ કરીને ઉદેપુરમાંથી ફરાર થઈ ગયા હોય....'

'અથવા રાબેતા મુજબ ઉનાળાની રજાઓ ગાળવા પોતપોતાને ઘેર ગયા હોય.' હાંડાએ કહ્યું.

'ખેર, હવે ઉદેપુરમાં અત્યારે ભરત સક્સેના, હરીશ જૈન અને પીટર ચૌહાન તેમ જ કેવળ મીરચંદાની છે...' મોરારકાએ કહ્યું.

'લેટ અસ રાઉન્ડ ધૅમ અપ...' હાંડાએ કહ્યું.

'તેમને પકડતા પહેલાં વધુ ખાતરી થાય તે યોગ્ય છે સાહેબ.... ભરત સક્સેના પબ્લિક પ્રૉસિક્યૂટર પ્રેમચંદ સક્સેનાનો દીકરો છે... હરીશ જૈન કરોડપતિનો દીકરો છે. પીટર ચૌહાન, રાજસ્થાન દલિત જન સંગઠનના એક કાર્યકરનો દીકરો છે. એક કેવલ મીરચંદાની કાપડની દુકાન ધરાવતા ગરીબ સિંધી કુટુંબનો છે. મારું સૂચન છે કે આપણે તેમને પકડવા કરતાં પહેલાં થોડુંક ક્વેશ્ચનિંગ સિફતથી કરી લઈએ. તમે મને બાર કલાકનો સમય આપો તો હું એ ગોઠવી લઈશ...' નાગરે કહ્યું.

'યૂ આર રાઈટ... આઈ એગ્રી...'

'ગમે તેમ પણ કાલે હોમ મિનિસ્ટર દિલ્હી જાય તે પહેલાં જો થોડોક પણ બ્રેક મળી જાય તો સારું થાય, મિ. નાગર.' હાંડાએ કહ્યું.

'આઈ વિલ ટ્રાય...' નાગરે જવાબ આપ્યો. 'વેલ સર... કૅન આઈ હૅવ ધીઝ ફોટોગ્રાફસ ?' નાગરે મોરારકાને પૂછ્યું. એક ક્ષણના વિલંબ પછી મોરારકાએ બધા ફોટા તેમના હાથમાં મૂક્યા.

'ઇન્સ્પેક્ટર, એ લૂંટના ફોટા તમે કોઈને બતાવવા માગો છો ?' મોરારકાએ જરા શંકા સાથે પૂછ્યું.

'લૂંટના એક્શન ફોટોગ્રાફ નહિ, કલોઝ-અપ્સ.' નાગરે કહ્યું. 'મને તેની અગત્યનો ખ્યાલ છે, સર.....'

**

મોરારકાની ઑફિસમાંથી નીકળીને નાગર, પ્રેમચંદ સક્સેનાને ઘેર પહોંચ્યા. પ્રતાપ સર્કલથી થોડે દૂર સજ્જન પાર્ક સોસાયટીમાં પ્રેમચંદ સક્સેના, પબ્લિક પ્રૉસિક્યુટરનું નાનકડું ઘર હતું. સામાજિક કાર્યકરના લેબાસમાં ઈન્સ્પેક્ટર નાગરને આવેલા જોઈને, સક્સેના સાહેબને આશ્ચર્ય થયું. ઘણા વખતે બન્ને મળ્યા હતા એટલે ઔપચારિકતામાં થોડી પળો વીતી.

'વેલ, સક્સેના સાહેબ, મારે તમારા દીકરાનું થોડું કામ છે.'

'બોલાવું તેને... અરે ભરત...!' કહીને સક્સેનાએ બૂમ પાડી. જાડાં ચશ્માં પહેરેલો પાતળો અને ઊંચો જવાન બાજુના કમરામાંથી ડ્રૉઈંગરૂમમાં આવ્યો. નાગરે એક ક્ષણમાં તેને આવરી લીધો. એ છોકરો તદ્દન સીધો લાગતો હતો. પ્રેમચંદે નાગરની ઓળખાણ આપી. ભરતને સહેજ નવાઈ લાગી.

'મારે તને થોડા ફોટા બતાવવા છે.' નાગરે થેલીમાંથી ત્રણ કલોઝ-અપ કાઢ્યા. રામનાથને ખૂબીથી તેનું બૅકગ્રાઉન્ડ હળવું કરાવી નાખ્યું હતું. કલોઝ-અપમાં ડી-ફોક્સ

થયેલા ચહેરા દેખાતા હતા. કશું પણ બોલ્યા વગર નાગરે એ ફોટા ભરત સક્સેનાના હાથમાં મૂક્યા....

'આ... આ તો લિયોનો ફોટો લાગે છે.' તે ફોટા તરફ નજર માંડીને બોલ્યો.

'અને આ...' નાગરે તરત જ બીજો ફોટો આપતાં કહ્યું.

'વેલ... આઈ એમ નોટ શ્યોર, પણ આ હરીશ હોવો જોઈએ.... યસ હરીશ જ છે. આજકાલ તેને લિયો સાથે વધારે ફાવે છે. પણ આ શેને માટે છે?' ભરતને એકાએક ખ્યાલ આવ્યો કે તે સી.આઈ.ડી. ઇન્સ્પેક્ટર સાથે વાત કરી રહ્યો હતો.

'રુટીન ઇન્કવાયરી.' નાગરે તદ્દન સાહજિકતાથી કહ્યું. છોકરાઓ તોફાન કરે અને અમારે બધી પળોજણ કરવાની.'

'શેનું તોફાન અંકલ?'

'અરે ભાઈ, પેલા ફોટા લગાવવાનું! આખા રાજસ્થાનમાં પેલા ફોટા નહોતા લગાડ્યા? એ આ છોકરાઓએ કર્યું હતું.' નાગરે કહ્યું.

'એટલે તમે એ લોકોને ઍરેસ્ટ કરવાના છો?' ભરતે ચોંકીને પૂછ્યું.

'એ તો સરકાર જાણે. મારું કામ રિપોર્ટ મોકલવાનું' નાગરે કહ્યું.

'માઈ ગૉડ... એટલે તમે મારી પાસે આઇડૅન્ટિફિકેશન કરાવવા આવ્યા હતા? તમારે મને પહેલેથી કહેવું જોઈતું હતું. લિયો મારો દોસ્ત છે. હરીશ જૈન મને પસંદ નથી. છતાં તમને એક વાત કહું... અંકલ, કે જો એ બન્નેને કે ગોવિંદ ભંડારીને આ ફોટો મૂવમેન્ટ માટે પકડવામાં આવશે તો ઉદેપુરના વિદ્યાર્થીઓ જોઈ નહિ રહે... તમે મારા પિતાજીના મિત્ર છો એટલે મેં વગર વિચાર્યે તમને મદદ કરી, બાકી તેમણે કશું ખોટું કર્યું ન હતું.' ભરતને પોતાને ચાડિયાનું કામ કર્યું હોય તેવી ગ્લાનિ થતી હતી. 'તમે જો લિયો વિશે કે ઇવન હરીશ વિશે ભળતોસળતો રિપોર્ટ લખવાના હો તો અંદર એ પણ ઉમેરો કે જગવિલાસ પૅલેસ અને પ્રતાપ મેમોરિયલ પર મેં... ભરત સક્સેનાએ ફોટા ચોંટાડ્યા હતા. આ તો ગજબ કહેવાય અંકલ.,.. લોકોને જાગ્રત કરવાનું કામ કરનારાઓને જ સરકાર દાબી દેવા માગે છે?'

'એવું નથી... એવું નથી, મારા દીકરા... આ તો રુટીન છે... મને ખબર હોત કે તને આવો પ્રશ્ન પૂછવાથી તું ગુસ્સે થઈશ તો હું અહીં આવ્યો જ ન હોત. મને થયું કે સક્સેના મારા મિત્ર છે, વળી કૉલેજોમાં વૅકેશન છે. એટલે....'

'એટલે ચુગલીખોરનું કામ મારી પાસે કરાવ્યું?' ભરતે પૂછ્યું, 'વેલ, આઈ ડોન્ટ કૅર... મારે પહેલેથી જ ચેતીને જવાબ આપવાનો હતો.'

'એ છોકરાઓને ફોટા લગાડવા માટે કંઈ નહિ થાય. બસ.... એ મારું વચન છે. અલબત્ત તે બીજા કોઈ ગુનામાં સંડોવાયા હોય તો જુદી વાત છે.' નાગરે હસીને કહ્યું. 'વેલ ફરગેટ ઍબાઉટ ઇટ. અલ્યા ભાઈ, આટલે વખતે આવ્યો છું તે ચા પીવા મળશે કે નહિ?' નાગરે વાતને હળવી બનાવતાં કહ્યું.

**

રાત્રે દસ વાગ્યે નાગર, હાંડા અને મોરારકાની ત્રીજી બેઠક થઈ. નાગરે રિપોર્ટ આપ્યો. ભરત સક્સેના, કેવલ મીરચંદાની અને પીટર ચૌહાન એ ત્રણમાંથી કોઈ લૂંટમાં સામેલ નથી. લૂંટમાં લિયો અને હરીશ જૈન સામેલ છે તે વાત સ્પષ્ટ થઈ હતી. જિગર પરોત વિશે થોડી શંકાઓ હતી. ફોટામાંની બધી વ્યક્તિઓ સ્પષ્ટ દેખાતી ન હતી. અફસરોએ સ્ટ્રૅટેજી ઘડી નાખી હતી.

**

'હલો... હરીશ જૈન સાથે હું વાત કરી શકું?' નાગરે રાત્રે સાડા દસ વાગ્યે હરીશને ઘેર ફોન કર્યો. કોઈકે થોડી વાર થોભવાનું કહ્યું અને હરીશ લાઇન પર આવ્યો.

'હરીશ જૈન હિયર...' હરીશે કહ્યું.

'વેલ... આઈ હેવ સમથિંગ ઇમ્પોર્ટન્ટ ટુ ટેલ યૂ' નાગરે અંગ્રેજીમાં જ વાર્તાલાપ શરૂ કર્યો. વાતચીત અંગ્રેજીમાં જ ચાલી.

'તમે કોણ બોલો છો?'

'મિ. નાગર...'

'બોલો શું કહેવાનું છે?'

'હું ટૂરિસ્ટ ગાઇડ-કમ-ફોટોગ્રાફર છું. મારો નાનકડો સ્ટુડિયો અહીં ઉદેપુરમાં છે.'

'તેનું શું છે?'

'મારી પાસે થોડા ફોટા છે.'

'તે હશે....'

'મારે પૈસાની જરૂર છે.'

'માઈ ગૉડ... તમે ટેલિફોન મૂકી દેશો? તમારે પૈસાની જરૂર હોય તેમાં મારે શું?' હરીશે ખિજાઈને કહ્યું.

'ટેલિફોન બંધ કરી દેશો તો પસ્તાશો. તેમાં મને કે તમને બેમાંથી કોઈને ફાયદો થવાનો નથી. હવે સાંભળો. એ ફોટા બૅન્ક ઑફ મેવાડની લૂંટના છે.' નાગરે કહ્યું. હરીશનો શ્વાસ અધ્ધર થયો.

'તેથી મારે શું ?' તે અધ્ધર શ્વાસે બોલ્યો અને નાગર કોઈ ફિલ્મના વિલનની માફક હસ્યા અને બોલ્યા :

'કોઈ પરદેશીઓએ એ ફોટા લીધા હતા. મારા સ્ટુડિયો પર એ ધોવા આપી ગયો હતો... તમારું નસીબ સારું કે એ મારે ત્યાં રોલ ધોવા આપી ગયો.. બીજે ક્યાંક આપ્યો હોત તો અત્યારે એ ફોટા પોલીસના હાથમાં હોત....'

'પણ આ બધી વાત મને શા માટે કરો છો મિસ્ટર ?'

'મારું નામ મિસ્ટર નાગર છે... તમને આ વાત એટલા માટે કરું છું કે એ ફોટા અને નેગેટિવ તમારે ખરીદવા હોય તો હું સોદો કરવા તૈયાર છું. મારું સરનામું તમને આપું ?'

'ગો ટુ હેલ....' હરીશે કહ્યું અને ફોન મૂકી દીધો. નાગરે ફરી ફોન જોડ્યો. હરીશે ખચકાઈને ઉપાડ્યો.

'ઉશ્કેરાટથી સમસ્યાઓ ઊકલતી નથી... માઈ ડિયર, થિંક ઓવર ઇટ... તમને ઇચ્છા થાય તો પ્રતાપ સર્કલ, રીટ્ઝ, નં. ૧૦૨ મારું ઍડ્રેસ છે. આજની રાત હું હોટલમાં રહેવાનો છું... જસ્ટ ઇન કેસ, મળવા ઇચ્છો તો, ગુડ નાઇટ... ચિંતા નહિ કરતા. ફોટો પ્રિન્ટસ અને નેગેટિઝ મારા હાથમાં છે.' કહીને નાગરે ફોન મૂક્યો.

**

ફોન મુકાઈ ગયો હતો. પણ જાણે હજુય તેમાંથી અવાજ આવતો હોય તેમ હરીશ ફોન તરફ, તેણે પકડેલા રિસીવર તરફ જોતો રહ્યો. તે તદ્દન સ્થગિત થઈ ગયો હતો. છાપામાં આવતા સમાચારોથી રોજેરોજ તે વિજયની મુસ્તાકી અનુભવતો હતો. એક અજોડ લૂંટના સાહસની યોજના તેમણે નખશિખ પાર પાડી હતી. પોલીસે સરિયામ નિષ્ફળતા મેળવી હતી. મોરારકા જેવો બાહોશ અધિકારી હતાશ થઈ ગયો હતો... અને આજે એકાએક, વીજળી પડી હોય તેમ રાત્રે સાડા દસ વાગ્યે આવો ટેલિફોન તેના પર આવે...! તેના મનમાં એ વાત બેસતી ન હતી....

અવાચક સ્તબ્ધતાનું સંવેદન ઓસર્યું. તે સાથે જ જાણે તેના શરીરમાં એકાએક અટકી ગયેલું લોહી ફરી વાર ધસમસતી નદીની જેમ વહેતું થયું હોય તેમ ધસી આવ્યું. તેણે ફોન મૂક્યો. માથા પર હાથ મૂક્યો. આંખ મીંચી... ધીરેથી, ટેલિફોનની બાજુમાં ગોઠવેલી સેટી પર તે બેસી પડ્યો. પારાવાર અંધકાર જાણે તેની સામે ધસી આવતો હોય તેમ તેની આંખો પર અંધારપિછોડી છવાઈ.

ફોન... મિ. નાગર... ફોટા... પ્રતાપ સર્કલ પરની રિટ્ઝ હોટલ... ફોટોગ્રાફ્સ... લૂંટના ફોટોગ્રાફ્સ...! બટ ધૅટ્સ ઇમ્પોસિબલ... તે બબડ્યો... ખાસ્સી બેત્રણ મિનિટ અંધારાની ચકરાવો અનુભવતો તે બેસી રહ્યો. પારાવાર ઝડપથી ચાલતી કોઈ ફિલ્મની માફક બૅન્ક ઑફ મેવાડની લૂંટનાં દૃશ્યો તેની નજર સામે તરી આવ્યાં. તે છળી ઊઠ્યો. 'યસ.... માઈ ગૉડ ઓહ યસ....' તે બબડી ઊઠ્યો. અને સેટી પરથી આડો પડી ગયેલો થાંભલો આપોઆપ ઊભો થાય તેમ ખડો થયો. તેને બૅન્ક ઑફ મેવાડ પાસે ઊભેલી જોંગા દેખાતી હતી. રસ્તા પર ખોદાયેલી સડક દેખાતી હતી... રસ્તા પરની અવરજવર અને દુકાનો... અને જૈન ટેમ્પલ બાજુથી આવતા હાથી.. પાસે ઊભેલા ટોળામાં એક યુગલ પણ હતું... પરદેશી યુગલ... તેમના ખભે, તેમના ખભે કંઈ લટકતું પણ હતું... એ કૅમેરો હતો ? યસ.... એ લોકોએ ફોટા પાડ્યા હતા... હાથીના ફોટા અને ગોવિંદ ભંડારી કશુંક બબડ્યો પણ હતો...માઈ ગૉડ ! માઈ ગૉડ ! તો પછી એ નાગરનો બચ્ચો સાચું જ કહેતો હશે....

કમરાની વચ્ચેથી તે પાછો ટેલિફોનની નજીક આવ્યો. ડિરેક્ટરી ઉઠાવી. રિટ્ઝનો નંબર શોધ્યો. ટેલિફોન પૅડમાં નંબર લખ્યો. રિસીવર ઉઠાવ્યું... અટક્યો. રિસીવર પાછું મૂક્યું. તેના મગજમાં ગોઠવાયેલા બધા જ કોષો અને મજ્જાતંતુઓ એકાએક જાગી ઊઠ્યા હતા. તેના મનમાં પ્રશ્ન ખડો થયો. 'એક મિનિટ... એક મિનિટ...' પાગલની જેમ તે પોતાની જાતને શાંત થવા કહી રહ્યો હતો. 'માની લો કે પેલા પરદેશીઓએ ફોટા પાડ્યા હોય... તો શા માટે તેમણે જાતે જ એ રોલ પોલીસને સુપરત ન કર્યો ? ઇટ્સ સિમ્પલી ફિશી... યસ.... ઇટ્સ અનનેચરલ... સમથિંગ ઇઝ રૉન્ગ ધૅર... તેણે ઘડિયાળ જોઈ. સાડા દસ ને પાંચ થઈ હતી. તે ફરી સેટી પર બેઠો... તેણે સિગારેટ સળગાવી. 'રિલૅક્સ... જસ્ટ રિલૅક્સ...' સિગારેટનો કશ લેતાં લેતાં તેણે પોતાની જાતને જ કહ્યું.

'ફોટોગ્રાફરને કદાચ ખબર નહિ હોય અને તેણે રોલ ધોવા આપી દીધો હશે.' તેના મનમાં દલીલ આવી... 'નહિ, એ શક્યતા નહિવત્ છે. જે ફોટા પાડતું હોય તે ઑબ્જેક્ટ જોયા વગર ફોટા પાડે નહિ... પણ કદાચ એ શક્ય હોય... લૂંટ વખતે ત્યાં રસ્તા પર હાથી હતા. કદાચ હાથીના ફોટા પાડતાં આદમીના કૅમેરાના લેન્સે બૅકગ્રાઉન્ડમાં લૂંટના દૃશ્યને ઝડપ્યું હોય...' હરીશ પોતે અચ્છો ફોટોગ્રાફર હતો. 'વાઈડ ઍન્ગલ અને ટેલિફોટો વગર એ શક્ય નથી. અને તેમાં જો ઑબ્જેક્ટ જુદો હોય તો બૅકગ્રાઉન્ડ ડી-ફોક્સ આવે... તો પછી ? તો પછી ? ફોટોગ્રાફ્સ ડી-ફોક્સ હોય તો કોઈ આઈડેન્ટિફાઈડ થાય નહિ. અને આ ટેલિફોન કરનાર નાગરનો બચ્ચો જો જાણી શક્યો હોય કે ફોટોગ્રાફ્સમાં હું છું.... મતલબ કે હરીશ જૈન છે, તો તેનો અર્થ એ કે ફોટોગ્રાફ્સ ક્લિયર છે. મતલબ કે ફોટોગ્રાફ્સ તેમને ધ્યાનમાં લઈ ને પાડવામાં આવ્યા છે. એમ જ હોય તો શા માટે એ પોલીસને આપવામાં નહિ આવ્યા હોય ?' હરીશે પોતાની જાતને ફરી પ્રશ્ન પૂછ્યો...

'ગમે તે કારણસર એ આદમીએ... આઈ મીન વ્યક્તિએ ફોટાનો રોલ પોલીસને આપવાને બદલે ઉદેપુરના કોઈ ગાઈડ-કમ-ફોટોગ્રાફરને આપ્યો... વેલ, એમ શા માટે ? નહિ.. સમથિંગ ઈઝ રૉન્ગ.. સમથિંગ ઈઝ ટેરિબલી રૉન્ગ...'

હરીશે ડાબા હાથની હથેળીમાં જમણા હાથની મૂઠી પછાડી, તાજા જ પકડેલા વાઘને પાંજરામાં પૂરવામાં આવ્યો હોય અને તે ગુસ્સા, વિહ્વળતા અને નિઃસહાયતામાં આંટા મારે તેમ તેણે કમરામાં થોડા આંટા માર્યા. તે કોઈ વિચિત્ર સંવેદન અનુભવતો હતો. તેને કોઈ સાથે વાત કરવાની, સાથે મળીને વિચાર કરવાની આવેગમય ઇચ્છા થઈ આવી. પણ કોની સાથે વાત કરવી ?

ગોવિંદ, અશોક કે જિગર એ ત્રણમાંથી કોઈ ઉદેપુરમાં ન હતા. તેણે વૉર્ડરોબમાંથી પાટલૂન અને ખમીસ કાઢ્યાં. કુર્તો અને પાયજામો ઉતારીને તેણે કપડાં બદલ્યાં. ઘડિયાળ જોઈ... સાડાદસ ને દસ થઈ હતી.... ગોવિંદ સાથે વાતચીત કરવાનું તેને મન હતું પણ એ અશક્ય હતું. તેણે મનમાં ગણતરી કરી... વેલ, બજોટા જઈ શકાશે... સાઠ કિલોમીટર જતાં અને સાઠ આવતાં.. ટૂ અવર્સ.. ઑર પરહેપ્સ એ ફ્યૂ મિનિટ્સ મોર... ત્રણ કલાકમાં એ ચોક્કસ પાછો આવી શકશે.

પણ તે દરમ્યાન ? આ નાગરનો બચ્ચો ! તેનું શું કરવું ? એ ફરી ફોન કરશે તો ? તેની મા કે બાપને વાત કરશે ! આટલા દિવસ પછી તેણે શા માટે ફોન કર્યો હશે ? તેનો આશય તો સ્પષ્ટ જ હતો : બ્લૅકમેલ... પણ શા માટે તેણે અત્યાર સુધી ફોન નહિ કર્યો હોય ?... એની વે... તેને મળ્યા વગર છૂટકો થવાનો નથી.... સૂનર ધ બેટર.. તે બબડ્યો. તેણે બૂટ પહેર્યા... ગમે તેમ કરીને એ નાગર જે હોય તે, એને અટકાવવો જરૂરી છે. એક વખત જિગર કે ગોવિંદ સાથે વાત થઈ જાય પછી દેખા જાયેગા.. ગોવિંદ જરૂર રસ્તો કાઢી શકશે. 'આઈ કેન ટૉક ટુ ચંદન...' હરીશે બૂટની દોરી બાંધતાં બાંધતાં વિચાર્યું. ચંદન અંબરથી પાછો આવી ગયો હતો. 'યસ, ચંદનને ગોવિંદ પાસે મોકલી આપવો. તે ગોવિંદને વાત કરી શકશે.' હરીશ ચંદનને બરાબર ઓળખતો હતો. તે ઍથલેટ હતો. સારો ખેલાડી હતો. ઉદેપુરનો માનીતો ક્રિકેટર હતો પણ કોઈ અટપટી વાત તેના મગજમાં ઊતરતી નહિ. તે અમુક રીતે ઇમ્પલ્સિવ હતો. તેની રમત પણ ઇમ્પલ્સિવ હતી. અરે ભાઈ ! તેણે જ તો લૂંટમાં થોડું ઊંધું માર્યું હતું ને ! તેણે નર્વસ થઈને ગોળીઓ ન છોડી હોત તો કોઈ પ્રૉબ્લેમ જ ન થાત... ફોટાની બાબતમાં તે કશો ઉપયોગી નહિ નીવડે પણ ગોવિંદને કે જિગરને સંદેશો મોકલવા માટે તેનો ઉપયોગ થઈ શકશે.

હરીશે ફરી સિગારેટ સળગાવી. પણ ચંદનને અત્યારે રાત્રે ઘરમાંથી બહાર કાઢવો પડશે. એટલું જ નહિ, કદાચ આખી રાત તેને બહાર રહેવું પડે. તેણે સેટી પર બેઠક લીધી

અને ચંદનને ઘેર ટેલિફોન કર્યો. ચંદનના પિતાની પ્રેક્ટિસ ધૂમ ચાલતી. અઠવાડિયાના ચાર દિવસ તેમને બહારગામ રહેવાનું થતું.

'હલો કોણ ?' ચંદનની બહેને ફોન ઉપાડ્યો.

'કોણ મીના ! હું હરીશ બોલું છું, ચંદન ક્યાં છે ?'

'ઓહ હરીશભાઈ, કેમ દેખાતા નથી ?' મીના, ચંદન જેવી જ બહિર્મુખ છોકરી હતી. ચંદનના બધા દોસ્તો કરતાં તેને હરીશ સાથે વધુ ફાવતું. પણ હરીશને અત્યારે વાત કરવાની ફુરસદ ન હતી.

'મીના, તું પહેલાં ફોન ચંદનને આપ. અમારે અત્યારે જ બહારગામ જવું પડશે.'

'બહારગામ એટલે ?'

'અરે ! આપણો ગોવિંદ ખરો ને ! તેની મા સખ્ત બીમાર છે એટલે ચંદનને લઈને મારે ચિતોડ જવાનું છે. કદાચ તેમને અહીં લઈ આવવાં પડે.'

'એક મિનિટ..' મીનાએ કહ્યું અને ચંદનને બૂમ પાડી. 'ચંદનભાઈ, હરીશભાઈનો ફોન છે. જલદી.'

તરત જ ચંદન લાઈન પર આવ્યો. 'હલો ચંદન, હું હરીશ બોલું છું. જો. ગોવિંદનાં મધર બીમાર છે. તું તૈયાર થઈને શાસ્ત્રી સર્કલ પાસે આવ.' હરીશે કહ્યું.

'પણ શું થયું ?' તેણે પૂછ્યું.

'હું બધી વાત તને કરું છું. તું તૈયાર થઈ જા અને બહાર આવીને ઊભો રહે.' હરીશે કહ્યું. 'હું તને પિક-અપ કરું છું.'

હરીશે ફોન મૂક્યો અને તૈયાર થયો. તેણે પોતાને ઘેર પણ એ જ વાત કરી અને એ બહાર નીકળ્યો.

ગરાજમાંથી તેણે મોટર બહાર કાઢી અને મિનિટોમાં જ તે શાસ્ત્રી સર્કલ પહોંચ્યો. ચંદન ટૂરિસ્ટ બંગલાની પાછળની ગલીમાંથી બહાર આવતો હતો. તેણે ગાડી ઊભી રાખી. ચંદને પોતાની હેન્ડબૅગ પાછલી સીટમાં નાંખી ને હરીશ જોડે બેઠો.

'શું થયું હરીશ ? ગોવિંદનાં મા...' ચંદને પૂછ્યું. હરીશે ગાડી પાછી વાળી. ફતેહસાગરને રસ્તે લીધી.

'ચંદન, ભારે મુસીબત થઈ છે.' કહીને તેણે ચંદનને આખી વાત કરી. ચંદનના પેટમાં તેલ રેડાયું. તેનો હોઠ ધ્રૂજવા માંડ્યો. ઘડીભર તે બોલી ન શક્યો.

'હવે શું કરવાનું હરીશ ?... જો ખરેખર આપણા ફોટા તેની પાસે હોય તો તે કહે તેમ કર્યા વગર આપણો છૂટકો નથી.'

'આપણે કંઈ રસ્તો કાઢવો પડશે ને !' હરીશે કહ્યું. 'એટલે તો હું તને લેવા આવ્યો છું. આપણે ગમે તેમ કરીને આ બલાને –'

'આપણે તેને ખતમ કરવો જોઈએ.' ચંદન બોલી ઊઠ્યો.

'ફોટોગ્રાફ્સ અને નેગેટિવ્સ લીધા પહેલાં નહિ.' હરીશ બોલ્યો. 'આપણે ગોવિંદને વાત કરવી પડશે. અને પછી નિર્ણય લેવો પડશે. હવે જો..... હું તેને મળવા જઉં છું, રિટ્ઝ પર. તું ગાડીમાં જ બેસજે. ગમે તે થાય તારે રિટ્ઝ પર આવવાની જરૂર નથી. ઈટ ઈઝ જસ્ટ પૉસિબલ કે તેની પાસે મારો એકલાનો જ સ્પષ્ટ ફોટોગ્રાફ હોય... એની વે... આઈ વૉન્ટ યૂ ટુ વૉચ ધ સિચ્યુએશન... હું એ નાગરના બચ્ચા સાથે વાત કરીને આવું છું. બને તો તેને જ બહાર લઈ આવું છું.' કહીને હરીશે ગાડી ઊભી રાખી અને બારણું ખોલીને ઊતર્યો.

'પણ તું અહીં શા માટે ઊતરી જાય છે ?' ચંદને પૂછ્યું.

'હું રિક્ષામાં જઈશ. એ જ બરાબર છે. ગાડી તું દૂર ઊભી રાખ. રિટ્ઝના બારમાં ગમે તે ઓળખીતા હશે. મારી ગાડી ત્યાં ઊભી રહે તે મને બરાબર લાગતું નથી. તું મારી બહાર જ રાહ જોજે. હું એ કમબખ્ત ફોટોગ્રાફર સાથે વાત કરીને તરત પાછો આવું છું.'

'સ્ટૉપ હિમ... લેટ અસ હેવ સમ ટાઈમ.' ચંદન બોલ્યો. 'તે પૈસા માગે તો તું ટાઈમ માગજે.'

'તું ચિંતા ન કર. ઍન્ડ ડૉન્ટ બી નર્વસ. હું તેને ' ટૅકલ' કરી લઈશ.' કહીને હરીશે બારણું બંધ કર્યું. ચંદન સીટ પર ખસીને સ્ટિયરિંગ પર આવ્યો. ગાડી ઉપાડી. બે મિનિટ બાદ હરીશે રિક્ષા પકડી અને તે રિટ્ઝ પર પહોંચ્યો.

**

અગિયાર વાગવા આવ્યા હતા. રિટ્ઝની રેસ્ટોરાંમાં હજુ સારી એવી સંખ્યામાં લોકો હતા. રિટ્ઝના કાઉન્ટર ઉપર બેઠેલી છોકરી અને બીજો કોઈ આદમી વાત કરતા હતા. હરીશ એક ક્ષણ ત્યાં અટક્યો. રિટ્ઝથી તે પરિચિત હતો. ૧૦૨ નંબરનો કમરો, ડાબી તરફની વિંગમાં પહેલા માળે હતો. તે સીધો દાદર ચડ્યો. કોરિડોરમાં અજવાળું હતું. ૧૦૨ નંબરનું બારણું બંધ હતું. તેણે ટકોરા માર્યા પણ કોઈએ જવાબ ન આપ્યો. તેણે બારણાનો લૅચ ફેરવ્યો. બારણું ખુલ્લું જ હતું. તેણે ધીરેથી બારણાને ધક્કો માર્યો.

'કમ ઈન મિસ્ટર જૈન...' અંદરથી જવાબ આવ્યો. અંદર કેવળ નાઈટ લૅમ્પ બળતો હતો. ૧૦૨ નંબર ખરેખર તો સ્યૂટ હતો. બે કમરામાં એક બેડરૂમ અને બીજો સિટિંગરૂમ... અવાજ સિટિંગરૂમ તરફથી આવ્યો. સિટિંગરૂમમાં અંધારું હતું.... 'વેલકમ

મિસ્ટર જૈન... જરા બારણું બંધ કરી દેશો ?' અંદરથી અવાજ આવ્યો. કોઈ ફિલ્મના દૃશ્યમાં જાણે પોતે ભાગ લઈ રહ્યો હોય તેમ તેને લાગતું હતું. તે બારણામાં જ ઊભો રહ્યો. કોરિડોરમાંથી આવતું અજવાળું બારસાખમાંથી અંદર પડતું હતું. તેના કારણે કાર્પેટ પર પ્રકાશનું લંબચોરસ બિંબ પડતું હતું. એ બિંબની મધ્યમાં હરીશનો પોતાનો પડછાયો પડતો હતો.

'લાઈટ નહિ થાય તો બારણું બંધ નહિ થાય, મિ. નાગર' હરીશે કહ્યું. એક વખત નિર્ણય લીધા પછી ડરનારો એ આદમી ન હતો.

નાગર હસ્યા અને લાઈટ કરી. તે સિટિંગ રૂમમાં ન હતા. પણ બાથરૂમના બારણામાં ઊભા હતા. 'વેલકમ... હું એકલો જ છું. આપણે જે વાત કરવાની છે તે બંધ બારણે કરવી પડે તેવું તમને નથી લાગતું ?' નાગરે કહ્યું. હરીશે ધીરેથી બારણાને પગથી ધક્કો માર્યો.

નાગર સિટિંગ રૂમમાં ગયા. ત્યાંની લાઈટ કરી. હરીશ મક્કમ પગલે અંદર ગયો. નાગરે કુર્તો અને પાયજામો પહેર્યો હતો. પહેલી નજરે તે ફોટોગ્રાફર જેવો લાગતો ન હતો. પણ મોટી હોટેલોમાં રહેવા ટેવાયેલા કોઈ એક્ઝિક્યુટિવ જેવો લાગતો હતો.

'કંઈ મંગાવું તમારે માટે ?' નાગરે પૂછ્યું.

'નહિ...'

'તો પછી જે કામ માટે તમે આવ્યા છો તે પૂરું કરીએ.'

'હું કોઈ કામ માટે આવ્યો નથી, કામ તમારે છે. હું તો તમારી અદ્‌ભુત વાત સાંભળવા આવ્યો છું.' હરીશે કહ્યું અને નાગર હસ્યા.

'વેલ સેઈડ... મારા ધારવા કરતાં તમે વધુ હોશિયાર લાગો છો. પણ હોશિયાર ન હો તો તમે આવું કામ કેવી રીતે પાર પાડ્યું હોય !'

'કયું કામ મિ. નાગર ?'

'બૅન્ક ઑફ મેવાડની લૂંટ...'

'તેમાં તમારી ભૂલ થાય છે, મિ. નાગર. બૅન્ક ઑફ મેવાડમાં લૂંટારાઓ જેટલી રકમ લઈ ગયા તેટલી રકમ હું ખિસ્સામાં લઈને ફરી શકું તેટલા પૈસા મારે પોતાને નામે છે સમજ્યા ?...'

'તેની ખબર મને છે. એટલે જ તો મેં તમને ફોન કર્યો. નહિ તો હું લિયોને ફોન કરી શક્યો હોત. તમારા દોસ્ત શેક્સપિયરને પણ ફોન કરી શક્યો હોત...' નાગરે ધીરેથી કહ્યું. હરીશના હૃદયમાં ઝાટકો વાગ્યો.

'લિયો ! શેક્સપિયર ! એટલે ?'

'તમે સ્માર્ટ છો તેની મને ખબર છે. પણ મારી પાસે ચાલાક થવાની જરૂર નથી. અશોક શેખાવત અને જિગર પરોત બૅન્ક ઑફ મેવાડના સાહસમાં તમારા ભાગીદારો હતા તેની મને ખબર છે.'

એક ક્ષણ હરીશને સમજાયું નહિ કે તેણે શું બોલવું જોઈએ. ધાર્યા કરતાં આ નાગરનો બચ્ચો વધુ ખેપાની નીકળ્યો. 'તમારી કોઈ જબરદસ્ત ભૂલ થતી લાગે છે, મિ. નાગર. તમને ખબર છે બ્લૅકમેલ એ ભયાનક ગુનો છે ?'

'લૂંટ સાથેની હત્યા જેટલો નહિ.' નાગરે જવાબ આપ્યો.

'હું પોલીસને ઇન્ફૉર્મ કરીને નહિ આવ્યો હોઉં તેની તમને ખાતરી છે, મિ. નાગર ?... તમે ગમે તેને બ્લૅકમેલ કરી શકતા હશો, મને નહિ !' હરીશે કહ્યું.

'અત્યારે અહીંથી જ તમે પોલીસને વાત કરી શકો છો.... ફોન જોડી આપું ?' નાગરે ખૂણામાં પડેલા ફોન તરફ આંગળી કરીને કહ્યું. હરીશ મૂંગો રહ્યો. નાગરે થોડી વાર પછી ખોંખારો ખાધો.

'ફોટાઓ જોવામાં રસ છે કે પછી આપણે સોદાની ટર્મ્સ નક્કી કરીએ ?'

'હું એ જ કહેવા આવ્યો છું. તમે કોઈ ભળતા જ આદમીઓના ફોટા લીધા લાગે છે.' હરીશે કહ્યું. તેને સમજાતું ન હતું કે તેણે વાત કેવી રીતે કરવી જોઈએ.

નાગર ઊભા થયા. લાકડાના વૉર્ડરોબમાંથી તેમણે એક નાનકડી બૅગ કાઢી. બૅગમાં કપડાં હતાં. અને બેત્રણ પૅકેટ્સ... તેમણે એ બૅગ સેટી પર મૂકી અને એક પૅકેટ બહાર કાઢ્યું. તેમાંથી ત્રણ ફોટા કાઢ્યા. રંગીન તસ્વીરો હતી, ૧૦ ટ ૧૨ના એન્લાર્જમેન્ટ્સ. એ તસવીરો તેમણે હરીશના ખોળામાં મૂકી.. હરીશ એક ધબકારો ચૂકી ગયો. નાગર સાચું બોલતો હતો. તેની સાથે સોદો કર્યા વગર છૂટકો ન હતો.

'આ તસવીર પરથી... ડી-ફોકસ થયેલા ફોટોગ્રાફ્સ પરથી તમે ' હરીશ વાક્ય પૂરું કરે તે પહેલાં જ નાગરે પોતાના નાક પર આંગળી અડાડી.

'ધીરેથી, હરીશ જૈન... ધીરેથી. દીવાલોને પણ કાન હોય છે. આ ફોટા જ નહિ... લગભગ અડધો રોલ... આ તો સૅમ્પલ છે... મારે તો ફક્ત આ ફોટા પોલીસને પહોંચાડવાના રહે છે. સમજ્યાં ?... એક ફોન જ કરવાનો... અને યૂ આર ઇન...'

'અને તમે ?'

'ડોન્ટ બી ચાઈલ્ડિશ... મિ. હરીશ. આપણે બન્ને જાણીએ છીએ સત્ય શું છે ? જૈન કુટુંબનો નબીરો લૂંટ કેસમાં પકડાય તેનું શું પરિણામ આવશે તે તમને સમજાતું નથી ?...' નાગરે પૂછ્યું. હરીશે ઝડપથી વિચાર કર્યો.

'વૉટ ઇઝ યૉર પ્રાઇસ ?'

'વેલ.. લેટ અસ સી... લૂંટમાંથી કેટલા પૈસા તમને હાથ લાગ્યા છે ? મેં સાંભળ્યું છે કે સત્તર-અઢાર લાખ રૂપિયા હાથમાં આવ્યા છે. હાઉ ઍબાઉટ વન ફોર્થ ઑફ ધ લૂંટ...'

'મિ. નાગર... એક વાત તમને કહું... લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે મરતા નથી. મારે આટલું જ જાણવું હતું. વેલ... તમે ધારો છો એટલો હું બેવકૂફ નથી, મિ. નાગર... પહેલી વાત તો એ છે કે આ ફોટા લઈને તમે પોલીસ પાસે જઈ શકો તેમ નથી. કારણ પોલીસ તમને પૂછશે આ ફોટા અત્યાર સુધી તમે કેમ છુપાવી રાખ્યા ? એ ફોટા કોણે પાડ્યા... અને ફોટા પાડનારે રોલ પોલીસને આપવાને બદલે તમને શા માટે આપ્યો ? એટલું જ નહિ, તમે મને શા માટે મળવા બોલાવ્યો...'

'વેલ સેઈડ... મિ. જૈન... મને વાંધો નથી. મારે પાંચ લાખ રૂપિયા જોઈએ. હું તમને પ્રિન્ટ્સ અને નેગેટિવ્ઝ આપી દઈશ... આ મારી છેલ્લી ઑફર છે.' કહીને નાગર ઊભા થયા. તેમણે ફરી ખોંખારો ખાધો અને ગળામાં આવેલો ગળફો થૂંકવા તે બન્ને કમરાની વચ્ચે, બાથરૂમની બહાર ગોઠવેલા વૉશ બેઝિન પાસે ગયા. હરીશે એ તકનો લાભ લીધો અને ઝડપથી બાજુમાં પડેલી બૅગમાં દેખાતું પૅકેટ ઉઠાવ્યું. જેવું પૅકેટ ઉઠાવ્યું કે તરત જ તેની નજર બીજી એક ચીજ પર પડી. તે ઊભો થયો... યસ ધૅટ વૉઝ હિઝ ચાન્સ... બૅગમાં રિવૉલ્વર હતી. પોલીસ કોલ્ટ... તેણે ઝડપથી પિસ્તોલ હાથમાં લીધી. ત્યાં પડેલી તસ્વીરો બૅગમાં નાંખી. બૅગ ઉઠાવી અને ઊભો થયો. નાગર નૅપ્કિનથી મોં લૂછતા અંદર પ્રવેશ્યા.

હરીશ તેમની સામે પિસ્તોલ તાકીને ઊભો રહ્યો... નાગરના હાથમાંથી રૂમાલ પડી ગયો. તેમણે હાથ ઊંચા કર્યા... અને એક ક્ષણ બાદ હસ્યા.

હરીશે ઘોડો દાબ્યો. તેનાથી દબાઈ ગયો. અનાયાસ અને આપોઆપ... તેણે ઘોડો દાબ્યો તે પહેલાં જ... અડધી ક્ષણ પહેલાં જ તેને ખ્યાલ આવ્યો હતો કે તેમાં ગોળી નહિ હોય... તે બૅગ લઈને ધસ્યો. નાગર આઘા ખસી ગયા. તે બારણે પહોંચે તે પહેલાં બારણું બહારથી બંધ થઈ ગયું હતું. તે મૂંઝાઈને ઊભો રહ્યો... પાછો વળ્યો. ૧૦૨ નંબરના પાછલા ભાગમાં ગૅલેરી હતી. અને ફ્રેન્ચ વિન્ડો હતી. એ તરફ તેણે ડગલું ભર્યું. ગૅલેરીનું બારણું ખૂલ્યું અને બે આદમીઓ અંદર આવ્યા. હરીશે બૅગ નીચે મૂકી. પિસ્તોલ ફેંકી દીધી. તે ધીરેથી નાગર પાસે આવ્યો. એક ક્ષણ નાગરની સામે જોઈ રહ્યો.

'મે આઈ હેવ એ સિગારેટ, ઇન્સ્પેક્ટર !' હરીશ ધીરેથી બોલ્યો. નાગર આશ્ચર્યથી તેની સામે જોઈ રહ્યા. એક પળ માટે તેમને હરીશ તરફ અનુકંપા જાગી. ભાગી જવાની તેને તક આપવાનું મન થઈ આવ્યું. તેમણે ધીરેથી સિગારેટનું પાકીટ કાઢ્યું. હરીશે

સિગારેટ સળગાવી અને ધીરેથી સેટી પર બેઠો. તેની બાજુમાં ગેલેરીમાંથી ધસી આવેલા બે આદમીઓ ઝડપથી ધસ્યા.

'નો હેન્ડકફ્સ... નો હેન્ડકફ્સ પરમાર...' ઈન્સ્પેક્ટર નાગરે હુકમ કર્યો...

'આઈ એમ સૉરી હરીશ.' નાગર બોલ્યા, 'મારે પણ તારા જેવડો દીકરો છે.'

'ક્યાં છે ?'

'પરદેશમાં છે.'

'ભણે છે ?' હરીશે પૂછ્યું.

'નહિ.. સેટલ થયો છે.'

'કાયમ માટે ?'

'હં... તે અમેરિકન છોકરીને પરણ્યો છે. જુવાન છોકરાઓને આ આપણો દેશ ગમતો નથી. આ દેશની પરિસ્થિતિ કંઈ એવી થઈ રહી છે કે જેથી તમન્ના ધરાવતા લોકો અહીંથી ચાલ્યા જાય છે...' કહીને નાગરે પોતાની કથની કહી સંભળાવી.... હરીશ હસ્યો...

અશોક, ગોવિંદ અને જિગર પણ ક્યાં બાહોશ ન હતા ? તેમણે ખરેખર તો આ દેશ જ છોડી દેવા જેવો હતો.... સિગારેટના ધુમાડામાં થોડી વાર માટે તે ખોવાઈ ગયો. જેમનામાં કૌવત છે તેમણે અહીંથી ચાલ્યા જવું જોઈએ. કૌવતની અહીં જરૂર નથી. અહીં જરૂર છે કૌભાંડોની.... પારાવાર શોષણ અને રુશવતના નિષ્ણાતોની... યસ ધિસ કન્ટ્રી ઈઝ ઓન્લી ફૉર જેકલ્સ...જેકલ્સ ઍન્ડ શીપ... શીપ ઍન્ડ જેકલ્સ... અહીં ઘેટાં જીવી શકે અને શિયાળવાં જીવી શકે... તે ખડખડાટ હસી પડ્યો.

**

રિટ્ઝ હોટલના રૂમ નં. ૧૦૨માં બૅન્ક ઑફ મેવાડના રહસ્યમય નાટક પર પડદો પડી ગયો હતો. હરીશ જૈન ઈન્સ્પેક્ટર નાગરના હાથમાં ઝડપાઈ ગયો હતો. રિટ્ઝથી થોડે દૂર રાહ જોતા ચંદનને તેની ખબર ન હતી. હરીશની ગાડી લઈને તે ઊભો રહ્યો હતો. તેને ખાતરી હતી કે હરીશને આવતાં વાર તો થશે જ, પણ આટલી બધી વાર થશે તેવી તેણે કલ્પના કરી ન હતી. હરીશને ગયે ચાલીસ મિનિટ થઈ હતી. કોઈ કમબખ્ત ફોટોગ્રાફરે લૂંટના ફોટા લીધા હતા અને તે હવે બ્લૅકમેલ કરી રહ્યો હતો. ચંદનને હરીશની શક્તિઓ પર વિશ્વાસ હતો. હરીશ ખરેખર ચાલાક હતો. કોઈ પણ બ્લૅકમેલરના સકંજામાં તે સપડાય તે શક્ય ન હતું. છતાં હરીશને સોદો કરવામાં આટલી બધી વાર કેમ લાગી હશે ?

હરીશે તેને બહાર જ ઊભા રહેવાનું કહ્યું હતું, પણ મિનિટો વીતતી જતી હતી તેમ તેમ ચંદનની ધીરજ ખૂટતી જતી હતી. ચંદન સિગારેટ પીનારો આદમી ન હતો, છતાં ત્યાં પ્રતાપ સર્કલ પાસે રાહ જોતાં જોતાં તેણે સિગારેટનું પાકીટ ખાલી કરી નાંખ્યું હતું. આખરે તે કંટાળ્યો. તેણે ગાડી ઉપાડી. રિટ્ઝ હોટલના ઝાંપાની બહાર રસ્તાની સામેની ફૂટપાથ આગળ તેણે ગાડી લાવીને પાર્ક કરી દીધી. સામાન્ય અવરજવર સિવાય હોટલ તદ્દન શાંત હતી. બીજી દસ મિનિટ વીતી. હવે તે ખરેખર મૂંઝાતો હતો. તેણે ગાડી લૉક કરી અને હોટલના કંપાઉન્ડમાં પેઠો.

હોટલની ફૉયરમાં નાઈટ ક્લાર્ક કાઉન્ટર પર પગ ઉલાળીને કશુંક વાંચતો હતો. ચંદન એક ક્ષણ ખચકાયો. તેને ખબર હતી કે હરીશ રૂમ નં. ૧૦૨માં કોઈ નાગર નામના આદમીને મળવા ગયો હતો. એક ક્ષણ માટે ચંદનને થયું કે, તે નાઈટ ક્લાર્કને પૂછે અને ૧૦૨ નંબરના કમરામાં ઈન્ટરકૉમથી વાત કરે. પણ બીજી જ ક્ષણે તેણે વિચાર બદલ્યો. તે ધીરેથી ફૉયર તરફ ચાલ્યો અને પગથિયાં ચડ્યો. સામે જ ઉપર જવાનો દાદર હતો. તેને પ્રથમ માળ પર જ જવાનું હતું. તે તદ્દન સ્વાભાવિકતાથી ફૉયરમાં દાખલ થયો અને જાણે હોટલમાં જ રહેતો હોય તેવી રીતે આરસની સીડી પર ચડ્યો. નાઈટ કલાર્કનું ધ્યાન તે વાંચતો હતો તે ચોપડીમાં હતું. દાદરનું પહેલું લૅન્ડિંગ વટાવીને તે ફર્સ્ટ ફ્લોર પર આવ્યો.

ફર્સ્ટ ફ્લોર પર દાદરની ડાબી તરફ ૧૦૨ નંબરનો કમરો હતો. કોરિડોરમાં આછું અજવાળું હતું. ૧૦૨ નંબરનો કમરો બંધ હતો અને ૧૦૨ નંબર આગળ કોરિડોરમાં બે આદમીઓ ઊભા હતા. તે જોઈને જ ચંદનને ખ્યાલ આવ્યો કે કંઈક ખોટું છે. પણ હવે તેનાથી પાછા વળાય તેમ ન હતું. બરાબર તે જ વખતે ૧૦૨ નંબરના કમરામાંથી હરીશ બહાર આવ્યો. તેની પાછળ પણ બીજા બે જણ હતા.... 'માઈ ગોડ...' ચંદન મનમાં બોલી ઊઠયો.

'હલ્લો સતીશ...તું અહીં ક્યાંથી ?' એકાએક મોટેથી હરીશ બોલી ઊઠયો. ચંદન થડકીને ઊભો રહી ગયો. ખરેખર તો તે ત્યાંથી આગળ કોરિડોરમાં પસાર થઈ શક્યો હોત. પણ હરીશે તેને અટકાવ્યો, 'સતીશ' કહીને અટકાવ્યો. ચંદન આશ્ચર્ય પામ્યો હતો. તેનું મગજ, મગજના કોષો સમજી શકે તે કરતાં ઝડપથી અહીં કશુંક બની રહ્યું હતું. કોરિડોરમાં ઊભેલા બન્ને જણે કૉર્ડન કરી. ચંદનને બદલે બીજું કોઈ હોત તો તેને ખ્યાલમાં ન આવત....

'અરે આખો દિવસ આજે મેં તારી તલાશ કરી. તું અહીં ક્યાંથી ? મારા નોકરે કહ્યું તને ?' હરીશ ઝડપથી બોલ્યો.

'હેં હા... આમ તો મારે અહીં આવવાનું જ હતું. તું અહીં ક્યાંથી ?' ચંદને પૂછ્યું. પણ તેને શ્વાસ ચડતો હતો.

'અંગત કામે આવ્યો હતો. વેલ સતીશ. આ છે મારા મિત્ર, વડીલ મિત્ર... ઇન્સ્પેક્ટર નાગર... અને સાહેબ, આ મારો કઝીન સતીશ જૈન...' હરીશે ઝડપથી ઓળખાણ આપી. નાગરે પણ અજબ સ્વસ્થતાથી 'હલો' કહીને ચંદનનું અભિવાદન કર્યું.

'હું ઉતાવળમાં છું, હરીશ ! મારે ખૂબ જરૂરી કામ હતું.' ચંદને કહ્યું.

'મને ખબર છે, હું તારે ત્યાં અત્યારે જ આવવાનો હતો.' કહીને હરીશે ખિસ્સામાં હાથ નાંખ્યો અને પાકીટ કાઢ્યું, 'જો સતીશ, આઈ હેવ મેનેજ્ડ સેવન હન્ડ્રેડ. બાકીનાનો બંદોબસ્ત કાલે ઑફિસેથી થઈ જશે. આજે આખો દિવસ મને સમય જ મળ્યો ન હતો. તું આટલા પૈસા તેને પહોંચાડી દેજે અને કહેજે કે માને હૉસ્પિટલમાં દાખલ કરી દે. આપણે બીજા પૈસાનો બંદોબસ્ત કરીશું સમજ્યો, પણ તું આ પૈસા તેને પહોંચાડવાનો બંદોબસ્ત તરત કરી નાંખજે.' કહીને હરીશે પાકીટમાંથી સો-સો રૂપિયાની સાત નોટો ચંદનને કાઢીને આપી.

'પણ તું સાથે આવ્યો હોત તો સારું થાત.' ચંદને કહ્યું. હજુ પણ તેના ફેફસાંમાં ચડી આવેલો શ્વાસ હેઠો ઊતરતો ન હતો. તે એક વાત પામી ગયો હતો કે હરીશ જૈન અજબ રીતે ફસાયો છે. પણ તે સમજી શકતો ન હતો કે ખરેખર શું થયું છે.

'મારાથી અત્યારે તો અવાય તેમ નથી.' હરીશે કહ્યું.

'તો પછી કાલે સવારે જઈશું.'

'કાલે પણ કદાચ મારાથી નહિ અવાય. તું જઈ આવજે અને કહેજે કે ચિંતા કરવાની જરૂર નથી. ઑફિસમાંથી પૈસા મળી જશે. અને બેસ્ટ કોર્સ તો હવા ખાવાની જરૂર છે. કોઈ હિલ સ્ટેશન પર જ્યાં કોઈ કશી ખલેલ પાડી ન શકે ત્યાં જવાની જરૂર છે. અચ્છા તો હું જાઉં.' હરીશે કહ્યું અને નાગર સામે જોઈને કહ્યું. 'ચાલો ઇન્સ્પેક્ટર...'

ચંદન દ્વિધામાં ઊભો રહ્યો. હરીશ ઝડપથી દાદર તરફ ચાલ્યો. નાગરે પણ પગ ઉપાડ્યા અને બીજા બે જણા આગળ દોડ્યા. ચંદન ઊંઘમાં ચાલતો હોય તેમ તદ્દન ધીરે પગલે દાદર નજીક ગયો અને હરીશની સાથેના માણસો દાદરનો વળાંક વટાવી ગયા પછી ધીરેથી તે દાદર પર આવ્યો. ત્યારે જ તેને ખ્યાલ આવ્યો કે પોર્ચમાં આવેલી મોટર પોલીસવાન હતી. ચંદન લૅન્ડિંગમાં જ ઊભો રહ્યો. કાઉન્ટર પરનો ક્લાર્ક અવાચક થઈને કાઉન્ટરની બહાર આવી ગયો હતો. ઇન્સ્પેક્ટર નાગર તેની પાસે ગયો અને કહ્યું :

'આ ચાવી.'

કાઉન્ટર ક્લાર્કે સ્તબ્ધતાથી ચાવી હાથમાં લીધી.

'હું સવારે પાછો આવીશ.' નાગરે કહ્યું.

હરીશને પોલીસવાન (સ્ટાન્ડર્ડ સ્ટેશનવૅગન)માં બેસાડવામાં આવ્યો. નાગરે ફૉયરના પગથિયાં આગળ ઊભા રહીને સહેજ વાર માટે આંખો મીંચી લીધી. હરીશને જોઈને તેમને તેમનો પરદેશમાં જ ઠરીઠામ થયેલો દીકરો યાદ આવ્યો હતો. અત્યારે પણ પળવાર માટે તેમને એ દીકરાનું સ્મરણ થઈ આવ્યું. 'આઈ એમ સૉરી હરીશ... આઈ હેવ ટૂ ડૂ માઈ ડ્યૂટી...' વૅગન પાસે આવીને તે બોલ્યા. હરીશ મૂંગો રહ્યો. તેને ચંદનની ચિંતા હતી. ચંદન સહીસલામત બહાર નીકળી જાય અને આ નાગરના બચ્ચાને શંકા ન આવે તેવી તે મનોમન પ્રાર્થના કરતો હતો. તેને ચંદન પર ખીજ પણ ચડી હતી. શા માટે ઉતાવળ કરીને અંદર આવ્યો હશે ! તે બહાર ઊભો રહ્યો હોત તો તેનું શું જવાનું હતું ? ખેર ! હજુ બાજી બગડી ન હતી. નાગરને કોઈ શંકા આવી હોય તેવું લાગતું ન હતું. ચંદનને તેણે સમયસૂચકતા વાપરીને સતીશ તરીકે સંબોધ્યો હતો. એટલું વળી સારું થયું કે ચંદન સાંભળી રહ્યો. નહિ તો ત્યાં જ રામાયણ થાત. હવે એ જલદી ભાગીને ચિતોડ જાય તો સારું. કમ-સે-કમ ગોવિંદ અને અશોકને એ ચેતવી શકે.

'નાગર સાહેબ..' હરીશે સ્ટાન્ડર્ડ સ્ટેશન વૅગનની બારીમાંથી ડોકું બહાર કાઢીને કહ્યું. નાગર નજીક આવ્યા. બરાબર તે જ વખતે તેણે દાદર પરથી ચંદનને ઊતરતો જોયો. એ સલામત ઝાંપાની બહાર નીકળે તે જ અત્યારે હરીશ માટે અગત્યનું હતું. અને એટલે જ તેણે નાગરને નજીક બોલાવ્યા. 'નાગર સાહેબ, તમે નથી આવતા સાથે ?' તેણે પૂછ્યું.

'નહિ. હું પછીથી આવું છું. મારી પાસે મારી ગાડી છે.' નાગરે જવાબ આપ્યો. ચંદન દાદર ઊતરીને ફૉયરમાં આવી ગયો હતો. હરીશ એ જોઈ શકતો હતો. નાગરની પીઠ એ તરફ હતી.

'મને ક્યાં લઈ જવામાં આવી રહ્યો છે ?' હરીશે પૂછ્યું.

'ડાક બંગલા પર.' નાગરે જવાબ આપ્યો. પાછળ ચંદન પગથિયાં ઊતર્યો.

'મારે ઘેર સંદેશો મોકલવો છે.' હરીશ બોલ્યો, 'આઈ મસ્ટ હેવ એ લૉયર..'

'ઑફ કૉર્સ...' નાગરે કહ્યું, 'તમારે ઘેર સંદેશો પહોંચાડવાની હું વ્યવસ્થા કરું છું.'

'ઇન્વેસ્ટિગેશન કોના ચાર્જમાં છે ?' હરીશે પૂછ્યું. ખરેખર તો એ જાણતો જ હતો પણ તે ચંદનને ભાગવા માટેનો સમય આપવા માગતો હતો.

'ડી.એસ.પી. હાંડા સાહેબ અને આઈ.જી.પી. મોરારકા.. વેલ ધે આર વેરી ફાઈન ઑફિસર્સ, હરીશ... સાચું બોલવામાં તકલીફ ઓછી થશે.' નાગરે કહ્યું. હરીશે

નજર ફેરવી. ડોકું ફેરવ્યું. વૅગનની પાછલી બારીમાંથી જોયું. ગાર્ડન લાઇટમાં ઝડપથી ઝાંપા તરફ જતા ચંદનને જોઈને તેને કંઈક હાશ થઈ.

'સાચું બોલવું એટલે, નાગર સાહેબ ?'

'ગુનાનો એકરાર કરી લેવો. એ મારી સલાહ છે.' નાગરે કહ્યું.

'કયા ગુનાનો એકરાર ?' હરીશે પૂછ્યું.

'ડોન્ટ બી સિલી હરીશ... આવતી કાલ સાંજ સુધીમાં અમે તારા બધા મિત્રોને રાઉન્ડ-અપ કરી લઈશું. તું સરસ છોકરો છું. ગુનાની કબૂલાત સમયસર કરવામાં તમને લાભ થશે.' નાગરે કહ્યું.

'જરા નજીક આવોને સાહેબ.' હરીશે કહ્યું. નાગર નજીક આવ્યા. 'બીટવીન યૂ ઍન્ડ મી. એક સવાલનો જવાબ આપશો ?'

'બોલ...'

'કયા મિત્રોને તમે પકડવા માગો છો ?'

'લિયો અને શેક્સપિયર' નાગરે ધીરેથી જવાબ આપ્યો.

'તમને ખબર છે એ લોકો ક્યાં છે ?'

'તે હું શોધી શકીશ...' નાગરે કહ્યું, 'તમારા જેવા બુદ્ધિશાળી છોકરાઓ જો સુંદર પ્લાનિંગ સાથે લૂંટ કરી શકે તો અમારા જેવા કોઈક અધિકારીઓ પણ થોડી બુદ્ધિ ચલાવી શકે ને ! ઓ. કે. હરીશ, આઇ ઍમ ગેટિંગ લેટ... મારે રાત્રે ઘણું કામ કરવાનું છે.'

'આઈ લાઇક યૂ સર...' હરીશે આનંદથી કહ્યું. રાતના સન્નાટામાં તેણે પોતાની મોટરનું હોર્ન સાંભળ્યું હતું. તેને હૉર્નનો અવાજ સાંભળીને જેટલો આનંદ થયો ન હતો તેટલો આનંદ એ હૉર્ન વગાડવા જેટલી બુદ્ધિ ચંદને વાપરી હતી તેનો થયો હતો. અને એટલે જ એકાએક તેના પગમાં જોર આવ્યું હતું. ચંદન પહોંચી શકશે... જરૂર પહોંચી શકશે....

'આઈ લાઇક યૂ ટૂ હરીશ.' નાગરે હરીશના હાથ પર પોતાનો હાથ મૂકીને કહ્યું. 'મોરારકા ઇઝ એ નાઇસ ઑફિસર. બી ફ્રેન્ડ વિથ હિમ.. હી વિલ બી હેલ્પફુલ...' નાગરે સલાહ આપી, સ્ટેશન વૅગન ઉપાડવામાં આવી. હરીશને આનંદ એટલો જ થતો હતો કે ગોવિંદ અને અશોકને વિચારવાની, ભાગી જવાની તક રહેશે.

પણ તેણે ઇન્સ્પેક્ટર નાગરને 'અંડરએસ્ટિમેટ' કર્યો હતો.

**

ઇન્સ્પેક્ટર નાગર તેમની જીપમાં ગોઠવાયા. વાયરલેસ [illegible] ટેલિફોન પરથી તેમણે પેટ્રોલકારનો સંપર્ક સાધ્યો. 'નાગર હિયર. ઓવર.'

'મૅસેજ આપી દીધો છે, સાહેબ. મોરારકા સાહેબ અને હાંડા સાહેબ ડાક બંગલા પર પહોંચે છે.'

'આર જે બી ૭૦૭૫નું શું છે ?' નાગરે પૂછ્યું. એ હરીશની ઍમ્બેસેડરનો નંબર હતો.

'ઢવન સાહેબના ચાર્જમાં ઓવર..'

'અત્યારે ક્યાં છે ? ઓવર.'

'ચિતોડ હાઈ-વે તરફ. ઓવર.' કંટ્રોલ કારમાંથી જવાબ આવ્યો.

'ઓ. કે. હાંડા સાહેબને મૅસેજ આપો કે હું ફૉલો કરું છું. ઓવર.' કહીને નાગરે ડ્રાઇવરને બાજુ પર હટાવ્યો અને પોતે ડ્રાઇવરની સીટ લીધી અને ગાડી ઉપાડી.

**

હજુ પણ ચંદનના હાથ ધ્રૂજતા હતા. તે ખરેખર ખૂબ જ સરળતાથી રિટ્ઝ હોટલની બહાર નીકળ્યો હતો. હરીશ ઝડપાઈ ગયો છે તેના આઘાતથી તે ધ્રૂજતો હતો. સારું થયું , હરીશે તેને સતીશ કહીને સંબોધ્યો, નહિ તો ઉપાધિ થાત. 'માઈ ગૉડ.... હરીશ હૅડ ટેરિબલ નર્વ્ઝ.' તે બબડ્યો. તેણે જો તેને પૈસા ન આપ્યા હોત તો ! તો જરૂર આવી બનત. તેની પાસે ચિતોડ જવા માટે પેટ્રોલના પૈસા ન હતા. મનમાં પોતાની સાથે જ વાત કરતાં કરતાં તેણે ગૅસગેજ તરફ જોયું. ટાંકીમાં અડધાથી થોડું ઓછું પેટ્રોલ હતું. ચિતોડ જતાં રસ્તામાં ક્યાં ક્યાં પેટ્રોલ પંપ આવે છે તેની મનમાં તેણે ગણતરી કરી. ઘડિયાળ જોઈ... 'વ્હાય ટેક રિસ્ક' તે મનમાં બબડ્યો અને પ્રતાપનગરના કોર્નર પાસે પેટ્રોલ ભરી લેવાનું નક્કી કર્યું. મિનિટોમાં તે પંપ પર પહોંચ્યો હતો. ગાડીમાં પેટ્રોલ પુરાવ્યું હતું અને ઑઈલ, પાણી, હવા બધું ચેક કરાવી લીધું. બરાબર પંદર મિનિટ તેણે પેટ્રોલ પંપ પર ગાળી હતી. ચિતોડ હાઈ-વે પર પોલીસ પેટ્રોલકાર અને પોલીસ વાયરલેસ ફ્રિકવન્સી ધણધણી ઊઠી હતી.

**

ડાક બંગલામાં બૅન્ક ઑફ મેવાડની લૂંટની તપાસ માટેનું હેડ કવાર્ટર્સ રચાયું હતું. મિનિટે મિનિટનો અહેવાલ પોલીસ કંટ્રોલમાંથી અહીં રીલે થતો હતો. ઇન્સ્પેક્ટર નાગરનો સંદેશો આવ્યો ત્યારે આઇ.જી.પી. મોરારકા હોમ મિનિસ્ટર માટેનો રિપોર્ટ કેવી રીતે તૈયાર કરવો તેની ઘડભાંજમાં હતા.

'નાગર હેઝ હૂકડ હરીશ જૈન..' હાંડાએ આવીને સમાચાર આપ્યા હતા. અને હોટલ રિટ્ઝમાં શું બન્યું તે કહી સંભળાવ્યું હતું. ડી.એસ.પી. અને આઈ.જી.પી. બંને ડાક બંગલા પર પહોંચ્યા હતા.

**

મિનિટોમાં જ પોલીસ વૅગનમાં હરીશને ત્યાં લાવવામાં આવ્યો હતો. પ્રથમ વખત તે કંઈક અજબ સંવેદન અનુભવતો હતો. તેનું મગજ સલામત હતું. આખું શરીર સ્વસ્થ હતું, પણ વૅગનની સીટમાંથી પગ બહાર કઢાતો ન હતો. તેણે બારણાનો ટેકો લીધો, પગ મોટરમાંથી બહાર કાઢ્યા અને જમીન પર મૂક્યા. તે ઊભો થવા ગયો પણ તેનાથી ઊભા થવાતું ન હતું. ત્યાં લઈ આવનાર પોલીસના આદમીઓએ તેને જડતાથી ઊભો કર્યો. તેમને એમ હતું કે હરીશ ઢોંગ કરે છે, પણ તે ઢોંગ કરતો ન હતો. તેના શરીરમાંથી જાણે કૌવત ચાલી ગયું હોય તેમ તે ઊભો થઈ શકતો ન હતો. તેના પગ લકવા થઈ ગયો હોય તેમ એકાએક અકડાઈ ગયા હતા. મોટર પાસે હોહા થઈ ગઈ. તેને લઈ આવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર પરમારે તેને લાફો લગાવી દીધો, પણ હરીશ તેની સામે અવાચકતાથી જોઈ રહ્યો હતો.

ટાંગાટોળી કરીને તેને અંદર લાવવામાં આવ્યો. ડાક બંગલાના ડાઈનિંગ હૉલમાં પડેલા સોફા પર તેને ઝીંકવામાં આવ્યો. દરમ્યાનમાં આઈ.જી.પી. અને ડી.એસ.પી. બંને ત્યાં આવ્યા.

'સો ચૂહે મારકે સાલી બિલ્લી હજ કો ચલી.' કોઈક બોલ્યું. બીજા કોઈએ ગાળ દીધી. પરમારે ફરી એક લાફો હરીશને જડી દીધો. હરીશને કોઈ જ સંવેદન થતું ન હતું. તેનું ખોળિયું તેના આત્માથી જુદું પડી ગયું હોય તેમ તે તદ્દન અનાસક્ત થઈને બધાના ચહેરા જોઈ રહ્યો હતો. એ ચહેરા પણ તેને જીવ વગરના, કાગળના માવામાંથી બનાવેલાં મહોરાં જેવા લાગતા હતા. તેના મગજમાં કોઈ અજબ શાંતિ લાગતી હતી. જાણે કે પોતે છે અને નથી તેના સઘળા તનાવોનો અંત આવી ગયો હતો. તેનો ભય ચાલ્યો ગયો હતો. ભયની સાથે તેની શક્તિઓ પણ ચાલી ગઈ હતી. લૂંટના દિવસથી આજ સુધીમાં ક્યારેય તેણે આવો સન્નાટો, આવી ચિરંતન શાંતિ અનુભવી ન હતી. પેલા સબ ઈન્સ્પેક્ટરે તેને કસીને લાફો માર્યો હતો, પણ તેની કોઈ અસર તેને થતી ન હતી..... તેને અંદરથી આનંદ થતો હતો. એ શેનો આનંદ હતો તે તેને સમજાતું ન હતું. તેના હોઠ આગળ ભીનાશ આવી હતી. ભીનાશ અને પછી ખારાશ. કશુંક તેના ચહેરાને ભીંજવતું હતું, પણ હાથ ઉઠાવીને, એ શું છે તે જોવાની તેનામાં શક્તિ ન હતી. શક્તિ ન હતી કે પછી તેમ કરવાની ઈચ્છા ન હતી. તે તેને સમજાયું નહિ.

આઈ.જી.પી. આવી પહોંચ્યા ન હોત તો કદાચ હરીશને મારી મારીને અધમૂઓ કરી નાંખવામાં આવ્યો હોત. તેને એકાએક શું થયું તે સામાન્ય પોલીસ અધિકારીઓ કે કૉન્સ્ટેબલો સમજી શક્યા ન હોત. તેમણે તો એ ઢોંગ કરે છે તેમ માની લીધું હોત. પારાવાર માનસિક તનાવ સાથે વિચારશીલતા, માનસિક સમતુલા જાળવી રાખવા તે અત્યાર સુધી ઝઝૂમ્યો હતો. એકાએક તેના સઘળા માનસિક આરક્ષકો તૂટી પડ્યા હતા. તેનું શરીર રૂના પોલ જેવું થઈ ગયું હતું. હાડકાંવિહોણા સ્નાયુઓના ઢગલા જેવું.

'કૉલ ધ ડૉક્ટર... ઍન્ડ ઈન્ફૉર્મ હિઝ ફાધર...' આઈ.જી.પી. એ હુકમ કર્યો. અને હરીશની પલ્સ હાથમાં લીધી. હરીશે મોરારકાની સામે જોયું. મોરારકા તેને ઘેર આવી ગયેલા હતા. સાથે જમ્યા પણ હતા.. તેણે સ્મિત આપવા પ્રયત્ન કર્યો. મોરારકાએ ગજવામાંથી રૂમાલ કાઢીને, તેના હોઠ પરથી નીતરતું લોહી સાફ કર્યું અને ઘૃણાથી ત્યાં ઊભેલા સબ-ઈન્સ્પેક્ટર પરમાર તરફ જોયું...

'આ લોકો...' એટલું બોલીને મોરારકા અટકી ગયા. તે કહેવા માગતા હતા કે આ છોકરો સામાન્ય ડાકુ નથી... પણ તે બોલ્યા નહિ. કાયદાની દૃષ્ટિએ એ ડાકુઓ જ હતા. હિચકારા ખૂનીઓ હતા.

હરીશ જૈન મોરારકાની એ નજર વાંચી શકતો હતો, પણ તે બોલી શકતો ન હતો. ગોવિંદ કહેતો હતો, ક્રાંતિ સાધનોથી પર છે. હિંસા અનિવાર્ય છે. જેમ લોખંડમાંથી હળ ઘડવા માટે તેને તપાવવું પડે છે, તેમ સમાજમાં સંસ્કૃતિનું, માનવતાનું, મૂલ્યોનું ઘડતર પારાવાર તપ વગર થતું નથી. એવો સમાજ જ્યારે ઘડાશે ત્યારે અહિંસાનો આવિષ્કાર થશે. ધર્મનો લોપ થાય છે ત્યારે ઈશ્વર અવતાર લે છે. પણ એ અવતારનું સાધન સુદર્શન ચક્ર જ હોય છે. નરસિંહનું સ્વરૂપ જ હોય છે.. હરીશના મગજમાં ગોવિંદ ભંડારીના શબ્દોના પડઘા પડતા હતા.

**

ચંદન નામેચા... ચિતોડ હાઈ-વેના અંધકારને ચીરતો ગોવિંદ ભંડારી પાસે જઈ રહ્યો હતો. ઈન્સ્પેક્ટર નાગર અને સબ-ઈન્સ્પેક્ટર ઢવનની ગાડીઓ ચંદનની ગાડીની રેડ-લાઈટ્સની પાછળ દોડી રહી હતી....

**

પોલીસને હવે ચંદન નામેચા જેટલી ઉતાવળ ન હતી. ઈન્સ્પેક્ટર નાગરે હરીશ જૈનને ઝબ્બે કર્યા પછી લૂંટારાઓ કોણ છે, કેટલા છે, લૂંટ કેવી રીતે થઈ, તે પ્રશ્નોનું મહત્ત્વ ઘટી ગયું હતું. હવે કેવળ લૂંટમારો જ નહિ, પરંતુ લૂંટનો માલ પણ હેમખેમ પાછો મળે તેવી તજવીજ કરવાની હતી.

ચંદન રિટ્ઝ હોટલ આગળથી નીકળ્યો ત્યારે તેનું આખું શરીર ધ્રૂજતું હતું. તે રાજસ્થાનનો અચ્છો ક્રિકેટર હતો. તંદુરસ્ત હતો. એ આખીય ટુકડીમાં જો કોઈ રીતે તાકાતનું માપ કાઢવામાં આવે તો ચંદન સૌથી તેજ સાબિત થાય. પણ હરીશ પકડાયો હતો.... તેમનું તમામ આયોજન નિષ્ફળ નિવડ્યું હતું... તેના કરતાંયે હરીશે જે રીતે તેને છટકવાનો મોકો આપ્યો હતો તેનો જે ધ્રાસકો હતો... રિટ્ઝના ઝાંપા બહાર જતાં જતાં તેનામાં જે પારાવાર ભયગ્રસ્તતા વ્યાપી હતી, તેનો થડકારો તેના આખાય શરીરમાંથી હજુ જતો ન હતો. તેણે પોતાની સમગ્ર શક્તિ અને હતી એટલી તમામ હિંમત એકઠી કરીને પેટ્રોલ પંપ પર ગાડી લીધી હતી. બાકી તેનું દિમાગ તો તેને ભાગી છૂટવાનું, એ ગાડી ગમે ત્યાં મૂકી દઈને ફરાર થઈ જવાનું જ કહેતું હતું.

ઘડીભર તે બીજી દ્વિધામાં પણ મુકાયો હતો. તેને એક વિચાર એવો પણ આવ્યો હતો કે તે જિગરને ત્યાં પહોંચી જાય અને જિગરને લઈને ગોવિંદની પાસે જાય. પણ હરીશે તેને સૂચવ્યું હતું ગોવિંદને ત્યાં જવાનું... તેને થોડો સમય મળ્યો હોત તો કદાચ તે વિચારી શક્યો હોત... જિગરને ત્યાં બજોટા જઈ શક્યો હોત પણ વિચારવાનો તેની પાસે સમય ન હતો. એટલું જ નહિ, વિચારવા જેટલી શક્તિ પણ ન હતી. પેટ્રોલ પુરાવીને તેણે ચિતોડ હાઈ-વે પર ગાડી મારી મૂકી હતી...

એ ચિતોડ જશે તેવી આછી કલ્પના ઇન્સ્પેક્ટર નાગરને હતી જ. અશોક શેખાવત અને ગોવિંદ ભંડારી ઉદેપુરમાં ન હતા. અને એટલે કદાચ ગોવિંદના વતનમાં હોય તેવું અનુમાન અસ્થાને ન હતું. અને કદાચ એ બંને જણ ચિતોડ નહિ હોય તોપણ ઝાઝો ફરક પડવાનો ન હતો. હરીશ જૈન પાસેથી માહિતી મળ્યા વગર રહેવાની ન હતી. અલબત્ત હરીશને જ્યારે નાગરે રિટ્ઝ પર મળવા બોલાવ્યો ત્યારે નાગરે કલ્પના કરી જ હતી કે હરીશ જૈન એકલો કોઈને પણ કહ્યા વગર તેમને મળવા આવશે નહિ. જે આદમી તેની સાથે આવશે તે પણ લૂંટમાં સામેલ હશે. અથવા લૂંટ વિશે જાણતો હશે અને જ્યારે જૈનને પકડવામાં આવશે ત્યારે તે બીજાઓને સમાચાર આપવા દોડી જશે.

ચંદન સિટી લીમિટની બહાર નીકળ્યો ત્યાર પહેલાં તેનું વર્ણન આઈ.જી.પી.ના હેડ ક્વાર્ટર્સ પર પહોંચી ગયું હતું. હરીશ જૈનની ઍમ્બેસેડર ગાડી, તેનો નંબર અને બીજી વિગતો પણ પહોંચી ચૂકી હતી. હાઈ-વે પોલીસ પેટ્રોલની વાયરલેસવાળી ગાડીઓને પણ સાબદી કરવામાં આવી હતી. ચંદનની પાછળ લગભગ એકાદ કિલોમીટરને અંતરે સબ-ઇન્સ્પેક્ટર મૂળરાજ ઢવન, પેટ્રોલ કારમાં પીછો કરી રહ્યો હતો. અને તેની પાછળ ઇન્સ્પેક્ટર નાગર, તેમની જીપનો ડ્રાઈવર અને બીજા બે કૉન્સ્ટેબલ્સ જઈ રહ્યા હતા. ચંદન ઉદેપુર સિટી લીમિટની બહાર પહોંચ્યો તે પહેલાં તો પોલીસ એચ. ક્યુ. પરથી

ડબોક ઍરપોર્ટ પર ખબર આપવામાં આવ્યા હતા. અને ત્યાંથી પણ એક ગાડી આગળ મોકલવામાં આવી હતી.

આવો જ મૅસેજ ભટવારા ખાતે મોકલવામાં આવ્યો. ભટવારાના સબ-ઇન્સ્પેક્ટર સુરેશચંદ્ર ભટ્ટને સિવિલિયન ડ્રેસમાં મોટર સાયકલ પર નીકળવાની તાકીદ કરાઈ હતી. ઍરપોર્ટ ડબોકથી નીકળેલી ગાડીએ દર્શેલી પાસેથી ચંદનની ગાડી ક્રોસ થયાનો હેવાલ આપ્યો હતો. આમ ચિતોડ હાઈ-વે પર પોલીસ વેહિકલ્સની એક આખી સાંકળ ઊભી કરવામાં આવી હતી. 'ડોન્ટ ઇન્ટરસેપ્ટ, ઑબ્ઝર્વ ઍન્ડ રિપોર્ટ...' પોલીસ સંદેશાઓનું આ મુખ્ય સૂત્ર હતું.

**

ચિતોડ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ રતનસિંહ આલાત, તે દિવસે સૈનિક સ્કૂલના પ્રિન્સિપાલને ઘેર જમવા ગયા હતા. જમ્યા પછી ત્યાં એકઠા થયેલા મહેમાનો વચ્ચે બ્રિજનો દોર ચાલતો હતો. સાથે આવેલી સ્ત્રીઓ વાતો કરી કરીને કંટાળી હતી અને રતનસિંહ આલાતનાં પત્ની રમત બંધ કરવાનું કહી રહ્યાં હતાં ત્યાં જ મૅસેજ આવ્યો હતો અને આઈ.જી.પી.મોરારકા સાથે વાત કરવાની સૂચના રતનસિંહને મળી હતી. રતનસિંહ ઘડીભર ચિંતામાં પડ્યા હતા. પ્રિન્સિપાલે તેમને ત્યાંથી જ લાઈટનિંગ કૉલ કરવાનું કહ્યું હતું અને ફોન જોડવામાં આવ્યો હતો.

'રતનસિંહ રિપોર્ટિંગ. સર.' કંટ્રોલે જેવો આઈ.જી.પી. મોરારકા સાથે ફોન કનેક્ટ કરી આપ્યો કે તરત નમ્રતાથી રતનસિંહે કહ્યું,

'હલ્લો... રતનસિંહજી.... કેમ છો ?' મોરારકાએ ખબર પૂછી. થોડીક ક્ષણો ઔપચારિકતામાં વીતી. 'વેલ.... રતનસિંહજી, ઉદેપુરથી આર જે બી ૭૦૭૫ નંબરની ઍમ્બેસેડર ચિતોડ તરફ આવી રહી છે. એ ગાડી સર્વિલન્સ હેઠળ રાખવાની છે. ગાડી કે તેના ડ્રાઈવરને ખબર ન પડે તેવી રીતે... બંદોબસ્ત થાય તે જરૂરી છે. અહીંથી સી. આઈ. ડી. ઇન્સ્પેક્ટર નાગર ફૉલો કરી રહ્યા છે. ડબોક અને ભટવારાથી પણ ગાડી પર ચાંપતી નજર રાખવાનું કામ સોંપાયું છે.'

'જી સાહેબ.... મારે માટે શો હુકમ છે ?' રતનસિંહે પૂછ્યું.

'ઇન્સ્પેક્ટર નાગર કરતાં એ ગાડી પહેલી આવશે. નાગર આવી જાય ત્યાં સુધી એ આપની નજર હેઠળ રહેવી જોઈએ. પછી નાગર સંભાળી લેશે. આપ નાગરને 'ફ્રી હેન્ડ' આપશો. આપને બીજું કાંઈ કરવાનું નથી. જે કાંઈ કરવાપણું હશે તે નાગર કરશે અથવા આપની મદદ લેશે.' મોરારકાએ કહ્યું.

'યસ સર... પણ હું પૂછી શકું કે એ ગાડીને શા માટે ઑબ્ઝર્વેશન હેઠળ રાખવાની છે ? હેતુ જાણ્યા વગર ઑબ્ઝર્વેશનનો અર્થ નહિ ને સાહેબ...' રતનસિંહના અવાજમાં ભારેલો રોષ હતો. એ સિસોદ ગામનો રાજપૂત હતો. તેનું આખું ખાનદાન પેઢીઓથી પોલીસ ખાતામાં નોકરી કરતું. ખુદ રતનસિંહની જિંદગીના અડધા ઉપરાંત વર્ષો આ ખાતામાં જ ગયાં હતાં. મેવાડના સોળ આની રાજપૂત ઘરાનાનો એ આદમી, ખાઈબદેલો પોલીસ અધિકારી હતો. એટલું જ નહિ, જાગીરદારીના અંશો હજુ પણ તેનામાંથી ગયા ન હતા. તેને આઈ. જી. પી.નો સંદેશો વિચિત્ર લાગ્યો. ચિતોડ તેના જુરિસડિક્સન હેઠળ હતું. તે એસ. પી. હતો અને એટલે જ જ્યારે પોતાના વિસ્તારમાં, તેનાથી ઊતરતા દરજ્જાનો ઇન્સ્પેક્ટર, કોઈ ખાસ કામથી આવે તે તેના અહં પર ઘા મારવા જેવી વાત હતી.

'એ ગાડીને એટલા માટે ઑબ્ઝર્વેશન હેઠળ રાખવાની છે કે તેથી કદાચ બૅન્ક ઑફ મેવાડના લૂંટ કેસમાં આપણને 'બ્રેક' મળે.'

'મતલબ સાહેબ !' રતનસિંહે પૂછ્યું.

'રતનસિંહજી ટેલિફોન પર એ બધી વિગતો આપીશ તો સવાર પડી જશે... ટૂંકમાં એ કાર અગત્યની છે. એ ચલાવનારા આદમીની મૂવમેન્ટ્સ મહત્ત્વની છે... આપ નાગરને વિગતો પૂછી લેશો. મને લાગે છે મારી વાત આપને સ્પષ્ટ સમજાઈ હશે.'

'એ ગાડી ચિતોડથી આગળ ક્યાંક જાય તો ?' રતનસિંહે પ્રશ્ન પૂછ્યો.

'ઇન્સ્પેક્ટર નાગર ચાર્જ લે અને તે પહેલાં એ ગાડી ચિતોડથી આગળ ક્યાંક જાય તો આપે એનો પીછો કરવાનો... નો ઍક્શન... ગાડી અંગે નાગર જે કાંઈ કહે તેનો અમલ કરવાનો આપણે માટે બાકી રહે છે.' મોરારકા વધુ કડકાઈથી બોલી શક્યા હોત, પણ તેમણે સંયમ જાળવ્યો.

'યસ સર...' રતનસિંહ આલાતે શુષ્કતાથી કહ્યું. મોરારકાએ ફોન મૂક્યો. રતનસિંહે રિસીવર પછાડ્યું.

'શું થયું રતનસિંહજી ?' સૈનિક સ્કૂલના પ્રિન્સિપાલ મેજર સોંધીએ પૂછ્યું.

'અરે શું થવાનું હોય સોંધી સાહેબ, આઈ ટેલ યૂ... વી હેવ લૉસ્ટ ફૉર એવર ધ ટાઇમ્સ ઑફ જેન્ટલમૅન ઑફિસર્સ.... કમબખ્ત આજકાલનાં છોકરાં... ખાતું જાણે બાપની જાગીર હોય તેમ વહીવટ કરે છે.' રતનસિંહે ઉકળાટ કાઢ્યો. પ્રિન્સિપાલને ત્યાં ડિસ્ટ્રિક્ટ સેશન્સ જજ, કલેક્ટર, જેલ સુપરિન્ટેન્ડેન્ટ, ચિતોડ મ્યુનિસિપલબોર્ડના પ્રમુખ, ડિસ્ટ્રિક્ટ ફૉરેસ્ટ ઑફિસર, સિનિયર એન્જિનિયર અને બિરલા સિમેન્ટ વર્ક્સના જનરલ મૅનેજર વગેરે મહેમાનો એકઠા મળેલા હતા.

'પણ થયું શું ?' બ્રિજનાં પત્તાં હાથમાં સંકેલીને કલેક્ટરે પૂછ્યું.

'અરે ! સાવ નાખી દેવા જેવી વાત... હું પોતે જુવાન અધિકારીઓની વિરુદ્ધ નથી. પરંતુ તેમની કામ કરવાની પદ્ધતિ તો જુઓ... નો રિસ્પેક્ટ... પ્રોટોકૉલની કોઈ કિંમત નહિ. આઈ ટેલ યૂ કલેક્ટર સાહેબ, આપણા આ દેશનું અધઃપતન થઈ રહ્યું છે.' રતનસિંહજી બોલ્યા. બધા મહેમાનો કંઈક સ્તબ્ધતાથી, શું થયું છે તે સમજવાનો પ્રયાસ કરી રહ્યા. ચિતોડના નાનકડા સમાજના એ અગ્રણીઓ હતા. વાર-તહેવારે એ લોકો એકઠા થતા. ચિતોડ ડિસ્ટ્રિક્ટની બધી જ પ્રવૃત્તિઓ અને પ્રસંગો વખતે આ જ લોકો હાર પહેરતા. આ મહાનુભાવ અફસરો અને બ્રિટિશ જમાનાથી ચાલતી આવતી રસમ પ્રમાણે રહેતી તેમની દેશી મેમસાહેબોનો આ નાનકડો મેળો હરહંમેશ જામેલો રહેતો. રાજાશાહી ગયા પછી બ્રિટિશરો આવ્યા અને ગયા, પરંતુ આ અફસરી મેળો તો તદ્દન એવો ને એવો જ અકબંધ રહ્યો છે, તેમની જાગીરી પણ તેવી જ અકબંધ અને અબાધિત રહી છે.

'ઓહ ગૉડ, પણ થયું શું છે ?' કલેક્ટર સાહેબે કંઈક અકળામણમાં પૂછ્યું.

'અરે ભાઈ, કોઈ ઍમ્બેસેડર કાર ચિતોડ તરફ આવી રહી છે. તેના પર નજર રાખવાનો હુકમ છે. એ વાત અગત્યની નથી. પણ હું સુપરિન્ટેન્ડેન્ટ છું, ચિતોડનો વરિષ્ઠ પોલીસ અધિકારી અને છતાં મારા જ કમાન્ડ એરિયામાં મારે એક ફાલતું સી. આઈ. ડી. ઇન્સ્પેક્ટરની સૂચના પ્રમાણે વર્તવાનું ! ડૅમ ઇટ...! આ પ્રોટોકોલ છે ? શિસ્ત છે ? ક્યારેક તો મને થાય છે કે દેશમાં હજુ બીજાં બસો વર્ષ બ્રિટિશરોની જરૂરત હતી. કમ-સે-કમ દરજ્જાની હેસિયત અને વિવેક તો લોકો શીખ્યા હોત...'

'પણ એ ગાડીની અગત્ય શું છે ?' સેશન્સ જજે પ્રશ્ન કર્યો.

'એ જ તો સવાલ છે ને ! મોરારકા સાહેબને એ ગાડીમાં કંઈક ક્લ્યુ મળવાનો છે. બૅન્ક ઑફ મેવાડના લૂંટ કેસમાં કંઈક બ્રેક મળશે.. મારે કેવી રીતે આ લોકોને સમજાવવું કે આજે ત્રણ અઠવાડિયાં થયાં... સાલી એક વાત પકડાઈ નથી. વેલ એની વે, મારે તો ગયા વગર છૂટકો નથી. મારે મારી ફરજ બજાવવાની છે. આઈ ઑલવેઝ રિસ્પેક્ટ ધ સિનિયર્સ... આપ બધા બેસો...' કહીને આલાત ઊભા થયા. ત્યાં એકઠી થયેલી મંડળીની મેમસાહેબો પણ બ્રિજ પૂરી થાય અથવા તો આ મેળાવડો કોઈ રીતે પૂરો થાય તેની રાહ જોતી હતી. એટલે રતનસિંહની પત્નીની સાથે બીજા અફસરોની પત્નીઓ પણ ઊભી થઈ અને બધાએ પ્રિન્સિપાલનો આભાર માનીને જવાનું સ્વીકાર્યું.

'આપને થાણા પર સીધા જ જવાનું હોય તો હું મિસિસ આલાતને ઘેર ઉતારી દઈશ.' કલેક્ટરે વિવેક કર્યો. પણ રતનસિંહને 'વેપન' લેવા ઘેર જવું જ પડે તેમ હતું એટલે તેમણે આભાર માનીને કલેક્ટર સાહેબને જવાનું કહ્યું. જજ સાહેબ અને ફૉરેસ્ટ ઑફિસર બન્નેને ઉતારવાનું રતનસિંહે જ માથે લીધું અને મંડળી વીખરાઈ.

ફૉરેસ્ટ ઑફિસર પી. એમ. શુક્લાને હજુ મકાન મળ્યું ન હતું. એટલે એ સરકીટ હાઉસમાં જ રહેતા હતા. 'શુક્લા સાહેબ, આપને ઉતાવળ ન હોય તો જજ સાહેબને ઉતારીને, મારે ઘેર જઈએ. પછી આપને ઉતારી જઈશ.' રતનસિંહે કહ્યું.

ફૉરેસ્ટ ઑફિસર પી. એમ. શુક્લા અફસરોની આ સાંપ્રત ક્લબનો સૌથી જુવાન સભ્ય હતો. દૂનની ફૉરેસ્ટ કૉલેજમાં તે પ્રથમ નંબરે આવ્યો હતો અને તદ્દન જુવાન વયે તેને ચિતોડના ફૉરેસ્ટ ઑફિસર તરીકે પોસ્ટિંગ મળ્યું હતું. તેને માટે અફસરોની આ દુનિયા હજુ નવેનવી હતી. એટલું જ નહિ પણ બૅન્ક ઑફ મેવાડની વાતમાં તેને જુવાન કિશોરો જેટલો રસ હતો.

'અરે સાહેબ, આપ મારી ફિકર ન કરો. આમેય મારો સમય પસાર થવો મુશ્કેલ જ હોય છે. આપને જરૂર હોય તો આખી રાત કંપની આપું.' શુક્લાએ કહ્યું.

**

સેશન્સ જજને અને તેમની પત્નીને ઉતારીને રતનસિંહ આલાત અને તેમની પત્ની તથા એફ. ઓ. (ફૉરેસ્ટ ઑફિસર) શુક્લા, સુપરિન્ટેન્ડેન્ટને ઘેર આવ્યાં. ત્યાં મૅસેજ આવ્યો હતો કે ગાડી નંબર ૭૦૭૫ ભટવારા નજીક છે અને મેનારની ચોકડી પાસે કપાસન રોડ પર ફરતી પેટ્રોલ કાર પણ પહોંચી છે. રતનસિંહને સમજાતું ન હતું કે એક ગાડી માટે આટલી બધી દોડધામ શા માટે આદરવામાં આવી હશે. ગમે તેમ, પણ 'હૉટ-કાર' જો ભટવારા નજીક હોય તો ચિતોડ આવતાં તેને લગભગ સવા દોઢ કલાક થયા વગર રહેવાનો ન હતો. 'આપણે કંઈક પીએ, મિ. શુક્લા' કહીને આલાતે ઑર્ડરલીને ફ્રિજમાંથી રમની બાટલી કાઢવાની સૂચના આપી.

'જમ્યા પછી મને નહિ ફાવે.' શુક્લાએ અદબથી પીણાનો અસ્વીકાર કર્યો. 'આપણે જતી વખતે એક પાન ખાતા જઈશું' શુક્લાએ ઉમેર્યું. તેમ છતાં આલાત સાહેબે આગ્રહ કરીને શુક્લા માટે ફ્રુટ જ્યૂસ બનાવરાવ્યો. દરમ્યાનમાં બંને વચ્ચે પોલીસ ખાતા વિશે વાતચીત થતી રહી. 'મને મારી કૅરિયરમાં ત્રણ વખત ગૅલન્ટ્રી એવૉર્ડ મળ્યા છે. રાષ્ટ્રપતિ પદક પણ મને મળ્યો છે. પણ અમારા ખાતાનું આ જ દુઃખ છે. સારું કામ કરો કે બસ તમારા પગ હેઠળથી શેતરંજી ખેંચવા લોકો તૈયાર જ. આજનો જ દાખલો જુઓને ! મોરારકા સાહેબ મને કહી શક્યા હોત કે ગાડી શા માટે અગત્યની છે.'

'પણ તેમણે કોઈ કારણસર નહિ કહ્યું હોય.' શુક્લાએ દલીલ કરી.

'આપને અનુભવ નથી, મારા સાહેબ. એ ગાડી જો અગત્યની હશે તો ક્રેડિટ આઈ.જી.પી. સાહેબ લેશે. અને તેનાથી કંઈ વળશે નહિ તો તેની જવાબદારી બીજાની બનશે. બાકી બૅન્ક કેસે તેમની ઊંઘ ખરાબ કરી નાખી છે. ભાઈ, ડિગ્રીઓ લીધાથી કે આઈ.પી.એસ. થવાથી ગુનેગારો પકડાઈ જતા નથી. તેને માટે અનુભવ જોઈએ. લૂંટ કેસનું ઇન્વેસ્ટિગેશન જ તદ્દન ખોટા પાયા પરથી શરૂ થયું છે. તમે માનશો ?... આ ચિતોડમાં છેલ્લાં બે-અઢી વર્ષથી હું ચાર્જમાં છું. આખા ડિસ્ટ્રિક્ટના ચમરબંધીઓની હવા બંધ થઈ ગઈ છે. ક્રાઈમ રેટ અડધો થઈ ગયો છે. અરે ! ગઈ સાલની વાત કરું.... અહીં ભટવારા અને ચિતોડ વચ્ચે ટ્રકો લૂંટાઈ હતી....' કહીને રતનસિંહે ટ્રકો કેવી રીતે લૂંટાઈ હતી અને લૂંટના આરોપીઓને કેવી ખૂબીથી તેમણે ઝડપ્યા હતા તેની ગાથા કહી સંભળાવી. બરાબર અડધા કલાકની આત્મશ્લાઘા પછી તેમણે પિસ્તોલ ઉઠાવી. કાર્ટ્રિજો ચેક કરી. પટો બાંધ્યો. ખલેચી સરખી કરી અને બહાર નીકળ્યા. 'આપને પાન ખાવું છે ને ! આપણે પહેલાં પાન ખાઈએ, નહિ તો ગલ્લો બંધ થઈ જશે.' કહીને રતનસિંહે જીપ સ્ટાર્ટ કરી. ડ્રાઈવરને પાછળ બેસાડ્યો. પી. એમ. શુક્લા તેમની બાજુમાં બેઠો. ફૉર્ટ રોડ પર થઈને તેમણે ગાડી અપ્સરા ટૉકીઝ પાસે લીધી.

**

સિનેમાનો શો હમણાં જ છૂટ્યો હતો. અશોક શેખાવત પ્રેક્ષકોના ધાડિયા સાથે બહાર નીકળ્યો. ચિતોડમાં રહેવાનો તેને કંટાળો આવતો હતો. તેની વર્કશૉપ વગર તેનો સમય પસાર થતો ન હતો. છેલ્લા દસ દિવસથી તે ગોવિંદના ઘેર રહેતો હતો. ગોવિંદનાં બે ઘર હતાં. એક નીચે સિટીમાં હતું અને બીજું ગઢ ઉપર. ગઢ પરનું મકાન ખૂબ જૂનું હતું, છતાં ગોવિંદ જ્યારે આવતો ત્યારે મોટે ભાગે ત્યાં રહેતો. ફૉર્ટ રોડના નાકા પર, ગોવિંદના બાપુજીએ એક નાનકડું મકાન બનાવ્યું હતું. ગોવિંદના બાપા સૂરજલાલ ભંડારી દાક્તર હતા. જૂના વખતના એલ.સી.પી. ઍન્ડ એસ. અલબત્ત, ગોવિંદને નાનો મૂકીને તે દેવલોક પામ્યા હતા. ગોવિંદની માએ ખાસ્સો ઢસરડો વેઠ્યો હતો. ચિતોડી મગરીથી દક્ષિણમાં તેમની થોડીક જમીન હતી. તેની થોડી ઉપજ આવતી. ગોવિંદની મા પ્રાઈમરી સ્કૂલમાં શિક્ષિકા હતાં. તેમનો પગાર અને ખેતરમાંથી આવતું ધાન... એ બેના મેળથી તેમનો સંસાર નભ્યો હતો. ગોવિંદની નાની બહેન સુનીતા હાયર સેકન્ડરીમાં અભ્યાસ કરતી હતી. આ વર્ષે તેણે હાયર સેકન્ડરી સર્ટિફિકેટની પરીક્ષા આપી હતી. આ વૅકેશન પછી ગોવિંદ તેને ઉદેપુર લઈ જવાનો હતો.

છેલ્લા દસ દિવસથી ગોવિંદ અને અશોક સાથે હતા. બન્ને જણ ગઢ પરના મકાનમાં જ મોટે ભાગે રહેતા. દિવસમાં બે વખત નીચે આવતા. ગોવિંદની મા અને બહેન સાથે કલાકો ગાળતા. ક્યારેક નીચે સિટીમાં જ રોકાઈ જતા. પણ ગોવિંદને ગઢ પર રહેવાનું ગમતું. અલબત્ત ઉપર પાણીની ખાસ્સી તકલીફ પડતી. તેમ છતાં એ વાતાવરણ, એ ઐતિહાસિક ભૂમિનું સાન્નિધ્ય ગોવિંદને ગમતું. તે દિવસે ગોવિંદને મળવા બીરેન આવ્યો

હતો એટલે જ અશોકે એ આખો દિવસ નીચે ગાળવાનું નક્કી કર્યું હતું. બીરેન થોડા જ કલાકો રોકાઈને રાતના નીકળવાનો હતો. પણ અશોકને દેશની નવરચનામાં, ક્રાન્તિની અને સિદ્ધાંતોની આઈડિયૉલૉજીની ચર્ચાઓમાં, ગોવિંદ જેટલી દિલચસ્પી ન હતી. 'તમે તમારે જે ગપ્પાં ઠોકવાં હોય તે ઠોકો. હું તો ફિલ્મ જોવા જઈશ અને રાત્રે મોડો આવીશ. કદાચ ન પણ આવું. રાત્રે માને ત્યાં જ રોકાઈ જાઉં.' કહીને તે નીચે આવ્યો હતો.

તેણે સુનીતાને પણ ફિલ્મ જોવા સાથે લીધી હતી. બન્ને જણ ગંધાતા પ્રેક્ષકો અને એકાએક સળગી ઊઠેલી સંખ્યાબંધ બીડીઓના ધુમાડામાંથી બહાર આવ્યાં હતાં. અશોક પહેલો નીકળ્યો હતો, સુનીતા ભીડમાં ક્યાંક અટવાઈને ઊભી રહી ગઈ હતી. થિયેટરના પટાંગણમાંથી તે બન્ને બહાર આવ્યાં.

'તું એક મિનિટ ઊભી રહે, સુનીતા. હું સિગારેટ લઈ લઉં.'

'અશોકભાઈ, તમે લોકો સિગારેટો બહુ પીઓ છો. તમારે લીધે ગોવિંદભાઈ પણ બીડીઓ પીતા થઈ ગયા છે. મા કેટલો કકળાટ કરે છે !'

'મારે લીધે તારો ભાઈ બીડીઓ પીએ છે, કે એને લીધે અમે પીએ છીએ ?'

'જાઓ જાઓ હવે...! તમે ભાઈને બગાડ્યો છે,' સુનીતા બોલી. બન્ને જણ પાનના ગલ્લા નજીક આવ્યાં. ત્યાં એકાએક કોઈએ બૂમ પાડી....

'અરે લિયો !.....'

અશોકે આજુબાજુ જોયું. 'એય જાડિયા... આ બાજુ.' બીજી વાર કોઈએ બૂમ પાડી. અને એકાએક અશોકની નજર, સામે ઊભેલી પોલીસ જીપ તરફ ગઈ. તેના જિગરમાં સહેજ થડકારો થયો અને પછી તે હસ્યો.

'માઈ ગૉડ... પદિયા...' તે બોલી ઊઠ્યો. ફૉરેસ્ટ ઑફિસર પી. એમ. શુક્લા જીપ આગળથી દોડીને તેની પાસે આવ્યો. 'અલ્યા, તું અહીં ક્યાંથી ?'

'હું અહીંયા જ છું - એફ.ઓ. ચિતોડ.'

'એફ. ઓ. ચિતોડ ?' અશોકે આશ્ચર્ય ઠાલવ્યું.

'ફૉરેસ્ટ ઑફિસર...' કહીને શુક્લા તેને ભેટ્યો.

'તે અલ્યા, તમારી નોકરી પોલીસ ખાતામાં ગણાય છે ?' અશોકે પૂછ્યું.

'નહિ યાર, આ તો આપણા મિત્ર છે. આવ ઓળખાણ કરાવું. અરે! આલાત સાહેબ...' શુક્લાએ બૂમ પાડી. બોનેટની બીજી તરફ ઊભેલા રતનસિંહ આ તરફ આવ્યા.

'સાહેબ, આ છે મારો દોસ્ત લિયો ઉર્ફે શેખાવત - અશોક શેખાવત.' શુક્લાએ ગૌરવથી કહ્યું. 'જીનિયસ છે સાહેબ. ગમે તે મશીન આપોને. એનીથિંગ ફ્રૉમ પ્લેન ટૂ પિયાનો.'

શેખાવતે હાથ લંબાવ્યો. બન્નેએ ઔપચારિક વાતચીત કરી. અશોકે સુનીતાની ઓળખાણ આપી.

'અચ્છા અચ્છા તો તું ગોવિંદને ત્યાં જ છું. મને ઍડ્રેસ આપને... અરે ! યાર હું તો બોર થઈ ગયો છું. વેલ. સારું છે કે અમારા આલાત સાહેબ અને બીજા સાહેબો સાથે ઘરોબો થઈ ગયો છે. આપણે જંગલ ખાતાની લાઈન લેતાં તો લઈ નાખી, પણ હવે પસ્તાઉં છું. તારી સાથે જ રહ્યો હોત તો જામી જાત.' શુક્લા બોલતો હતો ત્યાં જ વાયરલેસ પોલીસ જીપમાંથી એક કૉન્સ્ટેબલ દોડતો આવ્યો. અને સલામ કરીને ઊભો રહ્યો.

'સાહેબ... આપને માટે મૅસેજ છે.' તે બોલ્યો.

'કોણ છે ?'

'ઇન્સ્પેક્ટર નાગર...' તેણે જવાબ આપ્યો. અને 'એક્સ્ક્યૂઝમી' કહીને અંગ્રેજ અદાથી આલાત સાહેબ વાયરલેસ જીપ પાસે પહોંચ્યા.

'બહુ મજાના માણસ છે. સિસોદના રાજપૂત છે. આજે પણ બિચારાને આખી રાત ઉજાગરો છે.' શુક્લાની જીભ અશોકને જોઈને ખૂલી ગઈ હતી. તેને સાંપ્રત અફસરો સાથે રહેવું ગમતું ખરું પણ મોકળાશ લાગતી નહિ. 'ઉદેપુરથી કોઈ ગાડીનો પીછો થઈ રહ્યો છે. એમ લાગે છે કે બૅન્ક ઑફ મેવાડની સાથે એ ગાડી સંકળાયેલી હોય... ભાઈ, એક મીઠું પાન બનાવજો....' ગલ્લા તરફ ફરીને જો તે એ છેલ્લું વાક્ય ન બોલ્યો હોત, તો અશોક શેખાવતના ચહેરા પર પડેલી વીજળી જોઈ શક્યો હોત... 'પણ પોલીસ ખાતામાં પણ અજબ હુંસાતુંસી છે યાર.....' શુકલાએ બોલવાનું ચાલુ રાખ્યું. અશોકના સ્થૂળ શરીરમાં કંઈક ગડમથલ થઈ રહી હતી.... તેને બીક ન હતી. ભય નહિ, પણ દહેશત... દહેશત અને જિજ્ઞાસા.

આ પદ્મનાભ શુક્લા કઈ ગાડીની વાત કરતો હતો ? જોંગા તો પોલીસે પકડી હતી. બીરેને મોકલેલી ગાડીને ઊની આંચ પણ આવી ન હતી. તો પછી કઈ ગાડી ? પોલીસે કોઈ ભળતી જ ગાડી ઝડપી હશે ?

'શું કહ્યું તેં પદિયા....?' અશોકે તદ્દન સ્વાભાવિકતાથી પૂછ્યું.

'અરે યાર, આ તો ફાંફાં છે. કોઈ એમ્બેસેડર ગાડી છે, ૭૦૭૫ નંબરની, તેની પાછળ કાફલો પડ્યો છે. બાકી આલાત સાહેબ તો માને છે કે લૂંટારાઓ હવે પકડાય નહિ...'

'અચ્છા પદિયા... તું અહીં જ છું ને ! હું તને મળું છું.' અશોકે કહ્યું.

'આવને સરકીટ હાઉસમાં...' શુક્લાએ કહ્યું અને હાથ મિલાવ્યો. બન્ને મિત્રો છૂટા પડ્યા. અશોક થોડીક વાર પોલીસ જીપ પાસે ઊભો રહ્યો... ૭૦૭૫... એ નંબર તેને પરિચિત લાગતો હતો. એ ગાડી ઉદેપુરથી ચિતોડ આવી રહી હતી. રતનસિંહ આલાતે જીપમાંથી ડોકું બહાર કાઢ્યું અને અશોક તરફ જોયું. સ્ટ્રીટ લાઈટના અજવાળામાં એ પોલીસ અફસર રુક્ષ લાગતો હતો. 'અચ્છા ભાઈ... આવજો !'

અશોક અને સુનીતા ગોવિંદના ઘેર આવ્યાં. અશોકે હાથમોં ધોયાં. પથારી ઉઠાવીને તેણે ઘરના ઓટલા પર પાથરી... ૭૦૭૫.... તેના મગજમાં ઘણ વાગતા હતા. એ ગાડીનો નંબર તેને પરિચિત લાગતો હતો... ખૂબ જ પરિચિત લાગતો હતો, પણ તેને યાદ આવતું ન હતું... સુનીતા ઘરમાં ચાલી ગઈ હતી. માએ પાણીનો લોટો ઓટલે લાવીને મૂક્યો અને બારણું બંધ કર્યું.... ૭૦૭૫..... તે મનમાં જ બબડ્યો અને જાણે કોઈ અગમમાંથી હુકમ આવ્યો હોય તેમ તે ઊભો થયો. તેને એકાએક ગોવિંદને મળવાની અદમ્ય ઇચ્છા થઈ આવી.

**

અશોક શેખાવત અગમ્ય બેચેનીથી અસ્વસ્થતા અનુભવતો હતો. લૂંટની તપાસમાં પોલીસની નિષ્ફળતાના સમાચારોથી તે અને ગોવિંદ રાહત અનુભવવા માંડ્યા હતા. જે ખૂનરેજી થઈ તેનો આઘાત પણ કંઈક અંશે ઓછો થયો હતો. અને તેમાંય આજે તો બન્ને મિત્રો ખરેખર રાહત અનુભવતા હતા. કારણ આજે બીરેન આવ્યો હતો અને તેણે હર્ષના આંસુ સાથે ગોવિંદને અને શેખાવતને સબ સલામતના સમાચાર આપ્યા હતા. એટલું જ નહિ, પણ નૅશનલ રેવોલ્યુશનરી કાઉન્સિલ તરફથી ખાસ સંદેશો અને ભેટો લઈને તે આવ્યો હતો. તેમાં અત્યારે એકાએક પોલીસ ૭૦૭૫ ગાડીનો કોઈ પણ કારણસર પીછો કરી રહી છે, તેવા સમાચારથી અશોકના જિગરમાં વળી કોઈ અસ્પષ્ટ અને ગૂંગળાવતું સંવેદન પ્રગટ્યું હતું. લૂંટના દિવસે સવારથી જ જેવું સંવેદન તેના પેટમાં પેદા થયું હતું તેવું જ સંવેદન તેને પી. એમ. શુક્લાની અણચિંતવી મુલાકાત પછી સતાવતું હતું. ગોવિંદની મા અને બહેન ઘરનું બારણું અંદરથી વાસીને સૂઈ ગયાં હતાં. તેણે ખાટલા નીચે મૂકેલી પઠાણી ચંપલ પહેરી... 'ગોવિંદને ખબર આપવી જોઈએ.' ૭૦૭૫ નંબર કોની ગાડીનો હતો તે તેને યાદ આવતું ન હતું. છતાં અંદરથી તેને લાગતું હતું કે એ ગાડીનો નંબર ખૂબ પરિચિત છે. કદાચ એ હરીશ જૈનની ગાડીનો પણ હોય. ચિતોડ સિટીમાં આવેલું ગોવિંદનું ઘર ચિતોડગઢથી ખાસ્સું દૂર હતું. અત્યારે તેને ટાંગો કે રિક્ષા મળવાની

ન હતી, તેમ છતાં તેણે સ્ટેશન તરફ થઈને ગઢ તરફ જવાનું વિચાર્યું. કદાચ રિક્ષા મળી પણ જાય. તો તેને બે કિલોમીટર ચાલવું મટે.

**

ચંદન નામેચાએ ભટવારા અને મેનાર વટાવ્યા પછી ગાડી દબાવી હતી. રસ્તો તદ્દન સીધો હતો. આજુબાજુ ક્ષિતિજ સુધી પથરાયેલા સૂકા ભટ મેદાનને ચીરીને જાણે એ રસ્તો બનાવ્યો હોય તેમ એ રસ્તો તદ્દન શુષ્ક લાગતો હતો. આકાશ ચોખ્ખું હતું એટલે અંધકાર હોવા છતાં તેની આંખો સારી એવી હેવાઈ ગઈ હતી. આખે રસ્તે માત્ર એક જ પ્રશ્ન જુદા જુદા સ્વરૂપે તેના દિમાગમાં ઊઠતો હતો. હરીશ જૈન કેટલી ટક્કર આપી શકશે ? પોલીસે તેના પર અત્યાચાર તો ક્યારનોય શરૂ કરી દીધો હશે. હરીશ ક્યાં સુધી માર સહી શકશે ? નામેચા પોતે ઍથલેટ હતો. તેની સરખામણીમાં હરીશ ઘણો સુંવાળો અને નાજુક ગણાય. છતાં તેના ભીતરમાંથી જવાબ આવતો હતો કે તે જરૂર ટક્કર લેશે. કમ-સે-કમ ગોવિંદને તે ખબર પહોંચાડી શકે તેટલો સમય તો હરીશ જરૂર ટક્કર લેશે... બિચારો હરીશ... કમબખ્ત પોલીસોએ ટુકડીના સૌથી સુંવાળા આદમીને જ પહેલો પકડ્યો હતો !

ચંદનને બીજો પણ અજંપો હતો. ગોવિંદ કદાચ ચિતોડ ન હોય તો ? તો શું કરવું ? તો જિગર પરોતને ત્યાં ચાલી જવું... બુંદી-કોટા તરફ ભાગવું... ખોવાઈ જવું.... હિંદુસ્તાનની કરોડોની વસ્તીમાં ખોવાઈ જવું ! ઉદેપુર પાછા જવાનું હવે પોસાય તેમ ન હતું.... એકના એક વિચારો તેને આવ્યા કરતા. ક્યારેક કોઈ ટ્રકનું અજવાળું સામેથી દેખાતું તો તેના વિચારો અટકી જતા. અને ગાડી ધીરી પાડવી પડતી. તેની પાછળથી અત્યાર સુધીમાં ત્રણેક ગાડીઓ અને બે ખટારા ઓવરટેક કરીને આગળ ચાલી ગયા હતા. છતાં તેને તેની પાછળ લગાતાર બે ગાડીઓ આવતી દેખાતી હતી. એ ગાડીઓના ડ્રાઇવરો પણ તેની માફક તદ્દન 'સ્ટેડી' અને સંભાળપૂર્વક આવતા હતા. ભટવારા કે મેનાર આગળથી તેની સાથે, ક્યારેક આગળ તો ક્યારેક પાછળ, એક મોટર સાઈક્લિસ્ટ પણ આવતો હતો. દરોલી પાસે અને ત્યાર પછી મેનાર ચોકડી પાસે, તેને પોલીસ પેટ્રોલ કાર મળી હતી. પરંતુ ગાડીઓએ ઊભા કરેલા ચેક પોસ્ટ આગળથી તે સ્વસ્થતાથી નીકળી ગયો હતો. તેની ગાડીને રોકવામાં આવી ન હતી. તેની મતલબ એ હતી કે, હરીશ જૈને હજુ સુધી મોં ખોલ્યું નથી. એ ગાડીઓ આગળથી પસાર થઈ ગયા પછી ચંદનનો અજંપો થોડો શમ્યો હતો. અને આત્મવિશ્વાસની માત્રામાં થોડો ઉમેરો થયો હતો.

**

લૂંટ થયા પછી પ્રથમ વખત બીરેન અને ગોવિંદની મુલાકાત થઈ હતી. બીરેન લગભગ સાંજે ચાર ને પાંચ વાગ્યાની વચ્ચે ચિતોડ આવ્યો હતો. નવી નક્કોર ફિયાટ

ગોવિંદના ગઢ પરના ખડખડપાંચમ મકાનને આંગણે ઊભી રહી ત્યારે અશોક અને ગોવિંદ ચા પીતા ઓસરીમાં બેઠા હતા. બન્ને પ્રથમ તો ચમકી ઊઠ્યા હતા પણ બીરેનને જોતાં જ તેમના હૈયામાં ટાઢક વળી હતી. લૂંટના રૂપિયામાંથી એ પ્રથમ ખરીદી કરવામાં આવી હતી. બીરેન ગાડી તો લઈને આવ્યો હતો, પરંતુ સાથે શૉફર પણ હતો. તે ઓસરીમાં આવ્યો. ચાના કપ મૂકીને અશોક અને ગોવિંદ ઊભા થઈ ગયા. ત્રણે જણ થોડી વાર માટે નિઃશબ્દ ઊભા રહ્યા. પછી એકાએક બીરેન ભટ્ટાચાર્ય, અસ્સલ બંગાળીની માફક હર્ષનાં આંસુ સાથે, પહેલાં ગોવિંદને અને પછી શેખાવતને ભેટ્યો હતો. બીરેન અનેરો ગર્વ અને આનંદ અનુભવતો હતો. 'આઈ હેવ કમ ટુ ગ્રીટ યૂ, કૉન્ગ્રેચ્યુલેટ યૂ, ઍન્ડ ટુ વેલકમ યૂ ઍઝ ધ મેમ્બર્સ ઑફ ધ નેશનલ ફોરમ ઍન્ડ યૂ ગોવિંદ ઍઝ ધ મેમ્બર ઑફ ધ નેશનલ રેવોલ્યુશનરી કાઉન્સિલ.' બીરેને કહ્યું અને ઉમેર્યું, 'હરીશ, જિગર, ચંદન અને અશોક વેસ્ટર્ન ઝોનની ઝોનલ કાઉન્સિલના કાયમી સભ્યો રહેશે અને તેમનો નેતા પસંદ કરી લેશે.....'

'મને રસ નથી બીરેન...' અશોક ગંભીરતાથી બોલ્યો હતો. અશોકના એ વાક્યથી ગોવિંદ અને બીરેન બન્ને ઠરી ગયા હતા. ગોવિંદે એકાએક વાતાવરણ હળવું કરવા કહ્યું હતું : 'એ જાડિયાને ખાવા સિવાય કશામાં રસ નથી. રસોડું અને વર્કશૉપ એ બે જ જગ્યાઓ તેને પસંદ છે. વેલ... વેલ... બધી વાતો આપણે પછી કરીશું. પહેલાં ચા પી...' કહીને ગોવિંદે તેને ઓસરીમાં પડેલા એક મૂડામાં બેસાર્યો હતો.

'હું બીજી થોડી ચા બનાવી લાવું' કહીને અશોક અંદર ચાલ્યો ગયો હતો. બીરેનને અશોકના વર્તનથી કંઈક નિરાશા નીપજી હતી, પણ ક્રાન્તિ એક આદમીથી થતી નથી. અનેક માણસોને એકઠા કરવા સહેલા છે પરંતુ તેમને એકસરખી રીતે વિચારતા કરવા અઘરા છે. ક્રાન્તિ શબ્દ જેટલો સાપેક્ષ છે તેટલો જ આત્મલક્ષી છે. એટલે જ ક્રાન્તિનો પાયો તેના નેતાઓના અભિજ્ઞાનમાંથી ઘડાય છે. ક્રાન્તિ કરનારા આ વાત સમજે તો જ નેતાગીરી લઈ શકે છે. અશોક ઘરમાં ચાલ્યા ગયા પછી ગોવિંદે કહ્યું, 'લિયો... સંવેદનશીલ આદમી છે, બીરેન. લૂંટમાં જે નિર્દોષ લોહી રેડાયું તેનાથી એ ખૂબ વ્યથિત છે.'

'અને હું શું આનંદ પામ્યો હતો ?' બીરેને અકળાઈને પૂછ્યું. 'માનવ જીવનનું મૂલ્ય શું હું સમજતો નથી ?'

'મારા મિત્રો તને ગલત સમજે છે, બીરેન.... પણ તારે એથી અકળાવાની જરૂર નથી.... વેલ... લિયો તને 'ઑફેન્ડ' કરવા માગતો નથી. તેની સ્થિતિ ભારતના લગભગ બધા જ સમજદાર યુવાનો જેવી છે. તેમને ભાવિ પલટવું છે, પણ જાદુઈ લાકડીની માફક !..... ખેર. તું તો જાણે છે ને કે એક લૂંટ જેવી ભયાનક ઘટનાનું ટેન્શન

કેવું હોય છે ! હજુ લિયો તો શું, હું પણ એ ટેન્શનમાંથી બહાર આવ્યો નથી. આજે તું આવ્યો એટલે ટેન્શનનો થોડો ભાગ ઓછો થયો છે... માલ તો વ્યવસ્થિત પહોંચી ગયો હતો ને ?'

'કોઈ પણ તકલીફ વગર.' બીરેને કહ્યું અને કેવી રીતે દેલવાડા ગામથી આર્કિયોલૉજિકલ ડિપાર્ટમેન્ટના પાટિયાવાળી ગાડી છેક ઓરિસામાં પહોંચાડવામાં આવી હતી તેનું વર્ણન કર્યું. એ દરમ્યાન લિયો બીજી ચા બનાવી લાવ્યો હતો. બીરેને અને તેના ડ્રાઈવરે ચા પીધી. ગોવિંદે ફરી વખત બીરેન સાથે ચા પીધી. અશોક શેખાવત થોડી વાર એ બંને જણ સાથે બેઠો. ઓરિસા અને આસામ, બંગાલ અને બિહાર, અરુણાચલ અને આંધ્ર વગેરે પ્રદેશોમાં કામ કરતા પ્રાદેશિક ઘટકોમાં ધીરે ધીરે પણ મક્કમતાથી જે કાર્ય થઈ રહ્યું હતું તેમાં રાજસ્થાનના અનૌપચારિક ઘટકે જે ફતેહ મેળવી હતી, તેનો ઉત્સાહ અને પ્રોત્સાહક બળ કેવાં સજ્જડ હતાં તેનો ખ્યાલ બીરેને આપ્યો. નેશનલ રેવોલ્યુશનરી કાઉન્સિલની બેઠક ભુવનેશ્વરમાં મળી હતી તે જ દિવસે લૂંટનો માલ લઈને ગાડી આવી હતી. અને કાઉન્સિલના તમામ સભ્યો આશ્ચર્યમાં ગરક થઈ ગયા હતા. અને તત્કાલ ગોવિંદ ભંડારી અને તે સૂચવે તેવા એક બીજા આદમીને નેશનલ કાઉન્સિલમાં લેવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો... બીરેન ઉત્સાહપૂર્વક નેશનલ કાઉન્સિલે ઘડેલી ગ્રાન્ટ ડિઝાઈનનો ખ્યાલ આપી રહ્યો હતો. ત્યાં અશોકે કહ્યું : 'તમે બંને બેસો અને ચર્ચા કરો. હું સિટીમાં જઉં છું. રાત્રે ફિલ્મ જોઈને પાછો આવું અને કદાચ ન પણ આવું.'

'લિયો... હું આજે રાતે જ કદાચ ચાલ્યો જઈશ.' બીરેન બોલ્યો. 'આપણે હજુ ઘણાં કામો સાથે મળીને કરવાનાં છે.'

'કાઉન્ટ મી આઉટ... બીરેન. નક્સલબારીથી દિલ્હીના તખ્ત સુધીની રાજકીય યાત્રામાં જેટલો રસ તને અને ગોવિંદને છે તેટલો રસ મને હવે રહ્યો નથી. બીરેન... તને કદાચ મારા વર્તનથી ખરાબ લાગશે પણ છેલ્લાં ત્રણ અઠવાડિયાંથી હું જે માનસિક તનાવ અનુભવું છું તે જ જો ક્રાન્તિની ફલશ્રુતિ હોય તો એ ક્રાન્તિ કરવાની મારામાં ત્રેવડ નથી.'

'ઓહ લિયો...' ગોવિંદ કંઈ બોલવા ગયો.

'આઈ ઍગ્રી લિયો.. એ ટ્રોમૅટિક એક્સપીરિયન્સ હતો... કોઈને પણ થાય... મને પણ થયો હતો. તું એમ માને છે કે ગોવિંદને એવું જ નથી લાગતું ? પણ આવી મનોવેદના તો ક્રાન્તિની પૂર્વશરત છે. ચિરંતન શાંતિ પહેલાનું તોફાન છે.'

'ડૉન્ટ ટ્રાઈ ધ ઓલ્ડ સ્ટફ, બીરેન. આઈ હેવ ડ્રૉન માઈ લાઈન ફૉર વન્સ ઍન્ડ ફૉર એવર.... જિગર પરોત સાચું કહેતો હતો. તમે ઉન્મૂલનવાદીઓ છો. સમાજવાદે હથોડા અને દાતરડાની પૂજા જ માત્ર કરી છે. પરંતુ તેમની શ્રદ્ધા બંદૂકના નાળચામાં છે,

બુલેટના ટોપચામાં છે. વેલ... મારે કોઈ વિવાદ કરવો નથી. તમે બન્ને મેજર છો... ઇન્ટલેક્ચ્યુઅલ્સ છો. તમારો રસ્તો તમને મુબારક છે. આઈ સિમ્પ્લી રિઝાઇન. હું એન્જિનિયર છું... મારું કામ ઘડવાનું છે..... તોડવાનું નહિ... ઑફકોર્સ આ ખૂબ મોડું આવેલું પ્રત્યક્ષ જ્ઞાન છે. પણ તે જ્ઞાન આવ્યું છે તો હવે મારે વેડફવું નથી.' કહીને અશોક ચાલ્યો ગયો હતો.

ગોવિંદ અને બીરેન ક્યાંય સુધી ચર્ચા કરતા બેઠા હતા. બન્ને જણે સાંજ કિલ્લામાં ફરવામાં ગાળી હતી અને ડ્રાઇવર તેમને માટે સિટીમાં જઈને જમવાનું લઈ આવ્યો હતો. ગોવિંદે નૅશનલ કાઉન્સિલ સમક્ષ મોકલવા માટે એક મેમોરેન્ડમ તૈયાર કર્યું હતું જેમાં તેણે ઘણા સૈદ્ધાંતિક અને 'ઑપરેશનલ' મુદ્દાઓની સ્પષ્ટતા માંગી હતી. મોડે સુધી તે ટાઇપ કરતો રહ્યો છતાં કામ પૂરું ન થયું. તેણે બીરેનને રાતે રોકી લીધો હતો. જયપુર જવા માટે તે વહેલી સવારે નીકળી જાય તો વાંધો આવવાનો ન હતો... તે રોકાઈ ગયો હતો.

**

રસ્તો સૂમસામ હતો. ઝાંખી સ્ટ્રીટ લાઈટ રસ્તા પરનાં ઝાડની ઘટામાંથી ચળાઈને વધુ ઝાંખી પડતી હતી. બિલાડીના ટોપની માફક અસ્તવ્યસ્ત ઊભેલી સૂની હાટડીઓ રસ્તાને વધુ ભેંકાર બનાવતી હતી. સ્ટેશન રોડ પરની દેશી દારૂની દુકાન પણ બંધ થઈ ગઈ હતી. તેની બાજુમાં આવેલી ફરસાણવાળાની દુકાનનો ભઠ્ઠો ઠરી ગયો હતો. અશોક શેખાવત સ્ટેશન તરફ બને તેટલી ઝડપે પહોંચ્યો હતો. બે-ત્રણ રિક્ષાવાળા ત્યાં પોતાની જ રિક્ષામાં ટૂંટિયું વાળીને સૂતા હતા. અશોકે ગઢની તળેટી સુધી રિક્ષા કરીને પહોંચવાનું વિચાર્યું હતું. તેણે એક રિક્ષાવાળાને બેઠો કર્યો. તે વાતચીત કરતો હતો ત્યાં જ મોટરનું અજવાળું પથરાયું. અશોક ઘડીભર તે તરફ જોઈ રહ્યો. ઊંઘમાંથી જાગેલો રિક્ષાવાળો તેની સાથે જવાનું નક્કી કરે તે પહેલાં તો એ ગાડી નજીક આવી હતી. એસ. પી. રતનસિંહ આલાતની એ પોલીસ જીપ હતી. કેવળ એક પોલીસ અફસરની સાહજિક જિજ્ઞાસાથી જ તેમણે ગાડી ત્યાં રિક્ષા પાસે ઊભેલા આદમી પર નજર ફેંકવા માટે લીધી હતી.

રતનસિંહ ખિન્ન હતા. જો તેમની વાતો સાંભળવા, જિજ્ઞાસુ વિદ્યાર્થીની જેમ, તેમની સાથે પદ્મનાભ શુક્લા ન હોત તો, આજે તેમના ગુસ્સાની માત્રા હદ વટાવી ગઈ હોત. તેમણે ભૂપાલભવન(સરકીટ હાઉસ)ની ચોકડી પાસે એક વાયરલેસ વાન ઊભી રખાવી હતી અને પોતે ગાડી લઈને સ્ટેશન તરફ આવ્યા હતા. જેથી ૭૦૭૫ નંબરની ગાડી જો સ્ટેશન તરફ આવે તો પોતે ઑબ્ઝર્વ કરી શકે અને સીધી જ ફૉર્ટ તરફ જાય અથવા ચિતોડથી બહાર જાય તો, ભૂપાલભવન આગળ ઊભી રખાયેલી વાયરલેસ વાન તેના પર નજર રાખી શકે.

આલાત સાહેબે ગાડી રિક્ષાવાળા પાસે લેવરાવી અને ઊભી રાખી. તેની હેડલાઇટના અજવાળામાં અંજાતો અશોક એ ગાડી તરફ જોઈ રહ્યો. 'માઈ ગૉડ લિયો...' કહીને શુક્લા ગાડીમાંથી નીચે ઊતર્યો, 'અરે લિયો... અહીં ક્યાંથી અત્યારે!'

'અરે, ભાઈ રિક્ષા કરતો હતો...' અશોકે પાંચ સેકન્ડ જવા દઈને જવાબ આપ્યો. આ સમયે આ પદ્મનાભનો બચ્ચો ટપકી પડશે તેવી તેને કલ્પના ન હતી.

'અત્યારે ક્યાં જાય છે ?' પદ્મનાભે પૂછ્યું.

'ગઢ પર...' તેણે જવાબ આપ્યો.

'આટલો મોડો ક્યાંથી ?'

'ગોવિંદની બહેનને મૂકવા ગયો હતો. તેની મા સાથે ગપાટા મારવામાં મોડું થઈ ગયું.... હલો...' તેણે આલાત સાહેબ તરફ જોઈને કહ્યું. રિક્ષાવાળો પોલીસ જીપ જોઈને તદ્દન સ્વસ્થ થઈ ગયો હતો.

'રિક્ષા ગઢ પર ઓછી જવાની છે... મિસ્ટર...' કહીને આલાત સાહેબ અટક્યા. તેમને અશોકનું નામ યાદ ન આવ્યું. તેમણે પૂછ્યું.... 'શું નામ કહ્યું તમારા મિત્રનું શુક્લા સાહેબ ?'

'લિયો... તેનું નામ તો શેખાવત છે... અશોક શેખાવત, પણ અમે તેને લિયો કહીએ છીએ...' કહીને શુક્લાએ કેમ તેને લિયો કહેતા હતા તેનું વિવરણ કર્યું.

'ચાલો તમને મૂકી દઉં. મારે એ તરફ આંટો મારવાનો જ છે.. શુક્લાના દોસ્તને મારાથી રિક્ષામાં મોકલાય... ? અને આમેય રિક્ષા ક્યાં ગઢ પર જવાની હતી ?' આલાત સાહેબે હસીને કહ્યું, 'ચાલો... મિ. લિયો...'

અશોક થડકારો અનુભવતો પોલીસ જીપમાં બેઠો. રાતના સન્નાટાને વીંધતી ગાડી ગઢ તરફ રવાના થઈ.

**

ચંદન નામેચા ચિતોડ ઘણી વખત આવી ગયો હતો. તેણે ગોવિંદનાં બંને ઘર જોયાં હતાં, છતાં જાણે અત્યારે તે પહેલી વખત આવતો હોય તેવી અનુભૂતિ તેને થતી હતી. સબ-ઇન્સ્પેક્ટર ઢવને તેમની ગાડી ચિતોડ સ્ટેશન રોડથી દૂર હાઈવે પર ખડી કરી દીધી. ભટવારાના સબ-ઇન્સ્પેક્ટરને સૂચના આપીને તેમણે ચંદનની પાછળ મોકલ્યો હતો. ઇન્સ્પેક્ટર નાગરની જીપ ત્યાં આવી પહોંચી પછી વાયરલેસ સંદેશાની આપ-લે શરૂ થઈ... ત્યારે અશોકને પાડા પોલ પાસે ઉતારીને થોડી જ મિનિટો પહેલાં આલાત સાહેબ પાછા ફર્યા હતા.

ચંદને ગોવિંદના ઘરની સામે ગાડી ઊભી રાખી હતી. ઓટલા પર ખાલી પથારી જોઈને તે આશ્ચર્ય પામ્યો હતો. ઘડીભર તે વિચારમાં ઊભો રહ્યો. તેણે બારણું ખખડાવવું કે નહિ તેનો વિચાર કરવામાં અડધી મિનિટ ગાળી. તેને ખાતરી હતી કે ગોવિંદની મા અને તેની બહેન તેને જોઈને આશ્ચર્ય અનુભવશે. તેણે બારણું ખખડાવ્યું.

'કોણ છે ?' ગોવિંદની માએ ધીરેથી બારી ખોલી.

'એ તો હું છું... ચંદન... ગોવિંદનો દોસ્ત....'

'અત્યારે ક્યાંથી ?' તેની માએ બારણું ખોલતાં પૂછ્યું.

'ગોવિંદને લેવા આવ્યો છું...' ચંદને કહ્યું. તેની માને શું કહેવું તે તેણે ચિતોડની નજીક આવતાં જ ગોઠવી રાખ્યું હતું. 'ગોવિંદના સાહેબ ખૂબ બીમાર છે. કદાચ થોડા કલાકો કાઢે. એમની ઇચ્છા છે કે મરતા પહેલાં ગોવિંદને મળી લે...'

'અરે રામ... કયા સાહેબ ?' તેની માએ પૂછ્યું.

'હૉસ્પિટલવાળા... અગરવાલ સાહેબ... ગોવિંદને ઉઠાડોને મા... અમારે અત્યારે જ પાછા જવું પડશે. હું ગાડી લઈને આવ્યો છું.' ચંદને કહ્યું.

'ભાઈ, જરા બેસ તો ખરો... અને આ અશોક ક્યાં ગયો ?' તેની માએ ખાલી પથારી જોઈને પૂછ્યું. 'અહીં જ સૂતો હતો ને... અશોક આજે અહીં રોકાયો છે. ગોવિંદ તો ભઈલા ગઢ પર રહે છે... જોને.... સાવ વિચિત્ર છોકરો છે.... આવને ભાઈ અંદર...' ગોવિંદની માને એમ કે અશોક ક્યાંક આટલામાં જ હશે. ચંદન ઘરમાં ગયો. સુનીતા જાગી ગઈ હતી. પાંચદસ, પંદર મિનિટ થઈ પણ અશોક આવ્યો નહિ. 'ક્યાં ગયો એ છોકરો ?' ગોવિંદની માએ ઉદ્‌ગાર કાઢ્યો. સુનીતા આજુબાજુમાં જોઈ આવી.

'તમે ચિંતા ન કરો મા... હું ગઢ પર જઈને ગોવિંદને લઈ આવું છું. ત્યાં સુધીમાં અશોક આવી જશે.' ચંદને કહ્યું. કદાચ અશોક આમતેમ રખડવા ગયો હોય કે હાજતે ગયો હોય.....

'અત્યારે ગઢ પર જઈશ બેટા... તેં ઘર જોયું છે ?'

'હું બતાવી આવું છું, મા.' સુનીતા બોલી.

'અરે ! એવી તકલીફની જરૂર નથી. તમે ગોવિંદ માટે કપડાંની બૅગ તૈયાર કરો... કદાચ તેને ઉદેપુરમાં રોકાઈ જવું પડે. હું તેને લઈને આવું છું...' કહીને ચંદન પગથિયાં ઊતર્યો.

**

ઇન્સ્પેક્ટર નાગરે પૂરી અદબથી રતનસિંહ આલાતને સલામ મારી હતી. અને આલાતની ગાડીમાં ગોઠવાયા હતા... આલાત ફૂંગરાતા હતા.

**

અશોક ભયાનક રીતે હાંફતો ગઢના ઢોળાવ પર લગભગ દોડતો જઈ રહ્યો હતો.

**

ચિતોડના સિસોદિયા રાજપૂત સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ ગુસ્સે હતા. તેમણે પોતાની ઑફિસમાં દાખલ થતાંવેંત ઇન્સ્પેક્ટર નાગર પર ગુસ્સો ઠાલવ્યો, 'વેલ... વેલ... ઈનફ ઇઝ ઈનફ... આઈ ઍમ નૉટ એ બ્લડી ટુ પૈની ઑર્ડરલી. આઈ ઍમ ધ બ્લડી એસ. પી. ઑફ ચિતોડ, નાગર. મારે સ્પષ્ટતા જોઈએ. એ વગર મારે સહકાર આપવો હોય તોપણ આપી શકું નહિ. ઍન્ડ આઈ ટેલ યૂ... નાગર...આઈ ડોન્ટ ઇન્ટેન્ડ ઑલ્સો.... એક સાદો બીટ પર ફરનારો કૉન્સ્ટેબલ હોઉં તેમ તમે મને એક ગાડી પર નજર રાખવાનું ફડતૂસ કામ સોંપો અને તે વિશે કંઈ કહો પણ નહિ! વ્હૉટ મીન્સ વૉટ નાગર... એનો અર્થ શો નાગર... એનો અર્થ કે તમને વિશ્વાસ નથી. તમને મારા પર... રતનસિંહ આલાત પર વિશ્વાસ નથી !'

'ઓ મારા આલાત સાહેબ... આપ મને એક મિનિટ માટે બોલવા દેશો ?' નાગરે સહેજ સ્મિત વેરીને કહ્યું.

'તે તમે જ બોલો છો ને !'

'એમ નહિ સાહેબ, આપને ગુસ્સો આવે તે સ્વાભાવિક છે. પણ એ કાર એટલી અગત્યની છે કે તેમાંનો આદમી જો નજર બહાર નીકળી જાય તો આખો ખેલ ચોપટ થઈ જાય તેમ હતું. આપને ફોન પર કે ફ્રિકવન્સી પર (વાયરલેસ પર) આખી વાત કહી શકાય તેટલો સમય ન હતો. અને કહેવામાં જોખમ એટલું જ હતું કે કન્ટ્રોલ રૂમમાં આ આખીય વાત થાય તો તેને ફેલાતાં વાર ન લાગે અને એક નાનકડી ભૂલ થાય તો ભારે અનર્થ સરજાય...'

'પણ વાત શી છે ?' આલાતે ગુસ્સાથી પૂછ્યું.

'આલાત સાહેબ, બૅન્ક ઑફ મેવાડની લૂંટનું બધું જ રહસ્ય લગભગ ખૂલી ગયું છે. તેમાં સંડોવાયેલા એક આદમીની ધરપકડ થઈ ચૂકી છે. બીજાઓને પકડવાનું પણ હાથવેંતમાં છે. પરંતુ તેમને મુદ્દામાલ સાથે પકડવા છે... યૂ... સી... સર... એટલે એ કાર મહત્ત્વની છે...' કહીને નાગરે, બૅન્ક ઑફ મેવાડની લૂંટ થઈ ત્યારથી પોલીસે શું શું કર્યું

તેનો ઝડપથી ચિતાર આપ્યો. લિયો અને શેક્સપિયર જેવા નામોચ્ચાર પરથી અને ફોટાઓ પરથી કેવી રીતે લૂંટારાઓની આઇડેન્ટિટી મળી ત્યાં સુધી નાગરની વાત પહોંચી કે તરત રતનસિંહ આલાત કંઈક બોલવા ગયા. પણ પછી તરત જ વિચાર બદલીને તેમણે સિગારેટ સળગાવી. અને પોલીસ અમલદારની તદ્દન નખશિખ ધંધાદારી જિજ્ઞાસાથી તે સાંભળી રહ્યા... નાગરે વાત પૂરી કરી અને આલાત એકદમ ખુરસીમાંથી ઊભા થયા.

'ઓઓફ... ઓઓફ નાગર... યૂ એન્ડ યૉર બ્લડી સિક્સી.....નાઉ ગેટ ગોઈંગ ઑર યૂ વિલ લૂઝ યૉર મૅન...' આલાત સાહેબ તાડૂકી ઊઠ્યા અને ઝડપથી ઑફિસની બહાર નીકળ્યા.. નાગર અવાચક થઈને તેમની પાછળ ચાલ્યા.

'આલાત સાહેબ !' આશ્ચર્ય પામવાનો હવે નાગરનો વારો હતો. તેમને સમજાયું નહિ કે આ સુપરિન્ટેન્ડેન્ટને એકાએક શું થયું ?

'હરી અપ મૅન.... તમારો લિયો અત્યારે ગઢ પર જઈ રહ્યો છે. આ બધું તમારે લીધે. તમારા આઈ.જી.પી.ને લીધે થયું છે. એક સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસને તમે સાદા કૉન્સ્ટેબલ તરીકે 'ટ્રીટ' કરો તેનું આ પરિણામ છે નાગર... તમારે મને કહેવું જોઈતું હતું... તમારે મને બધું જ કહેવું જોઈતું હતું. નાઉ ક્રૉસ યૉર ફિંગર્સ ઍન્ડ પ્રે ગૉડ...' પોલીસ થાણાના વરંડામાં આવીને આલાત સાહેબે તેમના ડ્રાઈવરને બૂમ પાડી. નાગર હજુ કંઈ સમજી શકતા ન હતા.

'આલાત સાહેબ, તમે... લિયો.... આઈ મીન હું સમજી શકતો નથી....'

'નાગર, હવે મારો વાંક કાઢશો નહિ. એક અફસર પર અવિશ્વાસ રાખવાનું પરિણામ શું આવે તે તમને થોડી વારમાં સમજાશે. તમારા આ લિયોને હમણાં જ હું મળ્યો હતો, સમજ્યા ? અને હું નથી માનતો કે લિયોનાર્દો દ વિન્ચી નામના બે માણસો હોય. તમે જે લિયોની શોધમાં છો તે અહીં જ છે ચિતોડમાં અને અત્યારે ગઢ પર પહોંચ્યો હશે.' કહીને આલાત સાહેબે, જીપમાં બેસતાં બેસતાં નાગરને વાત કરી, 'એ લિયોને હું જ ગઢને નાકે મૂકીને આવ્યો. મને શી ખબર પડે કે તમે એની પાછળ છો.'

પી.એમ. શુક્લાએ કેવી રીતે લિયોની ઓળખાણ કરાવી હતી... તે વાત આલાતે નાગરને સંભળાવી.

'પણ આલાત સાહેબ... એને ખબર નથી ત્યાં સુધી આપણને તકલીફ નહિ પડે. વળી સબ-ઈન્સ્પેક્ટર ભટ એ ગાડીનો પીછો કરી રહ્યો છે.' નાગરે કહ્યું..

'પણ એ લિયોના બચ્ચાને ખબર છે... યસ... ખબર છે કે તમે લોકો ૭૦૭૫ નંબરની ગાડીનો ઉદેપુરથી પીછો કરી રહ્યા છો.'

'ઓહ નો... પણ કેવી રીતે આલાત સાહેબ !'

'પી. એમ. શુક્લાએ તેને કહ્યું હતું.'

' ડૅમ હિમ.... ડૅમ ધ બ્લડી એફ.ઓ.' નાગરે હથેળીમાં બીજા હાથથી મૂઠી પછાડી.

'તેને ગાળ દેવાની કોઈ જરૂર નથી. તેને કેવી રીતે ખબર પડે કે આ વાત લિયો આગળ બોલવા જેવી નથી ?'

'અરે પણ...' નાગર બોલવા ગયા પણ તે પહેલાં આલાત જ બોલ્યાઃ

'અને મને કેવી રીતે ખબર પડે કે ૭૦૭૫ સાથે લિયો નામનો માણસ સંકળાયેલો છે અને તે શુક્લાનો દોસ્ત છે ?...'

'નેવર માઈન્ડ... નેવર માઈન્ડ સર.' નાગર ગુસ્સાથી ધમધમી ઊઠ્યા હતા. પણ આલાતની વાત ખોટી ન હતી. તેમણે હાથે કરીને કોઈ વાત કરી ન હતી. નાગર સમસમીને ચૂપ રહ્યા. સુપરિન્ટેન્ડેન્ટની ઑફિસમાંથી જીપ સરકીટ હાઉસ તરફ વળી. ત્યાં વાયરલેસ વાન પાસે ઈન્સ્પેક્ટર ઢવન ઊભા હતા. તેમણે રિપોર્ટ આપ્યો કે ૭૦૭૫ નંબરની ગાડી સ્ટેશન રોડના ચોરાયાથી થોડે દૂર કોર્ટ રોડના જંક્શનની જમણી તરફ આવેલા એક મકાન પાસે ઊભી રહી હતી. ડ્રાઈવર ઊતરીને અંદર ગયો હતો. થોડી વાર પછી બહાર નીકળ્યો અને ગાડી લઈને ગઢ તરફ ગયો છે. સબ-ઈન્સ્પેક્ટર ભટ તેની પાછળ છે.'

'ઓ. કે. ઢવન.. ઈટ્સ ઓ. કે.' નાગરે કહ્યું અને આલાત સાહેબ તરફ જોયું... આલાતનો ગુસ્સો ઓસર્યો હતો. તે એકાએક ખૂંખાર બની ગયા હતા. તેમણે તરત જ હુકમો આપવા માંડ્યા. ઢવનને તેમણે ગઢની ભૂગોળ થોડી જ મિનિટોમાં સમજાવી. વાનને ગોવિંદના ઘર તરફ મોકલી આપી. ઢવન ગઢ તરફ જવા રવાના થયા. અને મિનિટોમાં જ આલાત અને નાગરે પણ તેમની જીપ ગઢ તરફ હંકારી.

**

અશોક શેખાવત હાંફતો હતો. તેને ચાલવાનું ગમતું નહિ. વળી તે જાડિયો હતો. હતી એટલી તાકાતથી અને ઝડપથી તે ગઢ પર ચડતો હતો. ચંદનની ગાડી પસાર થઈ ગયા પછી તેણે મોટર સાઈકલ જોઈ હતી. પણ ત્યારે તેને ખ્યાલ નહોતો આવ્યો કે સાદા સિવિલિયન કપડાં પહેરેલો મોટર સાઈકલ સવાર કોઈ પોલીસનો આદમી હતો. તે હાંફતો હાંફતો સિસોદિયા ફતાહના સ્મારક પાસે પહોંચી ગયો હતો. અહીંથી ગોવિંદના ઘર તરફ બે રસ્તે જઈ શકાતું. એક તો ડામરના સક્યુર્લર રોડ પરથી જવાય (જે રસ્તે ચંદન ગાડી

લઈને ગયો હતો.) અને બીજો રસ્તો સ્મારકની પાછળની ખરાબાની જમીન અને પથ્થરોથી છવાયેલા પ્લૉટમાં થઈને, બિરલા ધર્મશાળા આગળ નીકળીને પછી ડાબી તરફથી જઈ શકાય. ચાલીને જવા માટે આ રસ્તો ટૂંકો હતો. તેને ખાતરી હતી કે ૭૦૭૫ નંબરની મોટર ડામરને રસ્તે જ જશે.... કારણ બીજો કોઈ રસ્તો જ ન હતો. ફતાહ સ્મારક વટાવીને તે ખડકાળ મેદાન જેવી પડતર જમીનની વચ્ચેથી જતી પગરવાટે પહોંચ્યો ત્યારે ગોવિંદના ઘરમાં ઉશ્કેરાટ હતો.

**

ચંદન, ગોવિંદના મકાનની ઓસરીમાં તદ્દન નંખાઈને, હારીને બેસી ગયો હતો. બીરેનની વાત તદ્દન સાચી હતી. પોલીસ તેનો પીછો કરશે તે તેણે વિચારવું જોઈતું હતું. તેનું આખું શરીર ધ્રૂજતું હતું.

'હવે સમય બરબાદ ન કરો.' બીરેને કહ્યું. 'લેટ અસ મૂવ.. તું ઊભો થા.. ગોવિંદ, વી મસ્ટ ગેટ આઉટ ઑફ ધિસ પ્લેસ....'

'શું થાય છે?' ગોવિંદે ચંદનને સવાલ પૂછ્યો. ચંદન ઊભો થવા ગયો પણ તેનાથી ઊભા થવાતું ન હતું. બીરેન તેને જોઈને સમસમતો હતો.

'નર્વસ થવાની જરૂર નથી મેન. ગૅટ અપ ઍન્ડ ફેસ ધ સિચ્યુએશન.' બીરેને કહ્યું, અને તેણે ડ્રાઇવરને બૂમ પાડી. ડ્રાઇવર ઓસરીમાંથી અંદરના કમરામાં આવ્યો. બીરેને તેને બંગાળી ભાષામાં કંઈ સૂચના આપી. એ બહાર ચાલ્યો ગયો.

ગોવિંદ ચંદન માટે પાણી લઈ આવ્યો. ઘરમાં તેની નર્વસનેસ દૂર થાય તેવી કોઈ ચીજ ન હતી. રસોડામાંથી તે લીંબુ અને થોડી ખાંડ લઈ આવ્યો. તેણે ચંદનને એ ચૂસવાનું કહ્યું. બીરેને તેની બ્રીફકેસ અને કપડાં એકઠાં કર્યાં. દરમ્યાનમાં પેલો ડ્રાઇવર આવી પહોંચ્યો. તેના હાથમાં એક પ્લાસ્ટિકની જાડી થેલી હતી. બીરેને તેના પર બાંધેલી રબરબૅન્ડ ખોલી. ગોવિંદ કંઈક દ્વિધામાં તેની સામે જોઈ રહ્યો.

'નાઉ લિસન.... નર્વસ થવાથી કામ બનવાનું નથી. આ લે ચંદન.' કહીને તેણે ચંદનને, પ્લાસ્ટિકની થેલીમાંથી ત્રણ હૅન્ડ ગ્રેનેડ્ઝ કાઢી આપી. 'પોલીસ તારી ગાડીને ઓળખે છે. તેં ગાડી અહીં ઘર પાસે પાર્ક કરી તે ભૂલ હતી. વેલ ફરગૅટ ઍબાઉટ ઇટ.... હું અને ગોવિંદ અને મારો ડ્રાઇવર, મારી ફિયાટમાં અહીંથી નીકળીશું. ઉત્તર તરફ, મ્યૂઝિયમ બાજુને રસ્તે ગાડી લઈ જઈશું. ત્યાંથી નૌલખા ભંડાર પાસેથી ગાડી મેન રોડ પર વાળીને, ગઢની નીચે ચાલ્યા જઈશું. અને ચંદન, તારે અમે નીકળી જઈએ પછી ત્રણચાર મિનિટે નીકળવાનું, ગાડી વાળીને દક્ષિણ તરફ તું આવ્યો તે રસ્તે જ લેવાની પણ ગાડીને ગઢની બહાર જવાના રસ્તે વાળવાને બદલે પૂર્વ તરફ એટલે કે કીર્તિસ્તંભ તરફ

વાળીને જવાનું. આખા ગઢનો રાઉન્ડ લઈને પછી જ ગઢની નીચે ઊતરવાની કોશિશ કરવાની છે. પોલીસ તારો પીછો કરશે. કદાચ પોલીસે અત્યાર સુધીમાં તારી ગાડીને ઇન્ટરસેપ્ટ કરવાનો બંદોબસ્ત ગોઠવી પણ દીધો હશે. એમ હોય તો તારે આ ગ્રેનેડ વાપરવાની છે. સહેજ પણ નર્વસ થયા વગર આ ગ્રેનેડ ઉલાળી દેવાની છે. અને પછી જેટલી ઝડપ થાય તેટલી ઝડપે ગાડી ભગાવવાની છે. સમજાયું?' બીરેને ઇન્સ્ટ્રક્શન આપી.

'એવું કશું કરવાની જરૂર નથી બીરેન... સહેલો રસ્તો એ છે કે ઍમ્બેસેડર અહીં જ રહેવા દેવી. આપણા પાછલા વાડામાંથી આપણે બહાર નીકળવું. તારો ડ્રાઇવર ફિયાટ લઈને મ્યૂઝિયમ પાસે આવે. આપણે ચાલતા જઈએ. આપણને ખબર પડી શકશે કે કોઈ તારી ગાડીને ફૉલો કરે છે કે નહિ. તારી ગાડીનો પીછો થતો હોય તો આપણે ચૂડાવત સાંઈદાસની જગ્યા (ચિતોડગઢની પૂર્વ દીવાલમાં આવેલું એક સ્મારક જ્યાં સૂર્ય દરવાજો હતો) આગળથી ગઢની નીચે ઊતરી જવું. ડ્રાઇવર ગમે ત્યારે ફિયાટ લઈને નીચે આવે અથવા તો તેને લાગે કે ભય જેવું છે તો તે ગાડી મ્યૂઝિયમ પાસે છોડીને ચાલ્યો જાય.'

'એમાં ડ્રાઇવર.... મારો ડ્રાઇવર જોખમમાં મુકાય, ગોવિંદ.' બીરેને કહ્યું.

'હું ચંદનને જોખમમાં મૂકવા માગતો નથી, બીરેન....' ગોવિંદે તદ્દન સ્પષ્ટ મક્કમતાથી કહ્યું.

'તું સમજતો નથી, ગોવિંદ. ચંદનને પોલીસ બરાબર પિછાનતી હશે. એ લોકો તેની પાછળ આવ્યા છે.' બીરેને વિરોધ કર્યો.

'મને ખબર છે. હું એ જોખમ લેવા તૈયાર છું. તને એ પસંદ ન હોય તો તું ચાલ્યો જઈ શકે છે.' ગોવિંદે કહ્યું.

'આપણે પકડાઈએ... જીવતા પકડાઈએ તેવું કશું હું થવા નહિ દઉં. ગોવિંદ.... તેનાથી સત્યાનાશ સરજાશે.' બીરેને કંઈક તંગ અવાજે કહ્યું.

'મને પરવા નથી. હું ચંદનને એકલો છોડી જવા તૈયાર નથી. તું ચાલ્યો જા બીરેન... તું સલામત છું. તારા વિશે કોઈને ખબર નથી. તારે અમને ચૂડાવતની જગ્યા સુધી પહોંચાડવા ન હોય તો અમને વાંધો નથી. તું ફિયાટ લઈને ચાલ્યો જા.....' ગોવિંદે કહ્યું અને તે અંદરના કમરામાં ગયો. અંદરથી તે એક નાનકડી બૅગ લઈ આવ્યો અને બોલ્યો, 'ચાલો....'

'ચંદનને સાથે લેવામાં જોખમ થશે, ગોવિંદ.' બીરેને કહ્યું પણ ગોવિંદ સાંભળવા તૈયાર ન હતો. તેણે ઓસરીની લાઇટ બંધ કરી. બીરેને તેના ડ્રાઇવરને ઉદ્દેશીને કંઈ સૂચના

આપી અને ગ્રેનેડ્ઝવાળી પ્લાસ્ટિકની થેલી ઉઠાવી. આ વખતે બીરેન બિહારી ડાયલેક્ટમાં બોલ્યો હતો. ડ્રાઈવરે ડોકું ધુણાવ્યું અને ઝડપથી પગથિયાં ઊતરીને નાનકડા કંપાઉન્ડની બહાર નીકળ્યો. ગોવિંદ, ચંદન અને બીરેન ઓસરી વટાવીને અંદરના કમરામાં ગયા. મુખ્ય બારણું અંદરથી બંધ કરવામાં આવ્યું. રસોડામાંથી પાછળના વાડામાં જવાને બારણે થઈને એ ત્રણે જણા બહાર નીકળ્યા અને ઘરની પાછળ થઈને ચાલતા મ્યૂઝિયમ તરફ રવાના થયા. બીરેનના ડ્રાઈવરે બિરલા ધર્મશાળા અને ગોવિંદના ઘરની વચ્ચેના ખાલી પ્લૉટમાં મૂકેલી ફિયાટ સ્ટાર્ટ કરી લાઇટ ચાલુ કર્યા વગર જ તેણે ગાડી હંકારી અને થોડી જ સેકન્ડોમાં બિરલા ધર્મશાળા વટાવીને ડાબી તરફ મ્યૂઝિયમના રસ્તે ગાડી વાળી...

**

બરાબર તે જ વખતે અશોક શેખાવત ઉર્ફે લિયો ધર્મશાળાની સામે આવેલા ખડખડપાંચમ અને ઉજ્જડ જૂના તૂટેલા મકાનની વંડી ઠેકીને આ તરફ આવતો હતો. તેણે પહેલાં ગાડીનો અવાજ સાંભળ્યો અને પછી મોટરને મ્યૂઝિયમ તરફ વળતી જોઈ. તે દોડ્યો. તેણે બૂમ પાડી પણ ડ્રાઈવરે સાંભળ્યું નહિ. તે ઉતાવળમાં હતો, કે પછી મોટરના કાચ બંધ હોવાને કારણે તેણે અવાજ સાંભળ્યો નહિ હોય. ગાડી જે તરફ જતી હતી તે તરફ તેણે દોટ મૂકી.

સબ-ઈન્સ્પેક્ટર સુરેશ ભટ તેની મોટર સાઇકલને હિંગલું આહાડના મહેલ પાસે, એટલે કે ગોવિંદના ઘરની ઉત્તરે પાર્ક કરીને ઊભો હતો. ઓસરીના અજાબમાં તેને ઍમ્બેસેડર ઊભેલી દેખાતી હતી. એકાએક ઓસરીની બત્તી બંધ થઈ અને તેણે મોટર સ્ટાર્ટ થવાનો અવાજ સાંભળ્યો. તે પછી તેણે કંઈક અસ્પષ્ટ બૂમો પણ રાતના સન્નાટામાં સાંભળી. તે મૂંઝાયો. તે ઘડીભર નક્કી ન કરી શક્યો કે શું કરવું ? હજુ સબ-ઈન્સ્પેક્ટર ઢવન આવ્યા ન હતા અને ગાડી નં. ૭૦૭૫ ઉપર ધ્યાન રાખવાનું તેનું કામ હતું... તેણે એકબે ક્ષણ વિચાર કર્યો અને પછી મોટર સાઇકલ સ્ટાર્ટ કરી. તે મોટર સાઇકલને સ્ટૅન્ડ પરથી ઉતારતો હતો, ત્યાં જ તેણે મોટરનું આછું અજવાળું મ્યૂઝિયમથી આગળ ચૂડાવતની જગ્યા તરફ જતું જોયું... યોગાનુયોગ તે જ વખતે બીરેનના ડ્રાઈવરે રસ્તો જોવા માટે ન છૂટકે મોટરની લાઇટ્સ કરી હતી. એ જોઈને સબ-ઈન્સ્પેક્ટર ભટ એમ જ સમજ્યા હતા કે ઍમ્બેસેડર ગોવિંદના ઘર પાસેથી ઊપડીને કીર્તિસ્તંભ તરફ જઈ રહી છે. સબ-ઈન્સ્પેક્ટરે મોટર સાઇકલ ફેરવી. ગોવિંદના ઘર પાસે થઈને જવાને બદલે તેણે કોટની દીવાલ દીવાલે જતા રસ્તા પર થઈને ગાડીને આંતરવાનું વિચાર્યું. તેમ કરવામાં તેની ગણતરી ચોક્કસ હતી. કારણ જો એ ગાડી મ્યૂઝિયમથી ડાબી તરફ વળે તો તેને સામે જ મળે. અને જો ગઢની દક્ષિણ તરફ જાય તો તે સહેલાઈથી તેનો પીછો કરી શકે....

અશોક શેખાવત થોડું દોડીને ઊભો રહી ગયો. તેને પણ સમજાતું ન હતું. તે હાંફતો થોડીક પળો વિચારતો ઊભો રહ્યો અને પછી પાછો વળ્યો. બિરલા ધર્મશાળાનો કોટ કૂદીને તે ધર્મશાળાના કમ્પાઉન્ડની અંદર ઊતર્યો. એ તરફથી તે ગોવિંદના ઘરની પાછળના વાડામાં જઈ શકે તેમ હતો. તે અડધો દોડતો અડધો ચાલતો ગોવિંદના ઘરની પછીતના વાડા પાસે આવ્યો. વાડાની ઝાંપલી ખુલ્લી હતી. તે વાડામાં પેઠો. રસોડાની પાછળના નાના ઓટલા પર ચડ્યો. રસોડાના બારણે ટકોરા માર્યા, પણ તે સાથે બારણું સહેજ ખૂલ્યું. તેણે ધક્કો માર્યો. બારણું બંધ ન હતું. રસોડામાં અંધારું હતું, પણ અંદરના કમરામાં નાઇટ લૅમ્પનું અજવાળું રેલાતું હતું. તેણે ધીરેથી બૂમ પાડી, 'ગોવિંદ... ગોવિંદ...'

કોઈએ જવાબ ન આપ્યો. તે મુખ્ય કમરામાં આવ્યો. ત્યાં બારણું અંદરથી બંધ હતું. એ બારણામાંથી ઓસરીમાં જવાતું હતું. તેણે ધીરેથી બારણાની સ્ટૉપર ખોલી. ઓસરીમાં લગાડેલો હીંચકો હજુ હાલતો હતો... 'ગોવિંદ' તેણે ફરી બૂમ પાડી. તેની નજર રસ્તા પર ગઈ. વંડી અને કરેણના ઝાડની વચ્ચેથી તેને બહાર પડેલી ગાડી દેખાતી હતી. તે ઓસરીનાં પગથિયાં ઊતરીને બહાર ગયો. ધૂળથી ખરડાયેલી ઍમ્બેસેડર જોઈ... ૭૦૭૫ નંબર જોયો. તેણે આશ્ચર્યથી બારણા પર હાથ મૂક્યો. હૅન્ડલ ફેરવ્યું અને બારણું સહેજ ઊઘડ્યું. ગાડીમાં લાઇટ થઈ. તેણે અંદર જોયું. ગાડી ખાલી જ હતી. પણ ઇગ્નિશનના કી હોલમાં જ ચાવી લટકતી હતી... ગાડી જોતાં જ તેને ખ્યાલ આવ્યો કે ગાડી હરીશ જૈનની હતી... અશોક સ્તબ્ધતાથી ત્યાં જ ઊભો રહી ગયો. તેને સમજાતું ન હતું કે ગાડી મૂકીને ગોવિંદ કે હરીશ ક્યાં ગયા હશે ! તે બારણું બંધ કરીને પાછો ગોવિંદના ઘરમાં જવા જતો હતો ત્યાં જ તેની પાછળ હેડલાઇટ્સનું અજવાળું રેલાયું..... તે ચોંક્યો... તેણે પાછળ જોયું.... તેની આંખો અંજાઈ... સેકન્ડના અડધા ભાગમાં તેણે નિર્ણય લીધો અને ઍમ્બેસેડરનું બારણું ખોલ્યું....

**

ડી.એસ.પી. રતનસિંહ આલાતની જીપ ગાડીમાંથી પાડા પોલ પાસે ઊતર્યો ત્યારથી જ અશોક શેખાવત એક વિચિત્ર પ્રકારનું ખાલીપણું પોતાના પેટમાં અને ફેફસાંના ગોખલામાં અનુભવતો હતો. અને જ્યારે તેણે મોટરને પ્રત્યક્ષ જોઈ ત્યારે તેને ઓચિંતો જ ખ્યાલ આવ્યો હતો કે મોટર હરીશ જૈનની હતી. એ ખ્યાલ તેને ૭૦૭૫ નંબર સાંભળીને કેમ ન આવ્યો ? તે આંકડાઓ સાથે કામ કરનારો આદમી હતો. છતાં વિધિની કેવી વિચિત્રતા કે ક્યારેય તેણે એ ગાડીનો નંબર જોયો ન હતો. અલબત્ત તેમાં તેનો વાંક ન હતો. હરીશ

જૈન પાસે ઘણી ગાડીઓ હતી. હરીશના ઘરમાં વ્યકિતદીઠ એક ગાડી હતી. એ હંમેશા ફિયાટમાં ગોવિંદને ઘેર આવતો. એ લાલ ફિયાટનો નંબર તેને ખબર હતો, પણ આ ઍમ્બેસેડરનો ખ્યાલ તેને આવ્યો ન હતો. એ મોટર જોયા પછી, તેનું બારણું ખોલ્યા પછી તેને એ બરાબર ઓળખાઈ હતી. અને જે મિનિટે તેને ખ્યાલ આવ્યો કે ગાડી હરીશની હતી તે જ મિનિટે તે થડકી ઊઠ્યો હતો. થડકી ઊઠવાનાં બે કારણો હતાં. એક તો એ કે પોલીસ એ ગાડીનો પીછો કરતી હતી. અને જો ઉદેપુરથી તેનો પીછો થઈ રહ્યો હોય તો એ ગાડી કોની છે તેનો ખ્યાલ પોલીસને આવ્યા વગર રહ્યો ન હોય. નંબર પરથી પોલીસે તત્કાલ તેના માલિકનું નામ શોધી કાઢ્યું હશે. એમ થયું હશે તો અત્યારે પોલીસ હરીશ જૈનના ઘરમાં પૂછપરછ કરતી જ હશે. થડકારાનું બીજું કારણ એ હતું કે હરીશને એ વાતની ખબર હતી કે નહિ તે અશોક જાણતો ન હતો. હરીશ ચિતોડ આવ્યો હતો એટલે કંઈક ગંભીર વાત હશે તેથી જ તે આવ્યો હશે. અને મોટે ભાગે પોલીસ તેની પાછળ છે તેવી તેને ખબર હોય તો તે સીધો ગોવિંદને ઘેર, ગઢ પર આવ્યો ન હોય ! કે પછી હરીશે ફક્ત ગાડી મોકલી હશે ?...

તેના મગજમાં અનેક વિચારો એકી સાથે આવતા હતા. પોલીસે ગાડીનો બરાબર પીછો કર્યો હતો એટલે મિનિટોમાં તે ગઢ પર આવશે જ તે વાત તદ્દન બે વત્તા બે બરાબર ચાર જેવી હતી. પોલીસ અહીં આવી પહોંચે અને ફરી વખત તેની મુલાકાત પેલા આલાત અને શુક્લા સાથે થાય તો તેની પૂછપરછ થયા વગર હવે ન રહે. આ બધા જ વિચારો તેના મગજમાં વીજળીની ઝડપે આવતા હતા ત્યાં જ મોટરનું અજવાળું હિંગલું આહાડના મહેલ બાજુએથી, ગોવિંદના ઘર તરફ આવવાના રસ્તે તેણે જોયું. તે વખતે તે ઍમ્બેસેડરને જોતો હતો. ગોવિંદ, બીરેન, બીરેનનો ડ્રાઈવર અને કદાચ હરીશ જૈન એ ગાડી મૂકીને ચાલ્યા ગયા હશે ! ગાડીમાં જ ઈગ્નિશન કી ભરાવીને ચાલ્યા ગયા હશે ! એ લોકો ઘરમાં ન હતા... ઘરની આજુબાજુમાં ક્યાંય ન હતા. તો પછી ક્યાં ગયા હશે ? કદાચ પોલીસને હજુ ખ્યાલ નહિ આવ્યો હોય કે હરીશ ગોવિંદને મળવા જ આવ્યો હશે. એટલે જ ગાડીનો પીછો કરીને પોલીસ લૂંટમાં સંડોવાયેલી અન્ય વ્યકિતઓને શોધવા માગતી હતી... માઈ ગૉડ ! એટલે જ કદાચ હરીશની ધરપકડ નહિ થઈ હોય... પણ હરીશની ધરપકડ થાય કેવી રીતે ? પોલીસને એ ખ્યાલ કેવી રીતે આવ્યો કે હરીશ લૂંટમાં સામેલ હતો ? પ્રશ્નો-જવાબો - પ્રશ્નો.... વિચારોની શૃંખલા કૉમ્પ્યુટરની ગતિ કરતાંય ઝડપથી તેના માનસપટ પર ઝીંકાતી હતી. ત્યાં જ હિંગલું આહાડની દિશામાંથી મોટરનું અજવાળું તેણે જોયું અને ઈલેક્ટ્રૉનિક ઝડપથી તેણે નિર્ણય લીધો... ગોવિંદના ઘર આગળથી મોટર હઠાવવાનો નિર્ણય.....

તેણે ઈગ્નિશન કી ફેરવી અને મોટર સ્ટાર્ટ થઈ. લાઈટ્સ કર્યા વગર જ તેણે મોટર હંકારી અને બિરલા ધર્મશાળા આગળથી સીધે રસ્તે મારી મૂકી.... આખા ચિતોડગઢને વીંધતો આ એક સીધો રસ્તો છે જેમાં ચાર વળાંકો આવે છે. પહેલો વળાંક જમણે હાથે પુરાતત્ત્વ કાર્યાલય આગળ આવે છે, જે રસ્તેથી નૌલખા ભંડાર આગળથી પાછા વળીને ગઢની નીચે જતા એકમાત્ર રસ્તા પર ગાડી લઈ જઈ શકાય. ત્યાંથી થોડે જ દૂર ડાબી તરફ વળાંક આવે છે, જે પુરાતત્ત્વ કાર્યાલયથી નીલકંઠ મહાદેવ અને કીર્તિસ્તંભ તરફ જાય છે. ત્યાંથી આગળ લગભગ એક દોઢ કિલોમીટર દૂર સૂર્યકૂંડ પાસે ત્રીજો વળાંક ડાબી તરફ આવે છે, જે કીર્તિસ્તંભ જવાના, ગઢની પાછલી રાંગના રસ્તાને મળે છે. ત્યાંથી બે કિલોમીટર દૂર ચોથો વળાંક આવે છે એ ચત્તરંગ તળાવને ફરીને ફાજટીલા આગળ કોટની રાંગના પાછલા રસ્તાને મળે છે.

અશોકે ગાડી ઉપાડી અને ભયાનક સ્પીડથી દોડાવી. બરાબર તે જ વખતે, રતનસિંહ આલાત અને નાગરને લઈને આવતી જીપ ગઢના ઉપરના પ્રવેશદ્વાર એટલે કે ફતાહ સ્મારક પાસે આવી રહી હતી. અશોકે ગાડી ઉપાડી ત્યારે ઈન્સ્પેક્ટર ઢવનની જીપ હિંગલું આહાડના મહેલ પાસેથી ગોવિંદના ઘર તરફ વળી હતી... પેલી તરફ બીરેનનો ડ્રાઈવર પુરાતત્ત્વ કાર્યાલય અને મ્યૂઝિયમની પાસે, રસ્તાથી થોડે દૂર ગાડીને પાર્ક કરીને બીરેન, ચંદન અને ગોવિંદની રાહ જોતો ઊભો રહ્યો હતો. અશોક જે વખતે ગોવિંદના ઘરમાં ઘૂસ્યો હતો તે જ વખતે બરાબર મ્યૂઝિયમની સામેની બાજુએ આવેલા ફતાહ પ્રકાશ મહેલ આગળથી બીરેન, ચંદન અને ગોવિંદ ઝડપથી ચાલતા... લગભગ દોડતા મ્યૂઝિયમ તરફ જતા હતા... આ બધીય ઘટનાઓમાં થોડીક મિનિટોનો ફેર પડ્યો હોત તો વાત કંઈ જુદી જ બની હોત. પરંતુ ઘડિયાળને કાંટે જ જાણે કાળનું ચક્કર ગોઠવાયું હોય તેવું બન્યું હતું.

'આપણે ગઢની નીચે ચાલ્યા જઈએ, બીરેન...' ગોવિંદે ફિયાટમાં બેસતાં કહ્યું. બીરેને એકદમ જવાબ ન આપ્યો... તેમને ખ્યાલ આવતો ન હતો કે પોલીસ ક્યાં સુધી પહોંચી હશે. 'હું કહું છું તે બરાબર છે, બીરેન... પોલીસ મારા ઘર આગળ રોકાશે... ગાડી કબજે કરશે અને મારા ઘરમાં તલાશ કરશે.. કમ-સે-કમ દસપંદર મિનિટ આપણને મળશે. આપણે બહાર નીકળી શકીશું... એ ગાડી ત્યાં મૂકી રાખીને આપણે ડહાપણનું કામ કર્યું છે. પોલીસને કલ્પના નહિ આવે કે આપણી પાસે બીજી ગાડી છે. એક વખત આપણે ગઢની નીચે ચાલ્યા જઈએ પછી કોઈ ખતરો નથી....'

અડધી મિનિટ વિચાર કરીને બીરેને જવાબ આપ્યો, 'ઓ. કે.' અને એ ત્રણે મિત્રો ગાડીમાં ગોઠવાયા. બીરેને પોતાના હાથમાંની પ્લાસ્ટિકની થેલીમાંથી બે ગ્રેનેડ કાઢી અને એક ચંદનને અને એક ગોવિંદને આપી. બીરેન આગળ ડ્રાઈવરની બાજુમાં બેઠો હતો અને ગોવિંદ તથા ચંદન પાછળ બેઠા હતા. પુરાતત્ત્વ કાર્યાલયથી તેમણે ગાડી જમણી

તરફ વાળી. એ રસ્તો નૌલખા ભંડાર આગળ થઈને ગઢની નીચે જવાને રસ્તે મળતો હતો. તેમણે ગાડી વાળી તે જ વખતે લગભગ અશોકે ગોવિંદના ઘર પાસેથી ગાડી ઉપાડી હતી... બરાબર તે જ વખતે આલાતની જીપ ગઢ પર આવી પહોંચી હતી અને ફતાહ સ્મારકથી નૌલખા ભંડાર તરફ જતા મેઈન રોડ પર ગાડી વાળી હતી.

ઇન્સ્પેક્ટર ઢવને ગાડી સ્ટાર્ટ થવાનો અવાજ સાંભળ્યો કે નહિ તેની માહિતી નથી. પણ ગોવિંદના ઘર તરફ તેમણે ગાડી વળાવી કે તરત જ તેમને દૂર ઊભેલી ઍમ્બેસેડરના જમ્પર પર લગાડેલી મર્ક્યુરી કલરની લાલ પટી દેખાઈ હતી. તે જ વખતે એ ગાડીનું બારણું ખૂલ્યું હતું અને કોઈક તેમાં બેઠું હતું. ભેંકાર અંધારામાં તે કોઈને પણ દેખાય તેમ હતું...(અશોક શેખાવતે ઍમ્બેસેડર ગોવિંદના ઘર પાસેથી હઠાવવાનો નિર્ણય કર્યો હતો.) ઢવનને તે વખતે એટલો જ ખ્યાલ આવ્યો હતો કે ગાડીમાંથી કોઈ ચીજ લેવા માટે કોઈએ ગાડીનું બારણું ઉઘાડ્યું હતું. પણ હકીકતમાં અશોકે તે વખતે ગાડી ત્યાંથી હઠાવવાનો નિર્ણય લીધો હતો અને ગાડી ભગાવી હતી. એ પછીની અડધી મિનિટે ઢવનને ખ્યાલ આવ્યો હતો કે ગાડી ખરેખર ઊપડી ગઈ છે. તેમણે પોતાની જીપ તેની દિશામાં હંકારી. ગોવિંદના ઘર આગળ અંદાજે ગાડી ઊભી રાખી અને પોતાની સાથેના આર્મ્ડ કૉન્સ્ટેબલને તેમણે ગોવિંદના ઘરની નજીક ઉતાર્યા. તેમને ઇન્સ્ટ્રક્શન્સ આપી અને પછી તેણે ગાડી હંકારી. આમાં લગભગ મિનિટ જેટલો સમય થયો હશે. અશોક શેખાવતે ગાડીને અંધારામાં જ હાંકી હતી અને પુરાતત્ત્વ ખાતાની ઑફિસથી આગળ ઍમ્બેસેડર હંકારીને કીર્તિસ્તંભ તરફ જવાના વળાંક પર વાળી હતી. તેનાથી તદ્દન વિરુદ્ધ દિશામાં અશોકની ગાડી વળે તેના પંદર કે વીસ સેકન્ડ પહેલાં,બીરેનની ફિયાટ વાળવામાં આવી હતી. ફિયાટ બિરેનનો ડ્રાઈવર ચલાવતો હતો. તેને રસ્તાનો ખાસ મહાવરો ન હતો. પરિણામે તેણે હેડલાઈટ્સના ડિપર ચલાવ્યા હતા. પરિણામે પાછળની બૅક લાઈટ્સ પણ ચાલુ થઈ હતી. બીરેનની મોટર વળી તેની પંદર સેકન્ડ પછી અશોકની ગાડી એ વળાંકથી આગળ પૂરઝડપે નીકળી ગઈ હતી. બરાબર બીજી દસ સેકન્ડ પછી ઢવનની ગાડી એ જ વળાંક પાસે આવી હતી. તેમણે પોતાની જમણી તરફ દૂર જતી લાલ બત્તીઓ જોઈ હતી. પરિણામે તે એમ જ સમજ્યા હતા કે તે જેનો પીછો કરી રહ્યા છે તે ઍમ્બેસેડર ગઢની નીચે જવાના રસ્તા તરફ જઈ રહી છે. કોઈ પણ એવો તર્ક કરે તે સ્વાભાવિક હતું. આમ અશોક શેખાવત અને ૭૦૭૫ નંબરની ઍમ્બેસેડર કીર્તિસ્તંભ જવાના રસ્તાની તદ્દન વિરુદ્ધ દિશામાં બીરેનની ફિયાટ વળી હતી. એ ફિયાટની બૅક લાઇટ્સ ઢવને જોઈ હતી એટલે તેમણે એ તરફ ગાડી વાળી હતી.

આલાત સાહેબની ગાડી ફતાહ સ્મારકની જમણી તરફ વાળવામાં આવી હતી. ચિતોડગઢથી જેઓ માહિતગાર હશે તેને ખ્યાલ આવશે કે ગઢમાં પ્રવેશ કરવા માટે એક

જ રસ્તો છે અને એ રસ્તો જ આખા ગઢના કોટની લગભગ પ્રદક્ષિણા કરે છે. હવે ઢવને ડાબી તરફ વળવાનું અને આલાત સાહેબે જમણી તરફ જવાનું, પહેલેથી જ નક્કી થયું હતું. આમ જે વખતે બીરેનની ફિયાટ પુરાતત્ત્વ ખાતાની ઑફિસ તરફથી પશ્ચિમમાં નૌલખા ભંડારના ખંડેર તરફ આવી રહી હતી તે જ વખતે આલાત સાહેબની ગાડી ફતાહ સ્મારકથી જમણી તરફ વળીને નૌલખા ભંડાર તરફ આવી રહી હતી. નૌલખા ભંડાર પાસે રસ્તો લગભગ ૧૦૦ અંશના ખૂણે વળે છે. અને વળાંક પાસે જ લગભગ ભંડારના ખંડેરની મોટી ઇમારત છે. એ ઇમારતની દક્ષિણે રાણા કુંભાના મહેલનાં ખંડેરો છે અને ત્યાં ચોગાન જેવી છૂટી જગ્યા છે. નૌલખા ભંડારના ખૂણા પાસે જ બરાબર આલાત સાહેબની ગાડી વળી તે જ વખતે સામેથી બીરેનની ફિયાટ આવી... બન્ને ગાડીઓના ડ્રાઈવરોને આવી રીતે ગાડીઓ સામસામી આવી જશે તેવી કલ્પના ન હતી. નૌલખા ભંડારની બાજુમાં બનબીરની દીવાલ તરીકે ઓળખાતી ઇમારત છે. બરાબર ત્યાંથી થોડે દૂર બીરેનની ફિયાટે સામે આવતી ગાડીને જોઈ હતી. બીરેન અને પાર્ટીને તો ખબર હતી કે પોલીસ ૭૦૭૫નો પીછો કરી રહી છે, એટલે તે સજાગ હતા. પણ આટલી મોડી રાત્રે આટલી ભયાનક સ્પીડમાં કોઈ ગાડી સામે આવશે તેવી કલ્પના આલાત સાહેબને ક્યાંથી હોય ! પણ આલાત કાચોપોચો ડ્રાઈવર ન હતો. સેકન્ડના અડધા ભાગમાં જ તેમણે ગાડીને જમણી તરફ ઉતારી એવી જ રીતે બીરેનના ડ્રાઈવરે ડાબી તરફ ઉતારી... ટક્કર થતાં સહેજમાં બચી.... આ ટક્કર થાય ન થાય ત્યાં પાછળ લગભગ ૫૦૦ વાર દૂરથી ઢવનની ગાડી ભયાનક ઝડપે તે તરફ આવી રહી હતી.....

આલાત સાહેબના મોઢામાંથી ગાળ નીકળી. અને ઇન્સ્પેક્ટર નાગર જીપમાંથી કૂદીને નીચે ઊતર્યા. ત્યાં જ બીરેને તેના ડ્રાઈવરને હુકમ આપ્યો. ભગાવ ગાડી... બીરેન, ગોવિંદ અને ચંદને પોલીસ જીપને જોઈ હશે અને તે એમ જ સમજ્યા હશે કે પોલીસ તેમને ઇન્ટરસેપ્ટ કરી રહી છે. ગમે તેમ પણ બીરેનના ડ્રાઈવરને એક 'ઍડવાન્ટેજ' હતો અને તે એ કે તેની ફિયાટનું મોં રસ્તા તરફ હતું જે રસ્તો ગઢની બહાર નીકળવાનો હતો. જ્યારે આલાત સાહેબની જીપ માટે ગાડી વાળીને તેનું મોં લગભગ ઊંધી દિશામાં કર્યા વગર કોઈ આરો ન હતો. બીરેનના ડ્રાઈવરે આંચકો મારીને ગાડી ઉપાડી. રિફ્લેક્સ ઍક્શનની જેમ જ નાગરે પિસ્તોલ કાઢી. તે ફાયર કરે તે પહેલાં બીરેનની ગાડી રસ્તા પર ચડી ગઈ હતી. નાગરે પિસ્તોલમાંથી ગોળી છોડી.... પહેલી ગોળી ખાલી ગઈ. પણ બીજી કે ત્રીજી ગોળી ભાગતી મોટરના કોઈ ભાગમાં ચોક્કસ વાગી હતી. બરાબર તે જ વખતે ઢવનની ગાડી આવી પહોંચી હતી. તે પણ ભયાનક સ્પીડમાં આવતા હતા. એકાએક રસ્તાની બાજુ પર રિવર્સમાં લેવાતી જીપ જોઈને તેમણે ગાડી ધીરી પાડી કે તરત નાગરે બૂમ પાડી, 'ડોન્ટ સ્ટૉપ ઢવન.... ફૉલો ધ કાર. હરીઅપ....'

ઢવને ગાડી ઊભી રાખી હતી. નાગરનો હુકમ સાંભળીને તેણે પણ ગાડીને ફર્સ્ટ ગિયરમાં નાખી, બુલેટની માફક જ તેમની ગાડી છૂટી અને બીરેનની ફિયાટની પાછળ ભાગી. દરમ્યાનમાં આલાત સાહેબે ગાડી વાળી લીધી હતી... નાગર ઝડપથી તેમાં બેઠા. ઢવનની ગાડીએ ખાસ્સી ધૂળ ઉડાડી હતી......

'ઇટ્સ એ ડિફરન્ટ કાર... ઇટ્સ એ ફિયાટ...' નાગર બોલી ઊઠ્યો. 'એ ગાડી ઍમ્બેસેડર નથી.'

'વૉટ ઑફ ધૅટ....' આલાત તડૂક્યા.

'પણ તો પછી ૭૦૭૫ ક્યાં ગઈ...?'

'એ ગમે ત્યાં હશે....'

'એક મિનિટ... એક મિનિટ' નાગરે આલાત સાહેબના ખભા પર હાથ મૂક્યો પણ આલાત સાહેબનું ધ્યાન રસ્તા પર ચોંટેલું હતું. ઢવનની જીપની રેડ લાઇટ્સ ઝડપથી દૂર સરતી હતી.

'ડૅમ ઇટ... ડૅમ ઇટ' બીરેન ગરજી ઊઠ્યો. 'આઈ ટોલ્ડ યૂ... આઈ ટોલ્ડ યૂ ટુ લેટ મી અલોન....' બીરેન આગલી સીટ પરથી અડધો ઊંચો થઈને બરાડતો હતો. નાગરે મારેલી ગોળી ફિયાટના પાછલા કાચની ધાર અને તેની ફ્રેમ આગળ વાગી હતી અને તેને કારણે ઊડેલી કચ્ચરો ગોવિંદના કાન પાસે વાગી હતી. ઘડીભર તો તેને એમ જ થયું કે બુલેટ વાગી. પણ તે સલામત હતો.

'યૂ ગેટ ડાઉન બીરેન... વિ વિલ મૅનેજ...' ગોવિંદ બોલ્યો.

'નહિ, પહેલાં પાછળ આવતી ગાડી રોકવી પડશે. પાછળ આવતી ગાડી રોકવી પડશે.... યૂ... યૂ.... ચંદન યૂ ગેટ ડાઉન ઍન્ડ લોબ ધ બ્લડી ગ્રેનેડ....' બીરેને અંગ્રેજીમાં કહ્યું અને તેના ડ્રાઇવરને બંગાળીમાં હુકમ કર્યો. ડ્રાઇવરે ગાડી ધીમી પાડી. 'યૂ... ચંદન, જમ્પ આઉટ.. જમ્પ આઉટ, મેન.....' ચંદને ગોવિંદ સામે જોયું. 'જમ્પ આઉટ.....' બીરેને બૂમ પાડી. ગોવિંદ વિહ્વળતા અનુભવતો કંઈ વિચારે તે પહેલાં ચંદન ધીરી પડેલી ગાડીનું બારણું ખોલીને નીચે ઊતર્યો અને બીરેને ગાડી ભગાવવાનો હુકમ આપ્યો. ચંદન દોડીને રસ્તાની બાજુએ ઊભો રહી ગયો. તેના બરાબર જપથી ૫૦ સેકન્ડમાં ઢવનની ગાડી આવી પહોંચી. આંખ મીંચીને ચંદને ગ્રેનેડને ટ્રિગર કરી અને ઉછાળી. ધસમસતી આવતી જીપના બોનેટ સાથે ગ્રેનેડ અથડાઈ અને ફંગોળાઈ ... કાન ફાડી નાખે તેવો ધડાકો થયો. ખરેખર તો ઇન્સ્પેક્ટર ઢવનની ગાડી આગળ નીકળી જ ગઈ હતી. જો તેની તે જ સ્પીડમાં ગાડી ચાલી ગઈ હોત તો કશું જ થયું ન હોત પણ ઢવને ચંદનને જોયો હતો અને તે ગાડી ઊભી રાખવાનું વિચારે તે પહેલાં ગ્રેનેડ ગાડી સાથે અથડાઈને સહેજ દૂર ફંગોળાઈ હતી અને ફાટી હતી. ધડાકાની સાથે જ જમીન પરથી ઊડેલા પથ્થરો અને મુરમનો ગોટ ફેલાયો હતો અને ઢવનની ગાડીનું ડાબી બાજુનું પાછળું વ્હીલ એક્સલમાંથી ઊખડી ગયું હતું. અને ગાડી પાછળથી ઊંચકાઈને પટકાઈ હતી... ચંદન ગ્રેનેડ ફેંકીને ત્યાં ડાબી તરફ રસ્તા પર પડેલા શિલાઓના ઢગલા અને બોરડીનાં ઝાંખરાંમાં પડ્યો હતો પણ ગ્રેનેડથી ઊછળેલો પથ્થર અને શાર્પનેલ તેના બરડામાં વાગ્યા હતા. તેને જીવલેણ ઈજા થઈ ન હતી પણ બરડામાંથી લોહી નીકળવા માંડ્યું હતું. તે થોડીક વાર માથું બન્ને કોણીઓ વચ્ચે દબાવીને પડ્યો રહ્યો અને પછી ઊભો થઈને દોડ્યો હતો.

આલાત ચોંકી ઊઠ્યા હતા. ચારે વ્હીલ સજ્જડ થઈ જાય એટલા જોરથી તેમણે બ્રેક મારી હતી... ઢવનની જીપ રસ્તાની જમણી તરફ તૂટી પડેલા કોટના ઢેર સાથે અથડાઈને આડી પડી હતી.. તેની ડાબી તરફનું આગલું વ્હીલ હજુ ફરતું હતું.

'કમ ઑન નાગર....' આલાત સાહેબે બૂમ પાડી. કારણ આલાતે બ્રેક મારી તે પહેલાં જ જાણે નાગર જીપમાંથી નીચે કૂદી ગયા હોય તેમ ગાડી ઊભી રહેતાં જ બહાર પડ્યા હતા.

'નહિ... નહિ આલાત સાહેબ.. ધે હેવ ગ્રેનેડ્ઝ... માઈ ગૉડ ધે હેવ ગ્રેનેડ્ઝ...'

'વૉટ ઑફ ધૅટ... કમઑન આઈ સે.' આલાતે બૂમ મારી.. પણ નાગર ઢવનની ઊંધી પડેલી જીપ પાસે દોડી ગયા હતા. ઢવન અને તેમની સાથે બેઠેલો ડ્રાઇવર અને પાછળ બેઠેલો એક કૉન્સ્ટેબલ બૂરી રીતે ઘવાયા હતા. પાછળ બેઠેલા કૉન્સ્ટેબલના ખભામાં જીપના હૂડનો સળિયો ભાલાની માફક પેસી ગયો હતો અને પગ તૂટી ગયા હતા. ઢવનને માથામાં ફટકો વાગ્યો હતો અને હાથ સ્ટિયરિંગમાં કંઈ વિચિત્ર રીતે ફસાઈ ગયો હતો. તેમના શરીર પર જ તેમનો ડ્રાઇવર જાણે ઊભો રહ્યો હોય તેમ બેહોશ પડ્યો હતો. અજબની વાત એ હતી કે ગ્રેનેડને કારણે ત્યાંથી થોડે દૂરની ઝાડી સળગી ઊઠી હતી, પણ જીપ આબાદ રીતે ગ્રેનેડના 'એક્સપ્લોઝન સેન્ટર'માંથી બહાર રહી ગઈ હતી.

ચંદન ત્યાંથી હઠી ગયો હતો અને જમણી તરફ આખે રસ્તે પડેલા પથ્થરોના ઢેરમાં લપાતો લગભગ ઢસડાઈને આગળ વધી રહ્યો હતો. બીરેનની ગાડી ફતાહ સિસોદિયાના સ્મારક આગળ પહોંચીને ડાબી તરફ ગઢની બહાર જવા માટે, લગભગ કાટખૂણે વળતા રસ્તા પર આવી પહોંચી હતી....

'તું ચાલી જા.. બીરેન.... હું ઊતરી જઉં છું.' ગોવિંદે કહ્યું.

'નહિ ગોવિંદ તું મારી સાથે જ આવે છે.' બીરેને મક્કમતાથી કહ્યું.

'નહિ બીરેન... ચંદનને છોડીને હું ભાગવાનો નથી.'

'ઓહ ગૉડ.. તને અત્યારે સેન્ટિમેન્ટ્સ સૂઝે છે ?' બીરેને કહ્યું અને ડ્રાઈવરની સામે જોઈને કહ્યું, 'છોકરીઓની જેમ ગાડી નહિ ચલાવ... સ્પીડ અપ મૅન...' બીરેનનો ડ્રાઈવર તદ્દન ધંધાદારી રુક્ષ આદમી હતો.

'મને ખલેલ પાડવાની જરૂર નથી, બીરેનદા... મને મારું કામ આવડે છે.' તે બોલ્યો.

'સ્ટૉપ ધ કાર... બીરેન સ્ટૉપ ધ કાર... આઈ વૉન્ટ ટુ ગેટ આઉટ...' ગોવિંદ બોલ્યો. ત્યારે ગાડી ફતાહ સ્મારક પાસેથી વળાંક લઈ રહી હતી. અહીંથી ઢોળાવ શરૂ થતો હતો. ગઢના ઢોળાવ પરના દરવાજા શરૂ થતા હતા. 'બીરેન, ભગવાનને ખાતર ગાડી ઊભી રાખ.... હું ચંદનને એકલો મૂકવા માગતો નથી.'

'એ તેનું સંભાળી લેશે, ગોવિંદ... ડોન્ટ બી એ ફૂલ...' બીરેને કહ્યું ત્યારે ગાડી, ચિતોડના કિલ્લાની જંગી અને મુખ્ય દીવાલની ભીતરમાંથી બહાર આવીને ડાબી તરફ વળી હતી. અહીંયાં વળી પાછો થોડો ઢોળાવ સીધો નીચે જતો હતો. એ વખતે જ ચિતોડ ગઢના પ્રથમ દરવાજા-પાડા પોલ-આગળથી પોલીસવાને ઢોળાવ પર ચડવાની શરૂઆત કરી હતી.

**

ચિતોડગઢ પર બનેલો બનાવ જાણે સેકન્ડે સેકન્ડના ટાઈમિંગ્ઝ ગોઠવીને જ ઘડવામાં આવ્યો હોય તેવું બન્યું હતું. એકી સાથે થોડી જ મિનિટો અને સેકન્ડોના સમયગાળા વચ્ચે ચિતોડના કિલ્લા પર ત્રણ જગ્યાએ જીવલેણ બનાવો બન્યા હતા.

પાડા પોલથી શરૂ થતો ચિતોડગઢનો ઢોળાવ વિચિત્ર રીતે સીધો છે. જાણે એક પછી એક જંગી લપસણીઓ ગોઠવવામાં આવી હોય તેવો તેનો આકાર છે. બીરેનના ડ્રાઈવરે, બરાબર જે વખતે સિસોદિયા ફતાહના સ્મારક પાસે, ટાયરના ચિચૂડા બોલાવીને ગાડીને પૂરઝડપે ઢોળાવ તરફ લીધી, તે જ વખતે ચિતોડ સિટી તરફથી આવતી પોલીસવાન ગઢના ઢોળાવ પર ચડી રહી હતી. પંદર-સત્તર વર્ષ જૂના એ પોલીસ વેહિકલના અંકોડે-અંકોડા થર્રાટી કરતા હતા. અને દમના રોગથી પીડાતા કોઈ વૃદ્ધના ફેફસાની જેમ એ વાનના એન્જિનમાં દમ ભરાતો હતો અને એન્જિન નૉક થતું હતું. પોલીસ ડ્રાઈવરે ગાડીને હાઈ-ગિયરમાં નાખી હતી છતાં ગાડીને પારાવાર જોર પડતું હતું. ગ્રુંગ્રુંગ્રુંગ્રું અવાજ અને એક્ઝોસ્ટમાંથી નીકળતા પારાવાર ધુમાડાના ગોટ વચ્ચે એ ગાડી કવાયતના મહાવરા વગરના કૉન્સ્ટેબલની માફક દમ ફેડતી, ઢોળાવ ચડતી હતી. જ્યારે બીરેનની ફિયાટ પહાડ પરથી ઊતરતા ઝરણાની જેમ નીચે ધસી રહી હતી.

'સમાલ... સમાલ.....' બીરેને બૂમ પાડી. તેના ડ્રાઈવરે એકાએક એક્સીલરેટર પરથી પગ ઉઠાવીને બ્રેક પર જડી દીધો. ફિયાટનાં પાછલાં વ્હીલ જામ થઈ ગયાં...

પોલીસ વાનના ડ્રાઈવરે 'જોરલા દરવાજા' આગળથી ધસી આવતી લાઈટ જોઈ હતી. પણ તે વાનને રસ્તાની એક તરફ સંકોરે તે પહેલાં તો દરવાજાના વળાંક પરથી ફિયાટ આવી ચૂકી હતી. તેની હેડલાઈટ્સના અજવાળાથી તેની આંખો ઘડીભર અંજાઈ ગઈ હતી. અને તે કશું પણ કરે તે પહેલાં ભયાનક ટક્કર થઈ હતી. એ ટક્કર થઈ તે પહેલાં ફિયાટનાં ટાયર જામ થઈ ગયાં હતાં. અને ફિયાટમાંથી બે જણ કૂદી પડ્યા હતા. બારણાં ખોલીને ગાંસડાની જેમ બે જણને બહાર પડતા એ ડ્રાઈવરે જોયા હતા. આંચકો ખાઈને ઊભી રહેવા મથતી ફિયાટ નધણિયાતા ગામના પાડાની જેમ ઢોળાવ પર રગડી હતી અને ટક્કર થઈ હતી. ટક્કરની સાથે જ આગલા વ્હીલનું મડગાર્ડ અને બમ્પર ફિયાટના રેડિયેટરની જાળીમાં ઘૂસી ગયું હતું. પોલીસવાનના ડ્રાઈવરનો પગ એ આંચકા સાથે બ્રેક પરથી લસરી ગયો હતો અને એકમેકમાં ભરાઈ ચૂકેલી ગાડીઓ લંઘસની જેમ જોડાઈને ઢોળાવમાં રગડી હતી. વાનનો ડ્રાઈવર ગભરાઈને કૂદી પડ્યો હતો. ડ્રાઈવરની બાજુમાં બેઠેલો કૉન્સ્ટેબલ તદ્દન મૂંઝાઈને અવાચક થઈ ગયો હતો. તે બારણું ખોલે તે પહેલાં વાન રગડી હતી. અને જયમલની છત્રીઓ પાસેના આછા વળાંક પાસે પથ્થરો સાથે ટકરાઈને ફરી ગઈ હતી. ફિયાટનું મોં ડાબી તરફ ફરી ગયું હતું અને બન્ને ગાડીઓનાં બમ્પરો એકમેકમાં ગૂંથાઈ ગયાં હતાં. ફિયાટના મશીન બ્લોકના બોલ્ટ તૂટી ગયા હતા અને મશીન બોનેટ ખોલીને ઉપર આવી ગયું હતું. ફિયાટનું ડાબી બાજુનું પાછલું બારણું રસ્તાની બાજુમાં, ચિતોડગઢની દીવાલમાંથી ખરી પડેલી શિલાઓની સાથે જડાઈ ગયું હતું અને જમણી તરફ લગભગ આડી થઈ ગયેલી વાનનું પડખું ફિયાટના પડખા સાથે ટકરાયું હતું અને બારણામાં મોટો ગોબો પડ્યો હતો અને બારણું સજ્જડ થઈ ગયું હતું. ગોવિંદે બન્ને તરફનાં બારણાં હચમચાવ્યાં. ડાબી તરફનું બારણું ખોલવાનો તેણે પ્રયાસ કર્યો.

'હરી અપ... હરી અપ મૅન....' ક્યાંકથી બૂમ પડી અને તે સાથે ચમકારો થયો અને અડધી સેકન્ડ પછી ધડાકો થયો. બીરેને ગ્રેનેડનો ઘા કર્યો હતો. પોલીસવાન દીવાસળીના ખોખાની માફક ઊછળી હતી અને એકાએક ફિયાટ જાણે તેના આગલા ટાયર પર ઊભી થઈ હોય તેમ તેને આંચકો લાગ્યો હતો. વાનનો પાછલો ભાગ ફાટી ગયો હતો અને આગળના બમ્પરમાં ભરાયેલી ફિયાટ વાનના ઉછાળા સાથે છૂટી થઈ ગઈ હતી અને એ ધક્કાથી અવળી ફરી ગઈ હતી. વાન સળગી ઊઠી હતી અને તેનાં પાછલાં વ્હીલ ગ્રેનેડના ધડાકાથી છૂટાં પડી ગયાં હતાં. ચેસિસ ઊંચી થઈ અને વાનના ફ્લોરથી છૂટી પડી ગઈ હતી. તૂટેલા ડબ્બાની માફક વાન ઊછળીને અલગ થઈ હતી અને ઊંધી ફરી ગયેલી

ફિયાટ ડાબી તરફની શિલાઓ સાથે અથડાઈને ઊડેલી વાનનાં ભંગાર તરફ રગડી હતી. પણ તેનાં આગલાં વ્હીલ ફાંગાં થઈ ગયાં હતાં એટલે ઝાઝું રગડી ન હતી. ગ્રેનેડના ધક્કાથી તૂટી પડેલી વાન અને વાન તથા ફિયાટની એક તરફ પડેલો શિલાઓનો ઢગલો રગડ્યો હતો અને એ શિલાઓ પર ઝળૂંબતો મુરમ અને ઈંટોનો ઢગ ધસીને નીચે આવ્યો હતો. રસ્તા પર ઊંડો ખાડો પડ્યો હતો. અને વાનમાં આગ ભભૂકી ઊઠી હતી. ફિયાટની આગલી સીટ ઝાટકા સાથે ઊખડી હતી અને હૂડ સાથે અથડાઈને પાછળ ઝીંકાઈ હતી. ગોવિંદ તેની નીચે દબાયો હતો. તેના પગ ફિયાટની નીચેથી તૂટી ગયેલાં પતરામાં ભરાઈ ગયા હતા. કોઈકે તેના પગ સીગરામાં ભરાવીને વાંકા વાળી દીધા હોય તેમ ગોઠણ આગળથી તેના પગ વળ્યા હતા. એટલી ઝડપથી એ બન્યું હતું કે ગોવિંદના જાંઘના સ્નાયુઓ ખેંચાઈને સાથળ પાસેથી તૂટી ગયા હતા. ફિયાટનું વિન્ડસ્ક્રીન ચૂરા થઈ ગયું હતું. તેની કરચો ચારે તરફ ઊડી હતી. પોલીસવાનમાં અંદરના ભાગમાં બેઠેલા પાંચ પોલીસમૅનમાંથી ત્રણ ઑન ધ-સ્પૉટ ગુજરી ગયા હતા. ડ્રાઈવર બહાર પડ્યો હતો, તેની બાજુમાં બેઠેલો કૉન્સ્ટેબલ ઊછળીને વાનના વિન્ડસ્ક્રીનમાં ભરાઈ ગયો હતો. બીજા બે પોલીસ કૉન્સ્ટેબલ વાનની ચિરાઈ ગયેલી ચેસિસમાં બૂરી રીતે ભરાઈ ગયા હતા......

વાનની પેટ્રોલ ટૅન્ક છૂટી પડી હતી અને એટલે જ આગનું જોર વાનની ડાબી તરફ પકડાયું હતું. મોટો ભડકો થયો હતો. એટલી ઓછી સેકન્ડોમાં આ બન્યું હતું કે ઘવાયેલામાંથી એક આદમી પણ ચીસ પાડી શક્યો ન હતો. ચીસ નીકળે તે પહેલાં જ ભયાનક ટક્કરથી બધા ઘવાયા હતા અને બેહોશ થયા હતા. કેવળ પોલીસવાનનો બહાર કૂદી પડેલો ડ્રાઈવર ચમત્કારિક રીતે સલામત રહ્યો હતો, અલબત્ત તેના ખભા અને માથામાં ગઢના કોટમાંથી ઊખડેલા પથ્થરો ઝીંકાયા હતા. તેના જમણા ખભા પર જે પથ્થર ઝીંકાયો હતો તે જો સહેજ ઊંચેથી પડ્યો હોત તો જરૂર તેના માથા પર ઝીંકાયો હોત, પણ તેને બદલે તેના ખભા પર ઝીંકાયો. તે જ પથ્થર ખભા પર અથડાઈને તેના પગ પર પડ્યો હતો. લાલ કૅન્વાસના બૂટમાં જકડાયેલી તેની આંગળીઓના ચૂરા થઈ ગયા હતા. તે ઊછળીને ચત્તોપાટ પડ્યો હતો. તેની છાતીમાં ઈંટનો ટુકડો વાગ્યો હતો, પણ તે હોશમાં હતો.

**

ઘવાયેલા સબ ઈન્સ્પેક્ટર ઢવનની ગાડી પાસે આલાતે પોતાના ડ્રાઈવરને ઉતારીને જીપ હંકારી હતી. આલાત સાહેબની સાથે નાગર બેસી ગયા હતા. બુલેટની માફક તેમણે ગાડી દોડાવી હતી. તે સિસોદિયા ફતાહના સ્મારક પાસે પહોંચે તે પહેલાં તેમણે ધડાકો સાંભળ્યો હતો. આ બે ધડાકાઓથી ચિતોડના નાનકડા ગામમાં રહેતા થોડાક લોકો જાગી ઊઠ્યા હતા. મુખ્ય રસ્તા પર થયેલી મોટરોની દોડાદોડને કારણે પુરાતત્ત્વ ખાતાના

ચોકિયાતો અને ચિતોડ કૉન્સ્ટેબ્યુલરીની નાનકડી ટુકડીના આમ્ડગાર્ડ્ઝ, ઘોડેસવાર પોલીસદળના 'બીટ' પરના ચાર પોલીસ જવાનો ચોંકી ઊઠ્યા હતા. કાંઈક ગૂંચવાડામાં તેમણે દોડધામ શરૂ કરી હતી. જૂના ટોલનાકા આગળ ઊભેલા બે કૉન્સ્ટેબલોએ ધસમસતી જતી ફિયાટને જોઈ હતી એટલું જ નહિ તેની પાછળ થોડી જ વારમાં દોડતી જીપ પણ જોઈ હતી. તે બન્ને સફાળા ઢોળાવ તરફ દોડ્યા હતા. ચિતોડગઢના છેક છેવાડે આવેલા ચિતોડી મગરી પૉઈન્ટ પાસે ઘોડા ઊભા રાખીને બીડી પીતા 'માઉન્ટેડ પોલીસ'ના કૉન્સ્ટેબલોએ પણ ધડાકા સાંભળ્યા હતા અને તેમણે તરત જ ઘોડા પલાણ્યા હતા અને બન્ને જવાનો નૌલખા ભંડાર તરફ ધસ્યા હતા.

સુપરિન્ટેન્ડેન્ટ રતનસિંહ આલાતનું સિસોદિયા રાજપૂત લોહી ઊકળી ઊઠ્યું હતું. ઢવનને કેટલી ઈજા થઈ છે તે જોવા પણ તે પોતે રોકાયા ન હતા. પાગલની માફક તેમણે ગાડી હંકારી હતી. પણ તે ઢોળાવ તરફ જવાના વળાંક પાસે અને ફતાહના સ્મારકની નજીક પહોંચે તે પહેલાં તેમણે બીજો ધડાકો સાંભળ્યો હતો. એ એટલો નજીક લાગ્યો હતો કે આપોઆપ તેમનો પગ બ્રેક પર આવી ગયો હતો. ઈન્સ્પેક્ટર નાગર તેમને કહેવા જ માગતા હતા કે આલાત સાહેબે ગાડી ધીરી પાડવી જોઈએ. ધાડપાડુઓ પાસે ગ્રેનેડ્ઝ હતી. એ ગ્રેનેડ્ઝ આગળ તેમનું કશું ચાલવાનું ન હતું. અને ચિતોડગઢની ધરતી પર આ અંધારામાં, અરે ! સ્ટ્રીટ લાઈટ્સના આવા ઝાંખા અજવાળામાં પણ રસ્તા પર ગ્રેનેડ્ઝ લઈને છુપાયેલા આદમી તેમને દેખાવાના ન હતા. પણ નાગરને આવું કશું આલાતને કહેવું પડ્યું નહિ. તેમણે જાતે જ ગાડી ધીરી પાડી દીધી હતી.

'નાગર.... કમબખ્તોએ રસ્તો તોડી નાખ્યો હશે... માઈ ગૉડ.... સાલાઓએ કોઈ પોલના બેઈઝમાં ગ્રેનેડ ઝીંકી હશે તો....' આલાત બોલી ઊઠ્યા. 'વ્હેર ધ હેલ ઈઝ અવર વાન ?' તેમણે પૂછ્યું. એ સ્વગતોક્તિ જ હતી, કારણ નાગર પણ એનો જવાબ આપી શકે તેમ ન હતા. આલાતે ગાડી ઢોળાવની ટોચે ઊભી રાખી.

'હું જઉં છું નીચે... ગાડી લઈને ઢાળમાં ઊતરવું જોખમકારક છે.'

'ડૅશ-બૉર્ડના ખાનામાં ટૉર્ચ છે નાગર....' આલાત સાહેબે કહ્યું.

'નહિ જરૂર નથી.' નાગરે જવાબ આપ્યો અને તે જીપમાંથી નીચે ઊતર્યા.

'સર....' નાગર બોલવા ગયા પણ અટક્યા.

'આઈ નો... આઈ નો.... તમે ચિંતા ન કરતા, હું સાવધ છું. એ કારને પણ ગઢની બહાર નીકળવા માટે અહીં આવ્યા વગર છૂટકો જ નથી.' આલાતે ૭૦૭૫ નંબરની ઍમ્બેસેડરના સંદર્ભમાં કહ્યું. નાગર એ જ કહેવા માગતા હતા પણ આલાતને કોઈ સૂચન કરીને ગુસ્સે કરવા માગતા ન હતા. આલાતને પૂરેપૂરો સંદેશો પહેલેથી જ નહિ

મોકલાવીને હેડક્વાર્ટર્સે ગંભીર ભૂલ કરી જ હતી અને તેનું ખતરનાક પરિણામ તો આવી જ ગયું હતું. ગ્રેનેડ્ઝનો મારો કરીને લૂંટારા ભાગી નીકળ્યા હતા... જો આલાતને આગળથી ખબર હોત તો એ ન થયું હોત... કમસે કમ ઇન્સ્પેક્ટર ઢવન અને તેના કૉન્સ્ટેબલને ઈજા ન થઈ હોત... નાગર આ વિચાર કરતા હતા ત્યારે તેમને ખબર ન હતી કે ગઢના ઢોળાવ પર બીજો ગમખ્વાર બનાવ બનેલો છે. આલાતની ગાડીમાંથી તે નીચે ઊતર્યા ત્યારે તેમને એક જ વિચાર આવતો હતો અને તે એ કે ૭૦૭૫ સિવાય બીજી ગાડી આવી ક્યાંથી ?

હરીશ જૈનને તેમણે ફોન કર્યો હતો અને તે રિટ્ઝમાં તેમને મળ્યો હતો. તેની સિફતથી તેમણે ધરપકડ કરી હતી. તેની ૭૦૭૫ નંબરની ગાડીને પણ ખૂબીથી તે 'ફૉલો' કરી શક્યા હતા. પણ હરીશ ઍમ્બેસેડર ઉપરાંત કોઈ બીજી ગાડી પણ ચિતોડ રવાના કરશે તેવી તેમણે કલ્પના કરી ન હતી તેનો રંજ થતો હતો. પારાવાર રંજ, તે પોતાની આટલી ચોકસાઈ છતાં અત્યારે હાર ખાઈ રહ્યા હતા. ધાડપાડુઓએ એક ચાલ આગળ ચાલી હતી. ૭૦૭૫નો પોતે પીછો કર્યો ત્યારે તેમને કલ્પના કેમ ન આવી કે હરીશને પણ એવી કલ્પના આવશે અને પોલીસના પીછા વિશે તે સજગ હશે ? હરીશે નાથદ્વારા વાટે બીજી ગાડી રવાના કરી હોય ! અરે ! ૭૦૭૫ સાથે પણ તેણે કોઈ ફિયાટ મોકલી હોય... રંજ અનુભવતા ઇન્સ્પેક્ટર નાગર ઢોળાવ ઊતર્યા... અલબત્ત તે વખતે તે જાણતા ન હતા કે ફિયાટ હરીશે મોકલી ન હતી. ફિયાટ તો ગઢ પર ક્યારનીય આવેલી હતી.

આલાત સાહેબે જીપ થોડી રિવર્સમાં લીધી અને ઢોળાવની ઉપરની સમથળ જગ્યા જ્યાં રસ્તો દક્ષિણ અને ઉત્તર તરફ ફંટાય છે તે ચોરાયા પાસે ઊભી રાખી. જૂના ટોલનાકા પાસેથી ઝડપથી ચાલતા આવતા બન્ને કૉન્સ્ટેબલો જીપની નજીક આવ્યા.

**

આ તરફ બીજી જ ઘટના બની રહી હતી. બીરેનના ડ્રાઇવરે ગાડી ઉપાડી ત્યારે સબ-ઇન્સ્પેક્ટર ભટે પોતાની મોટર સાઇકલ ઉપાડી હતી. તે વખતે અશોક શેખાવત ઍમ્બેસેડર પાસે પહોંચ્યો હતો, પણ તેણે ગાડી ઉપાડી ન હતી. બીરેનની ફિયાટનું અજવાળું પુરાતત્ત્વ ખાતાની ઑફિસ તરફ પડતું હતું. એટલે સબ-ઇન્સ્પેક્ટર ભટે અનુમાન કર્યું કે ગાડી કીર્તિસ્તંભ તરફ જશે. અને તેથી જ ગોવિંદના ઘર પાસેથી જવાને બદલે ઉત્તર-પૂર્વમાં ગઢના કોટની રાંગે રાંગે કીર્તિસ્તંભ જવાના રસ્તે તેણે મોટર સાઇકલ હંકારી હતી.

તે વખતે તેને ખ્યાલ ન હતો કે બીરેનની ફિયાટ પુરાતત્ત્વ ખાતાની ઑફિસ પાસે રોકાઈ હતી અને તેનો ડ્રાઇવર બીરેન, ગોવિંદ તથા ચંદનના આવવાની રાહ જોતો હતો. એ ત્રણે જણા પગપાળા દોડતા ત્યાં આવ્યા હતા અને તેમણે ગઢની બહાર જવાનો, મતલબ કે કીર્તિસ્તંભથી તદ્દન વિરુદ્ધની દિશામાં જવાનો નિર્ણય લીધો હતો. બરાબર તે જ વખતે અશોક શેખાવતે ૭૦૭૫ નંબરની ઍમ્બેસેડર ઉપાડી હતી. તેની પાછળ ઢવને ગાડી હંકારી હતી. ઍમ્બેસેડર ડાબી તરફ વળી હતી. ફિયાટ જમણી તરફ વળી હતી. ઢવન જ્યારે એ રસ્તાના 'જંક્શન' પર આવ્યા ત્યારે તેમણે જમણી તરફ ગાડીની લાલ બ્રેક લાઇટ્સ જોઈ હતી અને એ તેની પાછળ એટલે કે ફિયાટની પાછળ વળ્યા હતા. અશોક ઍમ્બેસેડર લઈને કીર્તિસ્તંભ ગયો હતો.

અહીંયાં પાછો ચિતોડગઢને ફરતો મુખ્ય રસ્તો દક્ષિણ તરફ ચિતોડી મગરી અને ઉત્તર તરફ હિંગલુ આહાડના મહેલ તરફ જાય છે. અશોક અહીં ગાડી છોડી દેવા માગતો હતો. તેણે ગાડી ધીરી પાડી અને લાઇટ્સ ઑન કરી. કીર્તિસ્તંભની પાસેના મંદિરની પછીતે તેણે ઘોડા ઊભેલા જોયા અને પછી બે કૉન્સ્ટેબલને જોયા. ચિતોડગઢ પર ચાર માઉન્ટેડ પોલીસ કૉન્સ્ટેબલોની બીટ હોય છે. આ ચારેય ક્લોકવાઈઝ અને એન્ટિક્લોકવાઈઝ રાઉન્ડ લે છે. એક જોડી તે વખતે ગઢના સૌથી છેવાડેના દક્ષિણ તરફના પોઇન્ટ પર હતી અને બીજી જોડી કીર્તિસ્તંભ આગળ હતી. બંને કૉન્સ્ટેબલો ઘોડા ઊભા રાખીને બત્તીના થાંભલા પાસે ઊભા પગે બેઠા હતા. બરાબર સામેથી મોટર આવતી જોઈને તે જરા ટટ્ટાર થયા હતા. આટલી મોડી રાત્રે રતનસિંહ આલાત સાહેબ સિવાય કોઈ ગાડી લઈને આવે નહિ. બંને કૉન્સ્ટેબલો ગાડીની લાઇટ્સ જોઈને ખડા થઈ ગયા હતા. અને તેમણે પોતાની રાઇફલો ખભે ચડાવી હતી. ઘડીભર તે બંને મૂંઝવણ અનુભવતા ઊભા રહ્યા. ઘોડા પર રાઉન્ડ લેવાને બદલે તડાકા ઠોકતા તે બેસી રહ્યા હતા. અને આલાત સાહેબ એ બરદાશ્ત કરનારો આદમી ન હતો. પણ જીપને બદલે એ ઍમ્બેસેડર નીકળી.

અશોક શેખાવત ઘોડેસ્વાર પોલીસને જોઈને થડકી ઊઠ્યો હતો. કોઈ પણ કારણ વગર તેનાથી બ્રેક વાગી ગઈ. અને તેની બીજી જ સેકન્ડે ડાબી તરફ દૂરથી આવતી મોટર સાઇકલનું અજવાળું તેણે જોયું. ફરી એક વાર તે સ્વસ્થ થયો અને તેણે ધીરેથી ગાડી વાળી અને દક્ષિણ તરફ હંકારી......

**

ઇન્સ્પેક્ટર નાગરે એકાએક ઢગલો થઈને પડેલી ગાડીઓ અને પોલીસ વાનમાંથી નીકળતા ભડકા જોયા. તે ખૂબ જ સાવધાનીથી આડશોની પાછળ થઈને આગળ વધતા હતા. તેમણે પહેલાં આગના ભડકા જોયા અને પછી ગાડીઓ. એક સેકન્ડ તે અનિર્ણીત સ્થિતિમાં ઊભા રહ્યા. પછી જોરલા દરવાજાની નીચે પહોંચ્યા. દૂરથી જ એ દૃશ્ય તેમણે જોયું.... અને ખૂંખાર અધિકારીને તરત ખ્યાલમાં આવ્યું કે શું થયું હતું ! અકસ્માતની જગ્યાએ જવાને બદલે તે પાછા દોડ્યા.....

આલાત સાહેબની જીપની આજુબાજુએ થોડા માણસો ભેગા થઈ ગયા હતા. પેલા ટોલનાકા પાસે ઊભેલા કૉન્સ્ટેબલો આવી પહોંચ્યા હતા. આલાતે તેમને ઢોળાવમાં નાગર સાહેબની મદદે જવા હુકમ આપ્યો. એ બંને ઢોળાવની નીચે દોડ્યા.... નાગર દોડતા ઉપર આવતા હતા. નાગરે તેમને રોક્યા અને સમજણ પાડી કે તેમણે શું કરવાનું છે......

**

અશોક શેખાવતે સીધા જવાને બદલે ગાડીને સૂર્યકુંડ તરફ વાળી હતી અને ઝડપ વધારી હતી. આગળ જઈને વળી બીજો રાઈટ ટર્ન લઈને તેણે ગાડી નૌલખા ભંડાર તરફ વાળી હતી. તેને એ વખતે ખ્યાલ ન હતો કે આગળ ઈન્સ્પેક્ટર ઢવનની ગાડી તૂટીને પડી છે અને રસ્તો બંધ છે. તે એકાએક જ ત્યાં આવી પહોંચ્યો. ત્યાં ઊભેલા અને મૂંઝાતા કૉન્સ્ટેબલને નિરાંત થઈ. તેણે હાથ ઊંચો કર્યો.... તેને રોકવા માટે..... રોકીને પકડવા માટે નહિ, પણ મદદ લેવા માટે....

**

અશોકનું જો ચાલ્યું હોત તો તેણે ગાડી ધીરી ન પાડી હોત. પોલીસ કૉન્સ્ટેબલે તેની મોટરને આવતી જોઈ અને હાથ ઊંચો કર્યો હતો. કૉન્સ્ટેબલને મોટર જોઈને હાશ થઈ હતી... ઈન્સ્પેક્ટર ઢવન, એમનો ડ્રાઈવર અને બીજો એક પોલીસવાળો ત્યાં ઘવાયેલા પડ્યા હતા. જીપ ગાડીનું ડાબી બાજુનું પાછલું વ્હીલ એક્સલ અને ડ્રમ સમેત તૂટ્યું હતું. રતનસિંહ આલાત સાહેબે એ કૉન્સ્ટેબલને કોઈ પણ ઈન્સ્ટ્રક્શન આપ્યા વગર ઉતાર્યો હતો. હુકમનો જ અમલ કરવા ટેવાયેલા પોલીસવાળાએ આ અકસ્માતમાં જ્યારે પોલીસ જીપ અને ઈન્સ્પેક્ટર ઘવાયા હોય ત્યારે શું કરવું એની મૂંઝવણ થતી હતી. તે મનમાં દ્વિધા અનુભવતો હતો છતાંય તેણે બે કામ કર્યાં હતાં. લોહી નીંગળતી હાલતમાં પડેલા ઢવન સાહેબના માથા પર તેણે મોટરની સફાઈ માટે રાખેલો ગંદો ટુકડો બાંધ્યો હતો. તેમના પર બેહોશ થઈને ઢળેલા ડ્રાઈવરને અળગો કર્યો હતો. બન્નેને ઢસડીને ઢળી પડેલી જીપની બાજુમાં થોડેક દૂર સુવાડ્યા હતા. તે જીપની પાછલી સીટમાં ઘવાઈને પડેલા કૉન્સ્ટેબલને બહાર કાઢવા મથતો હતો, ત્યાં જ તેણે અશોક શેખાવતની ગાડીની હેડલાઈટ્સ જોઈ હતી. એ ઝડપથી ગાડી પાસેથી દૂર દોડ્યો હતો અને દૂર જઈને, હાથ ઊંચો કરીને ઊભો હતો.

એક ક્ષણ માટે હેડલાઈટ્સના અજવાળામાં રસ્તા પર ઊભેલા કૉન્સ્ટેબલને જોઈને અશોક થડકી ઊઠ્યો હતો. તેના મગજમાં વીજળી વેગે નિર્ણયનો સંચાર થયો. તેણે ગાડીની રફતાર તેજ કરીને મોટરને કૉન્સ્ટેબલ ઉપર જ લેવાનો નિર્ણય કર્યો. પણ ત્યાં જ તેની નજરે કૉન્સ્ટેબલની પાછળ મુરમનો ઢગલો જોયો અને અડધી આડી પડેલી જીપ

ગાડી જોઈ તેણે બ્રેક મારવાનો નિર્ણય છેક છેલ્લી ઘડીએ લીધો. કૉન્સ્ટેબલ હેબતાઈને રસ્તાની બાજુએ આવેલા ઢોળાવ અને ઝાડીમાં દોડી ગયો હતો. અશોકે જ્યારે બ્રેક મારી ત્યારે, તે ચંદને ફેંકેલી ગ્રેનેડથી રસ્તા પર થયેલા મોટા કાર્ટરની કિનાર પર આવી ગયો હતો. એ કાર્ટરની આગલી તરફ જીપ પડી હતી. અશોકને ખ્યાલ તો આવ્યો હતો કે આ જીપ પોલીસની છે અને કોઈ પણ કારણસર તેને અકસ્માત નડ્યો છે. અલબત્ત તે મિનિટે તેને એ ખ્યાલ આવ્યો ન હતો કે એ અકસ્માત ચંદને ફેંકેલી ગ્રેનેડને કારણે નીપજ્યો હતો. અશોકે બ્રેક મારીને ઍમ્બેસેડરનાં વ્હીલ ચોંટાડી દીધાં હતાં. ગાડી ઊભી રહી છે તે જોઈને ઝાડીમાં દોડી ગયેલો કૉન્સ્ટેબલ બહાર આવ્યો હતો અને અશોકને માટે ફરી એક વાર શો નિર્ણય લેવો તેની સમસ્યા ઊભી થઈ હતી. તેના પગમાં કંઈક ધ્રુજારી થતી હતી. તેનું આખું મજ્જાતંત્ર હચમચી ઊઠ્યું હતું. તેણે થોડી ક્ષણો પહેલાં માન્યું હતું તેવું ન હતું. પોલીસે તેની ગાડી, તેને રોકવા માટે, તેને અટકાવીને મોટરની ઝડતી લેવા કે તેને પકડવા માટે ઊભી રાખી ન હતી, પણ તેને મદદ જોઈતી હતી. મદદ આપવી જોઈએ કે નહિ તેનોય વિચાર કરવાનો તેની પાસે સમય ન હતો. આવો અકસ્માત કેવી રીતે થયો તેની પૂછપરછ માટે સમય તેની પાસે ન હતો.

'ભાઈસા'બ....... ભાઈસા'બ....' કૉન્સ્ટેબલે બૂમ મારી.

અશોકે નિર્ણય લીધો અને ગાડી રિવર્સમાં લીધી. ટર્ન માર્યો. ગાડીને છેક રસ્તાની કિનારે લીધા વગર તેનાથી 'ટર્ન' લેવાય તેમ ન હતો. અને ટર્ન લીધા વગર તેનાથી જવાય તેમ ન હતું. જે રસ્તે તે આવ્યો તે જ રસ્તે પાછા જવા સિવાય તેનાથી કંઈ થઈ શકે તેમ ન હતું... રિવર્સમાં લેવામાં તે રોકાયો તેટલી વારમાં તો કૉન્સ્ટેબલ તેની પાસે દોડી આવ્યો હતો.

'રોકીએ... સાબ... એક મિનિટ....' કૉન્સ્ટેબલે ગાડીના પડખા નજીક આવીને બૂમ પાડી. અશોકનો પગ બ્રેક પર પડ્યો.

'શું છે....?'

'એક્સિડન્ટ.... ઢવન સાહેબને વાગ્યું છે. એક કૉન્સ્ટેબલને વાગ્યું છે. ડ્રાઈવર બેહોશ છે.'

'પણ તેમાં હું શું કરું ! મારે પણ ઈમર્જન્સી છે.' અશોક કંઈ થરટિ અવાજે બોલ્યો. તેણે રિવર્સ ગિયરમાંથી ગાડીને ફર્સ્ટમાં નાખવા પ્રયત્ન કર્યો, પણ ગિયર પડ્યો નહિ. કલચ દાબીને તેણે ગિયર બાર હલાવ્યો. એક્સીલરેટર આપ્યું. કલચ છોડ્યો. ગાડી ફર્સ્ટમાં પડી ન હતી. ગાડીએ ઝાટકો ખાધો અને ઊભી રહી. મશીન બંધ થયું. તેણે 'સેલ' આપ્યો. મશીનને ઇગ્નિશન મળ્યું. ગાડી ચાલુ થઈ.

'અરે થોભો તો ખરા !.....' કહીને કૉન્સ્ટેબલે ડૉર-હેન્ડલ પકડ્યું. અંગૂઠાથી નૉબ દબાવ્યો અને બારણું ખોલ્યું.

'મેં કહ્યું ને જમાદાર, મારે અર્જન્ટ કામ છે... મારાથી રોકાવાય તેમ નથી. હું ઍમ્બ્યુલન્સ માટે મૅસેજ આપી દઈશ.' કહીને અશોકે ગાડી વાળી. કૉન્સ્ટેબલના હાથ પર ઝાટકો વાગ્યો. તે થોડું દોડ્યો. બરાબર તે જ વખતે નૌલખા ભંડાર તરફથી સબ-ઈન્સ્પેક્ટર ભટની મોટરસાઇકલ પૂરઝડપે આવી રહી હતી. અશોકની હેડલાઈટ્સ અને મોટર સાઇકલની લાઇટ્સ વચ્ચે દૂરથી ટક્કર થઈ. અશોકે મોટર સાઇકલની સામે જ ગાડી હંકારી.

સબ-ઈન્સ્પેક્ટર સુરેશચંદ્ર ભટ, ભટવારા જ્યુરિસ્ડિક્શનનો અધિકારી હતો. તે જેટલો કાબેલ હતો તેના કરતાં તેનામાં ખુન્નસ વધારે હતું. તેનાથી કોઈનોય પડકાર ખમાતો નહિ. ઍમ્બેસેડર ગાડી ભયાનક સ્પીડમાં કીર્તિસ્તંભ પાસેથી ઊપડી હતી તે તેણે જોયું હતું. તેણે માઉન્ટેડ પોલીસના બન્ને જવાનોને પણ જોયા હતા. મોટર સાઇકલ તેમની પાસે જ ધીરી પાડીને તેણે ઘોડેસવાર પોલીસોને તેની પાછળ આવવાનો હુકમ આપ્યો હતો. એ બન્ને ડઘાઈ ગયા હતા. કારણ કેટલાય મહિનાઓથી ક્યારેય તેમની 'બીટ'માં કોઈ અણધાર્યું કામ કરવાનું આવ્યું ન હતું. ગઢના રાઉન્ડ લેવા અને ઘેર જવું... ચાલુ રાઉન્ડે થોડો આરામ પણ કરી લેવો... સબ-ઈન્સ્પેક્ટર ભટે તેમને હુકમ આપ્યો અને બન્ને ઝડપથી ઘોડા પર સવાર થયા હતા. ચંદી ખાઈ ખાઈને તગડા થયેલા ઘોડાઓને નાણી જોવાનો પ્રસંગ આજે આવ્યો હતો. મોટર સાઇકલની દૂર સરતી લાલ લાઇટની પાછળ તેમણે ઘોડા મારી મૂક્યા હતા.

**

ચિતોડી મગરી પાસે પણ આરામથી તડાકા ઠોકતા 'બીટ' પરના બીજા બે માઉન્ટેડ કૉન્સ્ટેબલોએ ધડાકા સાંભળ્યા હતા. નૌલખા ભંડારની દિશામાં એકાએક થયેલો ભડકો જોયો હતો. અને તેની થોડી જ મિનિટો બાદ તેમણે બીજો ધડાકો પણ સાંભળ્યો હતો. પ્રથમ ધડાકો થયો કે તરત જ તે ચોંક્યા હતા અને તેમણે ઘોડા પલાણ્યા હતા.....

**

અશોક શેખાવતની ગાડી અને સબ-ઈન્સ્પેક્ટરની મોટર સાઇકલ તદ્દન સામસામે આવી ગઈ હતી. સેકન્ડોનો જ મામલો હતો. સબ-ઈન્સ્પેક્ટરે મોટર સાઇકલ ધસી આવતી ઍમ્બેસેડરની સામે જ ખડી કરી દીધી. હાઈ-વે પર પેટ્રોલિંગ કરનારો એ પેચીદો આદમી હતો. રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને છેક બંગાળથી આવતી ટ્રકો અને તેના ખૂંખાર ડ્રાઈવરો સાથે તેણે પાનાં પાડેલાં હતાં. મોટર સાઇકલને સજડબંધ બ્રેક મારીને તેણે

ધરતી પર ચોંટાડી દીધી હતી અને આંખને પલકારે તે ઊતર્યો હતો. એક હાથે મોટર સાઇકલ પકડીને, એન્જિન ચાલુ રાખીને તે ઊભો રહી ગયો હતો. અશોક શેખાવતે ઍમ્બેસેડર તેના પર ફેંકી હતી પણ છેલ્લી સેકન્ડે તેની હામ તૂટી ગઈ હતી. તેનો પગ આપોઆપ બ્રેકના પેડલ પર દબાઈ ગયો હતો. ધૂળના ગોટ ઉડાડતી ઍમ્બેસેડર સાતઆઠ ફૂટ ખેંચાઈ હતી. તેણે બ્રેક મારી તે પહેલાં જ ટાઈમિંગ સાચવીને ઊભેલા સબ-ઈન્સ્પેક્ટર ભટે મોટર સાઇકલ છોડી દીધી હતી અને બાજુમાં રસ્તાની કોર તરફ ઉછળીને પડ્યો હતો. બીજી જ સેકન્ડે તેણે પિસ્તોલ કાઢી હતી... અશોકની ઍમ્બેસેડર આડી પડેલી મોટર સાઇકલથી આઠ-દસ ફૂટ દૂર ઊભી રહી ગઈ હતી. તેણે ગાડી ફર્સ્ટ ગિયરમાં નાખી આંચકો મારીને ઉપાડવાનો પ્રયત્ન કર્યો ત્યાં જ સબ-ઈન્સ્પેક્ટરે પિસ્તોલમાંથી ફાયર કર્યો હતો. ગોળી આગલા વ્હીલના મડગાર્ડ પર વાગી હતી. અશોક હવે ડરી ગયો હતો. તેણે પોલીસ કોલ્ટનો બોદો ધડાકો સાંભળ્યો અને તેને ખ્યાલ આવ્યો કે બાજુમાં ઊભેલો સબ-ઈન્સ્પેક્ટર ગોળીબાર કરી રહ્યો છે. પણ એ વિચારે તે પહેલાં જ ઉપરાપઉરી બીજી બે ગોળી સબ-ઈન્સ્પેક્ટરે છોડી હતી. તે થોડો પાછો હઠ્યો હતો. તેની નીચે પડેલી મોટર સાઇકલનું લાઇટ બંધ પડી ગયું પરંતુ અશોકની હેડલાઇટના અજવાળે તે ઝડપથી હટ્યો હતો. પહેલી ગોળી તેણે મારી અને તે પાછો ખસ્યો હતો. બીજી બે ગોળીઓ તેણે છોડી ત્યારે તે ઍમ્બેસેડરની લગભગ પાછળ અથવા તો સાઇડમાં આવી ગયો હતો. આઠ-દસ ફૂટથી તેને માટે અશોકના માથા પર નિશાન લેવાનું અશક્ય ન હતું પણ તેણે બન્ને ગોળી પાછળના ટાયર પર ઝીંકી હતી. બન્ને ગોળીઓ ચિચૂડા બોલાવતી પાછલા મડગાર્ડ પર વાગી હતી. તેમાંની એક 'રિકોચેટ' (ફંટાઈ) થઈ હતી. તે સાથે મડગાર્ડમાં ખૂંતી હતી. તે સાથે તેણે બૂમ પાડી હતી 'સ્ટૉપ.... મૅન......'

પણ અશોક ગાડી થોભાવવાના મૂડમાં ન હતો. તેને જો પહેલેથી જ ખ્યાલ આવ્યો હોત કે મોટર સાઇકલ છોડીને સબ-ઈન્સ્પેક્ટર હઠી જશે તો તેણે ગાડીની રફતાર સહેજ પણ ઓછી કરી ન હોત... અશોકે સ્ટિયરિંગ ફેરવ્યું અને એક્સીલરેટર આપ્યું. વચમાં પડેલી મોટર સાઇકલની બાજુમાંથી ગાડીને હંકારવા તેણે ગાડીને ડાબી તરફ લીધી.... એ તેની ભૂલ હતી... જેવી ગાડી ડાબી તરફ ફંટાઈ કે તરત જ ગાડીનું ટાયર, સબ-ઈન્સ્પેક્ટર ભટના ફાયરની લાઈનમાં આવ્યું...' સ્ટૉપ ઇટ...' ભટે બૂમ પાડીને પિસ્તોલને બંને હાથથી 'એલાઇન' કરીને ઉપરાઉપરી બે ફાયર કર્યા. એ ગોળી ટાયરના રીમ પર વાગી અને ટાયરનું છોતું ઊખડ્યું.... અશોકની ગાડી ઘૂંધવાયેલા આખલાની જેમ ઊપડી હતી અને દસપંદર કે વીસ ફૂટ આગળ ગઈ અને વ્હીલમાં ધડાકો થયો હતો. પાછલા વ્હીલના ટાયરમાંથી ઊખડેલા છોડા આગળથી ટાયરની હવાનું એકાએક પ્રેશર આવ્યું હતું. ગોળીના 'ઇમ્પેક્ટ' સાથે ટાયરના રબ્બરમાં તણખો પેદા થયો હતો. બળતા રબરની

વાસ ફેલાઈ, ગનપાઉડરની વાસ ફેલાઈ અને ઍમ્બેસેડર ઘસડાઈ... અશોકે ગાડીના એક્સીલરેટર પર પગ દાબ્યો. ઘોડી લઈને દોડતા આદમીની પેઠે ઍમ્બેસેડર ચાલી. તૂટેલું ટાયર ડ્રમમાં લપટાયું પણ ડ્રમ ફરતું રહ્યું. ઝોક ખાઈ ગયેલી ગાડી રસ્તા પર દોડી.....

સબ-ઇન્સ્પેક્ટરે આ વખતે પાછલા વિન્ડસ્ક્રીન પર ગોળી મારી હતી. ઍમ્બેસેડરનો કાચ તૂટ્યો પણ ગાડી દૂર નીકળી... સબ-ઇન્સ્પેક્ટર હવે નાઇલાજ હતા. પિસ્તોલ ભર્યા વગર તેનો છૂટકો ન હતો. મોટર સાઇકલ ઊભી કરવાનો પણ સમય ન હતો. અલબત્ત તેને એક વાતની ખાતરી હતી કે ઍમ્બેસેડર ઝાઝું અંતર કાપી શકવાની નથી. જે પળે ડ્રમની રીમ રસ્તા પર બેસશે તે મિનિટે તે ફરી નહિ શકે... તે દોડ્યો... દોડતાં દોડતાં જ તેણે બૂમો પાડી હતી પણ ઍમ્બેસેડર ખાસ્સી દૂર નીકળી ગઈ હતી. આ દરમ્યાનમાં ઢવનની જીપ પાસેથી પેલો પોલીસ જવાન દોડી આવ્યો હતો. તેણે પણ આ દશ્ય દૂરથી જોયું હતું પણ રસ્તા પરની વીજળીની બત્તીઓના ઝાંખા અજવાળે તેને સમજાયું ન હતું કે શું થયું. તેણે ફાયરિંગનો અવાજ સાંભળ્યો અને તે દોડ્યો હતો. તેણે સબ-ઇન્સ્પેક્ટરને ગાડી પાછળ દોડતા જોયા હતા.

નૌલખા ભંડાર પાસેથી ભયાનક ઝડપે બન્ને ઘોડેસવાર કૉન્સ્ટેબલ આવ્યા હતા. ઍમ્બેસેડર હજુ પણ ત્રણ વ્હીલ પર આગળ ધપી રહી હતી. ચિરાયેલા ટાયર પર ડ્રમ ફરતું હતું. મોટરનું અજવાળું તેમના પર પડ્યું અને અશોક માટે ફરી એક કટોકટી આવી. તેણે એક્સીલરેટર પર વધુ દબાણ આપ્યું. આથી આગળ તે કશું કરી શકે તેમ ન હતો. રોટરમાં જેટલો હૉર્સ પાવર ઠલવાતો હતો તેના કરતાં વધુ પેટ્રોલ કાબુરિટરમાં આવતું હતું. સિલિન્ડર બ્લૉક ખખડી ઊઠ્યો હતો. એકલા રીમ પર ચાલતી ગાડીને ખેંચવામાં, સ્પીડ આપવામાં પિસ્ટન નૉક કરતા હતા...

ગાડીને સામેથી આવતી જોઈને ઘોડેસવાર કૉન્સ્ટેબલ બાજુ પર હઠ્યા હતા.... અને ઘોડાઓને હંકાર્યા હતા. એ ઘોડા દોડતા સબ-ઇન્સ્પેક્ટરને સામે મળ્યા હતા. 'સબૂર... બેવકૂફ' ભટે બૂમ પાડી. લગામ ખેંચીને બન્ને અસવારોએ ઘોડા ઊભા રાખ્યા. 'અરે રોકો એ ગાડી કો... ડ્રાઈવર કો... ભાગો... જલદી...' સબ-ઇન્સ્પેક્ટરે હુકમ કર્યો. તેમાંથી એક ઘોડેસવાર જરાક પહેલો સમજ્યો. તેણે ઘોડો વાળ્યો અને ગાડીની પાછળ દોડાવ્યો. બીજી પંદરવીસ સેન્કડમાં બીજાએ પણ તેમ જ કર્યું. 'ડ્રાઈવર... ડ્રાઈવર... હરી અપ....' સબ-ઇન્સ્પેક્ટર બૂમો પાડતો રહ્યો. ઘોડા પૂરઝડપે દોડ્યા....

ચિતોડ મગરી આગળ ઊભેલા બે અસવારો પણ આ જ તરફ આવી રહ્યા હતા. નૌલખા ભંડારથી થોડી આ તરફ ઍમ્બેસેડર આખરે અટકી. રસ્તા પર ડ્રમનું રીમ ખૂલ્યું અને ગાડી ઝૂકી ગઈ. અશોકે સેકન્ડમાં નાખી... ફર્સ્ટમાં નાખી... ગાડી ખેંચાઈ પણ

તેમાંથી દમ નીકળી ગયો હતો.. કાબુરિટર પેટ્રોલથી ઊભરી ગયું હતું. બન્ને ઘોડેસવારોએ તેને આંબી લીધો હતો. અશોકે બારણું ખોલ્યું અને એ બહાર દોડ્યો. નૌલખા ભંડારને આંબીને જો કુંભાના મહેલ તરફ દોડ્યો હોત તો કદાચ તે ખંડેરોમાં ગાયબ થઈ શક્યો હોત. પણ તેને બદલે તે શૃંગારચોરી તરફ દોડ્યો. તેની જમણી તરફ બનવીરની દીવાલ આવી ગઈ હતી. તે શૃંગારચોરી સુધી પહોંચીને જમણી તરફના ચોગાનમાં ઊતરી જવા માગતો હતો. પણ તેની સ્થૂળ કાયામાં તેટલી સ્ફૂર્તિ ન હતી. ચિતોડગઢના ઘોડેસવાર કૉન્સ્ટેબલોને પ્રથમ વખત આજે કંઈક કરી બતાવવાની તક મળી હતી. અશોકની પાછળ પ્રથમ આવતા ઘોડેસવારે ડાબી તરફથી તેને આંતર્યો હતો. તેને બનવીરની દીવાલની તરફ દોડ્યા વગર છૂટકો ન હતો. તોતિંગ દીવાલની આડશે તે આવીને પાછો વળ્યો હતો. તે દોડીને નૌલખા ભંડારનાં પગથિયાં ચડવા માગતો હતો... પણ તે પગથિયાંની નજીક પહોંચે તે પહેલાં તેને બીજા ઘોડેસવારે આંબી લીધો. છલંગ લગાવીને એ પોલીસ કૉન્સ્ટેબલ ઘોડા પરથી નીચે ઊતર્યો હતો. એ ઉતાવળમાં તેની રાઈફલ તેના ઢીંચણ સાથે અથડાઈ હતી. સ્ટ્રેપમાં ભરાવેલી રાઈફલ ખભા આગળથી નીચે લસરી હતી. કૉન્સ્ટેબલ ઊભો થાય તે પહેલાં અશોક શેખાવત ભંડારની ખડખડપાંચમ ઈંટોની દીવાલમાં કોરેલાં પગથિયાં ચડ્યો હતો. બીજો ઘોડેસવાર ઘોડો વાળીને આવે તે પહેલાં જ ભંડારના બુરજ તરફ અશોક ચડ્યો પણ ૧૬મી સદીનાં એ ખંડેરોમાં લટકતી ઈંટોનાં અસ્તવ્યસ્ત થયેલાં પગથિયાંમાં તેનો પગ અટવાયો અને તે ગડથોલિયું ખાઈ ગયો.... અને અઢાર-વીસ ફૂટથી નીચે પટકાયો... તેનાથી ઊભા થઈ શકાય તેમ ન રહ્યું. બે જગ્યાએ અથડાઈને તે પડ્યો હતો. તેના પગમાં સખ્ત મોચ આવી હતી. એક હાથ કાંડા પાસેથી ઊતરી ગયો હતો. ઘોડેસવાર કૉન્સ્ટેબલો તેમની રાઈફલ લઈને ખડા થઈ ગયા હતા.... સબ-ઇન્સ્પેક્ટર ભટ દોડતા આવી રહ્યા હતા... બૅન્ક ઑફ મેવાડ કેસની એ બીજી ધરપકડ હતી.

**

જોરલા દરવાજા પાસે ચિતોડગઢના ઢોળાવ પર ઢગલો થઈને પડેલી પોલીસવાન અને બિસ્માર થઈ ગયેલી ફિયાટમાં ઘાયલ થયેલા કૉન્સ્ટેબલ્સ કે ગોવિંદ ત્યાંથી હટી પણ શકે તેમ ન હતા. આલાત સાહેબે બને તેટલી ઝડપે કામ 'ઑર્ગેનાઈઝ' કર્યું હતું. ચિતોડ પોલીસ ચોકી પરથી ટેલિફોન છૂટ્યા હતા અને સિટીમાંથી 'રીઈન્ફોર્સમેન્ટ' માટે પોલીસ જવાનો આવી પહોંચ્યા હતા. ચિતોડ સિટીની ગવર્નમેન્ટ હૉસ્પિટલમાંથી બન્ને ઍમ્બ્યુલન્સ અને શબવાહિનીઓ નીકળીને પાડા પોલ પાસે ખડી થઈ ગઈ હતી. પોલીસે જ્યાં સુધી સશસ્ત્ર મોરચાબંધી ન કરી ત્યાં સુધી અકસ્માતમાં સપડાયેલાને કોઈ મદદ અપાઈ ન હતી.

**

અંધારપિછોડી હેઠળ બીરેન અને તેનો ડ્રાઈવર ઝાડના ઢોળાવ પર પથ્થરોને વળગીને પાડા પોલની ઉત્તરેથી નીચે ચાલ્યા ગયા હતા... તે નીચે પહોંચ્યા અને સિટીના રસ્તા પર આવ્યા ત્યાં સુધી પોલીસ કે ઍમ્બ્યુલન્સ આવી ન હતી... મૃત્યુ અને પોલીસ ઘેરાથી એ ગણતરીની મિનિટો છેટા રહ્યા હતા... ગ્રેનેડની બીકે નાગર અને આલાતે સલામત રીતે ખેલવાનું રાખ્યું હતું. જો નાગર ધસી ગયા હોત તો બીરેન ઝડપાયો હોત... બીરેન ક્યારેય ઝડપાયો નહિ....

ચંદન નામેચા ઈન્સ્પેક્ટર ઢવનની તૂટી પડેલી જીપથી થોડે દૂર ઝાડીમાં ઊતર્યો હતો. ગગનને ચૂમતા કોટની સીધી દીવાલના એક તૂટેલા કાંગરા વચ્ચે તે જીવ પર આવેલી બિલાડીની જેમ ભરાયો હતો. તેને માટે બીજો કોઈ રસ્તો ન હતો. કાં તો રસ્તા પર જવું અથવા તો કોટના કાંગરાથી નીચે ઊતરવું... અથવા સવાર થવાની રાહ જોવી....

ચિતોડગઢની નાનકડી વસ્તીમાં વાયુવેગે સમાચાર પ્રસર્યા હતા, પણ શું થયું તે કોઈને સમજાતું ન હતું. રિઝર્વ પોલીસની બે કંપનીઓ લશ્કરી ઝડપે આવી પહોંચી હતી. રૂરલ પોલીસના મૂઠીભર જવાનોની કંપની અને ચિતોડ સિટીની નાનકડી ડૉગસ્કવૉડ પણ બોલાવી મંગાવવામાં આવી હતી. ચિતોડગઢનો પુરાતન રસ્તો સદીઓ પછી લશ્કરી મોરચામાં ફેરવાયો હતો. પોલીસ વાનમાંથી ગુજરી ગયેલાઓને કાઢીને શબવાહિનીમાં નાખવામાં આવ્યા હતા અને ઘવાયેલાઓને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

**

ગોવિંદે આંખ ઉઘાડી... આંજી નાખે તેવું અજવાળું તેની આંખો પર પડતું હતું.... કોઈક તેને પ્રશ્નો પૂછતું હતું... પ્રશ્નો.... પ્રશ્નો..... પ્રશ્નો.... તે સાંભળવા મથી રહ્યો હતો. બૅન્ક ઑફ મેવાડની ફરસ પરથી કોઈ ચીસો પાડતું હતું... ચીસો મોટર.... અકસ્માત... ગ્રેનેડ્ઝ....

**

'ગોવિંદ... બેટા... ગોવિંદ....'

'ગોવિંદભાઈ... ગોવિંદભાઈ....'

તેને અવાજો સંભળાતા હતા. બૅન્ક ઑફ મેવાડની ફરસ પરથી ઊઠતી ચીસો... પિસ્તોલના ધડાકા.... લોહીથી ખરડાયેલું કેશ-કાઉન્ટર... ઍરકન્ડિશનિંગ મશીનની ગ્રીલ પર ચોંટેલી માનવીની લોહિયાળ આંગળીઓ... રાજમાર્ગ પર થતી દોડાદોડ... એ બધાંય દશ્યોને વીંધીને તેને બે અવાજો સ્પષ્ટ સંભળાતા હતા.... ગોવિંદ.... મારા

બેટા... ગોવિંદભાઈ.... કોના અવાજો હતા ? કેવું મીઠું સ્પંદન એ અવાજોથી પેદા થતું ! ક્યાંથી આવતા હતા એ અવાજો ? તેને આંખો ઉઘાડીને એ અવાજો શોધવા હતા, પણ તેની આંખો ઊઘડતી ન હતી. પોપચાં જાણે કોઈએ સીવી નાખ્યાં હતાં. તેની બિડાયેલી આંખો અને પોપચાંની વચ્ચે લાલ રંગનાં ધાબાં તરતાં હતાં. એ ધાબામાંથી આકારો રચાતા હતા... લાલ આકારો... ઘડીકમાં એ ધાબા જેવી લાલ જવનિકા વીખરાતી તો ઘડીમાં ભેગી થતી. એકાએક તેમાંથી ગુલાબનો આકાર બનતો. પંડિત નેહરુની શેરવાનીમાં રહેતા ગુલબટન જેવું સુંદર ગુલાબ... તો ક્યારેક હિંગળોક જેવો લાલ ધ્વજ પેદા થતો... એકાએક એ ધ્વજ અધ્ધર ઊડતો... તેમાંથી ભયાનક વિસ્ફોટ થતો, લાલચોળ વાદળ આકાશમાં છવાઈ જતું. ભડકા જેવી જાંબલી વીજળી થતી અને લાલઘૂમ વરસાદ શરૂ થતો... જમીન લાલ થતી. લીલી હરિયાળી પર લોહીનાં ફોરાં પડતાં... 'ગોવિંદ બેટા, તું ઘેર આવે છે કે નહિ... વરસાદમાં ભીંજાઈને તારે મરવું છે ?' કોઈનો અવાજ આવતો.....

એ જ અવાજ... એ જ. વર્ષોથી તે અવાજ સાંભળતો હતો. તેને એકાએક યાદ આવ્યું... આકાશમાં ઘુઘવાટ થતો.... વીજળી ઝપકતી અને વરસાદ પડતો. ઝૂકેલા છાપરાની કોર પરની પરનાળમાંથી પાણી નીતરતું... એ પરનાળનાં પાણીમાંથી નાનકડી નદી બનતી.. એ તેની શેરીમાં વહેતી અને ઝબછબ ઝબછબ તે એ પાણીમાં દોડતો. દોડવાની ગમ્મત પૂરી થતી એટલે એ ઘરમાં જતો... મા પાસે આડાઈ કરીને કાગળની હોડી બનાવરાવતો... પરનાળમાંથી ફૂટેલી નદીના પાણીમાં એ હોડી મૂક્તો.... હોડી સરીને મહોલ્લામાંથી શેરીમાં જતી.... શેરીમાંથી રાજમાર્ગ પર જતી....

આજે પણ તેને એ પરનાળ દેખાતી હતી, પણ તેમાંથી લાલ હિંગળોક વહેતું હતું. શેરીની બહાર એ નાનકડી નદી એકાએક ગંગા કે સિંધુ જેવી વિશાળ બની જતી દેખાતી.... લાલ હિંગળોકના રગડા જેવા લાલ પ્રવાહીની નદી તેનાં ભીંસાયેલાં પોપચાંની ભીતરમાં દેખાતી હતી, જેમાં અગણિત લોકોનાં માથાં દેખાતાં હતાં. તરવા મથતા, કિનારે આવવા મથતા, ડૂબકાં ખાતા લોકોનાં માથાં.... એ નદીમાં કાગળની હોડીઓની માફક સફેદ ધોળી ટોપીઓ તરતી હતી.. સ્ટાર્ચ કરેલી સુંદર ટોપીઓ... મદમાતી મસ્ત સફેદ હોડીઓની જેમ... વર્ષોથી એ તરતી હતી. ગાંધીના નામનાં હલેસાં હોય પછી ડૂબે ક્યાંથી ?

'એ બધું મેં કર્યું છે.' તેના હોઠ પર શબ્દો રમતા હતા. હોઠ બોલતા હતા તે કાન સાંભળી શક્તા ન હતા. વિજ્ઞાન તો કહે છે કે આપણે કાનથી સાંભળીએ છીએ, સ્વરપેટી અવાજ કાઢી આપે છે. પણ એ કશાય અવયવની અત્યારે તેને જરૂર દેખાતી ન હતી.

તેના રોમેરોમમાં અત્યારે છયે ઈંદ્રિયના પ્રતિવ્યાપારો મોજૂદ હતા. 'યસ આઈ ડિડ ઇટ.... ઍન્ડ ઑલમોસ્ટ સક્સીડેડ.... ભવિષ્ય અમારું છે, તમને ખબર છે સાહેબો, દુનિયા શેના પર ટકી રહી છે ? નથી ખબર ને ? હું સમજાવું. શું કહ્યું ? દુનિયા સાચ પર ટકી રહી છે ? ધર્મ પર ? તો પછી ? માનવતા પર ? નહિ નહિ યુ આર ઑલ રૉન્ગ... દુનિયા મૈત્રી પર ટકી રહી છે. મારા દોસ્તો પર ટકી રહી છે... નહિ... નહિ... સાચો પ્રેમ મિત્રો વચ્ચે જ હોય છે... સાહેબો... ઑફ કોર્સ..... સાચા મિત્રો હોવા એ ભાગ્યની વાત છે... ઍબ્સોલ્યૂટલી નસીબની વાત. એવો નસીબદાર હું છું... હું છું... મિત્રોએ મારે માટે જાનની બાજી ખેલી છે... નથી ખબર તમને... બૅન્ક ઑફ મેવાડનું નામ સાંભળ્યું છે...' ગોવિંદના હોઠ... તેના હૃદય, તેની સ્વરપેટીમાં અટ્ટહાસ્ય ઊભરાઈ આવ્યું. તેના કાનની ચારે તરફ હાસ્યના પડઘા ઊમટ્યા...

'જિંદગીની તાસીર બદલવાની છે. સમાજની કરવટ બદલવાની છે. સડી ગયેલા ગંધાતા ચીંથરેહાલ સમાજને ભોંયમાં દાટી દેવાનો છે સાહેબો.... એ નહિ થાય... ખાખી ડગલા અને ખાદી... રેંટિયો અને આંટી.... અપવાસ અને સત્યાગ્રહ... અપરિગ્રહ અને રાજકારણ.... નહિ સાહેબો.... એ તમે નહિ કરી શકો. કારણ ગાંધી નામની નિસરણીથી ટોચે ચડવાની અને એક વાર ટોચ પર પહોંચ્યા પછી ત્યાં જ ચીટકી રહેવાની તમને આદત પડી ગઈ છે. યૂ વોન્ટ ગેટ ડાઉન.... યૂ વોન્ટ.... બિચારો ડોસો ! કેટલા જણનો ભાર પોતાને ખભે વેંઢારે છે... મારી પાસે એક લિસ્ટ છે. બહુ જ નાનું લિસ્ટ. નહિ નહિ, આમ તો લાંબું છે પણ દેશની વસ્તીના પ્રમાણમાં તદ્દન નહિવત્.... ફક્ત બાર હજાર આદમીઓનું. સિક્રેટ છે... પણ તમને કહી દઉં છું. કારણ આજ હું મૂડમાં છું... સી... ઈફ યૂ કેન કિલ ધેમ. નહિ નહિ એક પછી એક નહિ, એક જ દિવસે... એક જ વખતે... તો બધું જ પતી જશે. યસ... બધું જ પતી જશે... ઈજારાશાહી ચાલી જશે... લાઇસન્સો ચાલ્યાં જશે... નહિ નહિ ભૂલો છો ભૂલો છો... એમાં તો પૂરો સમાજવાદ છે. સત્તા પર હું આવું કે મારા દુશ્મન એ તો જુગારીનો ઉસૂલ છે. ખુરસીની ખેંચાખેંચ કરવાની... તક મળ્યે પગ હેઠળથી શેતરંજી ખેંચી લેવાની... પણ ખાવાનું એક જ થાળીમાંથી... થાળી નહિ ઝૂંટવી લેવાની... એ થાળી ઝૂંટવવાની નહિ... થાળી તો સાધન છે. રમતનું સાધન. ન સમજ્યા ? ખરેખર તમે વધારે પડતા ભોળા લાગો છો. કરપ્શન... હાસ્તો એ જ થાળી... એ જ. સત્તા પર આવીને વિરોધીઓ વિશે તપાસપંચ... બસ કામ પત્યું તમે હારો એટલે તમારા માટે તપાસપંચ... તમે પત્તાં નથી રમ્યા ? જુગારમાં રૂપિયાની હાર-જીત થાય છે. પત્તાંની જોડ કોઈ ઝૂંટવી જતા નથી. પત્તાંની જોડની હારજીત ના હોય સાહેબો... રુશવત તો ઉસૂલ છે... પત્તાની જોડ છે.'

'આંખ નહિ ખોલે બેટા...' તેની માનો અવાજ હતો.

'ગોવિંદભાઈ... ગોવિંદભાઈ...' સુનીતા, તેની બહેન... તેણે ફરી અવાજ સાંભળ્યો.. તેણે આંખો ખોલી. પેલી સૃષ્ટિ.... ભયાનક સૃષ્ટિ વીખરાઈ ગઈ હતી. લાલ પડદો હઠી ગયો હતો. તેના માથા પર બે ચહેરા ઝળૂંબતા હતા. બે સુંદર ચહેરા. ગોવિંદે આંખ ઉઘાડી... સ્થિર કરી.... તેના ચહેરા પર સ્મિત આવ્યું. એ આંખ મીંચવા માગતો ન હતો. તેને ભય હતો કે જો તે આંખ મીંચી લેશે તો એ અનુપમ ચહેરા ખોવાઈ જશે... અને વળી પાછી લાલ હિંગળોકની સૃષ્ટિ ખડી થશે. નહિ... હું આંખ નહિ મીંચું.... ગોવિંદે સ્મિત વેર્યું... તેના માથા પર અપાર ઠંડક લાગતી હતી, ગોવિંદની આંખો એ ચહેરાને તાકી રહી હતી. અનંતકાળ સુધી એ દર્શન, એ દૃશ્ય, એ બે ચહેરાનું દૃશ્ય તેને સ્થિર રાખવું હતું... એ ચહેરાની આસપાસ એક અપૂર્વ ઓજસ હતું... વાત્સલ્યનું ઓજસ, નિઃસ્વાર્થ નીતર્યા પ્રેમનું ઓજસ.... સાક્ષાત્કારનો એ આહ્લાદ હતો.... બ્રહ્મનો એ અનુભવ હતો... ગોવિંદે સ્મિત વેર્યું... તેની આંખો મીંચાતી ન હતી... ક્યારેય મીંચાવાની ન હતી....

**

'નો વે આઉટ... નો વે આઉટ...' ચંદન જીવ પર આવી ગયો હતો. તેણે હિમ્મત એકઠી કરી. કોટની ખતરનાક રાંગે રાંગે ચાલ્યા જવાની હિમ્મત. એક વખત ચિતોડી બુરજ પાસે પહોંચી શકે તો બસ.... તે હરણો માટેની સૅંક્ચ્યુઅરીમાં ચાલ્યો જાય... ધૅટ્સ ધ ઓન્લી વે... ત્યાં... ત્યાંથી જ એ નીચે ચાલ્યો જઈ શકશે....

**

સવારના ચાર વાગી ગયા હતા. રિઝર્વ પોલીસની ચાર કંપનીઓ કોમ્બિંગ ઑપરેશનમાં ઉતારવામાં આવી હતી પણ ચંદન ઝડપાયો ન હતો. સબ-ઇન્સ્પેક્ટર ઢવન, તેમનો ડ્રાઇવર અને એક પોલીસ કૉન્સ્ટેબલ ચિતોડ દુર્ગના રસ્તા પરથી અને પોલીસવાનમાં ઈજા પામેલા કૉન્સ્ટેબલ્સને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અશોક શેખાવતને ઑર્થોપીડિક વિભાગમાં પહેરા હેઠળ રાખવામાં આવ્યો હતો.

**

ગોવિંદ આખી રાત જિંદગી અને મૃત્યુ વચ્ચે ઝોલાં ખાતો રહ્યો. તેની લગભગ અંતિમ ઘડી સુધી સુપ્રિ. આલાત સાહેબે તેની પૂછપરછ જારી રાખી હતી. આલાતને ઘેરથી દોડાદોડ ટેપ-રેકર્ડર મંગાવવામાં આવ્યું હતું કારણ ગોવિંદ બોલતો રહ્યો હતો.... બબડતો રહ્યો હતો. સવારે ચાર વાગ્યે તેની મા અને બહેનને ખબર આપવામાં આવી હતી. ગોવિંદની મા દિગ્મૂઢ થઈ ગઈ હતી. તેનાથી રડી પણ શકાયું ન હતું. તેની મા અને બહેન હૉસ્પિટલમાં આવ્યાં ત્યારે ગોવિંદ હોશ ગુમાવી બેઠો હતો. તેનાથી આંખો મંડાતી

ન હતી. તે અથાગ પરિશ્રમ કરતો રહ્યો. તેની મા અને બહેન તેને બોલાવતાં રહ્યાં. સવારના ૪-૪૦ વાગ્યે ડૉક્ટરે ઘડિયાળ જોઈ. ઘડિયાળ ટકટક સાથે નાડી મેળવી.... ૪-૪૧ મિનિટે કેવળ ડૉક્ટરની કાંડા-ઘડિયાળ ચાલુ હતી... ગોવિંદની ઘડિયાળ કાયમ માટે બંધ થઈ ગઈ હતી.

**

ઇન્સ્પેક્ટર નાગર વાયરલેસ પર ઝળૂંબતા રહ્યા હતા. આઈ.જી.પી. મોરારકાએ રાત્રે અઢી વાગ્યે સમાચાર આપ્યા હતા કે જિગર પરોતની ધરપકડ હાંડા સાહેબ કરી આવ્યા હતા.... સવારના બરાબર ચાર વાગ્યે પોલીસ ડૉગની સ્કવૉડ ઉદેપુરથી આવી પહોંચી હતી. ચિતોડ સિટીમાં રહેતા લોક્લ રિપોર્ટરોએ દોડાદોડ કરી મૂકી હતી. આલાત સાહેબે સ્ટેટમેન્ટ તૈયાર જ રાખ્યું હતું. ચિતોડગઢ પર હલ્લો કરવાની કોશિશ લૂંટારાઓએ કરી હતી અને તેમાં ગોવિંદ ભંડારી નામનો છોકરો ઘવાયો હતો.

**

સવારે ચાર વાગ્યે પોલીસ સ્કવૉડની સાથે ઇન્સ્પેક્ટર નાગર ચિતોડગઢ પર ગયા હતા. તેમના મત પ્રમાણે લૂંટ કેસમાં સીધા કે આડકતરી રીતે સંડોવાયેલા બીજા ત્રણથી ચાર જણ છટકી ગયા હતા. કૂતરાઓ માટે કામ ખૂબ જ કઠણ હતું. વળી અજવાળું પણ થયું ન હતું, એટલે જ્યાં ગ્રેનેડ ફેંકવામાં આવી હતી તે જગ્યાએ ખાસ સર્ચલાઇટોની વ્યવસ્થા કરવામાં આવી હતી. પાડા પોલથી ચિતોડગઢ પર જવાનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. પરિણામે ગઢ ઉપર જનારો કે નીચે ઊતરનારો કોઈ એ રસ્તે જઈ ન શકે.

ઇન્સ્પેક્ટર ઢવનની ગાડી પર જ્યાંથી ગ્રેનેડ ફેંકવામાં આવી હતી ત્યાંની આજુબાજુની જગ્યા પર એક એક ફૂટ ધરતી તલાશવામાં આવી હતી. વારંવાર ઇન્સ્પેક્ટર નાગર ગ્રેનેડ ક્યાંથી ફેંકી શકાઈ હોય, આટલી નજીકથી ગ્રેનેડનો ઘા કરનાર, તે પોતે હોય તો તેમણે શું કર્યું હોય ? પચ્ચીસ વખત તેમણે જુદી જુદી જગ્યાએથી પથ્થરો ઉલાળીને 'ક્રાઇમ રિકન્સ્ટ્રક્ટ' કરવા પ્રયત્ન કર્યો હતો. ડૉગ સ્કવૉડના કૂતરાઓ આવી પહોંચ્યા હતા પણ તેમને 'સ્મેલ' કેવી રીતે આપવી તેની સમજ પડતી ન હતી. રાતના પાછલા પહોરે અજાણ્યા કૂતરાઓને ગઢ પર લાવવામાં આવ્યા હતા. તેને કારણે ગઢ પર રખડતા કૂતરાઓએ વિરોધનો નારો શરૂ કર્યો હતો.

ગઢ પરથી નીચે જવાની સડક કેવળ એક જ હતી. રાજા ભોજ અને મુંજના સમય પહેલાં પણ ચિતોડનું અસ્તિત્વ હતું. નવમી અને દસમી સદીમાં પરિહાર રાજાઓનું રાજ્ય આ ગઢ પર તપતું હતું. સદીઓથી ઉત્તુંગ અને અજેય જેવા આ ગઢમાંથી બહાર જવાના

રસ્તાઓ બીજે ક્યાંય ન હતા. તેમ છતાં ચિતોડી બુરજ પાસે આવેલા હરણોના અભયારણ્યમાંથી નીચે જઈ શકાય તેમ હતું. તેવો જ બીજો એક દુર્ગમ રસ્તો ગઢની મધ્યપૂર્વ દીવાલ પાસેના સૂરજ પોલ આગળ હતો. રતનસિંહ આલાતને તો ગઢની જ નહિ આખા જિલ્લાની ભૂગોળ હથેળીની રેખાઓ જેટલી સ્પષ્ટ હતી.

આલાત અને નાગરે ગોવિંદની પાસેથી છેલ્લું ડેક્લેરેશન મેળવવાનો અથાગ પ્રયાસ કર્યો હતો. ડૉક્ટરે સંપૂર્ણ મનાઈ ન કરી ત્યાં સુધી તેમણે ગોવિંદને પ્રશ્નો પૂછ્યા હતા. તેના શબ્દો રેકર્ડ કરાયા હતા અને થાકીને ગઢ પરની તલાશમાં તે સામેલ થયા હતા. અશોક શેખાવતની પૂછપરછ બાકી રખાઈ હતી. ઇન્સ્પેક્ટર નાગર છટકી ગયેલા ચંદન નામેચાને જેર કરવા માગતા હતા. આઠ માઇલના ઘેરાવાવાળા કિલ્લા પર તદ્દન મિલિટરી પ્રિસિશનથી પેટ્રોલિંગ ગોઠવાયું હતું. ડૉગ સ્કવૉડની માફક માઉન્ટેડ પોલીસના જવાનોને આજુબાજુનાં બધાં જ ગામડાંઓની 'બીટ' પરથી અહીં લાવવામાં આવી રહ્યા હતા. ચિતોડે કદી જોઈ ન હોય તેવી 'મૅન-હન્ટ' શરૂ થઈ હતી.

**

ચંદન ઝાડીઓમાં ઘૂસી ઘૂસીને થાકી ગયો હતો. બોરડી, ગોખરુ, આવળ અને ભોંયરીંગણીનાં જાળાંથી એ તંગ આવી ગયો હતો. આખા શરીર પર તેને ઉઝરડા થયા હતા. તેના બરડામાંથી લોહી નીકળતું બંધ તો થયું હતું. પણ જેવું કોઈ ઝાડનું ડાળું ઘસાતું કે તે નીચો વળીને, હાથ પહોળા કે સાંકડા કરતો કે તરત લોહી નીકળવા માંડતું. ત્રણ કલાકની જહેમત અને પારાવાર ભય પછી તે અભયારણ્ય અને મહોર મગરી (ટેકરી) પાસે પહોંચ્યો હતો. ચિતોડ જીતવા માટે અકબરે માનવ સર્જિત ટેકરી બનાવી હતી. એ ટેકરી મહોર મગરી નામે ઓળખાઈ, કારણ એ માટી અને મુરમનો ઢગલો કરવા માટે જે મજૂરો રોકવામાં આવ્યા હતા તેમને સોનામહોરોમાં વેતન ચૂકવવામાં આવ્યું હતું. મેવાડનાં સુંદર હરણોની રક્ષા કરવા માટે ચિતોડની દક્ષિણે ગઢના ઢોળાવ અને આ મહોર મગરી વચ્ચેના જંગલમાં ભારત સરકારે હરણો માટે એક અભયારણ્ય બનાવ્યું છે. જંગલનો વિસ્તાર લોખંડની ઊંચી જાળીથી બાંધી લેવામાં આવ્યો છે. ચંદન એ તરફ પ્રયાણ કરી રહ્યો હતો. રાતના અંધારામાં તે ઝાઝું દૂર જોઈ શકતો ન હતો. પણ દિવસ ઊગે તે પહેલાં તે મહોર મગરી પર ચાલ્યો જવા માગતો હતો, જેથી તે પોલીસની પકડમાંથી છટકી શકે.

**

'તમે હઠો... તમે બધા હઠી જાઓ.' આલાત તાડૂકી ઊઠ્યા. 'ગિવ મી એ ટૉર્ચ' તેમણે હુકમ કર્યો. ત્યારે સવારના સાડાચાર વાગ્યા હતા. રસ્તા પર પૉર્ટેબલ બૅટરીઓની સાથે લાઇટોને અજવાળે તલાશ કરતા કૉન્સ્ટેબલો પર આલાત સાહેબ બગડ્યા હતા.

'કમબખ્તો બબ્બે કલાકથી શું હજામત કરો છો ?' ઈન્સ્પેક્ટર નાગરને આ ગમ્યું નહિ, પણ આલાત સુપરિન્ટેન્ડેન્ટ હતા. 'એક જ માણસ મારી સાથે આવે. કૂતરા રસ્તા પર રાખો. અને નાગર સાહેબ, યૂ ગો એહેડ... તમે ચિતોડી બુરજ પાસે પહોંચો. અહીંથી ભાગવાની એક જ શક્યતા છે. ડીસેન્ડ ઓનલી પૉસિબલ નિયર ધ ડિયર સેંક્ચ્યુઅરી.... ઇટ્સ માઈ હન્ચ... સર...' આલાત બોલ્યા અને ચંદનની માફક જ હાથમાં ભારેખમ લાઈટ લઈને ઝાડીમાં ઘૂસ્યા. તેમની લાઈટના અજવાળે અજવાળે પણ રસ્તા પર કૂતરાઓને લઈને કૉન્સ્ટેબલ્સ ચાલતા હતા. કૂતરા પણ ભારે ઉશ્કેરાટ અનુભવતા હતા.

બરાબર અડધા કલાક પછી આલાત સાહેબે બૂમ મારી હતી. અને સ્કવૉડની સૌથી કાબેલ કૂતરીને ઝાડીમાં ઉતારવામાં આવી હતી. બોરડીના જાળામાં લીંટીવાળા ટેરેલિનના કટકાનું એક ચીથરું લબડતું હતું અને તેની આસપાસ લોહી જામેલું હતું... કૂતરી જોર જોરથી ઉચ્છ્વાસ ફેંકીને એ કપડાના નાનકડા લીરાને સૂંઘી રહી. તેની પૂંછડી સીધી થઈ. જર્મન શેફર્ડ જાતની ઓલાદી કૂતરીએ ચારે બાજુ સૂંઘવાનું... વાસની ખોજ કરવાનું શરૂ કર્યું.

**

ઈન્સ્પેક્ટર નાગર અભયારણ્ય પાસે પહોંચી ગયા હતા. ફૉરેસ્ટ ઑફિસર પી. ઓ. શુક્લાને ખબર મોકલવામાં આવી હતી. અને એ તાબડતોબ આવી પહોંચ્યા હતા. બીટ પરના રેન્જરો અને ઑફડ્યૂટી રેન્જર્સ માટે સંદેશા મોકલવામાં આવ્યા હતા. શુકલા ભારે આઘાત અનુભવી રહ્યો હતો. પ્રશ્નો પૂછી પૂછીને તેણે નાગરને તંગ કરી નાખ્યા હતા.

વહેલી સવારના, સૂરજનાં પ્રથમ કિરણો અભયારણ્ય પર રેલાયાં ત્યારે હરણોનાં ટોળાં ભારે વ્યગ્રતા, ઉશ્કેરાટ અને ભય અનુભવતાં હતાં. પોલીસ કૂતરીને જોઈને તે ભાગતાં હતાં કે આગળ મહોર મગરી પરના સીધા ઢોળાવ પરથી નીચે જતાં ચંદનને કારણે તે ઉશ્કેરાયેલાં હતાં તે સમજાતું ન હતું. કૂતરીએ હવે સેન્ટ પકડી હતી... તે એકાએક દોડવા લાગી હતી. શોલ્ડર સ્ટ્રેપ્સમાં બાંધેલી કૂતરીએ એકાએક ઝાટકો માર્યો હતો અને તેને બાંધેલો ચામડાનો પટો કૉન્સ્ટેબલના હાથમાંથી છટક્યો હતો. કૂતરીએ દોટ મૂકી હતી અને હરણોએ પારાવાર દોડાદોડ કરી મૂકી હતી. ચંદન કંઈક આનંદ અનુભવતો ઊતરી રહ્યો હતો... કૂતરાના અવાજો દૂરથી સંભળાતા હતા. સવારના છ વાગ્યા હતા. તે ખાસ્સો દૂર નીકળી ગયો હતો. તેને ખૂબ તરસ લાગી હતી, પણ ક્યાંય પાણી ન હતું. તેણે આજુબાજુમાં ઊગેલા કરમદાના ઝાડ પરથી ફળ તોડ્યાં અને એક પથ્થર પર જઈને બેઠો. ત્યાં જ તેણે અવાજ સાંભળ્યો. હરણો દોડતાં હતાં. તે ઊભો થાય તે પહેલાં જ વરુ જેવું પ્રાણી તેના પર તૂટી પડ્યું હતું.

**

એક ક્ષણ માટે ચંદનને એમ જ લાગ્યું કે હરણનો શિકાર કરવા આવેલા નારે (વરુએ) તેના પર હલ્લો કર્યો છે. તેણે એ જાનવરને ખાળવા માટે પ્રયત્ન કર્યો. પોલીસ કૂતરીએ ઊછળીને ચંદનનો એક હાથ પકડી લીધો હતો. જે ક્ષણે ચંદનને ખ્યાલ આવ્યો કે આ કોઈ જંગલી વરુ નથી, પણ પોલીસ ડૉગ છે તે જ ક્ષણે તેણે મરણિયા થઈને, કૂતરીના માથા પર ડાબા હાથની હથેળીનો જબરદસ્ત ફટકો માર્યો. કોઈ પણ જાતના પ્રતિકાર માટે નહિ ટેવાયેલી કૂતરી હેબતાઈ અને તેના મોંમાંથી ચંદનનો હાથ છૂટ્યો. ચંદને તરત જ તેની પાંસળીઓ પર ઝનૂનથી લાત ઠોકી. કૂતરી અડબડિયું ખાઈ ગઈ પણ ત્યાંથી હઠી નહિ. ચંદને બાજુમાં પડેલો પથ્થર ઉઠાવ્યો અને દોડ્યો. કૂતરી કંઈક ભય પામી. તે પાછી હઠી અને દોડવા જાય તે પહેલાં ચંદને પથ્થરનો ઘા કર્યો. કૂતરીના પડખામાં બોદા અવાજ સાથે પથ્થર અથડાયો અને કૂતરી ચિત્કારી ઊઠી અને તમ્મર ખાઈ ગઈ. ચંદન તેની નજીક પહોંચ્યો. ભોંય સાથે ચીપકાઈને કૂતરી બેસી ગઈ હતી. તેના મોઢામાંથી વિચિત્ર અવાજ નીકળતો હતો. ચંદને ઝડપથી તેનો શોલ્ડર સ્ટ્રેપ પકડ્યો અને કૂતરી તેનું માથું ઘુમાવીને ચંદનને કરડે તે પહેલાં તેણે તેને ઉઠાવીને ગોળ ફેરવી... પોતે પણ ગોળ ફૂદરડી ફર્યો. અધ્ધર ટાંગા ફેલાવતી કૂતરી વેદનાથી ચિચિયારીઓ કરતી રહી. ચંદને તેને ફેરવીને જોરથી ભોંય પર પટકી અને ફરી ઉઠાવી...

આ વખતે તેણે બીજા હાથથી તેનો પાછલો એક પગ પણ પકડ્યો હતો. કપડાં ધોતા ધોબીની માફક તેણે કૂતરીને ઊંચકી અને પથ્થર પર પછાડી. કૂતરીએ પારાવાર આક્રંદ કર્યું અને તે ત્યાં જ ઘુમરી ખાઈને પડી... ચંદને દોડવાનું શરૂ કર્યું... તે જાણતો હતો કે જો આ પોલીસ ડૉગ હશે તો તેની પાછળ આવનારા કૉન્સ્ટેબલ ઝાઝા દૂર નહિ હોય...

તે દોડ્યો... જંગલ અને ઢોળાવને કારણે તેની ગતિ અવરોધાતી હતી. પડતો, આખડતો ઊભો થતો તે દોડતો રહ્યો. તેની પાછળ અવાજો આવતા હતા....

**

રતનસિંહ આલાત ચિતોડના એક એક ડુંગરોથી પરિચિત આદમી હતો. રેન્જર્સની ટુકડીને તેમણે પોલીસ કૉન્સ્ટેબલ્સની મદદમાં મૂકી હતી. કારણ પોલીસ કરતાં રેન્જર્સને જંગલનો વધુ મહાવરો હોય. ઈ. નાગર પોલીસ ડૉગ સ્કવૉડની પાછળ આવતા હતા. રતનસિંહે કૂતરીના અવાજો સાંભળ્યા હતા. અને એ દોડ્યા હતા. મહોર મગરીની બંને બાજુએ અર્ધચંદ્રાકાર ગોઠવણમાં રિઝર્વ પોલીસની આખી ટુકડી ઊતરી હતી. જમણી પાંખેથી આલાત સાહેબ ઢોળાવ ઊતરીને જ્યાં પેલી કૂતરી પડી હતી ત્યાં પહોંચ્યા હતા.

ત્યાંથી તેમણે ચંદનનું પગેરું ઝડપ્યું હતું. બીજા કૉન્સ્ટેબલ આવી પહોંચે તેની રાહ જોયા વગર તે દોડ્યા હતા.

ચંદનને આ પહાડીનો કોઈ પરિચય ન હતો. તે ગમે તેમ દોડી રહ્યો હતો. ફક્ત એક જ વાત તેના લક્ષમાં હતી. ઊગતા સૂરજની સામેની દિશાએ ભાગવાનું છે. તેનો પડછાયો જે તરફ પડતો હતો તે જ તરફ તેણે દોડવા માંડ્યું હતું. એકાએક તેને અટકવું પડ્યું. ચિતોડ મગરીની ઓતરાતી દીવાલે ઢોળાવ એકાએક ખતમ થાય છે અને ત્યાંથી સીધી ખાઈ આવે છે. નૈસર્ગિક દીવાલ સમી આ કાળમીંઢ પથ્થરની સીધી ખીણની ટોચે તે અટક્યો. હવે તેની પાસે બે જ રસ્તા હતા. ડાબી તરફ દોડ્યે જવું, જેથી તે દીવાલ જેવા એ ખડકની ટોચે ને ટોચે ચાલ્યો જાય. પણ તે તરફ ચડાણ હતું. તેણે જમણી તરફ જવાનું સ્વીકાર્યું અને તે દોડ્યો. તે તરફ નીચે જતો ઢોળાવ હતો. એક વખત તે ખીણમાં ઊતરી જાય તો તેનાં કોતરોમાંથી તે જડવો મુશ્કેલ બને. તેને દૂરથી આવતા અવાજો સ્પષ્ટ સંભળાતા હતા. એક વાતની તેને ખાતરી હતી કે જો પોલીસ ડૉગની સ્કવૉડ હશે તો એકાદ કૂતરો તેમની પાસે નહિ હોય. બીજા કૂતરા પણ હશે જ. છતાં તેને આશ્ચર્ય લાગતું હતું કે હજુ સુધી તેને કૂતરાઓએ આંબી કેમ નહિ લીધો હોય.

ગમે તેમ પણ જે કૂતરીને તે ઘાયલ કરીને ભાગ્યો હતો તેનો રખેવાળ કૉન્સ્ટેબલ જરૂર પાછળ દોડતો કૂતરી પાસે પહોંચશે અને ત્યાર પછી ચોક્કસ તેની 'સેન્ટ' બીજા કૂતરાઓ મેળવી લેશે. એ બને તે પહેલાં તે કોતરોમાં ઊતરી જવા માગતો હતો. હાઈ-વે પર પહોંચવા માગતો હતો. એક વખત તે હાઈ-વે પર પહોંચી શકે તો ગમે તે રીતે કોઈ પણ વાહનને તે અટકાવી શકશે. તેના મગજમાં આ વિચારો ચાલતા હતા ત્યાં જ જમણી બાજુએ થોડા ઉપરવાસમાંથી તેણે કંઈક અવાજ સાંભળ્યો. તે જોવા ઊભો રહ્યો પણ તેને કોઈ દેખાયું નહિ. પંદર સેકન્ડ તે ઊભો રહ્યો હશે અને વળી તેણે દોડ ચાલુ કરી....

'સબૂર...' તેણે કોઈની બૂમ સાંભળી, પણ તેને કોઈ દેખાયું નહિ. તે ઊભો રહ્યો, પણ ફરી વાર કોઈ બોલ્યું નહિ. તેણે ઝડપથી ચાલવા માંડ્યું કે તરત કોઈએ ફરી બૂમ પાડી.

'સ્ટૉપ ધૅર... ઑર આઈ વિલ શૂટ...'

તે ફરી વખત ઊભો રહ્યો. ઝાડીમાં નજર ફેરવી. ત્યાં જ તેનાથી થોડે દૂર પથ્થર પર ગોળી વાગવાનો ચર્રાટો થયો અને એક ક્ષણ પછી તેણે બોદો ધડાકો સાંભળ્યો. તે ઊભો રહી ગયો. તે જ્યાં ઊભો રહ્યો હતો ત્યાંથી પંદરેક કદમ દૂર તેને બોરડીનાં ઝાંખરાં વચ્ચે, હરણોએ કરેલી પગરવાટ દેખાતી હતી. તે ત્યાં દોડી જઈ શકે તો જરૂર ઝાડીઓની

આડશ તેને મળે તેમ હતી. તેણે પગ ઉપાડ્યા. દોડ્યો. પણ તે પહેલાં જ તેના પગ પાસે ઉપરાઉપરી બે ગોળીઓ ફૂટી હતી. તે અટક્યો. તેને ક્ષણવાર માટે ખ્યાલ ન આવ્યો કે ગોળીઓ ક્યાંથી છૂટતી હતી.

'સ્ટૉપ ધૅર... આઈ સે.....'

અટક્યા વગર હવે તેનો છૂટકો ન હતો. તેણે ખાખી યુનિફૉર્મ જોયો હતો. અને એ યુનિફૉર્મ તેની ખૂબ જ નજીક હતો. ચંદને હાથ ઊંચા કર્યા. પહેલી વખત તેને હાંફ ચડી હતી. પહેલી વખત તેને ખ્યાલ આવ્યો હતો કે પોલીસ ડૉગે તેને બે જગ્યાએ બચકાં ભર્યાં હતાં. પ્રથમ વાર તેને પોતાના દેદારનું ભાન થયું હતું. તેનું શર્ટ ઠેર ઠેરથી ચિરાયું હતું. પાટલૂનની બંને સ્લીઝ પર ગોખરાં ચોંટ્યાં હતાં અને ડાબા પગના ઢીંચણ નીચેથી પાટલૂન ચિરાઈ ગયું હતું.

'સ્ટેડી...' ખાખી યુનિફૉર્મ સહેજ ઉપરવાસમાં હતો. તેની પાસે જો રિવૉલ્વર હોત તો આસાનીથી તેને ઉડાવી દીધો હોત. બિલકુલ કપાળમાં તે ગોળી મારી શકત... તેના મનમાં વિચાર આવ્યો અને સાથે ધ્રુજારી પણ એ ખાખી યુનિફૉર્મવાળો પણ એટલી આસાનીથી તેનું નિશાન પાડી શકે તેમ હતો. 'સ્ટેડી... ડૉન્ટ મૂવ...' એ આદમી બોલતો હતો અને નજીક આવતો હતો.. ચિતોડ ડિસ્ટ્રિક્ટનો એ એસ. પી. હતો - રતનસિંહ આલાત....

ચંદન પારાવાર હાંફતો હતો. તે જ્યાં સુધી દોડ્યા કરતો હતો ત્યાં સુધી તેના ફેફસાંમાં દમ હતો. કારણ ભાગી છૂટવાની તેને આશા હતી. એ આશા એકદમ તૂટી પડી હતી. અને એટલે શરીર પણ એટલી જ ઝડપે હતાશ થયું હતું.....

રતનસિંહ આલાત તેની નજીક આવી પહોંચ્યા હતા. તેમને પણ ભય લાગતો હતો. ભાગેડુ આદમી પાસે શું હથિયાર હશે તેનો અંદાજ તેમને આવતો ન હતો અને એટલે જ તેને પકડવામાં તેમને આટલી વાર લાગી હતી. ચંદન મોં ફાડીને શ્વાસ લેતો આલાત તરફ જોતો સ્થિર ઊભો રહ્યો હતો. આલાત પણ જોર જોરથી શ્વાસ લેતા હતા. તે આદમીએ કેટલાય લોકોની ધરપકડો કરી હતી, પરંતુ પિસ્તોલની અણીએ ધરપકડ કરવાનો આ તેમનો પ્રથમ પ્રસંગ હતો. વળી તે તદ્દન એકલા જ હતા અને અનાયાસ આ તરફ આવી પહોંચ્યા હતા. તેમણે પોતાની સાથેના ચારેય કૉન્સ્ટેબલ્સને ફેલાવી દીધા હતા. અને પોતે જમણી તરફ ઊતર્યા હતા. તેમને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે 'રિજ' પાસેથી ચંદન તેમની જ તરફ પાછો ફરશે. તેમણે એને દૂરથી જોયો હતો... પડતો.... ઊભો થતો... દોડતો. અને તે પાછળ દોડ્યા હતા. તે બૂમો મારીને કૉન્સ્ટેબલ્સને બોલાવી શક્યા હોત, પણ ચંદન ચેતી જશે એ દહેશતે તેમણે અવાજ કર્યો ન હતો. અલબત્ત એટલે જ એ પકડાયો હતો.

'રિલેક્સ....' આલાતે કહ્યું. ચંદન તેની સામે જોઈ રહ્યો. શી રીતે રિલેક્સ થવું તે એને સમજાતું ન હતું. તેણે ધીરેથી હાથ નીચા કરવા માંડ્યા. આલાત પિસ્તોલ તાકીને તેની સામે જોઈ રહ્યા હતા. એકાએક ચંદને આલાતની પીઠ પાછળ નજર કરી અને જાણે આલાતની પીઠ પર કોઈ આદમી ઝળૂંબી રહ્યો હોય તેમ આંખ ફાડીને જોયું અને બૂમ પાડી.....

'નો....'

એટલા જોરથી તેણે બૂમ પાડી કે આલાતનું ધ્યાન વહેંચાયું. તેમણે ઝડપથી માથું ફેરવીને પાછું જોયું. બસ તે જ સેકન્ડે ચંદને ફૂટબૉલનો ચેમ્પિયન ખેલાડી, પગ ઉછાળીને ફૂટબૉલને કિક મારે તેવી જ રીતે આલાતના હાથ પર લાત લગાવી. એક જ સેકન્ડમાં આ ઘટના બની હતી. આલાત કંઈ પણ રિએક્ટ કરે તે પહેલાં તેમના હાથ પર લાત વાગી હતી અને તે સાથે પિસ્તોલ ઊછળી હતી. ચંદન ભાગ્યો હતો. પણ આલાત કાચી માટીનો આદમી ન હતો. પિસ્તોલની પરવા કર્યા વગર તેમણે ચંદનની પાછળ દોટ મૂકી હતી. પહાડીના ઢોળાવમાં પહેલાં ચંદન લપસ્યો હતો અને પછી આલાત.. મુરમના ઝીણા કાંકરા રોલર સ્કેટની માફક બન્નેના બૂટના તળિયેથી રગડ્યા હતા. આલાત ઊભા થાય તે પહેલાં ચંદન ઊભો થયો હતો અને લપસવાને કારણે પહોળા થઈ ગયેલા આલાતના બન્ને પગ વચ્ચે લાત મારવાનો પ્રયાસ કર્યો હતો. પણ વીજળીની ઝડપે આલાતે તેનો બૂટ પકડ્યો હતો. ચંદન ઝાટકો ખાઈને નીચે પડ્યો હતો...

ચિતોડી મગરીના ઓતરાતા ઢોળાવ પર ખૂંખાર પ્રાણીઓની જેમ આલાત અને ચંદન બાટક્યા હતા. આલાત બન્ને હાથનો ટેકો લઈને ઊછળ્યા હતા. ચંદનની છાતીમાં તેમણે જોરથી લાત મારી હતી. ચંદન ઊભો થાય તે પહેલાં આ વખતે આલાત ઊભા થયા હતા અને ઝનૂનથી તેના ઉપર જ પડ્યા હતા. ચંદને આળોટવાનો પ્રયાસ કર્યો. બન્ને જણ ઢોળાવમાં રગડ્યા. આલાતનું મોં ભોંય તરફ હતું અને ચંદને સૂતાં સૂતાં જ આલાતની બોચીમાં કોણીનો હડસેલો માર્યો હતો. આલાત સાહેબનો ચહેરો જમીન પર ટિચાયો હતો. તેમના નાકમાંથી લોહી વહેવા માંડ્યું અને દાઢી પર જોરથી ત્યાં પડેલો ગ્રેનાઇટના પથ્થરનો ટુકડો વાગ્યો હતો. આલાતે ડાબે હાથે ચંદનના વાળ પકડ્યા અને તેના જમણા કાન તરફ તેનો ચહેરો દબાવી રાખ્યો. ચંદને બેઠા થવા પ્રયત્ન કર્યો. આલાત ઈજાને કારણે પારવાર ગુસ્સો અનુભવતા હતા. તેમણે પોતાનો એક પગ ગોઠણેથી વાળ્યો અને તેના પર વજન દઈને ચંદનના વાળ પકડીને તેને ઊંચો કર્યો. ચંદને પોતાના બંને હાથથી આલાતનો ડાબો હાથ પકડીને વાળ છોડાવવા પ્રયત્ન કર્યો, પણ તે જોર કરે તે પહેલાં જ આલાતે જમણા હાથે, ઝાડના થડ પર લુહારના ઘણથી કોઈ ઘા કરે તેવી જ રીતે

ચંદનના જડબા પર હથેળીનો ચોપ ઠોક્યો. ચંદનની આંખે તમ્મર આવી ગયાં. તેનો ઉપલો હોઠ ચિરાયો અને દાંતમાંથી લોહી વહેવા માંડ્યું. તેણે બંને પગ ઊંચા કર્યા અને પગને જોખીને ઝાટકો માર્યો. ઝાટકા સાથે જ તે બેઠો થયો. આલાતના હાથમાં ચંદનના વાળનું મોટું ગૂંચળું આવી ગયું. ચંદનના માથાની વચ્ચેથી વાળનો જથ્થો ઊખડી ગયો હતો. તેની ખોપરીમાં લોહીની ટીશીઓ ફૂટી આવી. આલાતનું સમતોલપણું એ ઝાટકાને કારણે તૂટ્યું હતું પણ ચંદનને ઊભા થવામાં વાર લાગી હતી. એ ઊભો થયો અને આલાતે તેના બંને પગ પકડીને, તેના ઢીંચણ પર પોતાનું માથું ઝીંક્યું હતું. ચંદન ફરી પટકાયો હતો. આલાત સ્ફૂર્તિથી ચંદનની ઉપર પડ્યા હતા અને જંગલી પ્રાણીની જેમ તેમણે પોતાનું કપાળ ચંદનના નાક પર ઝીક્યું હતું. બંને હાથે તેના ગળા પર ભીંસ લગાવીને આલાતે ચંદનની છાતી પર જમણા પગનો ગોઠણ જમાવ્યો હતો અને ગળું પકડીને તેમણે ચંદનનું માથું ઊંચકીને જમીન પર પછાડ્યું હતું. જીવ પર આવેલી બિલાડીની જેમ ચંદને વળ ખાઈને કરવટ લીધી હતી. આલાત સાહેબની આંગળીઓ જમીન પરના મુરમ સાથે છોલાઈ હતી, પણ તેમણે ચંદનનું ગળું છોડ્યું ન હતું. બંને જાણે એકમેકને ભેટીને સૂતા હોય તેમ પડખાભેર ઝઝૂમી રહ્યા હતા. આલાતે લીધેલી ભીંસ છોડાવવા ચંદને પોતાના બંને હાથના અંગૂઠા, આલાતની ભીંસ લેતી હથેળીઓની નીચે ઘુસાડ્યા હતા અને તેમના શરીર પર ડાબો પગ વીંટાળીને તેમના પર સવાર થવાનો પ્રયાસ કર્યો હતો. પણ આલાતે પકડ ઢીલી કરી ન હતી. પારાવાર શ્રમથી હાંફતા બંને જણ એકમેકનાં જડબાં પકડીને લડતા અજગરોની જેમ ઊલટસૂલટ થઈને ત્યાં પડ્યાં રહ્યા... સેકન્ડો... મિનિટો વીતતી ચાલી. રતનસિંહ આલાત અને ચંદન. બંને એકમેકને ભીંસતા રહ્યા. ક્યારેક ભીંસ હળવી પડી જતી... થોડી વાર રાહત લઈને એકાએક જાણે જોશ આવ્યું હોય તેમ બંનેમાંથી એક જણ ભયાનક જોર કરતું... વળી પાછી ટસલ ચાલતી. આલાતે જે પકડ લીધી હતી તેમાં ચંદને અંગૂઠા ભરાવ્યા હતા. તે જાણતો હતો કે જે ક્ષણે તેના અંગૂઠા હઠી જશે તે મિનિટે આલાત તેનો દમ ઘૂંટી નાખશે. આલાત સમજતા હતા કે જો હવે ચંદનનો બચ્ચો ઊભો થશે તો તે પોતાને ખતમ કર્યા વગર રહેશે નહિ. ચિતોડની એ પહાડીના ઢોળાવ પર જે દ્વન્દ્વ ચાલી રહ્યું હતું તેમાં હવે અપરાધીને પોલીસની વાત રહી ન હતી. હવે તો બે જનાવરો વચ્ચે લડાઈ થઈ રહી હતી. આમરણાંત દ્વન્દ્વ રહ્યું હતું. એક જણના મૃત્યુ પછી જ આ લડાઈનો અંત આવવાનો છે તે બન્ને જણ સમજતા હતા...

બન્નેની આંખોમાં હેમરેજ થઈ ગયું હતું. કીકીઓની આસપાસ લોહી તરી આવ્યું હતું. શરીરનો એકેએક ભાગ છોલાઈ ગયો હતો. કોણીઓ પાસેથી ચાર ચાર દોરા જેટલી ચામડીનાં ચકતાં ઊખડી ગયાં હતાં. કાન ચિરાયા હતા. ગાલ, નાક અને હાથની આંગળીઓમાંથી લોહી વહેતું હતું. બરડામાં થોડા લિસોટા પડ્યા હતા. ખભા પાસેથી

શર્ટના લીરા ઊડી ગયા હતા. ચંદનના તાળવા ઉપરના વાળ ઊખડી જવાથી ગોળ ધારી પડી હતી... બન્નેનાં મોંમાંથી લોહી સાથેનું થૂંક-ફીણ નીકળવા માંડ્યું હતું. માનવશક્તિની મર્યાદા એ બન્ને વટાવી ચૂક્યા હતા. ફેફસાં ફુગ્ગાની માફક ફૂલતાં હતાં. નાકમાંથી પાણી અને લોહી ઝમતું હતું... આમ તો આ જીવલેણ લડાઈ દસ-બાર મિનિટ ચાલી હતી પણ જાણે યુગોથી આ દ્વન્દ્વ ચાલતું હોય તેમ બન્ને પડ્યા હતા.

**

આલાત સાહેબની સાથેના કૉન્સ્ટેબલ્સ ગોળાકારે આગળ વધીને મહોર મગરીની સીધી ચટ્ટાન પાસે પહોંચ્યા હતા, જ્યાંથી ચંદન જમણી તરફ વળ્યો હતો. એ લોકો ત્યાં આગળ મૂંઝાઈને ઊભા રહ્યા હતા. પોલીસ ડૉગ સ્ક્વૉડના કૂતરા... ચંદને મારેલી કૂતરી પાસે આવી પહોંચ્યા હતા. મરણતોલ માર ખાઈને પડેલી કૂતરી ભયાનક ઊંહકારા કરતી ત્યાં પડી હતી. ડૉગ સ્ક્વૉડના પોલીસ જવાનો આશ્ચર્ય પામીને ઘડીભર રિબાતી કૂતરીને જોતા ઊભા રહી ગયા હતા. પોલીસ કૂતરાને આવી રીતે કોઈએ માર્યો હોય તેવો આ પ્રથમ પ્રસંગ હતો. બીજા કૂતરાઓએ ગંધ પકડી હતી અને મગરીની પેલી સીધી ચટ્ટાન પાસે પહોંચ્યા હતા. રસ્તામાં જ આલાતના કૉન્સ્ટેબલ્સ ભેગા થયા હતા અને લગભગ આઠદસ મિનિટ બાદ દોડતા કૂતરાઓની પાછળ ખેંચાતા સ્ક્વૉડના માણસો જ્યાં આલાત અને ચંદન પડ્યા હતા ત્યાં આવી પહોંચ્યા હતા.

'આલાત સાહેબ !' એક કૉન્સ્ટેબલે બૂમ પાડી અને કૂતરાઓને ખાળી રાખ્યા. આલાતે એ બૂમ સાંભળી હતી પણ તે ચંદનને છોડવા માગતા ન હતા. જૂના વખતમાં કદાચ અકબર અને મહારાણા પ્રતાપના સમયમાં અથવા તો તેથીય પહેલાં લોકો આવી હાથોહાથની લડાઈ લડ્યા હશે. રોમન સામ્રાજ્યમાં જોદ્ધાઓ આમરણાંત લડાઈઓ કરતા અને લોહીતરસી પ્રજા એ જોઈને આનંદથી ઝૂમી ઊઠતી. આજે એવું કાંઈ થતું નહિ, પણ આલાત અને ચંદન વચ્ચેનો જંગ એવો જ વિકરાળ હતો.

આલાત અને ચંદનને, સાપ અને નોળિયાની માફક તદ્દન સ્થિર થઈને પડેલા જોઈને પોલીસો હબકી ગયા હતા. તેમણે ઝડપથી કૂતરાઓ હઠાવી લીધા અને આલાત સાહેબની સાથે જ જીવલેણ પકડમાં ભિડાયેલા ચંદનના હાથ પકડ્યા. ચંદનના હાથ તદ્દન જડ થઈ ગયા હતા. જાણે લાકડાના બનેલા ન હોય ! આલાતે ધીરેથી પોતાના હાથની પકડ ઢીલી કરી અને તે ચંદન પર ઢળી પડ્યા.

ઢોળાવ પર દોડાદોડ મચી ગઈ હતી. પોલીસ કંપનીઓ એકઠી થઈ ગઈ હતી. ચંદન અને આલાત બંનેનાં મોંમાંથી ફીણ નીકળતાં હતાં. ફીણની સાથે તેમાં પરપોટા થતા હતા. બંને જણ બેહોશ થઈ ગયા હતા. ઈજાથી નહિ પણ પારાવાર પરિશ્રમથી, એક્ઝોશનથી.

બેમાંથી એકેયમાં કાંઈ જ શક્તિ રહી ન હતી. તેમનાં શરીરના એકેએક અવયવો તદ્દન લસ્ત થઈ ગયા હતા. બૅન્ક ઑફ મેવાડના કેસમાં હવે કોઈ બાકી રહ્યું ન હતું.

**

'વેલ...' ડી. એસ. પી. જગન્નાથ હાંડાએ જિગરને રાખવામાં આવ્યો હતો તે કમરામાં પ્રવેશ કર્યો અને કહ્યું, '... જિગર, તેં શો વિચાર કર્યો ?'

'શેનો વિચાર સાહેબ...'

'કબૂલાતનામાનો !'

'શેની કબૂલાત હાંડા સાહેબ ?' જિગરે તદ્દન શુષ્કતાથી જવાબ આપ્યો.

'તારે ફાંસીએ લટકવું પડશે, જિગર...' હાંડાએ ધીરેથી કહ્યું, 'તમારી બાજી પૂરી થઈ છે... વી હૅવ એરેસ્ટેડ એવરીબડી....' હાંડાના શબ્દોથી જિગરના હૈયામાં ધ્રાસ્કો તો પડી પણ તે બોલ્યો નહિ.

'જાણવાની ઇચ્છા નથી ?' તેમણે પૂછ્યું.

'મારે શા માટે જાણવું પડે ?'

'કારણ તું વિચારી શકે....' હાંડાએ કહ્યું, 'તારા બધા મિત્રો ગોવિંદ ભંડારી, અશોક શેખાવત, ચંદન નામેચા પકડાઈ ગયા છે. હવે ફક્ત અમારે કોને તાજનો સાક્ષી કરવો તે જ નક્કી કરવાનું છે....'

'સાહેબ, બધા ગુનેગાર પકડાઈ ગયા હોય પછી કબૂલાતનામાની શી જરૂર ? જેણે ગુનો કર્યો હોય તે કબૂલ કરે જ એમ શા માટે તમે માની લો છો ?' જિગરે કહ્યું.

'આજે રાત્રે આપણે ચર્ચા કરીશું.' હાંડા બોલ્યા અને ચાલ્યા ગયા.

**

મોડી રાત્રે પોલીસ ડાક બંગલાના કંપાઉન્ડમાં એમ્બ્યુલન્સ ગાડીઓ આવીને ઊભી રહી હતી. તેમાંથી અશોક શેખાવત અને ચંદન નામેચાને ઉતારવામાં આવ્યા હતા. સેન્ટ્રલ હૉલની ડાબી બાજુના કમરાઓમાં તેમને અલગ અલગ સુવાડવામાં આવ્યા હતા. તે પછી હરીશ જૈનને તે કમરાઓમાં લઈ જવામાં આવ્યો હતો. ચંદનની હાલત સારી ન હતી. હરીશ અને ચંદન એકબીજાને ઘડીભર જોઈ રહ્યા પણ બોલ્યા નહિ. અશોકના કમરામાં જઈને હરીશને ઊભો કરવામાં આવ્યો ત્યારે અશોક પથારીમાંથી બેઠો થઈ ગયો પણ હરીશ કંઈ બોલ્યા વગર ઊંધો ફરી ગયો હતો. તે પછી આવી જ રીતે જિગરને પણ એ બન્ને કમરામાં લઈ જવામાં આવ્યો હતો.

પોલીસ શું કરવા માગતી હતી તે જિગરને સમજાતું ન હતું. એ બન્ને રૂમની સામેના ભાગમાં બીજા બે કમરા હતા. તેમાંના એક કમરામાં હરીશને અને બીજામાં જિગરને રાખવામાં આવ્યા. એ બન્નેને ખબર ન હતી કે તેમને લગભગ બાજુના કમરામાં રાખવામાં આવ્યા છે. બન્નેની સાથે એક એક સબ-ઇન્સ્પેક્ટરને કમરામાં જ મૂકવામાં આવ્યા હતા....

રાત્રે એક વાગ્યે એકાએક ત્રાસ પામી જવાય તેટલા જોરથી કોઈનો બરાડો જિગરે સાંભળ્યો હતો. એ બરાડા પછી તરત મોટાં ડૂસકાં લઈને કોઈ રડવા માંડ્યું હતું.... તેની સાથે જ કમરામાં પુરાયેલા સબ-ઇન્સ્પેક્ટરને તે કંઈ પૂછે તે પહેલાં તેણે સ્મિત વેર્યું હતું અને ધીરેથી બોલ્યો હતો, 'યૂ આર લકી... નસીબદાર છો કે તમારાથી એ શરૂ થયું નથી.'

'શું શરૂ નથી થયું ?' જિગરે પૂછ્યું અને તે સાથે ફરીથી હૈયું થીજવી નાખે તેટલા જોરથી કોઈએ ફાટી ગયેલા સાદે ચીસ પાડી અને આંતરડા ઊલેચાઈ જતાં હોય તેવા અવાજે રડવા માંડ્યું હતું....

'કોને મારે છે એ લોકો ?'

'તારા દોસ્તોને જ તો.' સબ-ઇન્સ્પેક્ટરે કહ્યું.

'પણ શા માટે ?'

'કબૂલાત માટે...' સબ-ઇન્સ્પેક્ટરે કહ્યું. જિગર ઊભો થયો. તેનાથી સામેના કમરામાંથી આવતું આક્રંદ સહન થતું ન હતું. હાથ મસળતાં મસળતાં તેણે કમરામાં આંટા માર્યા. તેના કાન પારાવાર વેદનાની ચીસોથી ઊભરાઈ ગયા.

**

'સ્ટૉપ ઇટ... સ્ટૉપ ઇટ...' જિગરની માફક જ હરીશ જૈનની રૂમમાં એ અવાજો આવ્યા હતા. તેણે ઉશ્કેરાઈને તેની સાથેના સબ-ઇન્સ્પેક્ટરને કહ્યું હતું 'સ્ટૉપ ઇટ.'

'આઈ કાન્ટ... આઈ કાન્ટ....'

'પણ તમે આવી રીતે ઘવાયેલા આદમીઓને મારી ન શકો, સમજ્યા ?'

'પણ હું ક્યાં મારું છું ? હું તો તમારી સાથે જ છું ને આ કમરામાં.' પેલો સબ-ઇન્સ્પેક્ટર હસીને બોલ્યો.

'મજાક મને પસંદ નથી. મિસ્ટર, ટેલ ધેમ ટુ સ્ટૉપ ઇટ...' હરીશે કહ્યું અને જોરથી બારણું પછાડ્યું. પૅસેજની સામેના કમરામાંથી ભયાનક અવાજો આવતા હતા...

'સ્ટૉપ ધેટ... સ્ટૉપ ધેટ...' હરીશ બરાડી ઊઠ્યો. પોલીસના ફટકા અને ચીસોના અવાજથી ડાક બંગલો ગાજી ઊઠ્યો.....

'ફૉર ગૉડ્ઝ સેક.. હાંડા સાહેબને કહો કે એ બંધ કરે... એ લોકો ગુનેગાર નથી. એ લોકો... ' હરીશ બોલ્યો.

'તો કોણ છે એ લોકો ?' સબ-ઇન્સ્પેક્ટરે પૂછ્યું.

**

પોલીસે સર્વાંગ સંપૂર્ણ જીત મેળવી હતી. કોઈ પણ જાતના દબાણ જુલમ અત્યાચાર કે થર્ડ ડિગ્રી મેથડ્ઝ વગર તેમણે હરીશને, નાટકીય રીતે 'કન્ફેશન' માટે તૈયાર કરી નાખ્યો હતો. રાત્રે તેણે બાજુના કમરાઓમાંથી ઊઠતી ચીસો સાંભળી હતી. જિગર પરોતે પણ તે ચીસો સાંભળી હતી. બન્નેને ખબર હતી કે બાજુના કમરાઓમાં તેમના દોસ્તો, અશોક શેખાવત અને ચંદન નામેચાને ઘાયલ હાલતમાં રાખવામાં આવ્યા છે. પોલીસે તેમના પર અત્યાચાર શરૂ કર્યો હતો. તેવી ચોક્કસ છાપ રાત્રિના શાંત વાતાવરણમાં એકાએક ઊઠેલી ચીસોથી તેમના પર પડી હતી. ચીસો સાંભળીને જિગર અને હરીશ બન્ને થડકી ઊઠ્યા હતા. પણ હરીશ 'સૉફ્ટ' આદમી હતો. વધુ સંવેદનશીલ હતો. જિગર એ ચીસો સાંભળીને પારાવાર દુઃખ અનુભવતો હતો પણ તે કબૂલાત કરવા તૈયાર ન હતો. મિત્રોને છેહ દેવા તે તૈયાર ન હતો.

જ્યારે હરીશની પરિસ્થિતિ તદ્દન જુદી હતી. ઘાયલ દોસ્તોને પોલીસ આવી ભયાનક રીતે યાતના પહોંચાડે તે તેનાથી સહ્યું જાય તેમ ન હતું. કબૂલાત કરવા સિવાય, મિત્રોને એ પીડાજનક દોજખ જેવી પરિસ્થિતિમાંથી છોડાવવા શક્ય ન હતા. અને એથી જ તે બોલી ઊઠ્યો હતો... સ્ટૉપ ધેટ.... સ્ટૉપ ધેટ.... અને એ તૈયાર થતો હતો. અનકન્ડીશનલ, વૉલન્ટરી કન્ફેશન માટે... પણ તેને ખબર ન હતી કે પોલીસે.... આઈ.જી.પી. મોરારકાએ એક અજબ નાટક ખેલ્યું હતું. એક મનોવૈજ્ઞાનિક ચાલ ખેલી હતી. એ ચીસો યાતનાની ચીસો ન હતી. એ ચીસો બનાવટી હતી. ખરેખર તો ચંદન અને અશોકને ડાક-બંગલામાં કેવળ દેખાવ પૂરતા જ લાવવામાં આવ્યા હતા, જેથી જિગર અને હરીશ તે બન્નેની હાલત જોઈ શકે. તેમને જુદા જુદા કમરામાં પૂરવામાં આવ્યા પછી તરત અશોક અને ચંદનને હૉસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યા હતા. તેમને સારવારની પ્રાથમિક જરૂરિયાત હતી. અને આઈ.જી.પી. મોરારકા કોઈ સામાન્ય પોલીસ અફસર ન હતો. અત્યાચાર કે થર્ડ ડિગ્રી વાપરીને કોઈની પાસે એકરાર કરાવવામાં તે માનનારો આદમી ન હતો.તે ડિટેક્શન... લૉજિકલ ઍપ્રોચ અને રીઝનિંગમાં શ્રદ્ધા ધરાવનારો

અજોડ અફસર હતો. તેણે જ આ ચીસો પડાવવાનું નાટક યોજ્યું હતું અને તેનું ધાર્યું પરિણામ આવ્યું હતું. તે એ પણ જાણતા હતા કે 'કન્ફેશન' હરીશ જ કરશે, કારણ હરીશ ગમે તેવો સાહસી હોવા છતાં સાંપ્રત સમાજમાંથી આવતો નાજુક આદમી હતો.

**

તે દિવસે રાતના બે વાગ્યાથી પોલીસ ડાકબંગલાના બન્ને ટેલિફોન અને પોલીસ વાયરલેસ યુનિટના બધા જ ફીલ્ડ ટેલિફોન રણકી ઊઠ્યા હતા. હોમ મિનિસ્ટર દેવકીનંદન મિશ્રને સમાચાર મોકલવામાં આવ્યા હતા કે બૅન્ક ઑફ મેવાડ લૂંટ કેસના આરોપીઓ ઝડપાઈ ગયા હતા. ચિતોડમાં બનેલા બનાવે એ ઐતિહાસિક નાનકડા શહેરમાં હાહાકાર સરજાયો હતો. આખી વસતિ ત્યાં જાગી ઊઠી હતી. ચિતોડમાં રહેતા અખબારોના સંવાદદાતાઓએ તેમના છાપાનાં હેડ ક્વાર્ટર્સ પર લાઇટનિંગ કૉલ કર્યા હતા. પણ મોટા ભાગનાં છાપાંઓની આવૃત્તિઓ નીકળી ગઈ હતી.

**

'હલો...' આઈ.જી.પી. મોરારકાએ ખિન્ન થઈને ફોન ઉપાડ્યો. 'તમને કેટલી વાર કહ્યું છે કે તમારે એક પણ ફોન મને આપવાનો નથી. મારી પાસે સમય નથી. કેટલી વાર મારે તમને સમજાવવાનું !' મોરારકાએ કંટ્રોલ પરના અફસરને ગુસ્સે થઈને કહ્યું.

'પણ સાહેબ, હોમ મિનિસ્ટર આપની સાથે વાત કરવા માગે છે.' ઑપરેટર તરીકે કંટ્રોલ પર અત્યારે ઇન્સ્પેક્ટર ચૌહાણ આવી ગયા હતા. રોજિંદા ઑપરેટર્સને હઠાવી લેવામાં આવ્યા હતા.

'સાહેબને કહી દો કે ચિંતા ન કરે અને નિરાંતે સૂઈ જાય.... તેમને માથે જેટલાં માછલાં ધોવાયા છે તે બધાંયનું વળતર ચૂકવાય તેવું સ્ટેટમેન્ટ હું પ્રેસને આપીશ....' કહીને મોરારકા ફોન મૂકવા જતા હતાં ત્યાં જ સામે છેડેથી ઑપરેટરે કહ્યું : 'મિશ્ર સાહેબ લાઇન પર જ છે સાહેબ....'

'ડૅમ હિમ... આપો.... લાઇન આપો. પણ હવે હું કોઈ સાથે આ પછી વાત કરવાનો નથી, સમજ્યા... ટેલ ધેમ આઈ એમ નોટ હિયર... ટેલ ધેમ આઈ હેવ ગૉન ટુ ધ મૂન....' મોરારકાએ ખિજાઈને ફોન ઉઠાવ્યો. 'કૉંગ્રેચ્યુલેશન્સ મોરારકા... મને ખાતરી હતી કે તમે એ લૂંટારાઓને પકડ્યા વગર રહેવાના નથી.' મિશ્રએ ધીરેથી રાજકારણીની અદામાં શરૂ કર્યું.

'આભાર સાહેબ.' મોરારકાએ ટૂંકમાં જવાબ આપ્યો.

'કન્ફેશન મેળવી લીધું છે ?'

'પ્રોસેસમાં છે...'

'એ છોકરાનો બાપ ઉમદા માણસ છે.' મિશ્રએ કહ્યું.

'અને કરોડપતિ પણ છે.' મોરારકાએ જવાબ આપ્યો. મિશ્રને એ જવાબ ગમ્યો નહિ, પણ તેમણે તેની કોઈ નોંધ લીધી નહિ.

'લૂંટના માલ વિશે કાંઈ માહિતી ?' હોમ મિનિસ્ટરે પૂછ્યું.

'હજુ કંઈ જ માહિતી મળી નથી સાહેબ. એ લોકોએ ગુનો કર્યો છે. તે સિવાય અમને કંઈ જ ખબર નથી.' મોરારકાએ જવાબ આપ્યો.

'તમે કેટલા સમયમાં પરવારશો ?'

'એ કહી ન શકું.' મોરારકાએ જવાબ આપ્યો.

'એ કન્ફેશન હું વાંચું નહિ ત્યાં સુધી પ્રેસમાં ન જવું જોઈએ, મોરારકા....' દેવકીનંદન મિશ્રના ઘેરા અવાજમાં વિનંતી કરતાં હુકમનો સૂર હતો.

'શા માટે સાહેબ ?'

'મારે લોકલાગણીનો વિચાર કરવો જોઈએ. જનતાના એક નેતા તરીકે અને એક સેવક તરીકે મારે એ પ્રશ્નને મૂલવવો જોઈએ. મને સમાચાર મળ્યા કે એ બધા વિદ્યાર્થીઓ છે !'

'તેવું અમે પહેલેથી ધારતા હતા અને એટલે જ તેમને પકડતાં આટલા દિવસો થયા.'

'એટલે જ મોરારકા, છાપાંઓમાં જે સમાચારો આવે તેના પર આપણો ' રૅશનલ' કાબૂ હોવો જોઈએ.'

'એ વાત મને ખબર છે. બોલો સાહેબ, બીજું કાંઈ ?'

'મુદ્દામાલ બાબતમાં શું 'કન્ફેસ' થાય તે મારે જાણવું છે.'

'હું આપને જણાવીશ.'

'તમે એ રેકર્ડ પર લો તે પહેલાં મિ. મોરારકા....'

'હરીશ જૈન તરફથી વિશ્વનાથ સક્સેના આવી ગયા છે. વિશ્વનાથ સક્સેનાને ઓળખો છો ને ?'

'ઓળખું છું.' મિશ્ર બોલ્યા.

'એ બેઠા છે અને હરીશનું કન્ફેશન થાય તે વખતે ત્યાં જ બેસવા માગે છે.'

'પણ કાયદેસર રીતે તે ત્યાં -'

'બેસી શકે કે ન બેસી શકે તે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કારણ જો વિશ્વનાથ સક્સેનાને હાજર રાખવામાં ન આવે તો હરીશ જૈન મોઢું ઉઘાડવા તૈયાર નથી.' મોરારકાએ જવાબ આપ્યો.

'તમારે હજુ કબૂલાતનામાની જરૂર છે ?' મિશ્રએ ધીરેથી પૂછ્યું.

'બધા જ ગુનેગારો પકડાઈ ગયા નથી.'

'કોણ બાકી છે ?' મિશ્રે સવાલ પૂછ્યો.

'એ જાણવાનું છે,' મોરારકાએ કહ્યું. મોરારકાએ ફોન ગુસ્સામાં ઉઠાવ્યો હતો. પણ હવે તેને, હોમ મિનિસ્ટર દેવકીનંદન મિશ્રની વાતમાં રસ પડતો હતો. એ ખંધો રાજપુરુષ મૂળ વાત પર આવતો ન હતો. અને આ તરફ ચુનંદો પોલીસ અધિકારી જાતે કોઈ વાત કરતો ન હતો.

'વેલ, મોરારકા... એક વાત કહું.'

'બોલો સાહેબ...'

'તમે મને ખરેખર હરાવ્યો છે... પણ મને એ રીતે હારવું ગમ્યું છે. એ હાર મેળવ્યાનું મને ગૌરવ છે. હું તો વિચારતો હતો કે છેલ્લા મહિનાથી આવી ભયાનક જીવલેણ ઘટના બને અને પોલીસ તેનો તાગ મેળવી ન શકે તે શરમજનક બાબત હતી અને એટલે આજે સવારે હું રાષ્ટ્રના ગૃહપ્રધાન સાથે વાત કરીને આખો કેસ હાયર એજન્સીને આપવા માગતો હતો. પણ ચોવીસ કલાક કરતાંય ઓછી મહેતલમાં તમે ગુનેગારોને પકડી નાખ્યા... વેલ... ધેટ વૉઝ એ રિયલ પીસ ઑફ પોલીસ વર્ક....'

'સાહેબ, આપણે આ બધી વાતો નિરાંતે કરી શકીશું. અત્યારે મારે '

'મને ખબર છે, મોરારકા... મને ખબર છે... વેલ... મારે એક જ વાત કહેવાની છે કે દિલ્હીમાં ડેપ્યુટી ડાઈરેક્ટર જનરલની જગ્યા પર રાજસ્થાનનો આદમી નિમાય તેમાં મને અંગત રીતે રસ છે અને આપણા રાજ્ય માટે એ અભિમાનની બાબત હશે.'

'એટલે સાહેબ ?'

'આવતી કાલે કદાચ હું દિલ્હી જઈશ. રાષ્ટ્રપતિ-એવૉર્ડ અને પ્રમોશન... મોરારકા યૂ સિમ્પલી ડીઝર્વ ઇટ... હું તમને ખુશ કરવા કહેતો નથી. પણ તમે જે કર્યું છે તેનું વળતર આપવું જ શક્ય નથી. સરકાર તો શું વળતર આપી શકે ? એક ચંદ્રક કે પ્રમોશન... પણ તમારી કુનેહ... તમારી શક્તિઓ અચરજ પમાડે તેવી છે. દેશમાં તમારા જેવા જો પચાસ અફસરો હોય ને તો બસ... ગુનાઓનું નામનિશાન મિટાવી શકાય....'

'આભાર સાહેબ, પણ હવે મારે આપનો વધુ સમય બરબાદ કરવો નથી. આપણે નિરાંતે મળીશું... ઓવર એ કપ ઑફ ટી...' મોરારકાએ કહ્યું.

'ઓવર એ કપ ઑફ ટી ?' દેવકીનંદન મિશ્રએ સવાલ કર્યો અને હસ્યા, 'અરે ઓવર એ પેગ ઑફ શૅમ્પેન... યુ હૅવ અર્ન્ડ ઇટ માઈ ડિયર... અને હાં મોરારકા સાહેબ... મુદ્દામાલ પકડાય ત્યારે મને ખબર કરશો. મારે હાજર રહેવું ખૂબ જરૂરી છે.'

'એટલે સાહેબ...'

'તમને ખબર છે ને કે જે લૉકરો બદમાશોએ તોડ્યાં છે તેમાં મારા ભાઈ રઘુનંદનનું પણ એક લૉકર છે.' મિશ્રએ ધીરેથી કહ્યું.

'જી...'

'વેલ... એ લૉકરમાં કેટલાક અગત્યના દસ્તાવેજો છે જે અંગે મારે તમારી સાથે ચર્ચા કરવાની છે. એ ચર્ચા થાય પછી જ આપણે એ ચીજો પંચનામામાં લેવાની છે. દેશને માટે એ ખૂબ અગત્યની બાબત છે....'

'સમજ્યો...' મોરારકાની ભમ્મરો ચડી ગઈ હતી.

'મને ખબર મળે તેટલું જોજો...' મિશ્રએ ફરી કહ્યું.

'બીજું કાંઈ સાહેબ ?' મોરારકાએ પૂછ્યું.

'નહિ, હાલ આટલું જ.'

'ઓ. કે. ગુડ નાઈટ સર....'

'ગુડ નાઈટ...' મિશ્રએ ફોન મૂક્યો. હોમ મિનિસ્ટર દેવકીનંદન મિશ્ર, રાજસ્થાનનો સૌથી કાબેલ રાજકારણી હતો. ગમે તેવી પરિસ્થિતિમાંથી તે રસ્તો કાઢી શકતો. આજ પહેલી વખત તે 'ટેન્શન' અનુભવતો હતો. તેણે ધાર્યા કરતાં મોરારકા જુદી જાતનો આદમી નીકળ્યો હતો. તેણે થોડી વાર કમરામાં આંટા માર્યા અને પછી ફોન ઉઠાવ્યો અને જોડ્યો.

'કોણ છે અત્યારે ?' સામે છેડેથી કોઈનો ત્રસ્ત અવાજ આવ્યો.

'હલો... હું દેવકીનંદન...'

'અત્યારે ?'

'તું નશામાં નથી ને... ઢિલ્લોં !'

'નહિ... નહિ... સાહેબ...'

'તો સાંભળી લે... ' મિશ્રએ કહ્યું અને સમજાવ્યું. બૅન્ક ઑફ મેવાડના આરોપીઓ પકડાઈ ગયાના સમાચાર આપ્યા.

'તે સારું થયુંને સાહેબ.... છાપાવાળા, કમબખ્તોએ તમારે માથે કેટલાં માછલાં ધોયાં હોત ?'

'અત્યારે આપણે એ ચર્ચા કરવાની નથી ઢિલ્લોં. તારે કામે લાગવાનું છે.... પોલીસ ડાક બંગલામાં શું ચાલે છે તેની મિનિટે મિનિટની માહિતી મારે જોઈએ. કબૂલાતનામાની કૉપી જોઈએ, અને મુદ્દામાલ ક્યાં છે તેની માહિતી પોલીસને મળે તેની બીજી મિનિટે મને મળવી જોઈએ... પોલીસના પંચનામામાં આપણા માણસો દાખલ થવા જોઈએ...' કહીને મિશ્રએ સમજાવ્યું કે રઘુનંદનના લૉકરમાં મુકાયેલી કેટલીક ચીજો, મુદ્દામાલની સાથે સાથે પોલીસના હાથમાં પડવી ન જોઈએ. અને પડે તો પંચનામામાં કબજે લેવાવી ન જોઈએ.'

'સમજી ગયો સાહેબ....'

'ઢિલ્લોં... તારા માણસને મોકલજે...કાલે અગિયાર વાગ્યે. રઘુનંદન દસ હજાર રૂપિયા આપશે....'

'દસ હજાર તો ચા-પાણીના થશે સાહેબ....'

'મને ખબર છે ઢિલ્લોં... મેં ચા-પાણીના જ પૈસાની વાત કરી.. બાકીનો હિસાબ આપણે સમજીશું.... કેમ ચાલે છે તારો ધંધો ?'

'આપની મહેરબાની છે.' કરવીર ઢિલ્લોંએ ફોન મૂક્યો. કરવીરસિંહ ઢિલ્લોં રાજસ્થાનની અંધારી આલમનો બેતાજ બાદશાહ હતો. પાકિસ્તાની બોર્ડર પર તેની હકૂમત ચાલતી. હથિયારો, સોનું, ચરસ-ગાંજો અને લોહીનો વેપાર તેનાં ક્ષેત્રો હતાં. જે કામ કોઈનાથી ન થાય તે કરવીર ઢિલ્લોં કરી શકતો. અને દેવકીનંદન તે કરાવી શકતા.

**

તા. ૩જી જૂનની સવારે સાત વાગ્યે પોલીસ ડાક બંગલામાં પ્રેસ કૉન્ફરન્સ બોલાવવામાં આવી હતી અને પ્રથમ વખત જ પોલીસની સફળતાના સમાચાર અધિકૃત રીતે જાહેર કરવામાં આવ્યા હતા. મોડી રાતથી જ પ્રેસ રિપોર્ટર્સ અને અખબારી તંત્રીઓને સમાચાર મળી ચૂક્યા હતા, પણ વિગતો મળી ન હતી. બધાં જ અખબારોને એક જ સાથે સમાચાર મળે તેવી વ્યવસ્થા મોરારકાએ ગોઠવી હતી. અને તેથી જ તેમણે સવારે પ્રેસ કૉન્ફરન્સ ગોઠવી હતી... પ્રેસ કૉન્ફરન્સ દોઢ કલાક ચાલી હતી અને મોરારકાએ પોલીસ કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને બધાના પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

'મુદ્દામાલ... ક્યારે મળી આવશે ?' એક પત્રકારે પૂછ્યું હતું.

'થોડા વખતમાં જરૂર મળી આવશે.'

'કબૂલાતનામામાં તેનો નિર્દેશ નથી !'

'નહિ... અત્યારે તો ગુનાના 'મોડસ ઑપરન્ડી' વિશે માહિતી મેળવાય છે. કબૂલાતનામાનું કામ હજુ ચાલુ છે.' મોરારકાએ જવાબ આપ્યો.

'તમે કબૂલ કરનારને માફી આપવાના છો ?'

'તેમ કરી ન શકાય.' મોરારકાએ જવાબ આપ્યો.

'ચિતોડમાં પોલીસે હાથે કરીને અથડામણ ઊભી કરીને ગુનેગારોને –' એક પત્રકારે સવાલ પૂછવા માંડ્યો ત્યાં જ મોરારકાએ તેને અટકાવ્યો.

'પોલીસ વિશેની ઘણી ગેરસમજો છે જે આ કેસથી ચોખ્ખી થશે તેમ હું માનું છું. આ કિસ્સામાં પોલીસે ક્યારેય, કોઈ પણ દબાણ-ધમકી કે થર્ડ ડિગ્રીનો ઉપયોગ કર્યો નથી. એટલું જ નહિ - તેમાં ઇ. નાગર, ઇ. ઢવન, સ.-ઇ. ભટ, ડી.એસ.પી. હાંડા અને રતનસિંહ આલાત જેવા અફસરોએ અદ્ભુત અને વીજળીની ઝડપે કામગીરી બજાવી છે. એ બધાના અથાગ પરિશ્રમને કારણે આ શક્ય બન્યું છે.' મોરારકાએ કહ્યું....

**

બપોર થતાં જ ઉદેપુરના બધાં જ વર્તમાનપત્રોએ ખાસ વધારો બહાર પાડ્યો હતો. એ વધારામાં આખોય કિસ્સો છાપવામાં આવ્યો હતો. જિગર પરોત, હરીશ જૈન, ગોવિંદ ભંડારી, ચંદન અને અશોકના ફોટાઓ છપાયા હતા. ગોવિંદના મૃત્યુની હૃદયદ્રાવક પળોનો સવિસ્તર ચિતાર અપાયો હતો. ચિતોડમાંથી હજુ કોઈકની ધરપકડની શક્યતાનો નિર્દેશ કરાયો હતો. જુવાન દોસ્તોના જીવનની ઝરમર છપાઈ હતી....

**

ફતેહ મેમોરિયલની ધર્મશાળા જેવી ઇમારતને દરવાજેથી જિગરના પિતા સંતરામ પરોતે છાપું લીધું હતું. તેમને એ વાંચીને ચક્કર આવ્યાં હતાં.....

છેલ્લા બે દિવસથી તે પોલીસ ડાક બંગલા પાસે બેસી રહેતા... પોલીસે તેમને બે વખત જિગરને મળવા દીધા હતા. એ બંને વખત તેમણે જિગરને પૂછ્યું હતું કે ખરેખર તે આવી કોઈ લૂંટમાં સંડોવાયેલો છે ? બંને વખત જિગરે તેમને આશ્વાસન આપ્યું હતું કે પોલીસ ખરેખર ભૂલ કરી રહી છે. તે કોઈ લૂંટમાં સંડોવાયેલો નથી. તેને કંઈ જ ખબર નથી.

સંતરામ પરોતનો દીકરો... બજોટાના સંતરામનો દીકરો એક લૂંટમાં સંડોવાય ! અબ્રહ્મણ્યમ્.... અબ્રહ્મણ્યમ્ !

જિગરના અદાએ છાપું લીધું.... છાપાની ગડી વાળ્યા વગર જ પાગલની માફક તેમણે પગ ઉપાડ્યા.... ક્યાંકથી રિક્ષા પકડી... ડાક બંગલા પર પહોંચ્યા. ડાક બંગલા પાસે ભયાનક ભીડ હતી. પોલીસે કૉર્ડન કરી હતી. પોલીસ જીપ અને સરકારી ગાડીઓનો કાફલો ત્યાં ઊતરી આવ્યો હતો. ઠેર ઠેરથી ખબરપત્રીઓનાં ટોળાં ઊતરી આવ્યા હતાં.... ધક્કામુક્કી શરૂ થઈ ગઈ હતી. વિદ્યાર્થીઓની ભીડ જમા થવા માંડી હતી....

'મારે મારા દીકરા પાસે જવું છે... ભાઈસા'બ મારે મારા દીકરા પાસે જવું છે.' અદા કરગરતા રહ્યા. ડાક બંગલાના ઝાંપા પાસે કોઈ તેમને અંદર જવા દેવા તૈયાર ન હતું. એક કલાક સુધી તે ઝઝૂમતા રહ્યા. ગાડીઓની અવરજવર ચાલુ જ રહી હતી.

'મારે મારા દીકરા પાસે જવું છે...' તે બબડતા હતા ત્યાં જ સી. આઈ. ડી.ના એક કૉન્સ્ટેબલે તેમને બોચીમાંથી પકડ્યા.

'સાલા ડોસલા ! અહીં ક્યાંથી આવી ચડ્યો ?' કહીને તે સંતરામ પરોતને ડાક બંગલાના કંપાઉન્ડમાં એક તરફ ખેંચી ગયો. એ કૉન્સ્ટેબલને સંતરામ પરોત પર નજર રાખવાનું કામ સોંપાયું હતું. અને ફતેહ મેમોરિયલની ધર્મશાળામાં ઉતારવામાં આવ્યા હતા. સંતરામે એ કૉન્સ્ટેબલના પગ પકડ્યા... આખરે ડાક બંગલાના પગથિયે તેમને લઈ જવામાં આવ્યા. જગન્નાથ હાંડાએ તેમને જોયા...

'અહીં કોણ લાવ્યું આ ડોસાને ?' તેમણે પૂછ્યું.

'તેની મેળે જ આવ્યો છે. તેના દીકરાને મળવા માગે છે.' કૉન્સ્ટેબલે કહ્યું.

**

ડી.એસ.પી. જગન્નાથ હાંડા વ્યસ્ત હતા. વ્યસ્ત અને કંટાળેલા આઈ.જી.પી. મોરારકાએ અપનાવેલી કાર્યપદ્ધતિ તેમને કઠતી હતી. તદ્દન 'અન્-ઑર્થોડૉક્સ મેથડ્ઝ'થી તે કામ કરતા હતા. અને એટલે તેમના માથામાં ગુસ્સાથી ઝાટકા વાગતા હતા.

અલબત્ત ગુનેગારો સાથે છાપાંવાળાઓની મુલાકાત તેમણે થવા દીધી ન હતી. પણ હરીશ જૈન, અશોક શેખાવત અને ચંદન નામેચાનાં માબાપ, સગાંવહાલાં બધાંયને તેમણે વધુ છૂટછાટો આપી હતી તે બરાબર વાત ન હતી. હજુ પણ ઘણાં કામો કરવાનાં બાકી હતાં. હરીશ જૈને કબૂલાતની તૈયારી બતાવી હતી. એટલે લૂંટની 'મોડસ ઑપરેન્ડી'નો સવાલ રહેવાનો ન હતો. પણ તે લોકોને સ્પષ્ટ ચિત્ર હજુ મેળવવાનું હતું. ચિતોડગઢ પર બનેલા બનાવની તપાસ તો ચાલુ કરવામાં આવી હતી પરંતુ તેમાં ઘણી બધી બાબતો અસ્પષ્ટ જ હતી. ત્યાં અકસ્માતમાં સપડાયેલી ફિયાટ અંગે માહિતી મેળવવાની હતી. તેમાં કેટલા જણ હતા તે હજુ પોલીસને ખબર ન હતી. પણ કમ-સે-કમ એક જણ તો હજુ પકડાયા વગર ફરતો હતો તેવી પોલીસની ચોક્કસ ધારણા હતી. સુપરિન્ટેન્ડેન્ટ આલાત સાથે જીવલેણ લડાઈ કરનારા ચંદનની હાલત ગંભીર હતી. લૂંટના માલની તલાશ કરવાની હજી બાકી હતી. માર્યા ગયેલા પોલીસમેનો અને ગોવિંદ ભંડારીના પોસ્ટમૉર્ટમ અને અન્ય રિપોર્ટ્સ બનાવવાના બાકી હતા. બાર જ કલાકમાં એકસાથે અનેક કામો કરવાની જવાબદારી આવી પડી હતી. આ બધું જાણે ઓછું હોય તેમ મિનિસ્ટરોની લગાતાર પૂછપરછ, અખબારી

પ્રતિનિધિઓની ખણખોદ, લોકહિત સમિતિ અને સામાજિક સંસ્થાઓના વગર જોઈતા ચંચૂપાતની પળોજણ... અને આ બધાય ઉપરાંત છાપામાં આવેલા સમાચારો વાંચીને ઊમટેલી માનવ મેદનીને કાબૂમાં રાખવાની રામાયણ વગેરેથી હાંડા સાહેબ ઘેરાઈ ગયા હતા ત્યાં આ જિગર પરોતનો ડોસો લમણાઝીક કરવા આવ્યો હતો.

'શું છે સંતરામજી... તમને એક વખત મેં કહ્યું ને કે આખો દિવસ તમે છોકરાને મળવા આવો તે બરાબર નથી. પોલીસે તમારી ધરપકડ નથી કરી એ માટે ભગવાનનો પાડ માનો. તમારી જરૂર પડશે ત્યારે તમને બોલાવી લઈશું સમજ્યા ? આ કોઈ દવાખાનું નથી તે તમે છોકરાની ખબર કાઢવા આવી શકો.. જાઓ....'

'સાહેબ, આ છાપામાં આવ્યું છે તે... તે...' અદા ધ્રૂજતે અવાજે બોલ્યા.

'તેનું શું છે ? આવતી કાલે દેશભરનાં છાપાંમાં આવશે. હું તે કેવી રીતે અટકાવી શકું ?' હાંડાએ કહ્યું.

'એમ નહિ સાહેબ.... પણ મારે જાણવું છે કે આ બધું સાચું છે ?...'

'તો શું ખોટું છે ? આટલા બધા માણસો મર્યા... ઘાયલ થયા.... તે શું મફતમાં ?... અમથા અમથા ?...'

'સાહેબ એક વખત મારે મારા દીકરાને મળવું છે.. ફક્ત એક જ વખત.'

' કેમ શા માટે ? પરમ દિવસે તમે એમ જ કહેતા હતા. ગઈ કાલે પણ તમે...'

'પણ ગઈ કાલે આ છાપામાં ન હતું. આજે છાપામાં આવ્યું છે. સાહેબ એ સાચું નથી.'

'તમે કહો એટલે શું થઈ ગયું ! અમે બધા અહીં પાડા મૂંડીએ છીએ?'

'એટલે... મારો દીકરો ખરેખર આ લૂંટમાં સામેલ હતો ?' સંતરામ પરોતે ધ્રૂજતા અવાજે પૂછ્યું.

'તો અમને તેને પકડી લાવવાનો કોઈ શોખ હતો ભાભા...? અરે ! તમારો દીકરો તો પકડાયેલા બધા કરતાં સાલો અઠંગ ડામીસ છે. એક હરફ બોલતો હોય તો તેના બાપના સમ... હવે તમે જશો અહીંથી ?' હાંડા સાહેબે કહ્યું. અદાએ તેમના હાથ ઝાલ્યા કે તરત બાજુમાં ઊભેલા કૉન્સ્ટેબલે અદાને બન્ને બાવડેથી પકડી લીધા.

'હાંડા સાહેબ, મારો દીકરો જિંદગીમાં ક્યારેય જૂઠું બોલ્યો નથી. એ કહેતો હતો કે ગોવિંદ ભંડારી મહાત્મા ગાંધી છે.' અદા બોલ્યા.

'શું કહ્યું ? ગોવિંદ ભંડારી મહાત્મા ગાંધી છે ?'

'મારો દીકરો કહેતો હતો કે....'

'ગોવિંદ મહાત્મા છે અને પોતે લોકમાન્ય તિલક છે... એમ ? અરે એ શયતાનો છે. છાપામાં વાંચ્યું નહિ ? ગાંધીજી હાથમાં 'હાથ બૉમ્બ' લઈને ફરતા હતા અરે, તમારો છોકરો અને તેના ભાઈબંધો.... ભયાનક છે સંતરામજી.... ચંબલના ડાકુઓ કરતાં પણ ખતરનાક.'

'કંઈક ભૂલ થાય છે, કંઈક ભૂલ થાય છે... મારો જિગર એવો નથી સાહેબ...'

'ભૂલ થતી હશે તો સુધારી લઈશું. તમે જાઓ હવે.' હાંડાએ તોછડાઈથી કહ્યું.

'હાંડા.... સાહેબ... જિગર કોઈ ખરાબ સોબતમાં આવી ગયો હશે પણ તે લૂંટ કરે નહિ... તમે કહો છો તેમ હશે તો હું ક્યારેય તેને મળવા નહિ આવું. પણ એક વખત મારે તેને મળવું છે.'

'શા માટે ?'

'મારે તેને પૂછવું છે. આ છાપામાં બધું આવ્યું છે તે અંગે પૂછવું છે... મારો દીકરો મારી આગળ ક્યારેય જૂઠું બોલ્યો નથી. હું એનો બાપ છું... હું એને બરાબર ઓળખું છે...'

'અરે ! હવે તમે જશો ? કોઈ ગુનેગાર એમ કહેતો હશે ?' હાંડાએ કહ્યું. હાંડાની પાછળ ઈન્સ્પેક્ટર નાગર આવીને ઊભા હતા. તે આ વાર્તાલાપ સાંભળી રહ્યા હતા. તે નજીક આવ્યા અને ધીરેથી તેમણે હાંડા સાહેબને કાનમાં કંઈક કહ્યું. હાંડા ઘડીભર નાગર તરફ જોઈ રહ્યા. અને પછી તેમણે ડોકું ધુણાવ્યું અને ત્યાંથી ચાલ્યા ગયા.

'ચાલો મારી સાથે, હું તમને તમારા દીકરા પાસે લઈ જાઉં છું.' નાગરે કહ્યું. સંતરામ પરોતના ચહેરા પર આભારની લાગણી તરી આવી. તેમણે નાગર તરફ જોયું. આ અફસર માયાળુ લાગતો હતો. તેમને ખબર ન હતી કે નાગરના માયાળુ ચહેરા પાછળ મગજ તો એક ગણતરીબાજ પોલીસ અફસરનું હતું. સંતરામ અને તેના દીકરા વચ્ચેની વાતચીત પોલીસ માટે કંઈક ઉપયોગી થઈ પડશે. અત્યારે મોરારકાથી માંડીને અદના સબ-ઈન્સ્પેક્ટર માટે લૂંટનો માલ ક્યાં છે એ પ્રશ્ન ઘણો અગત્યનો હતો.

**

આખી રાત અસ્વસ્થતામાં ગાળીને જિગર થાકી ગયો હતો. તેના કમરામાં મૂકેલા લાકડાના પાટિયા પર પાથરેલા ગાદલામાં તે સૂતો હતો. તેનું બારણું ખાલી જ બંધ હતું. બે હથિયારધારી પોલીસ તેના કમરામાં બેઠા હતા. ઈન્સ્પેક્ટર નાગરે બારણાને ધક્કો માર્યો. બન્ને જણ સલામ ઠોકીને ઊભા થઈ ગયા. નાગરે તેમને બહાર જઈને ઊભા રહેવાનો હુકમ કર્યો.

'જિગર, તારા બાપુજી મળવા આવ્યા છે.' તેમણે અંદર જઈને કહ્યું.

જિગર પથારીમાંથી બેઠો થઈ ગયો. 'કોણ અદા ?... તેમનું શું કામ છે ઈન્સ્પેક્ટર ! આઈ ટેલ યૂ ડૉન્ટ ઈન્વૉલ્વ માઈ ફાધર... પ્લીઝ...'

'એ તને મળવા માગે છે...'

'તમે એમને એરેસ્ટ તો નથી કર્યા ને ?' જિગરે ઝડપથી પ્રશ્ન કર્યો.

'શા માટે ? સિવાય કે તેમણે પણ આ લૂંટમાં ભાગ લીધો હોય.' નાગરે ગંભીરતાથી કહ્યું.

'ઈન્સ્પેક્ટર, એટલે તમે શું કહેવા માગો છો ?'

'ઉશ્કેરાવાની જરૂર નથી. દીકરો અને બાપ બંને સામેલ હોય તેવા ગુનાઓ મેં પકડ્યા છે. એટલે હું નવાઈ પામું નહિ.' નાગરે ઠાવકાઈથી કહ્યું.

'ઓહ ગૉડ ! ઈન્સ્પેક્ટર, કેટલી વાર મેં તમને કહ્યું છે કે મારા બાપુ... મારા અદા... ભોળા... તદ્દન બાળક જેવા ભલા... નિષ્ઠાવાન આદમી છે. તમે... તમે એમને સતાવો નહિ. પ્લીઝ લીવ હિમ એલોન... હાંડા સાહેબે ગઈ કાલે કહ્યું હતું કે અદાને બજોટા પાછા જવા દેવામાં આવ્યા છે... પાછા શા માટે લઈ આવ્યા ?'

'હજુ લૂંટનો માલ મેળવવાનો બાકી છે.' નાગરે ઠંડકથી કહ્યું.

'એ માટે તમે મારા બાપને, મારા અદાને ટૉર્ચર કરવા માગો છો ? ઈન્સ્પેક્ટર... તમારે મને જે પૂછવું હોય તે પૂછી શકો છો... મારા અદા આમાંનું કંઈ...' જિગર એકાએક અટકી ગયો. તેના મગજમાં અત્યારે પારાવાર ગૂંચવણ ચાલતી હતી. તેણે સાંભળ્યું હતું કે હરીશે કબૂલાત કરવાનું સ્વીકાર્યું છે. પણ જ્યાં સુધી તે જાણે નહિ કે હરીશે શું, કેટલું અને કેવી રીતે કહ્યું છે ત્યાં સુધી તે મોં બંધ રાખવા માગતો હતો. પોલીસે તેમની કૉમ્યુનિકેશન લાઇન તોડી નાખી હતી. કોઈ તેને કશું કહેતું ન હતું. મોડી રાત સુધી પોલીસે હિલચાલ કરી હતી. મેજિસ્ટ્રેટને બોલાવીને તેમની એફ.આઈ.આર. મુકાઈ હતી. ગુનેગારોને રિમાન્ડ પર સોંપવાની અરજી ઘડાઈ હતી. સૌથી લાંબો સમય જિગરને ડિટેન્શનમાં રખાયો હતો. પણ હેબિયસ કોર્પસ કોઈ ઉઠાવે તેવું તેને માટે શક્ય ન હતું. પોલીસે કોઈને આંગળી પણ અડાડી ન હતી.

'આમાંનું કંઈ જાણતા નથી એમ જ ને !' નાગરે જિગરનું વાક્ય પૂરું કર્યું. જિગર ચૂપ રહ્યો. થોડીક પળો બાદ નાગરે પૂછ્યું : 'મારે શું કરવાનું છે ? તારા અદાને ના કહી દઉં કે તારે મળવું નથી ?'

'નહિ... ફોર ગૉડ્ઝ સેક.. ઈન્સ્પેક્ટર મને એ કહેશો, ગોવિંદ ભંડારી ક્યાં છે ?' જિગરે પૂછ્યું.

'અશોક અને ચંદન વિશે નથી પૂછવું ?'

'આઈ નો.. આઈ નો... તમે એમને મારી મારીને અધમૂઆ કરી નાખ્યા છે તે... પણ ગોવિંદ ક્યાં છે ?'

'દરેક પ્રશ્નનો જવાબ આપવો જોઈએ -' નાગર સાહેબ કહેવા ગયા કે જવાબ આપવાની તેમની ફરજ નથી. પણ તે પહેલાં તો જિગર ઊભો થઈ ગયો અને નાગરની સામે ધસ્યો. 'હું પૂછું છું સાહેબ, ગોવિંદ ક્યાં છે ?'

'હી ઇઝ નો મોર !' નાગરે ધીરેથી કહ્યું.

'એટલે ! એટલે ! મેં સાંભળ્યું તે વાત સાચી છે ?'

'શું સાંભળ્યું ?' નાગરે પૂછ્યું.

'કે પોલીસે તેને -'

'પોલીસે તેને કશું કર્યું નથી, ઊલટાનું તેણે પોલીસના માણસોને મારી નાખ્યા છે...' કહીને નાગરે ઝડપથી જિગરને ચિતોડમાં બનેલી હકીકતનો પોલીસ અહેવાલ આપ્યો. જિગર સ્તબ્ધતાથી ખાટલા પર બેસી ગયો....

'તમે... તમે ગોવિંદને મારી નાખ્યો....!'

'હી ગૉટ હિમસેલ્ફ કિલ્ડ. તે જાતે જ મર્યો - અકસ્માતથી...' નાગરે કહ્યું. પણ જિગરના કાનમાં તે અવાજો, તે શબ્દો પહોંચ્યા નહિ. તેણે પોલીસની વાતચીત પરથી તારણ કાઢ્યું હતું કે અશોક અને ગોવિંદ બન્નેએ એરેસ્ટ રેઝિસ્ટ કરી હશે. પણ હરીશ અને ચંદન કેવી રીતે ઝડપાયા તે તેને સમજાતું ન હતું. ગૂંચવણોથી તે ગૂંગળાઈ રહ્યો હતો.

'આપણે એ વિશે વાત કરીશું જિગર... તમને ચાર વાગ્યે કોર્ટમાં રજૂ કરવાના છે. તે પહેલાં તારે તારા અદાને મળવું હોય તો મળી લે. તેમને બિચારાને... વેલ... હી ઇઝ એ નાઈસ ઓલ્ડ મૅન.' નાગરે પ્રેમથી કહ્યું. જિગરે ઘડીભર આંખ મીંચી લીધી. ગોવિંદ મરાયો હતો ? ઓહ ગૉડ... ઑહ ગૉડ....!

**

અદાના હાથમાં રાજસ્થાન પત્રિકાનો ખાસ વધારો હતો. તેમનાં કપડાં મેલાં થઈ ગયાં હતાં. ચહેરા પરની આછી કરચલીઓ ઊંડી ઊતરતી હતી. તેમના હાથ ધ્રૂજતા હતા. તે કમરાના બારણે આવીને ઊભા રહ્યા....

'જિગર... બેટા...' તે બોલ્યા. તેમના અવાજમાં એક બાપનો પ્રેમ નીતરતો હતો. દુષ્ટ દુનિયાએ પોતાના એકના એક દીકરાને ઘેરી લીધો હોય અને છતાં સત્યનું

ઓજસ એ ઘેરાને ભસ્મીભૂત કરીને પોતાના દીકરાને આફતમાંથી ઉગારી લેવાનું હોય તેવી શ્રદ્ધા તેમની આંખોમાં વર્તાતી હતી.

'અદા...' જિગર સામે ધસી ગયો. રસમ પ્રમાણે નીચો વળીને પગે લાગ્યો. અદાએ ધ્રૂજતા હાથે તેનાં બાવડાં પકડ્યાં અને ઊભો કરી દીધો. અદાની બગલમાં બેવડું વાળેલું છાપું નીચે પડ્યું... જિગરે તેની હેડલાઈન વાંચી... તેના હૃદયમાં એકાએક જાણે ચીરો મુકાયો હોય તેમ ફાળ પડી.

'જિગર બેટા, તું જમ્યો ?'

'હા. અદા.' તેણે જવાબ આપ્યો અને બારણા તરફ જોયું. બારણા આગળ ઈન્સ્પેક્ટર નાગર કાન સરવા કરીને ઊભા હતા. 'તમે જમ્યા ?' પણ અદાએ જવાબ ન આપ્યો. તેમણે નીચા વળીને છાપું ઉઠાવ્યું.

'બેટા... જિગર આ...' કહીને તેમણે છાપું ધર્યું. જિગર ઘડીભર જોઈ રહ્યો. ડાક બંગલાની બહાર ઘોંઘાટ હતો. તેનો આછો અવાજ અંદર આવતો હતો. તે સિવાય કમરામાં સ્તબ્ધતા હતી.

'ઈન્સ્પેક્ટરે મને વાત કરી અદા..' જિગરે કહ્યું.

'આ બધું... આ બધું... સાચું છે દીકરા... આ વાત સાચી છે ?'

'મને ખબર નથી અદા... એ બધું ચિતોડમાં બન્યું અને હું તો અહીં હતો. પોલીસે ગોળીબાર કર્યો કે અકસ્માત થયો કે શું થયું મને ક્યાંથી ખબર પડે...?'

'એ નહિ... એ નહિ બેટા... આ લૂંટની વાત... આ લૂંટની વાત...'

'અદા લૂંટ થઈ છે તેટલે તો બધી રામાયણ છે ને... એ વાત તો સાચી જ છે ને.'

'નહિ દીકરા એ નહિ. લૂંટ થઈ છે એ નહિ... લૂંટમાં તું સામેલ હતો ?' અદાએ પૂછ્યું અને તેમની આંખો અપેક્ષાથી ઊભરાઈ ગઈ. જાણે કે હમણાં તેમનો દીકરો બોલી ઊઠશે કે અદા, આ બધું ખોટું છે. મારા ભાઈબંધોને કારણે આમાં મારું નામ સંડોવાયું છે, બાકી હું નિર્દોષ છું.... તદ્દન નિર્દોષ છું. પણ જિગર એવું કશું બોલ્યો નહિ. તેણે બારણા તરફ જોયું.

'મને લાગે છે તમે બાપ-દીકરો એકલા વાત કરી લો...' નાગર બોલી ઊઠ્યા. જિગરના ચહેરા પર એકાએક ગુસ્સો તરી આવ્યો. કમબખ્ત ઈન્સ્પેક્ટર... તેણે આવું કહીને તેના બાપની શંકા દઢ કરી નાખી હતી.

'જવાબ આપને દીકરા...' અદાએ લાચારીથી કહ્યું.

'અદા... તમે ચિંતા ન કરો.. તમે બજોટા ચાલ્યા જાઓ. મને કશું થવાનું નથી. તમે અહીં આ રીતે આવો તે બરાબર નથી. ખૂબ મોટી ગરબડ થઈ છે. ગોવિંદ ગુજરી ગયો છે. મારાથી... મારાથી એ વિચારી શકાતું નથી. એકી સાથે ઘણી બધી બાબતો છેલ્લા ચોવીસ કલાકમાં બની છે. અદા.. એટલે આઈ મીન...' જિગરથી બોલાતું ન હતું. તેની અવાજપેટીમાંથી નીકળતા શબ્દોમાં જીભ અટવાતી હતી. ગોવિંદના મૃત્યુના સમાચારથી તે અંદરથી ભાંગી પડ્યો હતો. વજ્ર જેવું હૈયું કરીને તે ટક્કર લઈ રહ્યો હતો. ત્યાં તેના અદા આવીને ઓર બોજો તેના ભારેખમ હૃદય પર ઠાલવી રહ્યા હતા.

'તો પછી શા માટે તું પોલીસને કહેતો નથી ? શા માટે તું કહેતો નથી કે મોટી ગરબડ ઊભી થઈ છે ? તારા ભાઈબંધોને લીધે તને આ લોકોએ પકડ્યો હોય તો તારે એ લોકોને સમજાવવું જોઈએ....'

'અદા... અદા... આટલી સહેલી આ વાત નથી. મારે કારણે મારા દોસ્તોને...' તેણે માથું હલાવ્યું. અદાના પ્રશ્નનો જવાબ આપવાની તેનામાં શક્તિ ન હતી.

'ભાઈબંધોને મદદ કરવી એ ધર્મ છે દીકરા, પણ નાદાનિયતમાં સાથ આપવો તે મૂર્ખતા છે. તું કહી દે... તારા ભાઈબંધોએ આ લૂંટ કરી હોય અને તને બધી વાતની ખબર હોય તો તારે પોલીસને મદદ કરવી જોઈએ. તારા ભાઈબંધોએ ખોટું કામ કર્યું હોય તોય તારે એમને બચાવવા જોઈએ ? ભાઈબંધી શું એવી ફરજ માગે છે ?' અદાએ હાથ ફેલાવીને તેને કહ્યું.

'અદા... એવું છે...' જિગરે શરૂ કર્યું. બારણા તરફ જોયું. 'અદા... આજે સાંજ પહેલાં મને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. હું ત્યાં બધો ખુલાસો કરી નાખીશ...'

'મૅજિસ્ટ્રેટ પાસે તું ખુલાસો કરીશ ? તો પછી તારા બાપ પાસે તને ખુલાસો કરતા શું મૂંઝવણ થાય છે ?' અદાને હવે શંકા આવતી હતી. 'મારાથી તારે છુપાવવું પડે તેવું તેં કંઈ કર્યું છે દીકરા ?'

'અદા... મેં કહ્યું ને કે મને... મારે વિચારવાનું છે. મારે... મારે...આઈ મીન તમને કેવી રીતે સમજાવું....'

'મારે સમજવું નથી બેટા... મારે સત્ય સાંભળવું છે.'

'શું સત્ય ?'

'આ લૂટમાં તું હતો ?' અદાએ પૂછ્યું.

'અદા... શા માટે આ બધું તમે પૂછો છો ? મેં તમને કહ્યું તો ખરું કે...'

'આ લૂંટમાં તું સામેલ હતો જિગર ?' અદાએ મક્કમતાથી પૂછ્યું. જિગર ધીરેથી ફર્યો. દીવાલ તરફ પીઠ ફેરવીને ઊભો રહ્યો.

'નહિ અદા.. ન હતો.' તેણે ઊંડો શ્વાસ લઈને જવાબ આપ્યો. અદાએ આંખો મીંચી. તેની નજીક આવ્યા.

'મારી સામે જો... જિગર... તારી માના સોગંદ ખાઈને કહે કે તું આ લૂંટમાં ન હતો... જિગર...'

જિગરના ખભા ઢીલા થયા. તે ફર્યો નહિ. સ્તબ્ધતાથી ઊભો રહ્યો. તેને ચક્કર આવતાં હતાં. તેણે આંખો મીંચી.... એકાએક તેની નજર સમક્ષ તેની માની તસવીર ખડી થઈ. જયસમન્દના ઓવારે તેની મા તેને પકડવા આવતી અને તે દોડીને ત્યાં બાંધેલા પથ્થરના હાથી પર ચડી જતો. તેની મા એ પથ્થરના હાથીની સૂંઢ પકડીને તેના નાનકડા પગ પકડવા પ્રયત્ન કરતી. હાથીનું પૂછડું પકડીને તે ઊતરી જતો. દોડીને ઓવારાના ઉપરના ભાગમાં બાંધેલી છત્રી પર ચડી જતો... તો ક્યારેક જયસમન્દના નીલા પાણીમાં ભૂસકો મારી દેતો. તેની મા સાડીનો કછોટો મારીને દોડતી કે પછી તેની પાછળ પાણીમાં પડતી અને તેને પકડી પાડતી.... અને તે માની કોટે વળગી પડતો...

'તારી માના સોગંદ ખાઈને કહે દીકરા, કે તું આ લૂંટમાં નહોતો...' અદાના એ શબ્દો આખા બ્રહ્માંડમાં ગુંજી રહ્યા. તે થડકી ઊઠ્યો.

'ચૂપ કેમ છે દીકરા ?'

'માના સોગંદ હું કદી ખાતો નથી. અદા... મારી માના સોગંદ હું રમતમાંય ખાતો નથી.' જિગરે જવાબ આપ્યો.

'તો મારા સોગંદ ખાઈને કહે તું.'

'અદા, તમે મને મજબૂર ન કરો. આપણે બજોટામાં ઊભા રહીને વાત કરતા નથી. આપણે પોલીસ કસ્ટડીમાં ઊભા છીએ.'

'બજોટામાં કે પોલીસ કસ્ટડીમાં સત્ય એકનું એક જ હોય છે....'

'મારે જે કહેવાનું છે તે કોર્ટમાં કહીશ. અદા, તમે કાયદા સમજતા નથી.'

'ઈશ્વરના કાયદાથી કોઈ કાયદા મોટા નથી. સત્ય ઈશ્વરનો કાયદો છે.'

'તમારે શું સાંભળવું છે અદા ? તમે જે સાંભળવા માગો છો તે તમે જાણીને આવ્યા છો પછી શા માટે મને મજબૂર કરો છો. મારે અત્યારે સ્વસ્થ રહેવાની જરૂર છે, લાગણીઓની નહિ.'

'એટલે ?'

'ઓ. કે.... ઓ. કે... અદા. તમારે સત્ય જ જાણવું છે ને... તો...' જિગરે અકળાઈને કહ્યું અને એકાએક તેણે અવાજ ધીરો કર્યો. હોઠ ફફડાવીને તેણે કહ્યું, 'અદા...

આ દેશમાં પરિવર્તનની જરૂર છે. આ દેશમાંથી હલકટ રાજકારણીઓને, શોષણખોર લોકોને, આ દાવાનળ જેવી ગરીબીને હઠાવવાની જરૂર છે. ને પારાવાર હિંસા ઉન્મૂલન માટે એક જ રસ્તો છે... હિંસા.... ગાંધીજીએ જે કર્યું તેને લાયક આપણે નથી. આપણે તો ગદ્દારો છીએ. ગાંધીજીને નામે તરનારા ધીટ, કાળમીંઢ પથ્થરો છીએ... જેમની કચ્ચે કચ્ચ થવી જોઈએ. તેમનો સર્વનાશ થવો જોઈએ. તે ડૂબી જવા જોઈએ. પાંત્રીસ વર્ષથી માલમલીદો ખાઈને દેશને દોજખ તરફ ધકેલી દેનાર એકેએકને વીણીને ખતમ કરી નાખવા જોઈએ. તે વગર નવનિર્માણ શક્ય નથી. આ કામ અમે કરવા માગતા હતા. અમે - હું, ગોવિંદ, મારા મિત્રો.'

'લૂંટમાં તું સામેલ હતો જિગર ?' અદાને કોઈ ભાષણની જરૂર ન હતી. કોઈ ક્રાન્તિ, ઉન્મૂલન, ભ્રષ્ટાચાર કે પરિવર્તનની વાત સાંભળવી ન હતી....

'તમારી પાસે ક્યારેય જૂઠું બોલ્યો નથી. અદા... નાનો હતો ત્યારથી... આજે શા માટે તમે મને જૂઠું બોલવા મજબૂર કરી રહ્યા છો ?' જિગરનાં ફેફસાંમાં ડૂમો ભરાતો હતો.

'લૂંટમાં તું સામેલ હતો ! જિગર... સંતરામ પરોતનો દીકરો !' આ વખતે અદાના શબ્દોમાં પ્રશ્નાર્થ ન હતો. આશ્ચર્ય હતું.

'હા... આ અદા.. લૂંટમાં નહિ પણ ક્રાન્તિમાં.....' જિગરે જવાબ આપ્યો.

સંતરામ ધીરેથી અવળા ફર્યા... દુર્વાસાની માફક તેમના આખાય શરીરમાં ક્રોધની, આક્રોશની, ધિક્કારની જ્વાળાઓ ભભૂકી ઊઠી...

'તારું મોં કદીય મને બતાવતો નહિ. ઈશ્વર તને પૂરતી સજા આપે.' બાપનો આ શાપ હતો. નિષ્ઠાથી, પ્રામાણિકતાથી જીવેલા બાપની એ આર્ષવાણી હતી.

'અદા... અદા....' જિગરે તેમને રોકવા પ્રયત્ન કર્યો, પણ કમરાના બારણાને ધ્રૂજતે હાથે ધક્કો મારીને તે બહાર નીકળ્યા. તેમની આંખો આંસુથી ઊભરાતી હતી પણ પોપચાની ભીતરમાં. એ આંસુ બહાર પડતાં ન હતાં. કોરીડોરમાંથી તે બહાર આવ્યા ત્યારે આંખમાં ભરાયેલું પાણી સ્થિર થઈ ગયું હતું. એક આવરણ રચાયું હતું... આંસુ જાણે કે ધૂંધળો કાચ બની ગયાં હોય તેમ તેમની દૃષ્ટિ ઓછી થતી ગઈ.... ડાક બંગલાના ઝાંપા પાસે તે પહોંચ્યા ત્યારે આંખ પર કાચનાં પડળ બંધાઈ ગયાં હતાં.. અદા... અદા ક્યારેય તેમના દીકરાનું મોં જોઈ શકવાના ન હતા. પારાવાર આઘાતથી તેમની દૃષ્ટિ વિલાઈ ગઈ હતી....

**

અદા અભિશાપ આપીને વિદાય થયા હતા, અને જિગર પરોત પ્રથમ વાર ભાંગી પડ્યો હતો. ડેકોઈટી વિથ મર્ડર, ક્રિમિનલ કૉન્સ્પિરસી... મર્ડર... એ ગુનાઓની સજાઓથી તે વાકેફ હતો. પણ સૌથી આકરી સજા તો અદાના પારાવાર ધિક્કારથી સળગી ઊઠેલી આંખમાંથી તેને મળી હતી. કેટલા જતનપૂર્વક તેમણે જિગરને ઉછર્યો હતો ! કેવા મનસૂબા તેમણે દીકરાના ભાવિ અંગે ઘડ્યા હશે ! પરીક્ષાનું પરિણામ કહેવા તે જ્યારે આવતો ત્યારે તેના માથે હાથ ફેરવીને અદાની આંખો હર્ષનાં આંસુથી ઊભરાઈ જતી. અંગ્રેજી સાહિત્યને પોતાના દીકરાએ પચાવી નાખ્યું છે તેનો ગર્વ સંતરામ પરોતને ઓછો ન હતો. આજે એ દીકરાએ, એ ભલા બાપનું સ્વપ્ન છિન્નભિન્ન કરી નાખ્યું હતું. તેના ગર્વનું, ગૌરવનું ખંડન કરીને તેના ટુકડે ટુકડા કરી નાખ્યા હતા.

'હી ઇઝ રિયલી એ નાઈસ ઑલ્ડ મૅન...' અદા ચાલી ગયા પછી ઇન્સ્પેક્ટર નાગરે ઠાવકાઈથી સ્ટેટમેન્ટ કર્યું હતું.

'યસ હી ઇઝ....' જિગરે જવાબ આપ્યો હતો. આ નવો આવેલો ઇન્સ્પેક્ટર ખરેખર કંઈ જુદી માટીનો હતો. જિગરને તેના સ્મિતથી ગુસ્સો આવતો.

'વેલ... શેલ વી ટૉક એ લિટલ ?' તેણે ધીરેથી કહ્યું.

'વાત કરવાના હું મિજાજમાં નથી ઇન્સ્પેક્ટર...' જિગરે કહ્યું.

'હું એ ન સમજી શકું તેટલો મૂર્ખ નથી. પણ શું થાય ? મારે મારી ફરજ બજાવવાની છે.' નાગરે કહ્યું અને પ્રશ્નોનો મારો શરૂ કર્યો.

**

'એક શબ્દ હું બોલવાનો નથી... નૉટ એ સિંગલ વર્ડ.... તમારાથી થાય એ કરી લો... મોરારકા સાહેબ. મારા મિત્રોની હાલત હું નજરે જોઉં નહિ ત્યાં સુધી હું કોઈ કબૂલાત કરવાનો નથી.' હરીશ બોલી ઊઠ્યો.

'હું તને મદદ કરવા માગું છું હરીશ.. ટ્રાય ટુ અન્ડરસ્ટૅન્ડ... તારા પિતા મારા મિત્ર છે. અને મિત્રનો દીકરો...'

'ફાંસીએ ચડે તે તમને પસંદ નથી. આઈ નો... આઈ નો....' હરીશ ઊભો થયો. કમરામાં આંટો મારતાં તે બોલ્યો. 'અને મારા ઘવાયેલા મિત્રોને તમે... તમે પોલીસો બેફામ રીતે મારો તે હું બરદાશ્ત કરી લઈશ ? નહિ મોરારકા સાહેબ, હું એક અક્ષર નહિ બોલું...'

'ઓ. કે. મારાથી તને ફરજ નહિ પડાય. તમારો કેસ ઓપન એન્ડ શટ કેસ છે, તેનો તને ખ્યાલ છે ને !' મોરારકાએ કહ્યું.

'ખ્યાલ છે.' હરીશે કહ્યું. 'પણ ચિતોડમાં શું બન્યું તે મને સમજાય નહિ ત્યાં સુધી હું હરફ પણ બોલવાનો નથી.' હરીશ મક્કમ હતો. તેણે માથાના વાળ સરખા કર્યા.

**

'ગોવિંદ ક્યાં છે ?' ચંદન બરાડતો રહ્યો. તેની સ્થિતિ ગંભીર હતી. તેના શરીર પર સોજા આવ્યા હતા અને તાવ ધીખતો હતો. તેના ઘામાંથી નીકળતું લોહી અટકાવવા ડૉક્ટરો અથાગ પ્રયત્ન કરી રહ્યા હતા. ડી. એસ. પી. હાંડા બે વખત હૉસ્પિટલની મુલાકાતે જઈ આવ્યા હતા. ચંદને રટ પકડી હતી. 'ગોવિંદ ક્યાં છે ?'

ચંદન નામેચાનાં પિતા, મા અને બહેન બધાં જ કોરીડોરની નીચે હૉસ્પિટલનાં કંપાઉન્ડની લોનમાં કલાકોથી ઊભાં રહ્યાં હતાં. ચંદન કોઈને મળવા માગતો ન હતો. કોઈને નહિ....

એ જ હૉસ્પિટલમાં એ જ ઇમર્જન્સી વૉર્ડના પાર્ટિશનની પાછળ અશોક શેખાવત સૂતો હતો. તેનું પણ આખું ઘર કોરીડોરની બહાર, તે જાગે અને ડૉક્ટરો કે પોલીસ તેને મળવા દેવાની પરવાનગી આપે તેની રાહ જોતું ઊભું રહ્યું હતું.

એવી જ હાલત હતી એસ. પી. રતનસિંહ આલાતની. ચિતોડમાં બનેલા ગમખ્વાર બનાવમાં ઘણા બધાને ઈજા થઈ હતી. પાંચ કૉન્સ્ટેબલો મૃત્યુ પામ્યા હતા. સબ-ઇન્સ્પેક્ટર ઢવન ગંભીર હાલતમાં હતા. ફિયાટ મોટરમાં ગોવિંદ ઉપરાંત પણ કોઈ હતું, એ માહિતી આલાતે આપી હતી. અને આખા ચિતોડ ડિસ્ટ્રિક્ટમાં બને તેટલી ઝડપે નાકાબંધીઓ કરવામાં આવી હતી. પણ એ કોણ હતું તેનો કોઈ અણસાર પોલીસ પાસે ન હતો.

**

તે દિવસે રાતના પાછલા પહોરે જ મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીઓને સ્થળ પર જ રજૂ કરવામાં આવ્યા હતા. અને પંદર દિવસ ઇન્વેસ્ટિગેશન માટે પોલીસે પૂરતા માન્યા હતા. હરીશ જૈન કબૂલાત કરવા માગે છે તેને માટે ખાસ સેશન રખાઈ હતી અને કબૂલાત અંગે કાયદાની કલમો તેને સમજાવવામાં આવી હતી. હરીશને વિચાર કરવાનો સમય આપવામાં આવ્યો હતો, કારણ ગુનો મોતની સજાને પાત્ર હતો. જેમાં તેની કબૂલાતથી તેના વિરુદ્ધના પુરાવા સાંપડવાના હતા. સમી સાંજે તેને માહિતી આપવામાં આવી કે આવતા બાર કલાકમાં પોલીસ તેના ઘરની ઝડતી લેશે. આવી માહિતી આપવાનું કોઈ કારણ કાયદાની

દૃષ્ટિએ આપવું જરૂરી ન હતું. પણ મોરારકા હરીશને કંઈક માનસિક દબાણ આપવા માગતા હતા. હરીશને આ સાંભળીને ફાળ પડી હતી. બૅન્કમાંથી લૂંટવામાં આવેલા પૈસાનો કેટલોક ભાગ તેના ઘરમાં જ હતો. ઘરની ઝડતી લેવાય તે જૈન કુટુંબ વિશે નાકનો પ્રશ્ન હતો.

**

'મોરારકા સાહેબ... તમારે સત્ય સાંભળવું છે ને... આઈ વિલ ટેલ યૂ... આઈ વિલ ટેલ યૂ ધ એન્ટાયર સ્ટોરી... બટ નૉટ હિયર... નૉટ વિધાઉટ માઈ ફ્રેન્ડ્ઝ.' હરીશ બોલ્યો. મોરારકા તેને સમજાવવા માગતા હતા કે પોલીસ તેનું કન્ફેશન કોઈ એક મેજિસ્ટ્રેટ રૂબરૂ લેવા માગતી હતી. પોલીસ સમક્ષ કરેલું કન્ફેશન કેવળ ઇન્વેસ્ટિગેશન પૂરતું મદદરૂપ થાય, પણ તે કોર્ટમાં ટકે નહિ...

'મતલબ, હરીશ ?'

મતલબ એટલી જ કે મારે મિત્રોને કોઈ સતામણી હેઠળ મૂકવા નથી. મારે તેમની 'કન્સેન્ટ' જોઈએ.' હરીશે કહ્યું.

'એ લોકો કન્સેન્ટ આપે પછી તે જાતે જ કબૂલ ન કરે !'

'એક્ઝેક્ટલી મારે એ જ પૂછવું છે.'

'અને એ લોકો ના પાડે તો ?

'તો... તો... વેલ તો મારે કોઈ કબૂલાત કરવાની રહેશે નહિ.' હરીશે કહ્યું.

**

'મને ખબર છે સાહેબ, મને ખબર છે કે એ આખીય વાત, એ પદ્ધતિ ઈર્રેગ્યુલર છે. પણ યૂ નો વૉટ... આ છોકરાઓએ જે કર્યું તે કર્યું પણ જો આપણે આ કાવતરાના સૂત્રધારને પકડવો હશે તો માહિતી જોઈશે... સ્પષ્ટ માહિતી જોઈશે અને તે પણ ઝડપથી જોઈશે.' નાગરે જણાવ્યું.

'આપણે આજ સુધીમાં ક્યારેય ન કરી હોય તેવી તપાસ ચાલુ કરવામાં આવી છે. ત્રણ એસ. પી., પાંચ ઇન્સ્પેક્ટર્સ, લગભગ સત્તાવીસ જેટલા સબ-ઇન્સ્પેક્ટર્સ અને સંખ્યાબંધ કૉન્સ્ટેબલ્સ... તપાસમાં જોડાયેલા છે. આઈ થિન્ક આજ રાત પહેલાં આપણને પત્તો મળવો જોઈએ.'

'કોનો પત્તો સાહેબ ?... મોરારકા સાહેબ, એક ફિયાટમાંથી ભાગેલા કોઈ ઈસમનો ? ચહેરા વગરના એક ડ્રાઈવરનો ?' નાગરે પૂછ્યું.

'સાંજ પડતાં પહેલાં ફિયાટના માલિક વિશે આપણને ચોક્કસ માહિતી મળશે.' જગન્નાથ હાંડાએ વચ્ચે ટાપસી પૂરાવતાં કહ્યું. 'એ માણસને પકડવામાં વિલંબ થશે, પણ તે પકડાયા વગર રહી નહિ શકે.'

'અલબત્ત ! એ ફિયાટનો માલિક કોઈ ભળતો જ આદમી ન નીકળે તો... તમને એમ લાગે છે હાંડા સાહેબ, કે ફિયાટના માલિકને આ વાત ખબર હશે ? અરે, તેને કાંઈ જ ખબર નહિ હોય... વેલ એવું મારું માનવું છે.'

'તો પછી કરવું શું છે ?'

'મીટિંગ... ગુનેગારોની મીટિંગ. વી મસ્ટ ગેટ ધ આઈડિયા... અને એ આ છોકરાઓ જ આપી શકશે.'

'પણ નાગર, તમને ખબર છે, તેનું શું પરિણામ આવી શકે ?'

'ખબર છે સાહેબ... બીજી કૉન્સ્પિરસી... એવિડન્સ નહિ આપવાની અથવા ખોટા એવિડન્સની કૉન્સ્પિરસી.....' નાગરે કહ્યું.

'તો પછી ?'

'મને હેન્ડલ કરવા દો, સાહેબ... મને એક વખત એ હૅન્ડલ કરવા દો. એ છોકરાઓ જાણી ચૂક્યા છે કે તેમને શું સજાઓ થઈ શકે, હવે ખોટું બોલીને કે સાચું બોલીને તેમને માટે કોઈ ફરક પડવાનો નથી.'

'તો પછી એ સાચું શા માટે બોલે ?' હાંડાએ પ્રશ્ન કર્યો.

'જો તેમનો રિંગ લીડર... તેમને ઉશ્કેરનાર... તેમને યોજના ઘડી આપનાર છટકી જતો હોય તો તે જરૂર સાચું કહેશે....'

'ધેર ઈઝ એ પૉઈન્ટ...' મોરારકા બોલ્યા. તેમણે થોડી વખત વિચાર કર્યો. 'ઇટ્સ એ રિસ્ક... નાગર. આપણે ડિફેન્સના હાથમાં એક પાનું મૂકીએ છીએ.'

'થૅન્ક યૂ સર....' નાગરે કહ્યું. 'આઈ થિન્ક ઈટ વિલ વર્ક.'

નાગર તરત જ મોરારકાના હંગામી હેડક્વાર્ટર્સ પરથી હૉસ્પિટલ પહોંચ્યા. ડૉક્ટર્સને મળીને તેમણે હૉસ્પિટલનો એક કમરો પસંદ કર્યો. પોલીસ કંટ્રોલ દ્વારા ટેકનિશિયનોને બોલાવવામાં આવ્યા અને કમરામાં માઈક્રોફોન ગોઠવવામાં આવ્યાં. અને એ કમરાથી દૂર બીજી વિંગમાં રેકર્ડિંગ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી. ચંદન નામેચાની હાલતમાં ખાસ ફેર પડ્યો ન હતો. પરંતુ ડૉકટર્સને નાગરે સમજાવ્યું હતું કે આરોપીઓએ પોતે આ માગણી મૂકી છે અને તેમાં કશુંય ગેરકાયદે નથી. એક વખત પકડવામાં આવેલા આરોપીઓને એકઠા થવા ન દેવા અથવા તેમની એકસાથે પૂછપરછ ન થઈ શકે તેવો કોઈ કાયદો નથી. પ્રશ્ન કેવળ દર્દીઓની તબિયત અંગે છે. શક્ય છે કે એક વખત 'ગિલ્ટ' અંગે નિર્ણય લેવાઈ જાય અને ચંદનને અથવા અશોકને સમજાય કે તેમણે શું કૉર્સ લેવો જોઈએ તો તેમની તબિયતમાં સુધારો પણ થાય.

સાંજના સાડા આઠ વાગ્યે હરીશને કહેવામાં આવ્યું કે તેની માગણી તદ્દન બેહૂદી હોવા છતાં મંજૂર રાખવામાં આવી છે. તેના ઘવાયેલા મિત્રોને પ્રશ્નોત્તરીની ઝાઝી પળોજણમાંથી મુક્ત કરવા માટે આથી વધુ મદદ કોઈથી થઈ શકે નહિ. મોરારકાએ, જૈન કુટુંબ સાથેના સંબંધને ધ્યાનમાં લઈને આ વ્યવસ્થા કરી હતી.

'કોઈ પોલીસ ઑફિસર ત્યાં હાજર હશે ?' હરીશે પૂછ્યું.

'બેલાશક... હરીશ... તમે એવી તો અપેક્ષા ન રાખી શકોને કે આવા ભયાનક ગુનાઓ માટે પકડાયેલા આરોપીઓને તદ્દન મુક્તપણે મળવા દેવામાં આવે....' મોરારકાએ કહ્યું.

'તો પછી આનો કોઈ અર્થ ખરો ?' હરીશે કહ્યું, 'તમે અમને કોઈનીય રોકટોક વગર એકલા મળવા દો તો જ અમારે મળવાનો અર્થ છે.'

'શા માટે ?' મોરારકાએ પૂછ્યું. હરીશે મોરારકાની સામે જોયું અને પૂછ્યું, 'લૂંટમાં સંડોવાયેલા હોવાના આરોપસર તમે અમને પકડ્યા છે, બરાબર ? પણ એટલે તમારું કામ પતી ગયું તો નથી ને ! કે પતી ગયું છે ?' હરીશે પૂછ્યું.

'નહિ, જ્યાં સુધી અમને લૂંટનો માલ મળે નહિ ત્યાં સુધી કામ અધૂરું જ રહે છે.' મોરારકાએ કહ્યું. હરીશ તેમની સામે જોઈ રહ્યો. પછી ધીરેથી બોલ્યો, 'એ લૂંટનો માલ અમારી પાસે નથી.'

'તો ક્યાં છે ?'

'મને ખબર નથી.. એ ખબર ન હોય ત્યાં સુધી કબૂલાત કરવાનો કોઈ અર્થ ખરો સાહેબ ?' હરીશે પૂછ્યું.

મોરારકાએ વિચારમાં પડવાનો ડોળ કર્યો.

'તને મદદરૂપ થાય તેવું હું બીજું શું કરી શકું ?' મોરારકાએ પૂછ્યું.

'કીપ અવર પેરન્ટ્સ આઉટ ઑફ ધિસ...' તે બોલ્યો અને ઉમેર્યું : 'ગોવિંદ ભંડારીની માને કશું પૂછતા નહિ. તેના વિશે જે જાણવું હશે તે હું કહીશ... ડૉન્ટ હૅરેસ ધ પુઅર વુમન....'

'ઓ. કે.....' મોરારકાએ કહ્યું, 'તમને હું એકલા મળવાની રજા આપીશ.'

'નો બડી વિલ રેકર્ડ અવર ટૉક્સ.' હરીશે કહ્યું.

'હું જેન્ટલમૅન છું હરીશ અને ધાર કે એવી વાતચીત રેકર્ડ થાય તો તે કોર્ટમાં ઍડમિસિબલ નથી... અને બીજી વાત. તમે લોકો સમજી લેજો કે પોલીસ પાસે તમને 'બુક કરવાના તમામ પુરાવા છે. મારે તમને ખરેખર મદદ કરવી છે. નૉટ બીકોઝ યૂ આર બેટર ધૅન કૉમન ડેકોઇટ્સ, બટ યૂ આર યંગ, એજ્યુકેટેડ ઍન્ડ મિસગાઈડેડ.' મોરારકાએ કહ્યું અને ઉમેર્યું : 'અને મને તમારા કુટુંબની દયા આવે છે.'

હરીશના મગજમાં ગુસ્સાનું મોજું ઊઠ્યું પણ તે કંઈ બોલ્યો નહિ. કમબખ્ત નાગરના બચ્ચાએ તેને આબાદ રીતે ઝડપ્યો હતો, અને ત્યારથી જ તે સમજી ગયો હતો કે તેમની બાજી સમેટાઈ ગઈ છે. પણ તેને બીજી ચિંતા હતી. પોલીસને મુદ્દામાલ નહિ મળે તો તે છોડવાના નથી... તેના ઘરની, બધાનાં ઘરની ઝડતી લીધા વગર રહેવાના નથી. એ ઝડતી લેવાશે તો તેના પિતા અને આખું જૈન કુટુંબ ચકડોળે ચડશે. એટલું જ નહિ, તેના પિતા માટે પણ તેમાંથી આફત સરજાશે... એ તો ઠીક પણ બીરેન ભટ્ટાચાર્ય કોઈ પણ મુસીબત વગર આરામથી છટકી શકશે. ગોવિંદ મરાયો હતો એટલે હવે બીરેન મરે કે આખી દુનિયા મરે તેનો કોઈ રંજ હરીશને ન હતો....

**

રાત્રે દસ વાગ્યે હરીશ અને જિગરને બંધ સ્ટેશન વૅગનમાં હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. તેમની સાથે ડી.એસ.પી. હાંડા, ઈન્સ્પેક્ટર નાગર અને બીજા થોડાક અફસરો હતા. તે બધા સિવિલિયન ડ્રેસમાં હતા. ઈન્સ્પેક્ટર નાગરે સફેદ સફારી શર્ટ અને બ્લ્યુ પૅન્ટ પહેર્યું હતું. એ ચુનંદો અફસર અત્યારે કોઈ નિષ્ણાત અને કાર્યશીલ ડૉક્ટર હોય તેવો લાગતો હતો. પકડાયા પછી હરીશ જૈનની અને નાગરની આ પ્રથમ જ મુલાકાત હતી તેમ કહીએ તો ખોટું ન હતું.

'હલ્લો હરીશ....'

'મારે તમારી સાથે સારી રીતે વાત કરવી જોઈએ તેવી અપેક્ષા તમે રાખો છો ઈન્સ્પેક્ટર ?' હરીશે પૂછ્યું. નાગરે સ્મિત વેર્યું. જિગર તેના તરફ જોઈ રહ્યો.

'ચંદનને તમારે પકડી લેવો જોઈતો હતો. કમ-સે-કમ ગોવિંદનો જાન તો ન જાત. પણ નહિ, તમારે તો રાષ્ટ્રપતિ ચંદ્રક મેળવવો હતો ને ! તમને શી પડી હોય... તમને ખબર છે નાગર સાહેબ, તમે શું કર્યું છે તે ?.... તમે સૂરજને હોલવી નાખ્યો છે. તમે... તમે એક નરાધમ આદમી ન કરી શકે તેવું ભયાનક કૃત્ય કર્યું છે... યૂ.... ! યૂ... હેવ કિલ્ડ માઈ ફ્રેન્ડ... મારા ગોવિંદને તમે મારી નાખ્યો છે. તમે... તમે મને પકડ્યો હતો તે પૂરતું ન હતું ! માઈ ગૉડ... માઈ ગૉડ... આઈ હેટ યૂ... મારા અંતરથી હું તમને ધિક્કારું છું, મિ. નાગર... અને ઈશ્વર કરે ક્યારેક હું તમને આનો બદલો આપીશ... યસ... યૂ... વિલ પે ફૉર ધિસ... ઍન્ડ પે લાઈક હેલ...' કહીને હરીશ ચૂપ થઈ ગયો. તેની આંખોમાં પાણી આવ્યું. તે ગુસ્સાથી ધ્રૂજતો હતો.

નાગરને પોતાને પારાવાર દુઃખ થતું હતું. એ છોકરાની વાત ખોટી તો ન હતી. પણ પોલીસનેય ક્યારેક હૈયે પથરો મૂકીને કામ કરવું પડે છે. સમાજરચનાની આ શયતાની બાજુ છે. હથિયાર વાપરનારને સજા કરતા ન્યાયતંત્રને ટકાવી રાખવા એવી જ અથવા એથીય ભયાનક હિંસાનો આશરો લેવો પડે છે... કેવો વિરોધાભાસ !

**

હૉસ્પિટલમાં સન્નાટો હતો. ચંદન અને અશોકને એક કમરામાં લાવવામાં આવ્યાં હતા. એ કમરામાં ગમે તેટલી ધીરેથી થતી વાતચીત પણ રેકર્ડ થઈ શકે તેવી રીતે માઈક્રોફોન્સ ગોઠવવામાં આવ્યાં હતાં. ઘડિયાળમાં લગભગ સવા દસ ને પાંચ થઈ હતી.

**

કમરાનું બારણું ખોલવામાં આવ્યું. અંદર બેઠેલી નર્સ અને હાઉસમૅન તથા બહાર ઊભેલા હથિયારધારી સંત્રીઓને કમરાથી થોડે દૂર મોકલવામાં આવ્યાં. નાગર બારણા પાસે ઊભા રહ્યા. હરીશ અને જિગર કમરામાં પેઠા. ટ્યૂબ લાઈટના અજવાળામાં અશોક અને ચંદન વધુ ફિક્કા લાગતા હતા. ચંદનનો ચહેરો ઓળખાય તેવો રહ્યો ન હતો. માથાના એક ભાગ પર પાટો બાંધવામાં આવ્યો હતો. તેના હોઠ સૂજી ગયા હતા. જમણા જડબા પાસે ગાંઠ થઈ હોય તેટલો સોજો હતો. તે તરફના નસકોરા, આંખ અને ભમ્મર પર ભયાનક સોજો હતો. અશોકના બન્ને પગ પ્લાસ્ટરમાં નાખેલા હતા....

'હું અહીં જ ઊભો છું... એ બન્ને જણને ઉશ્કેરશો નહિ. ચંદનની હાલત ગંભીર છે.' નાગરે કહ્યું.

'મારી જવાબદારીનો મને ખ્યાલ છે.' હરીશે જવાબ આપ્યો. તે અને જિગર કમરામાં પ્રવેશ્યા...

'ચંદન !....' હરીશે ધીરેથી સાદ કર્યો. 'ચંદન, હું હરીશ.. હરીશ જૈન.'

ચંદને ધીરેથી આંખ ઉઘાડી. તેની એક જ આંખ બરાબર ઊઘડી શકતી હતી. હરીશ તેની નજીક ગયો. ચંદને તેનો ડાબો હાથ સહેજ હલાવ્યો. ઊંચો કર્યો. હરીશે ઝડપથી તેનો હાથ પકડ્યો.... કેટલાય વખતથી સંઘરી રાખેલાં આંસુ તેની આંખમાંથી સર્યાં....

'ચંદન ! હું દિલગીર છું... ચંદન...' તે બોલ્યો અને ચંદનના હાથ પર ઝૂક્યો....

'લિયો.... લિયો....' જિગરે અશોકને ઢંઢોળ્યો. અશોકે આંખો ખોલી... 'લિયો, હું છું, હું જિગર... જિગર પરોત...'

'શેક્સપિયર... શેક્સપિયર...' અશોક અધડૂકો બેઠો થયો. તેણે તૂટેલો હાથ જિગરના ગળે વીંટાળ્યો અને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો....

બાજુની વિંગના એક કમરામાં ટેપ રેકર્ડર મશીનનું સ્પૂલ ધીરેથી ફરતું હતું... ડી.એસ.પી. હાંડા એ ફરતા સ્પૂલ અને ઍમ્પ્લિફાયરમાંથી આવતો અવાજ સાંભળી રહ્યા....

**

પોલીસે ઊભા કરેલા હંગામી રેકર્ડિંગ રૂમમાં ટેપ ચાલતી હતી. ચકરાવે ફરતી ટેપમાં રેકર્ડ થનારા પ્રથમ શબ્દો હતા... લિયો અને શેક્સપિયર...

અશોક, ચંદન, હરીશ અને જિગર... ચારેય મિત્રો અત્યારે એક અનોખી પરિસ્થિતિમાં મળતા હતા. છત્રીસ કલાક પહેલાં તેમનો મોભો, તેમનું વ્યક્તિત્વ તદ્દન જુદું હતું. અને અત્યારે ભારતભરના લૂંટારાઓને આંબી જાય તેવા ખતરનાક ડાકુઓ તરીકે કુખ્યાત બનીને તે ઊભા હતા. ચંદન અને અશોક બન્નેની સ્થિતિ ગંભીર હતી. ચંદન પારાવાર જખમો હેઠળ દર્દ અનુભવતો હતો. એક ઘોડો પણ બેહોશ થઈ જાય તેટલાં 'પેઇન-કિલર્સ' તેને ડૉક્ટરોએ આપ્યાં હતાં છતાં તે જાગતો હતો. જાગતો હતો કારણ કે તે પકડાઈ ગયો હતો... એટલું જ નહિ, ગોવિંદના મૃત્યુના સમાચારથી તે હેબતાઈ ગયો હતો.

અશોકની શારીરિક સ્થિતિ ચંદન કરતાં સારી હતી, પણ તેની માનસિક સ્થિતિ ભયાનક હતી. વર્ષોથી તે ગોવિંદની છાયામાં જીવ્યો હતો. ગોવિંદ તેનો પયગમ્બર હતો, મિત્ર હતો, માર્ગદર્શક હતો. તેણે ગોવિંદને કદી નિષ્ફળ નીવડેલો જોયો ન હતો. ગોવિંદના કદમ પર તે હંમેશા ડગ ભરતો. આજ એ ગોવિંદ ન હતો. બૅન્ક ઑફ મેવાડની લૂંટ, એ ક્રાન્તિની શરૂઆત હતી. ગોવિંદ ભારતમાં જે અશ્વમેધ કરવા માગતો હતો, તે યજ્ઞનો આરંભ હતો. એ સઘળું છિન્નભિન્ન થઈ ગયું હતું. ગોવિંદ વગર તે અકલ્પ્ય 'ગિલ્ટ' અનુભવતો હતો... પાપ કર્યાની લાગણી ક્રાન્તિના જોસ્સાને નમાવી ગઈ હતી. અશોકની આંખમાં અવકાશ છવાઈ ગયો હતો.

થોડીક પળો ચાર જણે, આંસુ મઢેલી સ્તબ્ધતામાં ગાળી હતી. અશોક શેખાવત પાગલની માફક રડતો હતો. જિગર, અશોકના પલંગની ઇસ પર આવીને બેઠો. હરીશ, ત્રણે જણને આવરી લેતો ઊભો રહ્યો. 'વી હૅવ ટુ ફેસ ફેક્ટ્સ... વી હૅવ ટુ એન્ડ્યોર....'

'આઈ ડોન્ટ વૉન્ટ ટુ એન્ડ્યોર... આઈ વૉન્ટ ટુ ડાઈ... સાંભળો છો, મારે ગુજરી જવું છે... મારે... મારે...' અશોક બોલતાં બોલતાં રડતો હતો.

'ક્વાયેટ અશોક...' જિગરે કહ્યું. અશોક ડૂસકાં ભરતો જિગર સામે જોઈ રહ્યો. 'આપણે ગુનામાં સામેલ ન હતા તેમ કહેવાથી હવે કાંઈ વળવાનું નથી.

'વી હૅવ ટુ થિંક ઍબાઉટ એ વે આઉટ...' હરીશ બોલ્યો.

'ધૅર ઇઝ નો વે આઉટ...' જિગરે કહ્યું.

થોડી વાર ફરી શાંતિ છવાઈ.

'પેલો આઈ.જી.પી. અને પેલો ઇન્સ્પેક્ટર નાગર... ધ મૅન હુ ટ્રૅપ્ડ મી... એ બન્ને ભૂખ્યા શિયાળ જેવા છે.'

'ભૂખ્યા વરુ જેવા, ટુ બી પ્રિસાઇઝ. આઈ ઍમ સ્કેર્ડ ઑફ ધૅટ સૉફ્ટ સ્પૉકન નાગર... એની વે, એ બન્નેએ ગઈ કાલે રાત્રે આપણને છેતર્યા. મને તો થયું તમારા બન્ને પર એ લોકોએ થર્ડ ડિગ્રી શરૂ કરી છે.'

'મને પણ એમ જ લાગ્યું હતું. અને એટલે જ... એટલે જ.... આઈ ઍગ્રીડ ટુ ટેલ ધૅમ....' હરીશ બોલ્યો.

'આઈ નો...આઈ નો.....' જિગરે કહ્યું. 'ગમે તેમ, આવતી કાલે, બનતા સુધી એ લોકો આપણું કવેશ્ચનિંગ શરૂ કરશે. અત્યારે જ કદાચ એ લોકો આપણી વાતચીત સાંભળતા હશે. હું નથી માનતો કે કારણ વગર એ આપણને અહીં લાવ્યા હોય... કદાચ અત્યારે પણ આપણી વાતચીતનું રેકર્ડિંગ કરાતું હશે...'

'ભલે કરાતું હૉય... આઈ ડૉન્ટ કૅર !' હરીશે જિગર સામે જોયું અને આંખ મારી. 'લૅટ ધૅમ હિયર ધ ટ્રુથ....'

જિગર હરીશ તરફ જોઈ રહ્યો. એક પળ તે સમજી ન શક્યો કે હરીશ શું કહેવા માગે છે. 'એટલે હરીશ ?' જિગરે પૂછ્યું. હરીશે ફરી આંખ મારી. જિગરને ધીરેથી કંઈક ખ્યાલ આવતો હતો. તે સાચવીને બોલ્યો. 'ટ્રુથ... અરે હરીશ, તને લાગે છે આ પોલીસવાળાઓ આપણે જે કહીશું તે સાચું માનવાના છે ?'

જિગરનો પ્રશ્ન સાંભળીને હરીશના હોઠ પર સ્મિત ફરક્યું. જિગર આવો જ પ્રશ્ન પૂછે તેવું તે ઇચ્છતો હતો. 'તેમને ન માનવું હોય તો ન માને જિગર... પણ એક વાત સ્પષ્ટ છે. પોલીસ જીતી છે. આપણે મૂંગા રહીશું તો તે લોકો આપણને હેરાન કરશે...'

'આપણે જે હેરાનગતિ પામી રહ્યા છીએ તે ઓછી છે ?'

'એમ નહિ. પોલીસ આપણે લીધે આપણાં પેરન્ટ્સને હેરાન કરે તે મારાથી બરદાસ્ત થવાનું નથી.' હરીશે કહ્યું.

'ગુનો કર્યો હોય તેની જવાબદારી ગુનેગારની છે, તેનાં માબાપની નહિ.' જિગરે કહ્યું.

'બરાબર છે. પણ એ આપણે કહીએ છીએ. બાકી પોલીસને જેટલો રસ આપણને પકડવામાં હતો તેટલો જ રસ લૂંટના મુદ્દામાલમાં છે. અને જ્યાં સુધી આપણે એ માલ વિશે તેમને માહિતી ન આપી શકીએ ત્યાં સુધી તે લોકો આપણને છોડવાના નથી.'

'પણ એ માહિતી આપણે કેવી રીતે આપી શકવાના છીએ !' જિગરે કહ્યું.

'ધૅટ્સ ધ પૉઈન્ટ... પણ એ કોણ માનવાનું છે ? કોણ માની શકે ? આપણે પોલીસની જગ્યાએ હોઈએ તો આપણે માનવાના હતા ? મને એ જ ચિંતા છે. શું વાત કહેવી એ લોકોને ?'

'સાચી વાત કહેવી જોઈએ...' ચંદન ધીરેથી બોલ્યો.

'આપણે હવે શું ગુમાવવાનું છે ?'

'એ જ તો પ્રશ્ન છે ને ! કોણ માનવાનું છે કે આપણે એ પૈસા બીરેનને આપ્યા છે અને તેમાંય જ્યારે તેમાંનો થોડો માલ મારા ઘરમાંથી મળી આવશે ત્યારે એ વાત કોણ માનવાનું હતું...'

'હરીશ...!' જિગરે નાક પર આંગળી મૂકીને કહ્યું, જિગરને ખાતરી હતી કે ગમે તે રીતે પોલીસ આ વાતચીત સાંભળી રહી હતી. પણ હરીશ અટક્યો નહિ.

'હું મારા ઘરમાં ઝડતી થવા દેવાનો નથી. મારી પાસે જે પણ કાંઈ છે તે હું 'સરેન્ડર' કરી નાખીશ. આઈ વિલ ટેલ ધૅમ ધ ટ્રુથ... તારી પાસે જે છે તે તું પાછું આપી દેજે.'

'મારી પાસે ! મારી પાસે હવે કાંઈ નથી.' જિગર બોલી ઊઠ્યો. 'તું મને જે કાંઈ આપી ગયો હતો તેમાં રૂપિયા ન હતા....' જિગર અકળાયો. મૂંઝાયો.

'એટલે જિગર !' હરીશે પૂછ્યું. 'તેં એ કાગળો, એ દસ્તાવેજો, એ ફોટોગ્રાફ્સ, પ્રૉમિસરી નોટો... અને વૉટ નૉટ....એ બધું... એ બધું...'

'મેં નાખી દીધું છે... આઈ હૅવ થ્રૉન એવરીથિંગ...' જિગરે જવાબ આપ્યો. 'હરીશ એ ચીજો ગરમ લાહ્ય જેવી હતી...'

'ઑહ ગૉડ !.... જિગર... હું તને સાચવવા આપી ગયો હતો... એ ચીજો...'

'તે બરાબર છે. પણ મેં શરત કરી હતી ને, મેં તને કહ્યું ન હતું કે હું ચોવીસ કલાક તેના પર વિચાર કરીને પછી નિર્ણય લઈશ કે મારે તે સામગ્રી રાખવી કે ફેંકી દેવી. એની-વે, આઈ ડિસાઈડેડ ટુ થ્રો અવે ધ સ્ટફ... મને જો ખબર હોત કે આપણે આવી રીતે પકડાઈ જઈશું તો મેં એ ફેંકી દીધી ન હોત...'

'જિગર... સાચોસાચ એ ચીજો તેં ફેંકી દીધી છે ?' હરીશે પૂછ્યું. જિગરને કહેવાનું મન થયું કે એક પણ ચીજ તેણે ફેંકી નથી. જયસમન્દને ઓતરાતે કિનારે રૂઠી રાણીના મહેલના અવાવરુ ભોંયરામાં તે નાખી આવ્યો છે. પણ તે બોલ્યો નહિ. તે શા માટે બોલ્યો નહિ તે એને સમજાયું ન હતું. જેલવાસની છેલ્લી રાત્રિએ પણ તેને એ ખ્યાલમાં આવતું ન હતું.

'સાચોસાચ એટલે ? હરીશ, એ ચીજો રાખવી કે નહિ તેનો નિર્ણય લેવાનું તેં મારા પર છોડ્યું હતું ને ?' જિગરે પૂછ્યું.

'માઈ ગૉડ ! જિગર..... એ ચીજો ગોવિંદને કેટલી કામમાં આવી હોત !... આઈ મીન ગોવિંદ જીવતો હોત તો...'

'પણ હવે એ વાત પતી ગઈ છે. હરીશ.. ગોવિંદ ઈઝ નો મોર...'

'તેથી શું થયું ? કદાચ એ બીજા કોઈના કામમાં આવત. ગોવિંદ ગુજરી ગયો છે, પણ જેને માટે એ ગુજરી ગયો તે આઈડિયા... એ ઈન્કલાબ...'

'ડૉન્ટ ટોક લાઈક ધૅટ... હું પહેલેથી કહેતો હતો હરીશ, કે આખી વાત સુઈસાઈડલ છે. ધ હોલ બ્લડી આઈડિયા ઈઝ સુઈસાઈડલ. પણ ગોવિંદ મારું કહેવું માનવા તૈયાર ન હતો.' જિગર બોલ્યો.

'યૂ હૅડ યૉર ચૉઈસ... તને... તને કોઈએ ફરજ પાડી ન હતી... તને...' ચંદન ધીરેથી બોલ્યો.

'આઈ નો...' જિગરે જવાબ આપ્યો. 'પણ મારે કમજોર ગણાવું ન હતું. ગોવિંદ જે આદર્શની વાત કરતો હતો તેમાં હું સંમત હતો. પણ લૂંટ...'

'આપણે આ ચર્ચા કરવાનો સમય વીતી ગયો છે, જિગર...' હરીશે કહ્યું. 'આપણે માટે શ્રેષ્ઠ ચીજ છે બીરેનને શોધવાની. બીરેનને જો આપણે શોધી શકીએ તો આપણો ગુનો હળવો થઈ શકશે.'

'હરીશ... હરીશ... તારું મગજ ફરી ગયું છે ?' જિગરે પૂછ્યું. 'બીરેન જેવો કોઈ માનવી છે તેવું કોઈ માનશે ? ક્યાંથી શોધશો તમે એ બીરેનને ? તેનું સરનામું છે તમારી પાસે ?'

હરીશ ઘડીભર શાંત રહ્યો. પછી ધીરેથી બોલ્યો, 'વેલ... આપણામાંથી કોઈ એક જણ કબૂલાત કરે તેવું હું ઇચ્છું છું.'

'કબૂલાત કરવાથી કોઈ છૂટવાનું નથી. કાયદો શું છે તે આપણે બધા જાણીએ છીએ.' જિગરે જવાબ આપ્યો.

'કબૂલાત કરનાર તરફ કોર્ટ કદાચ થોડી રહમ રાખે....'

'એક વાત સાંભળી લે હરીશ... તારે ઘેર જે કાંઈ મુદ્દામાલ પડ્યો છે તે આપવાની તને ફરજ પડવાની છે. એટલે કબૂલાત તું કરે તેવું હું ઈચ્છું છું. અલબત્ત તેનાથી ગુનાની માત્રામાં ફેર પડવાનો નથી. પણ એક વાત મને સતાવે છે અને તે એ કે આખીય સ્કિમમાંથી બીરેન તદ્દન નિર્દોષ છટકી શકશે. એટલું જ નહિ, લાખ્ખો રૂપિયા સાથે તે છટકી જશે.'

'ગોવિંદને તેણે જ મારી નાખ્યો છે... તેણે જ...' ચંદન એકાએક બોલી ઊઠ્યો. 'ગોવિંદની સાથે તે હતો... તેનો ડ્રાઈવર હતો. તેમની પાસે ગ્રેનેડો હતી.' ચંદન બોલ્યો.

'એ જ મને સમજાતું નથી. એ કેવી રીતે છટકી ગયો ? ગોવિંદ ઝડપાયો અને મરાયો... મારે નાગરને પૂછવું પડશે...' હરીશ બોલ્યો અને જિગર હસ્યો....

'નાગર....! માઈ ગૉડ નાગર... તને કહેવાનો હતો ?' જિગરે કહ્યું. 'ગોવિંદ કદાચ સામો પણ થયો હોય. બેન્કમાં તે જે રીતે વર્ત્યો હતો તે જોતાં તે કદાચ ઉશ્કેરાઈ ગયો હોય....' જિગરના આ શબ્દો સાંભળીને હરીશ ચોંકી ઊઠ્યો.

'એટલે જિગર ?'

'તું તો બેન્કની બહાર ઊભો હતો. તને ક્યાંથી ખ્યાલ આવે કે અંદર શું થયું ? ગોવિંદ છેલ્લી ઘડીએ પારાવાર નર્વસનેસ અનુભવતો હતો.'

'નહિ, નર્વસ હું હતો... હું...' ચંદન બોલ્યો. 'આઈ ફાયર્ડ ફસ્ટ...'

'નો... ગોવિદ હૅડ ટૂ ફાયર.... ધ બ્લડી કેશિયર...' જિગર બોલ્યો. તે ઈચ્છતો હતો કે ચંદન બોલવાનું બંધ રાખે તો સારું. પોલીસે તેમને તક આપી હતી અંદર અંદર વાતચીત કરવાની અને જિગરને ખાતરી હતી કે પોલીસ ગમે તે રીતે આ વાર્તાલાપ સાંભળતી હશે. એ તકનો લાભ જિગર લેવા માગતો હતો. હરીશ પણ આ વાત સમજતો હતો. પણ તેમની પાસે યોજના કરવાનો, પૂર્વતૈયારીનો સમય ન હતો.

'ગોવિંદે ફાયર કર્યો ત્યારે જ તું નર્વસ થયો. એ તો સારું થયું ચંદન, કે તારી બુલેટ મને ન વાગી. નહિ તો મારી તો લાશ ત્યાં જ ઢળી ગઈ હોત. યૉર બુલેટ વીઝડ પાસ્ટ માઈ ઈઅર... ઈટ વૉઝ ફ્રાઈટનિંગ...'

'નહિ... ખરેખર જિગર ! તેં મને કહ્યું કેમ નહિ ?' ચંદને આશ્ચર્યથી કહ્યું.

'કારણ આપણી પાસે સમય જ ન હતો.' જિગરે કહ્યું, 'પણ બેફામ ગોળીઓ ગોવિંદે જ ચલાવી હતી...

'આઈ ડૉન્ટ બિલીવ ઈટ....' હરીશે કહ્યું. 'ગોવિંદ પહેલેથી જ ગોળીઓ ચલાવવાની વિરુદ્ધમાં હતો. તેણે મનાઈ કરી હતી....'

'યસ... કારણ તે પહેલેથી નર્વસ હતો. તે એમ માનતો હતો કે ચંદન નર્વસ થઈને ગોળી ચલાવી દેશે. પણ હકીકતમાં ઊલટું જ થયું.'

'કોણે ગોળી ચલાવી તે અગત્યનું છે ?' હરીશે પૂછ્યું.

'એક રીતે ખરું અને એક રીતે નહિ.' જિગરે જવાબ આપ્યો. 'ગોળી તેં ચલાવી હોય કે મેં... લૂંટ કરવામાં, કૉન્સ્પિરસીમાં, ડકાઈટીમાં આપણે બધા સામેલ હતા. વી આર ઑલ ગિલ્ટી....'

'આઈ... આઈ... તમે કોઈ કંઈ બોલશો નહિ... મારે જીવવું નથી. મારે જીવવું નથી... આઈ વૉન્ટ ટુ હૅન્ગ માઈસેલ્ફ... હું કબૂલી લઈશ... બધું કબૂલી લઈશ. મારે ફાંસીની સજા જોઈએ છે... યૂ ઑલ કીપ આઉટ ઑફ ધિસ...' એકાએક ઊંઘમાંથી જાગ્યો હોય તેમ અશોક બોલી ઊઠ્યો.

'કબૂલાત કરવાથી કામ સરળ નથી બનતું, અશોક.... એ કબૂલાત પોલીસે માનવી જોઈએ. પ્રશ્ન કબૂલાત કરવાનો નથી, પ્રશ્ન બીરેન ભટ્ટાચાર્યનો છે. હી ગોઝ ફ્રી... સ્કૉટ ફ્રી....'

'પણ એ ત્યાં હતો... ચિતોડમાં હતો...' ચંદન બોલ્યો.

'પણ હવે નથી.' હરીશે કહ્યું.

'અને પોલીસ જાણે બધું પતી ગયું હોય તેમ વર્તી રહી છે.' જિગરે કહ્યું.

**

પોલીસે લીધેલા રેકર્ડિંગને વારંવાર સાંભળવામાં આવ્યું હતું. મોરારકા, હાંડા, નાગર વગેરે અફસરોએ બે રાત સુધી એ રેકર્ડિંગનો શબ્દેશબ્દ વારંવાર સાંભળ્યો હતો. આ સાંભળ્યા પછી બીરેન ભટ્ટાચાર્ય માટેની શોધ કરવા દેશભરની પોલીસે હામ ભીડી હતી. બિહાર, બંગાળ, ઓરિસા અને આસામ... એ બધી જગ્યાઓએ, નક્સલાઈટ પૉકેટ્સ પર દરોડા પડાયા હતા. પોલીસે અનેક ધરપકડો કરી હતી પણ બીરેન પકડાયો ન હતો.

**

હરીશે એકલાએ જ નહિ તમામ આરોપીઓએ કબૂલાત કરી હતી.

ચંદનની તબિયત તે દિવસ પછી વધુ કથળી હતી. કૂતરાએ ભરેલાં બચકાંમાં રૂઝ આવતી ન હતી. એટલું જ નહિ પણ તેના માથામાં થયેલી ઈજાથી સેરિબ્રાઈટિસ શરૂ થયું હતું. તેના માથામાં પારાવાર સણકા ઊપજતા હતા. તે દિવસ ભર ચીસો પાડ્યા કરતો.

અશોક સ્તબ્ધતામાં સરી ગયો હતો. તે વાત કરવાની સૂધબૂધ ખોઈ બેઠો હોય તેમ તદ્દન અવાક થઈને પડ્યો રહેતો. તેના પગમાં ફ્રેક્ચર્સ થયાં હતાં એટલે તે ઊભો થઈ

શકતો નહિ. આખો દિવસ પડ્યા રહેવાને કારણે તેની પીઠમાં ઘારાં પડ્યાં હતાં. કેવળ હરીશ અને જિગર સ્વસ્થ હતા અને સ્વસ્થતાથી વર્તતા હતા. પંદર દિવસ પછી રાજસ્થાનમાં ક્યારેય ન સર્જાઈ હોય તેવી ધારાકીય લડાઈ શરૂ થઈ હતી. ચંદનની હાલત બગડતી ચાલી હતી. અશોક ઊભો થઈ શકતો ન હતો. એટલું જ નહિ તેની દશા અર્ધ પાગલ જેવી થઈ ગઈ હતી. વિશ્વનાથ સક્સેનાએ એ બન્ને સાજા ન થાય ત્યાં સુધી કેસ ચલાવવાની સામે કોર્ટનું રૂલિંગ મેળવ્યું હતું. પોલીસે કવેશ્ચનિંગ માટે હરીશ અને જિગરને માટે વધુ રિમાન્ડ માગી હતી. પણ એ બંનેએ મેજિસ્ટ્રેટ સમક્ષ કબૂલાતો કરી હતી. હરીશે પોતાની પાસે લૂંટનો જે માલ હતો તે પાછો આપ્યો હતો. તેમના અંદાજ કરતાં ઘણી કીમતી ચીજો હરીશે પરત કરી હતી.

જિગરનું ઇન્ટેન્સિવ કવેશ્ચનિંગ થયું હતું. પણ જિગર પોતાની વાતમાંથી એક સેન્ટિમીટર જેટલો પણ ચસક્યો ન હતો.

હોમ મિનિસ્ટર દેવકીનંદન મિશ્રના ભાઈ રઘુનંદન મિશ્ર પણ ખાનગીમાં જિગરને મળી ગયા હતા. તેમણે જિગરને ખૂબ જ વિવેકથી, નમ્રતાથી અને છેવટે ધમકીઓથી સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. પણ જિગરે એક જ વાત પકડી રાખી હતી. 'લૂંટનો કોઈ માલ મેં સંઘર્યો નથી. હરીશ મને જે કાંઈ આપી ગયો હતો તે સઘળું મેં જયસમન્દમાં પધરાવી દીધું છે... મને તંગ કરવાની જરૂર નથી.. મારી પાસે કંઈ નથી.'

**

બીરેન ભટ્ટાચાર્યના સગડ પોલીસને મળ્યા હતા. ચિતોડમાં પકડાયેલી ફિયાટના રજિસ્ટ્રેશનના કાગળો પટનામાંથી મળ્યા હતા. બીરેન ભટ્ટાચાર્યની માસી અને ફોઈનાં મકાનો જડ્યાં હતાં. બીરેનને ઓળખતા લોકો પોલીસે શોધી કાઢ્યા હતા. ચિતોડથી તે પટના અને પટનાથી કલકત્તા પહોંચ્યો હતો તે પણ પોલીસ શોધી શકી હતી. પણ કલકત્તામાં તેનું પગેરું ભૂંસાઈ ગયું હતું.

આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં રાખવાનો હુકમ થયો હતો. ચંદનને હૉસ્પિટલમાં જ રાખવામાં આવ્યો હતો. ઇન્ફ્લેમેશન ઇન સેરિબેલમમાંથી બીજા કૉમ્પ્લિકેશન ઊભાં થયાં હતાં. સેરિબ્રોસ્પાઈનલ ડિસઓરિયેન્ટેશન શરૂ થયું હતું. અને કૂતરાએ ભરેલા બચકામાં પસ પેદા થવા માંડ્યું હતું. ચંદનને વારંવાર ખેંચ આવવી શરૂ થઈ હતી. જયપુર અને દિલ્હીથી તેને માટે ન્યુરોસર્જન્સ બોલાવવામાં આવ્યા હતા. અને તેમની વચ્ચે એક વિચિત્ર મડાગાંઠ પડી હતી. રેબીઝ (હડકવા) અંગેના નિષ્ણાત ડૉ. ચૌધરીને વિમાન મારફતે બોલાવવામાં આવ્યા હતા. કારણ ન્યુરોસર્જનોમાંથી એકનો અભિપ્રાય એ હતો કે ચંદનને હાઇડ્રૉફોબિયા થશે અથવા થઈ રહ્યો છે. જે કૂતરો ચંદનને કરડ્યો હતો તે તો ગુજરી ગયો

હતો. પણ પોલીસ ડૉગ હોવાને કારણે તેનો મેડિકલ રેકર્ડ તપાસવામાં આવ્યો હતો. ઍન્ટિરેબીઝ વૅક્સીન તેને સમયસર અપાયું હતું એટલે હડકવા થવાના કોઈ ચાન્સિઝ રહ્યા ન હતા, છતાં ડૉ. ચૌધરીનો અભિપ્રાય હતો કે 'ડિલેઇડ રિઍક્શન' થતું હોવાના કિસ્સા તેમણે જોયા હતા.

અશોક શેખાવતના પગમાં ધીમે ધીમે જોમ આવ્યું હતું. તે ટેકો લઈને પાંચેક મિનિટ ઊભો રહી શકતો. તેના જમણા પગના ઍન્કલમાં પિન્સ નાખવામાં આવી હતી. અને ડાબા પગના સાથળમાં 'રૉડ' મૂકવામાં આવ્યો હતો. તેના પગમાં જેમ જેમ સુધારો થતો ગયો હતો તેમ તેમ તે વધુ ને વધુ 'ઇન્ટ્રૉવર્ટ' બનતો ગયો હતો. તેણે ગીતા વાંચવી શરૂ કરી હતી....

**

છઠ્ઠી ઑક્ટોબરની વહેલી સવારે, - લૂંટ થયા પછી બરાબર પાંચ મહિને - ચંદન પારાવાર કન્વલ્ઝનને કારણે ગુજરી ગયો હતો. ચંદનના મૃત્યુ બાદ લગભગ સત્તરેક દિવસની હાઈકોર્ટ સુધીની લડાઈને અંતે કેસ સેશન્સ કમિટ થયો. ઍડ્વોકેટ વિશ્વનાથ સક્સેનાની રાહબરી નીચે કેસની સુનાવણી થઈ. આમ તો કેસ 'ઓપન ઍન્ડ શટ' પ્રકારનો હતો. પણ વકીલોની, રાજસ્થાનના કાયદાવિદોની આખી બૅટેલિયન આ છોકરાઓ માટે રોકવામાં આવી હતી. ઉદેપુરમાં વિદ્યાર્થીઓનાં સરઘસો ઊતરી પડ્યાં હતાં. ઠેર ઠેર સભાઓ યોજાઈ હતી અને ગોવિંદ ભંડારી વિશે અનેક લોકવાયકાઓ વહેતી થઈ હતી.

રાજસ્થાનની સેશન્સ કોર્ટના ઇતિહાસમાં સૌથી લાંબો એ ટ્રાયલ હતો. અને વિશ્વનાથ સક્સેનાની એ અજોડ લડાઈ હતી. તેમણે અનોખી લાઇન ઑફ ડિફેન્સ લીધી હતી. હરીશ, જિગર, અશોક, ચંદન એક એવી ટુકડીના સૈનિકો હતા જેના નેતાઓ ગોવિંદ અને બીરેન દેશમાં સત્તાપલટો લાવવા માગતા હતા. દેશની વર્તમાન પરિસ્થિતિ પ્રત્યેનો તેમનો એ રોષ હતો. વળી લૂંટ દરમ્યાન ગોવિંદે ક્યારેય આ ચુનંદાઓ અને બીરેનની મુલાકાત કરાવી ન હતી. બીરેને બૅન્ક પાસે મૂકેલા માણસો, મોટરો લઈને આવેલા સાથીઓ, કે માલ લઈને નાસી ગયેલા માણસો વચ્ચે કોઈ કૉમ્યુનિકેશનની જરૂર ન રહે તેવી રીતે આખું ષડ્યંત્ર ગોઠવ્યું હતું. લૂંટ દરમ્યાન હિંસા ન થાય તેની તકેદારી ગોવિંદે રાખી હતી. પરિણામે તેણે અને ચંદને જ હથિયારો રાખ્યાં હતાં. અશોકે લૉકર તોડ્યાં હતાં. હરીશે અશોકે બનાવેલી લાકડાની સબમશીનગન સાથે દરવાજો સંભાળ્યો હતો. જિગરે કેશ કાઉન્ટર પરથી પૈસા એકઠા કર્યા હતા. ચંદને ડાઈંગ ડેકલેરેશનમાં પ્રથમ ગોળી તેણે છોડી હતી તેવું લખાવ્યું હતું. ગોવિંદે ગોળીઓ છોડી તેવું પુરવાર થયું. બીરેન અને ગોવિંદના કોઈ હિપ્નોટિક સ્પેલમાં આ લોકોએ કામ કર્યું હતું. વિશ્વનાથ સક્સેનાએ કેસ

એવી રીતે ઘડ્યો કે જેથી સૌથી વધુ દોષ ટુકડીના મૃત સાથીઓ અને ભાગી છૂટેલા બીરેન પર આવે. ન્યાયાધીશને તે એ પ્રમાણે સમજાવી શક્યા હતા. વળી બીરેન અને તેના બીજા સાથીઓને પકડી શકાયા નથી. તેને કારણે ન્યાયાધીશનું વલણ ટીકાત્મક રહ્યું હતું. આ છોકરાઓને પકડીને જાણે પોલીસે પોતાનું કામ ખતમ કર્યું હોય તેવી લાપરવાહી દાખવી હતી. પ્યાદાં મરાયાં હતાં, જ્યારે વજીર જલસા કરી રહ્યા હતા.

બે મહિના અને ત્રણ દિવસ બાદ જજમેન્ટ આવ્યું હતું. જિગરને ૧૪ વર્ષ, હરીશને ૧૨ વર્ષ અને અશોક શેખાવતને ૧૨ વર્ષની સજાઓ થઈ હતી. અશોકની સજામાં પાછળથી ઘટાડો થયો હતો કારણ લિયો... ગોવિંદના પડછાયા સમો એ વિચક્ષણ જાડિયો આઘાતથી લગભગ પાગલ થઈ ગયો હતો. અને તેને મેન્ટલ ક્લિનિકમાં ટ્રીટમેન્ટ આપવામાં આવતી હતી.

બૅન્ક ઑફ મેવાડની ટ્રેજડીનો ગમખ્વાર અંત આવ્યો હતો. પણ ફાંસીની સજામાંથી સૌ બચ્યા હતા.

**

જિગર પરોત ઝબકીને જાણે ઊંઘમાંથી જાગ્યો હોય તેમ જાગી ઊઠ્યો હતો. તેની નજર સામે ખોલીની દીવાલમાંથી ખરી ગયેલા ચૂનાના પોપડા તરી આવ્યા... જિંદગીનું ચલચિત્ર પૂરું થયું ત્યારે રાત વીતી ગઈ હતી... જેલવાસની છેલ્લી રાત્રિ... દસ વર્ષ લાંબી ચાલેલી એ રાત પછી ઊગેલી સવારનું અજવાળું, ખોલીના સળિયાવાળા વેન્ટીલેટરમાંથી ચળાઈને અંદર પડતું હતું.

જિગરને ઊંઘ આવતી હતી... પારાવાર ઊંઘ... એકાએક તેને થાક લાગ્યો હતો... કયારેય ન લાગ્યો હોય તેવો થાક... દસ વર્ષનો થાક.

'મુબારક હો યાર' વૉર્ડને આવીને તેને ધબ્બો માર્યો ત્યારે તેને ખ્યાલ આવ્યો હતો કે ખોલીનું બારણું ખોલવામાં આવ્યું હતું અને આખી રાત નસકોરાના ઘુર્રાટા બોલાવતા તેના સહકેદીઓ બહાર ચાલ્યા ગયા હતા...

'અરે, ભૈ, આજ તુમ્હારા છુટનેકા દિન હૈ યાર... ક્યા મનહૂસ ચેહરા બનાકે બૈઠા હૈ... દિલમેં ગુદગુદી નહીં હોતી ?' વૉર્ડર સાધુરામે પૂછ્યું. જિગરે ડોકું ધુણાવ્યું. 'તો ક્યા હોતા હૈ ?' પેલાએ ફરી પૂછ્યું.

'અજીબ સા લગતા હૈ સાધુરામ... જૈસે કે શરીરકો ઐસે હી છોડકર, આત્મા નિકલકે સામને ખડી હો...' તે બોલ્યો.

'વાહ યાર... બાત સચ હૈ...' સાધુરામ બોલ્યો. 'જેલ ભી એક આદતસી હો જાતી હૈ... પિછલે પૈંતીસ બરસોંસે મૈં ઇધર હી હૂં... સજા ખત્મ હોનેકે બાદ ભી મૈંને ઇધર હી નોકરી કાયમ કર લી... શુક્રિયા જેલર સા'બકા.' સાધુરામે ક્ષિતિજ પર જોઈને કહ્યું. 'આદમી લંબી મુદ્દત જબ જેલમેં રહતા હૈ.. ઉસકા માનોં શરીર ભી બદલતા હૈ... દિમાગ ભી... અચ્છા ભાઈ, અબ મૈં ચલતા હૂં... તુમ જલ્દી ઑફિસમેં આ જાઓ... આજ તો તુમ્હારા બાપૂ ભી તુમ્હારા ઇન્તજાર કરતા હોગા...' કહીને સાધુરામ ખોલીની બહાર નીકળ્યો.

જિગર ફરી સ્તબ્ધતામાં સરી ગયો. તેને અદા યાદ આવ્યા. બજોટા યાદ આવ્યું... તેની ડેલી યાદ આવી... આઠ વર્ષ પહેલાં તે પેરોલ પર છૂટયો હતો ત્યારે બજોટા ગયો હતો... આઠ વર્ષ પહેલાં...

...તે પેરોલ પર છૂટયો હતો, ત્યારે જેલના દરવાજાની બહાર નીકળતાં તેણે અદ્‌ભુત આનંદ અનુભવ્યો હતો. જાણે કોઈ નવા જ પ્રદેશમાં આવી ચડ્યો હોય તેવી લાગણી તેને થઈ હતી. જેલમાંથી બહાર નીકળીને તેણે બજોટાની બસ પકડી હતી. ઉદેપુર બસ સ્ટૅન્ડ પર તેને કોઈ ઓળખીતું મળ્યું ન હતું. પણ બજોટાના બસ સ્ટૉપ પર તે ઊતર્યો ત્યારે બજોટામાં સનસનાટી મચી ગઈ હતી.

લાખ્ખો રૂપિયાની લૂંટ અને ચચ્ચાર ખૂન કરીને સંતરામ પરોતનો દીકરો ઘેર આવ્યો હતો... બાહોશ વકીલોને લીધે ફાંસીને માંચડે લટકતાં લટકતાં માંડ તે બચ્યો હતો. દીકરાએ સંતરામનો ભવ બગાડ્યો હતો... શું થાય ? - આ જમાનો જ બદલાઈ ગયો છે ભાઈ... ખોરાકમાં જ ચોખ્ખાઈ નથી રહી, પછી માણસમાં ક્યાંથી રહે ! હરામનું ખાવાનો ચસકો કોને નથી ભાઈ !

બજોટા માટે એ દિવસ સનસનીખેજ હતો.

કેટલાક જુવાનિયા તેની ઈર્ષ્યા કરતા તો કેટલાકને તેણે શું કર્યું તે જાણવાની ઇચ્છા હતી. કેટલાકને હજુય જિજ્ઞાસા હતી... વડીલ વર્ગમાં તેથી વિરુદ્ધનું રિએક્શન હતું.

જિગર બસમાંથી ઊતર્યો તે સાથે જ આખાય ગામમાં તેના આવવાના સમાચાર ફેલાઈ ગયા હતા. તેની પૂછપરછ કરતા લોકોનું નાનકડું ટોળું બસ સ્ટૉપ પર જમા થઈ ગયું હતું. આવું દૃશ્ય તેણે કલ્પ્યું જ હતું, કારણ તે બજોટાને બરાબર પિછાનતો હતો. લોકોમાં ઉશ્કેરાટ ફેલાશે... વડીલો તેને ગાળો દેશે... જુવાનિયા જિજ્ઞાસાથી તેની પૂછપરછ કરશે વગેરે... અને તેની અટકળ સાચી પડી હતી. બસ સ્ટૅન્ડથી ઘર સુધી તેની પાછળ ટોળે વળીને લોકો આવ્યા હતા... જે સામે મળ્યા તેમને રામ-રામ કરતો, હસતો, હાથ ઊંચો કરતો, ખીજ ચડે તેવા અપમાનજનક પ્રશ્નનો પણ હસીને જવાબ આપતો... પછી મળું છું... કાલે વાત કરીશ... હજુ થોડો વખત છુટ્ટી છે... વગેરે ટૂંકા જવાબો આપતો તે પોતાની ડેલીએ પહોંચ્યો હતો. ડેલી આગળ પણ તેના પહેલાં તેના આગમનના

સમાચાર પહોંચ્યા હતા. નાનકડાં નાગલાં-પૂંગલાં ભૂલકાઓથી માંડીને ઘૂમટો તાણીને ફરતી ઓરતો પણ ત્યાં ઉશ્કેરાટથી ઊભી હતી. આટલા ઉશ્કેરાટ છતાં ડેલીનું બારણું બંધ હતું. તેણે બારણું ખખડાવ્યું. આજુબાજુ ઊભેલા લોકો થોડાક નજીક આવ્યા. કદાચ બાપ અને દીકરા વચ્ચેની મુલાકાતનો તમાશો તેમને જોવો હશે !

વજાની વહુ ખેરીએ બારણું ઉઘાડ્યું અને એકાએક હર્ષથી તે બોલી ઊઠી હતી : ‘ભાણાભાઈ ! છૂટી ગયા ?’ તે બોલીને એકદમ જિગરની નજીક સરી હતી. તેણે જો પાછળ ઊભેલા ગામલોકોને જોયા ન હોત તો તે જિગરને વળગી પડી હોત... જિગર ઉંબરેથી અંદર ગયો કે તરત જ ખેરીએ લોકો સામે સહેજ ધિક્કારથી જોઈને બારણું બંધ કર્યું.

‘અદા ક્યાં છે ખેરી ?’ ડેલી ખાલી હતી...

‘દાક્તરને ત્યાં ગયા છે.’ ખેરીએ દોડીને ખાટલો ઢાળ્યો...

‘દાક્તરને ત્યાં ? કેમ શું થયું છે ?’ જિગરે ચિંતાથી પૂછ્યું...

‘હજુ આંખે સારું થયું નથી.’ તે બોલી. તેણે ગાદલું પાથર્યું. ‘તે દિવસનું હજુ મટ્યું નથી. દાક્તરોય મૂઆ ડફોળ લાગે છે. દર અઠવાડિયે બતાવે છે પણ મેળ પડતો નથી.’ કહીને ખેરી પાણીનો કળશો ભરી આવી. ‘તબિયત સારી છે ને ભાણાભાઈ... સુકાઈ ગયા છો... બહુ સુકાઈ ગયા છો...’

‘વજો કયાં છે ?’

‘એ પણ અદાની જોડે ગયા છે... અદાથી એકલા જવાતું નથી...’

‘એટલે ખેરી ?’

‘તેમને બિલકુલ દેખાતું નથી...’ તે બોલી. જિગરના હૈયામાંથી નિઃશ્વાસ નીકળ્યો. તેનો કેસ ચાલતો હતો ત્યારે એક વખત તેના અદાને જુબાની આપવા બોલાવવામાં આવ્યા હતા. ત્યારે તેને પ્રથમવાર ખબર પડી હતી કે તેમણે આંખો ગુમાવી હતી. આઘાતથી આંખો ગુમાવી હતી. તે દિવસે ઇન્સ્પેક્ટર નાગરને વિનંતી કરીને તેણે અદાને મળવા માટે પાંચ મિનિટ માંગી હતી. પણ અદા તેને મળ્યા વગર જ ચાલ્યા ગયા હતા... તેમનો ગુસ્સો અને આઘાત ઓસર્યા ન હતા... એ તો ઠીક પણ સેશન્સ કોર્ટમાં ફાંસીની સજાને બદલે તેને જન્મટીપ થઈ ત્યારે પણ અદા હાજર ન હતા. વિશ્વનાથ સક્સેના, કૈલાસનાથ બજાજ અને ગ્યાનીલાલ પોદાર જેવા રાજસ્થાનના પીઢ એડ્વોકેટો હરીશ જૈનના પિતાએ રોક્યા હતા. એ લોકોએ ખૂબ જહેમત કરી હતી. ગોવિંદ ભંડારી અને ચંદન નામેચા કેસ ચાલતા પહેલાં જ ગુજરી ગયા હતા. તેમના ઉપર ગુનાના ગાળિયાનો મોટો ભાર નાખવામાં આવ્યો ન હોત તો આખીય ટુકડીને ફાંસીની સજા થઈ હોત. કમ-

સ-કમ ગોવિંદને અને ચંદનને જરૂર ફાંસી થઈ હોત. પણ ડિફેન્સ તરફથી જે બચાવ રજૂ થયો તેમાં હરીશને કબૂલાત કરનારા આરોપીની સહાનુભૂતિ મળી હતી. અશોક શેખાવતને તેની માનસિક હાલતને કારણે લાભ મળ્યો હતો. આ બન્ને તરફના કોર્ટના ‘સોફ્ટ’ વલણનો પરોક્ષ લાભ જિગરને હાઈકોર્ટમાં મળ્યો હતો. અને એટલે જ દસ વર્ષે તેનો છુટકારો થઈ શક્યો હતો... એ કોઈ વખત પણ અદા હાજર રહ્યા ન હતા.

અદાને મગજ પર આઘાતને કારણે ભયાનક અસર પહોંચી હતી તે વાત જિગર જાણતો હતો. તેમની આંખોમાં લોહી ધસી આવ્યું હતું તેની પણ તેને ખબર હતી. પણ અદા તદ્દન દૃષ્ટિવિહોણા થઈ ગયા છે તેની ખબર તો તેને પેરોલ પર છૂટ્યો ત્યારે જ પડી હતી. બે વર્ષમાં તેણે લગભગ દસ પત્રો લખ્યા હતા પણ અદાએ ક્યારેય તેના જવાબો આપ્યા ન હતા. વજો બજોટાના પોસ્ટમૅન પાસે જઈને જવાબ લખાવી આવતો.

‘ભૂરો ક્યાં ગયો છે ?’ જિગરે પૂછ્યું.

‘એ બારમેર ગયો છે. તેના કાકાની દીકરીનાં લગ્ન છે... પહેલાં ચા પીશોને ભાણાભાઈ !’ ખેરીએ ઉત્સાહથી કહ્યું અને તરત ચા મૂકવા ચાલી ગઈ.

થોડી વારમાં તે ચા બનાવી લાવી. કપ ભરીને તેણે ખાટલાની ઈસ પર મૂક્યો. ત્યાં જ ડેલીનું બારણું ખખડયું.

‘અદા આવી ગયા લાગે છે.’ કહીને ખેરી બારણે દોડી. તેણે બારણું ઉઘાડ્યું. અદા ઘરમાં દાખલ થયા...

એ જ સૂકલો, સોટા જેવો દેહ... એ જ મક્કમ ચાલ... એ જ ટટ્ટાર, મગરૂર ચહેરો... ‘અદા.... અદા...’ ચાનો કપ નીચે મૂકીને જિગર સામે ગયો.

‘કોણ... જિગર ?...’ અદા બોલ્યા. તેમની આંખો ખુલ્લી હતી છતાં તેમાં પ્રકાશ પરાવર્તિત થતો ન હતો. તે જાણે જોતા હોય... જોઈ શકતા હોય તેમ તેમની આંખ ફરી પણ તે દેખતા ન હતા.

‘હા... અદા... હું પેરોલ પર છૂટીને આવ્યો છું.’ જિગરે કહ્યું અને તેણે અદાના પગનો સ્પર્શ કરીને ચરણરજ લીધી.

‘શું કામ આવ્યો તું ?’ અદાએ અવળા ફરીને કહ્યું. ‘મેં તને કહ્યું ન હતું, જિંદગીમાં ક્યારેય તારું મોં હું જોવાનો નથી ? ચાલ્યો જા... મારે તારું કોઈ કામ નથી...’

‘અદા... અદા મને માફ નહિ કરો !’

‘કોર્ટે તને માફ કર્યો છે ? કોઈ માણસોના ખૂન કરીને માફી માગતાં તને શરમ નથી આવતી ? એક મિનિટ પણ અહીં રોકાવાની જરૂર નથી. સંતરામ પરોતને કોઈ દીકરો નથી. સાંભળ્યું તેં...’

'સંતરામ વાંઝિયો આદમી છે. તેને કોઈ સંતાન નથી. ચાલ્યો જા... હવે ફરી ક્યારેય આ ડેલીમાં પગ ન મૂકીશ...' અદાએ કહ્યું.

'અદા... અદા... આ શું બોલો છો...! ભાણાભાઈ કેટલી હોંશ કરીને મળવા આવ્યા છે !' એકાએક ખેરી બોલી ઊઠી.

'તારો છોકરો એ બૅન્કમાં... આ કમજાતોની ગોળીથી વીંધાયો હોત તો તું આમ બોલતી ન હોત ખેરી... તારો છોકરો મરાયો નથી...'

'અદા... અદા... તમે કહો તે પ્રાયશ્ચિત્ત કરવા હું તૈયાર છું... અદા, મારી ભૂલ મને સમજાય છે.'

'ભૂલ સમજાવાથી મરેલા આદમીઓના જીવ પાછા આવતા નથી. તું મારું માથું ફાટી જાય તે પહેલાં અહીંથી બહાર નીકળ. અને હું જીવતો હોઉં ત્યાં સુધી ક્યારેય અહીં આવીશ નહિ. આ તારી માની ડેલી છે. આવી પવિત્ર જગ્યાએ પગ મૂકવાનો તને કોઈ અધિકાર નથી... મારે તને ધક્કો મારીને બહાર કાઢવો પડે તે પહેલાં તું ચાલ્યો જા... મારે જિગર નામે કોઈ દીકરો હતો નહિ અને છે નહિ...'

જિગર કંઈ કહે તે પહેલાં અદા ધીરેથી ચાલીને ઓસરી પર ચડ્યા અને તેમના કમરામાં ચાલ્યા ગયા. જિગર તેમની પાછળ બે ડગલાં ચાલ્યો. પાછો આવ્યો. જોડા પહેર્યા.

'ભાણાભાઈ... ભાણાભાઈ... અદા તો બાપ છે, એ નહિ કહે તો બીજું કોણ કહેશે..? તમારે જતા રહેવાની જરૂર નથી. થોડી વારમાં તેમનો ગુસ્સો ઊતરી જશે... બિચ્ચારા ભાણાભાઈ !...'

'એ ગયો કે નહિ !' ઓસરીની ભીતરમાંથી અદાનો ધ્રૂજતો અવાજ આવ્યો. 'એને રોકીશ તો તને પણ કાઢી મૂકીશ... ખેરી, સાંભળે છે ને ! નપાવટ છોકરો પાકે તેના કરતાં તો નખ્ખોદ જાય તે મને વધુ પસંદ છે. વજા... એને રવાના કર...' અદાનો એ નિર્ણય હતો.

'ચા પીતા જાઓ ભાણાભાઈ.' ખેરી ધીરેથી અદાને ન સંભળાય તેવી રીતે બોલી... 'મારા સમ.'

જિગર ખેરી સામે જોઈ રહ્યો. વજાની વહુની આંખો ભીની હતી. તેનું નાક લાલ થવા માંડ્યું હતું. ચાનો કપ લઈને તે જિગરની સામે ઊભી રહી. 'બાપ થઈને... સગા બાપ થઈને આવા કુંવર જેવા દીકરાને...' તે બોલી. વજાએ નાકે આંગળી અડાડીને તેને ચૂપ રહેવાનું કહ્યું. જિગર પાછો આવ્યો. ખેરીના હાથમાંથી તેણે ચુપચાપ કપ પકડ્યો અને ચા પી લીધી. ખેરીએ જિગરના કપાળમાં ચુંબન કર્યું. 'તબિયત સાચવજો... બહુ પથરા તોડવા પડે છે ભાણાભાઈ ?' તેણે હોઠ ફફડાવીને પૂછ્યું.

'અરે નહિ રે ખેરી... હવે જેલમાં પહેલાં જેવું નથી રહ્યું. સખત મજૂરીમાં પથ્થર તોડવાના નહિ, દળવાનું નહિ. હુન્નર શીખવાનો. તું જોજેને હું છૂટીને આવીશ ને ત્યારે કેવો હોશિયાર સુથાર થઈને આવું છું !' જિગરે કહ્યું. વજો તેની નજીક આવ્યો.

'શું કરું જિગરભાઈ, ડોહા ખૂબ ગુસ્સે છે.'

'તેમનો ખ્યાલ રાખજે વજા... તું જ એમનો સાચો દીકરો છું.' જિગરે કહ્યું. અને તે વજાને વળગી પડ્યો. ડૂસકું ખાધા વગર, આંસુ સાર્યા વગર બન્નેનાં અંતર ઘડીક વાર રડતાં રહ્યાં. ડેલીની બહાર લોકોનું ટોળું વીખરાયું હતું... એ આખી રાત તેણે જયસમન્દના કિનારે ચાલવામાં ગાળી હતી...

ત્યારે જ તેને ખ્યાલ આવ્યો હતો કે તે પેરોલ પર ભલે છૂટ્યો હતો પણ પોલીસ તેના પર ચાંપતી નજર રાખતી હતી.

**

આઠ વર્ષ પહેલાંનો એ દિવસ સંભારતો તે ઘડીભર પોતાની ખોલીમાં બેસી રહ્યો. તે આજે છૂટવાનો હતો... છૂટ્યા પછી શું કરવું તેની વિમાસણ આજે પ્રથમ વખત તેના મનમાં ઊભી થઈ હતી... વૉર્ડર સાધુરામે આજે તેને મોડો ઉઠાડ્યો હતો. રાબેતા મુજબ તેણે લીમડાનું દાતણ કર્યું. દૈનિક ક્રિયાઓ પતાવી સ્નાન કર્યું. ચોકડાવાળી ચડી, ખમીસ અને ટોપી પહેરીને તે તૈયાર થયો.

ઉદેપુર સેન્ટ્રલ જેલના જેલ કર્મચારીઓ ઑફિસમાં આવી ગયા હતા. જેલના બે બાંધેલા દરવાજા છે. આગલો દરવાજો લાકડાનો છે, જેના પર લોખંડનાં જાડા ગેજનાં પતરાં મઢેલાં છે. તેમાં એક વિકેટ (બારી) રાખવામાં આવી છે. મોટે ભાગે તે વિકેટ જ ખોલવામાં આવે છે. તેની બહાર અને અંદર હથિયારધારી સંત્રી ઊભા રહે છે. એ દરવાજાની અંદર પેસો એટલે જમણી તરફ ઑફિસ બ્લૉક છે. અહીં જેલર, આસિસ્ટન્ટ જેલર તેમ જ અન્ય સ્ટાફ માટેની નાનકડી ઑફિસના બે ખંડો છે, અંદર જતા કે આવતા માણસની અહીં ઝડતી લેવાય છે. તે પછી જેલની અંદરના ભાગમાં જવા માટે બીજો દરવાજો છે. જાડા સળિયાનો આ દરવાજો હરહંમેશ તાળાબંધ રહે છે. તાળાબંધ દરવાજાની બહાર પોલીસ સંત્રી રહે છે, જ્યારે અંદરના ભાગમાં કેદીઓમાંથી જ વૉર્ડનની ડ્યૂટી બજાવતા કેદીઓ ઊભા રહે છે. જેટલી વખત આ દરવાજે આવ-જા થાય તેટલી વખત તેનાં તાળાં બંધ કરવામાં આવે કે ઉઘાડવામાં આવે.

જિગર તૈયાર થઈને એ દરવાજે આવ્યો. તેની ખોલીના થોડાક કેદીઓ તેને ઝાંપા સુધી વળાવવા આવ્યા હતા. જેલ છોડતાં તેનું હૈયું ભરાઈ આવતું હતું. જેલમાં મળતા દૈનિક ૬૫ પૈસાના ભથ્થામાંથી સારી એવી રકમ જિગરે બચાવી રાખી હતી. તે ઉપરાંત તેને જે દિવસે જેલ થઈ તે દિવસે, જ્યુડિશિયલ કસ્ટડી વખતનો તેનો કેટલોક સામાન, જેલના કાયદા મુજબ જેલરની કસ્ટડીમાં જમા થયો હતો. એ ચાર જોડ કપડાં, તેની ઘડિયાળ, હાથ પરની એક વીંટી, રુદ્રાક્ષ જડેલી ચાંદીની ચેઈન, મોજાં અને બૂટ, બસો એક રૂપિયા વગેરે ચીજો કસ્ટોડિયન ક્લાર્કે કાઢી રાખી હતી.

**

જેલર શાંતિલાલ અચ્છો આદમી હતો. અલબત્ત આ તેની નોકરીનું છેલ્લું વર્ષ હતું. તેણે જિગરનાં કાગળિયાં તૈયાર રાખ્યાં હતાં. જેલમાં રહીને જે લેખો જિગરે લખ્યા હતા તે સઘળાનો પુરસ્કાર બૅન્કમાં જમા થયો હતો. બૅન્કની પાસ બુક, પ્રિઝનર રિલીઝનો મેમો, બિહેવિયર સર્ટિફિકેટ, રેકમેન્ડેશન લેટર, રિહેબિલિટેશન ઍલાઉન્સ વગેરે જાતભાતના કાગળોની સમજૂતી શાંતિલાલે જિગરને આપી હતી. જેલની કસ્ટડીમાં રખાતો સામાન સચવાતો ખરો પણ તેની સ્થિતિ ખાસ સારી રહેતી નહિ. જિગરની બૅગનાં પડખાં ચોપડીનાં પાનાંની જેમ વળી ગયાં હતાં. તેણે મહામહેનતે એ સીધાં કર્યાં અને જેમ તેમ કરીને તેણે બધું અંદર ગોઠવ્યું. જેલર શાંતિલાલે તેને રાબેતા મુજબનું પ્રવચન આપ્યું. રાજસ્થાન સદ્ભાવ સમિતિ તરફથી જેલમાંથી બહાર નીકળતા કેદીઓને થોડાંક ધાર્મિક પુસ્તકો ભેટ અપાતાં. એ પુસ્તકો જિગરને આપવામાં આવ્યાં. જિગરે થોડા કાગળો પર સહીઓ કરી. દસ વર્ષથી એકઠા થયેલા તેના દૈનિક ભથ્થા અને તેણે લીધેલા ઉપાડની બાદબાકી થઈ. એ પૈસા તેને આપવામાં આવ્યા...

'વિશ યૂ ગુડ લક... જિગર આઈ હોપ યૂ વિલ બી ઇન એ પોઝિશન ટુ ઍન્જોય લાઈફ.'

'આઈ વિલ ટ્રાય સર...' જિગરે જવાબ આપ્યો.

'વિથ ઑલ ધ મની યૂ હેવ... ઇટ વોન્ટ બી ડિફિકલ્ટ...' શાંતિલાલ હસીને બોલ્યા.

'શું કહ્યું સાહેબ ?' જિગરે ચોંકીને પૂછ્યું.

'આ તો આપણા બે વચ્ચેની વાતચીત છે.' જેલરે આંખ મારીને કહ્યું. 'સજા પૂરી થઈ, હવે મજા માણવાનો સમય શરૂ થાય છે.'

'શેની મજા સાહેબ !' જિગરે પૂછ્યું.

'ઓહ... હું સમજી શકું છું યાર, પોલીસ તારી આટલી તપાસ કર્યા પછી પણ જે વાત કઢાવી શકી નથી, તે હું ઓછો કઢાવી શકવાનો છું ! પણ લૂંટનો માલ આજ સુધી જડ્યો નથી એ નવાઈ નથી ? મને તો આશ્ચર્ય થાય છે ! ગમે તેમ... મારાં અભિનંદન છે... આમેય કોણ સાલો ચોર નથી ? ચારે બાજુ બધે લૂંટાલૂંટ ચાલે જ છે ને !'

'સાહેબ... આપ શું કહેવા માગો છું તે હું હજુય સમજતો નથી.'

'વાહ ! એટલે મારે મોઢે જ કઢાવવા માગે છે ? ' શાંતિલાલે પૂછ્યું. 'ખેર! વાંધો નહિ. મારે એટલું જ કહેવાનું છે કે લૂંટનો માલ આખરે તમને પચી જશે...'

'શાંતિલાલ સાહેબ... લૂંટનો માલ જો અમારી પાસે હોત તો પોલીસને કહેવામાં કશું બગડવાનું ન હતું. પકડાઈ ગયા પછી લૂંટના માલની કિંમત ખરી ? દસ વર્ષ ઓછાં કીમતી હતાં...'

'અરે ! હજુ ક્યાં તમારી ઉંમર વહી ગઈ છે ! કેટલાં વર્ષ થયાં તને !'

'ત્રીસ.' જિગરે જવાબ આપ્યો.

'તો પછી હજુ તો ઘણાં વર્ષ બાકી છે.' શાંતિલાલે કહ્યું.

**

એક કલાક બાદ તે જેલના મુખ્ય બારણેથી બહાર નીકળ્યો. સૂરજના તાપમાં તેની આંખ અંજાતી હતી. તેના દિલમાં અકથ્ય ભાવો હતા... અત્યારે તે પ્રથમ વાર ગૂંચવાતો હતો. ક્યાં જવું ? શું કરવું ? મુક્ત થવાથી પ્રશ્નો ઘટ્યા ન હતા.

જેલની બહારના કંપાઉન્ડમાં ઊગેલા બટમોગરાના છોડ પરથી તેણે બે ફૂલનું ગુચ્છ તોડ્યું અને રસ્તા તરફ ડગ માંડ્યાં.

શાંતિલાલ જેલરની વાત તે વાગોળતો રહ્યો.

(ભાગ ૧ સમાપ્ત : અનુસંધાન ભાગ ૨)


VIP